# શાને હબીબુર્રહમાન

એટલે

# અલ્લાહના હબીબની શાન


صلی اللہ تعالیٰ علیہ وسلم

(કુર્આને કરીમની રોશનીમાં)

લેખક

હકીમુલ ઉમ્મત હઝરત મુફતી
અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની

رحمۃ اللہ علیہ



પ્રકાશક

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.


શાને હબીબુર્રહમાન

એટલે

# અલ્લાહના હબીબની શાન

صلى الله تعالى عليه وسلم

(કુર્આને કરીમની રોશનીમાં)




લેખક

હકીમુલ ઉમ્મત હઝરત મુફતી

અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની رحمة الله عليه



છપાવી પ્રસિધ્ધ કરનાર

જત મુબારક હારૂન ૯૮૭૯૦ ૫૩૫૨૦

જત જુસબ મુબારક ૯૮૭૯૯ ૨૯૩૬૩

જત અબ્દુલ્લાહ ઉરસ ૯૯૭૯૫ ૧૯૬૭૬

જત અમીન આરી ૯૯૧૩૯ ૯૭૭૪૨

મુ. જતવાંઢ, પો. ઝુરા, તા. ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧

بِسْــــمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصْحَابِكَ يَا حَبِيْبَ اللّٰهِ ﷺ


# સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન



કિતાબનું નામ : શાને હબીબુર્રરહમાન *એટલે* અલ્લાહના હબીબની શાન

લેખક : *હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી* **અહમદ યારખાં નઈમી અશરફી બદાયુની** رحمۃ اللہ علیہ

અનુવાદ : બઝમે રઝવિય્યહ કરાચીના પ્રકાશન પરથી

પેજીસ : ૧૨૮ ★ કિંમત : રૂા. ૧૦૦/–

★ નકલ : ૨૦૦૦

પ્રકાશન વર્ષ : રમઝાનુલ મુબારક, હિ.સ.૧૪૩૦ ઓગષ્ટ–૨૦૦૯

પ્રાપ્તિસ્થાન : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧ ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨)
(ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

# ★ પ્રારંભિક બે બોલ ★

**હશ્ર તક ડાલેંગે હમ પયદાઈશે મૌલાકી ધૂમ,**
**મિષ્લે ફારસ નજ્દકે કિલ્એ ગિરાતે જાએંગે.**
**ખાક હો જાએં અદૂ જલકર મગર હમ તો 'રઝા'**
**દમમેં જબ તક દમ હૈ ઝિક્ર ઉન્કા સુનાતે જાએંગે.**

★ બિસ્મિલ્લા-હિર્રહમા-નિર્રહીમ ★

તમામ તારીફ અલ્લાહ તઆલાના માટે છે જેણે આપણા પર અગણિત એહસાનો કર્યાં છે, આપણને જીવન આપ્યું, ચાલવા માટે પગ આપ્યા, કામ કરવા માટે હાથ આપ્યા, બોલવા-ચાલવા માટે જીભ આપી, સાંભળવા માટે કાન, વિચારવા સમજવા દિમાગ, સૂંઘવા શ્વાસ લેવા માટે નાક અને અન્ય આપણી હાજતો સતત સદા પૂર્ણ થતી રહે છે. એ મૌલા-તઆલાની મહેરબાની એના અહેસાનથી જ થાય છે. એક ઘડીક વિચારો કે કોઈ માણસ તંદુરસ્ત છે પૈસે ટકે સુખી છે પણ અચાનક તેનું દિમાગ ખરાબ થઈ જાય, તે હોંશ હવાસ વિના તે ગાંડો થઈ જાય તો ! અથવા તો તેના પગોમાં લકવો થઈ જાય અથવા કોઈના હાથ-પગ કામ કરતાં અટકી જાય, જાજરૂ અટકે અથવા ઝાડા લાગી જાય કે હજમ શક્તિ ખત્મ થઈ જાય, આંતરડાં બગડી જાય– ટૂંકમાં શારિરીક કોઈપણ તકલીફ આવી ચડે અને તે ખુદાથી આજિઝી કરે અથવા તેના સગાં દુઆ કરે ફરી તેને સારૂં થઈ જાય, હતો તેવો થઈ જાય તો કેવી ખુશી ઉપજે છે અને લોકો ખુદાનો કેટલા એહસાન માની શુક્ર અદા કરે છે !! આ પરથી એક વાત તો નક્કી થઈ કે આપણે કંઈપણ ઘમંડ કરીશું તે નકામો તથા નુકસાનકારક છે કેમકે આપણને દૌલત, ઈઝઝત, તંદુરસ્તી જે કાંઈ મળે છે તે મૌલાતઆલાની નેઅમતો છે અને આપણા પર મૌલા-તઆલાનું એહસાન છે.

પણ આટલાં એહસાનો કરવા છતાં તે રબ-તઆલાએ ક્યાંય નથી ફરમાવ્યું કે, મેં તમારા પર એહસાન કર્યું, જ્યારે ઈન્સાનની દષ્ટિમાં આ કેટલી મહત્ત્વની ચીજો છે. છતાં ખુદાતઆલાએ એહસાનનો ઉલ્લેખ પણ નથી કર્યો. તે જ રબ કોઈ ચીજ આપીને ફરમાવે છે કે, **"મેં તમારા પર એહસાન કર્યું !"** તો બતાવો તે ચીજ કેટલી મહાન નેઅમત ગણાશે અને રબની બારગાહમાં તેનું કેટલું ઉચ્ચ સ્થાન હશે ? આ વાંત રજૂ કરતાં દિલ ખુશીથી ઝુમી ઉઠે છે કે, રબતઆલા ફરમાવે છે **કે બેશક ! અલ્લાહનો "મોટો એહસાન" થયો મુસલમાનો ઉપર કે એમનામાં એમનામાંથી જ એક રસૂલ મોકલ્યા.** (સૂરએ આલે ઈમરાન, પા-૪, રૂ-૧૭)

દોસ્તો ! દુનિયા કેટલી મોટી છે ? ! તેમાં કેટલી દૌલતો, સુખ સગવડના સાધનો, બાગ-બગીચાઓ - ખેતી વાડીઓ, હુસ્નો જમાલની રંગતો, તખ્તો તાજના મહેલો– ટૂંકમાં આપણે દુનિયાની થોડીક દૌલતના માલિક બની જઈએ તો ? લેન્ડલોર્ડ, કરોડપતિ કે શેઠ સાહેબ તરીકે ઓળખાઈએ અને બહું વધી જાય, સત્તા મળી જાય તો બાદશાહ કહેવાઈએ ! તો હવે સાંભળો ! આટલી મહાન દુનિયા આપણને લાગે છે જેમાં મોંઘી મોંઘી ચીજો સમાયેલી છે સોનું - હિરા - ઝવેરાત વગેરે.... છતાં અલ્લાહ તઆલા સમક્ષ એની કિંમત કેટલી છે તે ફર્માવે છે કે મચ્છરની પાંખ જેટલી પણ દુનિયાની કિંમત નથી ! એ જ રીતે સમજો કે જે રબ્બે કરીમે આપણને આટઆટલી નેઅમતો આપી તેના માટે એહસાન નથી દર્શાવ્યું બલ્કે આપણા પ્યારા આકા

(સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ) ને દુનિમાં મોકલી આપણા પર મહાન એહસાન કર્યાનું જણાવે છે. તો ખ્યાલ કરો કે તે શખ્સિયત કેટલી મહાન અને ખુદાની કેટલી પ્યારી તથા મકબૂલ અને ખુદાની બારગાહમાં તેમનો મકામ કેટલો ઈઝઝતના સ્થાને, કેટલી કુર્બત તેમને ખુદાથી હશે કે ખુદ ખુદાતઆલા તેમને મોકલવાને આપણા પર **'મહાન એહસાન'** કર્યાનું જણાવે છે.

હવે તે બદબખ્તોની ગુમરાહીમાં કોઈ શંકા ખરી કે જેઓ અલ્લાહ તઆલાના **'મહાન એહસાન'** એવા નબીએ કરીમ (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ) માટે કહે કે, **રસૂલ તો આપણા જેવા સામાન્ય માનવ છે, તેમને કોઈ ઈખ્તિયાર નથી, ખુદાની શાન આગળ ચમારથી પણ વધુ ઝલીલ છે, તેમના કરતાં શૈતાનનો ઈલ્મ વધુ છે, (મઆઝલ્લાહ !) વગેરે, તો આ વહાબી-દેવબંદીઓના** જુઠ્ઠા હોવામાં જરા પણ શંકા રહે છે ? હરગિઝ નહીં યકીનન તેઓ નામના મુસલમાન છે, હકીકતમાં ઈમાનનો અંશ પણ તેમનામાં રહ્યો નથી એ વાત કુર્આનથી સ્પષ્ટ સાબિત થાય છે. રસૂલે પાકથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અદાવતની એમની એ બોલી ચાડી ખાય છે, જો મહબ્બત હોત તો આવા હલકા શબ્દો તે પણ કુર્આન હદીષ વિરુદ્ધ ન જ બોલત.

**મુહમ્મદ કી મહબ્બત દીને હક્કી શર્તે અવ્વલ હૈ,** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
**ઈસીમેં હૈ અગર ખામી તો સબકુછ નામુકમ્મલ હૈ.**

અલ્હમ્દુલિલ્લાહ ! એજ મહાન શાનવાળા રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની બારગાહમાં ખિરાજે અકીદતના તૌર પર 'શાને હબીબુર્રહમાન' હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી અલૈહિર્રહમહની ઉર્દૂ કિતાબમાંથી ૧ થી ૫૯ કુર્આની આયતો સુધીનું વર્ણન ગુજરાતીમાં (**અલ્લાહના હબીબની શાન ભાગ-૧**) રૂપે પ્રગટ થયું હતું જે કિતાબ બેહદ મકબૂલ રહી. ત્યારબાદ આયત નં ૬૦ થી **૧૦૩** સુધી અલ્લાહના હબીબની શાન (ભાગ-૨) રૂપે પ્રકાશિત થઈ. તે પણ ખૂબ જ મકબૂલ રહી. **હવે સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા) તરફથી આ બંને ભાગોનું - સંયુક્ત પ્રકાશન મોમિનોના દિલોમાં ઈશ્કે રસૂલની શમ્અને પ્રજવલિત કરવાનું કામ કરશે, ઈન્શાઅલ્લાહ, જે ખાસ તેહરીકે સુન્ની દાવતે ઈસ્લામીનો હેતુ છે.**

મૌલા કરીમ તેના પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ) ની શાનમાં કહેવા માટે આપણી ઝબાનો-કલમોને-ખયાલોને ચાલતાં રાખે અને ગુમરાહોને હિદાયત બખ્શે જેથી મહાન **રસૂલની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મહાન શાનને** સમજી જહન્નમના બળતણ બનતાં અટકે અને તૌબા કરી સહીહુલ અકીદા સુન્ની બને. મૌલા કરીમ આપણો ખાત્મો બિલ ખૈર ફરમાવે ઈમાનો સુન્નતની પૈરવીમાં મદીના પાકમાં મૌત આપે, જન્નતુલ બકીઅ માં દફન નસીબ કરે - આમીન બિજાહીન્નબી કરીમ (સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ)

**દે ખુદા હિમ્મત, કે યે જાને હઝીં,**
**આપ પર વારેં, વો સૂરત કીજીએ.** (ઈમામ અહમદરઝા રદિયલ્લાહો તઆલા અન્હો)

**તા-૧૨-૩-૯૫**
**દયાદરા (તા.જી.ભરૂચ)**

*ખાકે પાયે અવલિયા,*
*પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

# અનુક્રમણિકા ભાગ:-૧


| ક્રમ | વિષય | પેઈજ નં. |
|---|---|---|
| ૧ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અલ્લાહને ઝાહિર કરવાવાળા છે. | ૨ |
| ૨ | આખું કુર્આન હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત છે. | ૨ |
| ૩ | નમાઝ અરબીમાં કેમ છે ? | ૪ |
| ૪ | 'તેજ અવ્વલ અને આખર' | ૫ |
| ૫ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અવ્વલ, આખર, ઝાહિર અને બાતિન બધી ચીઝના જાણવાવાળા છે. | ૫ |
| ૬ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ઓળખને (મા'રેફતને) સંતાનની મા'રેફત સાથે કેમ મળતાપણું બતાવ્યું. | ૬ |
| ૭ | અને જો તમને કંઈ શંકા હોય તો ? | ૭ |
| ૮ | ખુદાઈ અને માણસની બનાવેલી ચીઝોની ઓળખ | ૮ |
| ૯ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની અજોડ હોવાની દલીલ. | ૮ |
| ૧૦ | 'આ મુનાફિકો અલ્લાહને અને મુસલમાનોને ધોખો દેવા માંગે છે. | ૯ |
| ૧૧ | 'હઝરત આદમને તમામ નામ શીખાવી દેવામાં આવ્યા.' | ૧૦ |
| ૧૨ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમામ નબીઓના તમામ ગુણોના કેન્દ્ર સમૂહ છે. | ૧૧ |
| ૧૩ | 'પછી શીખી લીધા આદમે પોતાના રબથી' | ૧૨ |
| ૧૪ | 'એ ઈમાનવાળાઓ, રાએના ન કહો.' | ૧૪ |
| ૧૫ | 'બેશક અમોએ આપને હક્ની સાથે મોકલ્યા ખુશખબરી અને ડર સંભળાવનારા' | ૧૫ |
| ૧૬ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાની સિફાત (ગુણો)થી ભરપૂર છે. | ૧૬ |
| ૧૭ | હઝરત જીબ્રઈલ અલયહિસ્સલામની ઉંમર. | ૧૬ |
| ૧૮ | 'હે અમારા રબ ! અને મોકલ એમનામાં એક રસૂલ.' | ૧૭ |
| ૧૯ | 'અને એજ રીતે અમે તમને સઘળી ઉમ્મતોમાં શ્રેષ્ઠ કર્યા.' | ૧૮ |
| ૨૦ | 'હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ઉમ્મત તમામ પૈગમ્બરોની પ્રિય (મેહબૂબ) છે. | ૧૯ |
| ૨૧ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગળના અને પાછળનાઓને જુએ છે. | ૧૯ |
| ૨૨ | સિદ્દિકે અકબર અને ફારૂકે આ'ઝમ ના ઈમાનમાં કોઈ શંકા નથી. | |
| ૨૩ | મુસલમાન જેને વલી કહે તે વલી છે. | ૨૦ |
| ૨૪ | 'અમે જોઈ રહ્યા છે વારંવાર તમારૂં આસમાનની તરફ મોં કરવું.' | ૨૦ |
| ૨૫ | 'હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સેવામાં હાજર થવાથી નમાઝ નથી તૂટતી. | ૨૧ |
| ૨૬ | 'આ રસૂલો છે કે એમનામાં અમે એકને બીજા પર અફઝલ કર્યા.' | ૨૨ |
| ૨૭. | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ખાસ ફઝીલતો. | ૨૩ |
| ૨૮ | 'એ કોણ છે જે એને ત્યાં સિફારિશ કરે એના હુકમ વગર.' | ૨૩ |
| ૨૯ | શફાઅતના પ્રકારો અને શફી કોણ છે ? | ૨૪ |
| ૩૦ | શફાઅત માટે ઈલ્મગૈબ જરૂરી છે, અને હદીષે 'હૌઝ'નો અર્થ. | ૨૫ |
| ૩૧ | 'અય મહબૂબ! આપ ફરમાવી દો કે અગર (જો) તમે અલ્લાહને દોસ્ત રાખવા માંગતા હોય તો મારા ફરમાબરદાર બની જાઓ.' | ૨૬ |
| ૩૨ | ઈતાઅત અને મોહબ્બતના પ્રકાર. | ૨૬ |
| ૩૩ | 'અને યાદ કરો જ્યારે અલ્લાહે પયગમ્બરો પાસે એની પ્રતિજ્ઞા લીધી.' | ૨૭ |
| ૩૪ | 'બેશક અલ્લાહનો મોટો એહસાન થયો મુસલમાનો ઉપર.' | ૩૦ |
| ૩૫ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અફઝલ નેઅમત કેમ છે ? | ૩૧ |
| ૩૬ | 'અલ્લાહ મુસલમાનોને એ હાલ ઉપર નહિ છોડશે.' | ૩૨ |

૩૭ 'અને અગર જ્યારે તેઓ પોતાની ઉપર ઝુલ્મ કરે.' ૩૩
૩૮ અવલિયાના કબરોની હાજરી વસીલો છે. ૩૫
૩૯ 'તો હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમારા રબના કસમ, તેઓ મુસલમાન થશે નહિ. ૩૬
૪૦ 'જેણે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો હુકમ માન્યો, બેશક એણે અલ્લાહનો હુકમ માન્યો. ૩૮
૪૧ નબી અને જીબ્રઈલમાં તફાવત. ૩૯
૪૨ 'અને અલ્લાહે તમારા પર કિતાબ અને હિકમત ઉતારી.' ૪૦
૪૩ કુર્આન અને હદીષમાં તફાવત; ઈલ્મે ગૈબ. ૪૦
૪૪ 'અને જે રસૂલનો વિરોધ કરે એ પછી પણ' ૪૧
૪૫ ઈજમાએ ઉમ્મતની ઈતાઅત કરવી જરૂરી છે. ૪૨
૪૬ 'હે લોકો ! બેશક તમારી પાસે તમારા રબના તરફથી ખુલ્લી દલીલ આવી. ૪૨
૪૭ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માથા થી પગ સુધી મો'જિઝો છે. એની વિસ્તૃત જાણકારી. ૪૩
૪૮ 'આજે અમે તમારા માટે તમારા દીનને સંપૂર્ણ કરી દીધાં.' ૪૬
૪૯ ઈસ્લામ કામિલ (સંપૂર્ણ) દીન કેમ છે ? 'તમામ' અને 'કમાલ' નો તફાવત. ૪૭
૫૦ 'બેશક અલ્લાહ તરફથી તમારી પાસે નૂર આવ્યું અને રોશન કિતાબ.' ૪૭
૫૧ નૂરનો અર્થ અને હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બધાંને ચમકાવ્યાં. ૪૯
૫૨ સૂરજના નૂર (પ્રકાશ) અને નૂરે મોહંમદીમાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તફાવત. ૪૯
૫૩ 'તમારા દોસ્ત નથી પરંતુ અલ્લાહ અને એનો રસૂલ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ૫૦
૫૪ 'હે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પહોંચાડી દો જે ઉતાર્યું તમારા પર' ૫૧
૫૫ 'અને હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ૫૩
૫૬ રબ અને નબીની ઈતાઅતમાં તફાવત ૫૩
૫૭ 'હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો જે તમારા પર ઝાહિર કરવામાં આવે' ૫૪
૫૮ હાઝિર, નાઝિર અને માલિકના હુકમોનો સુબૂત. જે મના ન હોય તે હલાલ છે. ૫૫
૫૯ 'અમે જાણીએ છીએ કે આપને રંજ પહોંચાડે છે એ વાત જે તેઓ કહી રહ્યા છે.' ૫૬
૬૦ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાની આયતો છે. હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો ઈન્કાર રબનો ઈન્કાર છે. ૫૮
૬૧ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું ઈલ્મ, સખાવત અને નૂરાનીયત. ૫૮
૬૨ 'અને યહૂદીઓએ અલ્લાહની કદ્ર ન જાણી જેવી જાણવી જોઈતી હતી. ૫૯
૬૩ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક ભાષા અને મુનાઝિરાના ફન ના માહિર છે. ૬૦
૬૪ 'એ જે ગુલામી કરશે એ રસૂલ ઉમ્મી ગયબની ખબરો દેનાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની જેને લખેલું ભાળશે. ૬૧
૬૫ નબી, રસૂલ અને ઉમ્મીનો અર્થ ૬૧
૬૬ તૌરેત અને ઈન્જીલ માં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના સારા ગુણોનું વર્ણન ૬૨
૬૭ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હલાલ અને હરામના માલિક છે. ૬૩
૬૮ 'તમે ફરમાવો, કે હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છું. ૬૪
૬૯ ઉમ્મતના પ્રકારો અને હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના માબાપનું દીન. ૬૫
૭૦ 'અને હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તે ખાક જે તમે ફેંકી તમે નથી ફેંકી અમે ફેંકી.' ૬૫
૭૧ ફનાફિલ્લાહનો દરજ્જો અને મન્સૂર અને ફિરઓનની (હું) માં તફાવત. ૬૭
૭૨ 'હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના બોલાવવા પર હાજિર થાવ.' ૬૮
૭૩ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સેવામાં હાજિર થવાથી નમાઝ ફાસિદ થતી નથી. સહાબાએ કિરામનાં દૃષ્ટાંત ૬૯

૭૪ પૂરી મખ્લૂક પર આપની ઈતાઅત વાજિબ છે. ૬૯

૭૫ કઈ હાલતોમાં નમાઝ તોડી દેવી જાઈઝ છે. ૭૦

૭૬ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મડદાને જીવતા કરે છે તેના દષ્ટાંત ૭૦

૭૭ 'અને અલ્લાહનું કામ નથી એમને અઝાબ કરે જ્યાં સુધી કે હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપ એમનામાં છો' હાઝિરો નાઝિરનો સુબૂત. ૭૧

૭૮ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી દુનિયાનો વ્યવહાર ચાલી રહ્યો છે. ૭૨

૭૯ 'અને કેવું સારું થાત જો તેઓ એ ઉપર રાઝી થાત જે અલ્લાહે અને રસૂલે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તેમને આપ્યું.' ૭૨

૮૦ ઉલૂમે ખમ્સાનો સુબૂત. હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નેઅમતની વહેંચણી કરનાર છે. ૭૩

૮૧ 'તમારી સામે અલ્લાહના કસમ ખાય છે કે તમને રાજી કરી લે.' ૭૪

૮૨ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને રાઝી કરવા માટે ઈબાદત કરવી દેખાવો નથી પરંતુ તેની જાન છે. ૭૫

૮૩ 'શું એમને ખબર નથી કે જે અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો વિરોધ કરે તેના માટે જહન્નમની આગ છે. મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની નારાઝી રબની નારાઝીથી ઘણી ખતરનાક છે. ૭૬

૮૫ 'હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમના માલોમાંથી સદકો વસૂલ ફરમાવો.' ૭૮

૮૬ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું નામ 'બેચેન દિલ' નું ચેન છે. ૮૦

૮૭ 'બેશક તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી એ રસૂલ.' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ૮૦

૮૮ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું કુટુંબ શિર્ક અને ઝિનાથી પાક છે. ૮૧

૮૯ આમેના ખાતુન માટે દુઆ કરવાથી કેમ રોકી દીધું. ૮૨

૯૦ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની દરેક વસ્તુ (બધા) થી ઉત્તમ, અને કયુ પાણી ઉત્તમ છે ? ૮૩

૯૧ 'આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવો કે હે લોકો ! તમારી પાસે તમારા રબના તરફથી હક આવી ગયો. ૮૫

૯૨ 'ખબરદાર ! અલ્લાહના ઝિક્રથી દિલને ચેન મળે છે.' ૮૫

૯૩ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ઝિક્રથી ચેન કેમ મળે છે ? તા'વીઝની બરકત. ૮૭

૯૪ 'અને બેશક અમે તમારામાંથી પહેલા રસૂલ મોકલ્યા. ૮૯

૯૫ હે મહેબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમારી જાનના કસમ, બેશક તેઓ પોતાના નશામાં બહેકી રહ્યા છે. ૯૦

૯૬ 'પવિત્રતા છે એને જે પોતાના બંદાને રાતોરાત લઈ ગયો. ૯૧

૯૭ મેઅરાજની હિકમતો અને 'મેઅરાજ' ક્યારે થઈ ? ૯૧

૯૮ મેઅરાજનું વર્ણન અને સોમવારને પીર કેમ કહેવામાં આવે છે ? ૯૩

૯૯ નમાઝની ફર્ઝિયત ૯૫

૧૦૦ કોમના અઝાબની હાલતની જાણકારી ૯૬

૧૦૧ મેઅરાજની આયતના મુદ્દાઓ. ૯૭

૧૦૨ અબ્દ અને અબ્દહૂ માં તફાવત ૯૮

૧૦૩ અને રાતના અમુક ભાગમાં તહજ્જુદ કરો. ૯૯

૧૦૩ તહજ્જુદના મસ્અલા. ૯૯

૧૦૪ મકામે મેહમૂદની જાણકારી અઝાનમાં અંગૂઠા ચૂમવા. ૧૦૦

૧૦૫ કઈ નમાઝ ક્યા પયગમ્બરે પહેલા પઢી ? ૧૦૦

૧૦૬ બધી નમાઝો અંબિયાની (અલયહિ-મુસ્સલામ) યાદગાર છે. ૧૦૦

૧૦૭ 'આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવી દો કે અગર સમંદર મારા રબની વાતો માટે શાહી બની જાય.' ૧૦૧

૧૦૮ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની તા'રીફ રબની વાતો છે.' ૧૦૨

૧૦૯ ના'ત પઢનારાઓનો ફેલાવો. ૧૦૩

૧૧૦ 'તમે ફરમાવો કે જાહેર દેખાવમાં તો હું તમારા જેવો છું' ૧૦૪

૧૧૧ કુર્આને હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને બશર કેમ કહ્યું. ૧૦૬

૧૧૨ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને બશર કહીને બોલાવવું હરામ અને ક્યારેક કુફ્ર છે. ૧૦૭

૧૧૩ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શરઅન અને અકલન અજોડ છે. ૧૦૮

૧૧૪ અમારામાં અને નબીમાં ફરાઈ તફાવત. ૧૦૯

૧૧૫ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હુકમોના માલિક છે. ૧૧૦

૧૧૬ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને બીજા માનવીઓમાં ૨૭ ગણો તફાવત છે. ૧૧૦

૧૧૭ 'તો અમોએ આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઝબાનમાં આ કુરઆન આમ જ આસાન ફરમાવ્યું' ૧૧૨

૧૧૮ હદીષની જરૂરત. ૧૧૩

૧૧૯ તફસીરમાં નકલની જરૂરત છે. ૧૧૩

૧૨૦ 'હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમે આપના પર આ કુર્આન એટલા માટે ન ઉતાર્યું કે આપ કષ્ટ ઉપાડો.' ૧૧૪

૧૨૧ 'તાહા' નો અજબ અર્થ. ૧૧૫

૧૨૨ અને આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ન મોકલ્યા પરંતુ સમસ્ત સૃષ્ટિ માટે રહમત બનાવીને'. ૧૧૬

૧૨૩ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની રેહમતનું વર્ણન અને આલમીનની તહકીક. ૧૧૭

૧૨૪ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની વફાત પણ રેહમત છે. ૧૧૯

૧૨૫ જેહાદ રેહમતનો વિરોધી નથી. ૧૧૯

૧૨૬ 'અલ્લાહ નૂર છે આસ્માનો અને ઝમીનોનું.' ૧૨૦

૧૨૭ 'રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના પુકારવાને આપસમાં એવું ન ઠેરવી લો.' ૧૨૧

૧૨૮ જાબિરના છોકરાઓને સજીવન કરવું. ૧૨૩

૧૨૯ દુઆથી વરસાદ વરસ્યો અને રોક્યો. ૧૨૩

૧૩૦ 'ઘણી બરકતવાળો છે એ, જેણે ઉતાર્યું કુરઆન પોતાના બંદા ઉપર'. ૧૨૫

૧૩૧ નૂહ અલયહિસ્સલામ બધી મખ્લૂકના નબી ન હતા. ૧૨૫

૧૩૨ નૂહ અલયહિસ્સલામની નબૂવ્વત અને મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની નબૂવ્વતમાં તફાવત. ૧૨૫

૧૩૩ દરેક મખ્લૂકના હુકમો જુદા જુદા છે. અને જન્નત ફક્ત માનવીઓ માટે છે. ૧૨૬

૧૩૪ 'અને એના પર વિશ્વાસ કરો જે ઈઝઝત અને દયાવાળો છે.' ૧૨૭

૧૩૫ 'ત્યાં સુધી કે જ્યારે કીડીઓના નાળાં ઉપર આવ્યા. ૧૨૯

૧૩૬ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રાણીઓની ભાષા જાણતા હતા. ૧૩૧

૧૩૭ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના ગુલામોને પ્રાણી ઓળખતા (સમજતા હતા.) ૧૩૨

૧૩૮ 'અને આ પહેલા કોઈ કિતાબ પઢતાં નહોતા અને ન પોતાના હાથ વડે કંઈ લખતા હતા. ૧૩૩

૧૩૯ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) લખવાનું જાણતા હતા, પણ લખતાં નહોતા. ન લખવું એ આપનો કમાલ છે એનો અર્થ. ૧૩૪

૧૪૦ બધાથી પહેલા કોણે લખ્યું ? ૧૩૬

૧૪૧ નબી મુસલમાનો ના એમની જાનો કરતાં ય વધુ માલિક છે.' ૧૩૬

૧૪૨ હાઝિર - નાઝિરનો મસ્અલો અને 'અવલા' નો અર્થ. ૧૩૭

૧૪૩ પાક બીવીઓ મુસલમાનોની મા હોવાનો અર્થ. ૧૩૯

૧૪૪ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના સગા સંબંધીઓ માટે અદબ, સૈયદો ના મુસલમાનો ઉપર હકો. ૧૩૯

૧૪૫ મુરીદ પીરની બીવીથી અને શાગિર્દ ઉસ્તાદની બીવીથી નિકાહ ન કરે. ૧૪૦

૧૪૬ 'બેશક અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પેરવી બહેતર છે. ૧૪૦

૧૪૭ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું જીવન દુનિયા માટે નમૂનો બનીને કેમ છે ? ૧૪૧

૧૪૮ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મહેરબાની હઝરત યુસુફ અલયહિસ્સલામ ની મહેરબાનીથી વધારે છે. ૧૪૨

૧૪૯ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સખાવત. ૧૪૨

# અનુક્રમણિકા

ભાગ:-૨


| ક્રમ | વિષય | પેઈજ નં. |
|---|---|---|
| ૧ | નબીયોની પત્નીઓ બીજી સ્ત્રીઓ જેવી નથી | ૯ |
| ૨ | પાક પત્નીઓના એકબીજામાં જુદા જુદા દરજ્જા છે. તેની વિસ્તૃત જાણકારી | ૧૧ |
| ૩ | હદીષની જરૂરત | ૧૩ |
| ૪ | હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નાં હુકમોની વિસ્તૃત જાણકારી | ૨૩ |
| ૫ | મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો કોઈ પુરુષોમાં કોઈનાં પિતા નથી. | ૧૫ |
| ૬ | "મુહમ્મદ" નામ રાખવાનાં ફાયદા | ૧૭ |
| ૭ | "ખાતમન્નબીયીન" નો અર્થ | ૧૮ |
| ૮ | "શાહેદ"નો અર્થ અને મસ્અલા "હાઝિર-નાઝિર" | ૨૦ |
| ૯ | બીજા નબીયો અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તબ્લીગમાં તફાવત | ૨૧ |
| ૧૦ | દુરૂદ શરીફની ફઝીલત અને ફાયદા | ૨૯ |
| ૧૧ | નબી સિવાય બીજા પર કાયમી રીતે દુરૂદ પઢવું મના છે. | ૩૫ |
| ૧૨ | નબી-ઈન્સાનોમાંથી અને ઉચ્ચ કબીલામાંથી થયા. | ૩૮ |
| ૧૩ | હુદૈબીયહની સુલેહસંધીનો પ્રસંગ | ૪૪ |
| ૧૪ | અંબિયાએ કિરામની ઈઝ્ઝત અને હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ક્યારેય ગુનાહનો વિચાર સુદ્ધા ન કર્યો | ૪૫ |
| ૧૫ | હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની તા'ઝીમ કેવી હોવી જોઈએ. | ૪૭ |
| ૧૬ | તાઝીમ માટે ઉભા થવું જાઈઝ છે. | ૪૮ |
| ૧૭ | મીલાદે પાકની મહેફીલ | ૫૦ |
| ૧૮ | ઉસ્માને ગની રદિયલ્લાહો તઆલા અન્હો જામેઉલ કુર્આન કેવી રીતે થયા. | ૫૦ |
| ૧૯ | 'બયઅત' ની હકીકત અને ખુલ્ફાએ રાશેદીન અને બીજા મસાઈખની બયઅત | ૫૨ |
| ૨૦ | બધા સહાબાઓથી ખુદા રાઝી છે. | ૫૫ |
| ૨૧ | હઝરત ફારૂકે આ'ઝમે (રદિયલ્લાહો તઆલા અન્હો) અસલ બયઅતવાળું ઝાડ નથી કપાવ્યું અને રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો રોઝએ મુબારક ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહો તઆલા અન્હો) એ બનાવ્યો. | ૫૬ |
| ૨૨ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બધા સિફતોનાં(ગુણોના) કેન્દ્ર બિંદુ છે. | ૫૭ |
| ૨૩ | હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને બીજા નબીઓની રિસાલતમાં તફાવત. | ૫૮ |
| ૨૪ | દરેક વસ્તુની અદદ ૯૨ છે. | ૫૮ |
| ૨૫ | નૂરે નબુવ્વતનાં ચાર કાચ (શીશા) | ૬૦ |
| ૨૬ | 'હે ઈમાનવાળાઓ ! તમારો અવાઝ ઊંચો ન કરો નબીના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અવાઝથી ઉપર | ૬૩ |
| ૨૭ | અવલીયાની કબરોની તાઝીમ વાજિબ છે. | ૬૭ |
| ૨૮ | આસ્માની મેઅરાજનો કુર્આનથી સુબૂત | ૬૯ |
| ૨૯ | અલ્લાહના દીદારની ચોખ્ખી દલીલ હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માથાની આંખથી રબ તબારક વ તઆલાને જોયા. | ૭૦ |
| ૩૦ | રહમાને પોતાના મેહબૂબ બંદાને કુર્આન શીખવ્યું | ૭૪ |
| ૩૧ | ઈલ્મે ગૈબની અદ્‌ભૂત દલીલ | ૭૫ |

૩૨ હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સૃષ્ટિનાં સર્જન થતાં પહેલા શીખ્યું ૭૫
૩૩ સહાબાએ કિરામે પોતાના કાફિર સગાવહાલાઓ સાથે પોતાના સંબંધ તોડી નાખ્યાં. ૭૭
૩૪ બદમઝહબની સંગત (દોસ્તી)હરામ છે. ૭૮
૩૫ દીની વર્ચસ્વ હંમેશા મુસલમાનોને છે. ૮૧
૩૬ અને ઈઝઝત તો અલ્લાહ અને તેના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને મુસલમાનોના માટે છે. ૮૨
૩૭ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય અને તેના છોકરાની અદ્‌ભૂત ઘટના ૮૩
૩૮ શતરંજના શોધકની અદ્‌ભૂત ગણતરી ૮૪
૩૯ કા'બા અને બયતુલ મુકદ્દસમાં તફાવત ૮૫
૪૦ નબી દીવાના નથી હોતા. ઈલ્મે ગૈબનો સુબૂત ૮૭
૪૧ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિષે બૂરું બોલવું એ હરામઝાદાઓનું કૃત્ય છે. ૯૧
૪૨ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અંબિયાએ કિરામનાં ગુણોનાં સંગ્રહસ્થાન છે. ૯૨
૪૩ ઈલ્મે ગૈબની જાણકારી ૯૪
૪૪ નમાઝે તહજ્જુદની જાણકારી અને મસ્અલાઓ ૯૬
૪૫ સબીના પઢવાનો હુકમ. ૯૯
૪૬ "ઈતાબ", "અઝાબ" અને "એકાબ" માં તફાવત ૧૦૪
૪૭ બધી નમાઝોમાં "અ-બ-સ-" સૂરહ પઢવાવાળાનું કત્લ. ૧૦૪
૪૮ કેટલીક આયતો કેટલીકથી સર્વોત્તમ છે. ૧૦૫
૪૯ કબ્રે અનવર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અર્શથી સર્વોત્તમ છે. ૧૦૬
૫૦ મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વારામાં શ્રેષ્ઠ કોન છે ? ૧૦૭
૫૧ મક્કા મુકર્રમાની કામાશ અને મદીના પાકની લીલાશની ચોખવટ ૧૦૮
૫૨ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના વંશની મહાનતા, ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહો તઆલા અન્હો) એ હઝરત ફાતેમા ઝેહરા(રદિયલ્લાહો તઆલા અન્હા)ની સાહેબજાદી સાથે નિકાહ કર્યા. ૧૦૯
૫૩ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો ચહેરો પ્રકાશિત દિવસ જેવો અને ઝુલ્ફો રાત જેવી. ૧૧૦
૫૪ ચાશ્તની નમાઝનો હુકમ ૧૧૧
૫૫ દા'લનો અદ્‌ભૂત અર્થ– નબી કયારેય ગુમરાહ નથી થતા. ૧૧૩
૫૬ શરહે સદર (સીનો ચાક) નો અર્થ અને કેટલીવાર સીનો ચાક થયો ? ૧૧૫
૫૭ અમે આપના માટે આપના ઝીકને બુલંદ કર્યો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ૧૧૭
૫૮ કા'બાને હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કિબ્લો બનાવી દીધો. ૧૧૮
૫૯ શયતાનને ઉચ્ચ (બુલંદ) કરીને કેમ પછાડી દીધો ? ૧૧૯
૬૦ નબીનો ઝમાનો અને નબુવ્વતના ઝમાનામાં તફાવત ૧૨૧
૬૧ હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમે આપને અગણિત ખૂબીઓ અર્પણ કરી. ૧૨૨
૬૨ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને શરીર શાસ્ત્રનું જ્ઞાન આપવામાં આવ્યું ૧૨૫
૬૩ જાદુથી નબીયોના દિલ અને દિમાગ (મગઝ) પર અસર થતી નથી. ૧૨૬
૬૪ કેટલાક મંતરો અને તાવીઝ જાઈઝ છે. ૧૨૬
૬૫ મકબૂલ હમ્દ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની છે. ૧૨૭

# ★ મસ્નદે રસૂલ ★

(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)

[અઝ : આ'લાહઝરત ફાઝિલે બરેલ્વી] રદિયલ્લાહુ તઆલા અન્હૂ

★ અર્શે હક હય મસ્નદે રિફઅત રસુલુલ્લાહ કી, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
દેખની હય હશ્ર મેં ઈઝઝત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ કબ્ર મેં લેહરાયેંગે તાહશ્ર ચશ્મે નૂર કે,
જલ્વા ફરમા હોગી જબ તલઅત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ લા-વ-રબ્બિલ અર્શ જિસકો જો મિલા ઉનસે મિલા,
બટતી હય કૌનેન મેં નેઅમત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ વો જહન્નમ મેં ગયા જો ઉનસે મુસ્તગની હુવા,
હય ખલીલુલ્લાહ કો હાજત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ સૂરજ ઉલ્ટે પાંવ પલ્ટે ચાંદ ઈશારે સે હો ચાક,
અંધે નજદી દેખલે કુદરત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ તુજસે ઔર જન્નત સે કયા મતલબ વહાબી દૂર હો,
હમ રસૂલુલ્લાહ કે જન્નત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ ઝિક્ર રોકે ફઝલ કાટે, નકસકા જોયાં રહે,
ફિર કહે મર્દક કે હૂં ઉમ્મત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ નજદી ઉસને તુઝકો મોહલત દી હય કે ઈસ આલમમેં હય,
કાફિરો મૂર્તદ પર ભી રહમત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ હમ ભીકારી વો કરીમ ઉનકા ખુદા ઉનસે ફુઝૂં,
ઔર ના કહેના નહીં આદત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ અહલે સુન્નત કા હય બેડા પાર અસ્હાબે હુઝૂર, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
નજમ હય ઓર નાવ હય ઈતરત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ ખાક હોકર ઈશ્ક' મેં આરામ સે સોના મિલા,
જાન કી અકસીર હય ઉલ્ફત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ ટૂટ જાએંગે ગુનાહગારોં કે ફૌરન કૈદો-બંદ,
હશ્ર કો ખુલ જાએગી તાકાત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ યા રબ એક સાઅત મેં ધુલ જાએ સિયાહકારોં કે જુર્મ,
જોશ પર આ જાએ અબ રહમત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ અય 'રઝા' ખુદ સાહિબે કુરઆં હય મિદ્દાહે હુઝૂર, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
તુજ સે કબ મુમકિન હય ફિર મિદહત રસૂલુલ્લાહ કી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

## ★ લુત્ફે ઝિંદગી ★

જો યાદે મુસ્તફા સે દિલ કો બેહલાયા નહીં કરતે,
હકીકત મેં વોહ લુત્ફે ઝિંદગી પાયા નહીં કરતે.

ઝબાં પર શિક્વએ રંજો–આલમ લાયા નહીં કરતે,
નબી કે નામ લેવા ગમસે ગભરાયા નહીં કરતે.

યેહ દરબારે મુહમ્મદ હય, યહાં મિલતા હય બિન માંગે,
અરે નાદાં, યહાં દામન કો ફેલાયા નહીં કરતે.

સજા લે દિલ કી દુનિયા દાગહાએ ઈશ્કે અહમદ સે,
ગેહ ઐસે ફૂલ હંય જો ખિલ કે મુરઝાયા નહીં કરતે.

જીન્હોંને સય્યદે કૌનેન કે કદમોંકો ચૂંમા હંય,
વો ઝર્રે ચાંદ તારોં સે ભી શરમાયા નહીં કરતે.

મુહમ્મદ મુસ્તફા કે બાગ કે સબ ફૂલ હંય ઐસે,
જો બીન પાની કે તર રહેતે હંય કુમલાયા નહીં કરતે.

અગર બૂજેહલ બહરે ઈમ્તેહાં આએ, તો આને દો,
રસુલુલ્લાહ ઈન બાતોંસે ગભરાયા નહીં કરતે.

જગહ પાયી હય કિસ્મતસે જિન્હોંને કૂએ તયબાહ મેં,
વોહ ઝર્રે ચાંદ તારોંસે ભી શરમાયા નહીં કરતે

યેહ હય દરબાર આકા કા, યહાં અપનોં કા કયા કેહના,
યહાં સે હાથ ખાલી ગૈર ભી જાયા નહીં કરતે.

અરે નાસમજ કુર્બાન હોજા ઉન્કે રૌઝે પર,
યે લમ્હેં ઝિન્દગી મેં બાર બાર આયા નહીં કરતે.

હબીબે કિબ્રિયાકી શાને રહમત તો ઝરા દેખો,
સિતમ સેહતે તો હંય લેકીન, સિતમ ઢાયા નહીં કરતે.

મઝા મિલતા હય જિનકો સરવરે કૌનેન કે ગમ મેં,
વોહ અપની દાસ્તાને ગમ કો દોહરાયા નહીં કરતે.

જો ઉન્કે દામને રહમતસે વાબસ્તા હંય અય 'હામિદ' !
કિસી કે સામને વોહ હાથ ફેલાયા નહીં કરતે.

## ★ શોહદાએ કરબલા કી બારગાહ મેં સલામ ★

મુર્તઝા કે દુલારોં પે લાખોં સલામ, ચશ્મે ઝેહરા કે તારોં પે લાખોં સલામ.
નૂરે, ઐને મૌલા અલી પર દુરૂદ, હાશેમી નામદારોં પે લાખોં સલામ.
ભુકે પ્યાસે, ગરીબુલ-વતન, ખસ્તાજાં, બાખુદા રોઝદારોં પે લાખોં સલામ.
સર હથેલી પર રખ કર જો સાથી હુએ, ઉન બહત્તર સવારોં પે લાખોં સલામ.
કત્લ કી શબ જો મેહવે ઈબાદત રહે, ઉન તહજ્જુદ ગુઝારોં પે લાખોં સલામ.
કુવ્વતે બેકસાં, દસ્તગીરે જહાં, બે બસોં કે સહારોં પે લાખોં સલામ.
જિન કે ઈમાં સે ઈમાંને પાયા ફરોગ, ઐસે ઈમાનદારોં પે લાખોં સલામ.

# હમારા નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

**અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી (રદિયલ્લાહો તઆલા અન્હો)**

★ સબ સે અવલા વ આ'લા, હમારા નબી, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
સબ સે બાલા વ વાલા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ અપને મૌલા કા પ્યારા હમારા નબી, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
દોનો આલમ કા દુલ્હા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ બઝમે આખિર કા શમ્એ ફરોઝા હુવા,
નૂરે અવ્વલ કા જલ્વા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ બુઝ ગઈં જિસ કે આગે સભી મશઅલેં,
શમ્આ વો લેકર આયા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ જિન કે તલવોં કા ધોવન હય આબે હયાત,
હય વો જાને મસીહા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ ખલ્ક સે ઔલિયા, ઔલિયા સે રૂસુલ,
ઔર રસૂલોં સે આ'લા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ જિસ કી દો બૂંદ હંય, કૌષરો સલસબીલ,
હય વો રહમત કા દરિયા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ જૈસે સબ કા ખુદા એક હય, વૈસે હી,
ઈન કા ઉન કા તુમ્હારા, હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ કર્નોં બદલી રસૂલોં કી હોતી રહી,
ચાંદ બદલી કા નિકલા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ કૌન દેતા હય દેને કો મુંહ ચાહિયે,
દેને વાલા હય સચ્ચા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ ક્યા ખબર કિતને તારે ખિલે છુપ ગએ,
પર ન ડૂબે ન ડૂબા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ સારે ~~ઉસ~~ ઉચોં મેં ઉચા સમજીએ જિસે,
હય ઉસ ઉચે સે ઉચા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ સારે અચ્છોં મેં અચ્છા સમજીએ જિસે,
હય ઉસ અચ્છે સે અચ્છા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ જિસને ટુકડે કિયે હંય કમર કે વો હય,
નૂરે વહેદત કા ટુકડા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ સબ ચમક વાલે ઉજલોં મેં ચમકા કિયે,
અંધે શીશોં મેં ચમકા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ જિસને મુર્દા દિલોં કો દી ઉમ્રે અબદ,
હય વો જાને મસીહા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ ગમઝદોં કો 'રઝા' મુઝદા દિજે કે હય,
બેકસોં કા સહારા હમારા નબી. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

# ★ ભારી હય ભરોસા તેરા ★

અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી (રદિયલ્લાહો તઆલા અન્હો)

★ વાહ ક્યા જૂદો કરમ હય શહે બતહા તેરા,
નહીં સુનતા હી નહીં, માંગનેવાલા તેરા.

★ ધારે ચલતે હંય અતા કે, વો હય કતરા તેરા,
તારે ખિલતે હંય સખા કે, વો હય ઝર્રા તેરા.

★ ફયઝ હય યા શહે તશનીમ નિરાલા તેરા,
આપ પ્યાસોં કે તજસ્સુસ મેં હય દરિયા તેરા.

★ અગનિયા પલતે હંય દર સે, વો હય બાડાતેરા,
અસફિયા ચલતે હય સર સે, વો હય રાસ્તા તેરા.

★ ફર્શ વાલે તેરી શૌકત કા ઉલૂ ક્યા જાનેં,
ખુશરવા અર્શ પે ઉડતા હય ફરેરા તેરા.

★ આસમાં ખ્વાન, ઝમીં ખ્વાન, ઝમાના મહેમાન,
સાહિબે ખાના લકબ, કિસ કા હય, તેરા.

★ મૈ તો માલિક હી કહુંગા, કે હો માલિક કે હબીબ,
યાને મહેબૂબો - મુહિબ મેં નહીં મેરા તેરા.

★ તેરે કદમોં મેં જો હય, ગૈર કા મુંહ ક્યા દેખેં,
કૌન નઝરોં પે ચઢે દેખ કે તલ્વા તેરા.

★ ચોર હાકિમ સે છુપા કરતેં હય, યાં ઈસકે ખિલાફ,
તેરે દામન મેં છુપે ચોર અનોખા તેરા.

★ દિલ અબષ ખૌફ સે પત્તા સા ઉડા જાતા હય,
પલ્લા હલકા સહી, ભારી હય ભરોસા તેરા.

★ એક મૈં ક્યા, મેરે ઈસ્યાં કી હકીકત કિત્ની,
મુઝ સે સો લાખ કો કાફી હય, ઈશારા તેરા.

★ તેરે ટુકડોં સે પલે, ગૈર કી ઠોકર પે ન ડાલ,
ઝિળકિયાં ખાએં કહાં, છોડ કે સદકા તેરા.

★ તેરે સદકે, મુઝે ઈક બૂંદ બહોત હય તેરી,
જિસ દિન અચ્છોં કો મિલે જામ છલકતા તેરા.

★ હરમો-તયબા વ બગદાદ, જિધર કીજીએ નિગાહ,
જોત પડતી હય તેરી, નૂર હય છનતા તેરા.

★ તેરી સરકાર મેં લાતા હય 'રઝા' ઉસકો શફીઅ,
જો મેરા ગૌષ હય ઔર લાડલા બેટા તેરા.

# ★ નાત શરીફ ★

★ ઝમીંનો-ઝમાં તુમ્હારે લીએ, મકીનો-મકાં તુમ્હારે લીએ,
★ ચુનીંનો-ચુનાં તુમ્હારે લીએ, બને દો જહાં તુમ્હારે લીએ.
★ દહન મેં ઝબાં તુમ્હારે લીએ, બદન મેં હય જાં તુમ્હારે લીએ.
★ હમ આએ યહાં તુમ્હારે લીએ, ઉઠે ભી વહાં તુમ્હારે લીએ.
★ ફરિશ્તે ખિદમ, રસૂલે હશમ, તમામે ઉમમ ગુલામે કરમ.
★ વુજૂદો-અદમ, હુદૂષો-કેદમ, જહાં મેં અયાં તુમ્હારે લીએ.
★ કલીમો-નજી, મસીહો-સફી, ખલીલો-રઝી, રસૂલો-નબી,
★ અતીકો-વસી, ગનીઓ-અલી, ષના કી ઝબાં તુમ્હારે લીએ.
★ ઈસાલતે કુલ, ઈમામતે કુલ, સયાદતે કુલ, અમારાતે કુલ,
★ હૂકુમતે કુલ, વિલાયતે કુલ, ખુદા કે યહાં તુમ્હારે લીએ.
★ તુમ્હારી ચમક, તુમ્હારી દમક, તુમ્હારી ઝલક, તુમ્હારી મહક.
★ ઝમીનો-ફલક, સમાકો-સિમક મેં, સિક્કા નિશાં તુમ્હારે લીએ.
★ વો કન્ઝે નિહાં, યે નૂર ફિશાં, વો કુન સે અયાં, યે બઝમેમકાં
★ યે હર તનો-જાં, યે બાગે જિનાં, યે સારા સમાં તુમ્હારેલીએ.
★ ઝુહૂરે નિહાં, કયામે જહાં, રૂકુએ મિહાં, સુજૂદે શહાં.
★ નિયાઝેં યહાં, નમાઝે વહાં, યે કિસ કે લિયે, હાં તુમ્હારેલીએ.
★ યે શમ્સો-કમર, યે શામો-સહર, યે બર્ગો-શજર યે બાગો-ષમર.
★ યે તૈગો-સિપર, યે તાજો-કમર, યે હુકમે રવાં તુમ્હારે લીએ
★ યે ફયઝ દિયે, વો જૂદ કિયે, કે નામ લિએ ઝમાના જીએ,
★ જહાં ને લિયે, તુમ્હારે દિયે, યે અકરમીંયા તુમ્હારે લિએ.
★ સિહાબે કરમ રવાના કિયે, કે આબે નેઅમ ઝમાના પીએ.
★ જો રખતે થે હમ વો ચાક સિયે, યે સત્રે બદાં તુમ્હારે લીએ.
★ અતાએ અરબ, જિલાએ કરબ, ફુયૂઝે અજબ, બેગૈરે તલબ.
★ યે રહેમતે રબ, હય કિસ કે સબબ, બરબ્બે જહાં તુમ્હારેલીએ.
★ ન રૂહે અમીં, ન અર્શે બરીં, ન લોહે મુબીં, કોઈ ભી કહીં.
★ ખબર હી નહીં, જો રમઝેં ખુલીં, અઝલ કી નિહાં તુમ્હારેલીએ.
★ જિનાં મેં ચમન, ચમન મેં સમન, સમન મેં ફબન, ફબન મેં દુલ્હન.
★ સઝાએ મેહન પે ઐસે મિનન, યે અમનો અમાં તુમ્હારેલીએ.
★ ખલીલો-નજી, મસીહો-સફી, સભી સે કહીં, કહીં ભી ન બની.
★ યે બેખબરી કે ખલ્ક ફિરી, કહાં સે કહાં તુમ્હારે લીએ.
★ ઈશારે સે ચાંદ ચીર દિયા, છુપે હુએ ખૂર કો ફયર લિયા.
★ ગએ હુએ દિન કો અસ્ર કિયા, યે તાબો તવાં તુમ્હારે લીએ.
★ સબા વો ચલે કે બાગ ફલે, વો ફુલ ખિલે કે દિન હો ભલે,
★ લેવા કે તલે ષના મેં ખૂલે, 'રઝા' કી ઝબાં તુમ્હારે લીએ.

# ★ કરૂં તેરે નામ પે જાં ફિદા ★

અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી (રદિયલ્લાહો તઆલા અન્હો)

★ વો કમાલે હુસ્ને હુઝૂર હય, કે ગુમાને નક્સ જહાં નહીં,
યહી ફૂલ ખાર સે દૂર હય, યહી શમ્આ હય કે ધૂવાં નહીં,

★ દો જહાં કી બેહતરિયાં નહીં, કે અમાનિયે દિલો જાં નહીં,
કહો ક્યા હય જો યહાં નહીં, મગર ઈક નહીં કે વો હાં નહીં.

★ મેં નિષાર તેરે કલામ પર, મિલી યૂં તો કિસ કો ઝબાં નહીં.
વો સુખન હય જિસ મેં સુખન ન હો, વો બયાં હય જિસ કા બયાં નહીં.

★ બ-ખુદા, ખુદા કા યહી હય દર, નહીં ઓર કોઈ મફર મકર,
જો વહાં સે હો, યહીં આ કે હો, જો યહાં નહીં તો વહાં નહીં.

★ કરે મુસ્તફા કી અહાનતેં, ખુલે બન્દોં ઈસ પે યે જુર્અતેં,
કે મેં ક્યા નહીં હૂં મુહમ્મદી ? અરે, હાં નહીં, અરે હાં નહીં.

★ તેરે આગે યૂં હી દબે લચે, ફુસહા અરબ કે બડે બડે,
કોઈ જાને મુંહ મેં ઝબાં નહીં, નહીં બલ્કે જિસ્મ મેં જાં નહીં.

★ વહી નૂરે હક, વહી ઝિલ્લે રબ, હય ઉન્હીં સે સબ, હય ઉન્હીં કા સબ,
નહીં ઉન કી મિલ્ક મેં આસમાં, કે ઝમીં નહીં કે ઝમાં નહીં,

★ વહી લા-મકાં કે મકીં હૂએ, સરે અર્શ તખ્તનશીં હૂએ,
વો નબીં હય જિસ કે હંય યે મકાં, વો ખુદા હય જિસ કા મકાં નહીં.

★ સરે અર્શ પર હય તેરી ગુઝર, દિલે ફર્શ પર હય તેરી નઝર,
મલકૂતો-મુલ્ક મેં કોઈ શેઅ, નહીં વો જો તુઝ પે અયાં નહીં.

★ કરૂં તેરે નામ પે જાં ફિદા, ન બસ એક જાં, દો જહાં ફિદા,
દો જહાં સે ભી નહીં જી ભરા, કરૂં ક્યા કરોરોં જહાં નહીં.

★ તેરા કદ તો નાદિરે દહર હય, કોઈ મિષલ હો તો મિષાલ દે,
નહીં ગુલ કે પોદોં મેં ડાલિયાં, કે ચમન મેં સરવે ચમાં નહીં.

★ કરૂં મદહે એહલે દોવલ 'રઝા' પડે ઈસ બલા મેં મેરી બલા,
મેં ગદા હૂં અપને કરીમ કા, મેરા દીન પાર-એ-નાં નહીં.

★ બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ ★

કુર્આને કરીમની રોશનીમાં ભાગ-૧

# ★ અલ્લાહના હબીબની શાન ★

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

લેખક : મૌલાના મુફતી અહમદયારખાન નઈમી બદાયુની (રહમતુલ્લાહ અલયહ).

સર્વ તા'રીફ અને સર્વ ઈબાદત તે પાક પરવરદિગારે આલમ માટે જ છે કે જેણે 'કુન' કહીને સકળ સૃષ્ટિનું સર્જન કર્યું અને માટીથી ઈન્સાનનું સર્જન કરી તેના માથા પર આદમનો તાજ મૂક્યો. સુબ્હાનલ્લાહ ! કેટલો રહીમ, કેટલો કરીમ છે માલિક અને પાલનહાર, જેણે પોતાના ફઝલથી અમારા પર નેઅમતોની વર્ષા કરી દીધી. આપણા વાળ ઝબાન બનીને તેની નેઅમતોની ગણત્રી કરવા ઈચ્છે તો પણ નથી કરી શકતા. વળી તે જ માટીને ઈઝઝત આપવા માટે તેઓમાં પોતાના નબીઓ મોકલ્યા- જે તેની ઉચ્ચ નેઅમત છે; અને લાખો દરૂદો-સલાતો-સલામ તે અલ્લાહના પ્યારા મેહબૂબ અને પયગમ્બર હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર જેમનું અસ્તિત્વ જ આ સકળ સૃષ્ટિના મુળ સર્જનનું મૂળ કારણ છે. આ આખો બગીચો તે જ એક સાચા ફૂલ માટે લગાવવામાં આવ્યો છે. આદમ અને આદમીઓ, દુનિયા અને દુનિયાવાળાઓ એ જ દુલ્હાના બરાતી છે- સુબ્હાનલ્લાહ ! કેવો બાદશાહ. નબીઓનો સરદાર, ગુનેહગારોનો ગમગુસાર, બેકસોનો કસ, બેબસોનો બસ, કમજોરોની તાકત, બેઆસરાનો આસરો, જેનો ઝિક પાક બેચેન દિલનું ચેન, બેકસ દિલોનો કસ છે. જેમણે મેઅરાજમાં પણ ગુનેહગારોને યાદ રાખ્યા; જેમના વિસાલ બાદ પણ મઝારે મુબારકમાં પણ ગુનેહગારોની મુક્તિ માટે જેમના પાક હોઠો ચાલતા રહ્યા **કયામતના દિવસે બધાને જાનની ફિક્ર હશે પરંતુ મુહમ્મદ મુસ્તફા** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**ને એમની આ ગુનેહગાર ઉમ્મતની ફિક્ર હશે.**

હમ્દ-સલામ બાદ જણાવવું જરૂરી છે. કે ઈન્સાનની જિંદગીનો મૂળ મકસદ પોતાના રબને ઓળખવાનો અને તેની ઈબાદત કરવાનો છે. રબ્બે કરીમને તે જ ઓળખી શકે છે, જે તેના મેહબૂબ હુઝૂર પુરનૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાને આલીને સમજતો હોય. એમ તો ગેરમુસ્લિમો પણ વર્ષોનાં વર્ષો સુધી ઈબાદત કરે છે પણ તે ન તો આરિફ થઈ શકે છે કે ન તો સાચા અર્થમાં આબિદ. એટલા માટે કે તેઓ આકાએ મદની સરકારે દો-આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને ઓળખ્યા વગર ઈબાદત કરે છે. અલ્લાહ પણ પોતાની ઓળખ કુર્આને પાકમાં ઠેકઠેકાણે પોતાના મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના મારફત કરાવે છે. અગર કોઈ શખ્સ અલ્લાહને જમીન અને આસ્માનના સર્જનહાર તરીકે ઓળખે, તો તે ખુદાને ઓળખવામાં અધૂરો છે. **પણ જો કોઈ ખુદાને મુહમ્મદ મુસ્તફા** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**ના સર્જનહાર તરીકે ઓળખે, તો તે પૂરેપૂરો મુઅમિન છે.** મતલબ કે કુદરતને પણ પોતાની શાનવાળા મેહબૂબ પર નાઝ છે, અને એ વારંવાર ફરમાવે છે કે-

"અગર અમારી શાન અને અમારી કારીગરી જોવી હોય તો અમારી શાનવાળા હુઝૂરે પાક મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને જુઓ ! કારીગરની કારીગરી તેની બનાવેલ ચીજો પરથી જાહેર થાય છે અને આલિમનું ઈલ્મ તેના શાગિર્દથી જાહેર થાય છે. એ જ રીતે ખુદાએ કુદદુસનો કમાલ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જમાલથી નઝર આવે છે. રબ્બુલ આલમીન અજોડ સર્જક છે અને તેનો મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અજોડ સર્જન. પણ અફસોસ કે આજના મુસ્લિમો, જેઓ ઘણું ભૂલી ચુક્યાં છે, ત્યાં આપણા આકા વ મૌલા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાને આલી મુબારકથી પણ ગાફિલ થઈ ગયા છે. મુસલમાન કોમમાં મુસલમાનના વેશમાં બેદીનો પણ પેદા થઈ ગયા છે, જેઓ અલ્લાહના મેહબુબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાને મુબારકને ઘટાડવાને પોતાની ફર્ઝ સમજે છે, તે પવિત્ર ઝાતને તેઓ પોતાના જેવા, સામાન્ય મનુષ્ય જેવાં મોટા ભાઈ અને ન જાણે શું શું બતાવે છે. ! સીધાસાદા મુસલમાનો તેઓની જાળમાં ફસાઈ જાય છે. જમાનાની આ ચાલ જોઈને દીનદાર મુસ્લિમ ખૂનનાં આંસુ વહાવી રહ્યા છે !

શાને મુહમ્મદી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું બયાન તો ખુદ ખુદાવંદે કરીમ કરે છે, ત્યારે કોની તાકત છે કે તેઓની શાનનું પૂરૂં વર્ણન કરી શકે ? પણ ફક્ત એટલા જ ખ્યાલથી અમે એ શાને અકદસનું (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)યથાશક્તિ વર્ણન કરવા પ્રેરાયા છીએ કે કમ અઝ કમ, કયામતના દિવસે અમારૂં નામ નઅતવાળાઓમાં આવી જાય અને આ ભાંગ્યાતૂટ્યા શબ્દોની બરકતથી કયામતના દિવસે હુઝૂરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શફાઅત નસીબ થઈ જાય તેમ જ ખુદા કરે કે તેના મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાન બયાન કરવાથી બેદીનો સાચા દીન પર આવી જાય. જે લોકો દીને મુહમ્મદી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર કાઈમ છે, તેમના ઈમાનને તાકત મળે. અલ્લાહતઆલા આપણી અંદર સાચા અર્થમાં મોહમ્મદ મુસ્તફા,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રત્યે મુહબ્બત પેદા કરી દે અને જે લોકો દીને મુહમ્મદીનો દા'વો કરે છે, પણ હકીક્તમાં ભટકી ગયા છે, તેઓને અલ્લાહ રાહે રાસ્ત સમજવાની તવફીક આપે, જેથી તેઓ સન્માર્ગ પર આવી જાય.

**હકીકત તો આ છે કે અગર કુર્આને પાકને ઈમાનની દ્રષ્ટિથી જોવામાં આવે તો તેમાં શરૂથી લઈને અંત સુધી સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તા'રીફ જ છે.**

ખુદાની હમ્દ હોય, અકીદાનું બયાન હોય કે પછી પહેલાંના નબીઓનું અને તેમની ઉમ્મતોનું વર્ણન; અર્થાત કે, જે કાંઈ પણ હોય; દરેકમાં સીધી અથવા આડકતરી રીતે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાને મુબારક જરૂર શામિલ હશે : દ્રષ્ટાંતરૂપે **સૂરએ ઈખ્લાસને** લ્યો, તેમાં ખુદાની સિફાતનું જ બયાન છે. **સૂરએ** લહબને જુઓ તેમાં **અબૂ-લહબ** અને તેની પત્નીની હકીકતો છે. આ બન્નેનું શરૂથી લઈને અંત સુધી **અવલોકન કરવામાં** આવે તો એ બન્ને મેહબૂબે પાકની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **શાનથી જ ભરેલી નજર આવશે.**

**'કુલહો વલ્લાહો અહદ'** અય મેહબૂબ,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમે કહી દો કે અલ્લાહ એક જ છે અને તે જ વિશ્વાસપાત્ર છે : ન તો તે કોઈની ઔલાદ છે ન તેની કોઈ ઔલાદ છે. વગેરે વગેરે.

હવે સૂરએ ઈખ્લાસનો પહેલો જ શબ્દ જૂઓ. 'કુલ' અર્થાત અય મેહબૂબ,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમે કહી દો. 'આ જ શબ્દથી આખી સૂરત એક નઅત બની જાય છે, કેમ કે રબની મરજી છે કે અય મેહબૂબ,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કલામ અમારો હોય અને ઝબાન તમારી, અમારી સિફાત તમે દુનિયાને બતાવો અને તમારી સિફાત અમે બતાવીએ, મતલબ 'લાઈલાહ' તમે કહેવડાવો અને મુહમ્મદુર્ રસૂલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમે કહેવડાવીએ., અમે અમારો કલામ તમારી ઝબાનથી સાંભળીએ.

રબ્બે કરીમે તેના મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાસે કુરઆને પાક પઢાવીને સાંભળ્યું હકીકતમાં તો બધાથી પહેલે તૌહીદનો ઈકરાર તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે કર્યો.

અહીં 'કુલ'નો અર્થ છે કે હે મેહબૂબ, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)તમે કહી દો, એટલે અગર કોઈ ઈન્સાન તમારી ગુલામી વગર અમારી સિફાતને ઓળખે તો તે હરગિઝ આરિફ અથવા મુવાહિદ નથી. જ્યાં સુધી તે તમારી બતાવેલ તવહીદને તમારા દામનથી લપટીને ન માને. એટલે જ તો કલમએ તૈયેબાનું નામ કલમએ તવહીદ છે, પણ તેમાં અલ્લાહની તા'રીફ અને સાથે મુહમ્મદુર્ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ આવે છે. પહેલી કડીમાં તવહીદ અને બીજી કડીમાં તવહીદ શીખવનારનું મુબારક નામ આવે છે. **એટલે જ તવહિદ રિસાલતની દસ્તગીરી વગર પ્રાપ્ત થતી નથી.**

હવે "તબ્બતયદા........" માં પણ નઅત જ છે. કુલહોવલ્લાહમાં તો 'કુલ'થી ના'ત શરીફની શાન નજર આવી અને અહીં 'કુલ' ન ફરમાવવાથી નઅત જાહેર થઈ કેમ કે એક વખત અબૂ લહબ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની શાનમાં કહ્યું, 'તમે તબાહ થઈ જાવ.' પરવરદિગારે આલમે આ શબ્દોનો બદલો લેવા ખુદ ફરમાવ્યું કે 'અબૂ લહબ તબાહ થઈ જાય' અને તે તબાહ થઈ ગયો, તો મતલબ કે હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! તમને કોઈ અપશબ્દ કહે તો તમે જવાબ ન દો, અમે ખુદ જવાબ આપશું. એટલે જ પરવરદિગારે અહીં 'કુલ' ન કહ્યું અને ખુદ ફરમાવ્યું. અહીં અબૂ લહબની ગુમરાહીનું અને હલાકતનું બયાન આવ્યું, સાથે સાથે આકાએ નામદારની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)બે જહાનની ઈઝઝત અને અઝમત પણ જાહેર થઈ ગઈ. મતલબ કે **આપની શાનમાં જરા પણ ગુસ્તાખી અને બકવાસ કરનાર ખુદાનો દુશ્મન સાબિત થાય છે.** સહાબાએ કિરામ, એહલેબૈત, મક્કા મોઅઝઝમહ, મદીના મુનવ્વરહના ફઝાઈલ કુરઆને પાકમાં છે. તે પણ હકીક્તમાં નઅતે મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)છે, કેમકે બાદશાહના ગુલામોની તા'રીફ હકીકતમાં બાદશાહની જ તા'રીફ હોય છે. કાફિરો માટે બુરાઈઓ

અને તેમના વિરોધમાં જે કાંઈ પણ કુરઆનમાં છે તે પણ એ જ શહિન્શાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નઅત છે, કેમકે આપના વિરોધીઓ હોવાથી જ તે લોકો મરદૂદ થયા. એવી જ રીતે અહકામની આયતો પણ જુઓ, તો સમજ પડશે કે બધામાં હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની જ નઅત આવશે. નમાઝ અને ઝકાતનો હુકમ છે પણ તે સાથે ખુલાસો નથી કે નમાઝ કેટલી રકઅત પઢવી, કેવી રીતે પઢવી, કયા વખતે પઢવી. એવી જ રીતે ઝકાતનું પણ છે ! ઝકાત કોણ આપે ? કેટલી આપે? કેવી રીતે આપે, ક્યારે આપે ? જેનો મતલબ આ છે કે હુકમ અમે આપી દીધો; હવે તમારે વિગતવાર ખુલાસો અને તરીકો જોવો હોય તો અમારા મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) 'વાણી અને વર્તન'ને જુઓ **તેઓની પવિત્ર જિંદગી અમારા બધા હુકમોનો વિગતવાર ખુલાસો બતાવે છે.**

ખુદાના હુકમો પર અમલ કરવાની હુઝૂરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જે રીતો અને તરકીબો બતાવી છે તે મુજબ જ કરવાથી પૂરો થશે. અગર નમાઝમાં આપણે હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બતાવેલ રીતથી જરા પણ વેગળા જશું તો નમાઝ થશે નહિ. પણ શા માટે ? નમાઝ તો આપણે અદા કરી, પણ ફક્ત એટલા જ માટે કે આપણે તે રીતે નમાઝ અદા ન કરી, જે રીતે આપણા આકા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અદા કરતા હતા તો મતલબ એ થયો કે **તે કામ ગુનાહનું છે જે હુઝૂરે પાકને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નારાજ કરે.**

રબ્બે કરીમ પણ ફરમાવે છે : 'ફક્ત તે લોકોને અઝાબ થશે જેઓ હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુ:ખ પહોંચાડે છે. તો સાબિત થયું કે કાફિરના કુફ્રથી અને મુસલમાનોના ગુનાહોથી હુઝૂર પાકને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)દુ:ખ પહોંચે છે. અગર કોઈની ઈબાદતથી હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુ:ખ પહોંચે તો તે ઈબાદત પણ નહિ જ થશે. **અગર કોઈની ભૂલથી હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાજી થઈ જાય તો તે પણ બિલ્કુલ ઈબાદતના બરાબર જ હશે -પછી ભલે તે દેખીતી રીતે ગુનાહ જ દેખાતો હોય !**

સિદ્દીકે અકબરે ગારમાં સાપનું ડંસાવુ એ આપઘાત ન હતું પણ ઈબાદત હતી. અબૂ ઉમયાઝમરીનો મજબૂરીમાં કાફિરનો કલામ પઢવો એ કુફ્ર ન હતું પણ ઈબાદત હતી. ખૈબરમાં હઝરત અલીએ અસરની નમાઝ કઝા કરી એ ગુનાહ ન હતો, પણ ઈબાદત હતી. કેમ કે તે ચીજોથી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નારાજ નહોતા થયા, પણ ખુશ થયા હતાં. ફાતિમતુઝ્ઝોહરાની મૌજુદગીમાં હઝરત અલી માટે બીજો નિકાહ કરવો એ ગુનાહ હતો કેમ કે તેનાથી હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુ:ખ પહોંચતું હતું. અરફાતમાં નમાઝે-મગરિબ કઝા કરવી એ ઈબાદત છે, કેમ કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તેનાથી રાઝી છે.

આવો. અંતમાં આપણે આપણા નબીનાં(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગીત ગાઈએ અને આપની શાનમાં જે આયતો આવી છે તેને વિગતવાર સમજીને આપણા ઈમાનને તાઝું કરીએ.

*-અહમદયારખાન. નઈમી બદાયુની.*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

آیت ۱۔ ھُوَ الۡاَوَّلُ وَالۡاٰخِرُ وَالظَّاھِرُ وَالۡبَاطِنُ ۚ وَھُوَ بِکُلِّ شَیۡءٍ عَلِیۡمٌ ۝ (پارہ ۲۷ سورۂ حدید رکوع ۱)

**(૧) એ જ અવ્વલ છે, એ જ આખર છે. એ જ જાહેર છે અને એ જ છુપો અને એ દરેક ચીજ જાણે છે.** *(પારહ : ૨૭. સૂરએ હદીદ : રૂકૂઅ, ૧.)*

શેખ અબ્દુલ હક મુહદ્દિસ દેહલવીએ પોતાના 'મદારિજુન્નબૂવ્વત'ના ખુત્બામાં ફરમાવ્યું છે કે, આ આયતે કરીમા હમ્દે ઈલાહી પણ છે અને ના'તે મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પણ ! હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સૌથી પહેલા છે અને સૌથી છેલ્લા પણ; સૌ પર જાહેર પણ છે અને સૌથી છૂપાયેલા પણ. હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક વસ્તુને જાણે છે.

પહેલાં તો એ રીતે કે દુનિયા અને આખેરત દરેક સ્થળે આપ બધાથી પહેલા જ છે. સૌથી પહેલાં આપનો નૂર પેદા થયો. **'અવ્વલો માખલકલ્લાહો નૂરી જિસ્મન.'** એમ તો હઝરત આદમ હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વાલિદ છે-પણ હકીકતમાં હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ આદમના વાલિદ છે.

આ વિશ્વ-બાગના હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફૂલ છે. સર્વપ્રથમ નબૂવ્વત આપને આપવામાં આવી. આપ ખુદ ફરમાવે છે : ' તે વખતે પણ અમે નબી હતા જ્યારે હઝરત આદમ પાણી અને માટીમાં હતા. મીસાક (જે દિવસે ખુદાએ પોતાના રબ હોવા વિષે રૂહોથી ઈકરાર લીધો) ના દિવસે તૌહીદનો પ્રથમ ઈકરાર કરનાર હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ હતા. કયામતના દિવસે બધાથી પહેલાં આપની કબ્રે-અનવર ખોલવામાં આવશે અને સર્વથી પહેલા હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ સિજદાનો હુકમ મળશે. સર્વથી પહેલાં હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ શફાઅત ફરમાવશે અને શફાઅતનો દરવાજો હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ મુબારક હસ્તે ઊઘડશે. બધાથી પહેલાં હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ જન્નતનો દરવાજો ખોલાવશે. જન્નતમાં તશરીફ લઈ જશે; તે પછી તમામ અમ્બિયા.

પહેલાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ ઉમ્મત જન્નતમાં જશે; ત્યાર પછી બીજી ઉમ્મતો મતલબ કે દરેક જગ્યા પર અવ્વલિયત (પહેલ)નો સેહરો હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જ મુબારક શિર પર રહેલ છે. પહેલો દિવસ એટલે શુક્રવાર પણ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને જ આપવામાં આવ્યો. આટઆટલી અવ્વલિયત છતાં પણ સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) 'આખિર' પણ છે.

સૌથી છેલ્લે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો ઝહૂર થયો.

**''ખાતેમુન્નબિય્યીન''** આપનોજ લકબ થયો. સૌથી છેલ્લે આપને કિતાબ મળી, સૌથી છેલ્લે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો જ દીન આવ્યો. સૌથી છેલ્લે

યાને કે કયામત સુધી હુઝૂરનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જ દીન બાકી રહેશે.

હવે રહ્યું જાહેર અને છુપાયેલ; પ્રગટ અને અપ્રગટ. હુઝૂર રસૂલે મકબૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બધા પર જાહેર છે અને હમેશા રહેશે.

આપ બધા પર એવી રીતે જાહેર છે કે આપને મુસલમાન સમજે : કાફિરો ઓળખે.

હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મઅરેફતને પુત્રની મિસાલ દેવામાં આવી, પિતાની નહિ. આનાં ત્રણ કારણો છે : પુત્ર પોતાના પિતાને માત્ર લોકજીભે સાંભળીને જાણે છે- કશીયે દલીલ વગર. પરંતુ પિતા પોતાના પુત્રને નિકાહ, ગર્ભકા ળ, જન્મ વગેરે દલીલો વડે જાણે છે. કાફિરો પણ હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દલીલો વડે ઓળખતા હતા; ન ફક્ત સાંભળીને ! પુત્ર દુનિયામાં આવીને તેના પિતાને પિછાણે છે, પરંતુ પિતા તો પોતાના સંતાનને તેના જન્મ પહેલાંથી જ જાણતો હોય છે.

કાફિરો પણ હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્રજન્મ પહેલાં જ એમને જાણતા હતા અને એમના શુભ આગમનની દુઆઓ માગતા હતા. હુઝૂર પુરનૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બાળપણથી જ આખી દુનિયા જાણતી હતી અને તે એ રીતે કે પહાડ સલામ કરતા હતા. પથ્થર ખુશખબરી આપતા હતા; ઝાડ છાંયો કરતાં હતાં, ચાંદ વાતો કરતો હતો; કાફિરો આપની નબૂવ્વતની ગવાહીઓ આપતા હતા.

જાનવરો જાણે, ઊંટ સિજદો કરે, જંગલનાં હરણો રક્ષણ માગે, ચાંદ-સૂરજ પિછાણે, ચાંદ તો એક અણસાર માત્ર પામીને પાછો ઉદય પામે. તેઓ સમજતા હતા કે આ મેહબૂબનો ઈશારો છે. ફર્શવાળા ઓળખે, અર્શવાળા જાણે !

હઝરત આદમે (અલયહિસ્સલામ) આંખ ખોલતાં જ અર્શે આઝમ પર રબના નામ સાથે તેના મેહબૂબનું(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નામ પણ લખેલુ જોયું. જન્નતવાળા અને જહન્નમવાળા ઓળખે-જન્નતના પાંદડાં પર હૂરોની આંખોમાં, ગિલ્માનના સીનામાં; મતલબ કે દરેક જગ્યામાં લખેલું છે : લાઈલાહ ઈલ્લલ્લાહો મુહમ્મદુર્ રસૂલ્લાહ. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

દોઝખીઓ પણ આપને ઓળખે. તેઓ પણ સમજે છે કે હુઝૂર પુરનુરનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિરોધ કરવાથી જ પોતે દોઝખીઓ બન્યા. મતલબ કે, જ્યાં અલ્લાહનો ઉલ્લેખ થશે ત્યાં રસુલુલ્લાહનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઝિક્ર ચોક્કસ જ થવાનો. આલમમાં દરેક જગ્યાએ આપનો નૂર અને દરેક સ્થળે આપનો ઝહૂર છે..

કયામત સુધી મહેબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એકે એક અદાની બધાને ખબર રહેશે. આપના પવિત્ર જીવનની એકે એક વસ્તુ વિલાદતે પાક, દુધ પીવું, પરવરિશ પામવું. નબૂવ્વત પૂર્વેના બનાવો અને નબૂવ્વત પછીનું અંગત અને જહેર જીવન : ચાલવું, ફરવું, ખાવું, પીવું, સુવું જાગવું, સ્મિત વેરવું, રોવું; મતલબ કે

દરેક વખતે, દરેક જગ્યાએ જાહેર છે. અરબમાં જાહેર, અજમમાં જાહેર, પંજાબમાં જાહેર, કાબુલમાં જાહેર; અને કઈ એવી જગ્યા છે જ્યાં હદીસ ન પહોંચી હોય !

જાહેર તો એવા, છતાં મજાની વાત આ છે કે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જેવા છે તેવા કોઈ ન ઓળખી શક્યાં મતલબ કે ઈન્સાનોની આંખો આગળ આપની બશરિયત તો જાહેર થઈ પણ **'હકીક્તે મુસ્તફા'**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **પરવરદિગાર સિવાય કોઈ સમજી ન શકયું.** જેવી રીતે સૂરજને તેના નૂરે છૂપાવી લીધો કે તેને કોઈ આંખ જમાવીને ન જોઈ શકે તેવી જ રીતે હુઝૂરે અનવરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નૂરનું પણ એમ જ છે. આપની નૂરાનિયત પરદો બની ગઈ. એટલે જ તો પરવરદિગારે ફરમાવી દીધું :

**હે મુસલમાનો ! તમારી પાસે પરવરદિગાર તરફથી નૂર અને ખૂલ્લી કિતાબ આવ્યા.** (આનો ખુલાસો હવે પછી આવશે.)

પાંચમી સિફત એ બયાન કરવામાં આવી : **'વહોવા બે કુલ્લે શયઈન અલીમ'** 'મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક વસ્તુના જાણનાર છે.' મતલબ કે ખાલિકની ઝાત અને સિફાત તથા એના જાહેર તથા બાતિનનું બધું જ્ઞાન અને મખ્લૂકના અવ્વલ અને આખિરના બધા ઈલ્મ હુઝૂર રસૂલે મકબૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાસે જમા છે. (દરેક ઈલ્મવાળા પર એક મોટો આલિમ છે. અને એવા તો ખુદાની આ મખ્લુકમાં એકમાત્ર હુઝૂર પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ છે.

**જે આંખે આ મખ્લૂકના ખાલિકને મેઅરાજમાં જોયો, એનાથી મખ્લૂક કેવી રીતે છૂપી રહી શકે છે ?**

آیت ٢- وَاِنْ كُنْتُمْ فِيْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَاْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ وَادْعُوْا شُهَدَآءَكُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ○ (پارہ ١، سورہ بقر، رکوع ٣)

(૨) **અને અગર તમને (અય કાફિરો !) કંઈ શંકા હોય એ કિતાબમાં, જે અમે અમારા ખાસ બન્દા ઉપર ઊતારી; તો તમે એના જેવી એક સુરત તો લઈ આવો ! અને અલ્લાહ સિવાય પોતાના બધા મદદગારોને બોલાવી લો. જો તમે સાચા હોય તો.**

*(પા. ૧ સૂરએ બકર : રૂકૂઅ : ૩)*

મક્કાના કાફિરો કહેતા હતા કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કુરઆને કરીમ પોતાની તરફથી બનાવીને સંભળાવે છે એનો જવાબ આ આયતમાં આપવામાં આવ્યો છે. ઈન્સાની બનાવટની ઓળખ અને પરખ એ છે કે બીજો ઈન્સાન એ જ પ્રકારની ચીજ બનાવી શકે છે. જે કોઈ પણ ઈન્સાનથી ન બની શકે એને ખુદાઈ બનાવટ-ખુદાની બનાવેલી ચીજ-સમજવી જોઈએ. પતંગીયું અને કીડી જો કે બહુ નિર્બળ

ચીજો છે, પરંતુ કોઈ એમ નથી કહેતું કે એ ઈન્સાને બનાવેલી છે. આથી વિરૂધ્ધ, ટ્રેનનું એન્જિન અને વીજળી જો કે બહુ શક્તિશાળી છે, પરંતુ સૌ જાણે છે કે એ માનવસર્જિત છે; ઈન્સાને બનાવેલી છે, શા માટે ?

એટલા માટે કે આજે વીજળી અને એન્જિનો બનાવવાનાં સેંકડો કારખાનાં છે, પરંતુ પતંગીયુ અને કીડી બનાવવાનું કોઈ પણ કારખાનું ક્યાંયે પણ હસ્તીમાં નથી. એ જ રીતે અહીં ફરમાવ્યું કે અગર કુરઆને કરીમ ઈન્સાને બનાવેલી ચીજ છે એમ જો તમે માનતા હો તો તમે પણ એના જેવું કુરઆન બનાવી લાવો !

ઉપલક નજરે તો એમ લાગે છે કે કુરઆને પાકની તા'રીફ થઈ રહી છે; પણ આ ઉપર મનન કરતાં માલૂમ પડે છે કે એમાં કુરઆનની પણ તા'રીફ છે અને કુરઆનવાળાની પણ. હુઝૂરે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મખ્લૂકમાંથી કોઈના શાગિર્દ નથી, બલ્કે 'ઉસ્તાઝુલ કુલ' -સર્વના શિક્ષક-બનીને તશરીફ લાવ્યા. **બેશક પરવરદિગારે આલમ એમને શીખવનાર અને તેઓ શીખનાર.(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**

દસ્તૂર છે કે મોટા શિક્ષકના શાગિર્દો પણ મોટા હોય છે. **જેમનો શીખવનાર : ભણાવનાર-સૃષ્ટિનો સર્જનહાર હોય એના શીખનાર-ભણનાર કેવો જ્ઞાની અને હિકમતવાળા હશે !** એટલા માટે ફરમાવ્યુ કે જાવ, તમે તમારા બધા મદદગારોને બોલાવી લાવો. દુન્યાભરના આલિમોને એકઠા કરી સામનો કરો તોય નહિ પહોંચી શકો. કેમકે બધા આલિમો મખ્લૂક પાસેથી જ ભણીને આલિમ બન્યા છે, તેઓ મખ્લૂકના શાગિર્દ છે. **તેઓ એ ઝાતનો કેવી રીતે મુકાબલો કરી શકે છે, જે ખાલિકના શાગિર્દ હોય અને મખ્લૂકના શિક્ષક !**

તફસીરકારોએ આ આયતનો એક એ અર્થ પણ કર્યો છે કે 'મિસ્લેહી'ની ઝમીર હુઝૂર અલયહિસ્સલામ તરફ વળે છે. તો આયતનો અર્થ એ થયો કે એક સૂરત જ એવી લઈ આવો, જે મુહમ્મદુર્ રસુલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેવી ઝાતના મુબારક મુખેથી નીકળી હોય. મતલબ કે પહેલાં તો એવી ઊંચી શાનવાળો મેહબૂબ દુનિયામાં શોધો, પછી એના મુખેથી એવી આયત પઢાવીને સાંભળો.

*(ખાઝિન, મદારિક, વગેરે.)*

**હવે કલામનો મકસદ એ છે કે ન એમના જેવી શાનનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આસમાન તળે કોઈ મળશે ન કોઈ એવો કલામ સંભળાવી શકશે.**

આથી એ જાણવા મળ્યું કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અજોડ અને અદ્વિતીય છે. હદીસે પાકમાં ઈર્શાદ થયો-તમારામાં મારા જેવું કોણ છે ? બીજે સ્થળે ઈર્શાદ થયો : **'પણ અમે તમારી જેમ નથી.' બુદ્ધિનો પણ એ તકાઝો છે કે સરવરે કાએનાત** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **સમાન કોઈ હોઈ શકતું જ નથી.**

**આપણે બધા મો'મિન, હુઝૂર**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **ઈમાન. અમે-લોકો**

સાદિક: તેઓ નખશિશ સિદક. અમે-લોકો આલિમ, તેઓ નખશિશ ઈલ્મ; કેમકે એમનો પવિત્ર એહવાલ જાણવા યા એમને પિછાણવાનું નામ ઈલ્મ છે. અમારી નિદ્રા વઝૂ તોડી દે; એમની નિદ્રા વઝૂ ન તોડે. અમે બધા સાંભળીને જન્નત, દોઝખ, ઝાત અને સિફાત ઉપર ઈમાન લાવ્યા; અમારૂં ઈમાન સાંભળેલું : હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું જોઈ-કરીને. અમો બધા ઉપર પાંચ નમાઝો ફર્ઝ; હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર છ : તહજ્જુદ પણ. બધા માટે ઈસ્લામના અરકાન પાંચ, પણ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે ચાર એટલે કે ઝકાત ફર્ઝ નહિ. (શામી, કિતાબુલ ઝકાત) આપણા માટે ચાર પત્નીઓ નિકાહમાં રાખવી જાઈઝ; પરંતુ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જેટલી રાખવા ચાહે, હલાલ. આપણો માલ વારસોમાં વહેંચાય; હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નહિ. આપણી પત્નીઓ આપણા મરણ પછી જેની સાથે ઈચ્છે તેની સાથે નિકાહ કરી શકે, હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પુનિત પત્નીઓ નહિ.

**સારાંશ કે ઈબાદતો અને મામલાઓમાં અપાર અને અપારંપાર તફાવત છે, તો એવું કેમ કરીને કહી શકાય કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપણા જેવા માનવી છે !**

آیت ۳ - يُخَادِعُونَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا وَمَا يَخْدَعُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ

(پارہ پہلا، سورہ بقر، رکوع ۲)

(૩) **આ મુનાફિકો અલ્લાહને અને મુસલમાનોને ધોખો દેવા માગે છે, અને નથી છેતરતા પણ પોતાની જાનોને અને તેઓ સમજતા નથી.** *(પારહ : ૧, સૂરએ બકર; રૂકુઅ : ૨)*

આ આયતમાં, આમ તો મુનાફિકોની બુરાઈ તથા એમના ઐબનું વર્ણન કરવામાં આવ્યું છે, પરંતું ઈમાની દ્રષ્ટિએ જોવામાં આવે તો સાથોસાથ જ, હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની એવી મહાનતા પુરવાર થઈ રહી છે કે સુબ્હાનલ્લાહ !

"તફસીરે-ખાઝિન" માં આ આયત પર ફરમાવવામાં આવ્યું : મુનાફિકો ખુદાને વળી કેવી રીતે ધોખો આપી શકે ? જવાબ આપ્યો કે પરવરદિગારે-આલમે એમાં પોતાનો ઝિક્ર ફરમાવ્યો, પણ એથી મુરાદ પોતાના મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાક ઝાતને લીધી. એટલે કે ફરમાવ્યું : મુનાફિકો અલ્લાહને ધોખો દેવા માગે છે. પરંતુ આમ કહેવાનો મકસદ એવો છે કે મુનાફિકો અલ્લાહના રસૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને ધોકો દેવા માગે છે. આ ઉપરથી એ સ્પષ્ટ માલૂમ પડે છે કે હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને ખુદાએ કુદ્દૂસથી એવી નિકટતા (કુર્બ-નઝદીકી) હાસિલ છે, **કે એમને ધોખો આપવાની કોશિશ કરવી એ પરવરદિગારને ધોખો આપવા બરાબર છે.**

'મદારિકે' ફરમાવ્યું કે આ આયત એવી જ છે, જેમકે 'બયઅત' વિષે

ફરમાવવામાં આવ્યું કે હે મેહબૂબ ! જે આપનાથી બયઅત કરે છે એ ખુદાથી બયઅત કરે છે, અલ્લાહનો હાથ એમના હાથો ઉપર છે યા ફરમાવવામાં આવ્યું કે હે મેહબૂબ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપે જે કાંકરા ફેંક્યા તે આપે નહિ ફેંક્યા બલ્કે આપના રબે ફેંક્યા.

સુબ્હાનલ્લાહ ! બારીતઆલાએ અહીં પોતાના મેહબૂબના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાર્યને પોતાનું કાર્ય ઠેરાવ્યું છે.

آیت ۴ - وَعَلَّمَ آدَمَ الْأَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ (پ ۱ الٓمٓ، سورۂ بقرہ رکوع ۴)

**(૪) અને હઝરત આદમને તમામ નામ શીખવી દેવામાં આવ્યાં, પછી એ ચીજો ફરિશ્તાઓની જાણમાં લાવવામાં આવી.**

*(પા : અલિફ-લામ-મીમ, સૂરએ બકર, રૂકૂઅ : ૪)*

આ આયતમાં હઝરત આદમની અલયહિસ્સલામ ઈઝ્ઝત, અઝમત અને ઈલ્મની વિશાળતાનું વર્ણન છે. પરવરદિગારે આલમે એમને આગલી-પાછલી, નાની-મોટી બધી ચીજો દેખાડી અને બંધાનાં તમામ્ નામ બતાવી દીધાં દરેક ચીજનાં નફા-નુકશાન અને બીજું બધું એમને શીખવી દીધું. (જુઓ : તફસીરે મદારિક)

અને એમ પણ જાણવા મળ્યું કે ક્યામત સુધી જે ચીજનાં જેટલાં પણ નામ જુદી જુદી ભાષાઓમાં હશે એ બધાં જ હઝરત આદમ અલયહિસ્સલામને બતાવી દેવામાં આવ્યાં છે. દાખલા તરીકે, પાણીને અરબીમાં "માઉન" કહે છે, ફારસીમાં આબ, અંગ્રેજીમાં વોટર, તેલુગુમાં પોન્ટરેન, હિંદીમાં જલ, ઉર્દૂમાં પાની ગુજરાતીમાં જળ-પાણી વગેરે- ન જાણે કંઈ કેટલીયે ભાષાઓમાં શું શું કહેતાં હશે. **એ બધાં જ નામ આદમ અલયહિસ્સલામને શીખવી દેવામાં આવ્યા.** *(જુઓ : તફસીરે કબીર)*

સારાંશ એ કે દરેક ચીજ એમની આગળ ઊઘાડીને રાખી દેવામાં આવી અને આ ઈલ્મ-ફઝીલતની બિના ઉપર એમને ખિલાફતનો તાજ પહેરાવવામાં આવ્યો અને ફરિશ્તાઓને મસ્જુદ (સજદો કરનાર) બનાવવામાં આવ્યા.

પરંતુ સાથોસાથ જ, આ આયતમાં હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ના'ત પણ ખૂબીપૂર્વક જાહેર થઈ રહી છે. એ એવી રીતે કે એ સર્વમાન્ય મસ્અલો છે કે **હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમ્બિયાના ઈલ્મોના સમૂહ છે,** બલ્કે જે પયગમ્બર અલયહિમુસ્સલામને પરવરદિગારે જે કાંઈ નેઅમત અતા કરી છે, એ બધી એમને હુઝૂરે અકદસ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના જ પવિત્ર હસ્તે મળી છે.

સરકાર અલયહિસ્સલામ ફરમાવે છે :

**અલ્લાહ આપનાર છે અને અમે એની વહેંચણી કરનાર.**

**રબ ફરમાવે છે : આ અમ્બિયા એ છે, જેમને અલ્લાહે સન્માર્ગ**

બતાવ્યો તો આપ પણ એમના જ માર્ગ ઉપર ચાલો.

માલૂમ પડ્યું કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમામ નબીઓના તમામ ગુણોના કેન્દ્ર-સમૂહ છે.

આ આયતનો એવો અર્થ નથી કે આપ દીનમાં આગલા પયગમ્બરોની ઈતાઅત કરો; કેમકે અકીદાઓ-માન્યતા-માં ઉમ્મતી ને પણ અનુકરણ નાજાઈઝ છે; જાતે તહકીક કરવી જરૂરી છે. એટલા માટે રબ-તઆલાએ કુરઆને કરીમમાં તવહીદ (એકેશ્વરવાદ) અને રિસાલત તથા 'હશર'-'નશર' પર અકલી દલીલો કાઈમ ફરમાવી, તો પછી નબીઓના નેતા અકીદાઓમાં બીજાઓનું અનુકરણ ભલા કેમ કરી શકે ?

રહ્યા દીની આ'માલ, હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દીન એમનો નાસિખ (રદ કરનાર) છે. ઈસ્લામ દીનોનો નાસિખ છે. તેનામાં પેરવી કેવી ? હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નૂહનો શુક્ર, ઈબ્રાહીમની સુન્નત, મૂસાનો ઈખ્લાસ, ઈસમાઈલનો સિદક, યા'કૂબ અને ઐયૂબનો સબ્ર, દાઉદની તૌબા, સુલેમાન અને ઈસા અલયહિમુસ્સલાની નમ્રતા આપવામાં આવ્યાં. આમ, આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમમાં તમામેતમામ નબીઓની સઘળી ખૂબીઓ એકઠી થઈ અને આ રીતે આપ સઘળા નબીઓની સઘળી ખૂબીના સંગ્રહ-સમુદ્ર બન્યા.

**હુસ્ને યુસુફ, દમે ઈસા, યદે બયદા દારી**
**આન્ચે ખૂબાં હમા દારન્દ તૂ તન્હા દારી**

"હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપ અઝમતના સૂર્ય છો અને સઘળા પયગમ્બર આપના તારા, કે સૌએ આપનાથી જ મેળવીને અંધકારમાં આપનો જ નૂર લોકો ઉપર જાહેર કર્યો." *(અલ-કુઆન)*

મદ્રસએ દેવબંદના બાની મોલ્વી મુહમ્મદ કાસિમ "તહઝીરૂન્નાસ"મા લખે છે : "અવ્વલ અને આખિરના બધા ઈલ્મો હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈલ્મમાં એકત્રિત છે. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) 'આલિમે હકીકી' છે. જ્યારે બીજા બધા અમ્બિયાએ કિરામ 'આલિમ બિલ-અર્દ.'

'ફુતૂહાતે મક્કિયહ'માં શેખ ઈબ્ને અરબી દસમાં પ્રકરણમાં ફરમાવે છે કે હઝરત આદમ અલયહિસ્સલામ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના પ્રથમ ખલીફા અને નાઈબ છે.

આ બધી કુરઆની આયતો અને નબવી હદીસોથી તથા ઉલ્માનાં વચનો પરથી એ સ્પષ્ટ થાય છે કે હઝરત આદમ અલયહિસ્સલામનું જ્ઞાન બેશક બહુ બહોળું અને ખૂબ જ વિશાળ હતું, આમ છતાં આપણા આકા અને મૌલા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ઈલ્મના સમંદરના ફક્ત એક ટીપા બરાબર હતું-જાણે એક મહાગ્રન્થની એક નાનીસરખી લીટી.

હવે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું ઈલ્મ કેટલું બહોળું, કેટલું વિશાળ છે એ યા તો હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતે જાણે યા પછી એ ઈલ્મ એમને આપનાર એમનો પરવરદિગાર !

અલ્લાહે હઝરત આદમ અલયહિસ્સલામને પોતાની ખિલાફતનો તાજ પહેરાવ્યો અને એમને સજદો કરવાની ફરિશ્તાઓને આજ્ઞા કરી. આ બધું એ પવિત્ર નૂરે-મુહમ્મદીની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બરકતથી થયું જે નૂર હઝરત આદમની અલયહિસ્સલામ પેશાનીમાં પ્રકાશી રહ્યો હતો એ જ નૂરને હકીક્તમાં સજદો કરાવવામાં આવ્યો અને એના જ તુફૈલથી આ ઈલ્મો મળ્યા.

آیت ۵ - فَتَلَقّٰٓی اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَيْهِ ۭ اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ○

**(૫) પછી શીખી લીધા આદમે પોતાના રબથી અમુક કલ્મા, તો અલ્લાહે એમની તૌબા કબૂલ કરી લીધી. તે તૌબા કબૂલ કરનાર મહેરબાન છે.** *(પા. ૧, સૂરએ બકર, રૂકૂઅ ૪)*

આ આયતે-કરીમામાં હઝરત આદમ અલયહિસ્સલામની તૌબા કબૂલ થવાનો બનાવ વર્ણવવામાં આવ્યો છે. હઝરત આદમ અલયહિસ્સલામે પોતાની ખતા (ભૂલ) પછી ત્રણસો વરસ સુધી આકાશ તરફ માથું ઊંચું કરીને જોયું ન હતુ, તેઓ એટલું બધું રડ્યા કે જો દુન્યાભરના આંસુ એકઠાં કરવામાં આવે તો પણ એમના એ આંસુઓની બરાબર થાય નહિ. (ખાઝિન, મદારિક, રૂહુલ બયાન)

**પાંચ જણા દુનિયામાં વધારે રડ્યા છે : (૧) હઝરત ઈમામ ઝયનુલ આબેદીન-કરબલાની કરૂણ ઘટના પછી (૨) ફાતિમતુઝઝોહરા, ખાતૂને જન્નત- હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત પછી, (૩) હઝરત યાહ્યા અલયહિસ્સલામ -ખૌફે ઈલાહીમાં, અને (૪-૫) યા'કુબ અલયહિસ્સલામ અને હઝરત આદમ અલયહિસ્સલામ** તેમની ખતા ઉપર.

પછી હઝરત આદમ અલયહિસ્સલામના દિલમાં દુઆ માટેના શબ્દો ખુદાપાક તરફથી સ્ફુર્યા. એમણે એ વડે દુઆ માંગતા, રહમતે-ઈલાહીએ દસ્તગીરી ફરમાવી.

**એ શબ્દો શું હતા ?** એ વિષે જુદું જુદું કહેવાયું છે. શેખ અબ્દુલ હકે **મદારિજના આરંભમાં, રૂહુલ બયાને** આ આયતની માતેહત તેમ જ તિબરાની, **હાકિમ, અબૂ નઈમ, બયહકીએ** હઝરત અલી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે એક દિવસ રડતાં રડતાં હઝરત આદમ અલયહિસ્સલામના દિલમાં આવ્યું કે હું જ્યારે પેદા થયો હતો ત્યાં મે અર્શ ઉપર આ શબ્દો લખાયેલા જોયા હતા :

લા-ઈલાહ-ઈલ્લલ્લાહો-મુહમ્મદુર્ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

આથી એમ લાગે છે કે મુહમ્મદુર્ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

બારગાહે ઈલાહીથી એટલા નિકટતર છે કે રબ-તઆલાએ એમનું નામ પોતાના નામ સાથે મેળવીને અર્શ ઉપર લખ્યું છે.

ત્યારે હઝરત આદમે (અલયહિસ્સલામ) અરજ કરી ખુદાવંદા ! હું આ મહાન ઝાતની તુફયલ મારી ખતાની માફી ચાહું છું; મને માફી આપ. આ સાંભળતાં જ ખુદાની રહમતનો દરિયો જોશમાં આવ્યો અને હઝરત આદમ્ અલયહિસ્સલાની તૌબા હુઝૂરે અનવર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના મુબારક નામની બરકતથી કબૂલ થઈ; એમને માફી મળી.

સુબ્હાનલ્લાહ ! શું રહમતવાળું નામ છે કે પોતાના પૂર્વજને પહેલાં તો ફરિશ્તાઓથી સજદો કરાવ્યો, પછી આ મુસીબતમાંથી ઉગાર્યા.

હવે, આદમની ઔલાદને પણ એ આજ્ઞા કરવામાં આવી કે જો તમે-લોકો ગુનાહ કરો, કુફ્ર કરો, ઝુલ્મ કરો તો બારગાહે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમમાં હાજર થઈને એમનાથી શફાઅતની દરખાસ્ત કરો અને ત્યાં જઈને રબથી તૌબા કરો, **જો મેહબૂબ પણ તમારા માટે શફાઅત ફરમાવી દે તો સમજો કે બેડો પાર છે: તમારી તૌબા કબૂલ થઈ જશે.**

> **અલ્લાહ તઆલા ફરમાવે છે : અને અગર જ્યારે તેઓ પોતાની જાનો પર જુલમ કરે તો અય મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપની સેવામાં હાજર થાય પછી અલ્લાહથી માફી માગે અને રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એમની શફાઅત ફરમાવી દે તો જરૂર અલ્લાહને ઘણો તૌબા કબૂલ કરનાર મહેરબાન પામશે.**

*(પા.૫, સૂરએ નિસા; રૂકુઅ-નં ૯)*

આનો એવો અર્થ નથી કે તમે મદીના મુનવ્વરહ જ જાઓ. બલ્કે એ ઝાતે કરીમ તરફ ધ્યાન કેન્દ્રિત કરો કેમ કે એ તો દરેક સ્થળે દરેક દિશાએ હાજર છે ગાયબ તો આપણે છીએ. એની તેહકીક આગળ ઉપર આવશે.

આ આયત પરથી પણ માલૂમ થયું કે અમે-તમે તો શું તમામ અમ્બિયા પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હાજતમંદ છે. રબ છે રબ્બુલ આલમીન અને હુઝૂર છે રહમતુલ્લિલ આલમીન. જેનો પરવરદિગાર રબ છે, એના માટે હુઝૂર રહમત છે. સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ.

آیت ۶ ـ یٰاَیُّھَا الَّذِیْنَ اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا وَاسْمَعُوْا وَلِلْکٰفِرِیْنَ

عَذَابٌ اَلِیْمٌ ۝ (پارہ ۱۔ سورہ بقر۔ رکوع ۱۳)

**(૬) અય ઈમાનવાળાઓ ! રાએના ન કહો, એમ અરજ કરો કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમારા પર નજર કરો અને પહેલાં જ ધ્યાનપૂર્વક સાંભળી લો અને કાફિરો માટે દર્દનાક અઝાબ છે.** *(પા. ૧. સુરએ બકર, રૂકુ.નં.૧૩)*

જાહેર રીતે તો આ આયતમાં મુસલમાનોને એક ચીજથી રોકવામાં આવી રહ્યા છે અને એક ચીજનો હુકમ અપાઈ રહ્યો છે પરંતુ વાસ્તવમાં આ હુઝૂર મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની અઝમતની એક રોશન દલીલ છે. આ આયતની શાને નુઝૂલ એ છે કે સહાબાએ-કિરામનો નિયમ હતો કે જ્યારે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કંઈ ફરમાવતા અને સહાબાની સમજમાં કોઈ શબ્દ ન આવતો તો અરજ કરતા : "રાએના, યા રસૂલલ્લાહે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) યા હબીબલ્લાહ.(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)" -આ કલામમાં અમારી રિઆયત ફરમાવો- મતલબ, અમારી ખાતિર ફરીથી ફરમાવો.

**સુબ્હાનલ્લાહ !** શું મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મહાનતા પુરવાર થઈ, કે પરવરદિગારને પોતાના મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાન એટલી હદે વધારવી મંજૂર છે કે એ કોઈને પણ એવી વાત કહેવાની રજા નથી દેતો કે જેથી કશી બદગોઈ કરવાની કોઈને તક મળે. આ મસ્અલાથી એ માલૂમ પડ્યું કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**ની શાનમાં કોઈ હલકી વાત મોંમાથી કાઢવી- ભલે પછી તે બૂરી દાનતથી ન હોય તો પણ- કુફ્ર છે.**

ફુકહા ફરમાવે છે કે અગર કોઈએ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**ના ના'લેન (જોડા) પાકની પણ અદના ગુસ્તાખી કરી તોય એ કાફિર થઈ ગયો.**

" શર્હે -ફિકહએ-અકબર" માં ઈમામ અબુ યુસુફ રહમતુલ્લાહ અલયહનો એક બનાવ આવે છે : હારૂન રશીદના દસ્તરખ્વાન પર કદ્દુ રંધાઈને આવ્યા. કોકે કહ્યું, કદ્દુ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બહુ ભાવતા હતા. બીજાએ કહયું, પણ મને એ ગમતા નથી. આ સાંભળીને ઈમામ અબૂ યુસૂફે કત્લના ઈરદાથી તલ્વાર ખેંચી કાઢી અને હુકમ ફરમાવ્યો કે તું 'મુર્તદ' થઈ ગયો, કેમકે તેં તારી અપ્રિયતાનો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સરખામણીમાં ઉલ્લેખ કર્યો. એણે તૌબા કરી ત્યારે જ છુટકારો મળ્યો.

હઝરત યૂસુફ અલયહિસ્સલામના દામન પર ગુલામીનું કલંક લોકોએ લગાડ્યું. મિસરવાળાઓએ સમજ્યું હતું કે તેઓ મિસરના બાદશાહના ગુલામ છે. સૃષ્ટિના સર્જનહારે એક એવો દુષ્કાળ મોકલ્યો કે તમામ દેશોના લોકો પોતાની મિલ્કતો,

જાનવરો, સઘળું વેચી કરીને છેવટે આપના હાથ ઉપર જાતે વેચાઈ ગયા અને આપે એ સૌને આઝાદ કરી દીધા. હવે પૂરી દુન્યા તો આપની આપે આઝાદ કરેલી ગુલામ બની ગઈ અને આપ એ બધાના માલિક બની ગયાં એમને ગુલામ કહેનાર પછી રહ્યું જ કોણ ?

આ ઉપરથી એ મા'લૂમ થયું કે જે લોકોએ આ ઝમાનામાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં અપમાનજનક શબ્દો બોલ્યા અથવા છાપ્યા, તેઓ બેદીન છે.

آیت ۷ ـ اِنَّآ اَرْسَلْنٰكَ بِالْحَقِّ بَشِيْرًا وَّنَذِيْرًا وَّلَا تُسْـَٔلُ عَنْ اَصْحٰبِ الْجَحِيْمِ

(پارہ ۱۔ سورہ بقرہ رکوع ۱۴)

**(૭) બેશક, અમો એ આપને હકની સાથે મોકલ્યા- ખુશખબરી અને ડર સંભળાવનારા અને આપથી દોઝખવાળાઓનો પ્રશ્ન થશે નહિ.** *(પા : ૧, સૂરએ બકર; રૂકુ : ૧૪)*

આ આયતે કરીમામાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઘણી ફઝીલતો અને આપના ઘણા મરતબાઓનું વર્ણન છે. સૌથી પહેલાં, આ આયતનો મકસદ જ એ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કાફિરો અને મુન્કિરોનો રંજ થતો હતો. આપ એમની અવદશા જોઈને દુઃખ પામતા હતા. આ રહમતનો તકાઝો હતો. મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આરઝૂ એ હતી કે તમામે-તમામ લોકો ઈમાન લઈ આવી જન્નતી બની જાય. જ્યારે પરવરદિગાર એ ઈચ્છતો હતો કે મારા મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! જે આપનો દુશ્મન હોય તે મારી જન્નતને પણ ન પામે !

કુફફારના કુફ અને હઠાગ્રહને જોઈને આપના પવિત્ર હૃદયે આઘાત અનુભવ્યો હતો. આપના હૃદયને શાંત્વન આપવા માટે આ આયત નાઝિલ ફરમાવવમાં આવી કે, હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપની ફરજ હતી તબ્લીગ કરવાની- એ આપે ખૂબીપૂર્વક અંજામ આપી. હવે, આપનાથી કયામતમાં એ પ્રશ્ન નહિ થાય કે આ લોકો ઈમાન કેમ ન લાવ્યા ? આપ એ માટે મુદલ જવાબદાર નથી.

**એક તો એ જ મોટી નેઅમત છે કે રબ્બુબ આલમીન પોતાના હબીબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું મન મેલું થવું ગમગીન થવું પસંદ નથી કરતો. હવે આયતને લઈએ.**

**''અમોએ આપને મોકલ્યા''** પરથી માલૂમ પડે છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણી ખુદાએ કુદદૂસનો બંદાઓ માટે એક તોહફો છે. સમજી લો, બાદશાહી તોહફો તોહફોઓનો સમ્રાટ હોય છે. એ માટે સર્વ ખુદાઈ નેઅમતોમાં આ **નેઅમત સર્વોત્તમ છે.** બીજું, મોકલવામાં આવે છે. એ વસ્તુ- જે પહેલાંથી પોતાની પાસે હોય. આથી જાણ્યું કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ : દુન્યામાં પધાર્યા

તે પહેલાં પોતાના રબની બારગાહે ખાસમાં હાજર રહ્યાં. કઈ રીતે હાજર રહ્યા ? એ વિષે તફસીરે રૂહુલ-બયાનમાં :'લકદ જા'અકુમ રસૂલુમ' આયતની રૂએ એક રિવાયત છે કે—

એક વખત હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જિબ્રઈલને પુછયું, તમારી ઉમર કેટલી ? જિબ્રઈલે વિનંતી કરી, હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! એ તો હું બતાવી શકું તેમ નથી. હા, એટલું જાણું છું કે એક તારો સિ-તેર હજાર વરસ પછી ચમકતો હતો. એ તારો મેં બોંતેર હજાર વખત જોયો છે.

ઈરશાદ ફરમાવ્યો, એ તારો અમે જ હતા.(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

જે અલ્લાહની અત્યંત નિકટમાં આ રીતે હાજર હોય એના મરતબાઓનું તો પછી પુછવું જ શું ? એના દરજ્જાઓનું તો પછી કહેવું જ શું ? તિલ પણ ફૂલની પાસે માત્ર એક રાત રહીને સુવાસિત બની જાય છે અને ફૂલ જેવી સુગંધ ફેલાવવા માંડે છે, ત્યારે હુઝૂર નબિય્યે-કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કેમ ખુદાઈ ગુણોથી ભરપૂર ન બની જાય ?

શેખ અબ્દુલ હક રહમતુલ્લાહ અલયહે મદારિજના ખુત્બામાં ફરમાવ્યું કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાની સિફાત (ગુણો)થી ભરપૂર છે.

હદીસે પાકમાં છે કે, દરેક જણને એવો પ્રશ્ન કરવામાં આવશે કે-- તમારી ઔલાદ, તમારી પત્ની, તમારા હાથ હેઠળનાં માણસો, નોકર-ચાકર કેમ સન્માર્ગે ન આવ્યાં ? પરંતુ બંને જગતના સરદારથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ પ્રકારનો કોઈ પ્રશ્ન કરવામાં નહિ આવે. આ ઉપરાંત, અમ્બિયાની ઉમ્મતો કયામતમાં એવી વિનંતી કરશે કે, અમારા સુધી કોઈ પયગમ્બર પહોંચ્યો જ ન હતો, ત્યારે પયગમ્બરો કહેશે કે, અમોએ તારા એહકામ એમના સુધી પહોંચાડી દીધા હતાં હવે, પયગમ્બરો અને એમની ઉમ્મતો વાદી અને પ્રતિવાદી જેવી સ્થિતિમાં મૂકાઈ જશે. એ સમયે રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મત અમ્બિયાની ગવાહ બનશે.

પરંતુ કોઈ-બેદીન, કોઈ કાફિરની, કયામતને દિને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વિરૂદ્ધ આમ કેહવાની હિમ્મત નહિ પડે અને એટલે આપને એવા કોઈ પણ પ્રશ્ન કરવામાં આવશે નહિ.

آیت ۸ - رَبَّنَا وَابْعَثْ فِيهِمْ رَسُولًا مِّنْهُمْ يَتْلُوا عَلَيْهِمْ آيَاتِكَ وَيُعَلِّمُهُمُ الْكِتَابَ

وَالْحِكْمَةَ وَيُزَكِّيهِمْ إِنَّكَ أَنتَ الْعَزِيزُ الْحَكِيمُ ○ (پارہ ۱، سورہ بقر، رکوع ۱۵)

**(૮) હે અમારા રબ ! અને મોકલ એમનામાં એક રસૂલ એમનામાંથી જ કે એમના ઉપર તારી આયતો તિલાવત ફરમાવે અને એમને તારી કિતાબ શીખવાડે અને વિશાળ જ્ઞાન શીખવાડે અને એમને અત્યંત સ્વચ્છ બનાવે. બેશક તું જ ગાલિબ હિકમતવાળો છે.**

*(પા : 1, સૂરએ બકર; રૂકૂ : 10)*

આ સ્થળે ખાનએ-કા'બાના ચણતરનું વર્ણન કરવામાં આવે છે. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ, જ્યારે ખાનએ કા'બાના ચણતરમાંથી પરવાર્યા ત્યારે તેઓએ બારગાહે ઈલાહીમાં દુઆ ફરમાવી કે ઈલાહુલ આલમીન ! આ ઘર તો અમે બનાવ્યું. હવે તું એ ઘરને આબાદ કરનારો અને તારા બંદાઓને પાક કરનારો એક નબી આ શહેર મક્કા મુઅઝઝમહમાં પૈદા ફરમાવ.

આ દુઆ એ રીતે કબુલ થઈ કે હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામની ઔલાદમાંથી મક્કા મુઅઝઝમહ શહેરમાં હઝરત અબ્દુલ્લાહના ઘરમાંથી અને હઝરત આમેના ખાતૂનના મુબારક પેટે એ રિસાલત-આફતાબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રકાશ્યો કે જેનો પ્રકાશ ક્યામત સુધી દરેક જગ્યાએ રહેશે.

મિશ્કાત શરીફ, બાબે સૈયદુલ મુરસલીનમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે હું દુઆએ ઈબ્રાહીમ અને બશારતે હઝરતે ઈસા તેમ જ મારી વાલિદા માજિદાનું સ્વપ્ન છું.

આ પવિત્ર આયતથી બે વાતો જાણવા મળી. એક તો એ કે પહેલાંના પયગમ્બરોએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દુઆઓ માગી અને તમન્નાઓ ફરમાવી.

**ગુન ગાએં જિનકે અમ્બિયા માંગે રૂસુલ જિનકી દુઆ,**
**વો દો જહાં કે મુદદઆ સલ્લે અલા યે હી તો હંય**

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

બીજું એ કે ખાનએ કા'બા હઝરત ખલીલે બાંધ્યું. પરંતુ ખરા અર્થમાં એની અઝમત અને તા'ઝીમ હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દમ-કદમથી થઈ- અને એ ઘરની આબાદી હુઝૂરને જ પ્રતાપે થઈ. સૌ જાણે છે કે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પધરામણી પહેલાં મક્કાના મુશરિકોએ ખાસ ખાનએ કા'બામાં બુતો રાખીને એમની પૂજા ત્યાં જારી કરી હતી, અલ્લાહના ઘરમાં "ગૈર"ની ઈબાદત થઈ. બયતુલ્લાહ પણ રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના આગમનનો ઈન્તેઝાર કરી રહ્યું હતું. આપના

આવતાં જ, કયામત સુધી એ બુતોની ગંદકીથી પવિત્ર થઈ ગયું.

વાત એ પણ છે કે કા'બા તો છે બયતુલ્લાહ (અલ્લાહનું ઘર) અને હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે નૂરૂલ્લાહ. (અલ્લાહના નૂર) 'ઘર'માં 'નૂર'નું જ અજવાળું હોય છે ને ! ખાનએ કા'બા તો શું, ખુલ્દે બરીંને પણ હુઝૂરનાં(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ પુનિત પગલાંથી આબાદી મળી છે.

**તઅજ્જુબકી જા હય કે ફિરદોસે આ'લા**
**બનાએ ખુદા ઔર બસાએ મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**

આ આયતમાં, એક વાત એ પણ જાણવા મળી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહના બંદાઓને પાક ફરમાવે છે- કુફ્રથી, શિર્કથી, ગુનાહોથી, દરેક અખ્લાકી ગંદકીથી. અગર પાકી (પવિત્રતા)ની વાંછના હોય તો આ દરિયાએ રહમત (દરિયા, સાગર)માં ડુબકી મારો; પાક બની જાઓ. પાણી તો માત્ર બાહ્ય ભાગને પાક કરી શકે છે પરંતુ રહમતુલ્લિલ આલમીનની દ્રષ્ટિ દિલ, જિગર, ઝાહિર-બાતિન-બધાંને પાક ફરમાવે છે.

آیت ۹ : وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ وَيَكُوْنَ
الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ۝ (پارہ ۲ - سورہ بقر - رکوع ۱۶)

**(૯) અને એ જ રીતે અમે તમને સઘળી ઉમ્મતોમાં શ્રેષ્ઠ કર્યા, કે તમે લોકો ઉપર ગવાહ થાવ અને આ રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)તમારા નિગેહબાન અને ગવાહ થાય.**

*(પા. ૨, સૂરએ બકર; રૂકૂ : ૧૭)*

આ આયતમાં બાહ્ય રીતે તો ઉમ્મતે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પ્રશંસા કરાઈ રહી છે, પરંતુ સ્પષ્ટ છે કે ઉમ્મતને જે કાંઈ માન-મરતબો મળ્યો તે એ આકાની ગુલામીથી મળ્યો છે. આ આયતના અનેક અર્થો નીકળે છે. એક તો એ કે કયામતને દિને, બીજા અમ્બિયાએ કિરામની ઉમ્મતો બારગાહે ઈલાહીમાં અર્ઝ કરશે કે ખુદાયા ! તારો કોઈ પયગમ્બર અમારા સુધી નથી પહોંચ્યો, ન તો કોઈએ તારા એહકામ અમારા સુધી પહોંચાડ્યા. ત્યારે સંબંધિત અમ્બિયાએ કિરામ કહેશે કે ખુદાવન્દા ! આ લોકો જૂઠ બોલે છે. અમે તારા સઘળા આદેશો એમને સંભળાવ્યા-બતાવ્યા; પરંતુ ત્યારે ઈમાન લાવ્યા નહિ. અમ્બિયાએ કિરામને અલ્લાહ આજ્ઞા કરશે કે આપ લોકો પોતાના દાવાને પુરવાર કરવા સાક્ષી રજૂ કરો. ત્યારે મુહમ્મદુર્ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મતને તેઓ પોતાના સાક્ષી તરીકે રજૂ કરશે. આ ઉમ્મત એમની ગવાહી આપશે કે હે ખુદા ! તારા પયગમ્બર સાચા અને આ કુફ્ફાર જૂઠા. આ સામે કાફિરો વાંધો ઊઠાવશે કે તમે અમારા જમાનામાં હતા નહિ. પણ

સેંકડો વરસ પછી પૈદા થયા ત્યારે જોયા-કર્યા વગર જ ગવાહી આપવા શું જોઈને ચાલી આવ્યા છો ? મુસલમાનો આ પરથી બારગાહે-ઈલાહીમાં એવી અર્ઝ કરશે કે અમે જોનાર પાસેથી સાંભળ્યું છે- એટલે કે અમારા પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી.

મુસલમાનોની આ વાતને સમર્થન આપવા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણી થશે. આપ ફરમાવશે : ખુદાવન્દા ! હકીકતમાં, અમે એમને એમ કહ્યું હતું કે ભૂતકાળમાં થઈ ગયેલા પયગમ્બરોએ પોતપોતાની કૌમમાં તબ્લીગ કરી હતી. આ ગવાહી પરથી અમ્બિયાએ કિરામની તરફેણમાં ચુકાદો આવશે.

મજકૂર બનાવને આ આયતમાં ઉલ્લેખવામાં આવ્યો છે એનાથી થોડા લાભો થયાં એક તો એ કે આ ઉમ્મત (મુસલમાન) સઘળા પયગમ્બરોની ગવાહ છે અને ફરિયાદી સાક્ષી પ્રત્યે બહુ જ પ્રેમભાવ રાખે છે- આથી એ જાણવા મળ્યું કે તમામ પયગમ્બરોની પ્રિય (મેહબૂબ) છે આ ઉમ્મત. બીજું એ કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાના આગળના અને પાછળનાઓની સ્થિતિ ખુદ પોતાની આંખે જોઈ છે. નહિતર સાંભળેલી સાક્ષી તો મુસલમાનો આપી ચૂક્યા હતાં હવે એ જરૂર હતી કે જોનાર પોતે જોયેલી સાક્ષી આપે. એટલા માટે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મેઅરાજ થઈ. જેથી જન્નત, દોઝખ, ખુદાની ઝાત-સિફાતની બધા ગવાહી આપે સાંભળેલી; પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગવાહી હોય જોયેલી-દીઠેલી.

> ત્રીજું એ, કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાની ઉમ્મતની સ્થિતિ, દરેક માણસ; દરેક કાર્ય દરેક વખતથી વાકિફ છે, કેમકે બારગાહે -ઈલાહીમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બે ગવાહીઓ હશે-એક તો એ કે મુસલમાનો સાચું કહી રહ્યા છે. બીજી એ કે આ લોકો ગવાહી આપવા યોગ્ય છે; તેઓ ફાસિક, ફાજિર, બદકાર વગેરે નથી. (બદકારની સાક્ષી શરઅન માન્ય નથી ગણાતી.) આથી હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેના ઈમાનની ગવાહી આપી દીધી એ નિઃશંક જન્નતી છે. સિદ્દીક અને ફારૂક રદિયલ્લાહો તઆલા અન્હુમાના ઈમાનમાં કોઈ શંકા નથી; કેમકે એની ગવાહી અલ્લાહના ગવાહે આપી છે. એનો મુન્કિર રબનો મુન્કિર છે.

આ આયતનો બીજો અર્થ એ પણ નીકળી શકે છે, મુસલમાનો ! દુન્યામાં તમે બધાના સાક્ષીઓ બની શકો છો- એટલા માટે ઈસ્લામી ન્યાયતંત્રમાં મુસલમાનની સાક્ષી કાફિરના મુકદ્દમામાં માન્ય રખાશે પરંતુ કાફિરની સાક્ષી મુસલમાનોના મુકદમામો માન્ય રખાશે નહિ. આ પણ આ ઉમ્મતની શરાફત અને ઈઝઝત છે.

ત્રીજો અર્થ એવો કરી શકાય છે કે મુસલમાન કોઈ જીવંત કે મૃત્યુ પામેલાને સારો ગણે એ અલ્લાહની નઝદીક પણ સારો છે અને તેઓ જેને બુરો ગણે, તે અલ્લાહની નજરે પણ બુરો છે.

મિશ્કાત બાબુલ મશિય્યે બિલ જનાઝહમાં છે કે એક મૈયત હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સામેથી નીકળી. મુસલમાનોએ એની તા'રીફ કરી. આકાએ નામદારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, એના માટે જન્નત વાજિબ થઈ ગઈ. બીજી મૈયત નીકળી. મુસલમાનોએ એની બુરાઈ કરી. હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું એના માટે જહન્નમ વાજિબ થઈ ગઈ.

પછી આપે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે મુસલમાનો ! તમે ધરતી ઉપર અલ્લાહના ગવાહ છો, આથી જે મુસલમાનને સામાન્ય મુસલમાન સમુદાય વલીઅલ્લાહ સમજે એ ખચ્ચિત હકીકતમાં અલ્લાહનો વલી છે.

આ આયત પરથી એમ જણાયું કે જે ચીજની શરીઅતમાં મનાઈ ન હોય; અને મુસલમાનો એને સવાબનું કાર્ય સમજે, તો એ અલ્લાહની નઝદીક પણ સવાબનું કાર્ય છે; જેમ કે મેહફિલે મીલાદે પાક અને બીજાં સુકાર્યો- ન્યાઝ- ફાતિહા વગેરે.

હદીસે પાકમાં છે કે : "જે નેક કાર્યને મુસલમાનો સારૂં સમજે તે અલ્લાહની નજરે પણ સારું છે. મુસલમાનો દરેક ચીજમાં અને બેઉ જગતમાં અલ્લાહના ગવાહ છે.

آیت ۱۰: قَدْ نَرٰی تَقَلُّبَ وَجْهِكَ فِی السَّمَآءِ فَلَنُوَلِّیَنَّكَ قِبْلَةً تَرْضٰهَا فَوَلِّ وَجْهَكَ
شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ (پارہ ۲۔ سورہ بقر۔ رکوع ۱۷)

**(૧૦) અમે જોઈ રહ્યા છીએ વારંવાર તમારૂં આસમાનની તરફ મોં કરવું, તો જરૂર અમે તમને ફેરવી દેશું એ કિબ્લાની તરફ, જેમાં તમારી ખુશી છે. હમણા જ તમારૂં મોં ફેરવી દો મસ્જિદે હરામની તરફ.** *(પા. ૨, સૂરએ બકર; રૂકૂ ૧૭)*

આ આયતમાં બાહ્ય રીતે તો નમાઝનો કિબ્લો બદલવાનો હુકમ કરાઈ રહ્યો છે; પરંતુ ઈશાની નજરથી જોવામાં આવે તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનનો એટલી હદે દર્શાવ થઈ રહ્યો છે કે, સુબ્હાનલ્લાહ ! આયત ફરમાવી રહી છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કઅબહના પણ કઅબહ છે. "સબકા કઅબહ ઔર હય- કઅબહકા કઅબહ ઔર હય"

આ આયતની શાને નુઝૂલ એ છે કે મક્કા મુકર્રમહમાં મેઅરાજની રાત્રે નમાઝ ફર્ઝ થઈ અને કઅબહ શરીફ નમાઝનો કિબ્લો મુકર્રર થયો. હિજરત પછી, કઅબહ શરીફને બદલે બયતુલ મુકદ્દસની તરફ નમાઝ પઢવાનો હુકમ થયો. એ જ યહૂદ અને નસારાનો કિબ્લો હતો. આ ઉપરથી યહૂદી ટોણાં મારતા હતા કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બીજા તમામ એહકામમાં તો અમારો વિરોધ કરે છે. પણ અમારા જ કિબ્લાની તરફ નમાઝ પઢે છે. આ વાંધાને લીધે પણ અને ઉપરાંત એટલા માટે

પણ કે કઅબહ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે બનાવ્યો હતો અને હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈબ્રાહીમી છે. એટલે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ઈચ્છા હતી કે અમારા કિબ્લો ફરી કઅબહ જ બની જાય. સત્તર માસ થઈ ચૂક્યા હતા. -બયતુલ મુકદસની તરફ નમાઝ પઢતાં પઢતાં. એક દિવસ હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામને ફરમાવ્યુ કે જિબ્રઈલ ! અમારૂં હૃદય ઈચ્છે કે અમે કઅબહ શરીફની જ તરફ નમાઝ પઢીએ.

હઝરત જિબ્રઈલે વિનંતી કરી : હે અલ્લાહના હબીબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! હું અલ્લાહનો બંદો છું- એના હુકમ વિના કાંઈ કરી શકું નહિ. અલબત, હુઝૂર અલ્લાહના હબીબ છે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)આપની દુઆ ક્યારેય કદાપી રદ થતી નથી. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુઆ ફરમાવે તો થઈ શકે છે. એટલું કહી જિબ્રઈલ ચાલ્યા ગયા.

હુઝૂર સય્યદે-દો-આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે વહીની વાટમાં મુબારક મસ્તક આસમાન તરફ ઊઠાવી ઊઠાવીને જોવા માંડ્યુ. કિબ્લો બદલવા અર્થે સૃષ્ટિના સર્જનહારને પોતાના મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ મોહક અદા ઘણી જ ગમી ગઈ અને મજકુર આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપની આ પ્યારી અદા અમે જોઈ રહ્યા છીએ. આપ વારંવાર આપનું મુબારક મસ્તક આસમાન તરફ ઊઠાવી રહ્યા છો વારૂ, અમે એને આપનો કિબ્લો બનાવી દઈએ છીએ- *(રૂહુલ બયાન- આ જ આયાત)*

**ઉનકી ચિત્વન કયા ફિરી; સારા જમાના ફિર ગયા.**

આનાથી થોડા લાભો મળ્યાં એક તો એ કે તમામ લોકો કાનૂનના પાબંદ છે અને કાનૂન મેહબૂબની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મરજીનો મુન્તઝિર છે. બીજો લાભ એ મળ્યો કે, કઅબહને જો એ ઈઝઝત મળી કે તમામ અવલિયા ગૌષ, કુતબ એની તરફ ગરદનો ઝૂકાવી દે તો એ મેહબૂબના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સદકામાં મળી છે. એમની ઈચ્છાએ કઅબહને કયામત સુધી માટે કિબલો બનાવી દીધો.

ત્રીજો લાભ એ કે, ક્યારેક સજદો કરનાર જેને સજદો કરાય એનાથી ઉત્તમ હોય છે. હઝરત યા'કૂબ અલયહિસ્સલામે યુસુફ અલયહિસ્સલામને સજદો ફરમાવ્યો- જો કે યા'કૂબ અલયહિસ્સલામ યુસુફ અલયહિસ્સલામથી ઉત્તમ છે એવી જ રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે કઅબહની તરફ સજદો ફરમાવ્યો- જો કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કઅબહથી ઉત્તમ છે.

**મસઅલા** : અગર કોઈ શખ્સ નમાઝ ફર્ઝ કે નફલ પઢી રહ્યો હોય, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અવાજ આપે તો વાજિબ છે કે તે નમાઝ છોડીને પવિત્ર સેવામાં હાજર થઈ જાય. (મિશ્કાત-બાબુલ ફઝાઈલુલ કુરઆન). બલ્કે કેટલાકની સમક્ષ તો એ હુકમ છે કે જો નમાઝી નમાઝ છોડીને હુઝૂર સલ્લલ્લાહો અલયહે

વસલ્લમની સેવામાં જાય, બધાં કામો કરી આવે, વાત પણ હુઝૂરથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ કરે. કઅબહ શરીફથી છાતી પણ ફરી જાય; તો પણ એની નમાઝ જશે નહિ; એ નમાઝમાં જ રહેશે (જુઓ કસ્તલાની શરહ બુખારી-કિતાબુત્તફશીર) અલબત્ત, નમાઝીની છાતી ફરી ગઈ- પણ કઈ ફરી ગઈ ? એની તરફ- જે કિબ્લાનો પણ કિબ્લો છે. અલબત્ત નમાઝીએ વાત કરી, પણ કોની સાથે ?એમની સાથે, જેમને સલામ કરવાનું નમાઝમાં વાજિબ છે- **અસ્સલામો અલયકા અય્યોહન્નબિય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહૂ.**

ખાન-એ-કઅબહે પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પવિત્ર જન્મ-રાત્રીએ મકામે-ઈબ્રાહીમની તરફ સજદો કર્યો હતો. (જુઓ- મદારિજુન્નબુવ્વત-) આથી એ પુરવાર થયું કે **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કઅબહના પણ કઅબહ છે.**

آیت ۱۱ : تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِّنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ۝ (پارہ ۳- سورہ بقر رکوع ۱۳)

**(૧૧) આ રસૂલો છે, કે એમનામાં અમે એકને બીજા પર અફઝલ કર્યા. એમનામાંથી કોઈની સાથે અલ્લાહે વાત કરી અને કોઈ એ છે જેને સઘળા ઉપર દરજ્જામાં બલન્દ કર્યા.**

*(પા. ૨, સૂરહ બકર; રૂકૂ : ૧૩)*

આ આયતમાં ઈરશાદ થયો કે દુન્યામાં સૃષ્ટિના માર્ગદર્શન માટે જે અમ્બિયાએ કિરામને મોકલવામાં આવ્યા, તેઓ એક દરજ્જા અને એક જ મરતબાના ન હતા; બલ્કે અમુક અમુક કરતાં ઉત્તમ છે. કોઈ **'કલીમુલ્લાહ'** છે ને કોઈ **'ખલીલુલ્લાહ'**, કોઈ **'ઝબીહુલ્લાહ'** છે તો કોઈ **'રૂહુલ્લાહ'**. વળી કેટલાક એવા પયગમ્બર પણ પધાર્યા, જેમને ઘણા ઘણા દરજ્જાઓ પરવરદિગાર તરફથી મળ્યા.

તફસીરકારો કહે આનાથી મુરાદ આપણા પ્યારા નબી હુઝૂર સરવરે દો-આલમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે, તો આયતનો અર્થ એ થયો કે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એવા એવા દરજ્જાઓ અર્પણ થયા કે જેની કોઈ કલ્પનાયે કરી શકતું નથી એ યા તો એમને અર્પણ કરનાર રબ જાણે કે પછી એને સ્વીકારનાર મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જાણે છે ! હા, એટલું ચોક્કસ પુરવાર થયું છે કે અન્ય પયગમ્બરોને જે કમાલાત એકેક-બબ્બે કરીને મળ્યા, તે આપણા પ્યારા નબીને એકત્ર મળ્યાં સઘળેસઘળા મળ્યા અને વધારે પણ મળ્યા.

હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાન કે એમના મરતબાઓનું વર્ણન કરવું માનવ-શક્તિ બહારની વાત છે. અહીં અમે એની માત્ર ઝાંખી-ઝલક રૂપે સંક્ષિપ્તમાં એને વર્ણવી રહ્યા છીએ. બીજા અમ્બિયાએ-કિરામને કોઈ ખાસ કૌમની તરફ મોકલવામાં

આવતા હતા પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નબૂવ્વત સૌના માટે સામાન્ય છે, જેનો પરવરદિગાર રબ છે, એને માટે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રહમત છે. રબનો ગુણ છે-રબ્બુલ આલમીન, જ્યારે હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુણ છે-રહમતુલ્લિલ આલમીન.

**હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નબીઓના પણ નબી છે, તમામ પયગમ્બરો હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉમ્મતી અને મુકતદી છે. આપ અંતિમ નબી છેઃ આપના પછી કોઈ પણ નબી આવનાર નથીઃ આપ મેઅરાજ મેળવનાર છે, બીજા કોઈ પયગમ્બરને મેઅરાજ થઈ નથી.** *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

**"તુર ઔર મેઅરાજ કે કીસ્સે સે હોતા હૈ અયાં**
**અપના જાના ઔર હૈ ઉનકા બુલાના ઔર હૈ"**

તમામ પયગમ્બરો દરેક કામમાં ખુદાની મરજીના તલબગાર છે પરંતુ પરવરદિગારે આલમ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની રઝા ચાહે છે. જેવું કે પહેલી આયતથી માલુમ પડે છે " વ-લસવફા યુઅ્તી-ક રબ્બોકા ફતરદા" અને પયગમ્બરો ને કેટલાક મોઅજેઝા આપવામાં આવતા હતા. પરંતુ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને અગણિત મોઅજેઝા આપવામાં આવ્યા. પરંતુ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માથાથી પગ સુધી એક મોઅજેઝા છે. હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની કિતાબ એટલે કે કુર્આન તમામ કિતાબ નાબુદ (નષ્ટ) કરવા વાલી છે પરંતુ તેને કોઈ પણ નાબુદ (નષ્ટ) નથી કરી શક્તું. કયામતના દિવસે શફાઅતે કુબરાનો સહેરો હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના સર મુબારક પર બાંધવામાં આવશે. આપની ઉમ્મત તમામ ઉમ્મતોથી અફઝલ છે. વગેરે વગેરે. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

آیت ۱۲: مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَہٗۤ اِلَّا بِاِذْنِہٖ ؕ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْھِمْ وَمَا
خَلْفَھُمْ وَلَا یُحِیْطُوْنَ بِشَیْءٍ مِّنْ عِلْمِہٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ (پارہ ۳ ۔ سورہ بقر رکوع ۳۴)

**(૧૨) એ કોણ છે જે એને ત્યાં સિફારીશ કરે એના હુકમ વગર, જાણે છે જે કાંઈ એમની આગળ છે અને જે એમની પાછળ છે અને નથી તેઓ પામતા એના ઈલ્મમાંથી, પણ જેટલું તે ઈચ્છે.**

*(સૂરએ બકર, રૂકૂઅ : ૩૪)*

આ પવિત્ર શબ્દો આયતુલ-કુરસીનાં ત્રણ વાક્યોના છે. આયતુલ-કુરસીમાં આરંભથી અન્ત સુધી અગિયાર ઈલાહી સિફતો વર્ણવવામાં આવી છે. તફસીરે રૂહુલ બયાનમાં આયતુલ કુરસીની તફસીરમાં છે કે મન્ઝલ્લઝી થી બેમાશા-અ સુધી ત્રણ ગુણો હુઝૂર સલ્લલ્લહો અલયહે વસલ્લમના છે. એના પહેલા પાંચ ઈલાહી ગુણો છે અને એના

પછી ત્રણ ઈલાહી ગુણો વર્ણવવામાં આવ્યા છે. વચ્ચોવચ ત્રણ મુસ્તફવી ગુણો વર્ણવવામાં આવ્યા છે- જેવા કે, કલ્મએ-તય્યબામાં આગળ-પાછળ અલ્લાહનું નામ છે અને વચ્ચે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું.

પ્રથમ વાકયમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મહાન શફાઅતનું વર્ણન થયું કે કયામતમાં જ્યારે અમે અને તમે તો શું પણ અમ્બિયાએ-કિરામ સુદ્ધાં નફસી નફસી ફરમાવશે ત્યારે એ સમયે જો કોઈ મહાન હસ્તી બારગાહે-ઈલાહીમાં આમંત્રણ પામીને શફાઅત ફરમાવનાર હશે તો એ માત્ર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જ પવિત્ર ઝાત છે- પછી જ્યારે શફાઅતનો દરવાજો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર હાથ ઉપર ખૂલી જશે તો ઉલમા અને મશાઈખ, નાના બાળકો, કઅબએ મુઅઝઝમાં, કુર્આને કરીમ, માહે રમઝાન બધાં જ શફાઅત કરશે-પરંતુ **દરવાજો તો એ જ હાથે ઊઘડશે.**

**ફકત ઈતના સબબ હય, ઈનએકાદે બઝમે મહેશર કા,**
**કે ઉનકી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હય.**

અત્રે એ જાણવું જરૂરી છે. કે **શફાઅતના ચાર પ્રકારો છે** : મોટાની શફાઅત નાનાથી- જેમ કે કલેકટર તેહસીલદારથી કોઈ સિફારિશ કરે. સમોવડિયાની સમોવડિયાથી જેમકે કલેકટર સેશન જજને કોઈની ભલામણ કરે. નાનાની મોટાથી; પણ ધમકી સાથે- એ વિચારે કે જો રાજા યા સત્તાવાળા મારી વાત નહિ માને તો હું ગરબડ ફેલાવી મૂકીશ-આ ત્રણેય પ્રકારની શફાઅતો રબની બારગાહમાં અશક્ય છે. ચોથી શફાઅત નાનાની સિફારિશ કરવી કોઈ મોટા સમક્ષ કેવળ એના પ્રેમ અને સહાનુભૂતિની ભુમિકા ઉપર- અને અલ્લાહના મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ જ શફાઅત કરશે.

બીજા વાકયમાં ઈરશાદ થયો કે એ **"શફીઉલ મુઝનબીન"** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)લોકોની ભૂત-ભવિષ્યની સ્થિતિ જાણે છે-અર્થાત, એ પણ જાણે છે કે તેઓ દુન્યામાં કેવી હાલતમાં હતા : મુસલમાન હતા, કાફિર હતા કે મુનાફિક હતા ! તેઓ એ પણ જાણે છે કે ભવિષ્યમાં એમની શી હાલત થશે : તેઓ જહન્નમી છે કે જન્નતી ? અગર જહન્નમી છે તો કયા વર્ગને પાત્ર છે અને જો જન્નતી તો એમને કયા દરજ્જામાં રાખવામાં આવશે : જન્નતુલ ફિરદોસમાં કે જન્નતે અદનમાં ? આ જાણવું જરૂરી પણ છે કેમકે જો વૈધ રોગીનો રોગ અને ઈલાજને યોગ્ય છે કે નહિ એ વસ્તુ ન પિછાણે તો એ એનો ઈલાજ શું કરશે ?

દુન્યામાં પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઘણાખરા લોકોને એમના દોઝખી કે જન્નતી હોવાની જાણ કરી દીધી હતી આપે **'અશ્રએ મુબશ્શરહ'** : હઝરત ફાતિમાં ઝોહરા, હસનયન વગેરે રદિયલ્લાહો તઆલા અન્હુમના જન્નતી હોવા ઉપરાંત એ પણ બતાવ્યું હતું કે હઝરત ફાતિમા જન્નતી બીબીઓનાં સરદાર છે અને ઈમામે

હસન અને ઈમામે હુસેન જન્નતી જવાનોના સરદાર છે.

જિહાદમાં એક મુસલમાન વીરતાપૂર્વક કાફિરો સાથે લડી રહ્યો છે ને એમનુ કચ્ચરઘાણ વાળી રહ્યો છે. સહાબાએ-કિરામે એની પ્રશંસા કરી. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, આ બધું છે, છતાં તે જહન્નમી છે છેવટે તેણે જીવનના અંતિમ કાળમાં આપઘાત કરી લીધો.

મિશ્કાત-બાબુલ-ઈમાન-બિલ કદ્રમાં છે કે એક વખત હુઝૂર પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાના બન્ને મુબારક હાથોમાં બે કિતાબો લઈને સહાબાએ કિરામની મજલિસમાં પધાર્યા અને ફરમાવ્યું કે આમાંની એક કિતાબમાં તો જન્નતી માણસોનાં નામ, એમના પિતાઓનાં નામ અને એમના કબીલાઓનું વર્ણન છે, જ્યારે બીજી કિતાબમાં દોઝખીઓનાં નામ અને એમના કબીલાઓ વગેરેનું વર્ણન છે. આખરમાં એમનો સરવાળો કરવામાં આવ્યો છે કે કુલ જન્નતી આટલાને કુલ દોઝખી આટલા!

એક હદીસમાં આવ્યું છે કે મુનાફિકોને હૌઝે-કવસર પર આવતાં રોકવામાં આવશે, તો અમે ફરમાવીશું કે હે ફરિશ્તાઓ ! એમને આવવા દો-એ તો મારા સહાબા છે. ફરિશ્તાઓ વિનંતી કરશે કે આપ નથી જાણતા કે તેઓએ આપના પછી શું કર્યું. ?

આ બધી વાતચીત કેવળ બેદીનોની શરમિંદા કરવા માટે છે, નહિતર અહીં તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જન્નત-દોઝખની ખબર આપી રહ્યા છે અને ત્યાં એમને યાદ ન રહે શું ? એ બનવાજોગ જ નથી.

ત્રીજા વાક્યમાં ઈરશાદ થયો છે : અને એ લોકો એ 'શફીઉલ મુઝનબીન'ના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈલ્મમાંથી નથી પામી શકતા, પરંતુ જેટલું એ 'શફીઉલ મુઝનબીન'(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈચ્છે-અર્થાત, હુઝૂર પુરનૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈલ્મને વલી, કુતુબ અને ગૌષ બલ્કે અમ્બિયાએ-કિરામ તેમ જ ફરિશ્તા વગેરે પામી નથી શકતા. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેટલું ચાહે તેટલું તેમને બતાવી દે !

હકીકત એ છે કે ઈલ્મે-મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એક સમંદર છે અને આ સમંદરમાંથી સર્વ પોતપોતાની રીતે પામે છે. લોટાવાળો લોટો ભરીને પાણી લાવે છે, ઘડાવાળો ઘડો ભરીને અને મશકવાળો મશક ભરીને, તો વળી કોઈ ફકત ખોબાભર પી લે છે. સિદ્દીકે અકબર, ફારૂકે આ'ઝમ, ઉસમાને ગની અને હયદરે કર્રાર રદિયલ્લાહો અન્હુમ એકજ મુસ્તફવી સમંદરમાંથીફયઝ હાસિલ કરનારા છે- પણ એમાંથી પોતપોતાની શક્તિ પ્રમાણે બધાએ મેળવ્યું.

آیت ۱۳: قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِیْ یُحْبِبْكُمُ اللّٰهُ وَیَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ

وَاللّٰهُ غَفُوْرٌ رَّحِیْمٌ (پارہ ۳، سورہ آل عمران رکوع ۱۹)

**(૧૩) અય મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપ ફરમાવી દો, કે અગર તમે અલ્લાહને દોસ્ત રાખો છો, તો મારા ફરમાંબરદાર બની જુઓ. અલ્લાહ તમને દોસ્ત રાખશે અને તમારા ગુનાહો બખ્શી દેશે અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.**

*(પા. ૩, સૂરએ આલે ઈમરાન; રૂકૂઅ : ૪)*

આ આયતે-કરીમામાં લોકોને ખુદા સુધી પહોંચવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે અને એનાથી મેહબૂબે-કિબ્રીયા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મહાન શાન સ્પષ્ટ રીતે પ્રગટ થાય છે. મક્કાના મુશિરકો કહ્યા કરતા હતા કે, અમે બુતોની પૂજા એટલા માટે કરીએ છીએ, જેથી અમને અલ્લાહની નિકટતા મળે. એ જ રીતે, 'કિતાબવાળાઓ' કહ્યા કરતા હતા, કે અમે તો અલ્લાહના પ્યારા છીએ. એ સૌને હુકમ આપવામાં આવ્યો કે અગર તમે ખરેખર જ મારી (ખુદાની) મહબ્બત રાખતા હો. તો મારા મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુલામી કરો. પછી એ થશે કે હમણા તો તમે ખુદાને ચાહનારા બનો છો અને ખુદાને પોતાનો મેહબૂબ (પ્રિયપાત્ર) બતાવો છો, પણ પછી ખુદા તમારો ચાહનાર હશે અને તમે એના મેહબૂબ; અને તમારા ગુનાહો પણ બખ્શી દેવામાં આવશે.

**ગુનહગાર પર જબ લુત્ફ આપકા હોગા,**
**કિયા બગયર કિયા, બે કિયા કિયા હોગા.**

**આ આયતથી બખૂબી માલૂમ પડ્યુંકે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ગુલામી કરવાથી મરદૂદ પણ મેહબૂબે--ખુદા બની જાય છે અને ગુનેહગાર મગફિરત પામે છે.**

આ આયતમાં વધુમાં એવો નિર્દેશ મળે છે કે અગર અલ્લાહનો પ્રેમ ઈચ્છતા હો તો એના મેહબૂબની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પાછળ ચાલ્યા આવો; ન ભાઈ બનીને ખભેખભા મિલાવી એક જ હરોળમાં બરોબરિયાની રીતે ચાલો, ન મોવડી બનીને આગળ ચાલો; **બલ્કે ગુલામ બનીને પછવાડે ચાલો.**

એ જ ડબ્બો મુસાફરી કરે છે, જે એન્જિની પાછળ લાગેલો હોય જો થર્ડ કલાસનો જબ્બો પણ એન્જિન સાથે જોડાયેલો હશે તો એ પણ મન્ઝિલ સુધી પહોંચશે પણ જો ફર્સ્ટ કલાસનો ડબ્બો એન્જિન સાથે જોડાયેલો નહિ હોય તો એ અટકી તથા લટકી પડશે.

કુર્આને કરીમે ફરમાવ્યું ફત્તબેઉની-તમે કેવાયે કેમ ન હો, મારી પછવાડે ચાલ્યા આવો. અમે તમને નથી જોતા, અમે તો અમને અમારી નિસ્બતને જોઈએ છીએ.

ઈતાઅત ત્રણ પ્રકારની હોય છે : ડરની, લાલચની અને મહબ્બતની અહીં મુરાદ છે મહબ્બતની ઈતાઅત, કારણ કે ડર ને લાલચની ઈતાઅત તો મુનાફિકો પણ

કરતા હતા- એટલા સારૂ આ આયતને મહબ્બતથી (શરૂ) ફરમાવવામાં આવી છે.

અત્રે એ યાદ રહે, કે મહબ્બતના ત્રણ પ્રકાર છે : નાના પ્રત્યે પ્રેમ એટલે વહાલ, વાત્સલ્ય, મમતા, બરોબરિયાથી પ્રેમ અને નાનામાં મોટા પ્રત્યે પ્રેમ-એટલે માન, આમન્યા જાળવવી; એની અઝમતની ઈઝ્ઝત કરવી તે.

આથી જણાયું કે મુહબ્બત અઝમતના માન સહિત હોવી જોઈએ. વળી, અઝમત (મહાનતા) બે પ્રકારની છે : દીની તથા દુન્યાવી.

આ આયતથી એટલે સાફ રીતે સમજાયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની અઝમત દીની પ્રકારની હોવી જોઈએ એટલે કે રિસાલતની બિના ઉપર મહબ્બત તથા અઝમત હોવી જોઈએ ન કે એમને પોતાના મોટા ભાઈ જેવા સમજીને.

آیت ۱۴ : وَإِذْ أَخَذَ اللّٰهُ مِيثَاقَ النَّبِيِّينَ لَمَا آتَيْتُكُم مِّن كِتَابٍ وَحِكْمَةٍ ثُمَّ جَاءَكُمْ رَسُولٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهِ وَلَتَنصُرُنَّهُ ط قَالَ أَأَقْرَرْتُمْ وَأَخَذْتُمْ عَلَىٰ ذَٰلِكُمْ إِصْرِي قَالُوا أَقْرَرْنَا قَالَ فَاشْهَدُوا وَأَنَا مَعَكُم مِّنَ الشَّاهِدِينَ ۝

(૧૪) **અને યાદ કરો જ્યારે અલ્લાહે પયગમ્બરો પાસે એની પ્રતિજ્ઞા લીધી કે જો હું તમને કિતાબ અને હુકૂમત આપું- પછી તશરીફ લાવે તમારી પાસે એ રસૂલ, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જે તમારી કિતાબોની તસ્દીક ફરમાવે તો તમે જરૂર જરૂર એ ઉપર ઈમાન લાવજો અને જરૂર જરૂર એની મદદ કરજો અને એ ઉપર મારી ભારી જવાબદારી લઈ લીધી. સૌએ અરજ કીધી કે અમે ઈકરાર કર્યો. ફરમાવ્યું કે તો એકબીજા ઉપર ગવાહ થઈ જાઓ અને હું પોતે તમારી સાથે ગવાહોમાં છું.**

*(પા. ૩ સૂરએ ઈમરાન; રૂકૂઅ : ૯)*

આ આયતે કરીમામાં એ અહદ-પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરાયો છે. જે મીષાક-દિને અમ્બિયા પાસે લેવાયા હતા. પણ એનાથી હુઝૂરે પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એવી અઝમત પુરવાર થાય છે. જેની કલ્પના કરવીયે મુશ્કેલ છે.

અહદનો કિસ્સો તો એ છે કે-હઝરત આદમ અલયહિસ્સલામને જન્નતથી હિન્દુસ્તાન પડખે કોલંબો ખાતેના પહાડ ઉપર મોકલવામાં આવેલા અને હઝરત હવ્વાને અરબમાં જિદ્દહ ખાતે ઉતારવામાં આવેલાં.

ત્રણસો વરસ પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક નામની બરકતથી હઝરત આદમની તૌબા કબૂલ થઈ.

નુઅમાન પહાડ પર એમની પુશ્તથી એમની બધી ઔલાદોની રૂહો કાઢવામાં

આવી અને એ રૂહો પાસે થી ત્રણ પ્રકારની પ્રતિજ્ઞા લેવામાં આવી :

(૧) તમામ મખ્લૂકથી એવો અહદ (પ્રતિજ્ઞા) લેવામાં આવ્યો કે શું હું તમારો રબ નથી ? સૌએ કહ્યું : હા.

(૨) ઉમ્માથી અહદ લીધો કે તમે ઈલાહી એહકામની તબ્લીગ (પ્રચાર) કરજો.

(૩) આ આયતમાં છે એ અનુસાર અમ્બિયાએ કિરામથી જે અહદ લીધો એનું વર્ણન આ પ્રમાણે છે :

અલ્લાહતઆલાએ અમ્બિયા જૂથને એ દિવસે ઈરશાદ ફરમાવ્યો કે હે નબીઓ! જ્યારે તમને કિતાબ અતા કરૂં અને નબૂવ્વતનો તાજ તમારા માથા ઉપર મૂકી દઉં અને મારા બન્દાઓને તમારા ઉમ્મતી અને તા'બેદાર બનાવી દઉં પછી જ્યારે તમારી નબૂવ્વતનો સૂરજ પૂર્ણ પ્રતાપે તપી રહ્યો હોય ત્યારે, અગર નક્કી એ જ હાલતમાં **અમારા આ નબીએ-આખિરૂઝઝમાંની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુનિયામાં પવિત્ર પધરામણી થાય તો તમારી એ ફરજ હશે કે તમે પોતપોતાની ઉમ્મતો સહિત એ અંતિમ નબીના ઉમ્મતી બની જાઓ. એ મેહબૂબના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગમન સાથે જ તમારા દીનો મન્સૂખ થઈ જશે. તમારે એમના ખિદમતગાર અને અનુયાયી બનવું પડશે.** કહો : શું તમને મન્ઝૂર છે ? અમ્બિયાએ તુરત જ આ બધું સહર્ષ મન્ઝૂર કરી લીધું.

આ ઈકરાર ઉપર પણ અહદ પુરો ન થયો ફરમાવ્યું, એક બીજા ઉપર ગવાહ બની જાઓ. મતલબ કે હઝરત આદમ હઝરત નૂહ અ લયહિસ્સલામ વગેરે પર અને હઝરત નૂહ હઝરત આદમ અલયહિસ્સલામ વગેરે પર. પછી ફરમાવ્યું કે અમારી શાહી ગવાહીનો પણ આમાં સમાવેશ થઈ જાય છે. અમે પણ તમારા આ ઈકરારના સાક્ષી છીએ.

અલ્લાહ જ જાણે છે કે આમાં શો ભેદ છે ! એણે પોતાની રબૂબિયત (રબ તરીકેના સ્થાન)નો કરાર કરાવ્યો ત્યારે ગવાહી વગેરેનું બંધન ન રાખ્યું-સૌએ ફક્ત "બલા" એટલે "હા" કહી દીધું, ને વાત પૂરી થઈ ગઈ, પરંતુ અહીં ઈકરાર પણ કરાવ્યો; ગવાહી પણ લીધી અને પછી એ ઉપર પોતાની શાહી ગવાહીની મોહર પણ મારી.

રબતઆલા એ જાણતો હતો કે કોઈ પણ નબી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઝમાનો નહિ મેળવે, છતાં પણ એમની પાસેથી આ કબૂલાત લેવડાવી કે જો આ પયગમ્બર આવી જતે તો અમે એમના ઉમ્મતી બની જતે ! ઓછામાં ઓછું, દરેક નબીનું એ ઉપર ઈમાન રહે. આ ઉપરાંત એમની ઉમ્મતો આ બનાવ સાંભળીને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઝમાનો પામે તે ઈમાન લઈ આવે.

શબે-મેઅરાજમાં સઘળા નબીઓએ આ ઈકરારનામાને પુરવાર કરી બતાવ્યું. બયતુલ મુકદ્દસની પવિત્ર ઝમીન ઉપર તમામ નબીઓએ નબીઓનાં સરદારની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાછળ મુકતદી બનીને નમાઝ અદા કરી.

સુબ્હાનલ્લાહ, નમાઝ પણ કેવા રંગની નમાઝ થઈ હશે, જેમાં નબીઓ મુકતદી, સય્યદુલ અમ્બિયા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈમામ; ફરિશ્તાઓ નકીબ, આસમાનની સફરની તૈયારી-જાણે સફરની નમાઝ ધુમથી અદા થઈ રહી છે ! હઝરત ઈસા અલયહિસ્સલામ એ જ ઈકરારનામાને પૂરૂં કરવા માટે આખર ઝમાનામાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દીનની રક્ષા અને મદદ કરશે તેમ જ આ ઉમ્મતને દુશ્મનોથી બચાવશે.

એ પણ સમજવું જોઈએ કે હુઝૂર અલયહિસ્સલામની મોજૂદગીમાં તમામ પયગમ્બરોની દીન શા માટે મન્સૂખ (રદ) કરી દેવામાં આવશે ? દુન્યાનો દસ્તૂર છે કે દરેક વસ્તુ એના મૂળપર પહોંચીને સ્થિર થઈ જાય છે; બલ્કે પોતાને એ મૂળમાં ગુમ કરી દે છે- સમાવી દે છે. રાતભર તારાઓ ચમકે છે. પણ જ્યાં સૂરજ પ્રકાશ્યો કે બધા અલોપ થયા. કારણ કે બધા તારાઓમાં પ્રકાશ તો સૂરજનો જ હોય છે ને! તમામ નદીઓ સમુદ્ર તરફ દોડયે જાય છે- સમુદ્રમાંથી વાદળ ચઢ્યું- પહાડો ઉપર એ વરસાદ કે બરફ બનીને વરસ્યું- એમાંથી બની નદી- નદી એના મૂળ તરફ ભાગી; એવી ભાગી કે જે પૂલે, જે વૃક્ષે જે ઈમારતે એનો માર્ગ રૂંધ્યો એને તોડતી- પાડતી ભાગી નીકળી પણ જ્યાં દરિયો સામે આવ્યો, ત્યાં ઘૂઘવાટ શમી ગયો; પ્રવાહ પણ ધીમો પડ્યો અને જ્યારે નદી સમુદ્રમાં ભળી તો એ એમાં એવી રીતે ફના થઈ ગઈ કે એ જાણે હતી જ નહિ અને એનાં નિર્મળ નીર જાણે પોકારી ઊઠ્યાં :

**મન તૂ શુદમ તૂ મન શુદી મન તન શુદમ તૂ જાં શુદી**
**તા કસ ન ગોયદ બા'દ અઝાં મન દીગરમ, તૂ દીગરી !**

એવી જ રીતે તમામ અમ્બિયાએ કિરામ તારા છે અને હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સૂર્ય. કુર્આને કરીમે હુઝૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)"સિરાજમ મુનીરા" ફરમાવ્યા છે.

અથવા એમ કહીએ કે અમ્બિયાએ કિરામ નદીઓ છે અને હુઝૂરે પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સમુદ્ર, તમામ નબૂવ્વતો એ તરફ જ ચાલી આવે છે. ફિરઔની, હામાની, નમરૂદી- હજારો બળવાન સત્તાઓ સામે આવી અને ચૂરેચૂરા થઈ ગઈ, પરંતુ નબૂવ્વત-સમંદરને મેળવીને બધી નબૂવ્વતોએ પોતાને એમાં સમાવી દીધી. સલ્લલ્લાહો અલયહે વઆલેહી વઅસહાબેહી વબારિક વસલ્લિમ

**યે અમ્બિયાએ મુર્સલીન તારે હંય તુમ મેહરે મુબીન,**
**સબ જગમગાએ રાતભર ચમકે જો તુમ, કોઈ નહીં.**

આ આયતથી જાણવા મળ્યું કે બધા પયગમ્બર અલયહિસ્સલામ હુઝૂર સલ્લલ્લાહો

અલયહે વસલ્લમના ઉમ્મતી છે અને હુઝૂર નબીયુલ-અમ્બિયા : અમ્બિયાઓના નબી.
*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۱۵: لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۚ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝ (پارہ ۴، سورۂ آلِ عمران رکوع ۱۷)

**(૧૫) બેશક. અલ્લાહનો મોટો એહસાન થયો મુસલમાનો ઉપર, કે એમનામાં એમનામાંથી જ એક રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)મોકલ્યો, જે એમના ઉપર એવી આયતો પઢે છે અને એમને પાક ફરમાવે છે અને એમને કિતાબ તથા હિકમત શિખડાવે છે અને તેઓ જરૂર, પહેલા ખૂલ્લી ગુમરાહીમાં હતાં.**

*(પા.૪, સૂરએ આલે ઈમરાન, રૂકૂઅ : ૧૭)*

આ આયતે-કરીમા પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સ્પષ્ટ ના'ત છે, કેમકે ખુદાએ કુદ્દૂસે ઈન્સાનને એટલી બધી નેઅમતો અર્પણ કરી છે કે એની ગણતરી કરી શકાય તેમ નથી. આંખ, કાન, નાક, હાથ, પગ, જમીન, આકાશ, ચંદ્ર, સૂર્ય, પવન, પાણી વગેરે દરેક નેઅમતે-ઈલાહીનો એ જ હાલ છે, પછી શરીરમાં અગણિત વાળ અને દરેક વાળમાં અગણિત નેઅમતો છે અને દરેક નેઅમત એવી કે એના વગર જીવન દુર્લભ છે.

પરંતુ કુર્આને મજીદમાં એ નેઅમતોનું ઠેકઠેકાણે વર્ણન તો કર્યું, પણ આ પ્રકારે એહસાન દર્શાવીને વર્ણન નહિ કર્યું કે મુસલમાનો ! તમને હાથ, પગ, કાન, જમીન, આકાશ, ચંદ્ર, સૂર્ય, પવન, પાણી આપી અમે તમારા પર ઉપકાર કર્યો છે ! પરંતુ અલ્લાહે એહસાન દર્શાવ્યો તો એ પ્રકારે કે **અમે મુસલમાનોને અમારો પ્યારો મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપી દીધો-એમના માર્ગદર્શન માટે.**

આથી જાણવા મળ્યું કે **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણી તમામ નેઅમતો કરતાં મોટી નેઅમત છે.** વિશ્વમાં દરેક ચીજ કોઈને આપી દેવામાં આવે છે પણ 'મેહબૂબ' (પ્રિયતમ) આપવામાં આવતો નથી.

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું મેઅરાજે જવું એમાં આશ્ચર્ય નથી. મેહબૂબને તો તેડાવવામાં આવે છે જ- હા મેઅરાજે જઈને ત્યાંથી પાછા ફરવું એ જરૂર આશ્ચર્યની વાત છે. અલ્લાહનો એ ખરેખર મોટો એહસાન છે કે એણે પોતાના મેહબૂબને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાછા મખ્લૂકને સોંપી દીધા.

**દુન્યા અને દુન્યાની સઘળી નેઅમતો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના**

સદકામાં છે. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે : હદીસે- કુદસી છે : અગર આપ ન હોતે અમે આસમાનોનું સર્જન કર્યું ન હોતે આ સઘળી એઅમતો એક આપના જ દમથી છે. આખી દુન્યા બરાતી છે અને હુઝૂરે અકરમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુલ્હા.

**હય જહાંમે જિનકી ચમક દમક, હય ચમનમેં જિનકી ચહલપહલ;**
**વો હી ઈક મદીનેકે ચાંદ હંય, સબ ઉન્હીંકે દમકી બહાર હય.**

તમામ નેઅમતો માત્ર જીવનમાં લાભ પહોંચાડે છે. જ્યાં આંખ મીંચાઈ કે તમામ સંબંધો તૂટી ગયા; માલ બીજાઓનો થઈ ગયો, હાથ, પગ અને બીજાં સઘળા અવયવો અચેતન થઈ પડ્યાં. અગર કોઈએ મહેરબાની કરી તો ફક્ત કબ્ર સુધી. હા જીવનમાં, કબ્રમાં, હશ્રમાં, જન્નતમાં અને 'નઝઅ'ને સમયે- દરેક જગ્યાએ દાતા, મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝાતે-કરીમ જ, "......અને ફાની (નાશવંત) નેઅમતો બાકી (અમર) નેઅમતો સામે તુચ્છ છે....."

બધી નેઅમતો- માલ- દૌલત, શરીરનાં અવયવો વગેરે- જો એમની પાસેથી સાચું કામ લેવામાં આવે તો નેઅમત છે-નહિતર સરાસર ઝેહમત, ઝબાન જો દુરૂસ્ત છે તો એ 'ઝબાન' છે. જો એ વાંકી ચાલે તો 'ઝબૂન' એટલે બૂરી ચીજ- છે અને જો વધારે ચાલે તો 'ઝિયાન' એટલે નુકસાન છે.

અને આ નેઅમતોનો ઉપયોગ કરવાનું શીખવનાર છે હઝરત મુહમ્મદુર્ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ. એમણે જ એ બધી ચીજોને નેઅમત બનાવી દીધી, નહિતર એ બધી ઝેહમત હતી. -અગર હાથપગ વડે ગુનાહ કરવામાં આવે, તો એ જ અવયવો કયામતમાં આપણી વિરૂદ્ધ સાક્ષી આપશે. આથી જાણવા મળ્યું કે એ રબની છુપી પોલિસ છે. આગલી ઈબારતથી માલૂમ પડ્યું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુસલમાનોને દરેક બાહ્ય અને આંતરિક ગંદકીથી પવિત્ર બનાવે છે. આ'માલ એ જ સાચા છે, જે બારગાહે-રિસાલતમાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)મંઝૂર થાય.

કુર્આન એવી મુશ્કેલ કિતાબ છે કે એની તા'લીમ માટે સર્જનહારે નબી મોકલ્યા પણ બીજા કોઈ ઈલ્મ માટે નબી ન આવ્યા. મુશ્કેલ વિદ્યાઓ મહાન ઉસ્તાદો જ શીખવે છે. આથી કુર્આનને સમજવા માટે હદીસની જરૂર છે. જાણવા મળ્યું કે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તા'લીમ એવી સંપૂર્ણ છે કે ગુમરાહોને ગુમરાહીમાંથી કાઢીને માત્ર મો'મિન જ નહિ, પરંતુ મો'મિનગર (મો'મિન બનાવનાર) પણ બનાવી દે છે. આ તા'લીમથી કોઈ સિદ્દીક, તો કોઈ ફારૂક બન્યા. બીજા કોઈ પણ ઉસ્તાદની તા'લીમ આટલી સંપૂર્ણ નથી શાગિર્દ શાળામાં જઈને જુદા જુદા શિક્ષકો પાસેથી ગણિત, ઉર્દૂ, ગુજરાતી, ભૂગોળ વગેરે જુદું જુદું શિક્ષણ મેળવે છે; પરંતુ પવિત્ર મદીનામાં એવો સંપૂર્ણ મદ્રસો જારી થયો કે એક જ ઉસ્તાદે દીની તથા દુન્યવી વિદ્યાઓઃ સંસ્કાર, નીતિમત્તા, ચારિત્ર અને અલ્લાહની તા'બેદારીના કાયદા વગેરે બધું જ શીખવી દીધું.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ١٦ : مَاكَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ حَتّٰى يَمِيْزَ الْخَبِيْثَ مِنَ
الطَّيِّبِ ط وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ

**(૧૬) અલ્લાહ મુસલમાનોને એ હાલ ઉપર નહિ છોડશે, જે ઉપર તમે છો; જ્યાં સુધી અલગ ન પાડી દે ગંદાને સ્વચ્છથી; અને અલ્લાહની એ શાન નથી કે, હે ! સામાન્ય લોકો, તમને ગયબનું જ્ઞાન આપે; પરંતુ અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી-જેને ચાહે.** *(પા. ૪. આલે ઈમરાન; રૂકૂઅ : ૧૮)*

આ આયતે-કરીમા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તના સ્પષ્ટીકરણ સમાન છે. શાને નુઝૂલ એ છે કે એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈરશાદ ફરમાવ્યો કે જન્મ પહેલાં મારી ઉમ્મતને મારા પર પોતાની સૂરતોમાં રજૂ કરવામાં આવી; જેમકે હઝરત આદમ અલયહિસ્સલામ પર એમની ઔલાદ; અને અમને એની જાણ પણ કરી દેવામાં આવી કે કોણ અમારા પર ઈમાન લાવશે ને કોણ નહિ!

આ સાંભળીને મુનાફિકોએ મઝાક કરતાં કહ્યું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો ફરમાવે છે કે એમને લોકોના પેદા થવા પહેલાં જ 'કાફિર' અને 'મુસલમાન'નું જ્ઞાન થઈ ચુક્યું હતુ અને અમે તો એમની સાથે વસીએ છીએ અને જાહેરમાં મુસલમાન છીએ, પણ દિલમાં કુફ્ર રાખીએ છીએ અને આપ અમને નથી ઓળખતા !

આ ઉપરથી હુઝૂરે- પાકે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મિમ્બર પર ઊભા થઈને ખુત્બો ફરમાવ્યો : લોકોની શી હાલત છે કે તેઓ અમારા જ્ઞાનની ટીકા કરે છે. આજથી માંડીને કયામત સુધી જે કંઈ થનારૂં છે, એમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે તમે અમને પ્રશ્ન કરો અને અમે તમને એની ખબર ન આપીએ !

હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ ઊભા થઈ ગયા. અરજ કરી, યા હબીબલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! મારો પિતા કોણ છે ? ફરમાવ્યું, હુઝાફહ.

પછી હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હો ઊભા થયા, અરજ કરી, યા હબીબલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! **અમે અલ્લાહની રબૂબિયત, આપની રિસાલત અને ઈસ્લામ પર ખુશ છીએ. અમે આપની માફી ચાહીએ છીએ.(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈરશાદ ફરમાવ્યો, શું હવે તો તમે આવું નહિ કરો ? અને મિમ્બર પરથી ઊતરી આવ્યા.

*(તફસીરે ખઝાઈનુલ ઈરફાન-વ-ખાઝિન)*

આ આયતે- કરીમાના અમુક ફાયદા થયાં પ્રથમ તો એ કે, હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના 'ઈલ્મે-ગયબ' પર ટીકા કરવી અને એમ કહેવું કે આપને ફલાણી ચીઝનું જ્ઞાન ન હતું એ મુનાફિકોનો તરીકો છે. મુસલમાનની એ ફરજ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં સઘળાં પવિત્ર ગુણ- લક્ષણને કોઈ પણ જાતની ચર્ચા કે વિવાદ કર્યા વિના માની લે.

બીજો ફાયદો એ થયો કે, ખુદાએ કુદદૂસે આપણા આકા અને મૌલા ને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કયામત સુધીની દરેક દરેકે ચીજનું જ્ઞાન અર્પણ કર્યુ; કારણ કે હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈરશાદ ફરમાવ્યો કે 'ઈચ્છો તે પૂછો' અને આવું તો એ જ કહી શકે જેને સંપૂર્ણ જ્ઞાન હોય.

ત્રીજો ફાયદો એ થયો કે, અમે લોકો જો ઘરની કોટડીમાં સંતાઈને પણ કશું કરીએ તો એ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નઝરથી અદ્રશ્ય નથી; કારણ કે અબ્દુલ્લાહનો પિતા હુઝાફહ છે એ તો એક તદન છુપી વાત હતી, પિતા તો એ હોય છે કે જેના નુત્ફાથી બાળકનો જન્મ થયો, એની જાણ રાખવી એ ઝાતની શાન છે કે જેની નિગાહ વિશ્વના તલેતલ અને કણેકણ ઉપર હોય અને વાત તો એ છે કે જે આંખોએ મેઅરાજમાં વિશ્વના સર્જકને જોયો હોય તે વિશ્વને કેમ ન જુએ ! આની ચર્ચા "સૂરએ-વન્નજમ"માં આવશે ઈન્શાઅલ્લાહ. શું દુન્યાની ચીજો સર્જકથી વધીને છે ?

**ઓર કોઈ ગૈબ ક્યા તુમરો નિહાં હો ભલા,**
**જબ ન ખુદા હી છૂપા તુમપે કરોરોં દુરૂદ.** *(આ'લાહઝરત)*

ચોથો ફાયદો એ થયો કે, કયામત સુધીના મુસલમાન, કાફિર અને મુનાફિકો હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જાણમાં છે. અગર કોઈના એબને ન વર્ણવ્યું તો એનું એ કારણ નથી કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એનાથી અજાણ છે બલ્કે ઐબ તથા ખતાને ઢાંકનાર છે. શાને-સત્તારીનું એ ચિન્હ છે. આપનું આ જ્ઞાન અને જાણ આપની પવિત્ર વફાતથી ઘટ્યા નહિ; કેમકે વફાત પછી નફસનું ઈલ્મ તથા એની દરેક શક્તિ વધી જાય છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۱۷ : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ
الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ۝ (پارہ ۵، سورہ نساء، رکوع ۹)

**(૧૭) અને અગર જયારે તેઓ જાનો પર ઝુલ્મ કરે તો હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! તમારી હુઝૂરમાં હાજર થાય. પછી અલ્લાહથી માફીની યાચના કરે અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એમની શફાઅત ફરમાવે- તો જરૂર અલ્લાહને**

-૧

**ઘણો તૌબા કબૂલ ફરમાવનાર જોશે.**

*(પા. ૫, સૂરએ નિસાઅ, રૂકૂઅ : ૯)*

આ આયતે-કરીમામાં મુસલમાનોને તૌબા કરવા અને પોતાના ગુનાહ માફ કરાવવાનો તરીકો બતાવવામાં આવી રહ્યો છે. પરંતુ એથી શાને-મુસ્તફા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એટલી હદે જાહેર થઈ રહી છે કે સુબ્હાનલ્લાહ ! આ આયતમાં તૌબા કબૂલ થવાની ત્રણ શરતો વર્ણવવામાં આવી છે :

(૧) હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં હાજરી.

(૨) ત્યાં જઈને પોતાના ગુનાહની તૌબા કરવી.

(૩) હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શફાઅત.

જો આ ત્રણેમાંથી એક પણ ન મળે તો તૌબા કબૂલ થવાની કોઈ શક્યતા જ નથી.

આ આયતથી અમુક ફાયદા થયા : (૧) હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બારગાહે ઈલાહીના વકીલેમુત્લક અથવા સર્વમુખત્યાર છે; કેમકે ગુનાહ તો કર્યો રબનો પરંતુ જવું કયાં- ? મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં, જેમકે અપરાધી તો ઠર્યો હુકૂમતનો પરંતુ જવું કયાં ? વકીલ યા અદાલતના મુખત્યારની પાસે. વકીલ વગર દુન્યાની કચેરીમાં કોઈ પુછતું નથી અને વરિષ્ઠ અદાલતમાં મેહબૂબ વગર કોઈ પુછવાનું નથી એટલે નમાઝ વગેરેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું નામ અવશ્ય અને અચૂક આવે છે.

મુસ્તફાનાં(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દ્વાર અલ્લાહનાં દ્વાર છે. ફકીર માંગવા આવે તો એ કંઈ મકાનની અગાશી ઉપર ચઢીને કે પછી ઊભો રહીને નથી માંગતો, બલ્કે દરવાજા પર આવીને માંગે છે. એવી જ રીતે જ્યારે ખુદા કને (પાસે) માંગવું હોય તો ખુદાનાં દ્વાર એટલે કે મુસ્તફાની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બારગાહમાં આવીને માંગો જે કાંઈ પરવરદિગાર તરફથી મળવનું હશે તે એ જ દ્વાર અને એમના જ હાથો મારફત મળશે.

**બખુદા ખુદાકા યહી હય દર નહીં ઔર કોઈ મફર મકર,**
**જો વહાંસે હો યહીં આકે હો જો યહાં નહીં તો વહાં નહીં.**

*(આ'લા હઝરત)*

ત્રીજું એ કે શફાઅત માટે પવિત્ર મદીનામાં હાજરી જરૂરી નથી. એટલા સારૂ ''ફીલમદીનતે'' નથી ફરમાવ્યુ. જ્યાં પણ હોવ, કલ્બ (દિલ)થી એ બારગાહની તરફ ધ્યાનને કેન્દ્રિત કરી લો- કેમ કે દરેક દિલમાં એમનો પવિત્ર નિવાસ છે.

**સુના હય રેહતે હંય આકા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફકત મદીનેમેં ,**

**ગલત હય રેહતે હંય વોહ આશિકોંકે સીનેમેં.**

ચોથું એ કે : આ હાજરીનો હુકમ કયામત પર્યંતના મુજરિમો- ગુનેહગારો માટે છે- માત્ર જીવનકાળ માટે જ માર્યાદિત નથી; આલમગીરી- કિતાબુલ હજમાં ફરમાવ્યું કે જ્યારે મુકદ્દસ રોઝા ઉપર હાજર થાય ત્યારે આ જ આયત પઢે.

**'તફસીરે મદારિક'** અને **તફસીરે ખઝાઈનુલ ઈરફાન'**માં છે કે : એક શખ્સ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાતં પછી પવિત્ર રોઝા પર હાજર થયો અને આ જ આયત પઢી અરજ કરવા લાગ્યો :

યા હબીબલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! અમે આ હુકમ સાંભળ્યો. મેં મારી જાત પર ઝુલમ કર્યો છે અને અલ્લાહની બખ્શિશ ચાહવા આપના દરવાજે આવ્યો છું- આપ મારા ગુનાહની બખ્શિશ મારા રબ પાસે કરાવી દો.

એની આ અરજ સાંભળીને કબ્ર શરીફમાંથી અવાજ સંભળાયો : તારી બખ્શિશ કરી દેવામાં આવી.

આ બનાવ અને આ આયત ઉપરથી નીચે પ્રમાણેના ફિકહના અમુક મસ્અલા પણ જાણવા મળ્યા.

(૧) *ખુદાનાં મકબૂલ-માનીતાંઓને 'વસીલો' બનાવવા એ સફળતાનો ઝરિયો છે.*

(૨) બુઝૂર્ગોની કબરો ઉપર હાજતરવાઈ-મુરાદ માગવા માટે જવું જાઈઝ છે.

(૩) મકબૂલ બંદાઓને એમની વફાત પછી "યા" કહીને પોકારવા જાઈઝ છે.

(૪) અલ્લાહના મકબૂલ બંદાઓ મદદ ફરમાવે છે અને એમની દુઆથી હાજતો પૂરી થઈ જાય છે.

**મિશ્કાતમાં છે કે ચાળીસ અબ્દાલ સીરિયામાં રહે છે- જેમની બરકતથી વરસાદ થાય છે, દુશ્મનો પર વિજય મેળવવામાં આવે છે અને સીરિયાવાસીઓ અઝાબથી બચતા રહે છે.**

શામીના મુકદમામાં છે : ઈમામ શાફઈ રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે હું હાજત વખતે ઈમામ અબૂ હનીફા અલયહિર્રહમહ ની કબ્ર પર હાજર થઈને દુઆ કરૂં છું.

પાંચમું, એ માલુમ પડ્યું કે કોઈ પણ પ્રકારનો અપરાધી હોય, કાફિર હોય, મુનાફિક હોય, ગુનેહગાર હોય- કોઈ પણ હોય- કયાંયે પણ હોય- તે જો સાચા દિલે **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં આવીને તૌબા કરે તો અલ્લાહની રહમત દસ્તગીરી કરશે.**

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ સમંદર પેઠે પવિત્ર ફરમાવનારા છે કે કેવો યે ગંદો માણસ આવીને ડૂબકી મારે, પણ એ એમાંથી સ્વચ્છ બનીને જ બહાર નીકળે છે. મદીનએ-પાકનું દવાખાનું એવું છે કે કોઈ પણ દર્દીને એમ નથી કહેવામાં આવતું કે તારો ઈલાજ અમારી પાસે નથી. દરેક બીમારને છુટ હુકમ છે કે ચાલ્યા આવો અને મોંમાંગો મુરાદ મેળવો !

**કરમ રાબ પર હય કોઇ હો કહીં હો ,**
**તુમ અયરો રહમતુલ્લિલ આલમીં હો,**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت۱۸: فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا
يَجِدُوْا فِيْٓ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمًا ۝ (پارہ۵۔ سورۂ نساء۔ رکوع ۹)

(૧૮) **તો હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! તમારા રબના કસમ, તેઓ મુસલમાન થશે નહિ- જ્યાં સુધી કે પોતાના આપસના ઝગડામાં તમને હાકિમ ન બનાવે- પછી જે કંઈ તમે હુકમ ફરમાવો પોતાનાં દિલોમાં એથી રૂકાવટ ન ભાળે અને દિલથી માની લે.**

*(પા.પ, સૂરએ નિસાઅ; રૂકૂઅ : ૯)*

આ પવિત્ર આયતમાં મુસલમાન બનવાનો તરીકો બતાવાઈ રહ્યો છે અને મુસલમાનની પિછાન આપવામાં આવી રહી છે. પરંતુ એમાં નઅતે- મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં ફૂલ ખીલ્યાં છે અને એની મધુરી સુવાસથી ઈમાનવાળાનું દિમાગ મેહકી ઊઠે છે.

મઝકૂર આયતનું શાને-નુઝૂલ આ છે : એક પહાડ પરથી પાણી આવતું હતું- એ વડે મદીનાવાસીઓ પોતપોતાના બગીચામા પાણી સીંચતા હતાં આ પાણીની વહેંચણી બાબત એક અન્સારી હઝરત ઝુબૈર રદિયલ્લાહો તઆલા અન્હો સાથે લડી પડ્યો. મા'મલો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં પેશ થયો.

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : હે ઝુબૈર ! પહેલા તમારા બગીચાને પાણી આપી પછી પડોસીના બગીચા તરફ પાણી છોડી દો. (હઝરત ઝુબૈરનો બગીચો ઉપરના ભાગમાં આવેલો હતો.) આ અન્સારીને રૂચ્યું નહિ અને એના મુખેથી આ શબ્દો સરી પડ્યા : ઝૂબૈર આપના ફોઈના દિકરા છે (મતલબ એ કે આપે સગાઈને સામે રાખી ન્યાય તોળ્યો છે !)... આ ઉપરથી મઝકૂર આયત નાઝિલ થઈ અને ફરમાવ્યું કે હે મારા **મેહબૂબ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! **ત્યાં સુધી કોઈ ઈમાનદાર નથી થઈ શકતો જ્યાં સુધી કે પોતાના દરેક ઝગડામાં આપને હાકિમ ન માને અને આપના દરેક હુકમ પર દિલથી રાજી ન થઈ જાય.**

આ આયતનો પહેલો કલમો એટલે કે 'વરબ્બેકા' "તમારા રબની કસમ" એટલો પુરલુત્ફ છે કે પઢીને વજદ તારી થઈ જાય છે. રબે પોતાની કસમ ફરમાવીને પોતાનું નામ ઈર્શાદ ન ફરમાવ્યું. "વલ્લાહ" અથવા "વર્રહમાન" ન ફરમાવ્યું. પરંતુ પોતાનું ઝિક્ર મેહબૂબ અલયહિસ્સલામની સાથે ફરમાવ્યું કે એ વ્હાલા ! તારા રબની કસમ. એય મહેબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસ્સલમ) અમને તમારા પરવરદિગારની કસમ. કુરબાન જાઓ શું કલામે નાઝ છે ! શું નિરાલો અંદાજ છે !

**તુજસે દર દર સે સગ ઔર સગસે હય મુજકો નિસ્બત,**
**મેરી ગરદનમેં ભી હય દૂર કા ડોરા તેરા.**
**ઈસ નિશાની કે જો સગ હય નહીં મારે જાતે,**
**હશર તક મેરે ગલેમેં રહે પટ્ટા તેરા.**

સત્ય તો એ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાચી ઈતાઅતનું જ નામ ઈબાદત છે- એ જ શહાદત છે અને એ જ રિયાઝત.

**તેરે રસ્તેમેં મરમિટના શહાદત ઈસકો કેહતે હંય,**
**તેરે કૂચેમેં હોના દફન જન્નત ઈસકો કેહતે હંય.**
**રિયાઝત નામ હય તેરી ગલીમેં આને - જાનેકા,**
**તસવ્વુરમેં તેરે રેહના ઈબાદત ઈસકો કેહતે હંય.**

**જે કોઈ માણસ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે કરેલો ફેસલો મૌજૂદ હોય છતાં પોતાના મત મુજબ ચાલે એ બેદીન છે.**

એક મુનાફિક અને યહુદી વચ્ચે ઝગડો પડ્યો. યહૂદી હક પર હતો- મુનાફિક જુઠો. બંને હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સેવામાં હાજર થયા. હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) યહૂદીની તરફેણમાં ચુકાદો આપ્યો; પણ મુનાફિકને એ માન્ય ન હતો. હઝરત સિદ્દીકે અકબર રદીઅલ્લાહ તઆલા અન્હો પાસે ગયા. તેઓએ પણ એ જ ચુકાદો આપ્યો-તોય મુનાફિકને સંતોષ થયો નહિ. પછી બન્ને હઝરત ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલા અન્હોની પાસે ગયા. હઝરત ફારૂકે આ'ઝમ સમક્ષ યહૂદીએ અરજ કરી : હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને સિદ્દકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હો બંનેએ મારી તરફેણમાં ચુકાદો આપ્યો છે પણ આને એથી સંતોષ નથી.

હઝરત ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલા અન્હો મુનાફિકને કત્લ કરી નાખ્યો અને ફરમાવ્યું : જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફેસ્લાને ન માને તેનો ફેસ્લો આ છે.

એ જ દિવસથી આપનો લકબ થયો "ફારૂક"- એટલે કે હક અને બાતિલ- સત્ય અને અસત્ય વચ્ચે ફર્ક કરનારા. રદિયલ્લાહો તઆલા અન્હો

મઝકુર આયતની આ તફસીર છે. (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)

آیت ۱۹ : مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ وَمَنْ تَوَلّٰى فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ؕ

(پارہ ۵۔ سورہ نساء رکوع ۱۰)

**(૧૯) જેણે રસૂલનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)હુકમ માન્યો, બેશક, એણે અલ્લાહનો હુકમ માન્યો અને જેણે મોં ફેરવ્યું, તો અમે તમને એને બચાવવાને ન મોકલ્યા.** *(પા. ૫, સૂરઅ નિસાઅ; રૂકૂઅ : ૧)*

આ આયતે-કરીમા પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નઅત શરીફ છે. એનું શાને નુઝૂલ એ છે કે એક વાર હુઝૂરે અકદસે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ઈરશાદ ફરમાવ્યો : જેણે મારી ઈતાઅત કરી, એણે રબની ઈતાઅત કરી.

આ સાંભળી કેટલાક મુનાફિક બોલ્યા, હુઝૂર એમ ઈચ્છે છે કે અમે તેઓને રબ માની લઈએ, જેમ કે ઈસાઈઓએ હઝરત ઈસાને રબ માની લીધા હતા.

આ ઉપરથી મઝકૂર આયત ઊતરી અને અલ્લાહે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કથનને સમર્થન આપી દીધું.

આથી કેટલાક લાભ મળ્યા. **એક તો એ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તા'ઝીમ (માન આપવું) ને શિર્ક સમજવું એ મુનાફિકોનું કામ છે. તા'ઝીમ જુદી ચીજ છે- ઈબાદત જુદી. દરેક તા'ઝીમ ઈબાદત નથી.**

બીજુ, એ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બારગાહે ઈલાહીમાં ખાસ નિકટતા હાસિલ છે કે જે **બંદો મુસ્તફાનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુલામ છે એ જ ખરો 'અબ્દુલ્લાહ' કિંવા અલ્લાહનો બંદો છે.**

ત્રીજું, એ કે **અલ્લાહની ઈતાઅત પહેલાં મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈતાઅત કરવી પડે છે.** એટલા માટે કે અહીં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈતાઅતને પહેલાં વર્ણવવામાં આવી છે. અને છે પણ એવું જ.

હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો કે મુસલમાનો ! તમારા પર અલ્લાહે પાંચ નમાઝો ફર્ઝ ફરમાવી અને કુર્આનની આ પવિત્ર આયત અમારા પર નાઝિલ ફરમાવી. પહેલાં આપણે આ હુકમને માનીશું- એ ઈતાઅત (અનુસરણ) હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની થઈ- પછી નમાઝ અદા કરીશું એ ઈતાઅત અલ્લાહની થઈ.

હકીકત તો એ છે કે કલ્મએ-પાકમાં હુઝૂરનું નામ લા ઈલાહ ઈલ્લલ્લાહ પછી આવે છે, પરંતુ ઈમાનમાં હુઝૂર ઉપર ઈમાન લાવવું જરૂરી છે. જ્યારે મુહમ્મદ થયા રસૂલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ત્યારે ખુલ્યું લા ઈલાહ ઈલ્લલ્લાહ.

હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માનયા વિના જો અલ્લાહને માની લીધો તો પછી એમાં અને શિખ, ઈસાઈ તથા આર્યમાં શો ફર્ક રહી જાય છે ?

**વો જિસકો મિલે ઈમાન મિલા,**
**ઈમાન તો ક્યા રહમાન મિલા.**
**કુર્આન ભી જબ હી હાથ આયા,**
**જબ દિલને વોહ નૂર-હુદા પાયા.**

ત્રીજું, એ કે અલ્લાહની મખ્લૂકમાં કોઈની તાબેદારી કરવી જરૂરી નથી- સિવાય મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તા'બેદારીના. અગર માતપિતા, આલિમ, શેખ વગેરેની ઈતાઅત- તાબેદારી કરવામાં આવે છે તો તે કેવળ એટલા સારૂ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એમની ફરમાંબરદારીનો હુકમ આપ્યો છે.

**મિશ્કાત શરીફમાં છે.** : જિબ્રઈલ અલયહિસ્સલામે બારગાહે રિસાલતમાં હાજર થઈને અરજ કરી : યા હબીબલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! ઈસ્લામ શું છે? કયામત ક્યારે આવશે ? વગેરે વગેરે.

આ પ્રશ્નો સહાબાએ-કિરામના મેળાવડામાં થયા અને હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એના જવાબો પણ આપ્યા.

આમ છતાં હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામે જાતે જ સહાબાએ કિરામને જણાવી દીધું કે ઈસ્લામ આ છે. ઈમાન આ છે અને નમાઝ આવી રીતે પઢો; કેમ કે તેઓ જાણતા હતા કે મારા કહેવાથી કોઈ વાત મુસલમાનો પર લાઝિમ નહિ થાય. હા, પરંતુ જ્યારે મેહબૂબના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુખેથી એ વાત નીકળશે ત્યારે તે શરઈ-હુકમ બની જશે.

આ ઉપરથી એમ પણ જાણવા મળ્યું કે નબીઓ માત્ર પયગામ પહોંચાડનારા જ નથી હોતા- એ કાર્ય તો હઝરત જિબ્રલિ અલયહિસ્સલામનું છે. નબીઓ તો અલ્લાહની હુકૂમતના પ્રધાન અને અલ્લાહના હુકમોને જારી ફરમાવનારા હોય છે. એવી જ રીતે ફિકહના આલિમો તથા મુહદિસો હદીસ પહોંચાડનારા અને ફિકહ શાસ્ત્રીઓ એને સમજાવનારા અને જારી કરનારા હોય છે

**અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ વ ઊલીલ અમરે મિન્કુમ-** અહીં ઈતાઅતના ત્રણ પ્રકારનો ઉલ્લેખ થયો કે ઈતાઅત કરો અલ્લાહની અને રસૂલની અમ્રવાળાઓની- અર્થાત ઉલ્માની. એટલા માટે કહે છે કે નબી અલ્લાહના ખલીફા ને ઉલ્માએ-કિરામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નાઈબ છે.

آیت ۲۰ : وَاَنْزَلَ اللّٰهُ عَلَيْكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ

وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ۝ (پارہ ۵، سورہ نساء ۴، رکوع ۱۷)

**(૨૦) અને અલ્લાહે તમારા પર કિતાબ અને હિકમત ઊતારી, અને શીખવ્યું તમને જે કંઈ તમે જાણતા ન હતા અને અલ્લાહનો તમારા પર મોટો ફઝલ છે.** *(પા. ૫, સૂરએ નિસાએ; રૂકૂઅ : ૧૭)*

આ મહાન આયત હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઘણા ઉચ્ચ ગુણો વર્ણવે છે. પ્રથમ તો એ કે આપ ઉપર કિતાબ કિંવા કુર્આને; કરીમ ઊતાર્યું અને બીજું એ કે આપને 'હિકમત' અર્પણ કરી. ત્રીજું એ કે આપને ઈલ્મે-ગૈબ બતાવ્યું, ચોથું એ કે આપ ઉપર અલ્લાહનો મોટો ફઝલ છે- ખુદાની કૃપાદષ્ટિ છે..

કિતાબ અને હિકમતના વર્ણન પરથી જણાયું કે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈરશાદો એટલે કે પાક હદીસો પણ વહીએ- ઈલાહી જ છે. હા. આ કુર્આને-કરીમ 'વહીએ- ઝાહિરી' છે અને એના વાક્ય ને વિષય બધું જ વહી છે. પાક હદીસો 'વહીએ-ખફી' છે અર્થાત વિષય તો એ જ-પણ પવિત્ર શબ્દો મેહબૂબના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ). એટલા માટે હદીસોથી એહકામ તો પ્રાપ્ત થાય છે; પરંતુ એમને નમાઝમાં તિલાવત નથી કરતા કેમકે તિલાવત શબ્દોની થાય છે.

એવી જ રીતે કુર્આને-પાકથી માલૂમ પડ્યું કે દરેક મૃત્યુ પામનારનો વારસો એના વારસદારો લેશે, પણ હદીસથી માલુમ પડ્યું કે અમ્બિયાએ-કિરામ ન કોઈ નિકટના સગાનો વારસો લે, ન કોઈને એમનો વારસો મળે. સારાંશ કે હદીસે-પાક પણ વહીએ-ઈલાહી છે. નહિતર કિતાબ સાથે હિકમતનો ઉલ્લેખ કેમ હોય ?

**''તફસીરે-ખઝાઈનુલ-ઈરફાન''માં છે કે 'હિકમત'નો અર્થ સુન્નત લેવામા આવ્યો છે.**

પછી જાણવા મળ્યું કે પરવરદિગારે જ્યાં અન્ય ગુણ અર્પણ કર્યા ત્યાં ઈલ્મે-ગૈબ પણ અર્પણ કર્યું આ આયતમાં એવો ઉલ્લેખ નથી કે કેવળ શરીઅતના એહકામનું જ્ઞાન દીધું કે પછી ફલાણું દીધું ને ફલાણું નહિ ! પરંતુ **''જે કંઈ આપ જાણતા ન હતા તે બધું આપને શીખવી દીધું.''** જાણવા મળ્યું કે કણેકણ તલેતલ ને રજેરજનું **જ્ઞાન આપને મળ્યું.**

રબ ફરમાવે છે : **અમે સઘળી વસ્તુઓનું જ્ઞાન આપી દીધું.** દેનાર રબ; લેનાર મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)-તો પછી છે કોણ જે રબ્બી-ભેટને આંચકી લે ?

વળી ફરમાવે છે કે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **આપ ઉપર અલ્લાહનો મોટો ફઝલ છે-** અલ્લાહ-તઆલા એની કૃપાદષ્ટિને મહાનતમ ફરમાવે તો કોની મજાલ

છે કે એના ફઝલ-એની કૃપાદષ્ટિનો અંદાજો કરી શકે ! ?

મતલબ એ થયો કે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફક્ત ખુદાના પુત્ર ન કહો, બાકી જે માન-ઈઝઝત ચાહો, હુઝૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)આપો, કારણ કે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફઝાઈલ અને કમાલની તો કોઈ સીમા જ નથી- એને કોઈ પામર માનવી પોતાની ક્ષુલ્લક જીભ વડે તો ક્યારે ય વર્ણવી શકે એમ છે જ નહિ. સૃષ્ટિ-સર્જનના પ્રથમ દિવસથી કયામતના અંતિમ દિવસ સુધી હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત અને ખૂબીઓ પયગમ્બરોએ, ફરિશ્તાઓએ, ઈન્સાનોએ વર્ણવ્યાં છે ને વર્ણવશે પરંતુ એમ છતાં પણ એનો અંશમાત્ર પણ વર્ણવી શકાશે નહિ. કારણ કે જે કાંઈ વર્ણવવામાં આવ્યું એ માર્યાદાની અંદર છે અને હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુણો તો અસીમ છે- અમર્યાદિત છે.

રબની 'હમ્દ' 'અહમદ' જ કરી શકે છે અને 'મુહમ્મદ'ની સિફત 'હામિદ' રબ્બુબ આલમીન જ ફરમાવે છે.

**બઅદ અઝ ખુદા બુઝૂર્ગ તૂઈ, કિસ્સા મુખ્તસાર .**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۲۱ : وَمَنْ يُشَاقِقِ الرَّسُوْلَ مِنْ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى وَيَتَّبِعْ غَيْرَ

سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصْلِهٖ جَهَنَّمَ ط وَسَاءَتْ مَصِيْرًا ۝

**(૨૧) અને જે રસૂલનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)વિરોધ કરે એ પછી પણ કે સત્ય માર્ગ એના પર ઊઘડી ચૂક્યો અને મુસલમાનોના માર્ગથી જુદા માર્ગે ચાલે, અમે એને એના હાલ ઉપર છોડીશું, એને દોઝખમાં દાખલ કરીશું અને એ શું બુરી પાછા ફરવાની જગ્યા છે.** *(પા. ૫, સૂરએ નિસાઅ રૂકૂઅ : ૧૭)*

આ મહાન આયતનું શાને નુઝૂલ નીચે પ્રમાણે છે :

એક શખ્સ તમૂઆ બિન અબીરકે મદીનામાં ચોરી કરી, બીજા ઉપર ચોરીનો દોષ ઢોળ્યો. મૂળ બનાવની જાણ થતાં હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એના હાથ કાપવાનો હુકમ આપ્યો. તે આ હુકમ સાંભળીને રાતોરાત મક્કા તરફ નાઠો અને કાફિરો સાથે ભળી ગયો; એમનો જ દીન ધારણ કરી લીધો અને ત્યાં જ કાફિર થઈને મરી ગયો. એના બારામાં આ આયાત ઊતરી. *(રૂહુલ બયાન)*

આ આયત પણ હુઝૂરની ઊઘાડી ના'ત શરીફ છે. એમાં અમુક લાભ મળ્યાં : એક એ કે, અગાઉની આયતોથી જણાયું હતું કે જે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈતાઅત કરે તે અલ્લાહનો સાચો આજ્ઞાંકિત બન્દો છે અને આનાથી જાણવા મળ્યું કે જે હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઈ બાબતમાં વિરૂધ્ધતા કરે

તે ખુદાતઆલાની બારગાહનો મરદૂદ છે.

બીજું એ કે, બારગાહે-મુસ્તફામાંથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નીકળેલો ખુદાઈમાં તો શું, ખુદાને ત્યાં પણ સુરક્ષિત નથી રહી શકતો.

વહી લખનાર એક શખ્સ મુરતદ બની ગયો અને ભાગીને કાફિરો સાથે ભળી ગયો. જ્યારે તેનું મરણ થયું અને એને દફન કરવામાં આવ્યો ત્યારે ધરતીએ પણ એની લાશનો સ્વીકાર કર્યો નહિ. એણે ય લાશને બહાર કાઢી ફગાવી દીધી. એને વારંવાર દફન કરવામાં આવ્યો અને ઝમીને વારંવાર એને ફગાવી દીધો.

આથી જાણવા મળ્યું કે મરદૂદે-મુસ્તફાનું (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ક્યાંયે ઠામ કે ઠેકાણું રહેતું નથી.

ત્રીજું એ, કે જો સન્માર્ગ પર રહેવું હોય તો એ મઝહબ અને માર્ગ ધારણ કરો જે સામાન્ય મુસ્લિમોનો છે. કોઈએ કોઈ નવો પંથ બનાવીને પકડ્યો તો એ શયતાન છે **સન્માર્ગ -સાચો રસ્તો એ જ છે જે સહાબાએ-કિરામ અને એહલે-બયત, ઉલ્મા, મશાઈખ અને આમ મુસલમાનોનો છે, જેનું નામ છે એહલે સુન્નત વ જમાઅત.** જે પણ મઝહબ એની વિરૂદ્ધ હોય અને જે પણ આંદોલન એની વિરૂદ્ધ ઉઠે એ જહન્નમનો માર્ગ છે.

ચોથું એ, કે **અલ્લાહવાળાઓનો વિરોધ કરવો અથવા કોઈ ઈસ્લામી હુકમથી મોં ફેરવી લેવું પણ ઈમાનને બરબાદ કરી મૂકે છે.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

જેવી રીતે કે તમ્આનો અંજામ થયો તેનાથી નસીહત હાસીલ કરવી જોઈએ.

آیت ۲۲ : یٰاَیُّهَا النَّاسُ قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ وَاَنْزَلْنَا اِلَیْكُمْ

نُوْرًا مُّبِیْنًا ۝ (پارہ ۰۵۔ رکوع ۲۴۔ سورہ نسآء)

**(૨૨) હે લોકો ! બેશક- તમારી પારો તમારા રબના તરફથી ખુલ્લી દલીલ આવી અને અમોએ તમારી પારો રોશન નૂર ઊતાર્યો.**

*(પા. ૬., સૂરએ નિસાઅ, રૂકૂઅ - ૨૪.)*

આ પાક આયત હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'તનાં ફૂલોથી મહેકતો ગુલદસ્તો છે. એમાં હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જેટલા ફઝાઈલ વર્ણવાયા છે તેનું વર્ણન કરવું માનવશક્તિની બહાર છે. બરકત હાસિલ કરવા માટે થોડુંક વર્ણન અહીં કરૂં છું. "હે લોકો !" પરથી જાણવા મળ્યું કે એમાં સમસ્ત માનવજાતને સંબોધન કરાઇ રહ્યું છે. હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **પધરામણી સમસ્ત માનવજાત માટે છે** એટલે જ "હે લોકો"નું સંબોધન કર્યું આથી જાણવા મળ્યું કે આપની શુભ પધરામણી અને નબૂવ્વત કોઇ ખાસ કૌમ, ખાસ દેશ કે ખાસ સમય

માટે નથી- પણ જે ઈન્સાન અલ્લાહનો બંદો છે તે હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઉમ્મતી છે.

અહીં દલીલનો અર્થ મુઅજિઝા લેવાયો છે. પહેલાંના પયગમ્બરોને જેટલા મુઅજિઝા મળેલા તે બધા જ હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મળ્યા એટલું જ નહિ, પણ એ ઉપરાંત બીજા પણ મળ્યા; બલ્કે સત્ય તો એ છે કે હુઝૂરે-પાક(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખુદ અલ્લાહની વેહદાનિયત અને ઝાતસિફાતની નખશીશ દલીલ છે.

પયગમ્બરોની ઝાત મો'જિઝો ન હતી, બલ્કે કોઈના માત્ર હાથમાં મો'જિઝો, કોઈના શ્વાસમાં, કોઈની લાઠીમાં- જેમકે હઝરત મૂસા અને હઝરત ઈસાના મો'જિઝાઓ. **પરંતુ હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક વાળમાં યે મો'જિઝો,** કે જે હઝરત ખાલિદની ટોપીમાં રહ્યો તો તેઓને દુશ્મનો ઉપર હંમેશા વિજય મળ્યો. હરકલની પાઘડીમાં રહ્યો તો એના માથાનો દુખાવો જતો રહ્યો. સૈયદના અમ્ર બિન અલ આસે વસિયત ફરમાવી હતી કે મારા કફનમાં હુઝૂરનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક વાળ મૂકવામાં આવે જેથી મારા પર કબ્રની મુશ્કિલ આસાન થાય.

હઝરત અમીર મુઆવિયાએ વસિયત ફરમાવી હતી કે મને ગુસલ દઈને મારી આંખો અને હોઠોં ઉપર હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નખ અને વાળ મુબારક રાખવામાં આવે, જેથી કબ્રના હિસાબમાં આસાની થાય.

**આથી જાણવા મળ્યું કે હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક વાળ કબ્રની મુશ્કેલીને આસાન બનાવે છે.**

સહાબાએ- કિરામ બીમારને બાલ શરીફનું ઘોળેલું પાણી પીવડાવતા હતા.

હઝરત તલ્હાને ઘેર એક વખત મુબારક વાળ પહોંચી ગયો, તો તેઓએ આખી રાત ફરિશ્તાઓની તસ્બીહ સાંભળી.

*(જુઓ- 'મદારિજુન્નબૂવ્વત અને મવાહિબુલ્લદુન્નિયહ.)*

**આંખ શરીફનો એ મો'જિઝો કે,** કયામત સુધીની ઘટનાઓ જોઈ લીધી : નમાઝમાં દોઝખ અને મસ્જિદની દીવાલમાં જન્નતને જોઈ. પાછળ મુકતદી જે કાંઈ કરે એ જોઈ- જાણી લીધું.

**નાક- મુબારકનો એ મો'જિઝો કે,** મુહબ્બતની ખુશ્બૂ યમનથી આવતાં સૂંઘી. (રૂહુલ - બયાન)

**મુબારક જીભનો એ મો'જિઝો કે,** દરેક વાત ખુદાની વહી અને એ જીભ કે જે "કુનની કુંજી" છે.

**મુબારક મુખના પવિત્ર થૂંકનો એ ચમત્કાર કે,** હઝરત જાબિરને ઘેર હાંડલામાં નાખી દીધું તો તરકારીમાં બરકત થઈ પડી. આટામાં નાખી દીધું તો ચાર શેર આટો

હજારો માણસોએ ધરાઈને ખાધો.

હઝરત મૂસાએ પથ્થરમાં અસા મારીને પાણીનાં ઝરણા વહેતાં કર્યાં - પરંતુ હુઝૂર પુરનૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હઝરત જાબિરના હાંડલામાં મુબારક થૂંક ભેળવીને શોરવો ને બોટીઓનાં ઝરણ જારી કરી દીધાં. ખયબરમાં હઝરત અલીની દુઃખતી આંખમાં લગાવી દીધું તો આંખ દુઃખતી મટી ગઈ. હઝરત સિદ્દીકે અકબરને ગારમાં કંઈ કરડ્યું તો મુબારક થૂંકથી આરામ થઈ ગયો; ખારા કૂવામાં નાખી દીધું તો એનું પાણી મીઠું થઈ ગયું.

મુબારક હાથનો એ મો'જિઝો કે મૂઠીભર કાંકરા બદ્રને દિવસે કાફિરો પર નાખ્યા તો અલ્લાહે ફરમાવ્યું, એ આપે નહિ, અમે નાખ્યા ! એ જ હાથોમાં આવીને કાંકરાઓએ કલમો પઢયો. એ હાથો વડે બયઅત લેવામાં આવી, તો અલ્લાહે ફરમાવ્યું, એ હાથ ઉપર અમારો હાથ છે.

આંગળીનો એ મો'જિઝો કે પાણીમાં રાખી દીધી તો પાંચ ઝરણાં વહી નીકળ્યાં. મુબારક આંગળી વડે જ ચાંદના ટુકડા કરી નાખ્યા.

હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પવિત્ર પગનો એ મો'જિઝો, કે ધરતી ઉપર ચાલે તો પથ્થર એની અસર ગ્રહણ કરે. એ ફર્શ પર પણ ચાલે અને અર્શ ઉપર પણ. સારાંશ કે આપનાં એકે એક અંગ-ઉપાંગ અને દરેકે દરેક અવયવ તેમ જ પુનિત વાળ સુધ્ધાં રબને પિછાણવાની દલીલ છે.

પવિત્ર પરસેવાનો એ મો'જિઝો, કે જેમાં ગુલાબની ખુશ્બૂ આવે. સૂવું ને જાગવું એ પણ મો'જિઝો. દરેક સામાન્ય માનવીની ઊંઘ એના વઝૂને તોડી નાખે. પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઊંઘ વઝૂ ન તોડે. આપનું સંપૂર્ણ શરીર પાક-સાફ; સ્વચ્છ- પવિત્ર એ સાયા : (પડછાયા)થી યે રક્ષિત, જેથી આપનો પવિત્ર પડછાયો પણ કોઈના પગ તળે ન આવે. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તો રબનો સાયો; એમનો સાયો વળી કેવો !

દરેક જણનાં મળ-મૂત્ર અપવિત્ર, ગંદકી પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મળ-મૂત્ર : પેશાબ- પા'ખાનું ઉમ્મતના હકમાં પાક-પવિત્ર.

મતલબ, કે હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દરે ગુણ એક મો'જિઝો; દરેક સ્થિતિ રબની કુદરતની દલીલ. હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક નામ પણ એક મો'જિઝો જ છે. આનાં કેટલાંક કારણોમાંનું એક એ કે બધાનાં નામ એમનાં મા-બાપ ઉપર રાખવામાં આવે છે. લકબ કોમ આપે છે, ખિતાબ હુકૂમત તરફથી મળે છે; પરંતુ હુઝૂર નબીએ કરીમનું (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નામ-લકબ-ખિતાબ એ બધું જ રબ તરફથી છે. હઝરત અબ્દુલ મુત્તલિબે ફરિશ્તાની તા'લીમથી આપનું નામ 'મુહમ્મદ' (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રાખ્યું.

બીજું એ કે બધાનાં નામ જન્મને સાતમે દિવસે રાખવામાં આવે છે પણ

**હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નામ રબતઆલાએ સૃષ્ટિના સર્જન પહેલાં જ** રાખી દીધું હતું. આદમ અલયહિસ્સલામે એ નામ અર્શની સાથે લખેલું દીઠું. નૂહ અલયહિસ્સલામની કશ્તી એ જ નામની બરકતથી મુકમ્મિલ બની; ઈસા અલયહિસ્સલામે પોતાના ઝમાનામાં ફરમાવ્યું : 'મિમ બા'દિસ્મોહૂ અહમદ.' (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અમ્બિયાએ-કિરામે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નામના વસીલાથી દુઆઓ કરી.

ત્રીજું એ, કે અમ્બિયાએ- કિરામના નામનો અર્થ એવા ઉચ્ચ નથી, જેવા **'મુહમ્મદ'ના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અર્થ છે-** અર્થાત, બે- અયબ અને હમ્દને લાઈક- પ્રશસ્તિને પાત્ર.

ચોથું એ, કે એ જ નામને પ્રતાપે વર્ષોનો કાફિર મો'મિન બની જાય છે - જેમકે સૂરજ તમામ બરફને ઓગાળી મૂકે છે.

પાંચમું એ, કે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નામથી કબ્રની કસોટીમાં કામયાબી અને મેહશરમાં નજાત મળે છે.

હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નામ એ કીમિયો છે- જે ઈન્સાનની કાયા પલટી નાખે છે. જે એમને 'મુહમ્મદ'(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કહીને બુરા કહે તે જૂઠો છે.

તમામ પયગમ્બરોના મો'જિઝા કિસ્સા બની રહ્યા, પરંતુ હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અમુક મો'જિઝા કયામત સુધી બાકી રહેશે. દા.ત. કુરઆને કરીમ; સહીહ હદીસો; જગ્યા-જગ્યાએ આપના મુબારક બાલ શરીફ મૌજુદ, જેમની ઝિયારત થાય છે. અને આપનું સંપુર્ણ જીવનચરિત્ર સનદો સહિત. આ બધી એવી ખૂબીઓ છે, જે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સિવાય અન્ય કોઈને નથી મળી.

હવે ઈરશાદ થયો કે અમોએ 'નૂર' ઊતાર્યો. આ નૂરનો અર્થ કુરઆને કરીમ અથવા હુઝૂરે-અકદસની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પાક ઝાતનો લેવાયો છે. એટલે કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) 'દલીલ' પણ છે અને 'નૂર' પણ. દલીલને બુદ્ધિ વડે પિછાણવામાં આવે છે અને નૂરને આંખ વડે જોવામાં આવે છે, તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને આંખ વડે જુઓ - નૂર છે - આપનું પ્રત્યેક પાક અંગ નૂર છે; અને બુદ્ધિ વડે પિછાણો તો એ દલીલે-ઈલાહી છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۲۳ : اَلْیَوْمَ اَکْمَلْتُ لَکُمْ دِیْنَکُمْ وَاَتْمَمْتُ عَلَیْکُمْ نِعْمَتِیْ وَرَضِیْتُ لَکُمُ الْاِسْلَامَ دِیْنًا ؕ (پارہ ۶ سورہ مائدہ رکوع ۱)

(૨૩) **આજે મેં તમારા માટે તમારા દીનને સંપૂર્ણ કરી દીધો અને તમારા પર પોતાની નેઅમતને પૂર્ણ કરી દીધી; અને તમારા માટે ઈસ્લામને દીન પસંદ કર્યો.** *(પા. ૬, સૂરએ માએદહ; રૂકૂઅ-૧)*

આ મહાન આયત, આમ તો, બાહ્ય નજરે, દીને ઈસ્લામનું સંપૂર્ણ થવું સૂચવે છે- પણ સાથે જ, એ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત પણ દર્શાવે છે.

એનું શાને-નુઝૂલ આ છે : હજ્જતુલ- વિદાઅનું વર્ષ છે. અલ્લાહના હબીબે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અન્તિમ હજ અદા ફરમાવી. જુમ્આનો દિવસ છે, નવમી તારીખ છે ઝિલહજની. વખત છે અસર પછીનો. મેહબૂબે દોજહાં(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઊંટ ઉપર બિરાજમાન છે અને ખુત્બો ઈરશાદ ફરમાવી રહ્યા છે. એવામાં આ આયત ઊતરે છે. સંજોગવશાત, **એ દિવસે છ ઈદો જમા હતી.** ત્રણ ઈદો તો મુસલમાનોની અને ત્રણ ઈદો બીજી કોમોની. એ બીજી ત્રણ કોમો તે ઈસાઈ, યહૂદી અને મજૂસી. મુસલમાનોની ત્રણ ઈદો **જુમ્આનો દિન એ ઈદ, હજનો દિન એ ઈદ અને મેહબૂબની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દીદ એ ઈદ. મતલબ કે સમગ્ર સૃષ્ટિમાં ઈદ જ ઈદ- આનંદ જ આનંદ. એવી ઈદો આજ સુધી ક્યારેય એકત્ર થઈ નથી.** *(રૂહુલ-બયાન)*

આ આયતથી જાણવા મળ્યું કે મુસવી અને ઈસવી વગેરે દીનો અત્યાર સુધી અપૂર્ણ હતા- એ કામચલાઉ રીતે દુન્યામાં જારી કરાયા ને પછી મન્સૂખ કરી દેવાયા- પરંતુ દીને ઈસ્લામ એવો સંપુર્ણ છે કે ન એમાં કોઈ ઘટાડો- વધારો કરી શકે, ન કુરઆનને બદલી શકે કે ન કોઈ નવો નબી બનીને આવે, ન કદી આ દીન મન્સૂખ થાય. જેમકે તબીબ પોતાના કમઝોર દર્દીને શરૂઆતમાં જુદી જુદી દવાઓ અને ખોરાકો ફેરવી ફેરવીને આપે છે- પછી દર્દીમાં સંપુર્ણ શક્તિ આવી જતાં, તે એને ઉત્તમ ખોરાક પર લાવીને છોડી દે છે. યા પછી બાળકને ઘુટ્ટી અને દૂધ વગેરે ખોરાકો શરૂઆતમાં આપવામાં આવી, પછી એ તાકતવર થઈ જતાં એને રોટી આપવામાં આવે, એવી જ રીતે આ.

બીજું એ, કે જેવી રીતે દીને ઈસ્લામ તમામ દીનો કરતાં વધુ સંપુર્ણ એવી રીતે ઈસ્લામના બાની સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમામ મઝહબોના બાનીઓમાં શ્રેષ્ઠ અને સંપુર્ણ કેમકે સંપુર્ણ (કામિલ)ના હાથ પર દરેક ચીજ સંપૂર્ણ (કામિલ) થાય છે. નિશાળના વિદ્યાર્થીઓ નાનાં ધોરણોમાં જુદા જુદા શિક્ષકો પાસે ભણીને આગળ વધતા રહે છે, પરંતુ વિશિષ્ટતાની સનદ મેળવીને કામિલ ત્યારે જ થાય છે, જ્યારે નિશાળના વડા શિક્ષક પાસે તાલીમ હાસિલ કરે છે. આથી એ વિદ્યાર્થીઓને કામિલ

બનાવનાર અને એમના શિક્ષણને સંપુર્ણ બનાવનાર કામિલ વડો શિક્ષક થયો.

જેવી રીતે દીને ઈસ્લામ તમામ દીનોથી વધુ સંપુર્ણ, એવી જ રીતે ઈસ્લામના બાની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તમામ મઝહબોના નબીઓમાં અફઝલ અને અકમલ, કેમકે કામિલના હાથ ઉપર દરેક ચીજ કામિલ થાય છે.

ઈસ્લામનો અંગિકાર કર્યા વિના અને ઈસ્લામના બાનીની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ગુલામી સ્વીકાર્યા વગર કોઈ અમલ, કોઈ નેકી અલ્લાહને ત્યાં મકબૂલ નથી. **જો સરકાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ગુલામી નથી તો જે કાંઈ કરો એ બધું બેકાર.**

ઈસ્લામને કામિલ (સંપુર્ણ) ફરમાવી દીધો- એટલે એમાં હવે કંઈ ઘટાડો-વધારો થઈ શકે નહિ. વળી નેઅમતને તમામ ફરમાવી. 'તમામ' એ છે કે જેમાં વધારો તો થઈ શકે પણ ઘટાડો નહિ.

જ્યારે અલ્લાહતઆલા ઈસ્લામથી રાજી છે તો ઈસ્લામના બાનીથી એથી ક્યાંયે કેટલાય દરજ્જે વધુ રાજી છે. એવી જ રીતે એ મુસલમાનોથી રાજી. **અલ્લાહતઆલા આપણને ઈસ્લામ પર કાઈમ રાખે, આમીન.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۲۴ : قَدْ جَآءَكُم مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ ۙ

**(૨૪) બેશક- અલ્લાહ તરફથી તમારી પાસે નૂર આવ્યું અને રોશન કિતાબ.** *(પા. ૬, સૂરઅ માએદહ; રૂકૂઅ ૩)*

આ મહાન આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મહાન ના'ત છે. એમાં એહલે-કિતાબને ઉદેશીને ઈરશાદ થઈ રહયો છે કે હે અલ્લાહના બંદાઓ ! તમારી પાસે મોટી શાનવાળું નૂર અને ઊઘાડી કિતાબ પહોચ્યાં.

આ આયતમાં હુઝૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નૂર ફરમાવવામાં આવ્યા. નૂર એ છે કે જે જાતે જાહેર-પ્રગટ હોય ને બીજાઓને જાહેર-પ્રગટ કરી દે. જુઓ, સૂર્ય નૂર છે. એને જોવા માટે બીજા કોઈ પ્રકાશની જરૂર નથી. એ જાતે પ્રકાશિત છે અને જેના ઉપર તે દ્રષ્ટિપાત કરે તે પણ પ્રકાશિત છે.

દુન્યામાં કોઈ કુટુંબને કારણે પ્રખ્યાત બને છે, કોઈ ધંધાને લીધે તો કોઈ સલ્તનતને કારણે- **પરંતુ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કોઈ કારણે નથી ચમકયા- એ તો જાતે નૂર છે- એમને કોણ ચમકાવે ! બલ્કે એમના કારણે તો બધા ચમકી ગયા છે.** એ જ કારણે, આપનો પવિત્ર જન્મ કોઈ બાદશાહને ત્યાં ન થયો, કોઈ શ્રીમંત ઘરમાં પધરામણી ન થઈ- એટલે સુધી કે પવિત્ર જન્મ પહેલાં વાલિદની છત્રછાયા પણ જતી રહી. એલાને નબૂવ્વત પહેલાં લગભગ બધાં નજીકના સગાં આગળ

પાછળ દુન્યા છોડી ગયાં અને એલાને નબૂવ્વત પછી જે બાકી રહયાં તે લોહીનાં પ્યાસાં; જેથી હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ શોહરત એમના કુટુંબ કે નજીકનાં સગાંઓને લીધે છે એમ કોઈ કહી જ ન શકે.

સારાંશ કે આટલી બધી નિરાધારતા છતાં સમસ્ત દુનિયા આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઓળખે- પિછાણે છે. ને વળી કેવા પિછાણે છે કે પવિત્ર પધરામણી પહેલાં જ દુનિયા આખીમાં ધુમ મચી ગઈ- નબીએ અખિરૂઝઝમાનનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઝમાનો આવી ગયો એ બધાએ જાણ્યું કે દોસ્તોમાં આનંદ અને દુશ્મનોમાં રંજ ફેલાઈ ગયો. **પવિત્ર બાળપણમાં બાળકો જ નહિ, પણ જાનવર તથા પથ્થરો સુધ્ધાં પિછાણતાં કે તેઓ અંતિમ નબી છે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ).**

દાઈ હલીમા હુઝૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) લઈને પોતાને ઘેર ચાલ્યાં તો ખચ્ચરે કહયું, "હે હલીમા ! મારી પીઠ ઉપર નબીએ આખિરૂઝઝમાન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બિરાજમાન છે." *(મદારિજ)*

વળી આપની આ નૂરાનિયત કે આપને જમીન જાણે, આસમાન પિછાણે. ફર્શી (જમીનવાળાઓ) જાણે અને અર્શી (આસમાનવાળાઓ) સેવા કરે. ઈશારો કરે તો ડૂબેલો સૂરજ પાછે ફરે અને પૂર્ણ ચંદ્રમા બે ભાગમાં વહેંચાઈ જાય. સૂરજ અને ચંદ્ર જાણે કે એ હુઝૂરનો ઈશારો છે. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

**વફાત પછી આજે તેરસો વરસ કરતાં ય વધુ સમય વીતી ચૂકયો છે, તેમ છતાં જમીનના ખૂણે ખૂણે અને દુન્યાના દેશે-દેશમાં આપનું નામ અને આપનું સંપૂર્ણ કામ, આપના પવિત્ર જીવનની એકે એક વાત દુન્યાવાળાઓ સન્મુખ છે**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ). આટલા અરસામાં વિશ્વમાં 'માશૂક' થયા, બાદશાહ પણ થયા, મોટા મોટા આલિમો ને પંડિતો યે થયા, પરંતુ કોઈનું યે નામ ન રહયું.

**આ વર્ણન હતું આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઝાહિર-પ્રગટ થવાનું, હવે એ જોઈએ કે આપની પવિત્ર ઝાતની બરકતથી બીજાઓ કેવી રીતે ઝાહિર પ્રગટ થયા?** આ સંબંધમાં ટૂંકમાં એટલું કહીશું કે, દુન્યામાં મોટા મોટા અવલાદવાળાઓ, માલવાળાઓ અને બાદશાહતવાળાઓ થયા અને તેઓએ પોતાનું નામ બાકી રાખવા માટે પુષ્કળ પ્રયત્નો કર્યા. કોઈએ કોઈ ઈમારત બંધાવી- દા.ત. તાજમહલ વગેરે. કોઈએ કોઈ કિતાબ લખાવી- મતલબ્ કે બધાએ પોતાનું નામ અમર બનાવવાની ઘણી યુક્તિઓ વિચારી અને વાપરી, પણ કોઈનુંય નામ ના રહયું. પણ હુઝૂરનાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મહાન માબાપ- હઝરત આમિના ખાતૂન અને હઝરત અબ્દુલ્લાહ તેમ જ હઝરત અબ્દુલ મુત્તલિબ અને હાશિમ વગેરે ઉપરાંત હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સેવા અને પરવરિશ કરનારા; જેમકે હઝરત દાઈ હલીમા વગેરેનાં નામ કયામત સુધી મશ્હૂર અને અમર થઈ ગયાં. કારણ માત્ર એટલું જ કે હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુબારક ઝાત સાથે તેઓ સંકળાયેલાં રહેતાં હતા.

**જો અરબ દેશમાં આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પધરામણી ન થઈ હોત તો આજે કા'બાને કોણ જાણતે અને મદીનાને કોણ ઓળખતે ! એ દેશમાં ન કોઈ પ્રદર્શન છે ન કાશ્મીર કે પેરિસ જેવા સહેલધામો. પરંતુ દુન્યા એ તરફ બસ ખેંચાયે જ જાય છે શા માટે? એટલા માટે કે અરબના ઉપવનમાં હઝરત ખલીલના ચમનમાંથી એક એવું ફૂલ ખીલ્યું. જેની મહેકથી સમસ્ત વિશ્વ મધમધી ઊઠયું.**

*(સલ્લલ્લાહો અલયહે વસ્સલમ)*

**એ ફૂલ મદીનાની ક્યારીમાં સુવાસ ફેલાવી રહ્યું છે, એના ખેંચાણથી સૌ એ તરફ ખેંચાઈને દોડી રહ્યા છે- મતલબ કે ઝમીન અને આસમાનની ચક્કી સૌને પીસી નાખે છે, પરંતુ જે મદીનાવાળી વિશ્વના કેન્દ્રસમી ખૂંટીને વળગી પડે છે એ આ ચક્કીમાં પીસાઈ શકતો નથી, એ તો સાફ બચી જાય છે.**

આ વર્ણન તો દોસ્તોનું હતું. પણ જેમણે દુશ્મની કરી તેઓ પણ મશહૂર બની ગયા. જેમકે અબૂ-જહલ વગેરે. આ નૂરના અર્થ અંગેની તેહકીક હતી. હવે બીજી બે વાતો સાથે વિચારવા જેવી છે. એક તો એ કે 'નૂર'ને 'કિતાબ'ની સાથે કેમ સાંકળી લેવામાં આવ્યો ? - આનું કારણ એ છે કે કોઈ કિતાબ અંધારામાં વાંચવામાં આવતી નથી. એને વાચન માટે તો પ્રકાશ જોઈએ. એવી રીતે અલ્લાહની કિતાબને એ સમજી એને જાણી શકે છે જેના દિલમાં એ નૂરે-ઈલાહી પ્રકાશિત હોય. એ દિલમાં આવે તો કુરઆન હાથમાં આવે.

બીજું, 'નૂરૂન'નો શબ્દ તા'ઝીમ માટે છે. એટલે કે 'મોટો નૂર.' હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) 'મોટા નૂર' અનેક પ્રકારે છે. પ્રથમ તો એ રીતે કે સૂરજનો પ્રકાશ પૃથ્વી પર વધતોઘટતો રહે છે. સવારમાં થોડોથોડો તડકો, ખરી બપોરે ધોમધખતો તાપ; સાંજે ફરી પાછો ધીમો તડકો અને રાત્રે તદન અલોપ. પરંતુ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો નૂર કદી ક્યાંય, કદાપી પણ, ઝાંખો પડતો નથી- ઘટતો નથી. વળી, સૂરજ દરેક સમયે માત્ર અર્ધી ધરતીને પ્રકાશિત કરે છે, પણ **'નૂરે- હબીબ'** : અલ્લાહના હબીબનો નૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પૂરેપૂરી ધરતીને બલ્કે ફર્શ અને અર્શ બન્નેને- અજવાળી રહે છે. સૂરજ શરીરના જાહેરને - બાહ્ય ભાગને - ચમકાવે છે; 'નૂરે-હબીબ' અલયહિસ્સલામ દિલને અને દિમાગને, આચારને અને વિચારને- સારાંશ કે સર્વેને- બધેબધને ચમકાવે છે. માણસ સૂરજના તાપથી બચવા માટે કોઈ ભોંયરામાં કે કોટડીમાં સંતાઈ જાય તો તે એના તાપથી બચી શકશે- પરંતુ 'નૂરે-મુહમ્મદી'(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તો ભોંયરામાં, પાતાળમાં, કોટડીમાં, પહાડ પર, બલ્કે જ્યાં ખુદાની ખુદાઈ છે ત્યાં પહોંચે છે- કોઈને મેહરૂમ નથી રાખતો. અલબત્ત, જે પોતે જાણીજોઈને એનાથી ફાયદો ન ઉપાડે એ બદબખ્ત છે- અભાગિયો છે.

હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) વિલાદત મક્કા-મોઅઝ્ઝમામાં થઈ.

મક્કા-મોઅઝઝમાં પૃથ્વીની વચ્ચોવચ આવેલું છે. મહેફિલમાં કિનારાઓના દીવા તો અમુક ચોક્કસ જગ્યા પર જ પ્રકાશ પાથરે છે- પરંતુ વચ્ચોવચનો સંપુર્ણ પ્રકાશિત દીવો આખી મેહફિલને ઝગમગાવી મૂકે છે. બીજા અમ્બિયાએ- કિરામ આલમની અતરાફના દીવા હતા, જેઓ અમુક ચોક્કસ જમાઅતોને માર્ગદર્શન આપી રહ્યા- **પરંતુ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સમસ્ત ખુદાઈના નૂર છે. એટલે આપે મધ્યમાં પ્રકાશ** રેલાવ્યો. હઝરત યુસુફ અલયહિસ્સલામ મિસરમાં જઈને ચમક્યા. જજ કોર્ટમાં, મોલવી મદ્રસામાં, બાબુ સ્ટેશન પર- **પરંતુ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ દરેક સમયે, દરેક સ્થળે ચમક્યા. એમનો સિક્કો અર્શ અને ફર્શ દરેકેદરેક બજારમાં ચાલે છે.**

અલ્લાહતઆલાએ આ આયતમાં હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નૂર ફરમાવ્યા અને કુરઆનને ''મુબીન''- એટલે જાહેર કરનાર. નૂરમાં અને મુબીનમાં શો ફર્ક છે ? નૂર તો આંખ વડે જાહેર થાય છે- બલ્કે આંધળાં પણ કાંઈક મેહસૂસ કરી લે છે. આ અર્થમાં તો હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નૂર થયા, જેથી આંધળા અબૂ-જહલ વગેરે પણ આપને માની ગયા પરંતુ કુરઆને-કરીમને એ જ પિછાણી શક્યું જે ઈમાન લઈ આવ્યું. અને આનાથી મસાઈલ એ જ કાઢી શકે છે, જે ઈલ્મ અને ઈજ્તેહાદ ધરાવતું હોય. કુરઆન પામી લેવું એ દરેક જણનું કામ નથી. કુરઆન ફરમાવે છે :

''હે મેહબૂબ !(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આ કાફિરો આપને જૂઠા નથી કહેતા, પણ તેઓ તો અલ્લાહની આયતોનો ઈન્કાર કરે છે.''

આથી જાણવા મળ્યું કે કાફિર પણ મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અમીન, સાચા, સીધા પંથ પર ચાલનાર તરીકે જાણતા હતા. હા, તેઓ કુરઆનને માનતા ન હતા. આ ફર્ક છે 'નૂર' અને 'મુબીન'માં યા એમ સમજી લો કે કુરઆનને હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ચમકાવ્યું, કારણ કે આપ નૂર છે અને કુરઆને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ગુણો ઠેરઠેર બયાન ફરમાવ્યા; કેમકે એ બયાન કરનાર મુબીન છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۲۵ : اِنَّمَا وَلِیُّکُمُ اللّٰہُ وَرَسُوْلُہٗ وَالَّذِیْنَ اٰمَنُوا الَّذِیْنَ یُقِیْمُوْنَ الصَّلٰوۃَ

وَیُؤْتُوْنَ الزَّکٰوۃَ وَھُمْ رٰکِعُوْنَ ۝ (پارہ ۶- سورہ مائدہ رکوع ۸)

**(૨૫) તમારા દોસ્ત નથી પરંતુ અલ્લાહ અને એનો રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)અને ઈમાનવાળા કે નમાઝ કાઈમ કરે છે અને ઝકાત આપે છે અને અલ્લાહની હુઝૂરમાં ઝુકેલા છે.**

*(પા. ૬, સૂરએ માએદહ, રૂકૂઅ-૮.)*

આ આયતમાં મુસલમાનોને એક જરૂરી હુકમ કરવામાં આવ્યો છે- પણ એ

સાથે જ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈઝઝત અને અઝમત વર્ણવવામાં આવી છે.

એનું શાને-નુઝૂલ એ છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને સલામ, જે યહૂદી આલિમ હતા તેઓ ઈસ્લામમાં દાખલ થયા. આથી એમની કોમ બની કરીઝા અને બની નદીરે આપસમાં મળીને એમનો સામાજિક બહિષ્કાર કરવાનું નક્કી કર્યું. પરિણામે, એમની પુરી કોમે એમની સાથે બેટીવ્યવહાર, લે-વેચ, ઊઠવું-બેસવું બધું છોડી દીધું. આની શિકાયત તેમણે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કરી, એ પ્રસંગે, મઝકૂર આયત ઊતરી.

આયતમાં એ સ્પષ્ટ કરાયું કે તમારાથી કાફિરો અલગ થઈ ગયા તેથી શું થયું? તમારાથી કાફિરો છૂટયા અને તમને અલ્લાહ, અલ્લાહના રસૂલ(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તથા મુસલમાનોની દોસ્તી અને મહબ્બત હાંસિલ થઈ. તમે આ સોદામાં ખોટમાં નથી રહ્યા, કાફિરોને છોડ્યા અને ખુદાને મેળવ્યો- ખુદાના રસૂલનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સાયો મળ્યો; મુસલમાનોની મૈત્રી હાસિલ થઈ.

આનાથી મુસલમાનોને કેટલાક લાભ મળ્યા. એક તો એ કે અલ્લાહ સિવાય રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અને મુસલમાનો સાથે દોસ્તી કરવી એમાં ગુનાહ નથી. બીજું એ કે અલ્લાહ અને એના રસૂલની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મદદ તથા મૈત્રી બીજા બધા કરતાં પૂરતી છે. ત્રીજું એ કે હદીસમાં આવે છે- ઈસ્લામની લિઝઝત એ જ પામી શકે છે જે અલ્લાહ માટે મહબ્બત અને અલ્લાહ માટે અદાવત કરે- અર્થાત :- અલ્લાહવાળાઓથી મહબ્બત કરે અને દીનના દુશ્મનોથી દૂર રહે. ચોથું એ કે અવલિયા, મશાઈખ, ઉલમા, સહાબા, એહલે- બયતની મહબ્બત અલ્લાહની મોટી નેઅમત છે. એ બધા મો'મિનોના સરદાર છે. 'સૂરએ ફાતિહા' માં એટલે જ ફરમાવ્યું કે : ખુદાયા, અમને એમના રસ્તે ચલાવ, જેમના પર તેં ઈન્આમ ફરમાવ્યું છે અને હકીકતમાં મુસલમાનો અથવા અવલિયાએ-કિરામ સાથે મહબ્બત રાખવી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મહબ્બત માટે છે; તેઓ હુઝૂરને પ્રાપ્ત કરવાના દરવાજા છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۲۶ : یٰۤاَیُّهَا الرَّسُوۡلُ بَلِّغۡ مَاۤ اُنۡزِلَ اِلَیۡكَ مِنۡ رَّبِّكَ ؕ وَاِنۡ لَّمۡ تَفۡعَلۡ فَمَا

بَلَّغۡتَ رِسَالَتَهٗ ؕ وَاللّٰهُ یَعۡصِمُكَ مِنَ النَّاسِ ؕ (پارہ ۶ سورہ مائدہ رکوع ۱۰)

**(૨૬) હે રસૂલ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)પહોંચાડી દો જે ઊતર્યું તમારા પર તમારા રબ તરફથી અને એવું ન થાય તો તમે એનો કોઈ પયગામ ન પહોંચાડ્યો અને અલ્લાહ તમારી નિગેહબાની કરશે લોકોથી.**

*(પા. ૬, સૂરએ માએદહ, રૂકૂઅ ૧૦.)*

આ આયતમાં આમ તો હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તબ્લીગ ફરમાવવાનો હુકમ આપવામાં આવ્યો છે પણ એ સાથે જ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત શરીફ પણ સ્પષ્ટ થઇ રહી છે. આ આયતમાં જણાવ્યું છે કે હે મેહબૂબ !(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપ વિના ખટકે બેધડક એહકામની તબ્લીગ ફરમાવો અને કોઇ દુશ્મનનો ડર ન રાખો, કેમકે અમે (અલ્લાહ) આપના રક્ષક છીએ. પહેલાંના પયગમ્બરોને કાફિરોએ શહીદ કર્યા અથવા એમની તબ્લીગ રોકવાના પ્રયાસ કર્યા, પરંતુ આપની ઈઝઝત-અઝમત વગેરેના રક્ષક અમે (અલ્લાહ) છીએ; આપ છૂટથી તબ્લીગ ફરમાવો !

આ આયતનું શાને-નુઝૂલ એ છે કે મદીનાના યહૂદીઓએ હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિનંતી કરી : અમે મોટી જમાઅતવાળા અને બળવાન પણ છીએ. જો આપ તબ્લીગ ત્યજી દો તો અમે આપની ઈઝઝત કરીશું અને ખિદમત પણ. પણ જો આપ નહિ છોડો તો અમે આપને શહીદ કરી નાખીશું. આથી મુહાજિર અને અન્સારના ૧૦૦ જેટલા માણસો આપના રક્ષણ માટે હાજર રહેવા લાગ્યા. પછી જ્યારે આ આયત ઊતરી ત્યારે હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખિદમતગારોને ફરમાવ્યું, તમે હવે તમારા ઘેર જઇ આરામ કરો, મારા રક્ષણની જવાબદારી મારા રબે લઇ લીધી છે. *(રૂહુલ બયાન)*

**સુબ્હાનલ્લાહ, રબતઆલાએ દીને ઈસ્લામ અને કુરઆન વિષે ફરમાવ્યું કે "અમે જ એના રક્ષક છીએ" અને સાહિબે-કુરઆન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે ઈરશાદ ફરમાવ્યો કે આપને લોકોથી રક્ષિત રાખીશું.** પહેલાંના નબીઓના ન તો દીનના રક્ષણની જવાબદારી લીધી ન એમના જાનોની રક્ષાની. એ જ કારણે એમના દીન સુરક્ષિત ન રહ્યા અને કિતાબો પણ.

મક્કાના કાફિરો તથા મદીનાના યહૂદીઓએ હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) શહીદ કરવાના પુષ્કળ પ્રયત્નો કર્યા, પણ તેઓ નિષ્ફળ ગયા. રબતઆલાએ ગારે-સોરમાં મકડીના જાળાનું રક્ષણ આપી હબીબ અલયહિસ્સલામને બચાવ્યા અને કયામત સુધી આપની અઝમતને મેહફૂઝ ફરમાવી દીધી. આજે પણ બાદશાહો વિરૂદ્ધ લોકો લખાણો છાપી મારે છે પરંતુ અલ્લાહનો શુક્ર છે કે કોઇ બેદીનને બારગાહે-રિસાલતમાં(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુસ્તાખી કરવાની હિમ્મત થતી નથી. જો કોઈ એવી ગુસ્તાખી કરે પણ છે તો એને એની તુરત જ સજા મળી જાય છે. આ છે રબની હિફાઝત !

હઝરત ઈસા અલયહિસ્સલામને યહૂદીઓએ પરેશાન કર્યા તો ચોથા આસમાન ઉપર બોલાવી લઇ એમની રક્ષા કરી - પરંતુ મેહબૂબને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **દુશ્મનો વચ્ચે જ રાખ્યા અને ફરમાવ્યું, મેહબૂબ !(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખૂબ તબ્લીગ કર્યે જાઓ.**

**આ આયતથી જણાયું કે જે શખ્સ એમ કહે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે હઝરત ઉમરના ડરથી હઝરત અલી કર્રમલ્લાહો**

વજ્હોહૂની ખિલાફતની જાહેરાત ન કરી તે કાફિર છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۲۷ : وَاَطِیْعُوا اللّٰهَ وَاَطِیْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا فَاِنْ تَوَلَّیْتُمْ فَاعْلَمُوْٓا

اَنَّمَا عَلٰی رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِیْنُ ۝ (پارہ ۷ سورۃ مائدہ رکوع ۱۲)

**(૨૭) અને હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને સાવધાન રહો પછી જો તમે ફરી જાવ, તો જાણી લો કે અમારા રસૂલ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **પર સ્પષ્ટ હુકમ પહોંચાડી દેવાનું છે.**

*(પા. ૭, સૂરએ માએદહ : રૂકૂઅ-૧૨.)*

આ આયતમાં મુસલમાનોને ખુદા અને રસૂલની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈતાઅત કરવાનો હુકમ આપવામાં આવ્યો છે અને હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'ત ઈરશાદ ફરમાવવામાં આવી છે. પ્રથમ તો એ જાણવું જોઇએ કે રબતઆલાએ પોતાની ઈતાઅતનું અલગ વર્ણન કર્યું અને રસૂલની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈતાઅતનું અલગ. આથી જણાયું કે કેવળ કુરઆનને માની લેવું હિદાયત માટે પૂરતું નથી; હદીસો પર અમલ પણ જરૂરી છે.

ઘણાં એવાં કામ છે જેનો હુકમ હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપ્યો, પણ કુરઆનમાં એનો ઉલ્લેખ નથી. સુન્નતે નબવી સમજીને ઉમ્મત એને કરે છે. એ બંનેને બજાવી લાવવું અને હક જાણવું ઈસ્લામમાં અનિવાર્ય છે. જેમ કુરઆનનો ઈન્કાર કુફ્ર છે તેમ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હદીસને જાણી-જોઈને ન માનવું કુફ્ર છે. એ જુદી વાત છે કે કોઇ વાતના હદીસ હોવામાં શંકા હોય, પછી એના સુબૂતનો ઈન્કાર કરે, પરંતુ વિશ્વાસપૂર્વક ફરમાને-મુસ્તફાની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખાતરી થયા પછી એને બુરૂં જાણે તે કાફિર છે.

હઝરત સિદ્દીકે અકબરે ખુદ સાંભળી લીધું. હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવે છે કે અમ્બિયા-જૂથની છોડેલી મિલ્કતની વહેંચણી - ભાગ પડતા - નથી. એમનો છોડેલો માલ વકફ-સદકો (સદકએ વકફી) છે. જો કે મીરાસ (વારસા વહેંચણી)નું સુબૂત કુરઆને કરીમથી હતું, પરંતુ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વં સલ્લમ) મિલ્કતની વહેંચણી કરવામાં ન આવી.

હઝરત અલી કર્રમલ્લાહો વજ્હોહૂ સુદ્ધાંએ પોતાના ખિલાફતકાળમાં હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) વારસાની વહેંચણી ન કરી. બગીચાઓ અને જમીન સિદ્દીકી અને ફારૂકી યુગ પેઠે વકફ પેટે વપરાતા રહ્યા. મજાની વાત તો આમાં એ છે કે અલ્લાહની ઈતાઅત તથા રસૂલની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈતાઅતમાં

ફર્ક પણ છે. તે એ કે રબતઆલાની ઈતાઅત કેવળ ફરમાનની હશે, એનાં કાર્યોમાં ઈતાઅત નહિ, પરંતુ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈતાઅત ત્રણ ચીજોમાં કરવામાં આવશે.

અર્થાત :- જે ફરમાવી દીધું એને માની લ્યો; જે હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જાતે કરીને બતાવ્યું એને માની લો, જે કોઈને કરતા જોઈને મના ન ફરમાવ્યું, એને માની લો. (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)

آیت ۲۸ : يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ

وَاِنْ تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ عَفَا اللّٰهُ عَنْهَا وَاللّٰهُ غَفُوْرٌ

حَلِيْمٌ ۝ (پارہ ۷ سورہ مائدہ رکوع ۱۳)

**(૨૮) હે ઈમાનવાળાઓ ! એવી વાતો ન પૂછો જે તમારા પર ઝાહિર કરવામાં આવે તો તમને બુરી લાગે અને ત્યારે પૂછશો જ્યારે કુરઆન ઊતરી રહ્યું છે, તો તમારા પર ઝાહિર કરી દેવામાં આવશે. અલ્લાહ એમને માફ કરી ચૂક્યો અને અલ્લાહ બખ્શનાર દયાળુ છે.** *(પા. ૭. સૂરએ માએદહ; રૂકૂઅ-૧૩)*

આ પાક આયત હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'તનો એક ગુચ્છ છે; જેમાં ભાત ભાતનાં ને જાત જાતનાં ફૂલો મેહકી રહ્યાં છે.

આ આયતના શાને-નુઝૂલમાં બે વર્ણનો છે : એક તો એ કે કેટલાક લોકો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને નિરર્થક પ્રશ્નો કર્યા કરતા હતા. એક દિવસ ઈરશાદ ફરમાવ્યો, સારૂં. જે કાંઇ પુછવું હોય તે પૂછી લો. અમે દરેક વાતનો જવાબ આપીશું. એકે પૂછયું મારો અંજામ શું હશે ? ફરમાવ્યું, 'જહન્નમ'. બીજાએ પૂછયું, મારો પિતા કોણ છે ? હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું, 'તું સદાકાના નુત્ફાથી છે' એટલે કે તું હરામનો બાળક છે. (એની મા સદાકાની પત્ની ન હતી.) આને લીધે આ આયત ઊતરી અને ફરમાવ્યું કે હે ! મુસલમાનો, અમારા મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પાસે એવી વાતો ન ઊઘડાવો, જેમાં તમારા અયબ ખુલી જાય. *(તફસીરે અહમદી)*

મુસ્લિમ અને બુખારીમાં રિવાયત છે કે એ પ્રસંગે અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમીએ પુછયું. 'મારો પિતા કોણ છે ?' ફરમાવ્યું. હુઝાફા.

આ સાંભળીને એની માએ અબ્દુલ્લાહને કહ્યું : તું મોટો નાલાયક છે. અજ્ઞાનતા-કાળની સ્ત્રીઓની તને શું ખબર ! જો તારી માએ કોઇ પાપ કર્યું હોત તો આજે કેવી રૂસ્વાઇ થાત !

મુસ્લિમની રિવાયતમાં છે કે એક વખત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે હજ ફર્ઝ છે. એક શખ્સે પુછયું, શું દર વરસે ફર્ઝ છે ? હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મૌન રહ્યા. પેલાએ વારંવાર એ જ પ્રશ્ન કર્યો. ઈરશાદ ફરમાવ્યો કે જો અમે એ વેળાએ હા કહી દીધી હોત તો વર્ષોવર્ષ માટે હજ કરવી ફર્ઝ થઇ જાત અને તે તમે કરી શકતે નહિ. એટલે આ આયત ઊતરી અને ફરમાવ્યું કે **હે મુસલમાનો ! પ્રશ્નો કરીને એવા બંધનો ન વહોરી લો કે, જે તમને ભારે પડી જાય.**

આ આયતમાં અનેક રીતે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'ત વર્ણવવામાં આવી છે : પ્રથમ તો એ કે બારગાહે ઇલાહીમાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ અઝમત અને ઇઝઝત છે કે રબતઆલા ગુલામોને હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બારગાહમાં ઊઠવા, બેસવા, બોલવા અને વાત કરવાની સભ્યતાની તા'લીમ આપે છે. આ રીતે પુછો, આ રીતે વાત કરો વગેરે અને હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઇને પોતાની અદબ જાળવવાનું શીખવવાની જરૂરત સુદ્ધાં જણાતી નથી.

બીજું, પહેલી રિવાયત પરથી માલૂમ પડયું કે **હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તમામ લોકોની અસ્લિયત અને એમના અંજામથી વાકિફ છે. કોણ કોનો પુત્ર ને કોણ જહન્નમી છે તે આપ જાણે છે.**

ત્રીજું એ, કે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એહકામના માલિક બનાવવામાં આવ્યાં છે જે **પણ વેણ આપના મુબારક મુખમાંથી નીકળે તે કાનૂને-ઈલાહી બની જાય છે.**

**ચોથું એ, કે જે ચીજને શરીઅતે હરામ ન ઠરાવી હોય તે હલાલ છે. મિશ્કાતમાં છે કે હલાલ તે જેને અલ્લાહે હલાલ કર્યું અને હરામ તે જેને અલ્લાહે હરામ કર્યું. જેનો કાંઇ ઉલ્લેખ ન હોય તે માફ છે.** તો હવે મીલાદની મેહફિલ, બુઝૂર્ગોની ફાતેહા વગેરે જે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સમયમાં ન હતા તે જાઇઝ છે; કેમ કે શરીઅતે એમને કયાંય પણ હરામ કહ્યાં નથી.

પાંચમું એ, કે અગર કોઇ બુઝૂર્ગ કોઈ 'અમલ' યા 'વઝીફો' બતાવી દે અને **કોઇ પાબંદી ન બતાવે તો નાહક- મફતના પુછી-પુછીને પાબંદીઓ ન લગાડાવો.** બની ઇસ્રાઇલને કહેવામાં આવેલું કે એક ગાય ઝિબ્હ કરી એનું ગોશ્ત મય્યતના મોં ઉપર મારશો તો તે જીવતી થઇને પોતાના કાતિલનું નામ બતાવી દેશે. પરંતુ એમણે વારંવાર પુછયું કે ગાય કેવી હોય, કેવા રંગની હોય, કેટલી ઉમરની હોય- પુછતા રહ્યા અને પાબંદીઓ વધતી રહી. જો તેમણે કશું પુછયા વિના કોઇ પણ જાતની ગાયને કાપી નાખી હોતે તો એટલું પુરતું હતું. એટલે, આ પ્રકારે પુછી-પુછીને બંધનો વધારો નહિ.

آیت ۲۹ : قَدْ نَعْلَمُ اِنَّهٗ لَيَحْزُنُكَ الَّذِیْ یَقُوْلُوْنَ فَاِنَّهُمْ لَا یُكَذِّبُوْنَكَ

وَلٰكِنَّ الظّٰلِمِیْنَ بِاٰیٰتِ اللّٰهِ یَجْحَدُوْنَ ○ (پارہ ۷، سورہ انعام رکوع ۴)

**(૨૯) અમે જાણીએ છીએ કે આપને રંજ પહોંચાડે છે એ વાત- જે તેઓ કહી રહ્યા છે- તો તેઓ અમને નથી જુઠલાવતા, પરંતુ એ જાલિમ, અલ્લાહની આયતોથી ઈન્કાર કરે છે.**

*(પા. ૭. સૂરએ અન્આમ, રૂકૂઅ-૪)*

આ આયતથી પણ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ અને આપની અલ્લાહ પ્રત્યેની નિકટતા સ્પષ્ટ રીતે જાહેર થાય છે.

શાને નુઝૂલ : અખ્નશ ઈબ્ને કયસ અબૂ જેહલનો ગાઢ મિત્ર હતો. એક વાર અખ્નશ અબૂ જેહલને એકાંતમાં મળ્યો. તેણે કહ્યું, હે અબુલ હકમ (આ અબૂ જેહલનું લકબ હતું.) ! આ એકાંત સ્થળ છે. તારી ને મારી વચ્ચેની વાતની કોઈને જાણ નહિ થાય તું સાચું કહી દે કે મુહમ્મદ રસૂલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સાચા છે કે નહિ ?

અબૂ જેહલે કહ્યું, અલ્લાહના કસમ. મુહમ્મદ(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બેશક સાચા છે. કયારેય કંઈ ખોટું - જૂઠવચન એમની જીભ પર આવ્યું નથી. પણ વાત એ છે કે તેઓ 'કસી' ની અવલાદ છે. એમના ખાનદાનમાં તમામ બુઝૂર્ગીઓ (ઉચ્ચતા) પહેલાંથી જ છે. બયતુલ્લાહનું પાણી પીવડાવનાર. ખાન-એ-કા'બાના **'હાજિબ'** વગેરે એ જ છે. હવે નબૂવ્વત પણ તેમનામાં પહોંચી રહી છે, તો બીજા કુરેશીઓ માટે હવે કઇ ઇઝ્ઝત બાકી રહી ? આ ઉપરથી મજકૂર આયતે- કરીમાં ઊતરી.

*(ખાઝિન)*

તિરમિઝીએ હઝરત અલી કર્રમલ્લાહો વજ્હોહૂથી રિવાયત કરી છે કે - એક વાર અબૂ જેહલે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સેવામાં હાજર થઇ અરજ કરી - અમે આપને જૂઠા નથી માનતા. અલબત્ત, અમે એ કિતાબને જૂઠી કહીએ છીએ જે આપ લાવ્યા છો. એ ઉપરથી આ આયત ઊતરી.

આ આયતથી હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) શાન અને અઝમત કેટલીક રીતે સાબિત થઇ. પ્રથમ તો એ રીતે કે હુઝૂર**(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબતઆલાના એવા મેહબૂબ- મિત્ર છે કે જો કોઈની વાતથી એમને રંજ પહોંચે તો રબતઆલા એ મુબારક દિલને શાંતિ અર્પે છે. કુફ્ફાર તો ઈજા પહોંચાડી દે, પણ રબતઆલા શાંતિ અર્પણ કરે.**

કાફિરો કહેતા હતા કે આપ રસૂલ(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નથી, જેથી પવિત્ર તબિયત રંજ અનુભવતી. અલ્લાહે ફરમાવ્યું- મારા પ્યારા ! આ લોકો આપને

ખોટા નથી કહેતા, તેઓ તો મને અને મારી આયતોને જુઠલાવે છે- આપ શાને રંજ કરો છો ! *(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)*

બીજી એ રીતે કે હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જીવન એવું પવિત્ર, પુનિત ને સાફ, સ્વચ્છ છે કે દોસ્ત તો દોસ્ત- પણ દુશ્મન સુદ્ધાં સર્વાનુમતે આપને ''અમીન'' - સાચા - માનતા હતા. **આખી દુન્યામાં અગર કોઈ એવી હસ્તી થઈ હોય, જેણે કદી વિનોદ - વાતમાં પણ, ભૂલી ને ય, જુઠ ન ઉચ્ચાર્યું હોય, તો તે પાક હસ્તી છે સાહિબે - લૌલાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.**

માણસને એના ગામના અને ખાસ કરીને બાળપણના મિત્રો સારી પેઠે ઓળખતા હોય છે. ખાસ કરીને તેઓ એની આંતરિક અને બાહ્ય જિંદગીના જાણકાર હોય છે. તે પારકાઓમાં જઈને ગમે તેવો સારો કેમ ન બને પણ જો એ ખરેખર બુરો હોય તો પોતાનાઓમાં તો એ બુરો જ રહેવાનો.

અહીં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વિષે વિચારીએ, તો આપે નબૂવ્વતનો દા'વો કરતાં વેંત જ સૌથી પહેલાં ઈમાન લાવનાર ખુદ એમના બાળપણના સાથી હઝરત અબૂબક્ર સિદીક અને હુઝૂરનાં(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જીવનસંગિની હઝરત ખદીજતુલ કુબરા રદિયલ્લાહો તઆલા અન્હા જ હતાં. જે લોકોએ ઇન્કાર કર્યો એમને તો માત્ર ઈર્ષાને લીધે જ. તેઓ આપની પાક ઝાતમાં કોઈ દુષણ કે દુર્ગુણ કાઢી કે બતાવી શકે તેમ હતા જ નહિ.

ત્રીજું, એ પ્રકારે કે આયતનો અર્થ એવો ય થઈ શકે છે કે હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)આપની નબૂવ્વતનો ઇન્કાર, આપના કમાલ પર ટીકા અને આપની તા'રીફથી ચીઢાવું એ હકીકતમાં અમારી આયતોનો ઈન્કાર છે. જો રાજા કોઈને અમલદાર નીમી એની રૈયતમાં મોકલે અને લોકો એનો વિરોધ કરે અને એને અમલદાર ન માને તો હકીકતમાં તેઓ એનો નહિ પણ રાજાનો વિરોધ કરે છે. તેઓ એ રીતે રાજ્યના બંડખોર ગણાશે.

એ જ પ્રકારે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ગુણ ખૂબીઓનો જે ઈન્કાર કરે તે આપનો નહી - પણ અલ્લાહની આયતોનો જ ઈન્કાર કરે છે.

**હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઝાત અને હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સિફાત રબને પિછાણવાનું સાધન છે** એ કાફિરોએ આપની નબૂવ્વત અને રિસાલતનો ઈન્કાર કર્યો - રબે ફરમાવ્યું કે તેઓએ અમારી નિશાનીઓનો ઈન્કાર કરી દીધો.

પાંચમું એ પ્રકારે કે, દુન્યાની દરેક ચીજ કુદરતે- ઈલાહીની નિશાની છે. દરેક વસ્તુ ખુદાની વેહદાનિયત પ્રદર્શિત કરે છે. પરંતુ દુન્યાની દરેક ચીજ ખુદાની એક સિફતની નિશાની છે. સૂર્ય ખુદાના નૂરનો પતો આપે છે. પાણી તથા પવન ખુદાની સખાવતનો ખુત્બો પઢી રહ્યા છે. **પરંતુ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબતઆલાની**

ઝાત અને સર્વ સિફાતના મુખ્ય કેન્દ્ર સમા છે. અગર રબના ઈલ્મને જોવું હોય તો મુસ્તફાના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈલ્મને જુઓ. અગર રબની સખાવતને જોવી હોય તો મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સખાવતનું મનન કરો.

**માલિકે કૌનેન હય ગો પાસ કુછ રખતે નહીં,**
**દો જહાં કી નેઅમતે હય ઉનકે ખાલી હાથમેં.**

હઝરત અનસ રદિયલ્લાહો તઆલા અન્હોને બરકતની દુઆ આપી દીધી તો બીજા બધાના બગીચાઓમાં વરસમાં એક વખત પાક ઊતરતો હતો પણ હઝરત અનસના બગીચામાં વરસમાં બે વાર પાક ઊતરવા લાગ્યો. *(મિશ્કાત-બાબુલ કરામાત)*

હઝરત જાબિર અને અબૂ હુરયરાને જો થોડી ઈનાયતો ફરમાવી દીધી તો ત્રીસ વરસ સુધી એ ખતમ ન થઈ. (મિશ્કાત : બાબુલ મુઅજિઝાત). એક પ્યાલો પાણીનો હતો. આપે એમાં પોતાની મુબારક આંગળીઓ મૂકી, તો પાણીનાં ઝરણાં ફૂટી નીકળ્યાં. સેંકડો માણસોએ એ વડે વઝૂ કર્યું, ગુસલ કર્યો, જાનવરોને પાણી પીવડાવ્યું. મશકો ભરી લીધી; જ્યારે હઝરત જાબિરને ઘેર ચાર શેર આટામાં પૂરા લશ્કર અને આખા મદીનાવાળાઓને દા'વત ખવડાવી દીધી. **આ છે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સખાવત.**

**જો ખુદાની કુદરત જોવી હોય તો મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કુદરત જુઓ.** હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એક જ ઈશારે ડૂબેલા સૂરજને ફરી કાઢી બતાવ્યો (શામી), સંપૂર્ણ ચાંદના બે કટકા કરી નાખ્યા. (કુરઆને કરીમ), કુદરતી હાજત માટે દૂર દૂર આવેલાં બે વૃક્ષોને નજીકમાં લાવી મૂક્યાં, **જો અલ્લાહનો નૂર જોવો હોય તો મુસ્તફાનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)જમાલ જુઓ.**

હઝરત જાબિર ફરમાવે છે : ચાંદની રાત હતી. મેહબૂબ અલયહિસ્સલામ 'હલ્લા' પહેરીને બેઠા હતા. હું ક્યારેક આસમાનના ચાંદને જોતો હતો અને ક્યારેક મારા મદીનાના ચાંદને ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **વલ્લાહ, મુસ્તફાનું(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુખડું ચાંદ કરતાંયે વધારે તેજવંતું અને રૂપવંતું હતું.**

**સારાંશ કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબની 'આયતો' છે - જેણે આપનો ઈન્કાર કર્યો એણે રબતઆલાનો ઈન્કાર કર્યો અને જેણે આપનો ઈકરાર કર્યો એણે રબને પિછાણ્યો.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۳۰ : وَمَا قَدَرُوا اللّٰہَ حَقَّ قَدْرِہٖٓ اِذْ قَالُوْا مَآ اَنْزَلَ اللّٰہُ عَلٰی بَشَرٍ مِّنْ شَیْءٍ ؕ

**(૩૦) અને યહૂદીઓએ અલ્લાહની કદ્ર ન જાણી, જેવી જાણવી જોઈતી હતી - જ્યારે બોલ્યા, કે અલ્લાહે કોઈ માણસ ઉપર કાંઈ નથી ઊતાર્યું.** *(પારા ૭, સૂરએ અન્આમ, રૂકૂઅ ૧૧.)*

બાહ્યિક નજરે તો આ આયત યહૂદી કાફિરોની બુરાઈમાં નાઝિલ થઈ છે. પરંતુ ઈમાનની નજરે જોવામાં આવે તો એમાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નાતે પાકના એવાં ફૂલ મેહકી રહ્યાં છે, જેનાથી ઈમાનવાળાનું દિમાગ મઘમઘી ઊઠે છે.

**શાને નુઝૂલ :** એક વેળા યહૂદીઓની એક જમાઅત પોતાના આલિમોના સરદાર માલિક ઈબ્ને સૈફને લઈને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સેવામાં 'મુનાઝિરા' માટે આવી. હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એને ફરમાવ્યું, માલિક ! તને હું એ પરવરદિગારના સોગંદ આપું છું જેણે હઝરત મૂસા ઉપર તવરયત નાઝિલ ફરમાવી - શું તેં તવરયતમાં જોયું છે કે : **ઈન્નલ્લાહા યુબ્ગેદુ હિબ્રસ્સમીન** (અર્થાત : ખુદાતઆલા જાડા આલિમને દુશ્મન રાખે છે.) માલિક બોલ્યો, હા. હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું, **તું જાડો આલિમ છે. તવરયતના હુકમ પ્રમાણે તું ખુદાનો દુશ્મન છે.**

આ સાંભળીને એ તો ગુસ્સાથી રાતોપીળો થઇ ગયો. આવેશ અને ઉશ્કેરાટમાં એણે કહ્યું, ખુદાએ કોઇ પણ માનવી ઉપર કાંઇ નથી ઊતાર્યું.

આ ઉપરથી મજકૂર આયત નાઝિલ થઇ, જેમાં ફરમાવવામાં આવ્યું કે એ કમબખ્તોએ ખુદાની કદ્ર જ ન જાણી કે એના પયગમ્બરો અને કિતાબોનો ઈન્કાર કરી દીધો.

બધા યહૂદીઓ માલિકની આ વાત સાંભળીને ધુંવાપુંવા થઇ ગયા. તેઓ એને માનભેર લાવ્યા હતા પણ હવે એને ઝાટકી નાખ્યો અને એને એમણે કોમમાંથી જ કાઢી મૂક્યો. *(મદારિજ અને ખાઝિન)*

આથી એમ જણાયું કે હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઇ કનેથી ઇલ્મ શીખ્યું નથી કે કોઇ શિક્ષક આગળ માથું નમાવ્યું નથી. આમ છતાં આપે 'મુનાઝિરા'નો તરીકો એવો લીધો કે હરીફ ઊભી પૂંછડીએ નાઠો. મતલબ કે દલીલનો આરંભ થવા પહેલાં જ સાબિત કરી દીધું કે તું તારા જ મઝહબની રૂએ બેદીન છે. તારા સાથે હું શું વાત કે વિવાદ કરૂં ?

તવરયત - શરીફ ઇબ્રાની ભાષામાં હતી. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એ ભાષા કોઇની પાસે શીખી ન હતી પરંતુ કુરબાન એ ઇલ્મ પર કે તવરયતની આયતો પર પણ નજર છે અને ઇબ્રાની ભાષા પર પણ કાબુ.

**અમ્બિયાએ કિરામ વાકિફ જ પેદા થાય છે.** હઝરત આદમ અલયહિસ્સલામે પેદા થતાં જ અર્શ ઉપર લખાયેલો કલ્મએ - તય્યબ પઢી લીધો અને પૂછયું. 'હે ખુદા ! તારા નામ સાથે આ કયા માનવંતનું મુબારક નામ લખાયેલું છે?' ફરમાવ્યું, **'હે આદમ ! આ એમનું નામ છે, કે અગર એમની પયદાઈશ મન્ઝૂર ન હોત તો આપને પણ પેદા કરવામાં આવ્યા નહોત !**

હઝરત આદમે ભણ્યા ન હોવા છતાં કલમો કેવી રીતે વાંચી લીધો ? એમણે

એ વાંચ્યો નૂરે-નબૂવ્વત વડે. *(મદારિજ)*

કુરઆને- કરીમમાં ઇરશાદ છે કે : નથી મોકલ્યો અમે કોઇ રસૂલ, પણ એમની કોમની ભાષામાં, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તો દરેક કોમના રસૂલ છે.

આથી જાણવા મળ્યું કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દરેક ભાષાથી જાણકાર છે. કુરઆન ફરમાવે છે કે રબતઆલાએ હઝરત આદમને તમામ નામો શીખવ્યાં. તફસીરકારો ફરમાવે છે કે સઘળી ભાષાઓ હઝરત આદમને શીખવવામાં આવી - અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું જ્ઞાન હઝરત આદમના જ્ઞાન કરતાં કયાંયે વધારે છે. **આથી એ પુરવાર થયું કે ખુદાપાકે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પણ દરેક ભાષાનું જ્ઞાન આપ્યું છે.**

હઝરતે સલ્માન ફારસીને હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પ્રશ્ન કર્યો : શિકમ દર્દ ? - આ ફારસી ભાષા છે.

ત્રીજું એ પ્રકારે, કે ઇબ્ને સયફે ખુદાની ઝાતનો ઇન્કાર કર્યો નહોતો - અલ્લાહની કિતાબનો અને પયગમ્બરનો ઇન્કાર કર્યો હતો. પરંતુ રબતઆલાએ ફરમાવ્યું કે એ લોકોએ રબની કદ્ર ન જાણી. **આથી જણાયું કે પયગમ્બર સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમને ન માનવા એ હકીકતમાં રબનો ઈન્કાર છે.**

રબ્બુલ- આલમીન જહાનોનો રબ છે - અને રબ એ જ છે, જે બન્દાઓની જાહેર અને છુપી, દીની અને દુન્યાવી જરૂરતોને પૂરી ફરમાવી દે. દુન્યાની જરૂરિયાત માટે માબાપ, તબીબ, ખોરાક, દવા, ઉમદાં ફળો, જમીન, આસમાન વગેરેનું સર્જન કર્યું અને દીની માર્ગદર્શન માટે અમ્બિયા, અવલિયા, ઉલમા, મશાઈખ, કુરઆન, હદીસ, નેકઅમલ અને વઝીફા વગેરે દુનિયાને અતા ફરમાવ્યા.

હવે જે માણસ કુરઆન યા નબીનો ઈન્કાર કરે છે એ જાણે એવું કહી રહ્યો છે કે - રબતઆલાએ અમારી દીની પરવરિશ ન ફરમાવી. આમ, ખુદાની રબૂબિયત (રબપણા)નો ઇન્કાર થઇ ગયો.

**આથી જાણવા મળ્યું કે લાઈલાહ ઈલ્લલ્લાહો નો એ જ માનનારો છે, જે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ને માને છે.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۳۱ : اَلَّذِیْنَ یَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِیَّ الْاُمِّیَّ الَّذِیْ یَجِدُوْنَهٗ مَكْتُوْبًا

عِنْدَهُمْ فِی التَّوْرٰىةِ وَ الْاِنْجِیْلِ٘ یَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَ یَنْهٰىهُمْ عَنِ الْمُنْكَرِ

اِصْرَهُمْ

وَ یُحِلُّ لَهُمُ الطَّیِّبٰتِ وَ یُحَرِّمُ عَلَیْهِمُ الْخَبٰٓىٕثَ وَ یَضَعُ عَنْهُمْ وَ الْاَغْلٰلَ الَّتِیْ كَانَتْ

**(૩૧) એ જે ગુલામી કરશે એ રસૂલ ઉમ્મી ગયબની ખબરો દેનારની(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ) જેને લખેલું ભાળશે પોતાની પાસે તવરયત અને ઈન્જીલમાં તે એમને ભલાઈનો હુકમ આપશે - અને બુરાઈથી મના કરશે અને સ્વચ્છ - નિર્મળ વસ્તુઓ એમને માટે હલાલ ફરમાવશે અને ગંદી ચીજો એમના પર હરામ કરશે અને એમના પરથી એ બોજ અને ગળાના ફંદા ઊતારી દેશે- જે એમના ઉપર હતા.** *(પા. ૯ સૂરએ અઅરાફ- રૂકૂઅ. ૧૯.)*

આ મહાન આયતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઘણી ખૂબીઓ વર્ણવવામાં આવી છે. પ્રથમ તો એ કે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ત્રણ લકબોથી યાદ ફરમાવ્યા : નબી-રસૂલ-ઉમ્મી.(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)

રસૂલ તો એ ઝાત છે - જે ખાલિક અને મખ્લૂક - સર્જક અને સર્જનની વચ્ચે સંપર્કરૂપે હોય. એટલે કે રબ પાસેથી ફયઝ લઈને મખ્લૂકને પહોંચાડી દે અને મખ્લૂકના ગુનાહ અને દોષ-અપરાધ ખાલિક પાસે માફ કરાવે અથવા મખ્લૂકને શિર્ક તથા કુફ્રથી બચાવીને ખાલિક સુધી પહોંચાડી દે. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમમાં આ ગુણ પુર્ણ રીતે રહેલો છે કે અરબ જેવા દેશમાં પ્રકાશ પાથર્યો અને એમનામાંથી કોઈને 'સિદીક' તો કોઈને 'ફારૂક' બનાવી દીધા.

નબીના બે અર્થો છે. મોટા દરજ્જાવાળો. ખચ્ચિત, હુઝૂરનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ દરજ્જો છે કે ઈન્સાન તો શું કોઈ ફરિશ્તો પણ આપના દરજ્જાને જાણી શકતો નથી. અલ્લાહને તેઓ જાણે છે અને મેહબૂબને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અલ્લાહ જ જાણે છે.

દુન્યાનો કોઈ કવિ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તા'રીફ એના ખરા અર્થમાં પુર્ણ રીતે કરી શકતો નથી. હઝરત હસ્સાન ફરમાવે છે :

**"મેં મારી કવિતા (કલામ) વડે હુઝૂરની તા'રીફ નથી કરી - પરંતુ મારી કવિતાને એમના પાક નામથી તારીફને પાત્ર બનાવી દીધી."**

**"નબી"નો અર્થ છે - ગયબની ખબરો દેનાર.** ખરેખર, નબીએ - કરીમે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જન્નત - દોઝખની, કયામતની, કયામત સુધીની એકે એક ઘટનાની ખબરો સંભળાવી. **આ બધી ગયબની જ ખબરો છે.**

"ઉમ્મી"ના અર્થ અનેક થાય છે. "ઉમ્મ" એટલે મા- અથવા મૂળ; યા તો આનો અર્થ થાય છે મા વાળા નબી. દુન્યામાં દરેક માણસ મા વાળો હોય છે. પરંતુ જેવી મા અલ્લાહે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અતા ફરમાવી એવી મા દુન્યામાં કોઈને ન મળી. હઝરત મરિયમ પણ મા હતાં પરંતુ સૈયદુલ અમ્બિયા અજોડ છે - બેમિસાલ છે તેમ આપના વાલિદા રદિયલ્લાહો અન્હા પણ અજોડ હતાં.

ઉમ્મીનો એક વધુ અર્થ - ઉમ્મી, અર્થાત વાલિદાના પેટમાંથી જ આલિમ પયદા

થયા, કોઈની પાસે ભણ્યા નહિ.

**હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ બે સાયા (પડછાયા વગરના) છે - પણ સમસ્ત દુનિયા ઉપર એમનો સાયો છે.**

ત્રીજો અર્થ - ઉમ્મુલ કુરા - એટલે કે મક્કાના રહેનાર, ચોથા અર્થ - **ઉમ્મી એટલે કે સમગ્ર સૃષ્ટિનું મૂળ.**

આ ત્રણ તો હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈલ્કાબ હતા - હવે આપના છ ગુણો ફરમાવવામાં આવ્યા. તેમના વિષે તવરયત-ઈન્જીલમાં લખાયેલું છે. ઈસ્લામ અંગિકાર કરી ચૂકેલા અને સહાબિયતનું માન પામેલા યહૂદી આલિમો; જેવા કે અબ્દૂલ્લાહ ઈબ્ને સલામ, હઝરત કઅબ અહબાર વગેરેએ હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તવરયતમાં આવેલું વર્ણન સંભળાવ્યું.

**હઝરત અબ્દુલ્લાહ રદિયલ્લાહો તઆલા અન્હોએ તવરયતમાંથી આ પ્રમાણે વર્ણન સંભાળાવ્યું :**

હે નબી ! (સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)અમે તમને 'શાહિદ' અને 'બશીર' અને 'નઝીર' બનાવીને મોકલ્યા. તમે ન પઢેલાઓના નિગેહબાન છો. તમે મારા બન્દા અને રસૂલ છો. મેં તમારૂં નામ મુતવક્કિલ રાખ્યું. ન તમે અગ્રભ્ય છો, ન તુંડમિજાજી, ન બજારોમાં શોર મચાવનારા. તમે બુરાઈનો બદલો બુરાઈથી નહિ આપો - પણ દોષિતોને ક્ષમા આપશો. ખુદા ત્યાં સુધી તમને દુન્યાથી નહિ બોલાવે, જ્યાં સુધી તમારી બરકતથી, બગડેલા દીનને ન સંભાળી દે અને લોકો કલ્મો ન પુકારવા લાગે. તમારી બરકતથી આંધળી આંખો દેખાતી અને બહેરા કાનો સાંભળતા થશે અને પર્દાઓમાં લપેટાયેલાં દિલો ખુલી જશે.(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)

**એ જ પ્રકારનું વર્ણન હઝરત કઅબ અહબારથી નકલ છે.** ઈસાઈઓએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વિષેનાં સઘળાં પાનાં ઈન્જીલમાંથી કાઢી નાખવા ઘણી કોશિશ કરી પરંતુ વર્તમાન ઈન્જીલમાં- કે જેમાં ઘણો ફેરફાર થઈ ચૂક્યો છે તેમાં - પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મોટાઈનું નીચે મુજબ વર્ણન જોવા મળી રહે છે :

**યૂહનાની ઈન્જીલ (બ્રિટિશ એન્ડ ફોરેન બાઈબલ સોસાઈટી, લાહોર, ૧૯૩૧)ના ચૌદમા પ્રકરણની સોળમી આયતમાં છે** : "હું બાપને અરજ કરીશ તો તે તમને બીજો મદદગાર અર્પણ કરશે જે અંતકાળ સુધી તમારી સાથે રહેશે." **આ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'ત છે અને ખાતિમુન્નબીય્યીન (અંતિમ નબી) હોવાનું વર્ણન પણ.**

એ જ પુસ્તકના એ જ પ્રકરણમાં ઓગણત્રીસમી અને ત્રીસમી આયતમાં છે : "એ પછી હું તમારી સાથે ઘણી વાતો કરીશ નહિ. કેમકે દુન્યાનો સરદાર આવે છે

અને મારામાં એનું કંઈ નથી.''

એ જ પુસ્તકના સોળમાં પ્રકરણમાં સાતમી આયતમાં છે : ''પણ હું તમને સાચું કહું છું કે મારૂં જવું તમારા માટે ફાયદાકારક છે- કેમકે જો હું ન જાઉં તો એ મદદગાર તમારી પાસે આવશે નહિ. અગર જઈશ તો એને તમારી પાસે મોકલી દઈશ.''

એ જ પુસ્તકના એ જ પ્રકરણની તેરમી આયતમાં છે : ''પણ જ્યારે એ અર્થાત સચ્ચાઈની રૂહ આવશે તો તમને સંપૂર્ણ સચ્ચાઈનો માર્ગ દેખાડશે. એટલા માટે કે તે પોતાની તરફથી કાંઈ કહેશે નહિ. પરંતુ જે કંઈ સાંભળશે અને એ જ કહેશે અને તમને ભવિષ્યની ખબરો આપશે.''

**વિચારો કે હઝરત ઈસા અલયહિસ્સલામ પછી આવા ગુણો ધરાવનાર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સિવાય બીજું કોણ આવ્યું ?**

બીજો ગુણ એ કે હુકમ આપે છે સારી વાતોનો.

ત્રીજો ગુણ એ કે મના કરે છે બુરી વાતોની. આથી જણાયું કે સારૂં કામ એ જ છે કે સારાઓના સરદારે જાઈઝ કર્યું અને બુરૂં કામ એ જ છે જેનાથી હુઝૂરે (સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)અટકાવ્યા.

ચોથો ગુણ એ છે કે સ્વચ્છ વસ્તુઓ એમના માટે હલાલ ફરમાવે છે.

પાંચમો ગુણ એ કે બુરી વસ્તુઓ એમના પર હરામ ઠેરવે છે.

**આથી જણાયું કે હલાલ અને હરામ કરવાનો હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબતઆલા તરફથી અધિકાર મળ્યો છે. આપ સાહિબે-શરીઅત અને માલિકે શરીઅત છે.** *(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)*

બની ઈસ્રાઈલ પર એમના ગુનાહોને કારણે અમુક સારી ચીજો હરામ કરી દેવામાં આવી હતી જેમકે હલાલ જાનવરોની ચરબી વગેરે. હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)બરકતથી એ હલાલ થઈ. એવી જ રીતે શરાબ વગેરે ગંદી ચીજો એમના પર હલાલ હતી એને હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કયામતપર્યંત નાજાઈઝ ફરમાવી.

છઠ્ઠો ગુણ એ કે એમના પરથી બોજ દૂર ફરમાવે છે. પહેલાં સખ્ત એહકામ હતા જેથી ઈન્સાનોને ઘણી તકલીફ થતી હતી- દા. ત. માલનો ચોથો ભાગ ઝકાતમાં આપવો. વઝૂને બદલે તયમ્મુમ ન કરી શકવું, નમાઝ સિર્ફ ઈબાદતખાનાઓમાં થવી અને ગનીમતનો માલ હલાલ ન હોવો, શરીર કે કપડાં પર નાપાકી લાગી જાય તો એને બાળી નાખવું કે કાપી નાખવું વગેરે વગેરે. હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે સલ્લમ) બરકતથી બની ઈસ્રાઈલની આ તમામ મુસીબતો દૂર થઈ. હવે ઝકાતમાં ચાળીસમો ભાગ વાજિબ થયો, એમાં પણ ઘણી આસાનીઓ કરી દેવામાં આવી. વઝૂ ન કરી શકાય તેમ હોય તો તયમ્મુમ કરી લો, જ્યાં ચાહો ત્યાં નમાઝ પઢી લો; માલે ગનીમત

હલાલ કરી દેવામાં આવ્યો- **એ તમામ આસાનીઓ અને બરકતો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જ સદકો છે.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۳۲ : قُلْ یٰٓاَیُّهَا النَّاسُ اِنِّیْ رَسُوْلُ اللّٰهِ اِلَیْكُمْ جَمِیْعًا (پارہ ۹۔ الاعراف رکوع ۲۰)

**(૩૨) "તમે ફરમાવો કે હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) છું."**

*(પારા ૯, સૂરએ આ'રાફ; રૂકૂઅ ૨૦)*

આ આયતે-કરીમા પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સ્પષ્ટ ના'ત શરીફ છે. આ આયતમાં ઈરશાદ થયો કે : હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) આપ સૌ લોકોને કહી દો- પછી તે લોકો ઈસાઈ હોય અથવા મૂસાઈ. પારસી હોય કે અગ્નિપૂજક, પૂર્વીય હોય કે પશ્ચિમી, ઉત્તરી હોય કે દક્ષિણી- કે હું તમારા સૌના તરફ અલ્લાહનો રસૂલ(સલ્લલ્લાહો અલયહે સલ્લમ) બનીને આવ્યો છું. એટલે કે હવે જે ઈન્સાન પણ અલ્લાહનો બંદો છે, તે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ઉમ્મતી છે. હઝરત આદમ અલયહિસ્સલામની અબૂવ્વત (બાપ હોવું તે.) અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની નબૂવ્વત સર્વસામાન્ય છે, **પરંતુ હકીકત એ છે કે તમામ અમ્બિયા અને તેમની ઉમ્મતોમાં સર્વ રસૂલો, જિન્નાત અને ફરિશ્તાઓ બધા જ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઉમ્મતી છે. આમ, સરકારે દોઆલમ અલયહિસ્સલામ 'નબીઉલ અમ્બિયા'** છે. જેનું વર્ણન અગાઉ આવી ચૂક્યું છે. એ પણ ખ્યાલ રહે કે 'ઉમ્મત' એને કહે છે જેની તરફ નબી તબ્લીગ માટે મોકલવામાં આવે. પહેલાંના અમ્બિયાએ- કિરામને કોઇ ખાસ દેશ અથવા કોઇ ખાસ કોમ તરફ મોકલવામાં આવતા અને બીજી કોમો પર એની ઈતાઅત કરવી ફર્ઝરૂપ ન હતું.

હઝરત મૂસા અલયહિસ્સલામ હઝરત ખિઝર અલયહિસ્સલામની પાસે જ્યારે તશરીફ લઈ ગયા તો હઝરત ખિઝર અલયહિસ્સલામે ફરમાવ્યું : હે મૂસા ! આપનું ઈલ્મ ઔર છે અને મારૂં ઈલ્મ કાંઇ ઔર. આપ બની ઈસરાઈલના પયગમ્બર છો. આપ મારી સાથે સબ્ર કરી શકશો નહિ. એનો અર્થ એ હતો કે આપ મારા નબી નથી અને મારા પર આપની ઈતાઅત ફર્ઝ નથી. હું ઘણાં કામોમાં આપનો વિરોધ કરીશ. આપનાથી એ સહન થઈ શકશે નહિ. આપ મારા એ વર્તન સામે વાંધો લેશો. આથી જાણવા મળ્યું કે હઝરત મૂસા અલયહિસ્સલામ ફકત એક કોમના પયગમ્બર છે પરંતુ અગર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હઝરત ખિઝર અલયહિસ્સલામ પર કરમ ફરમાવીને મુલાકાત ફરમાવતે તો હઝરત ખિઝરને મુહમ્મદી દીનની ઈતાઅત કરવી પડતે.

હદીસ શરીફમાં ઈરશાદ છે કે : **હઝરત મૂસા અલયહિસ્સલામ આજે જીવતા હતે તો તેઓને અમારી ઈતાઅત કરવી પડતે.**

**ઉમ્મત બે રીતની છે. એક તો ઉમ્મતે દા'વત અને બીજી ઉમ્મતે ઈજાબત. જેને તબ્લીગ તો થઈ પણ તેણે કબૂલ ન કર્યું તે ઉમ્મતે દા'વત કહેવાય છે. જેણે તબ્લીગ કબૂલ કરી તે ઉમ્મતે ઈજાબત છે. મુસલમાન હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉમ્મતે ઈજાબત છે અને કાફિરો, મુનાફિકો ઉમ્મતે- દા'વત છે. લોકો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈતાઅત કરે કે ન કરે પણ તેઓ આપની ઉમ્મત જરૂર છે.**

**અલ્લાહના બંદા તો સૌ કોઈ છે- મુસલમાનો પણ અને કાફિરો પણ. મુસલમાનો** બેશક ફરમાંબરદાર બંદા છે અને કાફિર નાફરમાન બંદા; પણ બંદાપણાથી કોઈ જુદો નથી. એવી જ રીતે ભલે ને કોઈ એહકામ કબૂલ કરે કે ન કરે. ઉમ્મતી સૌ છે. સૌ કોઈ પર આપની ઇતાઅત ફર્ઝ છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મા-બાપ ન તો ઈસાઇ હતાં કે ન યહૂદી; કેમકે હઝરત ઈસા અને હઝરત મૂસા અલયહિસ્સલામ બની ઈસ્રાઇલના પયગમ્બર છે અને આ હઝરત તો બની ઈસ્માઈલી છે. હા, પહેલાં તેઓ "મુવહિહદ" (ખુદાને એક માનનાર) હતાં. પછી "મુહમ્મદી" થયાં, મુસલમાન થયા. તેઓ કાફિર અથવા મુશરિક કે બુતપૂજક ન હતાં.

*(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)*

آیت ۳۳ : وَمَا رَمَيْتَ إِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى ۚ (پارہ ۹، سورہ انفال، رکوع ۲)

**(૩૩) અને હે મેહબૂબ !** (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) **તે ખાક જે તમે ફેંકી, તમે નથી ફેંકી, અમે ફેંકી છે.**

*(પારા ૯, સૂરએ અન્ફાલ; રૂકૂઅ ૨.)*

આ આયતે- કરીમામાં પણ હુઝૂરે અકદસ અલયહિસ્સલાતો વસ્સલામની સ્પષ્ટ ના'ત શરીફ બયાન થઇ રહી છે. પહેલાં તો એ વાત પર મનન કરવું જોઇએ કે આ આયતમાં કયા બનાવ તરફ સંકેત છે ? બીજું, એ કે આ આયતમાં ના'ત કેવી રીતે છે ?

જંગે-બદ્ર હિજરી ૨ માં થઈ. તેમાં મક્કાના કાફિરો સાધન સામગ્રીથી સજ્જ થઈને મદીના તય્યબહ પર હુમલો કરવા આવ્યા. એ સમયે મદીનાવાસીઓ પાસે અલ્લાહની મદદ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બરકત સિવાય બીજું કાંઈ ન હતું. કાફિરો લગભગ એક હજારની મોટી સંખ્યામાં હતા અને મુસલમાનો માત્ર ત્રણસો તેર, કાફિરો ખાદ્ય અને શસ્ત્ર દરેક પ્રકારની સામગ્રીથી સજ્જ હતા અને મુસલમાનોના મોંમા દિવસભરના રોઝા અને રાતના કુરઆનની આયતો ! કાફિરોની પાસે તીર, તલવાર, નેઝા, ભાલા અને મુસલમાનો પાસે ફક્ત લાકડીઓ ! શરીર પર કપડાં હતાં પણ એય ફાટેલાં હતાં અને પગમાં ફોલ્લાં ! કાફિરોના સૈન્યમાં ગાનારાઓના ગાયન તેમજ વાજિંત્રના સંગીત અને મુસલમાનોની તરફ કુરઆનની આયતો અને
6 તકબીરના નાદ ! રાતના સમયે કાફિરો શરાબમાં ચકચૂર અને મુસલમાનો અલ્લાહના

ઝિક્રમાં મસ્ત ! તાત્પર્ય કે ત્યાં હતું શયતાનનું સૈન્ય અને અહીં હતું રહમાનનું લશ્કર.

મુસલમાનોની આ જાહેરી સ્થિતિ જોઈને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે સજદામાં પડી અલ્લાહની બારગાહમાં અરજ કરી : **ખુદાવંદા! આ સમયે જમીન પર તારી સાચી ઈબાદત કરનાર ફકત આ એક જ મુસલમાનોની નિશસ્ત્ર ને નિસહાય નાનકડી જમાઆત છે. અગર આજે તું એમની મદદ નહિ ફરમાવે અને તે જમાઅત હાર પામીને હલાક થઈ જશે તો દુન્યામાં તારૂં સત્ય નામ લેનાર કોઈ નહિ રહે.**

આપ એટલી હદે દુઆ ફરમાવી કે તે જગ્યાની કાંકરીઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં આંસુઓથી ભીની થઈ ગઈ. પછી આપે સજદામાંથી માથું ઉપાડયું અને મુઠ્ઠી ખાકની લઈને કાફિરોના લશ્કર તરફ ફેંકી. અલ્લાહ જાણે તે ધૂળ હતી કે અબાબીલની કાંકરીઓ; પણ તે માટી બધા કાફિરોની આંખોમાં પહોંચી ગઈ અને કાફિરો આંખો ચોળતા રહી ગયા. અલ્લાહના ફઝલથી મુસલમાનોની આ નાનકડી જમાઅતે કાફિરોના તે સાધનસામગ્રીથી સુસજ્જ પ્રચંડ સૈન્ય પર એવો વિજય મેળવ્યો કે જેનું વર્ણન આજ સુધી શાનથી થતું રહે છે. કાફિરોના મોટા મોટા કુરેશી સરદારો આ યુદ્ધમાં માર્યા ગયા અને ઘણા કેદ પકડાયા. એ જ બનાવનું આ પાક આયતમાં વર્ણન છે.

આ આયત શું ફરમાવી રહી છે ? એ ફરમાવી રહી છે કે હે **મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) તે બનાવ જ્યારે આપે એક મુઠ્ઠી ખાક કાફિરો તરફ ફેંકી અને તેઓની આંખોમાં પહોંચી ગઈ. મારા મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) એ ખાક આપે ફેંકી ન હતી પરંતુ આપના રબે ફેંકી હતી.**

**અર્થાત : હાથ તો આપના હતા પણ કામ અમારૂં હતું.**

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના એક કામને રબે એવું પસંદ ફરમાવ્યું કે ફરમાવી દીધું કે આપે આ કામ કર્યું ન હતું. પરંતુ એ તો અમે કર્યું હતું. એનાથી બે ફાયદા પ્રાપ્ત થયા : આમાં એક તો, એ તસવ્વુફનો ઉચ્ચ દરજ્જો સૂચવે છે. જ્યારે બંદો "ફનાફિલ્લાહ" અને "બકાબિલ્લાહ" થઈ જાય છે, ત્યારે જોવામાં તો તે પોતાની શિકલમાં હોય છે, પણ ઈશ્કે ઈલાહી તેની નસેનસમાં એવી રીતે ઘર-અસર કરી જાય છે કે તેના પ્રત્યેક કામની રબની તરફ સંબંધિત કરવામાં આવે છે. આ વિશે મવલાના રૂમ ઈરશાદ ફરમાવે છે :

**અર્થાત : 'જ્યારે તે વાત કરે છે તો જીભ અબ્દુલ્લાહની હોય છે અને વાણી અલ્લાહની હોય છે.'**

હઝરત મૂસા અલયહિસ્સલામ જ્યારે અલ્લાહતઆલાથી કલામ કરવા કોહે-તૂર પર જઈ રહ્યા હતા, ત્યારે એમણે એક વૃક્ષમાંથી એવો અવાજ આવતો સાંભળેલો :

"હે મૂસા ! હું પરવરદિગારે- આલમ છું." તો શું તે વૃક્ષનો અવાજ હતો? કે શું એ વૃક્ષ પોતાને અલ્લાહ તરીકે ઓળખાવી રહ્યું હતું ? કદાપી નહિ. એ

તો રબનો કલામ હતો. વૃક્ષ તો હતું માત્ર તેનું મઝહર- પ્રાગટયસ્થાન.

કોલસો આગમાં નાખી દેવામાં આવે તો અગ્નિની અસરથી તે કોલસો પણ અગ્નિ બની જશે. હવે જે વસ્તુ આ અંગારાને અડકશે તેને તે બાળી દેશે.

એક શખ્સને જિન વળગે છે. હવે તે સ્થિતિમાં બોલે છે : મારૂં નામ ફલાણું છે. હું ફલાણી જગ્યાનો જિન છું અને હું આટલી શકિત ધરાવું છું. આ બધી વાતો શું તે માણસ કરી રહ્યો છે ? ના, પરંતુ જીભ તો તે ઈન્સાનની છે. શરીર તો માનવીનું પણ કલામ અને કામ તેનાં છે જેણે અસર કરી.

આ તો દૃષ્ટાંત હતું. હવે સમજો કે આ દરજ્જામાં કદમ રાખીને કેટલાક આરિફીન 'હું ખુદા છું' વગેરે વગેરે બોલી જાય છે પણ એ વાણી બીજા કોઈની હોય છે. એ જ તફાવત છે ફિરઓન અને હઝરત મન્સૂરમાં. ફિરઓને કહ્યું : "હું તમારો મોટો રબ છું." અને તે કાફિર થયો કેમકે તે 'હું' હતો અને પછી રબ બન્યો, પણ હઝરત મન્સૂરે કહ્યું : "અનલ હક" અર્થાત : 'હું હક છું.' ત્યારે તેમના પોતાના હુંપદ-અહંમ નો તેઓ નાશ કરી ચૂક્યા હતા. તેઓ 'તૂ હી તૂ' માં ફના થઈ ચૂક્યા હતા અને મજા તો એ છે કે અહીં તો ખુદ મન્સૂરે "અનલ હક" કહ્યું અને કત્લને પાત્ર ઠર્યા પણ એ શાન મુસ્તફાની છે (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) કે ખુદ પોતાના ઉપર એટલો કાબુ રાખતા હતા કે હરદમ ફરમાવતા : 'હું અબ્દુલ્લાહ છું.' હાં તો રબ ફરમાવે છે : "હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) આપ ફનાફિલ્લાહના તે દરજ્જામાં છો કે આપનો કલામ અને કામ બધું અમારૂં જ હોય છે. હઝરત મૂસા અલયહિસ્સલામે અલ્લાહની સિફાતની તજલ્લી જોઈ અને બેહોશ થઈ ગયા. મુસ્તફાની (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) આંખો પર કુરબાન કે મેઅરાજમાં તજલ્લીયે-ઝાત જોઈને પણ સ્મિત ફરકાવતા રહ્યા.

રબતઆલાએ ફકત આ જ આયતમાં એમ ફરમાવ્યું એમ નથી પરંતુ એક જગ્યાએ ઈરશાદ થાય છે : હે પ્યારા ! (સલ્લલ્લાહો અલયહે સલ્લમ) જે આપનાથી બયઅત કરે છે તેઓ અલ્લાહથી બયઅત કરે છે. અલ્લાહનો હાથ તેમના હાથો પર છે.

*(સૂરએ-ફત્હ.)*

એક જગ્યાએ ઈરશાદ થાય છે : અમારા નબી(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પોતાની ઈચ્છાથી બોલતા જ નથી. તેમનો કલામ અલ્લાહની વહી હોય છે.

*(સૂરએ નજ્મ, પારા ૨૭)*

બીજો ફાયદો એ પ્રાપ્ત થયો કે જે શખ્સ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કોઈ કામ, કોઈ કલામ યા હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઈ વસ્તુની તવહીન કરે તે કાફિર છે; કેમકે એ વાસ્તવમાં રબની તવહીન છે. અગર કોઈ શખ્સ વર્ષોનાં વર્ષ ઈબાદત કરતો રહે, મુત્તકી હોય, પરહેઝગાર હોય, મોલ્વી હોય, પીર હોય, દુન્યાદાર હોય અથવા ગમે તે હોય-પણ ક્યારેય કોઈ મોકા પર મુસ્તફા

સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તૌહીન કરી દે તો તેની સર્વ ઈબાદતો જપ્ત થઈ જશે અને તે મુરતદ અને કાફિર થઈ જશે. *(શિફા શરીફ વગેરે)*

કુરઆનથી પણ આનું સબૂત મળી શકે છે. અલ્લાહતઆલા એ બારગાહની અદબ નસીબ ફરમાવે. (સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ) આમીન.

آیت ۳۴ : يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ ۚ

(پارہ ۹ سورہ انفال رکوع ۳)

**(૩૪) હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને એના રસૂલના** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**બોલવવા પર હાજર થાવ, જ્યારે રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**તમને એ વસ્તુ માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે.** *(પારા ૯, સૂરએ અન્ફાલ, રૂકૂઅ ૩.)*

આ આયતે કરીમા મેહબૂબ અલયહિસ્સલાતો વસ્સલામની મુબારક ના'તનાં ફૂલોનો એક ગુલદસ્તો છે. એમાં ઘણી રીતે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'ત શરીફ સાબિત થાય છે. પહેલાં તો એ રીતે કે રબ્બુલ-આલમીને સહાબાએ-કિરામ રદિયલ્લાહો તઆલા અન્હુમને આ બારગાહમાં રહેવાની અદબ (સભ્યતા) શીખવી. ખુદ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી ન ફરમાવ્યું કે આપ તેઓને પોતાની અદબ શીખવો પરંતુ રબે શીખવ્યું કે હે મુસલમાનો ! તે આલી-દરગાહમાં રહેવાની અદબ એ છે કે અગર તમને કોઈ સમયે અમારા મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પુકારે તો તમે કોઈ પણ સ્થિતિમાં હોવ- નમાઝમાં હો, કોઈ વઝીફામાં મશગુલ હો અથવા ઘરના કોઈ કામમાં હો- જે હાલમાં હો, તમામ કારોબાર છોડીને તુરત જ મુસ્તફાની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બારગાહમાં હાજર થઈ જાઓ. જરાયે મોડું ન કરો. હવે સહાબાએ- કિરામનો અમલ જોવો જોઈએ કે તેઓએ કેવી રીતે આ વાત પર અમલ કર્યો.

એક સહાબી ઘરમાં પોતાની પત્ની સાથે સોહબતની દશામાં હતા કે દરવાજા પર હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અવાજ દીધો. તે સહાબી સ્ખલન થયા વગર તુરત જ પોતાની પત્નીથી અલગ થઈને હાજર થયા. આપે ફરમાવ્યું : અમે તમને ઉતાવળમાં નાખી દીધા. અરજ કરી : હા. આપે ફરમાવ્યું : જાઓ અને ગુસલ કરી લો. *(જુઓ "તહાવી બાબુલ ગુસલ")*

એનાથી ફિકહ એ મસઅલો સાબિત કરે છે કે જે શખ્સ સંભોગ કરે અને સ્ખલન વગર અલગ થઈ જાય તો તેના પર પણ ગુસલ વાજિબ છે.

હઝરત હન્ઝલહ 'ગસીલુલ મલાઈકા'નો નિકાહ થયો. પહેલી રાત હતી. પત્નીની પાસે ગયા. હજુ ગુસલ કર્યો ન હતો કે અલ્લાહના રસૂલનો (સલ્લલ્લાહો અલયહે

વસલ્લમ) હુકમ પહોંચ્યો : જંગ માટે ચાલો. આપ તુરત જ, ગુસલ કર્યા વગર જ, ગયા અને જંગમાં શહીદ થઈ ગયા. જ્યારે બધી લાશોમાંથી તેમની લાશ કાઢવામાં આવી તો તેમના શરીરેથી પાણી ટપકી રહ્યું હતું. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું : **તેમને ફરિશ્તાઓએ ગુસલ દીધું છે. એટલે જ તેમને 'ગસીલુલ મલાઈકા' કહે છે.**

હઝરત અબી બિન કઅબ નમાઝ પઢી રહ્યા હતા કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે અવાજ દીધો. જલ્દીથી નમાઝ પૂરી કરીને હાજર થયા. આપે ઈરશાદ ફરમાવ્યો કે તમને હાજર થવામાં મોડું કેમ થયું ? અરજ કરી; નમાઝમાં હતો. ફરમાવ્યું : તમે આ આયત નથી પઢી (ઉપરોક્ત આયત) જેનાથી જાણવા **મળ્યું છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ બોલાવે તો તાત્કાલિક હાજર થઈ જાવ. ફુકહાએ ફરમાવ્યું છે કે નમાઝી નમાઝની હાલતમાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખિદમતમાં હાજર થઈ જાય, જે ખિદમત સરકાર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવે તેને પૂરી કરે. એમનું એ સઘળું કૃત્ય પણ નમાઝમાં જ શામિલ છે.** *(કસ્તલાની, શરહ બુખારી, કિતાબુત્તફસીર, સૂરએ હજર)*

આ વાત છે પણ ઠીક, કેમ કે અગર કોઈ નમાઝીએ કલામ કર્યો તો કોનાથી કર્યો. તેમનાથી જેમને નમાઝમાં સલામ કરવી વાજિબ છે. અગર કોઈ બીજાને સલામ કરતે તો સમૂળગી નમાઝ જ જતી રહેતે ! અગર કા'બાથી સીનો ફર્યો તો કઈ તરફ ફર્યો ? એ તરફ- જ્યાં કા'બાનો પણ કા'બો છે.

**ઔર પરવાને હોતે હંય જો કા'બે પે નિસાર,**
**શમ્આ ઈક તૂ હય કે પરવાના હય કા'બા તેરા.**

અગર ચાલ્યો તો ક્યાં ચાલ્યો ? મુસ્તફાની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બારગાહ તરફ જે ઈબાદત જ છે. પછી નમાઝ કેવી રીતે જઈ શકે છે ? અગર નમાઝમાં કોઈનું વઝૂ જતું રહે તો તેને જાઈઝ છે કે પાણી તરફ જાય. ચાલ્યા પણ કા'બાથી, છાતી પણ ફરી જાય, ઘણા અમલ પણ કરે, પણ નમાઝમાં જ રહે છે. **પરંતુ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અલ્લાહની રહમતના દરિયા છે. આપની તરફ જવું નમાઝને કેમ કરી ફાસિદ કરે ?**

અગર ઈમાનવાળાનો અર્થ કરવામાં આવે કે હે મીસાક (રોઝે અઝલ- જે દિવસે અલ્લાહે સર્વ રૂહોથી પોતાના રબ હોવાનો ઈકરાર લીધો હતો) ના દિવસે ઈમાન લાવનારાઓ, તો આ અમ્રમાં કાફિરો પણ દાખલ છે. **બલ્કે પૂરી મખ્લૂક પર આપની ઈતાઅત વાજિબ છે. આપનો મુબારક ઈરશાદ થયો તો સૂર્ય પલટી આવ્યો. આપના એક અણસાર માત્રથી ચાંદના ટૂકડા થયા. અલ્લાહના હબીબનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હુકમ સાંભળીને વાદળાં રિમઝિમ વરસવાં લાગ્યાં. સૌએ આપની ઈતાઅત કરી. વૃક્ષો પણ આપના બોલાવ્યાથી આવ્યાં.** (મિશ્કાત શરીફ, બાબુલ મો'જિઝાત).

આ આયત કુરઆન શરીફમાં આપની અઝમત માટે બાકી રાખવામાં આવી, નહિતર હવે જાહેરી દા'વત નથી અથવા વાસ્તાથી બોલવું મુરાદ છે.

**મસઅલા** : થોડીક હાલતોમાં નમાઝ તોડી દેવી જાઈઝ છે. અગર નમાઝી નમાઝમાં પોતાના ચાર આનાનું નુકસાન થતું જુએ તો નમાઝ તોડી શકે છે. કોઈ મુસલમાનની મુસીબત દૂર કરવા અર્થે નમાઝ તોડી શકે છે. નમાઝી જુએ કે નાબીના (આંધળો) કૂવામાં પડી રહ્યો છે તો નમાઝ તોડીને તેને બચાવે. અગર નફલ નમાઝમાં મા બોલાવે અને માને ખબર ન હોય કે મારો પુત્ર નમાઝ પઢી રહ્યો છે તો નમાઝી નમાઝ તોડીને માને જવાબ આપે. કોઈએ ફર્ઝ નમાઝ એકલાએ શરૂ કરી હતી કે જમાઅતની તકબીર થઈ તો નમાઝી નમાઝ તોડીને જમાઅતમાં શરીક થઈ જાય. (રૂહુલ બયાન, શામી) પણ આ બધી હાલતમાં નમાઝ કઝા કરવી જરૂરી છે.

રબતઆલાએ બે બોલાવનારાઓનો ઉલ્લેખ કર્યો : અલ્લાહ અને એના રસૂલનો(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અને એ તો દેખીતુ છે કે કારણ વગર અલ્લાહ કોઈને બોલાવતો નથી. ન કોઈના કાનમાં અલ્લાહનો અવાજ પડે તેમ છે. **આથી રસૂલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જ બોલાવશે અને એમનું બોલાવવું એ અલ્લાહનું બોલાવવું છે.**

આ મહાન આયતમાં ફરમાવવામાં આવ્યું કે નબીએ- કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમને જીવન બખ્શે છે. આથી જણાયું કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મડદાને, જીવતાના દિલને, જાનને, વિચારોને જીવતા ફરમાવનારા છે- અને કેમ ન હોય ? હઝરત જિબ્રીલ ઘોડી પર સવાર થઈને ફિરઓનને ગર્ક કરવા માટે ફિરઓનના ઘોડાની આગળ થઈ ગયા. એ ઘોડીની ટાપ જ્યાં પડતી તે જગ્યાએ ઘાસ ઊગી નીકળતું હતું. બની ઈસરાઈલમાં એક જણ સામરી નામે હતો- તેણે એ માટી ઉપાડી લીધી અને ફિરઓન ગર્ક થઈ ચૂકયા પછી, એ માટી સોનાનું વાછરડું બનાવી એના મોંમાં નાખી દીધી, તો એ સોનાના વાછરડામાં જીવ પડી ગયો. હઝરત જિબ્રીલના શરીરનો સ્પર્શ થયો ઘોડીને, ઘોડીનો સ્પર્શ થયો માટીને- અને માટી પડી નિર્જીવ વાછરડાના મોંમાં, તો એ જીવતું થઈ ગયું. એટલા માટે હઝરત જિબ્રીલને ''રૂહુલ - અમીન'' કહેવામાં આવે છે, કેમકે એમનાથી રૂહ મળે છે- **અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની નજરોમાં હજ્જારો જિબ્રીલી શક્તિઓ છે, તો પછી એમના ઈશારાથી મડદાં પણ કેમ જીવતાં ન થાય ?**

**'મદારિજુન્નબૂવ્વત'**માં હુઝૂરે અનવરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મડદાં જીવાડયાના ઘણા બનાવો રજૂ કરવામાં આવ્યા છે. હઝરત જાબિર રદિયલ્લાહો તઆલા અન્હોને ઘેર હુઝૂર સરકારે દોઆલમની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દા'વત હતી. એમણે બકરી ઝિબ્હ કરી. એમના પુત્રોમાંના એકે બીજાને ઝિબ્હ કરી નાખીને બાપના ડરથી છત પર ભાગી ગયો. ત્યાંથી પગ લપસી જતાં તે પણ પડીને મરી ગયો.

હઝરત જાબિરની પત્નીએ પોતાના બંને દીકરાઓની લાશોને સંતાડી દીધી. જેથી દા'વતમા ખલલ પડે નહિ. સરકાર **રહમતુલ-લિલ-આલમીન** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તશરીફ લઈ આવ્યા. આપે ફરમાવ્યું : જાબિર ! તારા છોકરાઓને બોલાવ ! અમે એમની સાથે બેસીને જમવા ઈચ્છીએ છીએ, લાચારીએ હઝરત જાબિરને આખો બનાવ સંભળાવવો પડયો. **હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ બંને છોકરાઓને જીવતા ફરમાવ્યા અને પછી એમની સાથે બેસીને જમણ લીધું.**

હઝરત અનસ રદિયલ્લાહો તઆલા અન્હોને ત્યાં એક દા'વતમાં દસ્તરખ્વાનથી સરવરે કાએનાતે(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પોતાનો મુબારક હાથ લુછયો. ત્યારબાદ એ દસ્તરખ્વાન જ્યારે પણ મેલું થતું ત્યારે એને ધગધગતા તન્નૂર (તંદૂર)માં નાખી દેતા હતા. એ એમાં બળતું નહિ, પણ સ્વચ્છ થઈ જતું હતું. *(મસ્નવી શરીફ.)*

હુઝૂર આકાએ- નામદાર બન્ને જહાનના સરદાર(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એક સ્થળે દા'વતમાં તશરીફ લઈ ગયા. બકરી ઝિબ્હ કરવામા આવી. ફરમાવ્યું તમે ગોશ્ત ખાઈ લો- પણ હાડકાં તોડશો નહિ. જમી લીધા પછી એ બધા હાડકાં એકઠાં કરી, દુઆ ફરમાવી, તો એ બકરી સજીવન થઈ ગઈ; ફરીથી જીવતીજાગતી ને હરતીફરતી થઈ ગઈ. (મદારિજ-ફસ્લુલ મોઅજિઝાત) **સારાંશ કે જાનવરોને, ઈન્સાનોને, પથ્થરોને, લાકડીઓને બધાંને જ હુઝૂર સરવરે કાએનાતે જાન બખ્શી છે. કાંકરાને જાન બખ્શીને કલમો પઢાવી લીધો. લાકડી વિયોગમાં રડી. હઝરત ઈસા અલયહિસ્સલામે માત્ર મરેલા માણસોને જીવતા કર્યા- પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે તો બેજાન ચીજોને પણ જાન બખ્શી.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۳۵: وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ ط (پارہ ۹۔ سورۂ انفال رکوع ۴)

**(૩૫) અને અલ્લાહનું કામ નથી એમને અઝાબ કરે, જ્યાં સુધી કે હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપ એમનામાં છો.**

*(પા. ૯; સુરએ અન્ફાલ; રૂકૂ : ૪)*

આ આયતે-કરીમા પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સ્પષ્ટ ના'ત છે અને એમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ **'રહમતે-આલમ'** હોવાનું વર્ણન છે.

આ મહાન આયતનું શાને-નુઝૂલ એ છે કે કાફિરોએ એક વાર દુઆ કરી કે હે ખુદા ! જો આ કુરઆન સાચું છે અને અમે એના ઉપર ઈમાન નથી લાવતા તો તું અમારા પર આસમાનથી પથ્થરો વરસાવી દે યા અમને અઝાબમાં સપડાવી દે. આ ઉપરથી મઝકૂર આયત નાઝિલ થઈ અને ફરમાવવામાં આવ્યું કે હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આ લોકો પોતાનું મોત પોતાના મુખે માગી રહ્યા છે- પરંતુ હે વ્હાલા ! આપ એમનામાં છો અને આપને **'રહમતે-આલમ'** બનાવીને મોકલવામાં આવ્યા છે- સંપુર્ણ રહમત તથા અઝાબ એક સ્થળે જમા થઈ શકતા નથી એટલે

આપની મોજૂદગીમાં એમના પર અઝાબ નહિ આવે.

આ આયતના અમુક લાભો મળ્યા. એક તો એ કે આપણે સરવરે-કાએનાતની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બરકતથી અઝાબે-ઈલાહીથી બચેલા રહીશું. બીજો લાભ એ, કે કયામત સુધી ઈન્શાઅલ્લાહ, મુસલમાનો પર એવો અઝાબ નહિ આવે જેવો પહેલી ઉમ્મતો પર આવતો હતો કે કોઈના પર પથ્થરો વરસ્યા, કોઈને ધરતીમાં ધરબી દેવામાં આવ્યા અને કોઈ કોમને પાણીમાં ડૂબાડી દેવામાં આવી.

આ ઉપરથી જાણવા મળ્યું કે સરકારે દો-આલમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કયામત સુધી મુસલમાનોમાં બિરાજમાન છે. ત્રીજું એ કે આપનું હોવું માત્ર પવિત્ર મદીનામાં જ નહિ, બલ્કે જ્યાં જ્યાં મુસલમાનો જે જે સ્થળે રહે છે. ત્યાં ત્યાં તે તે સ્થળે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ તશરીફ ફરમાવે છે. કેમકે અઝાબ ત્યાં નહિ આવે જ્યાં હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હોય; આથી અઝાબ ક્યાંયે પણ નહિ આવે કેમકે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તો દરેક જગ્યાએ; દરેક સ્થળે મોજૂદ હોય છે. તો જાણવા મળ્યું કે આકાએ-નામદાર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હર જગ્યાએ; દરેક સ્થળે મોજૂદ છે.

ચોથું એ રીતે કે હઝરત ઈસા અલયહિસ્સલામને આસમાન ઉપર બોલાવી લેવામાં આવ્યા અને હઝરત ઈદ્રીસ અલયહિસ્સલામને જન્નતમાં તેડાવી લેવામાં આવ્યા; પરંતુ હુઝૂર-પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અહીં દુનિયામાં જ તશરીફ ફરમાવી રહ્યા છે. એનું એ કારણ છે કે આપથી આ દુનિયાનો વ્યવહાર ચાલી રહ્યો છે. આપ જો જમીન પરથી તશરીફ લઈ ગયા હોત તો એ જમીનવાળાઓ માટે મુસીબત થઈ પડત. *(રૂહુલ બયાન)*

પાંચમું એ પ્રકારે કે વર્તુળનું જીવન કેન્દ્રથી છે. ઘંટીનું ચાલવું ને ફરવું ખીલાથી છે. આસમાનની ચક્કીનું ફરવું પવિત્ર મદીનાના કેન્દ્રથી સંબંધ ધરાવે છે. જે દાણો ઘંટીમાં ખીલા સાથે ચોંટી જાય છે એને ઘંટીથી નુકશાન થતું નથી એવી જ રીતે જે ઈન્સાન આ પવિત્ર કેન્દ્રનો થઈ ગયો એ નુકસાનથી બચી જાય છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۳۶: وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْ

تِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُهٗۤ اِنَّاۤ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ ۝ (پارہ ۱۰ سورہ توبہ رکوع ۷)

(૩૬) **અને કેવું સારૂં થાત, જો તેઓ એ ઉપર રાજી થાત જે અલ્લાહ અને રસૂલે**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **એમને આપ્યું, અને કહેત કે અમને અલ્લાહ કાફી છે, આપશે અમને પોતાના ફઝલથી અને અલ્લાહના રસૂલ.**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **અમને અલ્લાહની જ તરફ રગબત છે.** *(પા. 10 સુરએ તૌબાઃ રૂકૂ : ૭)*

આ આયતે-કરીમા પણ સ્પષ્ટપણે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત છે. એનું શાને-નુઝૂલ એ છે કે એક વખત બન્ને જહાનના સરદાર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માલે-ગનીમતની વહેંચણી ફરમાવી રહ્યા હતા, એવામાં હરકોસ ઈબ્ને ઝહેર નામના શખ્સે ઊભા થઈને અરજ કરી : યા મુહમ્મદ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)! આપ આ વહેંચણીમાં ન્યાય ફરમાવો, હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, જો હું પણ ન્યાય ન કરૂં તો પછી દુનિયામાં ન્યાય કરનારો કોણ છે ? આથી હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોએ વિંનતી કરી કે મને એ બેદીનને કત્લ કરી નાખવાની ઈજાઝત આપવામાં આવે. હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : એને જવા દો, કેમકે અલ્લાહે એવું નક્કી કરી નાખ્યું છે કે **એના વંશમાંથી એક એવી કોમ થશે, જેની નમાઝો અને ઝાહેરી તકવો તમારી નમાઝો અને તકવાથી વધારે હશે, પણ એ દીનમાંથી એવી રીતે નીકળી જશે, જેવી રીતે તીર શિકારમાંથી. તેઓ કુરઆન પઢશે, પણ કુરઆને-કરીમ તેમના ગળાની નીચે નહિં ઊતરે.** આ પરથી મજકૂર મહાન આયત બીજી કેટલીક આયતોની સાથે ઊતરી અને ફરમાવવામાં આવ્યું કે જો આ લોકો અલ્લાહ અને રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જે આપ્યું તેના પર રાજી થઈ જાત અને ભવિષ્ય માટે કહેત કે અમને અલ્લાહ અને રસૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાના ફઝલથી હજુએ વધારે આપશે તો એ એમના માટે બેહતર થાત.

આનાથી અમુક લાભો મળ્યા. **પ્રથમ તો એ કે** હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કોઈ મુબારક કાર્ય પર વાંધો ઊઠાવવો કુફ્ર છે. એટલા માટે હઝરત ફારૂકે-આ'ઝમે કત્લની છુટ માગી કેમકે મુર્તદ કત્લ કરવાને પાત્ર હોય છે.

**બીજું એ કે** આકાએ-નામદાર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બન્ને જહાનના સરદાર માલિક અને મુખ્તાર છે. કોઈના પર કોઈ ખાસ હુકમ જારી ફરમાવી દે તો આપને એનો હક છે.

**ત્રીજું એ કે** હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખુદાપાકે **''ઉલૂમે-ખમ્સહ''**નો **'ઈલ્મે-ગયબ'** આપ્યો છે. આપે નબૂવ્વતના દુરબીન વડે જાણી લીધું કે પેલા માણસની ઔલાદ આ પ્રકારની હશે અને અલ્લાહની ઈચ્છા જ એવી છે કે એનાથી એવી ઔલાદ થાય. એટલે હે ઉમર ! તમે એને કત્લ કરો નહિ, કેમકે એવું કરવું અલ્લાહની ઈચ્છા વિરુદ્ધનું કૃત્ય ગણાશે.

**ચોથું એ કે** હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદાની નેઅમતો આપે છે. આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે અલ્લાહ અને રસૂલે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમને આપ્યું, તો આજે અગર કોઈ માણસ એવું કહે કે મને ઈઝઝત, આબરૂ, માન, ઈમાન, જાન અને માલ-દૌલત અલ્લાહ અને રસૂલે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપ્યાં છે તો એ શિર્ક નથી; કેમકે આપનાર પાસે માંગવું જાઈઝ છે. હુઝૂર સલ્લલ્લાહો

અલયહે વસલ્લમ ફરમાવે છે : અલ્લાહ આપનાર છે અને અમે એની વહેંચણી કરનાર.

હઝરત રબીઆ ઈબ્ને કઅબ અસ્લમાને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : "કંઈક માંગી લો " વિનંતી કરી : "હું આપની પાસે જન્નતમાં આપની ખિદમતમાં હાજરી માંગુ છું" હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : "હજુ કંઈક માંગો." વિનંતી કરી : "હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આટલું ઘણું છે." *(મિશ્કાત બાબુસ્સુજૂદ-બ-રિવાયતે મુસ્લિમ)*

ખરેખર ! જેને જન્નતમાં હુઝૂરની ખિદમતમાં હાજરીનું સદ્‌ભાગ્ય મળે એનાથી મોટો ખુશનસીબ બીજો કોણ હશે ?

આ હદીસની શર્હમાં મુલ્લા અલી કારી 'મિરકાત'માં અને શેખ અબ્દુલહક 'અશ્અતુલ-લમ્આત'માં લખે છે કે આથી જાણવા મળે છે કે **અલ્લાહની નેઅમતો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કબ્જામાં છે, જેને જેટલી આપવા ઈચ્છે તેટલી અતા ફરમાવે.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۳۸: يَحْلِفُونَ بِاللّٰهِ لَكُمْ لِيُرْضُوكُمْ وَاللّٰهُ وَرَسُولُهُ أَحَقُّ أَنْ يُرْضُوهُ

إِنْ كَانُوا مُؤْمِنِينَ ۝ (پارہ ۱۰- سورہ توبہ رکوع ۸)

**(૩૭) તમારી સામે અલ્લાહના કસમ ખાય છે કે તમને રાજી કરી લે અને અલ્લાહ અને એના રસૂલનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હક વધારે હતો કે એને રાજી કરતે, અગર ઈમાન રાખતા હતા.**

*(પા. ૧૦; સૂરએ-તૌબા; રૂકુ ૮)*

આ આયતમાં પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત જાહેર થઈ રહી છે. એનું શાને-નુઝૂલ એ છે કે મુનાફિકો પોતાની બેઠકોમાં હુઝૂર સય્યદે-દો-આલમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર ટીકા કરતા હતા અને મુસલમાનો પાસે આવીને ઈન્કાર કરી જતા હતા અને કસમો ખાઈખાઈને પોતે નિર્દોષ હોવાનું જાહેર કરતા હતા. આથી આ આયત ઊતરી અને ફરમાવવામાં આવ્યું કે મુસલમાનોને રાજી કરવા માટે કસમો ખાવા કરતાં વધારે સારું તો અલ્લાહ અને એના રસૂલને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાજી કરવાનું હતું. અગર ઈમાનદાર હતા, તો એવું કાર્ય શા માટે કર્યું જે ખુદા અને એના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નારાજીને નોતરી રહે?

આ આયતમાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત વર્ણવવામાં આવી છે. પ્રથમ તો એ રીતે કે આ ઉપરથી જાણવા મળ્યું કે **જે ચીજ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નારાજીનું કારણ બને એનાથી અલ્લાહ પણ નારાજ છે.** મુનાફિકોએ કંઈ અલ્લાહની શાનમાં બકવાસ કર્યો નહોતો, પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં ગુસ્તાખી કરી હતી પરંતુ એનાથી રબ પણ નારાજ થઈ ગયો.

બીજું એ રીતે કે જો **રબના ગઝબની આગ બુઝાવવી હોય તો હુઝૂર સરકારે-દો-આલમને**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **રાજી કરવામાં આવે;** કેમકે મુનાફિકોને એવું કહેવાઈ રહ્યું છે કે ખુદા અને રસૂલને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાજી કરો અને દેખીતું છે કે તેઓ રબની પાસે તો નથી જઈ શકતા, તેથી રબને રાજી કરવા માટે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પવિત્ર બારગાહમાં જ હાજરી આપશે.

ત્રીજું, એ રીતે કે કોઈ નેક કાર્યમાં **રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રાજી કરવાની નિય્યત કરવી અને એને દેખાડવું એમાં મુદલ શિર્ક નથી.** અગર કોઈ નમાઝ પઢવાથી એવો ખ્યાલ કરે છે કે હું અલ્લાહ અને એના રસૂલને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાજી કરી લઉં એટલે કે ઈબાદત તો અલ્લાહની કરું છું પરંતુ એટલા માટે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો હુકમ છે અને એમાં અલ્લાહ અને રસૂલની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રઝા છે તો ઘણું ઉત્તમ છે, કારણ કે આ આયતમાં બે ઝાતોને રાજી કરવાનો હુકમ છે- અલ્લાહને અને રસૂલુલ્લાહને.

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

**'રૂહુલ-બયાન'** અને **'તફસીરે-ખાઝિન'** તથા **'મદારિક'**માં **'વ આતયના દાઉદ ઝબૂરા'**ની તફસીરમાં એક હદીસ નકલ કરવામાં આવી છે કે એક વખત હુઝૂર-પુરનૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત અબૂ મૂસા અશ્અરી રદિયલ્લાહો તઆલા અન્હોને ઈરશાદ ફરમાવ્યો : "અમે આજે તમારી કુરઆની કિરઅત સાંભળી. તમને તો પરવરદિગારે દાઉદી કંઠ આપ્યો છે." હઝરત અબૂ મુસા અશ્અરીએ અરજ કરી : યા રસૂલલ્લાહ !(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જો મને એ વાતની ખબર હોત કે મારી કિરઅતે-કુરઆન સાહિબે-કુરઆન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **સાંભળી રહ્યા છે તો હું એ વધુ સારી રીતે પઢત."** સુબ્હાનલ્લાહ ! નમાઝ અને તિલાવતે-કુરઆન અલ્લાહની ઈબાદત છે, પણ હઝરત અબૂ મૂસા અશ્અરી બરાબર ઈબાદતની સ્થિતિમાં મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રાજી કરવા ચાહતા હતા.

**અલ્લાહનો ઝિક્ર અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઝિક્રથી જુદો નથી- હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તાઝીમ અને તારીફ તો જન્નતની કુંજી છે.**

એક બીજી હદીસમાં છે કે સિદ્દીકે-અકબર રદિયલ્લાહો તઆલા અન્હો હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નયાબત (નાયબપણા-પ્રતિનિધિત્વ)માં જમાઅતની નમાઝ પઢાવી રહ્યા હતા. નમાઝ દરમ્યાન હુઝૂર-પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તશરીફ લઈ આવ્યા એ જ સમયથી હઝરત સિદ્દીક તો 'મુકતદી' થઈ ગયા અને હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ જ નમાઝમાં ઈમામ. (બુખારી, મુસ્લિમ વગેરે) **નમાઝ પઢાતી હોય તે સમયે હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તાઝીમનું આ જ્વલંત દૃષ્ટાંત છે.**

ચોથું, એ રીતે કે હુઝૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાજી કરવા એ ઈમાનનું એક અંગ છે. ફરમાવ્યું છે કે જો એ મોમિન છે, અને જ્યારે એમનું નામ અલ્લાહપાકની દરેક મૌખિક ઈબાદતમાં દાખલ છે તો એમની રઝા કેમ શામિલ નહિ હોય ? કલેમામાં, નમાઝમાં, ખુત્બામાં, અઝાનમાં, દરેક દુઆમાં ! સારાંશ કે, દરેક સ્થળે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું નામ મોજુદ છે. હઝરત હસ્સાન ફરમાવે છે :

> અલ્લાહે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નામને પોતાના નામ સાથે જોડી દીધું; કેમકે મોઅઝ્ઝિન પાંચેય અઝાનોમાં હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્ર નામ ઉચ્ચારે છે.'' *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

آیت ۳۸ : اَلَمْ يَعْلَمُوْٓا اَنَّهٗ مَنْ يُّحَادِدِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاَنَّ لَهٗ نَارَ جَهَنَّمَ خَالِدًا فِيْهَا ؕ ذٰلِكَ الْخِزْيُ الْعَظِيْمُ

(پارہ ۱۰۔ سورہ توبہ۔ رکوع ۸)

**(૩૮) શું એમને ખબર નથી કે જે અલ્લાહ અને રસૂલનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિરોધ કરે, એના માટે જહન્નમની આગ છે, હમેશા એમાં રહેશે, આ મોટી રૂસ્વાઈ છે.**

*(પા. 10; સુરઅએ તૌબા; રૂકુ ૮)*

આ આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈઝ્ઝત અને અઝમતનો ખુત્બો ઈરશાદ ફરમાવી રહી છે- અને એમાં અલ્લાહ અને રસુલના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિરોધીઓને કડક ચેતવણી અપાઈ છે. આ આયત પરથી માલૂમ પડ્યું કે મહાન ખુદાપાક અને પ્યારા મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નારાજ કરવા વિશે એક જ હુકમ છે. તે શું ? કુફ્ર. રબને નારાજ કર્યો, તો કાફિર. જો મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિરુદ્ધતા કરી તો કાફિર, બાપને ઈજા કરે, માને સતાવે, તમામ મખ્લૂકને નારાજ કરી મૂકે; તો એ જો કે ગુનેહગાર તો ઠરશે જ, પણ કાફિર નહિ ઠરે. પરંતુ જો તે બારગાહે-રિસાલતનો મુખાલિફ કે વિરોધી હોય તો તે કાફિર છે.

શયતાનને હઝરત આદમને સજદો કરવાની આજ્ઞા આપવામાં આવી પણ એણે ઈન્કાર કરી દીધો. ઈબ્લીસે કાંઈ ખુદાની તવહીદ અને ખુદાને સજદો કરવાનો ઈન્કાર કયો નહોતો. બલ્કે હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નૂરને ઊંચકનાર હઝરત આદમ અલયહિસ્સલામની અઝમતનો ઈન્કાર કર્યો હતો. એનું પરિણામ એ આવ્યું કે આખી ઉમરની ઈબાદતો નકામી થઈ પડી-વેડફાઈ ગઈ- અને એના ગળામાં લા'નતનું તૌક પડી ગયું.

આ તો હતો મુખાલિફત વિશેનો હુકમ-પરંતુ રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને

નારાજ કરવાનો અપરાધ ખુદાપાકની નારાજી કરતાં મોટો છે. રબતઆલાએ ફરમાવ્યું છે કે હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! **અગર આ લોકો કોઈ પણ અપરાધ કરે તો આપની પાસે આવી જાય- અને આપ એમની સિફારીશ કરશો તો અમે એમનાથી રાજી થઈ જશું.**

ખુદાએ-કુદદૂસને રાજી કરવાનું સાધન હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં હાજરી અને એમની શફાઅત છે, પરંતુ એ તો બતાવો કે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નારાજ થઈ જાય તો એમને કોણ રાજી કરે ? કોઈ ખુદાની પકડમાં આવી જાય તો હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શફાઅતથી ખુદાપાક માફ ફરમાવી દે છે., પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પકડમાં આવી ગયો તો પછી એને કોણ છોડાવશે ? કેમકે 'શફીઅ' તો હુઝૂર છે.

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

**'દુર્રે-મુખ્તાર'**માં છે કે જે અલ્લાહની શાનમાં ગુસ્તાખી કરે તે કાફિર છે અને કત્લ કરી નાખવાને પાત્ર છે. પણ તે જો તૌબા કરી લે તો તૌબાથી માફી મળી જશે. પણ જે શખ્સ અલ્લાહના હબીબની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાનમાં ગુસ્તાખી કરે તે કાફિર છે અને જો પાછળથી તૌબા પણ કરી લે તો પણ એને કત્લ કરી નાખવામાં આવશે, કેમકે એ અલ્લાહનો હક હતો અને આ નબીનો હક છે. તૌબા વડે અલ્લાહનો હક માફ થઈ શકે છે પણ અબ્દનો હક માફ થઈ શકતો નથી. **આથી માલુમ પડ્યું કે દુન્યાવી એહકામમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તવહીન કરનાર માટે સખ્ત અઝાબ છે.**

"મદારિજુન્નબૂવ્વત"માં છે કે એક શખ્સ ઘણે ભાગે અબ્દુલ્લાહ ઈબ્ને અબી, સર્હ કાતિબે-વહી હતો, તે પાછળથી મુર્તદ થઈ ગયો. એણે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર બોહતાન લગાડ્યું કે આપ પોતાના તરફથી કુરઆન બતાવે છે, એ વાતની મને જાણ છે, કેમકે હું જાતે કુરઆનનો કાતિબ જ હતો. આ શખ્સનું મરણ થયું ત્યારે જમીને એની લાશને બહાર ફગાવી દીધી. એ લાશને વારંવાર કબરને ઊંડી ખોદીને દાટવામાં આવી. પણ જમીને એનો સ્વીકાર કર્યો નહિ. એણે દરેક વખત લાશને બહાર ફગાવી દીધી.

આથી જાણવા મળ્યું કે **બારગાહે-નબૂવ્વતમાંથી કાઢી મુકાયેલાને ક્યાંય પણ શાંતિ મળતી નથી,** એવા ગઝબથી ખુદા બચાવે, આમીન.

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

آیت ۳۹ : خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ عَلَيْهِمْ

اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ۝ (پارہ ۱۱ سورۃ توبہ رکوع ۱۳)

**(૩૯) હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! એમના માલોમાંથી સદકો વસૂલ ફરમાવો, જેથી આપ એમને સ્વચ્છ અને પવિત્ર બનાવી દો; અને એમના હકમાં દુઆએ-ખૈર કરો. બેશક. આપની દુઆ એમનાં દિલોનું ચેન છે- અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે.**

*(પા. ૧૧; સુરએ તૌબા; રૂકુ : ૧૩)*

આ મહાન આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની એવી એવી શાન બયાન ફરમાવી રહી છે કે સુબ્હાનલ્લાહ, કુરબાન થઈ જઈએ !

આ આયત એવી રીતે ઊતરી કે-તબૂકની લડાઈ થતાં, મદીના મુનવ્વરહની એક જમાઅત પોતાના કારોબારમાં મશગૂલ રહેવાને કારણે એમાં ભાગ ન લઈ શકી. જ્યારે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુજાહિદો સાથે પાછા ફર્યા ત્યારે એ લોકોએ પોતાનાં શરીરોને મસ્જિદે નબવીના થાંભલાઓ સાથે બાંધી દીધાં અને કસમ ખાઈ લીધા કે અમને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એમના મુબારક હાથો વડે ખોલશે.

હુઝૂર સરવરે કાએનાતે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમને આમ બંધાયેલા જોઈને એમના વિશે પૂછયું. લોકોએ અરજ કરી કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)? આ માણસોનો દોષ એ છે કે તેઓએ આપની સાથે જિહાદમાં ભાગ લીધો નથી. હવે તેઓ શરમિન્દા છે અને તૌબા કરે છે.

અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સાંભળીને ફરમાવ્યું : કસમ રબના. હું એમને ત્યાં સુધી ખોલીશ નહિ, જ્યાં સુધી રબનો હુકમ ન આવે કે ખોલી નાખો. પછી એમની તૌબા કબૂલ કરી લેવામાં આવી અને એમને ખોલી નાખવામાં આવ્યાં.

ત્યારે પછી એ લોકોએ પોતાના માલ પેશ કર્યો; કારણ કે એ માલમાં મશગૂલ રહેવાને લીધે જ તેઓ જિહાદમાં જતાં રોકાયા હતા. એટલે એ માલ તેમણે કફફારા પેટે હાજર કર્યો. હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, મને આ માલ લેવાનો હુકમ મળ્યો નથી.' આથી મજકૂર આયત ઊતરી : (ખઝાઈનુલ-ઈરફાન) અને ફરમાવવામાં આવ્યું કે હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! **આપ એમનો આ માલ વસૂલ ફરમાવી લો અને એમના માટે દુઆ પણ ફરમાવો, કેમકે આપની દુઆથી એ લોકોનાં દિલોને ચેન મળે છે. આખરે એ આપના જ છે- અગર આપ જ નારાજ થઈ જશો તો એ કોના થઈને રહેશે ? અને આપ જ એમને પાક ફરમાવી દો ! (સલ્લલ્લાહો**

**અલયહે વસલ્લમ)**

આ આયતથી અનેક રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત સાબિત થઈ. પ્રથમ તો એ રીતે, કે **લાખ અમલ કરવામાં આવે પરંતુ એ કબૂલ તો મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મીઠી નઝર થયા પછી જ થાય છે.** સદકો કરવો ખુદાની ઈબાદત છે, પણ કબૂલ થાય હુઝૂર પુરનૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તુફેલથી.

બીજું એ રીતે, કે **સહાબાએ- કિરામનો એ અકીદો હતો કે ગુનાહની માફી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઝરિયાથી થાય છે** એટલે તો તેઓ મસ્જિદે-નબવીમાં આવ્યા અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક હાથે પોતાને છોડાવવાની ઈચ્છા બતાવી.

ત્રીજું એ રીતે, કે **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુસલમાનોને** દરેક જાતના ગુનાહની ગંદકી વગરેથી પાક ફરમાવનારા છે. નેક આ'માલ તો પાકીનો ઝરિયો છે. અહીં ફરમાવવામાં આવ્યું કે આપ એમને આ સદકાના ઝરિયાથી પાક ફરમાવી દો. અગર લાખો ઈબાદતો કરવામાં આવે અને બારગાહે-રિસાલતમાં(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ કબૂલ ન થાય તો એ સઘળી ઈબાદતો બેકાર છે; નકામી છે. અને એ ઈબાદતો કરનાર જેવો ને તેવો ગંદો જ છે.

ચોથું એ પ્રકારે, કે અલ્લાહનો એ નિયમ રહ્યો છે કે જ્યારે પણ કોઈ રહમત મોકલવી હોય છે તો રબતઆલા મેહબૂબને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે વ્હાલા ! આપ આ વસ્તુ અમારી પાસે એમના માટે માંગો તો અમે મોકલીએ. આથી ફરમાવવામાં આવ્યું કે **આપ એમના હકમાં દુઆ ફરમાવો.**

અલ્લાહ તો સર્વશક્તિમાન છે. એ ચાહે તો મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુઆ વગર જ આપી દે- પણ નહિ. બલ્કે, એ તો ફરમાવે છે કે **આપ દુઆ કરો તો અમે રહમત કરીએ.**

પવિત્ર હદીસમાં ઈરશાદ થયો કે **દર જુમ્આ અને સોમવારે તમામ આ'માલનામાં અમારી બારગાહમાં રજુ થાય છે** અને અમે સૌના ગુનાહોની મગફિરત માટે દુઆ ફરમાવીએ છીએ. આ આ'માલનામાંની રજૂઆત શા માટે થાય છે ? એટલા માટે કે **કબૂલ થવાની શર્ત મેહબૂબની**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુઆ છે.

પાંચમું એ રીતે, કે સહાબાએ-કિરામને **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દુઆથી ચેન મળે છે.**

**ઉનકા મુબારક નામ ભી બેચેન દિલકા ચેન હય,**
**જો મરીઝે- લાદવા ઉસકી દવા યે હી તો હંય.**

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

ઈન્સાન તો હજુયે સમજબુધ્ધિ ધરાવે છે. આપની ઝાતથી, આપની વાણીથી તો ઊંટ, હરણ અને સૂકી લાકડીઓને પણ ચેન મળે છે. સૂકું થડ વિયોગમાં રડયું; ઊંટે માલિક સામે ફરિયાદ કરી; હરણી શિકારીની જાળમાં સપડાઈ તો એણે હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરિયાદ કરી કે મારાં બચ્ચાં ભૂખ્યાં છે. જો થાડા સમય માટે મુક્તિ મળે તો હું મારાં બચ્ચાંને ધવડાવીને હમણાં હાજર થાઉં છું.

*(મિરકાત શરીફ અને દલાઈલુલ-નબૂવ્વત)*

સારાંશ કે આપની પાક પવિત્ર ઝાત તમામ મખ્લૂકના દિલનું ચેન છે, આત્માની શાંતિ છે. જેને આપના મુબારક નામથી ચેન ન મળે તે પોતાની ફિતરત પરથી ગબડી પડ્યો, જેમકે તાવવાળા માણસોને મીઠી ચીજ પણ કડવી લાગે છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۴۰ : لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ

عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ۝ (پارہ ۱۱۔ سُورۃ توبہ رکوع ۱۶)

**(૪૦) બેશક. તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી એ રસૂલ, (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેઓ તમને તકલીફમાં જોઈ નથી શકતા, તમારી ભલાઈના બહુ ચાહનારા છે, મુસલમાનો પર બહુ કરમવાળા, મહેરબાન છે.** *(પા. ૧૧ સૂરએ તૌબા : રૂકૂ : ૧૬)*

આ આયતે-કરીમાં શું છે, જાણે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તનો મઘમઘતો ગુલદસ્તો. એમાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મીલાદે-પાકનું વર્ણન કરવામાં આવ્યું છે, કેમકે **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણીનું વર્ણન કરવું એ જ મીલાદ છે.** તમામ લોકો હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ દુનિયામાં આગમન વિશે જાણતા હતા. તો પછી એક જાણેલી ચીઝનું કેમ વર્ણન કર્યું ? એટલા માટે કે એ વડે વિલાદતનો ઝિક્ર અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈઝ્ઝતનો દર્શાવ પણ થયો. પયગમ્બરોએ પણ પોતપોતાની ઉમ્મતો સમક્ષ હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગમનની બશારત આપી હતી. **આથી જાણવા મળ્યું કે મીલાદે-પાક સુન્નતે-ઈલાહિય્યહ અને સુન્નતે-અમ્બિયા છે.**

આ આયતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના **છ મહાન ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે** : (૧) રસૂલ;(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) (૨) તમારામાંથી; (૩) તેઓ તમને તકલીફમાં જોઈ નથી શકતા; (૪) તમારા હિતેચ્છુ છે; (૫) મુસલમાનો પર "રઉફ" (બહુ દયા કરનારા) અને (૬) 'રહીમ (મહેરબાન) છે.

રસૂલની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પધરામણીનો સ્વીકાર કરવો એના પર તો ઈમાનનો દારોમદાર છે. એમને સામાન્ય માનવી અથવા પોતાના જેવા અથવા ભાઈ

સરીખા માનવાથી કોઈ મુસલમાન થતો નથી.

અબૂ લહબે ભત્રીજા હોવાને કારણે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુબારક વિલાદતની ખુશી મનાવી અને અબૂ તાલિબે પણ એ જ સગપણને લીધે સેવા કરી. અગર તેઓ હુઝૂર 'રસૂલ'(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હોવાને કારણે આ કાર્ય કરત તો મુસલમાન અને સહાબી થાત. એટલે આ આયતમાં હુઝૂરનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉલ્લેખ ખાસ કરીને 'રસૂલ'' તરીકે કરવામાં આવ્યો.

આ આયતમાં ''રસૂલુમ'' અને મેઅરાજની આયતમાં 'બેઅબ્દેહી' ફરમાવ્યું -કેમકે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રબની બારગાહમાં બન્દગીની શાન સહિત હાજર થયા. આપણી પાસે પયગમ્બરની શાનથી તશરીફ લાવ્યા. આપ ગયા બંદા થઈને; પધાર્યા રસૂલ, નૂરે બૂરહાન, અલ્લાહની નેઅમત થઈને.

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

પ્રસંગને અનુરૂપ ઈલ્કાબ બોલવામાં આવે છે. જે માણસ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો બંદા તરીકે ઉલ્લેખ કરે તે એવું છે, જાણે પત્ની પોતાના પતિને પુત્ર કહીને બોલાવે ! યા તો રસૂલનો અર્થ છે મોટા રસૂલ યા એ રસૂલ એટલે કે મીસાકવાળા પયગમ્બર. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તમારામાંથી સૌથી પવિત્ર અને સૌથી ઉત્તમ લોકોમાં પધાર્યા -અને એ સાચું જ છે કે આખી દુનિયામાં અરબો ઉત્તમ; અરબોમાં કુરેશ ઉત્તમ અને કુરેશમાં બની-હાશિમ ઉત્તમ. હુઝૂર રસૂલે-મકબૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બની- હાશિમમાં પેદા થયા એ જ પ્રકારે તમામ ભાષાઓમાં અરબી ભાષા સર્વોત્તમ છે, કેમકે અરબીમાં કુર્આન આવ્યું અને મૃત્યુ પછીના જીવનમાં સૌની ભાષા અરબી છે. જન્નતવાળાઓની ભાષા અરબી અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ભાષા પણ અરબી છે.

આ ઉપરાંત દુનિયામાભરનાં શહેરોમાં મક્કા- મોઅઝ્ઝમાં ઉત્તમ શહેર. એ જ હુઝૂરનું(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જન્મ-સ્થાન. એ જ પ્રમાણે તમામ કુટુંબોમાં હુઝૂર-પુરનૂરનું(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કુટુંબ અત્યંત પવિત્ર. હઝરત આદમથી લઈને હઝરત અબ્દુલ્લાહ સુધી આ કૂળમાં કોઈ વ્યભિચારી જન્મ્યો નહિ. હુઝૂરે અનવર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક જમાનામાં શ્રેષ્ઠ માણસોની પવિત્ર પેશાનીઓમાં પ્રકાશ પાથરતા રહ્યા, જેમકે 'મિશ્કાત'ના ''બાબુલ- ફઝાઈલે સય્યદુલ-મુરસલીન''ની પહેલી હદીસમાં છે.

એવી જ રીતે હુઝૂરે-અકરમના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બાપદાદાઓમાં હઝરત આદમ (અલયહિસ્સલામ)થી લઈને હઝરત અબ્દુલ્લાહ સુધી કોઈ પણ મુશરિક નથી થયો કે મૂર્તિપૂજક પણ જન્મ્યો નથી. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના વાલિદ આઝર નહિ, પણ તારિખ છે; અને કુર્આનમાં એમને હઝરત ઈબ્રાહીમના વાલિદ

ફરમાવ્યા, કાકાના અર્થમા. એ જ પ્રકારે હદીસ-શરીફમાં જે એવું આવે છે કે હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : " તમારો અને મારો બાપ જહન્નમમાં છે." તો એમાં પણ બાપથી કાકા અબૂ તાલિબ એવો અર્થ ઘટાવવામાં આવ્યો છે.

'મિશ્કાત'ના 'કબરોની ઝિયારત'વાળા પ્રકરણમાં છે કે આકાએ નામદાર સરકારે-દો-આલમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાનાં પવિત્ર વાલિદા આમેના ખાતૂનના પાક મઝાર પર ગયા અને ઘણું રડ્યાં. આપે ફરમાવ્યું, અમે વાલિદાની કબર પર જવાની રજા માગી ને તે મળી ગઈ. પણ વાલિદા માટે મગફિરતની દુઆ કરવાની રજા માગી તો મનાઈ કરી દેવામાં આવી.

આ હદીસને લીધે કેટલાક માણસોએ કહ્યું છે કે હઝરત આમેના ખાતૂન, મઆઝલ્લાહ, મોમિના નહોતાં. પણ એમ કહેવું સાચું નથી. એટલા માટે કે રડવું તો વાલિદના વિયોગમાં છે. એનાથી એમનો કુફ્ર સાબિત નથી થતો. અને મગફિરતની દુઆ તો ગુનેહગાર માટે કરવાની હોય અને તેઓ ગુનેહગાર નથી. એટલા માટે બાળકની જનાઝાની નમાઝમાં એના માટે દુઆ નથી કરતા.

ગુનેહગાર તો એ થાય છે, જેની પાસે નબીના એહકામ પહોંચે અને તે એનો વિરોધ કરે. હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેના ખાતૂને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઝમાનો ન જોયો, અને પહેલા પયગમ્બરોના દીન બદલાઈ ચૂક્યા હતા, એમની તાલીમ અદ્રષ્ય થઈ ચૂકી હતી, હવે તેઓ કોના પર અમલ કરતે ? આથી માલૂમ પડ્યું કે તેઓ બેગુનાહ, તદ્દન નિર્દોષ હતાં- અને દુઆ તો ગુનેહગાર માટે કરાય છે. અગર હઝરત આમેના ખાતૂન, મઆઝલ્લાહ, કાફિર હોત તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એમની કબરની ઝિયારતની છૂટ મળત નહિ, કેમકે કાફિરોની કબરોની ઝિયારત કરવી પણ હરામ છે. કુર્આન ફરમાવે છે : હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)! આ કાફિરો અને મુનાફિકોની કબરો પર આપ ઊભા પણ ન રહો. એમણે અલ્લાહ અને રસૂલનો કુફ્ર કર્યો છે.

બહરહાલ, એ માનવું પડશે કે હઝરત આમેના અને હઝરત અબ્દુલ્લાહ મોમિન હતાં, કાફિર નહોતાં.

એક તેહકીક એ રહી ગઈ કે આખરે એ કયા દીન પર હતાં અમે આ અગાઉ જણાવી ગયા તેમ બીજા અમ્બિયાના દીન રદ થઈ ચૂક્યા હતા એટલે એમના માટે માત્ર તવહીદનો અકીદો એટલે મૂર્તિપૂજા ન કરવી અને અલ્લાહને એક માનવો એટલું પુરતું હતું.

હઝરત આમેના ખાતૂન અને હઝરત અબ્દુલ્લાહ પણ એમનામાંનાં જ હતાં- અને એ પર જ એમનો ઈન્તેકાલ થયો. પછી અંતિમ હજ્જમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એ બંને પવિત્ર આત્માઓને જીવતા ફરમાવી, એમને ઈસ્લામ-સ્વીકારનું માન આપ્યું. આથી હવે એ બંને મુસલમાન અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે

**વસલ્લમની ઉમ્મતમાં છે.** જુઓ એની તેહકીક 'શામી જિલ્દ ત્રીજી, બાબુલ મુરતદીન મતલબે કુફ્રે ફિરઓન'માં- અને એના ઈમામે એહલે- સુન્નત આ'લાહઝરત મવલાના મૌલવી અહમદ રઝાખાં સાહિબ બરેલવીએ એક કિતાબ લખી છે.- **'શમૂલુલ્ઈસ્લામલાબાઈલકિરામ.'**

જે માછલીના પેટમાં યુનૂસ અલયહિસ્સલામ રહ્યા તે માછલીનું પેટ અર્શથી ઉત્તમ. કેમકે એમાં એક નબીને મેઅરાજ થઈ.

એવી રીતે અંતિમ નબીના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સહાબા તમામ પયગમ્બરોના સહાબા કરતાં ઉત્તમ છે. આપનાં એહલે-બયત તમામ પયગમ્બરોનાં ઘરવાળાંથી ઉચ્ચ; આપનો પવિત્ર ઝમાનો તમામ ઝમાનાઓથી ઉત્તમ અને આપની પાક વિલાદતનો દિવસ એટલે સોમવાર (દુશંબા) અમુક ઈમામો નઝદીક તમામ દિવસો કરતાં બેહતર. આપની પાક પૈદાઈશનો મહિનો રબીઉલ-અવ્વલ વરસના તમામ મહિનાઓ કરતાં અફઝલ- ઉચ્ચ; ઉત્તમ. **આપની નૂરાની કબ્રની એ ઝમીન, જેમાં પવિત્ર શરીર ભળેલું છે, તે કાબા અને અર્શ તથા ફર્શ તેમ જ કુરસી કરતાં ઉત્તમ છે.**

*(જુઓ : શામી : બાબૂલ-હજ્જ)*

સારાંશ કે જે ચીઝનો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સંબંધ થયો તે ઉત્તમ, ફુકહા (ફિકહશાસ્ત્રીઓ) એ એક ચર્ચા કરી છે કે બધાં પાણીમાં કયું પાણી ઉત્તમ છે ?- કેટલાક કહે છે કે આબે-ઝમઝમ. પણ કેટલાક ફરમાવે છે કે સૌથી ઉત્તમ એ પાણી છે કે એક યુદ્ધના પ્રસંગે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એક પ્યાલા પર હાથ રાખી દીધો અને આપની આંગળીઓમાંથી પાણી વહી નીકળ્યું. એ **જ પાણી સૌથી ઉત્તમ સૌથી શ્રેષ્ઠ છે** કેમકે ઝમઝમ હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામના કદમથી પેદા થયું અને આ પાણી સય્યદુલ અમ્બિયા. : નબીઓના નેતા : સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હાથથી વહ્યું.

એવી જ રીતે **બધાં ખાણાંમાં** હઝરત **જાબિરને ત્યાં** જેમાં હુઝૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **પોતાન મોંનું પવિત્ર થુંક નાખી દીધું એ ખાણું ઉત્તમ છે.**

તમારામાંથી રસૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આવ્યા- એનો એવો અર્થ થાય છે કે આ નબી ફરિશ્તાઓ, જિન્નાત કે ગેર-અરબમાં આવ્યા નહિ, બલ્કે ઈન્સાનોમાં આવ્યા, જેથી કયામત સુધી માનવજાત ગર્વ લેશે. અરબમાં તશરીફ લાવ્યા એટલે અરબો બધામાં અનોખું સ્થાન પામી ગયા યા પછી એનો એવો અર્થ કરી શકાય કે એમનું તમારામાં આવવું એવું છે, જેવું રૂહનું આવવું શરીરમાં, કે એ હર પળે શરીરમાં રહે છે- પણ નજરથી ગાયબ. એવી જ રીતે **હે મુસલમાનો ! એ તમારાં દિલમાં રહે છે, તમારા વિચારોમાં વસે છે, પણ તમારી નઝરોથી ગાયબ છે.**

**આંખોમેં હંચ લેકિન મિસ્લે નઝર, યૂં દિલમેં હંચ જૈસે જિસ્મમેં જાં;**
**હંચ મુઝમેં વો લેકિન મુઝસે નિહાં, ઈસ શાનકી જલ્વા નુમાઈ હચ.**

હવે આગળ ફરમાવવામાં આવી રહ્યું છે કે તમારી તકલીફ એમના પર ભારે છે એટલે કે તેઓ તમને સંકટમાં જોઈ નથી શકતા, એનો અર્થ તદન ઊઘડી ગયો કે જ્યારે તેઓ તમારામાં એવા આવ્યાં કે જાણે શરીરમાં પ્રાણ- તો શરીરના દરેક અવયવને પહોંચતી તકલીફથી એમને તકલીફ થાય છે. આથી માલૂમ પડ્યું કે હુઝૂર **સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુસલમોનોની દરેક હાલતથી, દરેક સમયે જાણકાર છે, નહિતર આપણી તકલીફથી એમને શા માટે ચિંતા થાત ?**

હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **તમામ જગ્યાઓ માટે તશરીફ લાવ્યા-એથી એમનું હાઝિર અને નાઝિર હોવું સાબિત થયું** અહીં એમ ફરમાવવામાં આવ્યું નહિ કે ક્યાંથી તશરીફ લાવ્યા ? આથી જણાયું કે આપ "લા-મકાં"થી આવ્યાં. હકની નિકટમાંથી આવ્યા અને હકની નિકટમાં વર્ષો સુધી રહ્યા.

આમાં એક એવો નુકતો છે કે રબતઆલા જાતે છુપાયેલો રહ્યો-પરંતુ મેહબૂબને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મોકલી દીધા, કેમકે જાહેર ચીઝ પર વિરોધી અને હિમાયતી બંનેની નઝર પડે છે; અને પારકોઓને દેખાડવું મન્ઝૂર નથી.

મુસ્તફાની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઝાત અલ્લાહની અઝમત માટે ઢાલ સમાન છે. આપ કામ તો કરે છે રબનું, પણ એના પંથમાં સંકટો જાતે ઝીલે છે. રબતઆલાએ પરદામાંથી એ તો ફરમાવી દીધું કે જે મારા હબીબને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **ઈજા પહોંચાડશે, હું એનાથી બદલો લઈશ, પણ જાતે જાહેર થયો નહિ.**

**'ભલાઈ ચાહનાર છે.'** આ શબ્દોનો એવો અર્થ થાય છે, કે કોઈ તો પોતાની ઔલાદની ભલાઈ ચાહે છે, કોઈ પોતાની આબરૂની, કોઈ પૈસાટકાની અને કોઈ વળી બીજી કોઈ ચીજની ભલાઈ ચાહનાર હોય છે, પરંતુ મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ન તો પોતાની ઔલાદની કે ન તો પોતાના આરામની ભલાઈ ચાહનારા છે, બલ્કે તેઓ તો તમારી ભલાઈ ચાહનાર છે; તમારા હિતેચ્છુ છે. એટલા માટે આપે પવિત્ર વિલાદતના પ્રસંગે અમો-ઉમ્મતીઓને યાદ કર્યા, મેઅરાજમાં અમારી ચિંતા કીધી; દુનિયાથી પર્દો ફરમાવી ગયા એવે વખતે પણ આપ અમને ભૂલ્યા નહિ., હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સુવાસિત શરીરને કબ્રમાં રાખવામાં આવ્યું, ત્યારે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે જોયું કે પવિત્ર હોઠો હાલી રહ્યાં છે. ધ્યાન પૂર્વક સાંભળ્યું તો ઉમ્મતની શફાઅત થઈ રહી છે. રાતભર જાગીને ઉમ્મતના માટે રડી રડીને દુઆઓ કરે છે કે ખુદાયા ! જો તું એમને અઝાબ આપે તો એ તારા બંદા છે અને જો તું એમને બખ્શી દે તો તું 'અઝીઝ' અને હકીમ છે.

કયામતમાં સૌને પોતપોતાની જાનની પડી હશે, **પરંતુ મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જહાનની.** બધા નબીઓ નફસી.....નફસી ફરમાવે અને નબીઓના **સરદાર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉમ્મતી.....ઉમ્મતી.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۴۱ : قُلْ یٰۤاَیُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الْحَقُّ مِنْ رَّبِّكُمْ (پارہ ۱۱ سورہ یونس رکوع ۱۵)

**(૪૧) આપ ફરમાવો કે હે લોકો ! તમારી પાસે તમારા રબના તરફથી હક આવી ગયો,** *(પા. ૧૧, સૂરએ-યૂનુસ; રૂકુ ૧૫)*

આ મહાન આયતમાં પણ અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ના'ત-શરીફ છે. કારણ કે એમાં એવું ફરમાવવામાં આવ્યું છે કે તમારી પાસે હક આવ્યો. હકનો અર્થ અહીં કુર્આનનો લેવામાં આવ્યો છે યા પછી દીને-ઈસ્લામનો અથવા તો ખુદ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક ઝાતનો.

આથી જાણવા મળ્યું કે હુઝૂરે અકરમનાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નામોમાંથી એક નામ 'હક' પણ છે. બીજું એ માલુમ પડ્યું કે બધા તો હક ઉપર હોય છે પણ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ ખુદ સરાપા-પગથી લઈને માથા સુધી-હક છે, જેમકે આપ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમને જોયા તેણે હકને જોયો.

બીજાઓ તો મોમિન છે, પણ આંહઝરત સરકારે-દો-આલમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તો ઈમાન છે. અન્યો તો આરિફ છે, પણ અમારા-તમારા આકા-ને-મૌલા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો ઈરફાન (મઅરિફતે-હક) છે. બીજાઓ તો આલિમ છે પણ હુઝૂર-પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સરાપા ઈલ્મ છે. આપના પવિત્ર જીવન વિશે જાણવું એ જ ઈલ્મ છે.

**રિયાઝત નામ હય તેરી ગલીમેં આને- જાનેકા,**
**તસવ્વુરમેં તેરે રેહના ઈબાદત ઈસકો કેહતે હંય.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۴۲ : اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ ۝ (پارہ ۱۳ سورہ رعد رکوع ۴)

**(૪૨) ખબરદાર ! અલ્લાહના ઝિકથી દિલ ચેનમાં આવે છે.**

*(પા. ૧૩; સુરએ-રઅદ; રૂકૂ : ૪)*

આ આયતે-કરીમા પણ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ખુલ્લી ને ચોખ્ખી ના'ત છે. એમાં મુસલમાનોના દિલની બેકરારી અને બેચેનીનો ઈલાજ ચીંધવામાં આવ્યો છે. ઈરશાદ થયો છે કે "ઝિક્રિલ્લાહ" (અલ્લાહના ઝિક્ર)થી દિલ ચેનમાં આવે છે; દિલને ચેન મળે છે; રાહત મળે છે; દિલો શાંતિ પામે છે. અલ્લાહના ઝિક્રથી મુરાદ યા તો અલ્લાહની ઝાત છે યા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે, કેમકે ઝિક્રિલ્લાહ આકાએ નામદારનું(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્ર નામ પણ છે.

*(જુઓ-દલાઈલુલ-ખયરાત)*

જો આ શબ્દનો પહેલો અર્થ લેવામાં આવે તો એનો એવો મતલબ થશે કે અલ્લાહની યાદથી દિલને ચેન મળે છે અને તે એટલા માટે કે ઘણીવાર દિલની બેચેની અને બેકરારી-અંશાતિ અને વ્યાકુળતા- ગુનાહોને લીધે હોય છે.

કુર્આને-કરીમ ફરમાવે છે :

**તમને જે મુસીબત પહોંચી તે તમારા હાથોની કમાણીથી છે અને રબ તો ઘણું માફ ફરમાવી દે છે.**

અને અલ્લાહની યાદ ગુનાહો માટે એવી છે જેવું કે ગંદકી માટે સમુદ્રનું પાણી, જ્યાં ગંદી-મેલી ચીઝને ધોઈ કે તરત જ તે પાક-પવિત્ર થઈ ગઈ. એવી જ રીતે ગુનાહોનાં મેલ અને ગંદકી અલ્લાહની યાદથી દૂર થાય છે. ગુનાહ માફ થયા ને ગમ દૂર થયા.

એટલા માટે ઈસ્લામે દરેક દુઃખ- કષ્ટ; સંકટ- મુસીબતમાં અલ્લાહને યાદ કરવાનો હુકમ આપ્યો છે. વરસાદ ન પડતો હોય તો "નમાઝે- ઈસ્તિસ્કા" પઢો; સૂર્ય કે ચંદ્રગ્રહણ થાય ત્યારે **"નમાઝે કસૂફ'** અને **'નમાઝે ખુસૂફ"** પઢો. કોઈ કામ કરવું હોય ત્યારે **"નમાઝે ઈસ્તેખારા"** પઢો. બલ્કે હરેક હાલતમાં અલ્લાહનો ઝિક્ર કરો. બાળકનો જન્મ થાય ત્યારે એના કાનમાં અઝાન કહો. બાળપણમાં એને નમાઝ શીખવો, પોતે પણ સવારે ઊઠતાવેંત નમાઝ પઢો અને રાત્રે નમાઝ પઢ્યા પછી બિછાના પર જાવ. મરતી વેળાએ મય્યતને કલેમો શીખવો, કફન ઉપર કલેમો લખો, કબરમાં ઊતારો ત્યારે બિસ્મિલ્લાહે વ અલા મિલ્લતે રસૂલિલ્લાહે.... **(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)** કહીને ઊતારો. **સારાંશ કે હરહાલમાં રબને યાદ કરો !**

વળી અલ્લાહનો ઝિક્ર શરીરના દરેક અવયવ માટે જુદો જુદો છે. આંખનો ઝિક્ર છે અલ્લાહના ખોફમાં રડવું, કુર્આનને, કાબાને, મા-બાપને, દીની આલિમને જોવા તે. કુર્આનને સ્પર્શ કરવો-હાથ લગાડવો એ હાથનો ઝિક્ર અને પગનો ઝિક્ર મસ્જિદ યા મુબારક મુકામો તરફ જવું. દરેક ઝિક્રથી દિલને ચેન મળે છે; શાંતિ મળે છે; રાહત મળે છે.

મવલાના રૂમ ફરમાવે છે :

**ગર તૂ ખ્વાહી ઝીસ્તન બાઆબરૂ, ઝિક્રે ઉ કુન ઝિક્રે ઉ કુન ઝિક્રે ઉ;**
**હર ગદા રા ઝિક્રે ઉ સુલ્તાં કુનદ, ઝિક્રે ઉ બસ઼ ઝેવરે ઈમાં બુવદ.**

★ જો તું દુનિયામાં માનભરી જિંદગી જીવવા ચાહતો હોય તો હરદમ હરપળ એની યાદ કર; રબનો ઝિક્ર ફકીરને બાદશાહ બનાવી દે છે. રબનો ઝિક્ર એ તો ઈમાનનું ઘરેણું છે.

**મૌલા નામકી જપના કરે; સારે જગકો અપના કરે**

બીજું, એ કારણે પણ દિલ ચેન પામે છે કે ઈન્સાનની પાસે બે ચીઝો છે : શરીર અને રૂહ. શરીર તો પોતાના દેશમાં છે અને રૂહ પરદેશી છે, કેમકે **તે આલમે-અરવાહનો પરિન્દો છે,** જે આ શરીરના કેદખાનામાં કેદ છે અને **અલ્લાહનો ઝિક્ર રૂહના વતનનો પત્ર છે.** જ્યારે પરદેશમાં દેશનો કાગળ(પત્ર) આવે છે ત્યારે એને જોઈને પરદેશીને ચેન મળે છે.

એવી જ રીતે દુનિયામાં રબતઆલાનો ઝિક્ર રૂહ અને દિલની શાંતિ છે. મોમિનની ઈઝ્ઝત અલ્લાહના ઝિક્રથી છે. કુર્આન શરીફનું જુઝદાન અને કા'બાનો ગિલાફ એટલા માટે હુરમતવાળાં છે કે એમને કુર્આન અને કા'બાનું મિલન મળ્યું. એવી જ રીતે જો મોમિનનું દિલ અને એની જીભ ઝિક્રે- ઈલાહીના રંગે સંપૂર્ણ રીતે રંગાઈ જાય તો યકિનન દુનિયા અને આખેરત, કબ્ર અને હશ્રમાં એની ઈઝ્ઝત થાય.

અને જો એનો બીજો અર્થ કરવામાં આવે તો આયતનો અર્થ એવો થશે કે ઝિક્રિલ્લાહ એટલે કે અલ્લાહના રસૂલથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બેચેન દિલને ચેન મળે છે. કુર્આન ફરમાતા હય :-

**ઈન્નમા અન્તા મુઝક્કિર : હે મેહબુબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપ જ અલ્લાહની યાદ દેવડાવનાર છો.**

ઝિક્રિલ્લાહ એટલે કે અલ્લાહને યાદ દેવડાવી દેનારા હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમથી બેચેન દિલ એટલા માટે ચેન પામે છે, કારણ કે "લિકાઉલ ખલીલે શિફાઉલ અલીલ." એટલે, મિત્રની મુલાકાત બીમારની શિફા છે, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દરેક મુસલમાનના મેહબૂબ છે. આપનું મુબારક નામ મુસલમાનનું ચેન હોય એ જરૂરી છે. મરીઝે ઈશ્કની દવા ઝિક્રે-હબીબ છે. **બીજું, એ માટે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દુનિયાની અસ્લ છે.**

મુબારક ઈરશાદ છે : **"અમે અલ્લાહના નૂરથી છીએ અને તમામ મખ્લૂક અમારા નૂરથી."**

અને એવો નિયમ છે કે દરેક ચીઝને પોતાની અસ્લ; પોતાના મૂળ પર પહોંચીને શાંતિ મળે છે. પરદેશમાં માણસ બેકરાર રહે છે, પણ દેશમાં પહોંચીને કરાર પામે છે. નદીઓનું પાણી વહે છે, કેમકે એ બેવતન છે, પરંતુ સમુદ્રનું પાણી નથી વહેતું; કેમકે એ પોતાના વતનમાં છે.

**હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઝિક્ર પોતાની અસ્લનો ઝિક્ર છે. એ વડે ચેન મળવું જ જોઈએ.** : આ એક અસરકારક અકસીર અમલ છે કે કોઈને હૃદયરોગ હોય, તો રોગી પોતાના હૃદયની જ્ગ્યાએ આ જ આયત આંગળી વડે લખી લે યા લખાવી લે અને યા મુહમ્મદ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની વારંવાર તિલાવત કરે, ઈન્શાઅલ્લાહ, આરામ થઈ જશે.

ઈમામે એહલે-સુન્નત આ'લાહઝરત રહમતુલ્લાહ અલયહે શું ખૂબ ફરમાવ્યું છે

કે-

**ઉનકે નિસાર કોઈ કયસે હી રંજમેં હો,**
**જબ યાદ આ ગયે હંય સબ ગમ ભુલા દિયે હંય.**

ઈન્સાન તો સમજભાન ધરાવે છે- જાનવરો, પથ્થરો અને લાકડીઓને હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમથી ચેન મળે છે. લાકડી રસુલે મકબૂલના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિયોગમાં રડી, ત્યારે એને પવિત્ર સીના સાથે લગાડતાં લાકડીને ચેન મળ્યું.

એક બુઝૂર્ગ એક બીમાર માટે તાવીઝ લખી રહ્યા હતા. એક બેદીન બોલ્યો, આ તાવીઝ વગેરે બધા ખાવા-કમાવાના ધંધા છે ! આ તાવીઝોથી કંઈ વળતું નથી. બુઝૂર્ગે એ બેદીનને કહ્યું, 'ઉલ્લુ, ગધા, કુત્તા'- અને તાવીઝ લખવામાં પરોવાઈ ગયા.

વાંધો ઊઠાવનાર બેદીન તો આ સાંભળીને રાતોપીળો થઈ ગયો અને એલફેલ બકવા માંડ્યો.

બુઝૂર્ગે ફરમાવ્યું; જો આ અદના ચીઝોનાં નામમાં તાસીર છે કે એથી તમારા દિલનો હાલ બદલાઈ થયો, તો શું અલ્લાહ અને એના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નામમાં તાસીર નથી કે એનાથી બીમારનો હાલ બદલાઈ જાય ?

-અને હકીકત એ છે કે હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **યાદ એ જ શહિન્શાહનું ધ્યાન પોતાના તરફ દોરવાનું બહાનું છે. એમની તવજ્જોહ થાય, એમની નિગાહ થઈ જાય, તો ફકીરોનો બેડો પાર થઈ જાય છે.**

કો'કે કેવો સુંદર શેઅર કહ્યો છે :

**હર ઝર્રહ દિલ બન જાતા હય, હર ચીઝ નઝર હો જાતી હય;**
**જિસ સિમ્ત વો નઝરેં ઉઠતી હંય, કૌનેન ઉધર હો જાતી હય.**

મવલાના હસન રઝાખાં બરેલ્વી સાહિબે (રહમતુલ્લાહ અલયહ) શું ખૂબ ફરમાવ્યું છે :

**રેહમત ન કિસ તરહ હો ગુનેહગાર કી તરફ,**
**રહમાન ખુદ હય મેરે તરફદાર કી તરફ.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۴۳ : وَلَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ وَجَعَلْنَا لَهُمْ اَزْوَاجًا وَّذُرِّيَّةً ؕ

(پارہ ۱۳ - سورہ رعد رکوع ۶)

**(૪૩) અને બેશક. અમે તમારાથી પહેલાં રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મોકલ્યા અમે એમના માટે પત્નીઓ અને બાળકો જન્માવ્યાં.**

*(કુરઆન રઅદ; રૂકૂ : ૬)*

આ આયત પણ રસૂલે-મકબૂલ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ના'ત-શરીફ છે. એ એવી રીતે ઊતરી કે : કાફિરો એમ કહ્યા કરતા હતા કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ તો અલ્લાહના નબી છે એટલે એમને બાલબચ્ચાં અને ઘરની શી જરૂરત ? નબીને દુનિયા સાથે શું લાગેવળગે? સંસાર સાથે કઈ લેવાદેવા ? એ તો અલ્લાહવાળા હોય છે, એટલે માત્ર અલ્લાહ સાથે જ સંબંધ રાખવો જોઈએ, જેમકે હઝરત ઈસા અલયહિસ્સલામ અને હઝરત યાહ્યા અલયહિસ્સલામ, એ ઉપરથી આ આયતે-કરીમા નાઝિલ થઈ.

આ મહાન આયતમાં અમુક રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત છે. પ્રથમ તો એ રીતે, કે વાંધો લેવાય હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે અને જવાબ આપે છે રબતઆલા. નબીએ કરીમ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને જવાબ આપવાની પણ જરૂરત નથી, જવાબ ખુદ રબતઆલા આપી રહ્યો છે.

બીજું એ રીતે કે આ લોકોએ સંસાર સુખને- દુન્યાવી સંબંધને નબી માટે અયબ ઠેરવ્યા, પરંતુ મજકૂર આયતમાં ફરમાવવામાં આવ્યું કે એ અયબ નહિ, પણ એક અત્યંત મોટી ખૂબી છે. ઘણા અમ્બિયાએ-કિરામ દુનિયા સાથે સંબંધ રાખતા હતા, બલ્કે દુન્યા સાથે સંબંધ રાખવો એ એક મોટું કામ છે.

એક કવિના કહેવા અનુસાર, દુનિયા-સંસાર સાથે સંબંધ રાખ્યા સાથે અલ્લાહ અને એના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે સંબંધ જાળવી રાખવો એ તો મોટી ખૂબીની વાત છે.

**ખરેખર ! જે પણ માણસ નબીએ-કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે સંબંધ રાખશે એ ઈઝઝત અને અઝમત પામશે- માન અને મહાનતા મેળવશે.** હઝરત ઈસા અલયહિસ્સલામ પિતા વિના પૈદા થયા, તો એમની ઝાતથી માત્ર માતાની સગાઈવાળાઓને અઝમત મળી, જ્યારે હુઝૂર સરવરે કાએનાતનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સંબંધ માતા અને પિતા બંનેથી રહ્યો હોઈ, હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્ર ઝાતથી માતા અને પિતા બંને જુથોને અઝમત હાસિલ થઈ. એવી જ રીતે જે જે પાક બીબીઓ સાથે નિકાહ ફરમાવ્યા, એ પાક બીબીઓ અને એમના નજીકના સંબંધીઓ સુધ્ધાંને અઝમત મળી ગઈ. આજે માનવંત સાદાતને દુનિયાભરમાં માન અને ઈઝઝતની નજરે જોવામાં આવે છે અને કયામત સુધી એમની એવી જ ઈઝઝત રહેશે, એમનું એવું જ માન થતું રહેશે. ઈન્શાઅલ્લાહ.

જો અમારા- તમારા આકા- ને મૌલા બન્ને જહાનના સરદાર, હઝરત અહમદે-મુખ્તાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઔલાદ ન હોત તો એક ખલ્કને આ અઝમત કેવી રીતે હાસિલ થાત ? *(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۴۴ : لَعَمْرُكَ إِنَّهُمْ لَفِي سَكْرَتِهِمْ يَعْمَهُونَ ۝ (پارہ ۱۴، سورہ حجر، رکوع ۵)

**(૪૪) હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! તમારી જાનના કસમ, બેશક. તેઓ પોતાના નશામાં બહેકી રહ્યા છે.**

*(પા. ૧૪; સુરએ હજર; રૂકૂ : ૫)*

આ આયતે-કરીમા પણ નબીએ કરીમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ના'ત- શરીફ છે, કેમકે એમાં મેહબૂબની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જાનના કસમ ખાવામાં આવ્યા છે.

રબતઆલાએ પૂરા કુર્આને કરીમમાં પોતાના મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સિવાય બીજા કોઈ નબીના કસમ ઈરશાદ નથી ફરમાવ્યા અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જાનના કસમ, આપના શહેર મક્કાના કસમ (આપ જ્યાં સુધી એમાં રહ્યા), આપના ઝમાનાના કસમ-મતલબ કે, આપની દરેક ચીઝના કસમ ઈરશાદ ફરમાવ્યા, જેથી જણાયું કે **રબતઆલાને મેહબૂબ અને મેહબૂબની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક ચીઝ વ્હાલી છે,** અતિ પ્યારી છે. અને અઝમતવાળી પણ ! કારણ કે યા તો કસમ ખવાય છે પ્યારી ચીઝના જેમકે ઈન્સાન પોતાની જાનની, ઔલાદની, માલની કસમ ખાય છે અને યા પછી અઝમતવાળી ચીઝના, જેમકે ખુદાની કસમ યા એની સિફાત (ગુણ)ની કસમ.

**મસ્અલા :** કસમ બે પ્રકારના હોય છે. શરઈ કસમ- જેના પર શરઈ એહકામ જારી થાય, જેમકે કફ્ફારો વગેરે. એ તો ખુદાની ઝાતની કસમ ખાઈ શકાય છે યા એની એ સિફાતની, જેના કસમ ખાવાનો રિવાજ હોય, જેમકે રહીમની કસમ, રેહમાનની કસમ, યા કુર્આનની કસમ. બીજો પ્રકાર **ઉર્ફી કસમનો** છે, જેના પર શરઈ એહકામ જારી થતા નથી. માત્ર પોતાની વાતને વજન આપવા માટે એવું બોલાય છે, જેમકે મા, બાપ, ઔલાદ યા જાન-માલ વગેરેના સોગન.

કુર્આનમાં જે ચીઝના કસમ ખાવામાં આવ્યા છે એનો મકસદ એ ચીઝની ઈઝ્ઝત અને અઝમત દુન્યાવી ને દીની નઝરે જાહેર કરવાનો છે, જેમકે અંજીર અને ઝયતુન વગેરેના કસમ કુર્આને ખાધા છે, કે આ ચીઝો પોતાનામાં ઘણો દુન્યાવી લાભ ધરાવે છે દુનિયાવાળાઓ અને ખાસ કરીને અરબવાળા આ ચીઝોને ઘણી નફાદાયક ગણે છે. **અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને એમના પવિત્ર શહેર વગેરેના કસમ એટલા માટે ખાવામાં આવ્યા કે એ ચીઝો કયામત સુધી દીની અઝમતવાળી છે.**

***(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)***

آیت ۴۵ : سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِہٖ لَیۡلًا مِّنَ الۡمَسۡجِدِ الۡحَرَامِ اِلَی الۡمَسۡجِدِ

الۡاَقۡصَا الَّذِیۡ بٰرَکۡنَا حَوۡلَہٗ لِنُرِیَہٗ مِنۡ اٰیٰتِنَا ؕ اِنَّہٗ ہُوَ السَّمِیۡعُ الۡبَصِیۡرُ ۝

(૪૫) **પવિત્રતા છે એને, જે પોતાના બંદાને રાતોરાત લઈ ગયો મસ્જિદે-હરામથી મસ્જિદે-અકસા સુધી, જેની કોરેમોરે (આસપાસ) અમે બરકત દઈ રાખી છે કે અમે એને પોતાની મહાન નિશાનીઓ બતાવીએ. બેશક. એ સાંભળે અને જુએ છે.**

*(પા. ૧૫ સૂરએ બની ઈસરાઈલ, રૂકૂઅ : ૧)*

આ આયતે-કરીમા સરવરે કાએનાત સરદારે દોજહાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સ્પષ્ટ ના'ત શરીફ બયાન ફરમાવી રહી છે. આ આયતમાં એ અઝમતનો ઝિક્ર છે જે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સિવાય બીજા કોઈને અતા નથી એટલે કે મેઅરાજ શરીફ.

મેઅરાજની ઘટના વિશે ત્રણ વાતો ધ્યાનમાં રાખવી જોઈએ એક તો એ, કે મેઅરાજ કેવી રીતે થઈ ? બીજું એ, કે મેઅરાજ ક્યારે થઈ ? ત્રીજું એ, કે આ આયતમાં કેવા કેવા નુકતાઓ રહેલા છે ?

મેઅરાજમાં અલ્લાહ તઆલાની સેંકડો હિકમતો છે, એમાંથી તદ્દન જાહેર એવી ચાર હિકમતો તરત જ સમજમાં આવી જાય છે. એક તો એ, કે અમે અગાઉ જણાવી ગયા તેમ, જે મો'જિઝાઓ અને દરજ્જાઓ અમ્બિયાએ-કિરામને અલગ અલગ, જુદા જુદા અતા ફરમાવવામાં આવેલા તે તમામ એકસામટા, બલ્કે એનાથી પણ કંઈક વિશેષ, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમને અતા થયા છે, આના ઘણા દાખલા અમે રજૂ કરી ચૂક્યા છીએ, હઝરત મૂસા કલીમુલ્લાહને એ દરજ્જો મળ્યો કે તેઓ તૂર પહાડ પર જઈને અલ્લાહ સાથે વાતચીત કરતા હતા. હઝરત ઈસા અલયહિસ્સલામને એ મરતબા મળ્યો કે એમને ચોથા આસ્માન પર ઉચકી લેવામાં આવ્યા અને હઝરત ઈદરીસ અલયહિસ્સલામને જન્નતમાં બોલાવી લેવાયા, જ્યારે આપણા આકા ને મૌલા સરવરે દો-આલમ સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મેઅરાજ શરીફ આપવામાં આવી, જેમાં અલ્લાહ સાથે વાતચીત પણ થઈ આસમાનની સહેલ પણ થઈ, જન્નત અને દોઝખનું નિરીક્ષણ પણ થયું- **સારાંશ કે એ બધા મરતબાઓ, એ સઘળા દરજ્જાઓ એક મેઅરાજમાં પસાર કરાવી દેવામાં આવ્યા.**

વળી બહુ મોટો ફર્ક છે કોહે-તૂર અને અર્શે-રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમમાં હઝરત કલીમ જાતે જાય છે અને મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બોલાવાય છે.

બીજી હિકમત એ, કે તમામ પયગમ્બરોએ અલ્લાહની અને જન્નત-દોઝખની

ગવાહીઓ આપી, અને પોતપોતાની ઉમ્મતો પાસે પઢાવ્યું કે **"અશહદો અન લા ઈલાહ ઈલ્લલ્લાહ"**..... પરંતુ એ હઝરતોમાંથી કોઈની ગવાહી આંખદીઠી નહોતી; સાંભળેલી હતી. ગવાહીની અંતિમ કક્ષા તો સગી આંખે જોવું છે. તેથી અમ્બિયાની આ પવિત્ર જમાઅતમાં કોઈ એવી હસ્તી પણ હોવી જરૂરી હતી, જે આ તમામ ચીઝોની જાતે જોઈને આંખદીઠી ગવાહી આપે, જેથી ગવાહી પર શહાદતની પૂર્ણતા થઈ જાય. આ પૂર્ણતા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક ઝાત પર થઈ. એના તરફ જ ઈશારો છે- "ઈન્ના અરસલનાકા શાહેદન..... **ગવાહી તમામ પયગમ્બરોએ આપી હતી, પરંતુ એ સાંભળેલી હતી અને હુઝૂર સરકારે દો-આલમની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગવાહી હતી એની પરાકાષ્ટા** એટલે હુઝૂર ખાતેમુન્નબીય્યીન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે, કેમકે સાંભળેલી સાક્ષીઓની પરિપૂર્ણતા આંખે દીઠી શાહેદ પર થાય છે.

જો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તશરીફ આવરી પહેલાંથી જ થઈ ગઈ હોત તો બીજા નબીઓને નબૂવ્વતનું માન જ મળ્યું ન હોત ! આ ઉપરાંત **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પછી કોઈ નવા નબીની જરૂરત જ નથી, કેમકે દાર્શનિક પુરાવો મળી ગયા પછી અણદીઠી સાક્ષીની કંઈ જરૂરત રહેતી નથી.**

ત્રીજી હિકમત એ કે રબતઆલાએ ફરમાવ્યું : "અલ્લાહે મુસલમાનોના જાનમાલ ખરીદી લીધા જન્નતના બદલામાં." અલ્લાહતઆલા મુસલમાનોના જાનમાલનો ખરીદાર; મુસલમાનો વેચનારા. અને આ સોદો થયો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મારફત , જેની મારફતે સોદો થાય છે તે માલને પણ જુએ છે અને કીમતને પણ. ફરમાવવામાં આવ્યું : હે મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! તમે વેચનારા મુસલમાનોના જાનમાલ તો જોયા. હવે આવો, ખરીદારની જન્નતને પણ જોઈ જાઓ અને વળતરરૂપે આપનાર આપના ગુલામોની ઈમારતો અને બગીચાઓ વગેરેનું પણ નિરીક્ષણ કરી જાઓ ! **એટલું જ નહિ, પણ સ્વયં ખરીદારને પણ જોઈ જાઓ. એટલે કે ખુદ પરવરદિગારે આલમની ઝાતને પણ** અને ઈમામની કિરઅત મુક્તદીની કિરઅત છે; ઈમામનું જોવું બધાનું જોવું છે.

ચોથી હિકમત એ, કે **હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમામ ઈલાહી મમ્લિકતના અતાએ-ઈલાહી માલિક છે.** એટલા માટે જન્નતના એકેએક પાંદડા પર, હૂરોની આંખોમાં, સારાંશ કે દરેકે દરેક સ્થળે લખેલું છે : "લાઈલાહ ઈલ્લલ્લાહો મુહમ્મદુર્રસૂલુલ્લાહ...." (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એટલે કે આ ચીઝ અલ્લાહે બનાવેલી છે અને અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તે અર્પણ કરવામાં આવેલી છે.

**મંચ તો માલિક હી કહૂંગા કે હો માલિક કે હબીબ,**
**યા'ની મેહબૂબો-મોહિબમેં નહીં મેરા-તેરા.**

અલ્લાહની એ મરજી હતી કે માલિકને એની મિલ્કત બતાવી દેવામાં આવે. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

**(૨) મેઅરાજ ક્યારે અને કેવી રીતે થઈ ?** નબૂવ્વતનાં અગિયાર વરસ પાંચ મહિના પછી સત્તાવીસમી રજ્જબ સોમવારની રાતના પાછલા ભાગમાં હઝરત ઉમ્મે હાની બિન્તે અબી તાલિબના ઘેરથી થઈ. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પોતાના ઘેરથી ન થઈ, જેથી હઝરત જિબ્રીલ અલયહિસ્સલામ ત્યાં પરવાનગી લીધા વિના હાજર થઈ શકે જો મેઅરાજ હુઝૂરના ઘેરથી થઈ હોત તો યા જિબ્રીલ અલયહિસ્સલામ દરવાઝા પર અવાઝ આપી, ઈજાઝત લઈને અંદર હાજર થયા હોત પછી ઈજાઝત લીધા વગર જ અંદર આવી ગયા હોત; અને આ બંને કાર્યો નાજાઈઝ હતાં. રબતઆલાનું ફરમાન કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બહારથી અવાજ આપવો જાઈઝ નથી. એવી જ રીતે ઈજાઝત વગર આપના ઘરમાં જવું પણ જાઈઝ નથી.

**અત્રે એ ધ્યાન રહે કે ફરિશ્તાઓ પણ મોમિન છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો સૌના નબી છે.**

નબૂવ્વતની મુદત કુલ ત્રેવીસ વરસ છે, જેના અર્ધોઅર્ધ એટલે કે સાડાં અગિયાર વરસે અર્થાત બરાબર વચ્ચોવચ્ચ મેઅરાજ શરીફ થઈ. એવી જ રીતે રજ્જબ વર્ષનો વચલો મહિનો છે. અને સોમવારનો પવિત્ર દિવસ મેઅરાજ શરીફ માટે ચૂંટવામાં આવ્યો આ દિવસ પણ વચલો અને ઉમ્મત પણ વચલી. **"વકઝાલેકા જઅલનાકુમ ઉમ્મતંવ વસતા......"** તેથી મેઅરાજ પણ વચલી તારીખ અને વચલા મહિનામાં જ થઈ.

**નુકતો : હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાક પૈદાઈશ, હિજરત, મદીના-મુનવ્વરામાં પ્રવેશ પહેલી વહી, મેઅરાજ અને વફાત-એ બધું જ સોમવારે થયું. કેમકે એ દિવસનું નામ છે : "બીજા દરજ્જાવાળો દિન" અને હુઝૂર સરવરે કૌનેન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પણ..... બા'દ અઝ ખુદા બુઝૂર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર...... તો બીજા મરતબાવાળાને બીજા દિવસમાં દરેક નેઅમતથી નવાઝવામાં આવ્યાં. (રૂહુલ બયાન : આ જ આયત) એટલા માટે આ દિવસને ફારસીમાં 'દુશમ્બા' કહે છે અને ઉર્દૂમાં કહે છે પીર. એટલે કે બધા દિવસોનો એ પીર છે.**

મેઅરાજમાં શું થયું ? બુખારી, મુસ્લિમ તેમ જ હદીસની બીજી કિતાબોમાં બયાન કરાયેલો એ અંગેનો બનાવ ટૂંકમાં આ પ્રમાણે છે :

**રજ્જબની સત્તાવીસમી રાત છે.** રાતનો અન્તિમ ભાગ છે- મેહબૂબે-ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાનાં બહેન ઉમ્મે હાની બિન્તે અબી તાલિબના ઘરમાં આરામ ફરમાવી રહ્યા છે. એવામાં હઝરત જિબ્રીલ-અમીન અલયહિસ્સલામ બુરાક અને બરાત લઈને સેવામાં હાજર થાય છે. તેઓ પયગામે-ઈલાહી : અલ્લાહનું આમંત્રણ : લઈને આવ્યા છે.

હઝરત જિબ્રીલે-અમીન આપણા આકાને મૌલા અલ્લાહના મેહબૂબને(સલ્લલ્લાહો

અલયહે વસલ્લમ) જગાડે છે. રબતઆલાનો પયગામ પહોંચાડે છે. પછી તેઓ હુઝૂર પૂરનૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુબારક સીનાને ચીરી એને ધૂવે છે. અને એ ફયઝભરપૂર સીનાને હિકમત અને નૂરથી ભરી દે છે. ત્યાર બાદ કવસરના પવિત્ર પાણીથી ગુસલ આપે છે અને મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને દુલ્હા બનાવે છે, બહિશ્તી હુલ્લો પહેરાવે છે અને સવારી માટે બુરાક હાજર કરે છે.

બુરાકને બુરાક એટલા માટે કહે છે કે એની ઝડપ બર્ક (વીજળી) જેવી હોય છે યા પછી એ બિલકુલ સફેદ હોય છે. (રૂહુલ બયાન) એનું શરીર ગધેડાથી મોટું અને ઘોડાથી કંઈક નાનું હોય છે. એ જ્યાં સુધી દૃષ્ટિ જાય ત્યાં સુધીનું અંતર એક જ ટાપમાં પસાર કરી જાય છે.

**થા બુરાકે નબી યા કે નૂરે-નઝર, યે ગયા વોહ ગયા ઔર નિહાં હો ગયા.**

હઝરત જિબ્રીલે-અમીન એ બુરાકની લગામ ઝાલે છે. હઝરત ઈસરાફીલ પાછળ ખડા થઈ જાય છે. ફરિશ્તાઓ ચારે બાજુથી બુરાકને ઘેરી વળે છે. આ શાનથી ફરિશ્તાઓના પવિત્ર ટોળા વચ્ચે મહાન દુલ્હાની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુબારક સવારી મક્કા-મોઅઝ્ઝમહથી રવાના થાય છે.

આ શાનદાર દિવ્ય સવારી જોતજોતાંમાં બયતુલ-મુકદસ આવી પહોંચે છે. ત્યાં તમામ નબીઓ અને રસૂલો તથા ફરિશ્તાઓ સરદારે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું સ્વાગત કરવા માટે મોજૂદ હોય છે અને નમાઝની તૈયારી હોય છે. માત્ર ઈમામુલ અમ્બિયાની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રાહ જોવાઈ રહી હોય છે. દુલ્હા પધારે છે કે તુરત જ સૌ બાઅદબ સલામી અર્ઝ કરે છે. તમામ અમ્બિયા અને ફરિશ્તાઓ મુક્તદી બનીને પાછળ સફ બનાવીને ઊભા થઈ જાય છે અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈમામત ફરમાવે છે. **સુબ્હાનલ્લાહ ! શું નમાઝ છે કે નબીઓ મુકતદી, નબીઓના નેતા ઈમામ, પહેલો કિબ્લો જા-નમાઝ, ફરિશ્તાઓ મુકર્રબીન, મોઅઝ્ઝિન હઝરત જિબ્રીલે અઝાન અને તકબીર આપી.**

*(શામી : બાબુલ અઝાન)*

**નમાઝે અકસા મેં થા યે હી સિર્ર, અયાં હો માઅ્‌ની અવ્વલો-આખિર;**
**કે દસ્તબસ્તા હૈંય પીછે હાઝિર, જો સલ્તનત પહેલે કર ગએ થે.**

આજે 'અવ્વલ' અને 'આખિર'ના અર્થો ઉઘડ્યાં. ખાતેમુન્નબીય્યીન (આખરી નબી) એમના પહેલાંના સુલ્તાનોની ઈમામત ફરમાવી રહ્યા છે. આ નમાઝથી ફારિગ ગયા કે તુરત જ આસમાનની સફર તૈયાર જ હતી. એ જ બુરાક અને એ જ એની રફતાર. એ જ બરાત અને એ જ દુલ્હા. પલકવારમાં તો આ શાહી સવારી પહેલા આસમાન પર આવી પહોંચી. હઝરત આદમ અલયહિસ્સલામે સ્વાગત કર્યું. પોતાના મહાન ફરઝન્દનાં ઓવારણાં લીધાં. લાંબા સમય પછી મનની ઈચ્છા પૂરી થઈ. તેઓ

મરહબા કહી ઊઠ્યા.

ત્યાર બાદ એક પછી એક આસમાનો આવતા ગયા; પસાર થતા ગયા. દરેક આસમાન ઉપર જુદા જુદા અમ્બિયાએ-કિરામ અલયહિમુસ્સલામ સાથે મુલાકાત થઈ. બીજા આસમાન ઉપર હઝરત યહ્યા, ત્રીજા આસમાન ઉપર હઝરત યૂસુફ અલયહિસ્સલામ, ચોથા આસમાન ઉપર હઝરત ઈદરીશ અલયહસ્સિલામ, પાંચમા ઉપર હઝરત હારૂન અલયહિસ્સલામ, છઠ્ઠા ઉપર હઝરત મૂસા અલયહિસ્સલામ અને સાતમાં ઉપર હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ સરકારના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દીદારનું સદભાગ્ય પામ્યાં. અહીંથી આગળ વધતાં 'સિદરહ' આવ્યું આ સ્થળથી આગળ વધવાનું હઝરત જિબ્રીલ માટે શક્ય નહોતું.

**બફૂરે સદા સામાં યે બંધા, યે સિદરહ ઉઠા, વોહ અર્શ ઝુકા,**
**સફૂફે સમાને સજદહ કિયા, હૂઈ જો અઝાં તુમ્હારે લિયે.**

આ સિદરહ એક બોરડીનું વૃક્ષ છે, જેનાં પાંદડાં હાથીના કાન જેવડાં અને ફળ માટલાં જેવાં છે. આ હઝરત જિબીલનું રહેઠાણ છે. એનાથી આગળ એમની પહોંચ નથી. ત્યાં પહોંચીને હઝરત જિબ્રીલે-અમીને આગળ વધવાની અશક્તિ બતાવી, માફી ચાહી, હુઝૂર આકાએ નામદારે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : જિબ્રીલ! એ તો તરીકો નથી કે તમે સાથ છોડી દો ! જિબ્રીલે વિનંતી કરી :

**અગર યક સરે મૂએ બરતર પરમ, ફરોગે તજલ્લા બસોઝદ પરમ.**

"અહીંથી આગળ વધવું એ તો કેવળ આંહુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જ શાન છે. જો હવે હું બાલ બરાબર પણ આગળ વધીશ તો તજલ્લીઓને સહન કરી શકીશ નહિ."

આગળ પરવરદિગાર જાણે યા જનારા મેહબૂબ,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કે ક્યાં ગયાં ? ત્યાં ગયા કે જ્યાં 'ક્યાં'નું અસ્તિત્વ જ ખતમ થઈ જાય છે.'ક્યારે' અને 'ક્યાં' તો 'મકાન' અને 'ઝમાન' માટે છે. જ્યાં સરકાર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બિરાજમાન હતા ત્યાં ન સમય હતો કે ન હતું સ્થળ. કોઈ બતાવે તો શું બતાવે ?

રબે શું દીધું ? મેહબૂબે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શું લીધું ? રબે શું ફરમાવ્યું ? મેહબૂબે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શું સાંભળ્યું ? રબતઆલા અને મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વચ્ચે શી શી ભેદભરમ ભરી વાતચીત થઈ ? એ તો આપનાર અને લેનાર જ જાણે. કુર્આને પણ ભેદ ન ખોલ્યો, બલ્કે એમ ફરમાવ્યું કે : "રબતઆલાએ પોતાના બંદાની તરફ જે વહી કરી, તે કરી."

મૂસા અલયહિસ્સલામ સાથે રબતઆલાએ તૂર ઉપર એકાંતમાં જે કાંઈ ફરમાવ્યું તે બધું કુર્આને કરીમ દ્વારા દુનિયામાં પ્રગટ કરી દેવામાં આવ્યું. જુઓ : સૂરએ તાહા

**: પરંતુ જે ભેદો મેહબૂબે-ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર મેઅરાજમાં જાહેર કરવામાં આવ્યાં તે ભેદના પડદામાં જ રાખવામાં આવ્યાં :** " અમે અમારા બંદાને જે વહી કરી, તે કરી-" કોઈ બીજાને એ શા માટે બતાવીએ ? હા. એટલું જ માલૂમ છે કે આપને ત્યાંથી ઉમ્મત માટે રાત દિવસમાં પચાસ વખતની નમાઝો ભેટ મળી. પાછા ફરતી વેળાએ હઝરત મૂસા અલયહિસ્સલામે અરજ કરી કે હે અલ્લાહના હબીબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આ નમાઝો તો બહુ વધારે છે, અને ઓછી કરાવો.

હવે બારગાહે-રબ અને હઝરત મૂસા અલયહિસ્સલામની વચ્ચે સરકાર રિસાલતમઆબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વારંવાર પધરામણી થતી રહી અને પાંચ-પાંચ નમાઝો ઓછી થતી ગઈ. તે એટલે સુધી કે પચાસમાંથી ઘટીને પાંચ નમાઝો રહી ગઈ.

આ પાંચ નમાઝો હઝરત મૂસા અલયહિસ્સલામની વિનંતી પર રહી. હઝરત મૂસાની એવી તમન્ના હતી કે તૂર પર અલ્લાહનો જમાલ જોવા ઈચ્છા કરી તો રોકી દેવામા આવ્યાં હવે આજે મને તક મળી છે કે મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વારંવાર અલ્લાહનો જમાલ જુએ અને **હું મારી આંખો વડે મુસ્તફાના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ચંદ્રમુખની આરસીમાં જમાલે-ઈલાહીના ખૂબ મન ભરી દીદાર કરી લઉં !**

**એ જ મેઅરાજની મુબારક મુસાફરીમાં હુઝૂર શાફએ મેહશરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જન્નતની સહેલ પણ ફરમાવી.** પોતાના ગુલામોનાં મકાનો અને બગીચાઓ પણ નિહાળ્યાં. જન્નત પણ જોઈ, ગુનેહગારો પર થતો અઝાબ અને પોતાના દુશ્મનોની દુર્દસા દીઠી. આપે એક જમાઅત એવી જોઈ, કે દોઝખમાં ગરમ ધગધગતા પત્થર ખાઈ રહી છે. હઝરત જિબ્રીલે વિનંતી કરી કે આ એ માલદારો છે, જેઓ પોતાના માલની ઝકાત કાઢતાં નહોતા.

આપે એક શખ્સને લોહીની નદીમાં ઊભો ઊભો પથ્થર ખાતો જોયો, હઝરત જિબ્રીલે વિનંતી કરી : એ વ્યાજખાઉ છે. એક કોમની જીભ અને હોઠને લોંખંડી કાતર વડે કપાઈ રહેલાં જોયાં. હઝરત જિબ્રીલે અરજ કરી : આ આલિમે બે-અમલ છે; અમલ નહિ કરતા આલિમ.

આપે એવા માણસો જોયા, જેમના નખ તાંબાના હતા અને જેઓ એ વડે પોતાના ચહેરાઓ અને છાતીઓ ને ઝખ્મી કરી રહ્યા હતા. હઝરત જિબ્રીલે વિનંતી કરી : આ લકો મુસલમાનોની ગીબત એટલે નિંદા-વગોવણી કરનારા છે. સારાંશ કે દરેક જૂથની હાલત આપે જાતે જોઈને જાણી. *(રૂહુલ બયાન)*

પરંતુ આ બધું દાખલા રૂપે હતું; પ્રતીક સ્વરૂપે હતું. અમ્બિયાએ કિરામની આંખો ભૂતકાળ અને ભવિષ્ય કાળની વાતોને તે વર્તમાનકાળમાં બની રહી હોય એવા

સ્વરૂપે જોઈ શકે છે. આને દાખલા રૂપે એવી રીતે સમજી લો કે જેમ આપણે ક્યારેક સ્વપ્નમાં હવે પછી બનનારા બનાવો મિસાલ રૂપે જોઈ લઈએ છીએ. પરંતુ આપણાં એ અમ્બિયાએ કિરામનું જોવું ચોક્કસ વિશ્વાસપાત્ર હોય છે. **એવી જ રીતે મૃત્યુ પછી મય્યતની રૂહ કયામત પહેલાં જન્નત યા દોઝખની સહેલ કરે છે- અને શહીદોની રૂહો જન્નતમાં જાય છે. પણ એ જવું રૂહાની હોય છે, શારીરિક નહિ. કયામત પછી જવું શારીરિક હશે. બરઝખની સરખામણીએ દુનિયા ખ્વાબની મિસાલ છે અને આખિરતની સરખામણીએ બરઝખ ખ્વાબની મિસાલ છે.** *(તફસીર રૂહુલ બયાન)*

આ સંપૂર્ણ સહેલ-સફરથી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાછા તશરીફ લાવ્યા ત્યારે બિસ્તર હજુ હુંફાળું હતું અને મુબારક દરવાજાની સાંકળ હલી રહી હતી. **સારાંશ, લગભગ એંસી હજાર વરસનો પ્રવાસ એક ક્ષણમાં પૂરો થઈ ગયો.** હુઝૂર સરવરે-કાએનાતે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સવારે આ બનાવની ખબર આપતાં હઝરત અબૂબક્ર રદિયલ્લાહો તઆલા અન્હો વિના સંકોચે તસ્દીક ફરમાવીને સિદ્દીક બન્યા અને અબૂ જહલ વગેરેએ એનો વિરોધ કરી દોઝખી તરીકે નું તોક ગળામાં નાખી લીધું.

આ તો મેઅરાજ શરીફના મહાન બનાવનું ટૂંકું વર્ણન થયું હવે આ આયતમાં કેવા કેવા મુદ્દાઓ રહેલા છે. તે જોઈએ.

પહેલા તો આ આયતનો આરંભ ''સુબ્હાનલ્લઝી''થી કરવામાં આવ્યો, જે તા'જ્જુબના પ્રસંગે બોલવામાં આવે છે. મેઅરાજની ઘટના અત્યંત આશ્ચર્ય પમાડે એવી ઘટના છે. એ સામાન્ય માનવ-સમજથી પર છે. એટલા માટે ફરમાવ્યું કે ''સુબ્હાનલ્લઝી''...... એટલે કે આ એના ઈરાદાથી થયું, જે સર્વશક્તિમાન છે. હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્ર શરીરનું ઉપરની તરફ જવું, આસમાનમાં દાખલ થઈ જવું; જન્નત અને દોઝખની સહેલ ફરમાવવી, વળી એટલી ત્વરાથી પાછા તશરીફ લઈ આવવું, એ બધું આમ પહેલી નજરે જો કે ઘણું મુશ્કેલ કાર્ય લાગી રહ્યું છે **પણ એ રબ્બે-કદીર : કુદરતવાળા રબ માટે કંઈ જ મુશ્કેલ નથી,** આપણી નઝરનું નૂર જોતજોતામાં ક્ષણ વારમાં આસમાનની સહેલ કરીને પાછું આવી જાય છે અને એને કોઈ કશું નુકસાન પહોંચાડી નથી શક્તું, આ તો એક અદના નૂરની હાલત છે, **ત્યારે હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો સરાપા નૂર છે અને એમના કમાલાતનો તો કંઈ પાર જ નથી.**

આ આયતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ''અબ્દ'' ફરમાવવામાં આવ્યા છે, એમનો એમાં રસૂલ કે નબી તરીકે ઉલ્લેખ કરાયો નથી, કેમકે આજે તેઓ મખ્લૂકમાંથી ખાલિક-સૃષ્ટિમાંથી સર્જક તરફ જઈ રહ્યા છે, આજે રિસાલતની શાનનું વર્ણન કરવાનો સમય નથી. અબ્દિયતઃ બંદાપણુંઃ દેખાડવાનો સમય છે, 'અબ્દ' ફના-ફિલ-મવલા હોય છે. **હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફનાફિલ્લાહનો દરજ્જો**

ભોગવે છે.

**અબ્દ દીગર અબ્દહૂ ચીઝે-દીગર,**
**ઉ સરાપા ઈન્તિઝાર, ઉ મુન્તઝર.**

અબ્દ- એ જે રબનો ઈન્તિઝાર કરે; જેમકે મૂસા અલયહિસ્સલામ સયના-ખીણમાં ! અબ્દહૂ- એ જેનો રબ ઈન્તિઝાર ફરમાવે.

અબ્દ એ જેની ઈઝઝત રબની નિસ્બતથી થાય. અબ્દહૂ, એ ઉચ્ચ ગુલામ કે જેની અબ્દિયતથી મવલાની અઝમત જાહેર થાય રબતઆલા ફરમાવે છે : હોવલ્લઝી અરસ-લ રસુલહૂ.

**વોહી હય અવ્વલ, વોહી હય આખિર, વોહી હય બાતિન, વોહી હય ઝાહિર;**
**ઉસીકે જલવે, ઉસીસે મિલને, ઉસીસે ઉસકી તરફ ગએ થે.**

શાઈરે-મશરિક ડોકટર ઈકબાલે શું ખૂબ ફરમાવ્યું છે :

અર્થાત : અબ્દહુ એ જે સમગ્ર ઈબાદનું મૂળ હોય છે. અબ્દહૂ એ જેનો રંગ સમગ્ર ઈબાદમાં હોય અને જાતે રંગ રહિત હોય.

અબ્દહૂ સમગ્ર ઈબાદનું આંતરિક રહસ્ય છે. અબ્દહૂના મુકામ સુધી અત્યાર સુધી કોઈ ન પહોંચ્યું. અબ્દહૂથી સમગ્ર ઈબાદની તકદીરો સંકળાયેલી છે.

હું આ થોડાક શેઅરોમાં 'અબ્દહૂ'ના પૂરા અર્થો વર્ણવી શક્યો નથી. જો તું 'અબ્દહૂ'નો મરતબો જાણવા-પિછાણવા માંગતો હોય તો આ આયત પઢ : વમા રમય-ત ઈઝ રમર્ય-ત વલાકિન્નલ્લા-હ રમા.

ફરમાવવામાં આવ્યું, 'લયલન'. એટલે કે રાતના થોડા ભાગમાં મેઅરાજ થઈ ન કે દિવસમાં. એ પણ રજ્જબની સત્તાવીસમી તારીખનો પાછલો ભાગ, જ્યારે ચાંદ પણ ગાયબ હતો અને સૌ ઊંઘમાં પડ્યા હતા. કેમકે આજે હકીકતે-મુહમ્મદીયા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર્દો હટાવી પ્રકાશિત થઈ ઊઠી છે. કઈ આંખમાં એટલી શક્તિ છે જે એને નઝર ભરીને જોઈ લે. મહાન ફરિશ્તા પણ થોડોક સાથ આપી આગળ-પાછળ વિદાય થઈ રહ્યા છે. આજે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મિસાલ આફતાબ જેવી છે. એ જેમ જેમ ચઢે છે તેમ તેમ એનો પ્રકાશ વધતો જાય છે.

**મેઅરાજકી શબ હમરાહ હંય સબ સિદરહ આયા કોઈ ન રહા.**
**સિદરેસે બઅ્દે જિબ્રીલ રહે તન્હા હંય જો અર્શે -ખુદા પાયા.**
**જિબ્રીલકી આંખોસે પૂછો અય ચશ્મે હકીકતબીં કેહ તૂ.**
**ઉન્હેં ફર્શ પે તૂને ક્યા દેખા સિદરેસે બઅ્દે તો ક્યા પાયા.**

ફરમાવ્યું : 'ઈલલ મસ્જિદિલ અકસા.....' દૂરની મસ્જિદ સુધી મેઅરાજ કરાવી. અલ્લાહ જાણે દૂરની મસ્જિદ કઈ છે ? મસ્જિદે બયતુલ મુકદ્દસ યા બયતુલ

મા'મુર-ફરિશ્તાઓની મસ્જિદ ?

'ઈન્નહુ હુવસ્સમીઉલ બસીર....'ના બે અર્થો નીકળી શકે છે. એક અર્થ તો એ કે રબ સાંભળનાર-જોનાર છે. બીજો અર્થ એ કે એ મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ 'સમીઅ' (સાંભળનાર) અને 'બસીર' (જોનાર) છે, (મદારિજુિન્નબૂવ્વત, રૂહુલ બયાન) એટલે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એટલા માટે મેઅરાજ કરાવવામાં આવી કે આપ એ અલૌકિક જગતને જુએ. "-અને નિઃશંક અમને જોવા **અને અમારી વાણી સાંભળવાની શક્તિ તેમ જ સામર્થ્ય ધરાવનાર તો કેવળ મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ છે."**

آیت ۴۶ : وَمِنَ الَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ ۖ عَسٰٓى اَنْ يَّبْعَثَكَ

رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا ۝ (پارہ ۱۵، سورہ بنی اسرائیل رکوع ۹)

**(૪૬) અને રાતના અમુક ભાગમાં તહજ્જુદ કરો. એ ખાસ તમારા માટે વધારે છે. નજીક છે કે તમને તમારો રબ એવી જગ્યાએ ઊભા કરે, જ્યાં સૌ તમારી હમ્દ કરે.**

*(પા. ૧૫ સૂરએ બની ઈસરાઈલ, રૂકૂઅ-૯)*

આ મહાન આયતમાં પણ બન્ને જહાનના સરદારની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત શરીફ બયાન કરવામાં આવી છે. એમાં હુઝૂર-પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બે વિશિષ્ટતાઓ બયાન ફરમાવવામાં આવી છે, એક તો દુનિયાની; બીજી આખેરતની.

**હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુન્યવી વિશિષ્ટતા છે તહજ્જુદની નમાઝ, જ્યારે અખેરતની વિશિષ્ટતા છે મકામે-મેહમુદ પર હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણી.**

તહજ્જુદ નમાઝ ફર્ઝ થવી એ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જ વિશિષ્ટતા છે. ન તો આપથી પહેલાં કોઈ નબી અલયહિસ્સલામને આ નમાઝ અતા થઈ, ન આપના કોઈ ઉમ્મતને મળી; **બલ્કે ઉમ્મત માટે સુન્નતે-મોઅક્કદહ-અલલ-કિફાયા એ છે કે એક શહેરમાં એક માણસે પણ પઢી લીધી તો સૌના પરથી જવાબદાર ઊતરી જશે. પણ જો કોઈ પણ માણસ નહિ પઢે તે બધા સુન્નત તજી દેનારા ઠરશે.**

તહજ્જુદની નમાઝ ઓછામાં ઓછી બે રકાત અને વધુમાં વધુ બાર રકાતો છે ઈશાની નમાઝ પઢીને સૂતા પછી જ્યારે પણ રાતમાં આંખ ખૂલે ત્યારે તહજ્જુદનો સમય થયો અન સુબ્હ સાદિક થતાં જ એનો સમય પુરો થયો સમજવાનો છે. **આ નમાઝ ઘણી બરકતવાળી છે. એને રાતના આખરી છઠ્ઠા ભાગમાં પઢવી બેહતર છે.**

પ્રથમ તો બીજી ઉમ્મતોને પાંચ વખતની નમાઝ પણ મળી નહિ. એ આ

ઉમ્મતની વિશિષ્ટતાછે. હા, આ નમાઝો અલગ-અલગ અમ્બિયાએ કિરામે અદા કરી. ફરજની નમાઝ હઝરત આદમ અલયહિસ્સલામે સવાર પડવાનો આભાર દર્શાવવા માટે પઢી, કેમકે એમણે જન્નતમાં રાત જોઈ નહોતી. *(શામી : કિતાબુસ્સલાત)*

ઝોહરની નમાઝ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે પઢી, પોતાના પુત્ર હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામનો જાન બચી જવા અને દુમ્બાની કુરબાનીનો શુક્ર અદા કરવા માટે. અસરની નમાઝ હઝરત ઉઝયર અલયહિસ્સલામે પઢી- સો વરસ પછી જીવતા ફરમાવવામાં આવ્યા ત્યારે અને મગરિબની નમાઝ હઝરત દાઉદ અલયહિસ્સલામે અદા કરી- તૌબા કબૂલ થવાનો શુક્ર અદા કરવા માટે કેમકે એમનો તૌબા મગરિબના સમયે કબૂલ થઈ હતી. ચાર રકાતની નિય્યત કરી હતી, પણ પછી વચ્ચે ત્રણ જ રકાત પર સલામ ફેરવી લીધો હતો. જ્યારે ઈશાની નમાઝ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અદા ફરમાવી. (તહાવી શરીફ; બાબુસ્સલાત) આથી ઈશાની નમાઝ અને પંજગાના નમાઝ પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉમ્મતની ખુસૂસિયત છે તથા નમાઝે તહજ્જુદ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ખાસ કરમ છે.

કયામતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ 'મકામે-મેહમુદ' પર તશરીફ ફરમાવશે તે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આખેરતની વિશિષ્ટતા છે. આ એ જગ્યા છે, જ્યાં તશરીફ ફરમાવીને હુઝૂર-પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સૌની શફાઅતે કુબરા ફરમાવશે. બધા પહેલાંના અને પાછળના લોકો 'શફીઅ'ની શોધમાં ફરતાં હશે. કોઈ પણ જગ્યાએ કોઈ એમનો હાથ નહિ ઝાલે. છેવટે હુઝૂર રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તેઓ આ સ્થળે જોશે અને હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ ઈઝઝત અને અઝમતને જોઈને દોસ્ત-દુશ્મન બધા આપની તારીફ કરશે, એટલા સારૂ આ સ્થળને 'મકામે મેહમૂદ' કહે છે 'મેહમૂદ' એટલે જેની તારીફ કરવામાં આવે તે; જેના ગુણગાન ગવાય તે. અઝાનના મોઅઝ્ઝિનને અને અઝાન સાંભળનારાઓને હુકમ છે કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે 'મકામે-મેહમૂદ' મળવાની દુઆ કરે. આકાએ નામદારનું મુબારક કથન છે જે શખ્સ અમારા માટે આ દુઆ કરશે અમે એની શફાઅત ફરમાવીશું.

**એવી જ રીતે અઝાનમાં અશહદો અન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ.....સાંભળી સાંભળનાર પોતાના અંગૂઠાના નખો ચુમીને આંખો પર લગાડે-એની ઘણી ફઝીલતો આવી છે. (જુઓઃ શામી, બાબુલ-અઝાન અને તફસીરે રૂહુલ-બયાન)**

જો કે આ હદીસો 'હસન' અને 'ઝઈફ' છે, તેમ છતાં એ ફઝાઈલમાં મો'તબર છે. અંગૂઠા ચૂમવાનો દુન્યવી ફાયદો તો એ છે કે એ રીતે અંગૂઠા ચૂમનાર ઈન્શા અલ્લાહ, કદી પણ આંધળો થશે નહિ કે એની આંખોનું તેજ ઓછું થશે નહિ. જ્યારે એનો આખેરતનો ફાયદો એ છે કે હુઝૂર શાફએ-મેહશર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એની શફાઅત ફરમાવશે. એટલું જ નહિ, પણ કરીમાના-કરમથી જાતે ને પોતે એને જન્નતવાળા ઓની સફોમાં દાખલ ફરમાવશે.

આ અંગૂઠા ચૂમવાનો તરીકો એ છે કે પહેલી વાર **અશહદો અન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સાંભળે, તો કહે : **સલ્લલ્લાહો અલયકા યા રસૂલલ્લાહ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને બીજી વાર સાંભળે તો : **કુર્રતો અયની બેકા યા રસૂલલ્લાહ**,(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને બંને અંગુઠાઓના નખો આંખો ઉપર લગાડે (ચુમીને). પછી કહે : **અલ્લાહુમ્મ મત્તેઅની બિસ્સમએ વલ્બસર.** *(શામી : બાબુલ અઝાન)*

શામી એ આ મસ્અલાનો ઈન્કાર ન કર્યો, બલ્કે એના ફઝાઈલમાં જે અહાદિસે મરફૂઆ નકલ ફરમાવી એના બારામાં ફરમાવ્યું કે કોઈ મરફૂઆ-હદીસ સહીહ નથી. આથી સાફ જણાય છે કે મોકૂફ અહાદિસ આ બારામાં સહીહ છે. તદુપરાંત એમ ન કહેવું કે મરફૂઆ અહાદીસ ઝઈફ છે, બલ્કે ફરમાવ્યું કે સહીહ નથી અને જાહેર છે કે સહીહ ન હોવાથી હદીસનું ઝઈફ હોવું લાઝિમ નથી, બલ્કે હસન વગેરે પણ હોઈ શકે છે. જો આની વધુ તેહકીક જોવી હોય તો ઈમામે એહલે-સુન્નત આ'લાહઝરતનો મુબારક રિસાલો "મુનીરુલ અયનૈન ફી તકબીલ અલા બહામીન" જુઓ, જેમાં રિવાયતોથી એ સાબિત કરવામાં આવ્યું છે કે અઝાનમાં અંગુઠા ચૂમવા એ સુન્નતે સિદ્દિકી, બલ્કે સુન્નતે હઝરતે આદમ અલયહિસ્સલામ છે.

آیت ۴۷ : قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّیْ لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ

تَنْفَدَ كَلِمٰتُ رَبِّیْ وَ لَوْ جِئْنَا بِمِثْلِهٖ مَدَدًا ۝ (پارہ ۱۶، سورۃ الکہف، رکوع ۱۲)

**(૪૭) આપ ફરમાવી દો કે અગર સમંદર મારા રબની વાતો માટે શાહી બની જાય, તો જરૂર સમંદર ખતમ થઈ જશે પણ મારા રબની વાતો ખતમ નહિ થાય, જો કે અમે એવું જ એની મદદ માટે લઈ આવીએ.** *(પા. ૧૬ : સૂરએ કહફ; રૂકૂઅ : ૧૨)*

આ મહાન આયત પણ હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પવિત્ર ના'ત છે.

આ આયત એવી રીતે ઊતરી કે એક વખત યહૂદીઓએ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પવિત્ર સેવામાં હાજર થઈ વિનંતિ કરી : આપ ફરમાવે છે કે કુર્આનમાં હિકમત છે અને અમને હિકમત આપવામાં આવી છે -અને કુરઆન ફરમાવે છે કે "જેને હિકમત આપવામાં આવી, એને ઘણી જ ખૂબી મળી ગઈ-" તો પછી આપ એવું શીદ ફરમાવો છો કે તમને નથી આપવામાં આવ્યું પરંતુ થોડું ઈલ્મ. (અર્થાત : એમાં આપની બે વાતોની સરખામણી છે. અમારા ઈલ્મને થોડું પણ કહેવામાં આવ્યું અને ઘણું પણ) એના જવાબમં મજકૂર આયત ઊતરી. (તફસીર ખઝાઈનુલ ઈરફાન)

આ આયતમાં ફરમાવવામાં આવ્યું કે કુર્આનમાં બેશક દરેક ચીજનું ઈલ્મ છે અને એ ઈલ્મ ખરેખર ઘણું વિશાળ છે -છતાં ઈલ્મે ઈલાહી : અલ્લાહના ઈલ્મ : આગળ તે સિંધુમાં બિંદુ બરાબર પણ નથી -કેમકે એની હદ હોય છે- મર્યાદા હોય છે -પણ આની કોઈ હદ નથી, મર્યાદા નથી, સીમા નથી.

હવે, આયતનો અર્થ એ થયો કે જો બે સમુદ્રોનું પાણી શાહી બની જાય અને એ વડે રબની વાતો લખવામાં આવે તો પણ સમુદ્રોનું પાણી ખતમ થઈ જશે, પણ રબની વાતો ખતમ નહિ થાય.

આમાં મુફસ્સિરોનાં અમુક મંતવ્યો છે. રબની વાતોનો શો અર્થ છે ? -આ અંગે કેટલાક કહે છે કે રબનું માહિતીજ્ઞાન. કેટલાક વળી કહે છે રબની કુદરતનું સામર્થ્ય કેટલાકે ફરમાવ્યું કે રબની હિકમતો -(રૂહુલ બયાન) **સારાંશ કે ખુદાનું ઈલ્મ, એની કુદરત અને હિકમત તેમ જ એની સિફાતની કંઈ સીમા નથી; મર્યાદા નથી.**

હઝરત શેખ મુહક્કિક અબ્દુલહક મુહદ્દિસ દેહલવીએ 'મદારિજુન્નબૂવ્વત'માં ફરમાવ્યું છે કે સંશોધકો રબની વાતોનો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ફઝાઈલ, કમાલાત અને ઈલ્મ એવો અર્થ કરે છે. આમ જોતા આયતનો એવો અર્થ થશે કે જો દુનિયાભરના -ના'તગો (ના'ત પઢનારાઓ), વાએઝીન (વાઅઝ કરનારાઓ) અને કાતિબો (લહિયાઓ) બે સમુદ્રોનાં પાણીની શાહી લઈને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સિફાત અને કમાલાતનું વર્ણન કરવા બેસે તો એ શાહી ખતમ થઈ જશે, **પણ હુઝૂર આકાએ નામદારના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સદગુણોનું વર્ણન પુરું થશે નહિ.**

આ આયતમાં બે સમુદ્રોનો ઉલ્લેખ છે. પણ બીજી એક આયતમાં એનાથી પણ વધારેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈરશાદ થયો :

**અગર પૂરી પૃથ્વીનાં વૃક્ષો કલમ બની જાય અને સમુદ્રની સાથે સાત સમુદ્રો ભળી જાય, તો પણ રબની વાતો, અર્થાત હુઝૂર પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સિફાતનું વર્ણન સંપૂર્ણ રીતે થઈ શકે તેમ નથી.**

કુરબાન જઈએ એ કમાલાત દેનાર અને લેનાર ઉપર !

શેખ સાહિબની આ તફસીરનું બીજી આયતો પણ સમર્થન કરે છે. જુઓ. દુનિયાની નેઅમતો વિશે ફરમાવવામાં આવ્યું કે તમે એની ગણતરી કરી શકતા નથી- અને આ ખરૂં પણ છે. કેમકે આપણે આપણા શરીરના વાળો, નસો અને તમામ અવયવોની યે ગણતરી કરવા પણ અશક્ત છીએ. વળી, એક એક વાળમાં લાખો નેઅમતો છે, તો એ નેઅમતોની ગણતરી ભલા કેવી રીતે કરી શકાય ? -આ તો શરીરની આંતરિક નેઅમતોની વાત થઈ; બાહ્ય નેઅમતો એ ઉપરાંત છે. ચાંદ, સૂરજ, ઝમીન, આસમાન વગેરે. પરંતુ આ તમામ નેઅમતો વિશે કુરઆને કરીમે ફરમાવ્યું : **કુલ મતાઉદ્દુન્યા કલીલુન.....** "દુનિયાની મતા ક્ષણિક છે." -પરંતુ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દરેક ગુણ અને કમાલને કુરઆને 'મહાન' કહ્યા છે.

રબતઆલાએ પોતાની સિફાતને 'મહાન' ફરમાવી અને પોતાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સિફાતને પણ 'મહાન' ફરમાવી છે.

રબતઆલાએ પોતાના માટે ફરમાવ્યું : વહોવા અલીય્યુલ અઝીમઃ અને મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વિશે ફરમાવ્યું : ઈન્નકા લઅલા ખુલુકિન અઝીમ... : આમ, રબતઆલાએ હુઝૂર પુરનૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અખ્લાકને 'મહાન' ફરમાવ્યા. બીજી જગ્યાએ ફરમાવ્યું : મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપના પર અલ્લાહનો મહાન ફઝલ છે." આ "મહાન ફઝલ"માં મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સંપૂર્ણ સિફાતનો સમાવેશ થઈ જાય છે. આથી જાણવા મળ્યું કે હુઝૂર-પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક સિફત, પ્રત્યેક ગુણ મહાન છે.

રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સંબંધે ફરમાવવામાં આવ્યું કે અર્રહમા-નો અલ્લમલ કુરઆન.... "રહમાને પોતાના મેહબૂબને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કુરઆન શીખવ્યું." સુબ્હાનલ્લાહ ! શીખવનાર રહમાન; શીખનાર હબીબુર્રહમાન. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કિતાબ-કુર્આન. વળી ઈલ્મે મુસ્તફાનું શું પૂછવું ? સારાંશ કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દરેક સિફત અને દરેક કમાલ મહાન છે. તો પછી હવે કયા ઈન્સાન અથવા કયા ફરિશ્તા યા કયા જિનમાં શક્તિ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફનું પુરેપુરૂ વર્ણન કરી શકે ? ટુંકમાં વધુમા વધુ એટલું કહી શકે કે "બાદ અઝ ખુદા બુઝૂર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર.

**ખુદાઓ -મુસ્તફાકી રમ્ઝ સે ઈદરાક આજિઝ હય,**
**ખુદાકો મુસ્તફા જાને, મુહમ્મદકો ખુદા જાને.**

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

એટલા માટે "કસીદએ-બુર્દા"માં ફરમાવવામાં આવ્યું : (અર્થાત) હુઝૂરને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ન કહેજો જે ઈસાઈઓએ પોતાના નબી માટે કહ્યું (એટલે કે ખુદાનો બેટો) એ સિવાય જે પણ ઈઝ્ઝત અને અઝમતના શબ્દો જેટલા પણ કહી શકાય તેટલા કહી નાખો, કેમકે હુઝૂર-પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફઝાઈલની કોઈ હદ જ નથી. બોલનાર પોતાના મોંએથી એ ફઝાઈલનું સંપૂર્ણપણે વર્ણન કરી શકે તેમ છે જ નહિ. હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાનમાં જેટલી પણ ના'તો લખાઈ અને વંચાઈ એની સંખ્યા પણ અમે બતાવી શકીએ તેમ નથી. તમે દુનિયામાં જે પણ ભાષામાં જુઓ, તમને હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત જોવા મળશે- એય પાછી અગણિત; અસંખ્ય. વળી જિન્નાતે જે ના'તો રચી છે એની તો આપણને ખબર સુદ્ધાં નથી તે અલગ.

મિશ્કાત, બાબુલ-કરામાતમાં છે કે દરરોજ સિત્તેર હજાર ફરિશ્તાઓ હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝા-મુબારક પર હાજરી દઈને

સલાતો-સલામ અર્ઝ કરે છે. જે ફરિશ્તાઓ સવારે આવે તે સાંજે ચાલ્યા જાય છે અને જે સાંજે આવે તે સવારે ચાલ્યા જાય છે. (અને જે એક વાર ગયા તેમને બીજી વાર આવવું નસીબ નથી થતું.) આ ફરિશ્તાઓની ના'ત શરીફ ઉપર વર્ણવી તે ઉપરાંત છે. હવે જરા હિસાબ તો લગાવો કે રહમતે-આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કેટલી બધી ના'ત બયાન થઈ ચુકી પણ અલ્લાહ ગવાહ છે કે, મારા આકા -ને -મૌલા સલ્લલલ્લાહો અલયહે વસલ્લમની ના'તના દફતરનો એક નુક્તો પણ બયાન નથી થઈ શક્યો.

આ ઉપરાંત હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પહેલાંના અમ્બિયાએ-કિરામે હુઝૂર ખાતેમુન્નનબીય્યીનની ના'તો બયાન ફરમાવી તે જુદી છે. કયામતમાં 'મકામે મેહમૂદ' પર આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જે તારીફો (ના'ત) થશે, ત્યાં દોસ્ત અને દુશ્મન બધા મદહખ્વાની કરશે એ તો વળી અલગ છે.

વળી પરવરદિગારે-આલમે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જે ના'ત ઈરશાદ ફરમાવી એ બેહદ અને બેશુમાર છે. હવે કોણ કહી શકે છે કે આપની ના'તને કશા વર્તુળમાં સમાવી શકાય યા એની કોઈ હદમર્યાદા બાંધી શકાય છે ? હુઝૂરની ના'ત- એટલે કે તા'રીફ (પ્રશંસા)ને કોઈ હદબંધી જ નથી. એમ સમજી લો કે અલ્લાહની હમ્દ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ કરી શકે છે અને અલ્લાહના હબીબની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના'ત- શરીફ અલ્લાહ જ વર્ણવી શકે તેમ છે.

શહે-લૌલાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જે ના'ત આપણે લખીએ વાંચીએ છીએ તે એ વિચારે નહિ કે બસ- આપણે ના'ત કરવાનો હક બજાવી દીધો, બલ્કે ફક્ત પોતાનું નામ ના'ત-ખ્વાનોમાં લખાવી લેવાની આ એક રીત છે.

હઝરત યૂસુફ અલયહિસ્સલામને ખરીદવા માટે મિસરની બજારમા એક ડોશી સૂતરની આંટી લઈને ગઈ. લોકો એને જોઈ બોલ્યા : "મુરખ ! તું ખરીદશે ? જરા તારૂં મોં તો જો ! તું ઘરડી ડોશી યૂસુફનું રૂપ ખરીદવા આવી છે ? છટ ! આજે તો લોકોએ એમને ખરીદવા માટે સરધડની બાજી લગાવી છે; ખજાનાનાં મોં ખોલી નાખ્યાં છે !" ડોશીએ જવાબ આપ્યો : "હું એ જાણું છું, પણ હું તો ખરીદારોની યાદીમાં કેવળ મારૂં નામ લખાવવા માગું છું" બરાબર એ જ મામલો અહીં પણ છે. (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)

آیت ۴۸ ، قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوْحٰٓى اِلَيَّ اَنَّمَآ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ

**(૪૮) તમે ફરમાવો કે જાહેર દેખાવમાં તો હું તમારા જેવો છું. અને વહી મોકલવામાં આવે છે કે તમારો મા'બૂદ એક જ મા'બૂદ છે.**

*(પારા ૧૬, સુરએ કહફ, રૂકૂઅ : ૧૨)*

આ આયત ઉપરથી ઉપલક નઝરે જોતાં લોકો એવી દલીલ લઈ બેસે છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપણા જેવા માણસ છે- ખાવા, પીવા, જીવન અને મરણમાં એ આપણા જેવા છે- પરંતુ ઈમાનીની દૃષ્ટિએ જોવામાં અવે તો આ આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તનો ગુલદસ્તો છે.

અહીં ચાર જાતની ચર્ચા કરવાની છે. પ્રથમ તો એ, કે આ આયતનો શો મકસદ છે ?, બીજું એ, કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને 'બશર' એટલે કે સામાન્ય માણસ વગેરે સામાન્ય સંબોધનથી પોકારવા શરીઅતની નઝરે જાઈઝ છે કે હરામ ? ત્રીજું એ, કે શરીઅતની યા સમજબુદ્ધિની રૂએ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખરેખર આપણા જેવા સામાન્ય માનવી છે કે નહિ ? -એ નથી તો આયતમાં "મિસ્લોકુમ"નો શો અર્થ છે ? ચોથું એ કે "યુહા ઈલય્ય" એ શો લાભ આપ્યો ?

(૧) તમામ મોમિન અને કાફિર જાણતા હતા કે હુઝૂર-પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની માનવ વર્ગમાં પધરામણી થઈ. કાફિરો તો કહ્યા કરતા હતા કે "નથી તમે, પણ અમારા જેવા માનવી," અને મુસલમાનોનો અકીદો એ છે કે હુઝૂરે-અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નબી છે અને નબી એ ઈન્સાન હોય છે જેને અલ્લાહ તરફથી શરઈ એહકામની તબ્લીગ ફરમાવવા માટે મોકલવામાં આવે છે. સારાંશ કે તમામ દુનિયા આ બાબતને જાણે અને માને છે. પછી આટલી બધી ખુલ્લી, જાણેલી અને માનેલી વાતને કુરઆને કરીમે આટલી બધી ચોખવટપુર્વક બયાન ફરમાવી એની પાછળ શો મકસદ રહેલો છે ?

આનુ કારણ એ છે કે ઈસાઈઓએ હઝરત ઈસા અલયહિસ્સલામના માત્ર બે મો'જિઝા જોયા બાપ વિનાનો જન્મ અને મુડદાને જીવતાં કરવા તેમજ બીમારોને શિફા બખ્શવી. હઝરત ઈસાના આ બે મો'જિઝા જોઈ, ઈસાઈઓએ એમને 'ઈબ્નુલ્લાહ' એટલે કે **'અલ્લાહના બેટા'** કહી દીધા. મુશરિકોએ ફરિશ્તાઓને ખુદાની દીકરીઓ માન લીધી. કોઈએ જિન્નાત અને રબ્બુલ-આલમીનમાં સગપણ જોડી દીધું. મતલબ કે, આ બેવકૂફોએ મો'જિઝાઓ અથવા બળ યા શક્તિ જોઈ આ હઝરતોની શાનમાં અતિશયોકિત કરી, તો વળી કેટલાક બેદીન લોકોએ **અમ્બિયાને પોતાના જેવા સામાન્ય માણસો કહીને એમની શાન ઘટાડવાની કોશિશ કરી.**

**ઈસ્લામ મુસલમાનન અમ્બિયાની શાનમાં અતિશયોક્તિ અથવા અતિ ઘટાડાથી બચાવવા માગે છે.** એ કોમોએ તો અમુક મો'જિઝાઓ જોઈને અમ્બિયાઓને ખુદાનો પુત્ર વગેરે કહી નાખ્યા. પરંતુ ઈસ્લામના બાની સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હકપરસ્ત હાથ ઉપર તો એકથી એક ચઢિયાતા એવા અગણિત મો'જિઝાઓ જોવામાં આવ્યા. જોયું કે ચાંદના બે કટકા થઈ ગયા; ઈશારાથી ડૂબેલો સૂરજ પાછો નીકળી આવ્યો; હુકમ વડે વાદળ આવીને વરસ્યું અને ઈશારો થતાં જ ફાટી પડ્યું. સરકારે

દો-આલમના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈશારાથી દૂર દૂર આવેલાં બે વૃક્ષો આપસમાં ભળી ગયા; કાંકરાઓએ કલમએ શહાદત પઢ્યો; થોડાક ખાણામાં પૂરા લશ્કરનું પેટ ભરાયું. વિયોગમાં લાકડીઓએ રૂદન કર્યું. આંગળામાંથી પાણીનું ઝરણું ફુટી નીકળ્યું; ઈશારાથી મુડદાં જીવતાં થયાં, તાત્પર્ય કે અગણિત મો'જિઝાઓ જાહેર થયા. આથી હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પણ કોઈ ખુદાના પુત્ર અથવા ખુદા કહી બેસે એવી ભીતિ હતી. એટલે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના દરેક કાર્યથી પોતાની 'બન્દગી' (બન્દાપણું) જાહેર કર્યું, અને કલમામાં પઢાવ્યું કે : "અબ્દોહૂ વરસૂલોહૂ" અને કુર્આને આ એ'લાન ફરમાવ્યું કે : "ઈન્નમા અ-ન બશરૂમ્મિસ્લોકુમ....."

(૨) દરેક મુસલમાનનો એ અકીદો છે કે અમ્બિયાએ-કિરામ અલ્લાહના બંદા અને એના મેહબૂબ છે. એઓની ઈન્સાનોમાં પધરામણી થઈ, **પરંતુ એમને સામાન્ય માનવી યા ભાઈ યા પિતા યા ઈન્સાન યા આદમી કહીને સંબોધવા હરામ છે- અને એમાં યે જો એમની તવહીન કરવાની નિય્યતથી એવું કહ્યું તો કહેનાર કાફિર છે. (આલમગીરી વગેરે)**

કુરઆને કરીમે ફરમાવ્યું છે કે જે નામ-ઉપનામથી કે સંબોધનથી તમે આપસમાં એકબીજાને સાધરણ રીતે સંબોધો છે; તેવી સાધારણ રીતે હુઝૂર આકાએ-નામદાર-ને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ન સંબોધો, નહિતર તમારા આ'માલ જપ્ત થઈ જશે; અને તમને ખબરે ય નહિ પડે. અને આ'માલનું જપ્ત થવું કુફ્ર જેવું હોય છે. એટલા માટે મજકૂર આયતના આરંભમાં ફરમાવવામાં આવ્યું કે, **હે મેહબુબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! આપ કેવળ નમ્રતાનો ભાવ દર્શાવવા ખાતર ફરમાવી દો કે હું તમારા જેવો 'બશર' છું. અમે પણ આપને બશર (સામાન્ય માનવી) ના ખિતાબથી પોકારીશું નહિ તેમ જ કોઈ સામાન્ય માનવજનને પણ આપને એવા નામે સંબોધવાની હરગિઝ ઈજાઝત નથી.**

એટલા માટે જ કુરઆને હકીમે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમને 'બશર' યા 'આદમી' યા 'મોમિનોનો ભાઈ' વગેરે કહીને કયાંય, કોઈ પણ જગ્યાએ, સંબોધ્યા નથી. બલ્કે યા અય્યોહન્નબિય્યો; યા અય્યોહર્રસૂલો; યા અય્યોહલ મુઝઝમ્મિલો; યા અય્યોહલ મુદસ્સિરો; હે ચાદરના ઓઢનારા !, હે કપડાંના પહેરનારા !, હે મોટા દરજ્જાવાળા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) !, હે અમારો પયગામ લોકોને સંભળાવનારા(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વગેરે ખિતાબોથી સંબોધવામાં આવ્યા છે.

હવે, જ્યારે રબતઆલા આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને 'બશર' કે એવા બીજા કોઈ નામે ન સંબોધે, ત્યારે આપને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એવી રીતે સંબોધન કરવાનો આપણને-એમના નાચીઝ ગુલામોને -શો હક છે ?

વળી, બીજું એમ પણ છે કે કોઈ દુન્યવી અઝમતવાળાને સામાન્ય નામે

બોલાવવામાં આવે તો એમાં એની અઝમત-મહાનતા કે ઉચ્ચતાનો ઈન્કાર કરવાનો અર્થ નીકળે છે. કોઈ ખાનબહાદુર, નવાબ યા કલેકટર સાહેબને, ઓ માણસ ! ઓ ભાઈ ! ઓ ઈન્સાન ! કહીને બોલાવનાર દોષપાત્ર ઠરે છે, સજાને લાયક ગણાય છે, તો પછી જે અમ્બિયા અલયહિસ્સલામ બારગાહે-ઈલાહીમાંથી માનપાન પામ્યા હોય, એમને સામાન્ય સંબોધનથી બોલાવનાર તો બેદીન જ છે. કોઈ શખ્સ જો પોતાની માને કહે કે ઓ મારા બાપની બાયડી ! ઓ મારી બહેન ! અથવા બાપને કહે કે ઓ નારી માના દીકરા ! ઓ મારા ભાઈ ! ઓ ઈન્સાન ! ઓ પુરુષ ! તો એ ગુસ્તાખ ગણાશે. જ્યારે કોઈ ઉચ્ચ દુન્યવી માનમરતબો ધરાવતા માણસને હલકા નામે બોલાવનાર ગુસ્તાખ ઠરે છે, ત્યારે બેઉ જગતના માલિક, સરવરે કૌનેન **અમારા-તમારા આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સાધારણ ઈલ્કાબ વડે સંબોધનારાથી મોટો ગુસ્તાખ બીજો કોણ હશે ? ખરેખર એ કમનસીબ માણસ જેવો બેઅદબ બીજો કોઈ પણ નહિ હોય.**

કેટલાક સંશોધક ઉલમા જણાવે છે કે એટલા જ માટે કુરઆનમાં **"યા અય્યોહલ્લઝીના આમનૂ"**ના ખિતાબ (સંબોધન) માં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો સમાવેશ થતો નથી. આનાં અમુક કારણો છે. એક તો એ કે હુઝૂરે-પાકને(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સામાન્ય ખિતાબો વડે સંબોધવામાં ન આવે અને આ સામાન્ય સંબોધન છે. બીજું, એ કે બીજા મોમિનો હુઝૂર-પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાસેથી ઈમાન લેનારા છે અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈમાન આપનારા છે. **"આમનૂ"** માં ઈમાન લેનારાનો અર્થ નીકળે છે.

ત્રીજું, એ કે **'આમનૂથી'** મુરાદ એવા લોકો છે, જેઓ દુનિયામાં આવીને મોમિન બન્યા. જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો મોમિન બનીને જ દુનિયામાં તશરીફ લાવ્યા હતા.

ચોથું, એ કે અન્ય મોમિનો પર એહકામની આયતો ઊતર્યા પછી એહકામ ફર્ઝ થયા. જ્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કુરઆન ઊતર્યું તે પહેલાંથી જ આબિદ, ઝાહિદ, નમાઝી અને એહકામ ઉપર અમલ કરનાર હતા. આ આયતો હુઝૂર-પુરનૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમલ માટે નથી ઊતરી; બલ્કે એહકામની તબ્લીગ માટે ઊતરી છે. હુઝૂર-પુરનૂરે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મેઅરાજમાં નમાઝ પઢાવી; નબૂવ્વત મળ્યા પહેલાં 'ગારે-હિરા'માં નમાઝો પઢી. જો કે એ સમયે એહકામ આવ્યા નહોતા.

પાંચમું, એ કે **"અલ્લઝીના આમનૂ"** પછી એવા એહકામ પણ આવ્યા છે, જે હુઝૂરે-અકદસ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર જારી થઈ શકતા નથી. દાખલા તરીકે; **'હે ઈમાનવાળાઓ ! તમારો અવાજ નબીએ અકરમના**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **કરતાં ઊંચો ન કરો !** એટલે કે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કરતાં

ઊંચે અવાઝે ન બોલો ! યા હે ઈમાનવાળાઓ ! અલ્લાહના રસૂલથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગળ ન વધો !.....' હુઝૂર નબીએ કરીમે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જે કાર્યો કર્યાં તે આપણને શીખવવા માટે કર્યાં. મુસાફરો જહાઝ પર સામે કાંઠે પહોંચવા માટે ચઢે છે પણ કપ્તાન પહોંચાડવા માટે. એટલા માટે જ મુસાફરો ભાડું ચૂકવીને જહાઝમાં બેસે છે અને કપ્તાન પગાર લઈને.

(૩) હુઝૂર-પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ન શરઅન આપણા જેવા છે ન અકલન. શરીઅતની રૂએ તો આપ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એટલા માટે આપણા જેવા નથી કે ઈમાન અને આમાલ તેમ જ એહકામ અને મામલાઓ કોઈ એકમાં પણ એમની સાથે આપણી સરખામણી થઈ શકે તેમ છે જ નહિ. હુઝૂરે-અકદસનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કલમો છે: "અશહદો ઈન્ની રસૂલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)....." એટલે કે "હું અલ્લાહનો રસૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)છું." જો આપણે એવું બોલવા જઈએ તો કાફિર ઠરીએ. આ તો થયો કલ્માનો ફર્ક.

નમાઝો આપણા ઉપર પાંચ, જ્યારે હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર છ ફર્ઝ છે. તહજ્જુદ પણ હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર ફર્ઝ. (કુરઆન) આપણા માટે ઈસ્લામના અરકાન પાંચ હુઝૂર સરકારે મદીના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે માત્ર ચાર (ઝકાત ફર્ઝ નહિ.) (શામી : કિતાબુઝઝકાત.) આપણા માટે ચાર નિકાહો હલાલ. આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઈચ્છે એટલા નિકાહ કરી શકે, આપણી પત્ની આપણા મરણ પછી ઈચ્છે તેની સાથે પરણી શકે; હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પુનિત પત્નીઓ : ઉમ્મતની મહાન માતાઓ: બીજા કોઈની સાથે નિકાહ ન કરી શકે. (કુરઆને કરીમ). આપણા વારસાની વહેંચણી થાય; હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વારસાની નહિ (હદીસ). આપણે કુરઆનના પાબન્દ પણ કાનૂને-ઈલાહી : અલ્લાહનો કાયદો : મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર મુખમાંથી બોલ પડવાનો મુન્તઝિર. આપ ઈચ્છે તેને હલાલ ફરમાવી દે અને ઈચ્છે તેને હરામ ઠેરવી દે. અલ્લાહના હબીબની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાનમાં આ પ્રકારની તો અપાર અને અગણિત દલીલો મૌજૂદ છે, પણ અહીં ટૂંકમાં રજૂ કરી છે.

આકાએ નામદારે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એક હઝરત અબૂ ખુઝયમાની ગવાહી બેની બરાબર ફરમાવી દીધી. હઝરત અલી રદિયલ્લાહો તઆલા અન્હોને ખાતૂને-જન્નતની મોજુદગીમાં બીજી સ્ત્રી સાથે નિકાહ કરતાં અટકાવી દીધા. એક ગૃહસ્થનો કફ્ફારો એમને પોતાને જ ખવડાવી દીધો વગેરે વગેરે.

આં હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખુદ ફરમાવે છે: તમારામાં મારા જેવો, મારા સમાન કોણ છે ? મને તો રબ ખવડાવે છે. બેસીને નફલ પઢવા વિશે આપ ફરમાવે છે : "પરંતુ અમે તમારા જેવા નથી."

સારાંશ કે આ બધી બાબતો પરથી જાણવા મળે છે કે શરીઅતની રૂએ હુઝૂર

સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપણા જેવા કે આપણા જેવા સામાન્ય માનવી હરગિઝ નથી. એવી જ રીતે અકલન-એટલે તર્કબુદ્ધિને ધોરણે પણ હુઝૂર આકાએ નામદાર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપણા જેવા નથી; **કેમકે હુઝૂર પુરનૂરનું(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈમાન જોયેલું : આપે ખુદાને જોયા, જન્નત અને દોઝખને જોઈ વગેરે વગેરે, આપને મેઅરાજ થઈ; આપણને એમાંનું કશું નસીબ થયું નહિ.**

આપણે જે અનાજ-પાણી લઈએ છીએ, એનું મળ-મુત્ર વગેરે ગંદી ચીજો બને છે. **હુઝૂર સરવરે કાએનાત જે ખાય એ વડે નૂરે ઈલાહી પ્રગટે.** જેમ મધમાખી જે ખાય એનાથી મધ બને છે. **હુઝૂરે અકદસ રહમતુલ-લિલ-આલમીન છે, આપણે નથી, હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈમાન છે; આપણે મોમિન. હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પવિત્ર શરીરનો પડછાયો નથી; આપણો છે. અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર તડકામાં વાદળ છાયો કરતું.** અમારા માટે એવું નથી. આથી સાબિત થયું કે અકલી રીતે પણ આપણે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સરખામણી કરી શકતા નથી.

મોલવી અબ્દુલ હઈ સાહેબે પોતાના **"ફતાવા અબ્દુલ હઈ"** માં એક હદીસ નકલ કરી છે. લખે છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : **જ્યારે અમે અમારા મોહતરમ વાલિદાના પેટમાં હતા, ત્યારે અલ્લાહની કલમ ચાલવાનો અવાજ સાંભળતા હતા કહો જોઈએ, એવું મહાન બીજું કોણ હોઈ શકે છે?**

હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ **'આરિફ-બિલ્લાહ''** પૈદા થયાં અમે લોકો પૈદા થઈને ઈલ્મ શીખ્યું, છતાં પણ એ દરજ્જે પહોંચી નથી શકતા, ત્યારે સમાનતા અને સરખામણીની તો વાત જ કયાં કરવી ?

**હવે મજકુર આયતે-કરીમાનો અર્થ શો થયો ? એનો એ અર્થ થયો કે હે** મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! ફરમાવી દો કે જાહેર દેખાવમાં પણ આપ માત્ર જાહેર રીતે અમારા જેવા દેખાઓ કે લાગો છો, નહિતર એમાં પણ ઘણો ફેર છે. સામાન્ય માનવીની સ્થિતિમાં જાહેર રીતે બાહ્ય-સ્વરૂપમાં હુઝૂર સરવરે કાએનાત(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપણા જેવા લાગે છે, જેમકે જાહેરમાં ખાવું પીવું, બેસવું, ઊઠવું, ચાલવું. રોગ થવો વગેરે, નહિતર હકીકતમાં આવી સ્થિતિમાં પણ હુઝૂર પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હાલત આપણા કરતાં તદન જુદી જ છે.

''મિસ્લોકુમ''થી મુરાદ એ છે કે જેવી રીતે તમે ખાલિસ બંદા છો. ન તમે અલ્લાહ છો ન ઉલૂહિયતની સિફાતવાળા. એ અર્થમાં અમે પણ અબ્દુલ્લાહ- અલ્લાહના બંદા-છીએ. ઉલૂહિયત અમારામાં નથી, **ન અમે અલ્લાહ છીએ. ન અલ્લાહના બેટા. બલ્કે અલ્લાહના બંદા અને બન્દાઓના આકા છીએ- સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.**

**સમાન માત્ર આ અર્થમાં છે, ન કે દરેક ચીજમાં.**

(૪) યૂહા ઈલય્ય....થી એ શંકાને નિર્મૂળ કરવામાં આવી જે "મિસ્લોકુમ"થી જાગી હતી કદાચ કોઈ કહી નાખતે કે હુઝૂર પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક લક્ષણમાં આપણા જેવા છે. ફરમાવવામાં આવ્યું : નહિ. અમે વહીવાળા છીએ અને તમે અમારા ઉમ્મતી. **વહી પામનાર ઉમ્મતી જેવો કેવી રીતે હોઈ શકે ?** આ ગુણે નબી અને ઉમ્મતીમાં એવો ફરક કરી બતાવ્યો છે, જેવો બોલવાની શકિતએ ઈન્સાન અને જાનવરમાં.

હઝરત પીર સય્યદ જમાઅતઅલી શાહ સાહિબ મુહદ્દિસ અલી પૂરી અલયહિર્રહમહ ફરમાવતા હતા કે **જૌહર અને ઈન્સાનમાં તો પાંચ દરજ્જાનો ફર્ક છે. ઈન્સાન ઉપર હયવાન, એના પર જિસ્મે નામી, એના પર જિસ્મે-મુત્લક, એના પર જૌહર પરંતુ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને બશરમાં સત્તાવીસ દરજ્જાનો ફર્ક છે એટલે કેબશરિયતથી મુસ્તફવિયત સત્તાવીસ ગણી ઉચ્ચ છે. એના પછી માત્ર ઉલૂહિયત (અલ્લાહ)નો જ દરજ્જો છે.**

**અહીં અબ્દિયતના બધા દરજ્જાઓ ખતમ થઈ ચૂક્યા છે.** અર્થાત : 'બશર' ઉપર મોમિન, એના સાલેહ, એન ઉપર શહીદ, એના ઉપર મુત્તકી, એના ઉપર મુજતહિદ, એના ઉપર અવતાદ, એના ઉપર અબ્દાલ, એના ઉપર કુતુબ, એના ઉપર કુતબુલ-અકતાબ, એના ઉપર ગૌષ, એના ઉપર ગૌષે-આ'ઝમ વગેરે.

પછી એના ઉપર તાબેઈ, પછી એના ઉપર સહાબી, પછી એના ઉપર અન્સારી, પછી એના ઉપર મુહાજિર, પછી એના ઉપર સિદીક, પછી એના ઉપર નબી, પછી એના ઉપર રસૂલ, પછી એના ઉપર ખલીલ, પછી એના ઉપર ખાતેમુન્નબીય્યીન, પછી એ મહાન ગુણ ઉપર રહમતુલ-લિલ-આલમીન, પછી એના ઉપર હબીબ, પછી એના ઉપર મુસ્તફાનો દરજ્જો. *સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.*

આપણે સામાન્ય માનવીઓ આલમે-અનવાર અને ફરિશ્તાઓ સમાન પણ નથી, જો કે તેઓ પણ જૌહર છે અને આપણે પણ જૌહર છીએ, પણ પાંચ દરજ્જાના તફાવતે મોટો તફાવત પૈદા કરી દીધો ત્યારે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને સામાન્ય માનવી બેઉ સમાન કેવી રીતે હોઈ શકે ? કેમકે અહીં તો સત્તાવીસ ગણો તફાવત છે. બહુ જ વિશાળ અંતર રહેલું છે.

કો'ક ના'તખ્વાંએ ડોકટર ઈકબાલ સમક્ષ આ ના'ત પઢી; "જિસકા નામ હય મુહમ્મદ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉસસે દો જગ હય ઉજિયાલા......" ડોકટર ઈકબાલે ફરમાવ્યું : ભાઈ ! તમે એમાં મારા પણ બે 'બન્દ' લખી લો આમ કહીને ડોકટર ઈકબાલે નીચેના અશ્આર કહ્યા.

**જિનકા નામ હય મુહમ્મદ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**ઉનકા હર મોમિન મતવાલા.**
**કુદરતકી તેહરીર બન જાએ ઉમ્મી ઔર તકદીર બન જાએ,**
**બખ્શિશકી તદબીર બન જાએ ફિર હય ભોલાભાલા,**
**જિનકા નામ હય મુહમ્મદ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **ઉનકા હર મોમિન મતવાલા**
**આનકી આનમેં અર્શ પે જાવે આંખ ખુલે તો ફર્શ પે આવે,**
**મક્કા કા સૂરજ કેહલાવે દુનિયાકા ઉજિયાલા,**
**જિનકા નામ હય મુહમ્મદ**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**ઉનકા હર મોમિન મતવાલા.**

તફસીર રૂહુલ બયાનમાં ફરમાવે છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં ત્રણ સ્વરૂપ છે, એક માનવનું, જેનો આ આયતમાં ઉલ્લેખ કરવામાં આવે છે. બીજું હક્કી સ્વરૂપ, જેના વિશે ફરમાવે છે, : "જેણે મને જોયો એણે હકને જોયો," ત્રીજું મલકી સ્વરૂપ, જેના વિશે ફરમાવે છે : **કેટલીક વાર અમને રબતઆલાની એટલી નિકટતા મળે છે કે એ જગ્યાએ ન કોઈ મહાન માનીતા ફરિશ્તા માટે અવકાશ છે ન કોઈ મુર્સલ નબી માટે."**

બહરહાલ, આ આયતે-કરીમામાં હુઝૂર-પુરનૂરની અપરંપાર નેઅમતોનું વર્ણન કરાયું છે, જેને જોવા માટે સંશોધનાત્મક દૃષ્ટિ હોવી જોઈએ.

હઝરત શેખ અબ્દુલહક "મદારિજુન્નબૂવ્વત"ના ત્રીજા પ્રકરણમાં ફરમાવે છે કે એવા પ્રકારની આયતો, જેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બરાબરી અને સરખામણી માલૂમ પડતી હોય એ માત્ર ઉપમા આપવા કે માત્ર દાખલાઓ સમજાવવા માટે છે, **જેમ કે પરવરદિગારે આલમે પોતાના નૂરને દીપકની ઉપમા આપી. તો કંઈ એના પરથી કોઈ એમ નહિ કહેવા માંડે કે અલ્લાહનું નૂર તો દીપક જેવું નૂર છે. એવી જ રીતે કોઈ એમ નથી કહી શકતું કે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અમો-માનવીઓ જેવા સામાન્ય માનવી છે !**

'દેવબન્દ' મદ્રસાના સ્થાપક મોલવી કાસિમ નાનોતવી કહે છે :

**રહા જમાલ પે તેરે હિજાબે બશરિય્યત,**
**ન જાના કુછ ભી કિસીને તુઝે બજુઝ સત્તાર.**

આ શેઅરનો અર્થ એવો છે કે હુઝૂર સરવરે કાએનાત નૂર છે અને પૂર્ણપ્રકાશિત નૂરને જોવાની શક્તિ માનવીમાં નથી. જેમ સૂરજ આડે વાદળ આવી જાય ત્યારે લોકો એને કંઈક અંશે જોઈ લે છે, એવી જ રીતે નૂરને બતાવવા માટે માનવરૂપી પડદો ને પોશાક પહેરાવવામાં આવ્યો. **પણ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જેવા છે એવા મૂળ સ્વરૂપમાં તો કોઈએ જોયા નહિ -સિવાય રબ તઆલાના.**

સૂફીઓની પરિભાષામાં 'બશર'નો અર્થ છે -ખાસ રબ તઆલાએ પોતાના દસ્તે કુદરત વડે ઘડેલો. સમસ્ત સૃષ્ટિ ફરિશ્તાઓ મારફત રચાઈ, પરંતુ આદમ અલયહિસ્સલામને

રબ તઆલાએ પોતાના દસ્તે કુદરત વડે બનાવ્યો એટલા માટે બશરિય્યત ઈન્સાનનું વિશિષ્ટ પ્રમાણપત્ર છે. રબ તઆલાએ શયતાનને સંબોધીને ફરમાવ્યું : **'માલકા અલ્લા તસ્જોદા લેમા ખલકતો બેયદય્ય''** અને ફરમાવ્યું : **'લકદ ખલકનલ ઈન્સાના ફી અહસને તકવીમે.''** એટલા માટે જ મોમિનના દિલને પોતાની તજલ્લીગાહ બનાવ્યું.

**કા'બા તા'મીર ખલીલે અલ્હર અસ્ત,**
**દિલ ગુઝરગાહે જલીલે અકબર અસ્ત;**
**અઝ હઝારાં કા'બા યક દિલ બેહતર અસ્ત.**

પરંતુ આપણે બશરિયતને ગુનાહોથી ગંદી કરી નાખી હોવાથી, આ શબ્દ જાણે બદનામ થઈ ગયો, તેથી અમ્બિયાએ-કિરામને આ શબ્દ વડે યાદ કરતાં આપણને અટકાવવામાં આવ્યાં.

પોપટને પઢાવવાનો તરીકો એ છે કે એની સામે અરીસો રાખીને પાછળથી પઢાવનાર જાતે બોલે છે પોપટ આને પોતાની જાતિનો અવાજ સમજીને જાતે બોલવા માંડે છે. હુઝૂર સરવરે કાએનાત પરવરદિગારની આરસી છે. **જો આ આરસી વચમાં ન હોત તો બંદાઓ રબતઆલા પાસેથી લાભો મેળવી શકયા ન હોત ! આ આરસીની બે બાજુઓ છે : એક બંદાની તરફ; બીજી બંદાના સર્જનહારની તરફ.**

આ નૂરાની આઈનાની પહેલી બાજુની સદા આ પ્રમાણે છે : ઈન્નમા અના બશરૂમ્મિસ્લોકુમ.... ''તમે મારાથી ન ભડકો. હું તમારી જાતિમાંથી છું.'' બીજી બાજુની સદા આ મુજબ છે : ''વમા યન્તેકો અનિલ હવા ઈન હોવા ઈલ્લા વહયુંય્યૂહા.''

ઈમામે એહલે-સુન્નત આ'લાહઝરતે શું ખૂબ ફરમાવ્યું છે :

**આપ પર્દેમે રહે આઈના હુસ્ને-ખારાકા**
**ભેજ કર અન્જાનોંકો રાહદારી વાહવાહ** (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)

آیت ۴۹ : فَاِنَّمَا يَسَّرْنٰهُ بِلِسَانِكَ لِتُبَشِّرَ بِهِ الْمُتَّقِيْنَ وَتُنْذِرَ بِهٖ قَوْمًا لُّدًّا

(پارہ ۱۶، سورہ مریم، رکوع ۶)

**(૪૯) તો અમોએ આપની ઝબાનમાં આ કુરઆન આમ જ આસાન ફરમાવ્યું કે આપ એનાથી ડરવાળાઓને ખુશખબરી સંભળાવો અને ઝગડાળું લોકોને એનાથી ડર સંભળાવો.**

*(પા. ૧૬ : સુરએ મરિયમ. રૂકૂ : ૬)*

આ આયત પણ હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તે-પાક છે. એમાં ફરમાવવામાં આવ્યું છે કે કુરઆને કરીમને આપની પવિત્ર ઝબાન પર યા આપની ઝબાન (ભાષા)માં આસાન ફરમાવી દીધું, જેથી એ વડે આપ લોકોને

બશારત અને ડર સંભળાવો. આથી જાણવા મળ્યું કે કુરઆન કરીમ ઘણું મુશ્કેલ અને અઘરૂં છે. ક્યાં રબનો કલામ અને ક્યાં અલ્પજ્ઞાની ઈન્સાન ! પરંતુ અલ્લાહ પાકે આ કુરઆનને આકા મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની એ **મુબારક ઝબાન પર આસાન ફરમાવ્યું; જે પહાડથી યે વધુ હિમ્મતવાળી છે કે એને બરદાશ્ત ફરમાવ્યું.**

**'રૂહુલ-બયાને'** આ આયતમાં ફરમાવ્યું કે કુરઆને કરીમ સિફતે ઈલાહી અને અથાગ છે -એને આપણા શબ્દો ઘેરી શકે તેમ નથી, કેમકે આપણા આ શબ્દો નાશવંત અને અંત પામનારા છે. પરંતુ હુઝૂર મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું પવિત્ર હૃદય અને મુબારક ઝબાનને કુદરતે -ઈલાહીએ એને એ જેમ છે તેમ એના સાચા રૂપ-સ્વરૂપમાં જાણી લેવાની શક્તિ આપી છે.

આમાંથી એક મસઅલો પણ જાણવા મળ્યો. જે લોકો એવું કહે છે કે કુરઆને-પાક બિલકુલ આસાન અને મુકમ્મિલ કિતાબ છે. એટલે એની હાજરીમાં હદીસની શી જરૂરત છે ? એ લોકો ધોખામાં છે. બેશક- કુરઆન શરીફ આસાન છે.- પરંતુ દરેક ઝબાન માટે નહિ- બલ્કે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝબાન માટે યા પછી એના માટે- જે આ બરકતવન્તી બારગાહમાંથી ફયઝ હાસિલ કરે. અને બેશક કુરઆન મુકમ્મિલ કિતાબ છે- પરંતુ આ મુકમ્મિલમાંથી કશુંક મેળવવા માટે અને મોતી કાઠવા કાજે કોઈ મુકમ્મિલ ઝાતની જ જરૂરત છે. સમુદ્રમાંથી મોતી કાઢવાં એ હર કોઈનું ને સૌકોઈનું કામ નથી.

એક બીજો મસઅલો એ જાણવા મળ્યો કે કુરઆનનું એ જ પઢવું અને એનો એ જ અર્થ સાચાં ગણવામાં આવશે, જે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નકલ કરવામાં આવ્યાં હોય જે કોઈ કુરઆનની એવી તફસીર કરે- જે અમારા- તમારા આકા સૈયદે આલમ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તફસીર કરતાં જુદી હોય યા એવી કિર્અત અખત્યાર કરે,જે હુઝૂરે અનવરથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સાબિત ન હોય તો એ બાતિલ મરદૂદ છે. દાખલા તરીકે, **ખાતમુન્નબીય્યીનનો** એવો અર્થ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યો કે **લા નબીય્ય બઅદી- "અમારા પછી નબી નથી. અમે સૌથી અંતિમ નબી છીએ."** હવે કોઈ માણસ આ અર્થને લોકોનો ખ્યાલ જણાવે અને એનો અર્થ કરે નબી- બિઝ -ઝાત યા અસલી નબી અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પછી કોઈ નવા નબીનું આગમન જાઈઝ અથવા મુમ્કિન માને તે મુર્તદ છે. અલઅયાઝબિલ્લાહ. એવી જ રીતે કુર્આની હર્ફોનું અદા કરવું, તિલાવતનો તરીકો વગેરે એ જ હોવાં લાઝિમ છે. જે સાહિબે-કુર્આનથી સાબિત હોય. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

**આ આયતનો એવો અર્થ પણ થઈ શકે છે કે હે પ્યારા મેહબૂબ** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! અમે આ કુર્આનને આપની ઝબાનની બરકતથી આસાન કરી દીધું. એટલે જો આ કુર્આન આપની મુબારક ઝબાન વડે અદા થયુ ન હોત, તો

કોઈની શી મજાલ હતી કે તે એના સુધી પહોંચી જાત ! કેમકે આ કુર્આન એ જ "લૌહે-મેહફૂઝ" માં હતુ, જ્યાં કોઈ ઈન્સાનની કલ્પના સુદ્ધાં પહોંચી શકે તેમ નહોતી. આપની પાક ઝબાને આ છુપા ખજાનાને મખ્લૂક સુધી પહોંચાડ્યો. જો આપનો વાસ્તો વચમાં ન હોત તો મખ્લૂક (સુષ્ટિ) નો સંબંધ ખાલિક (સૃષ્ટા) સાથે જોડાયા જ ન હોત ! બલ્કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક ઝબાને કુરઆનને કુરઆન બનાવી દીધું. લાઉડ સ્પીકરની બે બાજુઓ હોય છે : એક બોલનારની તરફ એટલે કે માઈક્રોફોન અને બીજી સાંભળનારની તરફ એટલે કે યુનિટ. આ પ્રકારે બોલનારની વાણી સાંભળનાર સુધી પહોંચી જાય છે. એ જ રીતે આકાએ-દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર દિલ અને ઈમાનની પવિત્ર રુખ મખ્લુકની તરફ છે. આપ એ પ્રકારે રબનો કલામ આપણા સુધી પહોંચાડે છે. અત્રે એ ખ્યાલ રહે કે કુર્આની શબ્દોનું ઉતરાણ કાન શરીફ પર થયું. એના વિષયનું ઉતરાણ દિમાગ શરીફ પર અને રહસ્યોનું ઉતરાણ પવિત્ર હૃદય પર. જેને જે મળ્યું, હુઝૂરથી(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મળ્યું *(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۵۰ : طٰهٰ مَآ اَنْزَلْنَا عَلَيْكَ الْقُرْاٰنَ لِتَشْقٰىٓ (پارہ ۱۶، سورہ طٰہٰ، رکوع ۱)

**(૫૦) હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! અમે આપના પર આ કુર્આન એટલા માટે ન ઊતાર્યું કે આપ કષ્ટ ઉપાડો.**

*(પા. ૧૬ : સુરએ તાહા; રૂકૂ : ૧)*

આ આયતે-કરીમા પણ હુઝૂરે- અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ છે અને એમાં પરવરદિગારે આલમ તરફથી પોતાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર અપાર કૃપા અને માયા જાહેર કરવામાં આવી છે.

આ આયતના ઉતરાણ વિશે તફસીરવેત્તાઓના બે મત છે. પ્રથમ તો એ કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહની ઈબાદતમાં ઘણું જ કષ્ટ સહન કરતા હતા. રાતના 'કયામ'ને કારણે આપના મુબારક પગો પર સોજો ચઢી આવતો અને એમાંથી લોહી વહેવા માંડે એટલી કષ્ટમય ઈબાદત કરતા હતા. રબ તબારક-વ-તઆલાને પોતાના વ્હાલા મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આટલું બધું કષ્ટ ઉપાડે એ રુચ્યું નહિ- આથી ફરમાવવામાં આવ્યું કે- **હે મારા મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)! આ કુર્આન આપના પર એટલા માટે ઊતારવામાં નથી આવ્યું કે આપને કષ્ટ પડવા માંડે.**

બીજો મત એ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની એવી પવિત્ર હાર્દિક ઈચ્છા હતી કે અલ્લાહનો કોઈ બંદો અલ્લાહની રાહથી ગુમરાહ ન રહે. કુફ્ફાર કુફ્ર પર હઠાગ્રહ કરતા, તેથી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને આઘાત લાગતો. આથી મજકૂર આયતે-કરીમા નાઝિલ અને થઈ ફરમાવવામાં આવ્યું કે હે મારા મેહબૂબ(સલ્લલ્લાહો

અલયહે વસલ્લમ) ! આપની જવાબદારી માત્ર એહકામની તબ્લીગ કરવાની છે, જે આપે સંપૂર્ણ પણે ફરમાવી દીધી છે. જો આ બદનસીબ અભાગિયાઓ એનાથી ફાયદો ન ઊઠાવે તો હે મારા પ્યારા મેહબૂબ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)! આપ શા માટે રંજનું દુ:ખ ઉપાડો છો ?

આ આયતમાં બે પ્રકારે ના'ત-શરીફ પ્રગટ થઈ રહી છે. એક તો "તાહા"થી અને બીજું બાકીની આયતથી. તાહા કેટલાકની નજરે મુત્શાબહાતમાંથી છે. (રૂહુલ બયાન) **(મુત્શાબહાતનો શાબ્દિક અર્થ છે : જે શબ્દનો અર્થ અલ્લાહ જેને બતાવવા ચાહે એ જ જાણી શકે તે).**

અમુક ઉલમા ફરમાવે છે કે એ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું મુબારક નામ છે, જ્યારે અમુક ફરમાવે છે કે એ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો પવિત્ર લકબ છે. કેટલાકે કહ્યું કે એ આ સૂરહનું લકબ છે- અને કેટલાકે જણાવ્યું કે એ કુર્આનનું નામ છે. (રૂહુલ બયાન-મદારિજ) કેટલાકે કહ્યું કે એ રબતઆલાનું નામ છે. પરંતુ આમાં સૌથી ઉત્તમ એ ગણાય છે કે યા તો 'મુત્શાબહાત' માંથી છે યા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો લકબ છે. શેખ સઅદી ફરમાવે છે :

**તુરા ઈઝ્ઝો - લવલાકો - તમ્કીન બસ અસ્ત,**
**સનાએ તૂ તાહા - વ યાસીન બસ અસ્ત.**

આનો શો અર્થ નીકળશે ? અને જો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો એ લકબ છે, તો એમાં કયા કયા ગુણો તરફ નિર્દેશ છે ? એમાં ઘણાં મંતવ્યો છે, એક તો એ કે "તોય"થી મુરાદ તાલિબે-શફાઅત, અને "હે" થી મુરાદ છે હાદીએ બશર. અર્થાત : **હે શફીઅ** (શફાઅત કરનારા) અને હાદીએ- ગુમરાહાં (માર્ગ ભૂલેલાઓને સન્માર્ગ દેખાડનારા) બીજુ એ કે હે તાહિર અને હાદી, અર્થાત; ગુનાહોથી પાક અને રબની તરફથી લોકોના માર્ગદર્શક, ઉધ્ધારક. યા પછી હે 'તૂબી' અને 'હાદયહ' ના મુખ્તાર. તૂબી એટલે જન્નત : હાદયહ એટલે જહન્નમ. અથવા હે તયબહ અને મક્કા મુકર્રમહને પોતાનાં મુબારક કદમો વડે પાવન કરનાર એટલે **ઈમામુલ હરમૈન.** યા હે એ ઝાત જેના પર નબૂવ્વતનો સિલસિલો ખતમ કરી નાખવામાં આવ્યો. એટલે કે **ખાતમુન્નબીય્યીન,** યા હે **ચૌદમી રાતના ચાંદ,** કારણ કે 'તોય'ના અદદ ૯ છે અને 'હે'ના ૫. અને ૯ ને ૫-૧૪ થયા. અર્થાત : હે સંપૂર્ણ ચંદ્રમા શી મુખાકૃતિવાળા. અને આ ઉપમા પણ કેવળ સમજાવવા માટે છે, નહિતર ચાંદ તો હુઝૂર અમારા-તમારા આકાન્ને-મૌલા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જુતીઓના બરાબર પણ નથી. ચાંદ તો ઘટતો-વધતો રહે છે; હુઝૂર પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સદાયે તરક્કીમાં. ચાંદને ગ્રહણ થઈ શકે છે; એ પોતાના પ્રકાશ માટે સૂરજનો ઓશિયાળો છે, એ રાતમાં તો પ્રકાશિત હોય છે, પણ દિવસમાં સૂરજ સામે તદ્દન બેનૂર. ત્યારે

રહમતુલ લિલ-આલમિન સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાન તો એથી તદ્દન નિરાળી જ છે.

**મંય વોહ શાઈર નહિં જો ચાંદ કેહદૂં ઉનકે ચેહરેકો,**
**મંય ઉનકી કફશે - પા પર ચાંદકો કુરબાન કરતા હું.**

આગળની આયતની ખુદાવંદે કરીમના એ કરમ વિશે જાણવા મળે છે, જે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર છે. દુનિયામાં દરેક શખ્સને ઈબાદત કરવાની તાકીદ ફરમાવવામાં આવી છે, અને ન કરવા પર ધમકી આપવામાં આવી છે- પરંતુ હુઝૂર પૂરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જ એક એવી મહાન ઝાત છે કે હુકમ થાય છે : આપે આટલી ઈબાદત કરવી અને આટલું કષ્ટ વેઠવું ન જોઈએ ! દાખલા રૂપે એમ સમજી લો કે એક શિક્ષક તમામ વિદ્યાર્થીઓને મેહનત કરવાની તાકીદ કરે છે- પરંતુ એક શાગિર્દને વારંવાર કહે છે કે વધુ મહેનત ન કરો- આ ઉપરથી જ્યાં એ શાગિર્દ પરની શિક્ષકની મહેરબાની જાહેર થાય છે, ત્યાં એ સાથે જ એ વિદ્યાર્થીની મેહનત અને તાબેદારી પણ જાહેર થાય છે કે તે શિક્ષકનો એટલો બધો તાબેદાર અને ફરમાંબરદાર છે કે શિક્ષક એને હવે ઓછી મેહનત કરવાનું કહે છે. **હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ રબની ઈબાદતમાં એટલાં બધા મશગૂલ કે રબતઆલા આપને ઓછી મેહનત કરવાનો; વધુ કષ્ટ નહિ ઉપાડવાનો હુકમ ફરમાવે છે.**

**આયત ૫૧ : وَمَآ أَرْسَلْنٰكَ إِلَّا رَحْمَةً لِّلْعٰلَمِينَ ۝**

**(૫૧) અને અમે આપને ન મોકલ્યા પરંતુ સમસ્ત સૃષ્ટિ માટે રહમત બનાવીને.** *(પા. ૧૭ : સૂરએ અમ્બિયા; રૂકૂઅ : ૭)*

આ મહાન આયતે હુઝૂર પુરનૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તનાં એવાં ફૂલો ખીલવ્યાં, જેણે ઈમાનપૂર્ણ દિમાગને મધમધાવી મૂક્યું. સરવરે દો-આલમ સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમને રબતઆલાએ અગણિત, અપરંપાર ખૂબીઓ અતા ફરમાવી છે. એમાંની એક સિફત, એક ખૂબી એક ગુણ છે રહમતુલલિલ આલમીન. હુઝૂરે પાકની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ ખાસ ખૂબી, વિશિષ્ટ સિફતનું આ મુબારક આયતમાં વર્ણન છે. પરંતુ આયતની વર્ણનપધ્ધતિ અને રજૂઆતની શૈલી પર જરા વિચાર કરશો તો જણાશે કે એમાં હુઝૂર પુરનૂર રિસાલતમઆબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રહમતની વિશાળતા અને સર્વવ્યાપકતાને કેવી રીતે પ્રદર્શિત કરવામાં આવી છે ! અહીં ચાર પ્રકારે ચર્ચા થઈ છે. પ્રથમ તો એ કે કોણ રહમત છે ? કોના ઉપર રહમત છે ? ક્યારથી રહમત છે ? અને ક્યાં સુધી રહમત છે ?

(૧) **કોણ રહમત છે ?** -નું બયાન ફરમાવ્યું : **"વમા અરસલનાકા"** એ **અર્થાત, તમામ જહાનો માટે રહમત હોવું એ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે**

**વસલ્લમ** ની જ વિશિષ્ટતા છે. બીજા કોઈને આ દરજ્જો ન મળ્યો. **હઝરત ઈસા** અલયહિસ્સલામ માટે ફરમાવવામાં આવ્યું કે **"વ રહમતમ્મિન્ના"** એટલે હઝરત ઈસા અલયહિસ્સલામ અમારા તરફથી રહમત છે. પરંતુ કયાં સુધી અને કોને **માટે રહમત** છે. એનું વર્ણન ફરમાવવામાં આવ્યું નથી. અમ્બિયાએ કિરામ માટે ફરમાવવામાં **આવ્યું** કે **"વમા કુન્ના મોઅઝઝેબીન હત્તા નબઅસ રસૂલા....."** અર્થાત : અમે એ **સમય** સુધી કોઈ દેશ અને કોમ ઉપર અઝાબ નથી મોકલતા, જ્યાં સુધી એના તરફ કોઈ ખબર દેનાર રસૂલ અલયહિસ્સલામને મોકલી ન દઈએ.

આ ઉપરથી જાણવા મળ્યું કે અન્ય અમ્બિયાએ કિરામ **મોમેનીન માટે રહમત** રૂપ હતા અને તેમની નાફરમાની અલ્લાહના અઝાબનું કારણ બની જતી હતી. **જોઈ** લો- ફિરઓનની કોમ, હઝરત લૂતની કોમ વગેરેની શી વલે થઈ ? -**અને હઝરત** નૂહની કોમ કેવી રીતે ગરક થઈ ? પરંતુ મેહબૂબ સલ્લલ્લાહો અલયહે **વસલ્લમ માટે** ફરમાવવામાં આવ્યું કે- **"વમા કાનલ્લાહો લેયોઅઝઝેબહુમ વ અન્તા ફીહિમ...."** અલ્લાહતઆલા એમને અઝાબ આપશે નહિ, કેમકે આપ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમનામાં છો. સારાંશ કે **રહમતની** આટલી વિશાળતા **હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમમાં જ છે.**

(૨) **કેટલી રહમત-એનું** બયાન **લિલ આલમીન** - એ ફરમાવ્યું. રબની સિફત છે રબ્બુલ આલમીન અને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સિફત છે રહમતુલલિલ આલમીન એટલે કે જેનો ખુદા રબ છે એના માટે હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રહમત છે, બલ્કે એમ કહો કે રબૂબિયતે - ઈલાહીનો જે કોઈને ફયઝ પહોંચ્યો તે રહમતે - મુસ્તફાના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સદકે જ **પહોચ્યો.**

આલમ કહે છે અલ્લાહના સિવાયને. હવે, એમાં ઘણી જાતના આલમો છે : આલમે ઈમ્કાન, આલમે અમ્ર. આલમે અન્વાર, આલમે ઈન્સાન અજસામ, આલમે મલાઈકા વગેરે. વળી, આલમે અજસામમાં આલમે ઈન્સાન, આલમે હયવાનાત, આલમે નબાતાત, આલમે જમાદાત આ "આલમીન" ના શબ્દથી માલૂમ પડ્યું કે **હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ** દરેક આલમ માટે રહમત છે- **ફરિશ્તાઓ માટે પણ, જિન્નાત માટે પણ, ઈન્સાનો માટે પણ અને જાનવરો માટે પણ- કાફિરો માટે પણ અને મુસલમાનો માટે પણ.**

**'રૂહુલ-બયાને'** એ જ આયતના અનુસંધાનમાં એક હદીસ નકલ ફરમાવી કે એક વાર હુઝૂર ખત્મુલ મર્તબત સલ્લલાહો અલયહે વસલ્લમે હઝરત **જિબ્રીલ** અલયહિસ્સલામને પૂછયું : "જિબ્રીલ ! અમે રહમતુલલિલ આલમીન છીએ. **અને તમે** પણ આલમમાં છો- તો તમને અમારાથી શી રહમત મળી એ જણાવશો ? **હઝરત** જિબ્રીલે વિનંતી કરી : યા હબીબલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **! મને અત્યાર** સુધી મારા અંજામની કશી જાણ નહોતી કે એ સારો હશે યા ખરાબ **(આખરે**

હારૂત-મારૂત અને ઈબ્લીસનો અંજામ હઝરત જિબ્રીલ જોઈ ચૂક્યા હતા ને !) પરંતુ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કારણે મને સલામતી મળી ગઈ છે અને મને સંતોષ સાંપડ્યો છે, કારણ કે રબતઆલાએ મારા વિશે કુર્આનમાં ફરમાવી દીધું છે કે **''ઝી કુવ્વતિન ઈન્દ ઝિલ અર્શે મકીનિમ્મોતાઈન સમ્મા અમીન.....**

વળી અમ્બિયા, મુર્સલીન અને મહાન ફરિશ્તાઓને પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી રહમત મળી. કાફિરોને પણ દરેક રીતે રહમત મળી. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પહેલાં દુનિયામાં અલ્લાહના અઝાબો આવતા હતા, હવે એ બંધ થયા. દુનિયામાં ગુનાહો પર રુસ્વાઈ થતી હતી, હવે એ બંધ થઈ. કયામતમાં પણ મકામે-મેહશરથી નજાત અપાવવાનું અને હિસાબ શરૂ કરાવવાનું કાર્ય હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ ફરમાવશે. અબૂ લહબને દોશમ્બાને દિવસે અઝાબમાં ઘટાડો થયો, તે હુઝૂર પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વિલાદતે-પાકની ખુશીને કારણે. અબૂ તાલિબ પર અઝાબમાં ઘટાડો થયો, તે હુઝૂર આકાએ નામદારની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બરકતથી. શરહે-કસીદએ-બુર્દહમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શફાઅત સાત પ્રકારે હશે. એમાંની ત્રણ વડે તો કાફિરો પણ લાભ ઉપાડશે. જ્યારે બીજી ચાર જાતની શફાઅતો માત્ર મુસલમાનો માટે અમુક ગુનેહગારો માટે અને અમુક નેક કાર્ય કરનારાઓ માટે છે.

(૩) હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ક્યારથી રહમત છે ? એને પણ ''અલ આલમીન'' એ બ્યાન કરી દીધું. અર્થાત : જ્યારથી આલમ એટલે સૃષ્ટિ છે ત્યારથી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ રહમત છે. રબની જયારથી રબૂબિયત પ્રગટ થઈ છે, ત્યારથી હુઝૂર પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રહમતનો નિર્મળ પ્રકાશ રેલાઈ રહ્યો છે.

પ્રથમ તો આ સૃષ્ટિનું સર્જન જ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પ્રતાપે થયું છે. પછી અબુલ - બશર : માનવપિતા : હઝરત આદમ અલયહિસ્સલામને તમામ માનમરતબા હુઝૂર સરકારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દો-આલમના તુફેલ મળ્યા. વળી હઝરત આદમ અલયહિસ્સલામની ખતા પણ હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ બરકતથી માફ થઈ. જ્યારે હઝરત નૂહ અલયહિસ્સલામની નૌકા કિનારે લાગી તે પણ હુઝૂર પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ બરકતથી. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ પર આગનું બાગ થઈ જવું અને હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામ માટે દુમ્બાનો ફિદયો ઊતરવો એ વિશે અને એ બધું સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રહમત અને બરકતને લીધે જ થયું હોવા વિશેનું તો અમે આ જ કિતાબમાં આગલાં પ્રકરણોમાં વર્ણન કરી ચૂક્યા છીએ.

(૪) હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ક્યાં સુધી રહમત છે ? એનું બયાન પણ ''અલ આલમીન'' એ જ કરી દીધું છે. જ્યાં સુધી સૃષ્ટિ છે, ત્યાં

સુધી રહમતે-મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે. અર્થાત; **આ સૃષ્ટિમાં હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રહમત કયામતમાં, મીઝાન પર, હૌઝે કવસર પર, જન્નતમાં અને ગુનેહગાર મુસલમાનો ઉપર, જહન્નમમાં.... સારાંશ કે દરેક સ્થળે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રહમત જ છે.**

**''રૂહુલ - બયાન''**માં આ જ આયતના માતેહત છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું -અમારી જિંદગી તમારા માટે ઉત્તમ છે- અને અમારી વફાત પણ. સહાબાએ કિરામે વિનંતી કરી : હે અલ્લાહના પ્યારા હબીબ ! અમારા આકા-વ-મૌલા ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપની પવિત્ર જિંદગી તો જાહેર છે કે ઉત્તમ છે જ- પરંતુ આપની વફાત શરીફ કેવી રીતે ઉત્તમ છે ?...... હુઝૂર રિસાલતમઆબે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈરશાદ ફરમાવ્યો કે **અમારી નૂરાની કબ્રમાં દર શુક્રવારે અને સોમવારે તમારા આ'માલ પેશ થતા રહેશે. નેક આ'માલ જોઈને અમે રબનો શુક્ર અદા કરીશું અને બુરા આ'માલ જોઈને તમારા માટે મગફિરતની દુઆ ફરમાવીશું.**

આ આયતમાં તો ફરમાવવામાં આવ્યું કે **''રહમતલલિલ આલમીન''** અને બીજે સ્થળે ઈરશાદ થયો : **વબિલ મુ'મેની-ન રઊફુર્રહીમ-** અર્થાત; આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મોમીનો પર 'રઉફ' અને રહીમ છે. હવે આ બંને આયતોનો મેળ કેવી રીતે મળે ?- આનું કારણ છે કે સામાન્ય રહમત એટલે કે હુઝૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રતાપે રોજી મળવી યા જમીન કે પવન અને તડકો મળવાં, દુન્યાનો એશઆરામ હાસિલ થવો, કયામતમાં મેદાને - મેહશરથી મુકિત મળવી વગેરે- એ બધું તો સામાન્ય મખ્લૂકને હાસિલ છે, પરંતુ ખાસ રહમત દુનિયામાં અને આખેરતમાં, દાખલા તરીકે, ઈમાન મળવું- ગુનાહ માફ થવા- દરજ્જામાં પ્રગતિ કરવી- અલ્લાહની બારગાહમાં મકબુલિયત હાસિલ થવી- મેઅરાજમાં પણ ખાસ પ્રસંગે મુસલમાનોનો ઉલ્લેખ થવો- રાત્રીઓમાં જાગીજાગીને મગફિરતની દુઆઓ .ફરમાવવી- કયામતમાં દરજ્જાઓની બલન્દી કરાવવી- એ બધું મુસલમાનો માટે છે. કશી પણ શંકા વિના, રબતઆલાની સિફત છે 'રહમાન' અર્થાત; દુનિયામાં સૌના પર રહમ ફરમાવનાર- અને બીજી સિફત છે રહીમ- અર્થાત; આખેરતમાં ઈમાનવાળાઓ ઉપર રહમ ફરમાવનાર. રબની સિફત રહીમનું પ્રગટ થવું માત્ર મુસલમાનો માટે છે અને રહમત સૌ કોઈના માટે છે.

અમુક લોકો કહે છે કે જ્યારે હુઝૂર-પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દુનિયામાં રહમત છે, ત્યારે કાફિરો સાથે જિહાદ કેમ ફરમાવી ? એમને કત્લ શા માટે કરાવ્યા ?- પરંતુ આનો જવાબ એ છે કે રહમતનો એવો અર્થ નથી કે સૌને દુધ જ પીવડાવવામાં આવે. સાંપને મારી નાખવો અને શરીરના સડી ગયેલા અંગને કાપી નાખવો; નસ ખોલીને ખરાબ લોહી કાઢી લેવું એ સૌના માટે રહમત છે, એવી જ રીતે હુકૂમત ચોરબદમાશોને સજા આપે અને એમનાથી દેશનું રક્ષણ કરે એ ખરેખર હિકમત અને રહમત છે. બરાબર એ જ પ્રકારે કાફિરોના વર્ચસ્વને તોડવું અને કલ્બએ-

ઈલાહીને બલન્દ કરવો, એ ખુદાના બંદાઓ પર રહમત છે. બેશક- પરવરદિગારે આલમ 'રહમાન' અને 'રહીમ' છે- પરંતુ તે પછી પણ એ કોઈને ગરીબ અને કોઈને માલદાર કોઈને વિદ્વાન અને કોઈને અજ્ઞાન રાખે છે- તો એ બધું એની હિકમત અને મસ્લેહત હેઠળ જ થઈ રહ્યું છે- એની રહમતની વિરુધ્ધ નથી.

آیت ۵۲ : اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا

مِصْبَاحٌ اَلْمِصْبَاحُ فِيْ زُجَاجَةٍ (پارہ ۱۸، سورہ نور، رکوع ۵)

**(૫૨) અલ્લાહ નૂર છે આસમાનો અને ઝમીનોનું. એના નૂરની મિસાલ એવી છે, જેમકે એક ગોખ કે જેમા ચિરાગ છે અને એ ચિરાગ એક ફાનુસમાં છે.** *(પા. ૧૮ : સુરએ નૂર, રૂકૂ : ૫,)*

આ મહાન આયત પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ વર્ણવી રહી છે. પ્રથમ તો, ઈરશાદ થયો કે અલ્લાહતઆલા જમીનો અને આસમાનોનું નૂર છે. 'નૂર' ખુદાપાકનાં નામોમાંથી એક નામ છે. એનો અર્થ છે : રોશન ફરમાવનાર. અર્થાત; અલ્લાહતઆલા આસમાનો અને જમીનોને રોશન ફરમાવનાર છે. હવે રોશન ફરમાવવાની ત્રણ રીતો હોય છે. એક તો એ કે એમને 'અદમ' (શૂન્ય)થી વજુદમાં લાવનાર છે, કેમકે અદમ અંધકાર છે અને વજૂદ નૂર. એટલે એમનો બધાનો સર્જક છે અથવા એ કે એમના બધામાં અમારા-તમારા આકા-ને-મૌલા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નૂર વડે રોશની ફેલાવનાર છે, જેમકે બીજી આયતમાં ઈરશાદ થયો : **કદ જાઅકુમ મિનલ્લાહે નુરુવ્વ કિતાબુમ્મુબીન.**- આ આયતમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને 'નૂર' ફરમાવવામાં આવ્યા છે. *(રૂહુલ - બયાન : આ જ આયત)*

અલ્લાહ જલ્લશાનહૂએ જેવી રીતે આસમાનના ચાંદ-તારા અને સૂરજ વગેરેનું સર્જન કર્યું, એવી જ રીતે જમીન પર મહાન માનનીય નબીઓ, રસૂલો અને પછી ઉલમા અને મશાઈખનું નૂર ફેલાવ્યું. તો આસમાનને અન્ય ચીજોથી પ્રકાશિત કરનારા અને જમીનને અન્ય ચીજોથી- એ અર્થમાં આયતનો આ ભાગ પણ, સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ છે.

મસલો નૂરેહીમાં જે "નૂર" શબ્દ આવ્યો એમાં તફસીરવેત્તાઓનાં અમુક કથનો છે. એક તો એ કે નૂરેહી- અલ્લાહનું નૂર- એનાથી આશય ઈમાનવાળાઓનું ઈમાન છે- ને "મિશ્કાત"નો આશય મોમિનોનો સીનો તથા "મિસ્બાહ"થી મુરાદ ઈમાનવાળાઓનું હૃદય વગેરે. બીજું એ કે "અલ્લાહનું નૂર" (નૂરેહી)નો નિર્દેશ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પ્રત્યે છે. *(રૂહુલ બયાન અને મદારિજુન્નબૂવ્વત)*

આમ, આ આખેઆખી આયત નબીએ આખેરુઝ્ઝમાં સલ્લલ્લાહો અલયહે

વસલ્લમની ના'ત શરીફ છે. મેહબૂબનું (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈમાન તે નૂર; મિશ્કાત એટલે કે ગોખ તે હુઝૂર પુરનૂરનો(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કીનાથી સાફ સીનો તેમ જ મિસ્બાહ એટલે કે ચિરાગ તે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું શુધ્ધ, સ્વચ્છ, નિર્મળ હ્દય.

રૂહુલ બયાનમાં જણાવાયા પ્રમાણે 'નૂર' હુઝૂર - પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, 'મિશ્કાત' કિંવા 'ગોખ' હઝરત આદમ અલયહિસ્સલામ, 'ફાનૂસ' હઝરત નૂહ અલયહિસ્સલામ અને 'તેલ' હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ કે ન તેઓ પૂર્વીય છે કે ન પશ્ચિમી, મતલબ કે ન તેઓ યહૂદી છે કે ન નસરાની.

આ સિવાય પણ મજકૂર આયતની ઘણી સમજુતીઓ આપવામાં આવી છે. આ ઉપરથી જાણવા મળ્યું કે જો અલ્લાહનું નૂર : નૂરે ઈલાહી : હાસિલ કરવું હોય તો **એને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર હ્દયમાં શોધો ! અને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું હ્દય ઉલ્માએ - ઉમ્મત અને અવલિયાએ-મિલ્લતના વાસ્તા વગર મળશે નહિ- આથી નૂરે-ઈલાહી મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ છે અને એ નૂરનો ચિરાગ અને હ્દય-ગોખ અવલિયા અને ઉલ્મા છે. જે આ વસીલાઓથી મેહરૂમ છે, તે નૂરે ઈલાહીથી મેહરૂમ.**

એવું પણ જાણવા મળ્યું કે હઝરત **મુહમ્મદ મુસ્તફા** સલ્લલ્લાહો અલયહે **વસલ્લમના નૂરને** કોઈ બૂઝાવી શકે તેમ નથી. આ નૂરનું દરેક રીતે રક્ષણ કરવામાં આવ્યું છે જેમ લૌકિક ફાનસના પ્રકાશની કાચનો પોટો જાળવણી કરે છે તેમ કુદરતના કારખાનાનો પોટો પણ આ અલૌકિક નૂરની સંપુર્ણ હિફાઝત ફરમાવે છે, ને ફરમાવશે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ۵۳ : لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَیْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا ؕ

**(૫૩) રસૂલના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પુકારવાને આપસમાં એવું ન ઠેરવી લો, જેવું કે તમે એકબીજાને પુકારો છો."**

*(પા. ૧૮ : સુરએ નૂર; રૂકુ : ૮)*

આ આયતે-કરીમ પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત-શરીફ છે. એમાં સહાબાએ કિરામને, બલ્કે કયામત સુધીના મુસલમાનોને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહનો અદબ-વિવેક શીખવવામાં આવ્યો છે. આથી અમુક પ્રકારે પવિત્ર ના'ત સાબિત થાય છે. પ્રથમ તો એ કે પરવરદિગારે આલમે હુઝૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બારગાહના ખાદિમોને પોતાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સમક્ષ વાતચીત અને અરજ-વિનતી કરવાનો વિનય-વિવેક પણ શીખવ્યો. બીજું એ રીતે ફરમાવ્યું : એમની એટલે કે અમારા-તમારા આકા-ને-મૌલાની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) શાન કંઈ એવી નથી કે તમે ઈચ્છો

તે રીતે બોલાવો - સંબોધો. આ મહાન બારગાહની શાન તો સૌથી નિરાળી છે; સૌથી મહાન છે અને એમાં રજૂ થવાના નિયમો અને વિવેક પણ જુદા જ છે.

આ આયતના બે અર્થો છે : "દુઆઅર્રસૂલ"- અર્થાત રસૂલને સંબોધવા, યા રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું સંબોધવું. *(રૂહુલ બયાન)*

પહેલા અર્થ પરથી જાણવા મળ્યું કે **રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એવી રીતે ન પુકારો, ન સંબોધો, જેવી રીતે તમે એકબીજાને આપસમાં બોલાવો, પુકારો, સંબોધો** છો. આથી સાબિત થયું કે યા મુહમ્મદ, યા અહમદ, યા ઈબ્ને અબ્દુલ્લાહ અથવા તો હે ભાઈ ! હે બાપ !... વગેરે નામો વડે બન્ને જહાનના સરદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પુકારવા- સંબોધવા હરામ છે બલ્કે, આપને યા રસૂલલ્લાહ, યા હબીબલ્લાહ, યા શફીઅલમુઝનેબીન.... સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વગેરે માનભર્યા લકબો વડે પુકારવા જોઈએ.

**આથી એવું પણ જાણવા મળ્યું કે આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને દરેક સ્થળે અને દરેક સમયે પુકારવા જાઈઝ છે- પરંતુ એ દરેક વખતે આપને માનભર્યા નામે પુકારવામાં આવે એ બેહદ જરૂરી છે.**

આપણા બિરાદરો કવિતાના બંધારણને અનુલક્ષી ક્યારેક ફક્ત યા મુહમ્મદ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) લખી નાખે છે, પણ વાચક બિરાદરોએ એ વાંચતીવેળાએ એની સાથે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કહી લેવું જોઈએ.

બીજો એ અર્થ થયો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બોલાવે, સંબોધે તેને એવું ન સમજો, જેવું તમે આપસમાં એકબીજાને સંબોધો છો અને સાંભળ્યુ ન સાંભળ્યું કરી જાઓ છો ! **પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બોલાવે તો તરત જ, પળના યે વિલંબ વિના, આપની ખિદમતમાં હાજર થઈ જાઓ** ત્રીજો અર્થ એ પણ નીકળે છે કે- હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહે ઈલાહીમાં કરાતી દુઆને તમે આપસમાં એકબીજાને વિનવણી કરો છો એવી ન સમજો- જે કબૂલ થાય તો યે શું ને ન કબૂલ થાય તો યે શું, બેઉ સરખું, એવી ગણો નહિ- **બલ્કે આકા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દુઆ અલ્લાહની બારગાહમાં અવશ્ય કબૂલ થાય છે.** હુઝૂર પુરનૂરના(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **પવિત્ર હોઠનું એક હળવું હલન પણ "કુનની કુંજી"** છે. એટલા સારૂ જ, અમ્બિયાએ - કિરામ કોઈ એવી દુઆ કરવા ચાહે જે અલ્લાહની મરજી વિરુધ્ધની હોય, તો એમને એવી દુઆથી અટકાવી દેવામાં આવે છે- એવું નથી થતું કે તેઓ દુઆ કરે અને તેમની દુઆનો અસ્વીકાર થઈ જાય આમ, દુઆથી અટકાવવામાં એમની ઘણી મોટી અઝમત જાહેર થાય છે. આનો એવો મતલબ કરી શકાય કે આપની વાત ખાલી જાય એ અમને (અલ્લાહ તઆલાને) મન્ઝૂર નથી અને અમારા ઈરાદાની વિરુધ્ધ હોય એ મુમ્કિન નથી, તેથી આપ આ બારામાં દુઆ ન કરો !

હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે હઝરત લૂત સંબંધમાં સિફારિશ કરવાની ઈચ્છા કરી, તો ફરમાવી દેવામાં આવ્યું : "હે ઈબ્રાહીમ ! આ દુઆ કરતા નહિ!.....

હદીસોનો અભ્યાસ કરનારાઓને માલૂમ છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જેને, જે સમયે, દુઆ દઈ દીધી તે કબૂલ જ થઈ.

આ પ્રકારના ઢગબંધ પ્રસંગો રજૂ કરી શકાય તેમ છે- પણ, સ્થળ-સંકોચને જોતાં અત્રે એ પૈકીના એકાદ બે રજૂ કરી રહ્યો છું,

'મદારિજ'માં મો'જિઝાના પ્રકરણમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દુઆથી કેટલાં મડદાં જીવતાં થયાં એનું વર્ણન છે, જેમાં હઝરત જાબિરના પુત્રોનું પણ વર્ણન છે, એવી જ રીતે હઝરત ઉમર અહમદ ખરપોતી, "કસીદએ- બુર્દહ"ની શારેહે, પણ એક સ્થળે આ બનાવનું વર્ણન કર્યું છે.

હઝરત જાબિર રદિયલ્લાહો તઆલા અન્હોએ હઝરત અહમદે મુખ્તાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દા'વત કરી. એમનાં પત્ની રાંધી રહ્યાં હતાં, એવામાં એમના એક પુત્રે બીજા પુત્રને કાપી નાખ્યો એને વાલિદને જાનવર કાપતો જોઈ એમની નકલ કરવાનું મન થઈ આવ્યું હતું પણ ભાઈનું ખૂન કર્યા પછી એ બાપથી ડર્યો અને ભયનો માર્યો ઉપર અગાશીમાં દોડી ગયો, ત્યાંથી એનો પગ લપસતાં એ નીચે પડ્યો અને એના પ્રાણ ઊડી ગયા.

ધૈર્યવાન માતાએ હુઝૂર સરકારે દો-આલમની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દા'વતમાં વિઘ્ન ન પડે એટલા સારૂ પોતાના બંને જિગર-કટકોઓની લાશોને સંતાડી દીધી અને હૈયું હાથ ધરી આંખમાંથી એક પણ અશ્રુ નીકળવા દીધું નહિ.

મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તશરીફ લાવ્યા અને જમવા માટે દસ્તરખ્વાન પર બિરાજમાન થયા- આપે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તુરત જ હઝરત જાબિરને ફરમાવ્યું : તમારાં બાળકોને બોલાવો- અમે એમને સાથે બેસાડીને જમીશું.

હવે છૂટકો નહોતો. એ પાક ધીરજવાન બીબીએ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બધી વિતક કહી. શફીઉલ મુઝનબીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમે બંને બાળકોની લાશો ઉપર દુઆ ફરમાવી બાળકો જીવંત થયા અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એમને આપની સાથે બેસાડીને જમણ લીધું.

એક વારે ભારે દુકાળ પડ્યો, હુઝૂર પુરનૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જુમ્આનો ખુત્બો ઈરશાદ ફરમાવી રહ્યા હતા, એવામા એક સહાબીએ વિનંતી કરી : "હુઝૂર ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વરસાદ નથી પડતો !" મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર હાથ એ જ હાલતમાં ઊઠી ગયા- અલ્લાહ જાણે એ હાથ હતા યા 'યદુલ્લાહ'નું દિવ્ય પ્રતીક ! આ તરફ હાથ ઊઠ્યા- પેલી તરફ વાદળ ચઢ્યાં. પળ વારમાં વરસાદ શરૂ થઈ ગયો. આપ ખુત્બો ફરમાવી રહ્યા હતા એ જ હાલતમાં મસ્જિદની છતમાંથી પાણી ટપકી મુબારક નૂરાની ચહેરા ઉપરથી

વહેવા માંડ્યું. જુમ્આની નમાઝથી ફારિગ થઈ, બહાર પધાર્યા તો મદીનાની ગલીશેરીઓમાં પાણી ભરાઈ ગયાં હતાં અને લોકો મહામુશ્કેલીએ ઘેર પહોંચતા હતા. **બરાબર સામેના જુમ્આ સુધી આવો ધોધમાર વરસાદ પડતો રહ્યો.**

બીજા જુમ્આના ખુત્બા માટે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મિમ્બર ઉપર ક્યામ ફરમાવ્યો, ત્યારે એ જ સહાબી અથવા બીજા કોઈ ગૃહસ્થે વિનંતી કરી : " હુઝૂર(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! **માર્ગો બંધ થઈ ગયા છે. મકાનો પડી રહ્યાં છે. અતિ વરસાદ પડી ચૂક્યો છે."** આકાએ નામદારે(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અલ્લાહતઆલાની બારગાહમા અર્ઝ કરી : **"હે અલ્લાહ ! હવે અમારી આસપાસ વરસાદ પડે, અમારા ઉપર ન પડે."** આટલું કહી. આપે વાદળ પ્રતિ પવિત્ર આગળી ચીંધી- તો મક્કા મુઅઝ્ઝમહમાં તો નૂરાની આંગળીના ઈશારા વડે ચાંદ ચીરાયો હતો, અહીં વાદળ ફાટી ગયું. જે તરફ આંગળી ફેરવી એ જ તરફ વાદળ ફાટી પડ્યું- **અલ્લાહુમ્મા સલ્લે અલા સય્યદેના મુહમ્મદિંવ્વ વ અલા આલેહી વ અસ્હાબેહી વ બારિક વ સલ્લિમ-**

**ફક્ત ઈશારોંમે સબકી નજાત હો કે રહી,**
**તુમ્હારે મુંહસે જો નિકલી વોહ બાત હો કે રહી.**
**કહા જો શબકો કે દિન હય તો દિન નિકલ આયા,**
**જો દિનકો કેહ દિયા શબ હય તો રાત હો કે રહી.**

જેને ઉમરની દુઆ આપી, એની ઉમરમાં બરકત થઈ. કોઈને માલની, કોઈને ઔલાદની, કોઈને ઈલ્મની દુઆ કરી, તો કોઈને હાકિમ થવાની. જેને જે બનાવી દીધો, એ જ એ બની ગયો.

'મિશ્કાત'માં હઝરત અલી કર્રમલ્લાહો વજહહૂની રિવાયત છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને યમનનો કાઝી મુકર્રર ફરમાવ્યો. મેં અરજ કરી- 'યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ! હું હજુ નવયુવાન છું- અને મને ન્યાયશાસ્ત્રનું જ્ઞાન પણ નથી.' ફરમાવ્યું : અલ્લાહ તમારા દિલ અને ઝબાનને હિદાયત આપે જાવ." હઝરત અલી ફરમાવે છે કે આ દુઆની બરકતથી હું કોઈ ચુકાદામાં ક્યારેય પણ અચકાયો નહિ.

જો અમને સ્થળ-સંકોચનો ભય ન હોત, તો અમે અહીં હઝરત અલી શેરે ખુદાના ચુકાદાઓનાં અવતરણો ટાંક્યાં હોત- હઝરત અલી કર્રમલ્લાહો વજહહૂનું જ્ઞાન અને ન્યાયશાસ્ત્ર ફિકહ-કિતાબોમાં આજપર્યંત નકલ થતું આવે છે, એમણે એ જ્ઞાન અંતે કયા મદ્રાસમાં શીખ્યું ? અને કઈ કઈ કિતાબ પઢી ?...... **એ બધું હુઝૂર સરકારે દો-આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની એ દુઆની જ બરકત હતી.**

آیت ۵۴ : تَبَارَكَ الَّذِىْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِيَكُوْنَ لِلْعٰلَمِيْنَ نَذِيْرًا ۙ

**(૫૪) ઘણી બરકતવાળો છે એ, જેણે ઊતાર્યું કુરઆન પોતાના બંદા ઉપર, જે સઘળા જહાનોને ડર સંભળાવનાર છે.**

*(પા. ૧૮ : સૂરએ ફુર્કાન; રૂકૂ ૧)*

આ આયતે - કરીમા હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત છે. એમા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રિસાલતનું વર્ણન છે. પહેલા આવી ચૂક્યું કે હુઝૂર **"રહમતુલ લિલ આલમીન"** છે, હવે આ આયતમાં ફરમાવવામાં આવ્યું કે હુઝૂર પુરનૂર **"નઝીરુન લિલ આલમીન"** છે. અર્થાત; આપ તમામ મખ્લૂકે-ઈલાહીના રસૂલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે. આ "આલમીન" -આલમો- જગતોમાં જિન્ન, ઈન્સાન, જાનવરો, વનસ્પતિઓ વગેરે; સારાંશ કે, અર્શી અને ફર્શી -ધરતી અને આકાશનાં -સઘળાંનો સમાવેશ થઈ જાય છે. **કોઈ પણ હુઝૂર પુરનૂરના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉમ્મતી હોવામાંથી બકાત નથી.**

હઝરત નૂહ અલયહિસ્સલામ પોતાના ઝમાનામાં સઘળા ઈન્સાનોના નબી હતા. પણ એ આમ નબૂવ્વત પાછળથી મન્સૂખ થઈ ગઈ. હઝરત સુલેમાન અલયહિસ્સલામ તમામ ઈન્સાનો અને જિન્નાતના બાદશાહ હતા- પરંતુ એ સઘળાના નબી ન હતા.

*(રૂહુલ બયાન : આ જ આયત)*

આ આયતની તફસીર એ હદીસ છે જેને મિશ્કાત - બાબુલ ફઝાઈલે સય્યદુલ **મુર્સલીન**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)- ભાગ પહેલો-માં મુસ્લિમની રિવાયતથી નકલ ફરમાવવામાં આવી કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે આ હદીસની શરહ મુલ્લા અલી કારી **'મિશ્કાત'**માં ફરમાવે છે કે : અર્થાત : તમામ જીવસૃષ્ટિઓ તરફ અમે નબી બનાવીને મોકલવામાં આવ્યા છીએ : જિન્ન હોય યા ઈન્સાન, ફરિશ્તા હોય યા જાનવરો. અને આની ખૂબ તેહકીક ઈમામ કસ્તલાનીએ "મવાહિબુલ્લદુન્યા" માં ફરમાવી છે.

આ આયતે બતાવ્યું કે જેને અલ્લાહની રબૂબિયતમાંથી હિસ્સો મળ્યો, એને મુસ્તફાની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નબૂવ્વતમાં પનાહ મળી. અલ્લાહ હર મખ્લૂકનો ખાલિક અને રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હર મખ્લૂક સમસ્ત - સૃષ્ટિ - ના નબી.

હઝરત આદમ અલયહિસ્સલામની અબૂવ્વત (બાપ હોવું) અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નબૂવ્વત બધા માટે છે, બલ્કે હઝરત આદમ અલયહિસ્સલામની નબૂવ્વતથી હઝરત મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નબૂવ્વત વિશેષ કરીને બધા માટે છે. હઝરત આદમની નબૂવ્વત માત્ર ઈન્સાનો માટે છે, જ્યારે હુઝૂરની નબૂવ્વત તો સૌના માટે છે.

અત્રે એક વાતની નોંધ લેવી પડે છે. અમુક માણસો એવું કહે છે કે નબી તો એમની તરફ મોકલવામાં આવે છે જેમના પર કશા તકલીફી - એહકામ આવતા હોય. જ્યારે જાનવર, ઈંટ, પથ્થર વગેરે તેમ જ ફરિશ્તાઓ પર નમાઝ-રોઝા વગેરે જેવા એહકામ છે જ કયાં કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એમના નબી હોય ! વળી અઝાબથી ડરાવવાનું હોય છે, તો ફરિશ્તાઓ વગેરે પર અઝાબ છે જ નહિ.

એનો એ જવાબ છે કે એહકામ સમસ્ત મખ્લૂક માટે છે. પણ દરેક વસ્તુ માટે જુદા જુદા; સૌને માટે એકસરખા નથી.

હદીસે-પાકમાં આવે છે કે ક્યામતમાં શીંગડાં વગરનાં જાનવરનો બદલો શીંગડાંવાળા જાનવર પાસે અપાવવામાં આવશે. પછી એમને માટી બનાવી દેવામાં આવશે. આથી જાણવા મળ્યું કે જાનવરો પર પણ જુલમ કરવો હરામ છે. જો એમ ન હોય તો આનો બદલો શા માટે લેવાત ?- પરંતુ એમના માટેના એહકામ અને સજાનો પ્રકાર જુદા છે. એમના પર નમાઝ-રોઝા વગેરે ફર્ઝ નથી. એવી રીતે એમના આપસના મુકદમાઓ કાઝી કિંવા ન્યાયધીશને ત્યાં પેશ થશે નહિ. તેઓ જે એહકામને લાયક છે તે અદા કરશે.

એ જ પ્રકારે ઘાસ, વૃક્ષ વગેરે અલ્લાહની ઈબાદત કરે છે. કુર્આનથી સાબિત છે કે પ્રત્યેક ઘાસ અને વૃક્ષ અલ્લાહની તસ્બીહ કરે છે. એટલા માટે જ એમની બરકતથી કબ્રમાં મય્યત પરના અઝાબમાં ઘટાડો થઈ જાય છે.

વળી, પથ્થર અને પહાડમાં પણ લાગણી રહેલી હોય છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે ઉહદ(પહાડ) અમારા પ્રત્યે પ્રેમ ધરાવે છે અને અમે ઉહદ પ્રત્યે. વૃક્ષનું થડ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વિયોગમાં રડી ઊઠ્યું હતું અને ઉહદ પર્વત પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વિયોગમાં રડી પડ્યું હતું. સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત સિદીક, ફારૂક અને ઉસ્માન રદિયલ્લાહો તઆલા અન્હુ સાથે ઉહદ પર્વત ઉપર તશરીફ લઈ ગયા, ત્યારે એ ડોલવા માંડ્યું. સારાંશ કે લાગણી બધાંમાં છે- અને એ બધા હુઝૂર સરકારે દો-આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પિછાણે છે.

એવી જ રીતે જહન્નમમાં અમુક પથ્થર પણ જશે- પછી એ ચાહે પથ્થરપૂજક માણસોને દેખાડવા માટે જાય કે સજા તરીકે.

તાત્પર્ય એ કે આપણા આકાને મૌલા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સૌના માટે નબી છે અને દરેક કોમ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસેથી પોતપોતાના વિશે ઈલાહી, અહકામ હાસિલ કરે છે. જિન્નાતે હુઝૂર પુરનૂરની(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બયઅત કરી અને વિનંતી કરી કે યા હબીબલ્લાહ ! **આપ આપની ઉમ્મતને એ વાતની મનાઈ ફરમાવી દો કે તે હાડકાં અને છાણ વડે ઈસ્તંજા ન**

**કરે, કેમકે એમાં અમારો રિઝક છે.** *(મિશ્કાત)*

એવી જ રીતે ફરિશ્તાઓને પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી ફયઝ પહોંચ્યા. અમે આનું કેટલુંક વર્ણન "રહમતલ લિલ આલમીન" માં કરી ચૂકયા છીએ. આથી સાબિત થયું કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બધાના નબી છે અને દરેક મખ્લૂક પર એની હેસિયત પ્રમાણે એહકામ અને સજાઓ છે.

આ આયતમાં ફક્ત "નઝીરન" ફરમાવવામાં આવ્યું એટલે ડરાવનારા- **"બશીરન" એટલે કે ખુશી સંભળાનારા- ફરમાવ્યું નહિ કેમકે જન્નત માત્ર ઈન્સાનો માટે છે. નેક કામ કરનાર જિન્ન, ફરિશ્તાઓ, જાનવરો યા વનસ્પતિ જન્નતમાં જશે નહિ, પણ બદકાર જિન્ન સજા પામશે અને નેક મોમિન જિન્નને ફના કરી દેવામાં આવશે, તેથી તેઓ સજામાંથી બચી જશે.** (રૂહુલ બયાન : આ જ આયત) તો આ જગ્યાએ 'આલમીન' હતું એટલે 'બશીરન' ફરમાવ્યું નહિ, ફરિશ્તાઓ પણ જન્નતમાં હશે. તેઓ વ્યવસ્થા જાળવવા યા જન્નતવાસીઓની સેવા માટે હશે; સવાબ માટે નહિ. જેમકે જહન્નમમાં ફરિશ્તાઓ છે, તેઓ વ્યવસ્થા માટે છે. અઝાબ માટે નથી- જેમ આપણે ત્યાં જેલોમાં પોલિસના માણસો વ્યવસ્થા જાળવવા માટે હોય છે તેમ.

آیت ۵۵ : وَتَوَكَّلْ عَلَى الْعَزِيْزِ الرَّحِيْمِ الَّذِىْ يَرٰىكَ حِيْنَ تَقُوْمُ وَتَقَلُّبَكَ فِى السّٰجِدِيْنَ ۝ (پارہ ۱۹، سورہ شعراء رکوع ۱۱)

**(૫૫) અને એના પર વિશ્વાસ કરો, જે ઈઝઝત અને દયાવાળો છે, જે તમને જુએ છે, જ્યારે તમે ઊભા થાઓ છો, અને નમાઝીઓમાં તમારા દૌરા (હલનચલન) ને.**

*(પા. ૧૯ : સૂરએ શોઅરા : રૂકૂ : ૧૧)*

આ આયતે-કરીમા પણ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મહાન ના'ત છે અને એમાં હુઝૂર અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કેટલાક ઉચ્ચતમ સદગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે.

પ્રથમ તો એ કે આપ માત્ર આપના રબ ઉપર વિશ્વાસ ફરમાવો. કેમકે રબતઆલા આપની એકેએક અદાને જુએ છે. પરવરદિગારે આલમ, આમ તો, બધું જુએ છે- બધાને જુએ છે. પરંતુ તે પોતાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવે છે કે તે આપના ઊભા થવા અને નમાઝ પઢવા અને પ્રત્યેક હલનચલનને નજરમાં રાખે છે. આથી જાણવા મળ્યું કે **મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની હરેક અદા રબતઆલાને પ્રિય છે, પસંદ છે, અને તે હુઝૂર પુરનૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રહમતલ લિલ આલમીનની નજરે જુએ છે.**

આમાં તફસીરવેત્તાઓનાં અમુક કથનો છે. એક તો એ કે આપ સલ્લલ્લાહો

અલયહે વસલ્લમ તહજ્જુદની નમાઝ માટે પવિત્ર નિદ્રામાંથી ઊઠો છો. ત્યારે અમે (અલ્લાહતઆલા) જોઈએ છીએ. યા પછી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અમારી (રબતઆલાની) બારગાહમાં દુઆ માગવા ઊઠો છો, ત્યારે અમે (રબતઆલા) આપને જોઈએ છીએ. યા જે જગ્યાએ પણ અને જે પણ કામ માટે આપ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કયામ ફરમાવો છો ત્યારે અમે (રબતઆલા) આપને જોઈએ છીએ.

દૌરો (પ્રવાસ) કરવાનો શો અર્થ છે ? અને 'સાજેદીન' થી કયા લોકો તરફ નિર્દેશ છે ? કેટલાક તફસીરવે-તાઓએ જણાવ્યા પ્રમાણે, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તહજ્જુદ સમયે પોતાના સહાબાએ-કિરામ વિશે જાણવા માટે મદીનાની શેરીઓમાં દૌરો ફરમાવતા હતા કે લાવો, જરા જોઈએ કે અમારા જાંનિસારો આ સમયને કેવી રીતે પસાર કરે છે ! સહાબાએ કિરામનાં ઘરોમાંથી તિલાવતે કુર્આન અને ઝિક્રે-ઈલાહીના એવા મીઠા મધુરા અવાજો સંભળાતા હતા, જેવા કે મધમાખોના મનહર મધુરા અવાજો. *(રૂહુલ બયાન)*

આથી આમાં નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સહાબાએ કિરામની હાલતની તલાશમાં દૌરો ફરમાવવાને અલ્લાહતઆલા જુએ છે એનું વર્ણન કરવામાં આવ્યું છે. અર્થાત, આપ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તો અમારા (રબતઆલાના) ઝાકિરોને જુઓ છો અને અમે (રબતઆલા) આપના જોવાને જોઈએ છીએ.

કેટલાકે આનો એવો અર્થ કર્યો કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જે નમાઝો પઢાવવા ઊભા થાઓ છો અને રુકૂઅ-સજદો કરવામાં દૌરા ફરમાવો છો તે અમે (રબતઆલા) જોઈએ છીએ, કેટલાકે જણાવ્યું કે રબતઆલા આપની મુબારક આંખના હલનને જુએ છે જે આપ નમાઝની હાલતમાં પાછળની તરફ ફરમાવે છે.

"અમારા પર મુકતદીઓની હાલત છૂપી નથી રહેતી" અર્થાત; હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક આંખ પાછળ પણ એ જ રીતે જોઈ શકે છે જેવી રીતે આગળની તરફ.

હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું કે અહીં "સાજેદીન"થી મુરાદ મોમિનો છે અને "તકલ્લોબા"થી મુરાદ છે નસલ પછી નસલ-હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું પાક પીઠ અને પાક પેટમાં મુન્તકિલ થઈને આવવું. *(રૂહુલ બયાન)*

**આથી જાણવા મળ્યું કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તમામ પૂર્વજો હઝરત આદમથી લઈને હઝરત અબ્દુલ્લાહ અને આમેના ખાતૂન-તમામના તમામ મોમિન છે, કોઈ પણ મુશરિક નથી. આની પૂરી તેહકીક "લકદ જાઅકુમ રસૂલુન"માં થઈ ચૂકી છે.** હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના વાલિદ તારખ છે; આઝર નથી. જુઓ એ જ તેહકીક. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)*

آیت ٥٦ : حَتّٰۤى اِذَاۤ اَتَوْا عَلٰى وَادِ النَّمْلِ ۙ قَالَتْ نَمْلَةٌ یّٰۤاَیُّهَا النَّمْلُ

ادْخُلُوْا مَسٰكِنَكُمْ ۚ لَا یَحْطِمَنَّكُمْ سُلَیْمٰنُ وَ جُنُوْدُهٗ ۙ وَ هُمْ لَا یَشْعُرُوْنَ ۟

فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا (پاره ۱۹، سوره النمل، رکوع ۲)

**(૫૬) ત્યાં સુધી કે જ્યારે કીડીઓના નાળા ઉપર આવ્યા, એક કીડી બોલી કે હે કીડીઓ ! પોતાનાં ઘરોમાં ચાલી જાવ, તમને કચડી ન નાખે સુલેમાન અને એમનું લશ્કર બેખબરીમાં, તો (હઝરત સુલેમાને)એ વાત સાંભળીને સ્મિત કર્યું.** *(પા. ૧૯ સૂરએ નમલ રુકૂઅ-૨)*

આ આયતે કરીમા પોતાની આગલી-પાછલી આયતો સહિત હઝરત સુલેમાન અલયહિસ્સલામની એક સફરનો બનાવ વર્ણવે છે. એટલે અહીં પ્રથમ એ બનાવનું ટૂંક વર્ણન કરીએ છીએ. પછી એ થકી એના મળતા લાભો અને અમ્બિયાએ કિરામની અઝમત તેમજ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તે-પાક બયાન કરવામાં આવશે– ઈન્શાઅલ્લાહ.

એક વાર હઝરત સુલેમાન અલયહિસ્સલામ સીરિયાથી યમન ભણી રવાના થયા. આપનો એ તરીકો હતો કે સફર ફરમાવતા ત્યારે તમામ જિન્ન, ઈન્સાન અને પશુપંખીઓનું લાવલશ્કર પોતાની સાથે લઈ જતા. આ સફરમાં પણ તમામ મખ્લૂકે–ઈલાહીનું લશ્કર આપની સાથે હતું. **'રૂહુલ બયાન'**માં જણાવાયા પ્રમાણે. આ સફરમાં સાડા બાર હજાર ચોરસમાઈલમાં આપનું લશ્કર ફેલાયેલું હતું. એનાં જિન્ન, ઈન્સાન, રાની પશુઓ વગેરે બધાં જ હતાં.

આ લાવલશ્કર સીરિયાના એક વનમાંથી પસાર થયું. ત્યાં કીડીઓ પુષ્કળ હતી અને આખા વનમાં પથરાયેલી હતી. આવડું મોટું લશ્કર આવતું જોઈ, કીડીઓની સરદાર એવી એક કીડી જેનું નામ યા તો **'મનઝરહ'** હતું, યા **'તાખ્યહ'** તે બોલી : હે કીડીએ ! તમે તરત જ પોતપોતાનાં દરો (છિદ્રો)માં ચાલી જાઓ– ક્યાંક એવું ન થાય કે હઝરત સુલેમાન અલયહિસ્સલામનું લશ્કર તમને – બધીને કચડી મારે અને એમને એની ખબરે ય નપડે !

કીડીએ આ શબ્દો ઉચ્ચાર્યા ત્યારે હઝરત સુલેમાન અલયહિસ્સલામ એનાથી ત્રણ માઈલને અંતરે હતા. આપે એનો આ ધીમો–ઝીણો અવાજ સાંભળી લીધો. આપ એની વાત સમજી ગયા અને એની બુદ્ધિ પર આશ્ચર્ય પામતાં સ્મિત કર્યું તથા ખુદાનો શુક્ર અદા કર્યો. સ્મિત કરવું, **આછું હાસ્ય વેરવું તો કીડી જેવા નાનકડા જીવની બુદ્ધિ પર હતું– અને ખુદાનો શુક્ર અદા કર્યો પોતાના એને સાંભળી–સમજી શકવાના જ્ઞાન પર.**

**આ આયતના લાભો નીચે પ્રમાણે છે :** (૧) હઝરત સુલેમાન અલયહિસ્સલામની **સલ્તનત ઈન્સાનો પર જ** નહિ, બીજી મખ્લૂકો પર પણ હતી. (૨) આપ એટલું **વિશાળ ઈલ્મ ધ**રાવતા હતા કે મનુષ્ય ઉપરાંત જાનવરોની વાતચીત પણ સમજી લેતા **હતા, (૩) આપ દૂ**રથી સાંભળવાની શક્તિ ધરાવતા હતા, જેથી કીડીઓના ધીમા **અવાજને પણ ત્ર**ણ માઈલને અંતરેથી સાંભળી લીધો, (૪) આપ જુલમથી તદ્દન નિર્દોષ **હતા, જેથી** કીડીને એ વાતનો પાકો વિશ્વાસ હતો કે હઝરત સુલેમાન અલયહિસ્સલામ **પોતાની નિર્દોષતાને** કારણે અને એમનું લશ્કર એક પયગમ્બરની સોબતના ફયઝને લીધે **એમને ઈરાદાપૂર્વક** કચડશે નહિ. એટલા માટે એણે કહ્યું : **વહુમ લા યશઓરૂન.** **(૫)કીડી હઝરત સુલેમાન** અલયહિસ્સલામને ઓળખી ગઈ. કીડી ઉપર હઝરત સુલેમાન **અલયહિસ્સલામની ઈ**તાઅત વાજિબ હતી. કારણકે હઝરત સુલેમાન એના સુલતાન હતા **અને રૈયત** પોતાના રાજવીને ઓળખે એ જરૂરી હોય છે.

**આ હઝરત સુલેમાન અલયહિસ્સલામની સલ્તનત**નું વર્ણન હતું. હવે મેહબૂબે ખુદા, સુલતાનોના સુલતાન, શાહોના શહિન્શાહ, અમ્બિયાના ઈમામ, રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સલ્તનતનું વર્ણન પણ સાંભળી લો. અમે એ પહેલાં જ જણાવી ગયા છીએ કે **તમામ નબીઓની ખૂબીઓ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમમાં એકત્ર થયેલી છે અને** એય અધિક ઉમેરા સહિત.

મવલાના જામી રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે :

**હુસ્ને યૂસુફ દમે ઈસા યદે બયદા દારી,**
**આંચે ખૂબાં હમા દારન્દ તૂ તન્હા દારી.**

— **અને** હઝરત સુલેમાન અલયહિસ્સલામની સલ્તનત પણ એક કમાલ છે. **આથી** હઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અતા થાય એ જરૂરી છે. એટલે તમામ અમ્બિયાએ—કિરામના મો'જિઝા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને **અતા થયા** પરતુ જે મો'જિઝો કોઈ નબીની વિશિષ્ટતા ઠર્યો, એનો દર્શાવ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી બીજા તરીકા વડે થયો. દાખલા તરીકે, હઝરત ઈસા અલયહિસ્સલામ બાપ વિના પેદા થયા, **તો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ માબાપ વિના આલમે—અરવાહમાં નૂરે ઈલાહી થી ફયઝ પામ્યા. અના નૂરુમ્મિન નૂરીલ્લાહે.** હઝરત મૂસા અલયહિસ્સલામ 'કલીમુલ્લાહ' થયા તૂર ઉપર; તો હુઝૂર સરવરે કૌનૈન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મેઅરાજમાં 'કલીમુલ્લાહ' થયા. હઝરત મુસા અલયહિસ્સલામે પથ્થરમાંથી પાણી કાઢ્યું. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ **સલ્લમે પોતાનાં પવિત્ર આંગળામાંથી પાણીના** ફુવારા જારી ફરમાવ્યા. હઝરત ઈસા અલયહિસ્સલામે મડદાં જીવતાં ફરમાવ્યાં, **હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે મડદાં જીવતાં ફરમાવ્યાં અને બેજાન કાંકરા, પથ્થરો તેમજ** લાકડીઓ પાસે પણ **પોતાનો કલ્મો પઢાવી લીધો.** એવી જ રીતે હઝરત સુલેમાન અલયહિસ્સલામની રૈયત

પૂરી પૃથ્વીની જાનદાર ચીજો હતી, તો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રૈયતમાં પૂરી પૃથ્વીની ઉપરાંત આસમાનની– અર્શની અને ફર્શની જાનદાર અને બેજાન ચીજોનો સમાવેશ થઈ જાય છે. **સારાંશ કે પૂરી મખ્લૂકે–ઈલાહી આપની ઉમ્મત ઠરી. અને હકીકત પણ એ છે કે સૌના પર હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સલ્તનત પણ છે– પણ એ જાહેર ન ફરમાવ્યું.**

'મિશ્કાત'માં છે કે– હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે આજે રાત્રે શયતાન અમારી પાસે નમાઝ ની હાલતમાં આવ્યો. અમે વિચાર્યું કે એને પકડીને બાંધી દઈએ. જો અમે એને બાંધી દીધો હોતે તો મદીનાના બાળકો એનાથી રમતે. પરંતુ પછી અમને હઝરત સુલેમાન અલયહિસ્સલામની દુઆ યાદ આવી ગઈ. હઝરત સુલેમાને એવી અરજ કરી હતી કે– ખુદાયા ! મને એવો મૂલ્ક આપ, જે કોઈને લાયક ન હોય. આ દુઆ યાદ આવતાં મેં એને છોડી દીધો. **આથી સ્પષ્ટ રીતે જાણવા મળ્યું કે આપનો શયતાન પર કબ્જો છે પણ આપ એને જાહેર નથી ફરમાવતા.**

**એ જ મિશ્કાતમાં** છે કે હઝરત અબૂ હુરયરહ રદિયલ્લાહો તઆલા અન્હો ઝકાતના માલના મુહાફિઝ હતા. શયતાન ચોરી કરવા આવ્યો તો એમણે એને કેદ કરી લીધો. એ છૂટી શક્યો નહિ– પરંતુ એમની ખુશામદ કરીને. આથમી ગયેલો સૂરજ ફરી ઊગી નીકળ્યો. ચાંદ ફાટી ગયો. વૃક્ષોએ ઈતાઅત કરી. **તો જો સૌના પર સલ્તનત ન હોય તો એ બધાં આ ઈતાઅત શા માટે કરી રહ્યાં છે ?**

**સલામ ઉસ પર જિસને બેકસોંકી દસ્તગીરીકી,**
**સલામ ઉસ પર કે જિસને બાદશાહીમેં ફકીરીકી.**

હઝરત સુલેમાન અલયહિસ્સલામ જાનવરોની બોલી જાણે – **પરંતુ આપણા આકા–ને–મૌલા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ જાનવર તો જાનવર; પથ્થર અને લાકડીઓ સુધ્ધાંની બોલી જાણે છે.** હરણીએ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ફરિયાદ કરી કે હું કેદ થઈ ગઈ છું (જુઓ દલાઈલુલ ખયરાત.) ઊંટે પોતાના માલિકની શિકાયત કરી કે તે એને ઓછું ખાવાનું આપે છે અને કામ વધારે લે છે. (જુઓ : મિશ્કાત; અબૂ દાઊદ.) હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું **કે હું એ પથ્થરને ઓળખું છું. જે મને (એલાને) નબૂવ્વત પહેલાં સલામ કરતો હતો.**

*(જુઓ : મિશ્કાત.)*

હઝરત સુલેમાન અલયહિસ્સલામે ત્રણ માઈલ દૂર કીડીનો અવાજ સાંભળી લીધો– **પરંતુ એ પવિત્ર કાન પર કુરબાન, જેણે પોતાનાં મોહતરમ વાલિદાના પવિત્ર પેટમાંથી "લૌહે–મેહફૂઝ" પર ચાલતી કલમનો અવાજ સાંભળી લીધો.**

હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોએ હઝરત સારિયાને પવિત્ર મદીનાથી

પોકાર્યા, અને નહાદન્દથી હઝરત સારિયાએ અવાજ સાંભળી લીધો. હઝરત સુલેમાન અલયહિસ્સલામને કીડીએ જુલમ–સિતમથી મા'સૂમ જાણ્યા, પરંતુ આકાએ–દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પ્રત્યેક મખ્લૂક મા'સૂમ જાણે છે અને જાલીમો સામેની ફરિયાદો લઈને આપની આલી બારગાહમાં હાજર થાય છે. જેમકે આ પહેલાં અમે વર્ણવી ચૂક્યા છીએ કે જંગલની હરણી, ઊંટ, લાકડીઓ વગેરેની આપની પવિત્ર સેવામાં ફરિયાદો લઈને આવ્યાં હતાં એટલું જ નહિ. પણ જેઓ આપણાં જીવલેણ દુશ્મન હતા એવા યહૂદીઓ સુદ્ધાં પોતપોતાનાં કોયડાઓ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બારગાહમાં લઈને હાજર થતા હતા. કેમકે તેઓ પણ એ જાણતા હતાં કે અહીં દૂધનું દૂધ ને પાણીનું પાણી બતાવાય છે અને આ જ એ બારગાહ છે કે જ્યાં કોઈને સતાવવામાં નથી આવતો, બલ્કે જેમને સતાવાયા હોય તેમને બચાવવામાં આવે છે. આવા અનેક દૃષ્ટાંતોનું વર્ણન કરાઈ ચૂક્યું છે.

હઝરત સુલેમાન અલયહિસ્સલામને કીડીએ ઓળખ્યા. આપણા આકા-મૌલા રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ચાંદ, સૂરજ અને તારાઓએ પિછાણ્યા. આના અનુસંધાનમાં એક બે પ્રસંગો રજૂ કરવા ઉચિત થશે.

મિશ્કાત શરીફ (કિતાબુલ હજ; બાબુલ હુદા) માં છે કે– ''હજ્જતુલ વિદાઅ'' પ્રસંગે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સેવામાં અમુક ઊંટો કુરબાની માટે પેશ કરવામાં આવ્યાં. જાનવરોનો તો એ કાયદો છે કે ઝિબ્હ સમયે ગભરાય અને ભાગદોડ કરી મૂકે છે, પરંતુ આ ઊંટોનો એ હાલ હતો કે દરેક ઊંટ એવું ઈચ્છતું હતું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સૌથી પહેલાં મારી જ કુરબાની ફરમાવે અને આ માટે તેઓ આપસમાં પડાપડી કરતાં હતાં, લડતાંઝગડતાં હતાં. એક આગળ વધે તો બીજું તરત જ એનાથી આગળ વધી જતું. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઝાતે–બા–બરકાતની તો વાત જ શું; બલ્કે હુઝૂર પુરનૂરના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ગુલામો સુધ્ધાંને જાનવરો પિછાણે છે.

એ જ મિશ્કાતના ''કિતાબુલ કરામાત'' માં છે કે હઝરત સફીના રદિયલ્લાહો તઆલા અન્હો રોમમાં ગિરફતાર થઈ ગયા. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના તેઓ આઝાદ કરેલા ગુલામ હતા. ફારૂકી યુગમાં જ્યારે ઈસ્લામી લશ્કરે રોમની ધરતી પર વિજયકૂચ માંડી, ત્યારે હઝરત સફીનાને જેલમાં ખબર પડી ગઈ હતી કે આ દેશમાં ઈસ્લામી લશ્કરનું આ ગમન થઈ ચૂક્યું છે. તેઓ આ તક જોઈ રાતોરાત કેદમાંથી ભાગી છૂટ્યાં પણ માર્ગથી અજાણ્યા હતા. ઈસ્લામી સૈન્ય ક્યાં છે એની તેમને જાણ ન હોતી. માર્ગમાં ભાગ્યે જતા હતા, એવામાં જંગલમાં સામે એક સિંહ મળ્યો.

હઝરત સફીના રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું : ''હે સિંહ ! તું જાણે છે કે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો આઝાદ કરેલો ગુલામ છું અને માર્ગ

ભૂલી ગયો છું.''

વનરાજ આ સાંભળીને હઝરત સફીનાની સામે આવી ગયો અને એમની આગળ આગળ ચાલવા માંડ્યો— અને તેમને જ્યાં ઈસ્લામી લશ્કર પડાવ નાંખીને પડ્યું હતું તે સ્થળ સુધી પહોંચાડી દીધા.

**આ હદીસથી બે વાતો જાણવા મળી. એક તો એ, કે હઝરત સફીનાને સિંહે ઓળખી લીધા બીજુ એ કે, ઈસ્લામી લશ્કરની ઈમાની ખુશ્બૂ સિંહને પણ આવી રહી હતી, જે ખુશ્બૂ દ્વારા સિંહે લશ્કરનું સ્થળ જાણી લીધું. આથી સાબિત થયું કે જાનવર, હુઝૂર સરવરે કૌનૈન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને— બલ્કે આપના ગુલામોને પણ ઓળખી–જાણી–પિછાણી લે છે.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ٥٧ : وَمَاكُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا

الَّارْتَابَ الْمُبْطِلُوْنَ ۝ (پارہ ٢١ - سورہ عنکبوت رکوع ٥)

**(૫૭) અને આ પહેલાં આપ કોઈ કિતાબ પઢતા ન હોતા અને ન પોતાના હાથ વડે કંઈ લખતા હતા, એમ હોત તો બાતિલવાળા જરૂર શક લાવત.** *(પા. ૨૧; સૂરએ અન્કબૂત; રુકૂઅ ૫.)*

આ આયતે કરીમા પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ખુલ્લી ના'તશરીફ છે. આનો મકસદ એ છે કે હે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ, અરબવાસીઓ આપની પરવરિશ અને (એલાને) નબૂવ્વત પહેલાંની પરિસ્થિતિથી બહુ સારી પેઠે માહિતગાર છે.

આપે (એલાને) નબૂવ્વત પહેલાં ન કઈ લખ્યું, કે ન કદી કોઈ કિતાબ પઢી, બલ્કે ઉલ્માનો સહવાસ પણ એ પહેલાં અખત્યાર ન ફરમાવ્યો. પછી એ **પાક ઝબાનથી એવો અજોડ કલામે ઈલાહી બયાન થવો અને એવી હિકમતની વાતો અદા થવી કે જેનો દાખલો દુનિયામાં શોધ્યે જડે તેમ નથી. તે એ વાતનો સ્વીકાર કરવા માટે કાફી છે કે આપ સાચા નબી છે.**(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જો એ પહેલાં આપે લખવા —વાંચવાનો શોખ અપનાવ્યો હોત તો આપના વિશે બે પ્રકારનો શક કરી શકાતો હતો.

એક તો એ કે ઈસાઈઓ એમ કહેત કે અમારી કિતાબમાં અંતિમ નબીની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પિછાન એમ બતાવવામાં આવી છે કે આપ ઉમ્મી હશે અને હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તો ભણેલા છે. તેઓ ભલા શી રીતે નબીએ આખેરુઝ્ઝમાન થઈ શકે છે ? *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

બીજી એ રીતે કે અરબના મુશરિકો એવું કહેવા માંડત કે આપને બાળપણથી ઈલ્મનો શોખ હતો— એટલે આલિમોની કિતાબો જોઈ, તવારીખોનો અભ્યાસ કર્યો. જ્ઞાનીઓનો સહવાસ મળ્યો. એટલે આ કિતાબોમાં દીઠેલી યા જ્ઞાનીઓ કનેથી સાંભળેલી

વાતોને બયાન કરી. એનું જ નામ કુરઆન ફરમાવી રહ્યા છે !

હવે જ્યારે આપે લખવું–વાંચવું અખત્યાર જ ન ફરમાવ્યું, તો હવે કોઈ પ્રકારના શક્ય સંદેહનો અવકાશ જ રહ્યો નહિ. અર્થાતઃ **'ઉમ્મી' હોવાછતાં આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું કુરઆને કરીમનું પઢવું અને લોકોને ઓળખવા એ આપણી સદાકત અને નબૂવ્વતની દલીલ છે, નહિતર એ તો ખુલ્લી હકીકત છે કે હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમામ ઈલાહી કિતાબોના જ્ઞાની : આરિફઃ અને એમની અસ્લી તથા નકલી ઈબારતોથી સુમાહિતગાર છે.** રબતઆલા ફરમાવે છે : **યા અહલલ કિતાબે કદ જા'અકુમ રસૂલોના યોબય્યેનો લકુમ કસીરમ્મિમ્મા કુન્તુમ તુખ્ફૂના મિનલ કિતાબે વ યઅફૂ અન કસીરે**...જે પરથી જાણવા મળ્યું કે આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ **'એહલે કિતાબ'** ની તમામ ફેરબદલ કરી દેવાયેલી આયતો અને ફેરવી નખાયેલા એહકામ વિશે બધું જાણે છે **પરંતુ અમુકની પર્દાપોશી ફરમાવે છે; કેમકે અલ્લાહની ઈચ્છા પણ એજ છે.**

★ આ તકે, **'તફસીર રૂહુલ બયાને'** બે અત્યંત રસપ્રદ વાતો ફરમાવી છે. એક તો એ, કે લખવું ઈન્સાનનો કમાલ છે. કુરઆને ફરમાવ્યું : અલ્લ-મ બિલકલમ. : અલ્લાહે કલમ વડે ઈલ્મ શીખવ્યું : તો પછી નબીએ અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને આ કમાલ આઃ વિશિષ્ઠ ગુણઃ શામાટે અતા ન થયો ? **પણ અલ્લાહતઆલાએ ન લખવાને આપ સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમનો કમાલ ફરમાવ્યો. 'રૂહુલ બયાને'** આનો બે રીતે જવાબ આપ્યો પ્રથમ તો એ કે લેખનકાર્ય એ ઈન્સાનનો કમાલ એટલા સારૂં ગણાયું કે ઈન્સાન ભૂલી જાય છે અને ખતા કરે છે. એ કલમની સહાય વડે ભૂલ અને ખતાથી બચશે. **'કલમ ઈલ્મનું કેદખાનું છે'** એમ કહેવાય છે. **અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો એ કમાલ છે કે લખતા નથી,** છતાં ભૂલતા નથી. આપને સઘળું સાંગોપાંગ યાદ રહે છે. **આપ તમામ મખ્લૂકે-ઈલાહીમાં સૌથી મહાન આલિમ છે અને એ અતિ વિશાળ મહાન ઈલ્મને આપના પોતાના મુબારક સીનામાં** સાચવી રાખ્યું; કોઈ **ગ્રંથનાં કાગળિયા ઉપર નહિ.**

એટલા માટે રબતઆલાએ પોતાના પ્યારા મેહબૂબને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : ઈન્ના અલયના જમઅહુ વ કુરઆનહુ– "હે મેહબૂબ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જે આયતો આપ પર ઉતરી, એ ભુલાઈ જવાનો ખ્યાલ ન કરશો. એમને આપના મુબારક સીનામાં સંગ્રહી દેવાની અને આપની પાક પવિત્ર ઝબાનથી અદા કરી દેવાની જવાબદારી અમારા કરમ ઉપર છે" તદુપરાંત જો આપ લખતાવાંચતા હો તો કોઈ કહેત કે આપ કુરઆનની વાતો જૂનીપુરાણી કિતાબોમાંથી યાદ કરીને લોકોને સંભાળાવી રહ્યા છો !

બીજું એ રીતે, કે લખનારની કલમનો સાયો અક્ષરો ઉપર **પડે છે, અને ખુદાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની એવી ખ્વાહિશ નહિ થઈ હોય કે આપની**

કલમનો 'સાયો રબતઆલાના ઝિક્ર ઉપર પડે. અર્થાત; આપની કલમ ઉપર **હોય અને** રબનું નામ એની નીચે. એ કારણે, અલ્લાહના હબીબ સલ્લલ્લાહો **અલયહે વ સલ્લમને** અલ્લાહ તરફથી એ ઈનામ મળ્યું, કે 'આપ તો નથી ઈચ્છતા કે **આપની કલમ અમારા** નામ ઉપર હોય અને અમે એવું નથી ઈચ્છતા કે કોઈના **કદમ આપના સાયા ઉપર** હોય– **આથી અમે આપનો સાયો** જ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **ન રાખ્યો, કે** કોઈના પગ તળે આવે ! અને અમે નથી ઈચ્છતા કે કોઈનો **અવાજ આપના મુબારક** અવાજથી ઊંચો હોય,' એટલા સારૂ ઈન્સાન, ફરિશ્તા, જિન સારાંશ **કે કોઈપણ,** નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ **સલ્લમના મુબારક અવાજ કરતાં ઊંચે અવાજે બોલે એને અલ્લાહ તઆલાએ હરામ ફરમાવી દીધું.**

★★★ એ જ "રૂહુલ બયાન" માં એ જ સ્થળે છે કે– **હુઝૂર રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ બશરી શકલમાં નૂરી હતા. એટલે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો સાયો નહોતો.** હઝરત જિબ્રીલ અલયહિસ્સલામ **જ્યારે પણ માનવ** સ્વરૂપમાં આવતા, ત્યારે એમના શરીરનો પડછાયો પડતો **નહોતો– કેમકે તેઓ પણ** બશરી શકલમાં નૂરી રહેતા હતા, કો'કે શું મજેનું કહ્યું છે.

**બશર સૂરત મલક સીરતમેં ઝિલ્લે નૂરે યઝદાની**

આની તેહકીક એ છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો **અલયહે વ સલ્લમને રબતઆલાએ પોતાની કુદરત વડે લખવાનું જ્ઞાન પણ અતા ફરમાવ્યું હતું અને આપ લખવું જાણતા પણ હતા,** જે સંબંધીની રિવાયતો મળી આવે છે. એક તો **'રૂહુલ બયાન'** માં આ જ આયતમાં લખ્યું. અને બીજું, ખરપોતીએ હઝરત અમીર મુઆવિયા રદિયલ્લાહો તઆલા અન્હો : કાતિબે વહી : થી રિવાયત કીધી, કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે મને ખડિયો રાખવા, કલમ પકડવા અને અક્ષરો લખવાની તાલીમ ફરમાવી અને તે પણ એ પ્રકારે કે– આ રીતે **'મીમ'** લખો; **અને આ રીતે** ફલાણો ફલાણો અક્ષર લખો !

ત્રીજું, બુખારી (પુસ્તક પહેલું) **'કિતાબુલ–સુલ્હ'** માં છે કે હુદયબિયહની સુલેહના દિવસે–જ્યારે **'સુલેહનામું'** લખવામાં આવ્યું ત્યારે હઝરત અલી કરમલ્લાહો તઆલા વજહહૂ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વતિ કાતિબ હતા, લખવામાં આવ્યું કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ...(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાફિરોએ કહ્યું–આપ "રસૂલુલ્લાહ એટલે કે અલ્લાહના રસૂલ" (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમ ન લખો– પણ એમ લખો કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ.

હઝરત મૌલા અલીને હુકમ આપવામાં આવ્યો કે વારૂ. "રસૂલુલ્લાહ" **એટલા** શબ્દો ઉપર કલમ ખેંચી દો. એટલે એ શબ્દો છેંકી નાખો. હઝરત અલી એ માટે તૈયાર થયા નહિ– એમણે વિનંતિ કરી– આકા ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મારી કલમ એના ઉપર ચાલી શકે તેમ નથી. આથી છેવટે હુઝૂરે અનવર સલ્લલ્લાહો

અલયહે વ સલ્લમે જાતે પોતાના મુબારક હાથે એ શબ્દો છેંકી નાંખ્યા.

આ ઉપરાંત એ જ બુખારીમાં હદીસ કરતાસમાં છે કે– વફાત શરીફના રોગમાં ગુરુવારના દિવસે ફરમાવ્યું : (અર્થાત) : **અમારી પાસે કાગળ લાવો. અમે કંઈક લખી આપીએ કે જેથી આગળ ઉપર કદી રાહ ન ભૂલો.**

**હવે કુરઆને કરીમના ઈલ્મેખત** : લીપી-જ્ઞાનઃ નો ઈન્કાર ફરમાવવો એ નબૂવ્વતના જમાનાના પહેલાના સમય સંબંધે છે એટલે કે આપ નબૂવ્વત જાહેર થયા પહેલાં લીપી જાણતા નહોતા. (એલાને)નબૂવ્વત પછી જ્યાં બીજા ઈલ્મો દીધાં, ત્યાં ખત વ કલમ : લીપી અને કલમઃ નું જ્ઞાન પણ આપ્યું, હા. લખવાની આદત અખત્યાર ન ફરમાવી. **અને શામાટે લખે ? એમની લોહ 'લોંહે-મેહફૂઝ'; એમની કલમ ઉચ્ચ કલમ. પછી એવી તે શી જરૂર પડી કે આ દુનિયાદારી કલમ વડેકાગળ ઉપર લખે !** *(રૂહુલ બયાન : આજ આયત.)*

**અગત્યની સૂચના** : સર્વપ્રથમ લખનારા હઝરત આદમ અલયહિસ્સલામ છે. આપે અરબી, ફારસી, ઈબ્રાની, યૂનાની, રૂમી, કબ્તી, બર્બરી, ઉન્દલુસી, હિન્દી અને ચીની ભાષાઓ માટી ઉપર લખી. પછી એમનાથી એ ભાષાઓ એમની ઔલાદ તરફ ગઈ. આથી હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામે અરબી લીપી લખી. અરબો એમની જ નસ્લથી છે. એવું જે રિવાયતમાં આવે છે કે અવ્વલો મન ખત્તા બિલ્કલમે ઈદરીસો અલયહિસ્સલામઃ અર્થાત : સૌથી પહેલા કલમ વડે લખનાર ઈદરીસ અલયહિસ્સલામ છે અને અહીં 'ખત' થી મુરાદ ઈલ્મે જફરના નકૂશ છે. ન કે ભાષાઓનું લેખન. વલ્લાહો આ'લમ *(રૂહુલ બયાન).*

તાત્પર્ય, કે આ આયતે કરીમા સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફથી ભારોભાર ભરપૂર જ છે–એ 'ઈલ્મે-ખત'નો ઈન્કાર કરતી નથી.

*(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)*

આયત ૫૮ : اَلنَّبِیُّ اَوْلٰى بِالْمُؤْمِنِیْنَ مِنْ اَنْفُسِهِمْ وَاَزْوَاجُهٗۤ اُمَّهٰتُهُمْ

## (૫૮) નબી મુસલમાનોના એમની જાનો કરતાં યે વધુ માલિક છે અને એમની (નબીની) પત્નીઓ મુસલમાનોની માતાઓ છે.

*(પા. ૨૧; સૂરએ અલઅહઝાબ; રુકૂઅ–૧.)*

આ આયતે કરીમા પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સ્પષ્ટ ના'ત છે. આ આયતના નુઝૂલનો બનાવ એવી રીતે છે કે હુઝૂર આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એક વાર સહાબએ કિરામને તબૂક-યુદ્ધ : ગઝવએ તબૂક : માટે ચાલવાનો આદેશ આપ્યો. **અમુક જણાએ વિનંતિ કરી કે હુઝૂર ! અમે આ બારામાં અમારા માબાપ સાથે સલાહમશ્વરો કરી લઈએ. એમનો આ જવાબ અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈતાઅતને માબાપના મશ્વરા**

**ઉપર મોકૂફ રાખવાની વાત અલ્લાહને ગમ્યાં નહિ– એ પરથી આયતે કરીમા નાઝિલ થઈ.** *(રૂહુલ બયાન.)*

મજકૂર આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે જેટલી નિકટતા અને માલિકી તમારી જાનો પર તમને છે એ કરતાં પણ વધારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને તમારા પર છે. ત્યારે આંહુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો હુકમ હોવા છતાં કોઈની સલાહની વાટ જોવી ઈચ્છવાજોગ નથી. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે હુકમ ફરમાવી દીધો તો પછી ભલે મા કહે યા ન કહે. તમારું દિલ કબૂલ કરે યા ન કરે. બહરહાલ તમારા ઉપર આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈતાઅત વાજિબ છે. "ઊલા" ના અનેક અર્થો નીકળી શકે છે. એક તો– વધારે માલિકનો અર્થ તો **હવે મતલબ એ થયો કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને તમારા ઉપર એટલો અધિકાર અને માલિકી હક છે કે એટલો અધિકાર તમારી જાનને પણ તમારા શરીર અને અવયવો ઉપર નથી.** જુઓ– જાન શરીરના અવયવોની એવી માલિક છે કે અવયવની કોઈપણ હિલચાલ જાનના ઈરાદા વગર સંભવિત નથી. હાથ, પગ, આંખ, નાક, કાન વગેરે બિલકુલ બેબસ છે– અને જાનના કબજામાં છે– પરંતુ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની માલિકી અને આપનો કબ્જો તો એ કરતાં પણ વધારે હોવા જોઈએ, કે જે પણ હિલચાલ થાય તે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ફરમાન હેઠળ થાય.

હઝરત સહલે ફરમાવ્યું : **સુન્નતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની લહેઝત એ કદાપી નથી પામી શકતો, જે પોતાની જાન, પોતાનો માલ, પોતાની ઓલાદ પોતાની દરેકે દરેક ચીજને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બિલકુલ માલિકીની ન સમજતો હોય.** *(રૂહુલ બયાન.)*

**બીજો અર્થ છે–** વધારે લાયક. તો આનો એ અર્થ થયો કે હુઝૂર આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ જાન કરતાં પણ વધારે ઈતાઅતને લાયક છે.

શરદીની મોસમ હોય, દિલ અને જાન એવું ઈચ્છતા હોય કે પાણીને અડકીએ સુદ્ધા નહિ–પણ રાતમાં ગુસલ વાજિબ થઈ ગયો. હવે સરવરે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાન છે કે ફજરની નમાઝ પહેલા ગુસલ કરી લો– એટલે દિલ અને જાનની વાત ન માનો, બલ્કે રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈતાઅત કરો અને વાત પણ એ છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના આપણા ઉપર જેટલા એહસાનો છે એટલા બીજા કોઈના નથી. મૃત્યુ પછી હાથપગ બેકાર કયામતમાં આજ હાથપગ આપણી વિરુદ્ધ ગવાહી આપશે– **પરંતુ મહેબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો કરમ જીવન, મરણ, કબ્ર, હશ્ર – દરેક સ્થળે સાથે ને સથવારે છે.** એવી જ રીતે માબાપ, નજીકનાં સગાંવહાલાં બધાંનો પ્રેમ નાશવંત છે– કયામતમાં એમનામાંનું કોઈપણ ઓળખાશે નહિ– પરંતુ હુઝૂરે અનવર સલ્લલ્લાહો

અલયહે વ સલ્લમ કોઈ જગ્યાએ ભુલતા નથી– અને જેટલો એહસાન વધારે એટલો અધિકાર પણ વધારે.

**ત્રીજો અર્થ છે– વધારે નિકટતમ.** ઘણા જ નજીક. એજ અર્થ મોલ્વી કાસિમ નાનોતવિએ "તહઝીરુન્નાસ" માં કર્યો છે. તો હવે આનો અર્થ થયો કે નબી મુસલમાનોથી ઘણાં જ વધારે નિકટ છે– એમની જાનો કરતાં પણ. આથી એમ જાણવા મળ્યું કે દુનિયામાં સૌથી વધારે નજીક આપણી જાન છે– એટલે શરીરની જરા જેટલી પણ તકલીફ થાય તો રૂહને એની જાણ થઈ જાય છે– **અને જાન કરતાં વધુ નજીક, વધારે નિકટ આકા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ છે.**

**આનાથી હાઝિર નાઝિરનો મસ્અલો પણ હલ થઈ** ગયો. જાન શરીરના પ્રત્યેક અંગમાં હાઝિર-નાઝિર હોય છે, તે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ દરેક મુસલમાન પાસે 'હાઝિર' અને 'નાઝિર' છે. – અને મુસલમાનો તો જમીન અને આસમાનના દરેક ખૂણામાં વસે છે. કેમકે ફરિશ્તા અને ઈન્સાન બધા જ મુસલમાન છે. **આથી હુઝૂર પુરનૂર કરેક જગ્યાએ હાઝિર-નાઝિર છે.**

★ અહીં એ મુદ્દો સમજવા જેવો છે કે રબતઆલાએ પોતાના માટે ફરમાવ્યું કે "અમો તો ધોરીનસ કરતાં પણ વધારે નજીક છીએ." પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ માટે ફરમાવ્યું કે "નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મુસલમાનોના એમની જાનો કરતાં પણ વધુ નજીક છે." **જો ધોરી નસ કપાઈ જાય તો પણ મરણ નિશ્ચિત છે. જો જાન નીકળી ગઈ તો પણ મરણ થઈ જવાનું જ.**

સાર એ નીકળ્યો કે જો કોઈ શખ્સ અલ્લાહતઆલા પોતાના નજીક છે એવું ન માને તો એનું ઈમાન ખતમ થઈ ગયું અને જો અલ્લાહના નબી મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પોતાના નજીક ન જાણે તો પણ એ બેદીન થઈ ગયો.

આથી શેખ અબ્દુલહક મુહદ્દિસ દેહલ્વીએ લખ્યું કે મુસલમાનોના ઘણા ફિર્કા થયા. અને એમનામાં ઘણા મતભેદો પણ છે. **પરંતુ આ વાત ઉપર સૌ એકમત છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હર જગ્યાએ, દરેક સ્થળે હાઝિર નાઝિર છે.**

એટલા માટે અત્તહિય્યાતમાં દરેક જણ એ જ કહે છે : **અસ્સલામો અલયકા અય્યોહન્નબિય્યો–** "હે નબી આપ ઉપર સલામ" કબરમાં દરેક શખ્સને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો દિદાર કરાવવામાં આવે છે.– પછી ભલે એ ગમે ત્યાં મરે, એકલો ઘરમાં જાય ત્યારે કહે કે– **અસ્સલામો અલયકા અય્યોહન્નબિય્યો વ રહમતુલ્લાહે બરકાતોહુ.**

સારાંશ કે સંખ્યાબંધ આયતો, હદીસો અને ફિકહશાસ્ત્રીઓનાં કથનોથી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું હાઝિર-નાઝિર હોવું સાબિત થાય છે અને ઘણા મસ્અલાઓ એ ઉપર આધારિત છે.

★ મજકૂર આયતમાં ત્યારબાદ એમ ફરમાવવામાં આવ્યું છે કે **"નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પુનિત પત્નીઓ મુસલમાનોની માતાઓ છે."** આ સાફ સમજાઈ જાય એવી વાત છે કે બાપના લોહીથી આપણે પેદા થયા, તો આ લોહીની સગાઈની એ અસર થઈ કે બાપ આપણો અને આપણી માનો માલિક ઠર્યો. આપની ઈતાઅત વાજિબ થઈ. પછી બાપ જે પણ સ્ત્રી સાથે નિકાહ કરે એની સાથે બેટાનો નિકાહ હરામ ઠર્યો અને સ્ત્રી એની મા થઈ. **નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના નૂરથી આપણો સૌ વજૂદમાં આવ્યા.** હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે **વ સલ્લમ સૌની અસ્લ છે,** તો જે પાક બીબી સાથે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ નિકાહ ફરમાવે અને એ પાક બીબી હુઝૂર પુરનૂરના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નિકાહમાં રહે, એ મુસલમાનોની મા બરાબરના ઉચ્ચ દરજ્જા પર હોવા જોઈએ. એમનાથી નિકાહ કરવો હરામ છે અને એમનો અદબ– એહતેરામ મા જેવો બલ્કે મા કરતાં પણ વધારે કરવો જોઈએ. આમ છતાં એમને બેપર્દા જોવાં કે એમની સાથે એકલા મુસાફરી કરવી નાજાઈઝ છે.

એવી જ રીતે મૃત્યુ પછી કોઈ મુસલમાનનો વારસો એમને મળશે નહિ અને એમની સાથે એકાંત કોઈ મુસલમાન માટે જાઈઝ નથી. એમનાં નજીકનાં સગાં એટલે કે ભાઈબહેનો મુસલમાનોનાં માસી મામા નહિ ગણાય, પણ એમની સાથે નિકાહ જાઈઝ હશે. દાખલા તરીકે, હઝરત આઈશા સિદ્દીકા રદિયલ્લાહો તઆલા અન્હા મુસલમાનોનાં માનનીય માતા છે. પણ એમના ભાઈ હઝરત અબ્દુર્રહમાન મુસલમાન સ્ત્રીપુરુષોના મામા નથી અને બહેન હઝરત અસમા રદિયલ્લાહો તઆલા અન્હા મુસલમાનોનાં માસી નથી. એમની સાથે મુસલમાન સ્ત્રીપુરુષોના નિકાહ થયા.

જેવી રીતે **હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પુનિત પત્નીઓનું માન-સન્માન જાળવવું જરૂરી છે.** એવી જ રીતે **હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં સઘળાં નિકટના સગાં મુસ્લિમોનું માન-સન્માન કરવું પણ એટલું જ જરૂરી છે,** બલ્કે એમની ઓલાદ સય્યદ સાહેબોની તા'ઝીમ આપણા ઉપર વાજિબ છે. સય્યદ સાહેબોની ઈઝ્ઝત અને હુરમત : માન અને સન્માન : મુસલમાનો ઉપર લાઝિમ છે– અને એમની નિંદા તેમ જ તેમનું દિલ દુભવવું મુસલમાનો ઉપર હરામ છે અને તેમ કરવું હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો કોપ નોતરવા સમાન છે.

તમામ સય્યદ સાહેબો પર ઝકાત ખાવી હરામ છે શા માટે ?– એટલા માટે કે એ લોકોના માલનું મેલ છે. તો સય્યદોને માલનું મેલ આપવું એ ભલા શી રીતે જાઈઝ હોઈ શકે ? મેં (આ પુસ્તકના લેખક) હઝરત મૌલા અલી કરમલ્લાહો વજહહૂની શાનમાં અર્ઝ કર્યું છે :

**હય રાદકા મેલ, ફિર ઉસ પાક-વ-સુથરે કો રવાં ક્યૂં હો ?**
**કે દુન્યા ખા રહી હય જિસ્કે આલે પાક કા સદકા.**

**વોહ હય ખામોશ કુરઆં, ઔર યે કુરઆને નાતિક હંય,**
**ન હોં જિસ દિલ મેં યે, ઉસમેં નહિ કુરઆન કા રિશ્તા.**

એ જ પ્રકારે સાદાતે-કિરામને મામુલી નોકર પેટે રાખવા, એમની પાસે ઝિલ્લતનાં કામો લેવાં, એમને બુરા વેણથી બોલાવવા એ પણ ગુનાહનું કામ છે. **સય્યદ સાહેબોને માનઈઝઝતની જગ્યા આપો, એમનામાં ઈલ્મની તબ્લીગ કરો, એમના ઘરથી તમને કલ્મો મળ્યો; ઈમાન મળ્યું; કુરઆન મળ્યું; રહમાન મળ્યો; ઈસ્લામ મળ્યો; એટલે તમારી એ ફરજ થઈ પડે છે કે તમે એમને પોતે પ્રાપ્ત કરેલું ઈલ્મ આપો અને પોતાનો પૈસો ખરચીને એમનામાં ઈલ્મ-હુન્નરને ફેલાવો.**

આ કુરઆની આદેશ ઉપર જરા વિચાર કરો કે અર્થાત : "ફરમાવી દો હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કે હું તમારી પાસે આ તબ્લીગનું મહેનતાણું નથી માંગતો– પરંતુ કરાબતની મુહબ્બત." આ આયતનો એક અર્થ એ પણ છે કે **મારી કરીબનાંઓથી મુહબ્બત કરો. અલ્લાહ તવફીક આપે, આમીન.**

★ આ આયત હેઠળ રૂહુલ બયાને ફરમાવ્યું કે મુરીદે પોતાના પીર-મુર્શિદની પત્ની સાથે, પીર-મુર્શિદે તલાક આપ્યા પછી, નિકાહ કરવા જોઈએ નહિ. એવી જ રીતે શાગિર્દે પોતાના ઉસ્તાદની પત્ની સાથે તલાક પછી નિકાહ કરવા નહિ. એ જો કે ફતવાની રૂએ જાઈઝ છે– પણ તકવાની ખિલાફ છે. અને તકવો ફતવાની ઉપર છે. **જો મુરીદ યા શાગિર્દ પોતાના પીર યા ઉસ્તાદની પત્ની સાથે નિકાહ કરશે તો દુનિયા અને આખિરતમાં ભલાઈ જોશે નહિ.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

આયત ૫૯ : لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُوا

**(૫૯) બેશક– અલ્લાહના રસૂલની** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **પેરવી બેહતર છે. એના માટે જે અલ્લાહ અને અંતિમ દિવસની આશા રાખતો હોય અને અલ્લાહને બહુ યાદ કરે.**

*(પા. ૨૧; સૂરએ અહઝાબ; રુકૂઅ-૩.)*

આ મહાન આયત પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત છે. એમાં મુસલમાનોને એવી હિદાયત કરવામાં આવી છે કે જો તમે અલ્લાહ કનેથી કશા ઈનામની આશા રાખતા હો અને કયામતની બેહતરી ઈચ્છતા હો, **તો અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર જીવનને પોતાના જીવન માટે આદર્શ બનાવી લો– નમૂનો બનાવી લો– અને એ નમૂનાની પેરવી કરો; એ આદર્શનું** અનુસરણ કરો. એમાં બે પ્રકારે હુઝૂર મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મહાન સદ્‌ગુણોનો ઉલ્લેખ કરાયો છે.

એક તો એ, કે હુઝૂર પુરનૂરના પવિત્ર જીવનને પોતાના માટે જીવનઆદર્શ બનાવી લેવું– પોતાના માર્ગની મશાલ તરીકે અપનાવી લેવું એ સફળતાનો ઝરિયો છે. અને એજ અર્થ છે વસીલાનો. **અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મુસલમાનો માટે મહાનતમ વસીલો છે.**

**ખિલાફે પયગમ્બર કસે રહગુઝીદ,**
**કે હરગિઝ બમન્ઝિલ ન ખ્વાહદ રસીદ.**

બીજું, એ પ્રકારે કે આ હુકમ હરેક મુસલમાનને આપવામાં આવ્યો છે.– પછી એ ભલે ગમે તે દેશનો હોય યા કોઈપણ સમયમાં હોય આનો અર્થ એ થયો કે કયામત સુધીના તમામ મુસલમાનો પોતાનું જીવન હુઝૂર આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને તાબે કરી દે. એ તો દેખીતું છે કે મુસલમાનોમાં અમુક બાદશાહ હશે, અમુક પ્રધાન, અમુક સત્તાધીશ, અમુક સત્તા હેઠળ, અમુક માલદાર, અમુક ગરીબ, અમુક સંસારી અને અમુક સંસાર ત્યાગી– હવે દરેક શખ્સ ઈચ્છે છે કે મારું જીવન હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર જીવનની માતેહત હોય, તો જીવનધોરણમાં આટલો ફર્ક હોવા છતાં બધા માણસો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પેરવી કેવી રીતે કરી શકશે ?

**તાત્પર્ય એ છે કે આ આયતમાંથી એવો અર્થ નીકળ્યો કે આપણા પ્યારા આકા-ને-મૌલાનું પવિત્ર જીવન એવું અજોડ અને અનોખું છે કે દુનિયામાં હરેક શખ્સ એને પોતાનો જીવનઆદર્શ બનાવવા ઈચ્છે છે. એવું અનુપમ જીવન દુનિયામાં કોઈનું નથી વીત્યું.** દાખલા રૂપે એમ સમજો કે હઝરત ઈસા અલયહિસ્સલામે પોતાનું જીવન સંસાર ત્યાગમાં વિતાવ્યું. એમણે મકાન સુદ્ધા ન બંધાવ્યું. એમની પેરવી એમનું અનુસરણ કોઈ સંસારત્યાગી તો નમૂનારૂપે કરી શકે છે, પરંતુ કોઈ કાઝી કે બાદશાહ એમના જીવનને પોતાના માટે આદર્શ બનાવી શકે નહિ. જ્યારે હઝરત સુલેમાન અલયહિસ્લામનું જીવન સલ્તનત અને હકૂમત સાથે પસાર થયું, તો કોઈ બાદશાહ અથવા સુલ્તાન તો એમના જીવનને પોતાનો જીવનઆદર્શ બનાવી શકે છે, પરંતુ કોઈ નિરાધાર ફકીર માટે એમનું જીવન નમૂનારૂપ બની શકે નહિ. **અલા હાઝલ ક્યાસ.**

**પરંતુ એ શાન તો આપણા આકા ને મૌલા સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની જ છે કે હાકિમ હોય કે ચાકર, રૈયત હોય કે રાજા, ધનિક હોય કે ફકીર– સૌના માટે જાહેર આમંત્રણ છે કે આવો ! મારા મેહબૂબના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જીવનને જુઓ અને એમના નકશે–કદમ ઉપર ચાલ્યા આવો !**

સરકારે અબદકરાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝાત દરેક ઈન્સાનના દરેક દરજ્જા અને મરતબા માટે નમૂનો છે; આદર્શ છે; મિસાલ છે. આપ તવક્કલવાળા એવા કે ઘરમાં બબ્બે મહિના સુધી આગ ન સળગી. માત્ર ખજૂરો ને પાણી ઉપર

ગુજારો છે :

**ઔર કભી થોડી ખજૂરેં ખાના, પાની પી કર ફિર રેહ જાના,**
**દો દો મહીના યૂં હી ગુઝારા, સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.**
**કબ્ઝેમેં જિનકે સારી ખુદાઈ, ઉનકા બિછૌના એક ચટાઈ,**
**નઝરોંમેં કિત્ની હેચ હય દુન્યા, સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.**
**ખાના જો દેખા જવકી રોટી, બે છના આટા રોટી મોટી,**
**વોહ ભી શિકમભર રોઝ ન ખાના, સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ**

ઉમ્મતના મિસ્કીનો આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના આ મુબારક જીવન પ્રસંગો પર નજર કરે અને સબ્રથી કામ લે. જો સલ્તનત અને બાદશાહતનું જીવન ગાળવું હોય તો આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના એ જીવન પ્રસંગ પર નજર કરો કે મક્કા પર વિજય થઈ ચૂક્યો છે. આપને પારાવાર તકલીફો પહોંચાડનાર કાફિરો સામે હાજર છે. એ ગુસ્તાખો પર વેર વાળવાનો આજે મોકો હતો. પરંતુ થાય છે એ કે ફતેહ ફરમાવતાં જ એવી જાહેર માફીની જાહેરાત ફરમાવી દે છે કે જે અબૂ સુફિયાનના ઘરમાં દાખલ થઈ જાય એને રક્ષણ છે જે હથિયાર નાખી દે અને રક્ષણ છે. સારાંશ કે હઝરત યૂસુફ અલયહિસ્સલામ પર દસ ભાઈઓએ અમુક કલાકો જુલમ કર્યો અને જ્યારે હઝરત યૂસુફ અલયહિસ્સલામની સલ્તનતમાં અનાજ મેળવવા માટે હાજર થયા તો ફરમાવ્યું : "આજે તમારા ઉપર કોઈ સખ્તી નહિ થાય, અલ્લાહ તમારી મગફિરત ફરમાવી દે."

–પરંતુ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે તેર વરસ સુધી પોતાના પર મક્કાવાળાઓના અત્યાચારો સહન કર્યા, સહાબાએ કિરામ, માનનીય એહલે બયત, એમનાં ઘરવાળાં એ સૌના જાનમાલ અને ઈઝ્ઝતઆબરૂ સઘળું ભયમાં રહ્યું.– છેવટે દેશ છોડીને પરદેશી થવું પડ્યું. પરંતુ જ્યારે આપનો મોકો આવ્યો, ત્યારે આપે એમને માફ ફરમાવી દીધા. **કયામત સુધીના રાજવીઓ– સત્તાધીશો આને પોતાના માટે મિસાલરૂપ અને પોતાના માર્ગની મશાલરૂપ** બનાવે.

જો શ્રીમંતાઈ અને તવંગરીનું જીવન કોઈ જીવવા ઈચ્છતું હોય તો તે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના એ હાલતના જીવનપ્રસંગો ઉપર નજર નાખી જુએ.

એકવાર બકરીઓથી ભરેલું જંગલ હુઝૂર સરકારે દોઆલમની માલિકીમાં આવ્યું. કો'કે વિનંતી કરી : હે અલ્લાહના પ્યારા હબીબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હવે અલ્લાહે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ઘણા માલદાર અને તવંગર બનાવી દીધા. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું : 'તેં મારી તવંગરી શું જોઈ? પેલા ગૃહસ્થે વિનંતી કરી : "હુઝૂર ! આપની મિલ્કતમાં આટલી બધી બકરીઓ છે'. હુઝૂર રહમતુલ-લિલ-આલમીને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું, 'જા. એ

બધી મેં તને અતા ફરમાવી.'

એ ગૃહસ્થ બધી બકરીઓ લઈને પોતાની બિરાદરીમાં પહોંચ્યા અને બિરાદરીવાળાઓને કહ્યું : **હે લોકો ! ઈમાન લઈ આવો, કસમ રબતઆલાની, હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એટલું આપે છે કે પોતે ગરીબ થઈ જવાનો પણ આપને જરાયે ભય નથી.**

★ હઝરત અબ્બાસ રદિયલ્લાહો તઆલા અન્હોને એક વાર આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એટલું આપ્યું કે તેઓ ઉપાડીયે ન શક્યા. આ બધાં બનાવો હદીસોમાં સંઘરાયેલા છે અને ખરપોતીએ એ બધાનું એક જગ્યાએ વર્ણન કર્યું છે. માલદારો, શ્રીમંતો, ધનવાનો આ મુબારક ઈમાનપરવર બનાવો લક્ષમાં રાખે અને એની રોશનીમાં જીવન જીવે.

જો કોઈ સહકુટુંબ જીવન જીવે છે, તો એનો વિચાર કરે કે મારે તો એક યા બે યા વધુ ચાર પત્નીઓ છે અને થોડીક ઔલાદ. પરંતુ મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની નવ પુનિત પત્નીઓ છે, ઔલાદ અને ઔલાદની ઔલાદ. દામાદ, ગુલામ લોંડીઓ, આશ્રિતો અને મહેમાનોનો હુજૂમ છે. છતાં બંને જહાનના સરદાર, અમારા-તમારા આકા-ને-મૌલા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એ બધાં પ્રત્યે કેવું સદવર્તન ફરમાવ્યું અને એની સાથે સાથે કેવી રીતે રબતઆલાની યાદ પણ ફરમાવી ! **જો કોઈ શખ્સ સંસારત્યાગી તરીકે જીવન ગાળવા ઈચ્છતો હોય તો એણે આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ગારેહિરાની ઈબાદત-રિયાઝત અને દુનિયા પ્રત્યેની અલિપ્તતા પર નજર નાખવી જોઈએ.**

સારાંશ કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક જીવન એ એવું સમ્પૂર્ણ જીવન છે કે દરેક જાત અને વિચારના માનવીઓ એને પોતાના માટે **નમૂનારૂપ** બનાવી શકે છે અને એમ કરીને દુનિયામાં બેધડકપણે સુખી અને સન્માર્ગી જીવન વિતાવી શકે છે. **આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શક્તિ અને બળ જોવાં હોય તો સાંભળો–** હુનૈનના જંગમાં હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખચ્ચર ઉપર એકલા અટૂલા રહી ગયા હતા. મુસલમાનોના પગ ઉખડી ગયા. કાફિરોએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ખચ્ચરને ઘેરી લીધું. હઝરત અબ્બાસ અને અબૂ સુફિયાન રદિયલ્લાહો તઆલા અન્હૂમે લગામ પકડી લીધી. કાફિરોએ ધસારો કર્યો છે એમ જાણી આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ખચ્ચર પરથી નીચે તશરીફ લાવીને ફરમાવ્યું, : **"અમે જૂઠા નબી નથી. અમે અબ્દુલ મુત્તલિબના પૌત્ર છીએ." આ સાંભળીને કોઈ કાફિર આપની સામે થોભવાની હિમ્મત કરી શક્યો નહિ.**

અબૂ રકાના અરબસ્તાનનો પ્રખ્યાત પહેલવાન હતો. એ ક્યારેય- કોઈની આગળ હાર માનતો નહોતો. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એ બળવાન પહેલવાનને ત્રણ વખત જમીન ઉપર પછડાયો– આ પરથી એ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો પ્રશંસક બની ગયો.

આપ આટલા બળવાન અને શક્તિશાળી હોવા છતાં આપના રહમ અને કરમની

એ હાલત હતી કે કયારેય પણ કોઈને પ બૂરા વેણ ફરમાવ્યા નહિ કે કદી કોઈ નોકર-ચાકર યા ઘરવાળાને પોતાના હાથ વડે માર્યો નહિ.

**સારાંશ કે આપણા આકા-ને-મૌલા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું પવિત્ર જીવન શું છે, અલ્લાહની કુદરતનો એક નમૂનો છે.** એટલા માટે આ આયતે કરીમામાં સૌને એકસરખી ભલામણ કરવામાં આવી છે કે તમે બધા હુઝૂર પુરનૂરના નૂરાની જીવનને પોતાના જીવન માટે નમૂનો બનાવો; આદર્શ ગણો.

મજકૂર આયતનો એવો પણ અર્થ થઈ શકે છે કે હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મહાન ઝાત તમારા માટે રબતઆલાની કુદરતનો નમૂનો છે. જેમ કારીગર નમૂનો જોઈને પોતાનું સઘળું બળ હુન્નરકળા પર વાપરી કાઢે છે. એવી રીતે **દસ્તે કુદરતે આ મહાન ઝાત પર પોતાના સઘળા કમાલો ઠાલવી દીધા છે.** વળી, જેમ દુકાનનો નમૂનો (સેમ્પલ) એક જ હોય છે અને બજારમાં આમજનતાના જોવા માટે રાખવામાં આવે છે, **એવી જ રીતે આ ઝાતે-કરીમ પણ કુદરતના કારખાનાનો એક જ નમૂનો છે. જે એમના કમાલનો ઈન્કાર કરે, તે હકીકતમાં રબતઆલાના કમાલનો ઈન્કાર કરે છે; તે હકીકતમાં રબતઆલાના કમાલનો મુન્કિર છે.**

"રૂહુલ બયાને" આ સ્થળે એક નવી વાત કહી છે : આ વિસ્તાર પૂર્વકની વિગત તો ત્યારે હતી, જ્યારે આ આયતનો અર્થ એમ કરવામાં આવે છે કે તમારા માટે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પેરવી બેહતર છે– અર્થાત– તમારા ભાવિ જીવનમાં." પરંતુ બીજો અર્થ એ પણ થઈ શકે છે કે "તમારા માટે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પેરવી બેહતર હતી– અર્થાત આલમે અરવાહમાં" હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તો દરેક સ્થળે સત્તાવાન છે. અને તમે બધા એમના મુકતદી અનુયાયી. તે એવી રીતે **સર્વપ્રથમ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું નૂર પેદા થયું. પછી તમારા સૌમાં સૌથી પ્રથમ રબ્બાની ફયઝ હઝરત મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક રૂહે હાસિલ કર્યો; પછી તમે. અલસ્તો બે રબ્બેકુમના જવાબમાં સર્વપ્રથમ રૂહે રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે 'બલા' કહ્યું:** પછી બીજાઓએ. **હઝરત આદમ અલયહિસ્સલામના સલ્બમાંથી સૌથી પહેલાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રૂહ** બહાર તશરીફ લઈ આવી, પછી તમારી બધાની, વગેરે, વગેરે. **તો હવે લાઝિમ છે કે આઈન્દા જીવનમાં પણ તમે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અનુસરો.** *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

## અલ્લાહના હબીબની શાન(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)

# ભાગ - ૧ સંપૂર્ણ

## ★ તમ્મત બિલ ખૈર ★

# અલ્લાહના હબીબની શાન

આયત : ૬૦ થી ૧૦૩ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ભાગ-૨

લેખક : મૌલાના મુફ્તી અહમદયારખાન નઈમી રહમતુલ્લાહે અલયહ)

★ ખૈરુલબશર પર લાખોં સલામ લાખોં દુરુદ ઔર લાખોં સલામ.

★ જિન્નો મલાઈક તેરે ગુલામ, સબસે સિવા હૈ તેરા મકામ,
યાસીન-વ-તાહા તેરે હી નામ, ખૈરુલબશર પર લાખોં સલામ.

★ આલા સે આલા તેરા મકામ, સબ અમ્બિયાંકા તૂ હૈ ઈમામ,
કુલ ઔલિયા હૈ તેરે ગુલામ, ખૈરુલબશર પર લાખોં સલામ.

★ અર્શે બરી તક ચર્ચા તેરા, શમ્સો કમર હૈં સદકા તેરા,
એ માહે કામિલ હુસને તમામ, ખૈરુલબશર પર લાખોં સલામ.

★ સબ કો મયસ્સર હો યે મકામ, પહૂંચે મદીના બનકર ગુલામ,
પઢતે દુરુદ ઔર પઢતે સલામ, ખૈરુલબશર પર લાખોં સલામ.

★ ઈતના કરમ તો ફરમાઈએ, રૌઝે પે સબ કો બુલવાઈએ,
હાઝિર યહાં હૈ જિતને ગુલામ, ખૈરુલબશર પર લાખોં સલામ.

★ તેરી સના હૈ મેરા નસીબ, કુરબાન તુઝ પર જાને અદીબ,
તુઝ પર તસદ્દુક આલમ તમામ, ખૈરુલબશર પર લાખોં સલામ.

★★★★★

★ સય્યદી મુરશિદી જાને એહલે સુનન, પૂર બહાર ઈન સે હૈં ગુલશને ઈલ્મો ફન.
દૂર ઈન સે રહેં સારે રંજો મિહન, હૈ મેરી ઈલતિજા તુઝ સે એ ગુલ મિનન.
ઔર ફૂલફૂલે યે રઝા કા ચમન, ઔર ફૂલફૂલે યે રઝા કા ચમન.

★ ઉન કે દિદાર સે યાદ આએ ખુદા, • ઉનકી આંખોં મેં જલ્વા-એ-મુસ્તફા.
ઝિલ્લે ગૌષુલ વરા અકસે અહમદ રઝા, હામિએ બે કસાં મુર્શિદે બા-સફા.
ઉનકે ચેહરે સે ફૂટે હૈ નૂરી કિરન, ઔર ફૂલે ફલે યે રઝા કા ચમન.

★ મુસ્કુરા દે તો કલિયાં દિલોં કી ખિલેં, આરઝુઓં કે બુઝતે દિયે જલ ઉઠે.
જિસ કી તસકીં સે રોતે હુએ હંસ પડે, બેસહારોં કી આસાન હોં મુશ્કિલેં.
ફૂલ ઝડતે હૈં હોઠોં સે વકતે સુખન, ઔર ફૂલે ફલે યે રઝા કા ચમન.

★ દસ્તે ગુરબત ઝદા લાલા ઝાર ઈનસે હૈં, બેકસોં કી ખિઝા મેં બહાર ઈન સે હૈં.
બે કરારોં કે દિલકા કરાર ઈન સે હૈ, એહલે સુન્નતકા સુલતાં વિકાર ઈનસે હૈં.
ઈન પે સદકે હમારે દિલ-વ-જાન-વ-તન, ઔર ફૂલફૂલે યે રઝા કા ચમન.

★ દૌલતે માંગને વાલે પાતે રહેં, આએં રોતે હુએ હંસ કે જાતે રહેં.
બઝમે નાતે નબી યે સજાતે રહેં, ઔર હમ મનકબત ઈનકી ગાતે રહેં.
મેરે આકા રહે યૂં હી જલ્વા ફિગન, ઔર ફૂલફૂલે યે રઝા કા ચમન.

## ★ લાખોં સલામ ★

**મુસ્તફા જાને રહેમત પે લાખોં સલામ શમ્એ બઝમે હિદાયત પે લાખોં સલામ.**

અર્શે આઝમ કી ઝીનત હૈ જિન કે કદમ, જિન કે કબ્જે મેં હૈ ઈલ્મે લૌહો - કલમ,
જીસ્કે બાઈસ અયાં હૈ હુદુસે કદમ શહરે યારે ઈરમ તાજદારે હરમ,
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ.

જો હૈ મેહબૂબે રબ્બુલઉલા બીલ યકીં, જીસકા ચહેરા હૈ શમ્શો કમર સે હસીં,
જીસકા રૂત્બા કિસી કો મિલા હી નહીં અર્શ તા ફર્શ હૈ જીસ્કે ઝેરે નગીં,
ઉસકી કાહીર રીયાસત પે લાખોં સલામ.

જીન કે કદમોં પે સજદા કરેં જાનવર, મૂંહ સે બોલેં શજર દેં ગવાહી હજર
વો હૈ મેહબૂબે રબ માલિકે બહેરોબર સાહીબે રજઅતે શમ્શ શક્કુલ કમર
નાઈબે દસ્તે કુદરત પે લાખોં સલામ

રહેમતે હક કી હોને લગીં બારીશેં, દીનો દુનિયાકી લુટને લગી દૌલતેં,
ખોલદી જીસ્ને અલ્લાહકી હીકમતેં, વોહ ઝુબાં જીસકો સબ કુન કી કુંજી કહેં,
ઉસ્કી નાફીઝ હુકૂમત પે લાખોં સલામ.

ફર્ક મતલૂબો તાલીબકા દેખે કોઈ, કીસ્સએ તૂરો-મેઅરાજ સમજે કોઈ,
કોઈ બેહોશ જલ્વો મે ગૂમ હૈ કોઈ, કીસ્કો દેખા યે મૂસાસે પૂછે કોઈ.
આંખવાલોં કી હિમ્મત પે લાખોં સલામ

તેરા જૂદો અતા કિસને દેખા નહીં, તેરા અબરે કરમ કિસ પે બરસા નહીં,
કિસ જગહ ઔર કહાં તેરા કબ્જા નહીં એક મેરા હી રહેમત પે દાવા નહીં,
શાહ કી સારી ઉમ્મત પે લાખોં સલામ.

લા-મકાં કી- જબીં બહરે સજદા ઝુકી, રિફઅતે મંજિલે અર્શે આ'લા ઝૂકી,
અજમતે કિબ્લએ દીનોં દુનિયા ઝૂકી, જિન કે સજદે કો મેહરાબે કાબા ઝૂકી,
ઉન ભવોં કી લતાફત પે લાખોં સલામ.

યા ઈલાહી દિખા દે વહાં કી સહર, મૈં ભી દેખું ખુદારા વહાં કી સહર,
મેરી તકદીર હો ઐસી ઊંચાઈ પર, જિસ મુસલમાનને દેખા ઉન્હેં એક નઝર,
ઉસ નઝરકી બસારત પે લાખોં સલામ.

જિન કો ધોખે સે કુફા બુલાયા ગયા, જિનકો બૈઠે-બિઠાએ સતાયા ગયા,
જિનકે બચ્ચોં કો પ્યાસા રૂલાયા ગયા, જિન કી ગરદન પે ખંજર ચલાયા ગયા,
ઉસ મુહમ્મદ કી અખ્તર પે લાખોં સલામ.

જિસને હક કરબલા મેં અદા કર દિયા, અપને નાના કા વાદા વફા કર દિયા,
ઘર કા ઘર સુપુર્દે ખુદા કર દિયા, કર લિયા નોશ જિસને શહાદત કા જામ,
ઉસ હુસૈન ઈબ્ને હૈદર પે લાખોં સલામ.

લેકે ફિતનેં ચલે નજદ સે દુશ્મનાં, મિટને કો મઝહબ કા નામોં નિશાં,
અલ મદદ અલ મદદ અલ અમાં અલ અમાં, સય્યદી મુર્શદી મુસ્તફા ખાં રઝા,
ઉનકી નૂરાની સૂરત પે લાખોં સલામ.

સૈયદી મુરશીદી શાહ અહમદ રઝા, ફૈઝયાબે કમાલાતે હસ્સાં રઝા
સાથ હમ સબ ભી હોં ઝમઝમાખાં રઝા, જબ કે ખીદમત કે કુદસી કહેં હાં રઝા
મુસ્તફા જાને રહેમત પે લાખોં સલામ.

## ★ રૂત્બા મુહમ્મદકા ★ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

અઝ:- 'જમીલે કાદરી' રહમતુલ્લાહે તઆલા અલયહ

★ ખુદાને ઈસ કદર ઊંચા કિયા પાયા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ
ન પહેચાના કિસીને આજ તક રૂત્બા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ બહુકમે હક ઉતરતે હંય ફરિશ્તે ખાસ રેહમતકે,
કિયા કરતેં હંય જબ એહલે સુનન ચર્ચા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ સિયાહકારોંકી ક્યા ગિનતી હંય દરબારે ઈલાહીમેં
વસીલા ઢૂંઢતે હંય હઝરતે મૂસા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ બઢી જબ ઝુલ્મતે કુફો-ઝલાલત બઝમે દુન્યામેં,
તો રોશને કર દિયા અલ્લાહને સાયા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ શહેન્શાહે મદીના બાદશાહે હફતાકશ્વર હય,
હુવા અલ્લાહકી હર શય પે કબ્ઝા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ તસદ્દુક અપસી રિફઅત પર કે બરસોં કબ્લ દુનિયામેં,
સુનાતે આએ મુઝદહ હઝરતે ઈસા મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ નિરાલી પ્યારી પ્યારી રોશની હંય શમ્એ બારીમેં,
કે હંય સારા ઝમાના દિલસે પરવાના મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ રફઅના કા રખા હય તાજ સર પર હકતઆલાને,
ફરેરા અર્શે આઝમ પર ઉળા કિસકા ? મુહમ્મદકા — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ ''જમીલે'' કાદરી અપસી સુના રંગી ગઝલ કોઈ,
કે બેખુદ હો યહાં હરએક મસ્તાના મુહમ્મદકા. — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

★ માહે તયબા નય્યરે બત્હા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ
તેરે દમસે આલમ ચમકા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ તુ હૈ મઝહરે રબ્બે અજમલ ઝિલ હય, તેરે સારે મુર્સલ,
કૌન હૈ હમસર તેરા શાહા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ તુ હૈ નાઈબે રબ્બે અકબર પ્યારે તેરે દર પર,
અહલે હાજત કા હૈ મેલા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ તૂ ચાહે વો જો રબ્બ ચાહે, રબ્બ ચાહે વો જો તૂ ચાહે,
ચાહા તેરા રબ્બકા ચાહા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ રાફેઅ તુમ હો, દાફેઅ તુમ હો, નાફેઅ તુમ હો, શાફેઅ તુમ હો,
રંજો ગમકા ફિર ક્યા ખટકા, — સલ્લલ્લાહો 'લયહે વસલ્લમ

★ મૈં હું તન્હા, બન હૈ સૂના, દુઝદે ઈમાં સર સર પોંહચા,
મેરી ખબર લે મેરે મૌલા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ વક્તે વિલાદત તુમ નહીં ભૂલે, વક્તે રહેલત યાદ હી રખ્ખે,
અપને બંદે તુમને શાહા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ આપકા જલ્વા હર જુઝવો-કુલ મેં, આપ કે રંગો બૂ-હર ગુલમેં,
આપ કી બૂ સે આલમ મેહકા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

★ હાઝિરે દર હય ''નૂરીયે'' મુઝતર, આપકા યે મૌરૂસી સનાગર
ખ્વાહાં હય રઝાકા ઈબ્નેરઝા, — સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

## ★ "શહેનશાહ કા રૌઝા દેખો" ★

હાજીઓ આઓ "શહેનશાહકા રૌઝા દેખો,
કા'બા તો દેખ ચુકે  કા'બે કા કા'બા દેખો.

રૂકને શામી સે મિટી વહશતે શામે ગુર્બત,
અબ મદીને કો ચલો સુબ્હે દિલ આરા દેખો.

આબે ઝમઝમ તો પિયા ખૂબ બુઝાઈ પ્યાસેં,
આઓ જૂદે શહે કવસર કા ભી દરિયા દેખો.

ઝેરે મિઝાબ મિલે ખૂબ કરમ કે છીંટે,
અબ્રે રહમત કા યહાં રોઝ બરસના દેખો.

ધૂમ દેખી હય દરે કા'બા પે બૈતાબોં કી,
ઉન કે મુશ્તાકોં મેં હસરત કા તળપના દેખો.

મિસ્લે પરવાના ફિરા કરતે થે જિસ શમ્આ કે ગિર્દ,
અપની ઉસ શમ્આ કો પરવાના યહાં કા દેખો.

વાં મુતીઓં કા જિગર ખૌફ સે પાની પાયા,
યાં સિયાહકારોં કા દામન પે મચલના દેખો.

અવ્વલીં ખાન-એ-હક કી તો ઝિયાએં દેખી,
આખરીં બયતે-નબી કા ભી તજલ્લા દેખો.

ઝીનતે કા'બા મેં થા લાખ ઉરૂસોં કા બનાઉ,
જલ્વા ફરમાં યહાં કૌનેન કા દુલ્હા દેખો.

અયમને તૂર કા થા રૂકને યમાની મેં ફરોગ,
શો'લએ તૂર યહાં અન્જુમન આરા દેખો.

મેહરે માદર કા મઝા દેતીથી આગોશે હતીમ,
જિનપે માં-બાપ ફિદા યાં કરમ ઉનકા દેખો.

ધો ચૂકા ઝુલ્મતે દિલ બોસએ સંગે અસ્વદ,
ખાકબોસિએ મદીનાકા ભી રૂત્બા દેખો.

જુમ્અએ મક્કા થા ઈદ એહલે ઈબાદત કે લિયે,
મુજરિમોં આઓ યહાં ઈદે દુ-શમ્બા દેખો.

મુલ્તઝિમ સે તો ગલે લગ કે નિકાલે અરમાં,
અદબો શૌકકા યાં બાહમ ઉલઝના દેખો.

ખૂબ મસ્આ મે બ-ઉમ્મીદે સફા દૌળ લિએ,
રહે જાનાં કી સફાકા ભી તમાશા દેખો.

રકસે બિસ્મિલકી બહારેં તો મિનામેં દેખી,
દિલે ખૂં-ના-બ-ફશાં કા ભી તળપના દેખો.

ગૌર સે સુન તો 'રઝા' કા'બે સે આતી હય સદા,
મેરી આંખોં સે મેરે પ્યારે કા રૌઝા દેખો.

# ★ "કસીદ એ નૂર" ★

અઝ:- આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી (રદિયલ્લાહો તઆલા અન્હો)

★ સુબ્હ તયબાહ મેં હુઈ બટતા હય બાળા નૂરકા,
સદકા લેને નૂરકા આયા હય તારા નૂરકા.

★ બાગે તયબાહ મેં સુહાના ફૂલ ફૂલા નૂરકા,
મસ્ત બૂ હય બુલબુલે પળતી હય કલ્મા નૂરકા.

★ બારહવી કે ચાંદ કા મુજરા હય સજદહ નૂરકા,
બારાહ બુર્જોસે ઝુકા એક એક સિતારા નૂરકા.

★ ચાંદ ઝૂક જાતા જીધર ઉંગલી ઉઠાતે મહદમેં,
ક્યા હી ચલતા થા ઈશારોં પર ખિલૌના નૂરકા.

★ તૂં હય સાયા નૂરકા, હર ઉજ્વ ટુકળા નૂરકા.
સાયે કા સાયા ન હોતા, ન હય સાયા નૂરકા.

★ તાજવાલે દેખકર તેરા અમામહ નૂરકા,
સર ઝૂકાતે હંય ઈલાહી બોલબાલા નૂરકા.

★ મૈં ગદા તું બાદશાહ ભરદે પ્યાલા નૂરકા,
નૂર દિન દુના તેરા, દે ડાલ સદકા નૂરકા.

★ તેરી નસ્લે પાકમેં હય બચ્ચા બચ્ચા નૂરકા,
તું હય અયને નૂર, તેરા સબ ઘરાના નૂરકા.

★ નારિયોંકા દૌર થા, દિલ જલ રહાથા નૂરકા,
તુમકો દેખા હો ગયા ઠંડા કલેજા નૂરકા.

★ જો ગદા દેખો લિયે જાતા હય તોળા નૂરકા,
નૂરકી સરકાર હય ક્યા ઈસમેં તોળા નૂરકા.

★ નૂરકી સરકાર સે પાયા દોસાલા નૂરકા,
હો મુબારક તુમકો ઝુન્નુરૈન જોળા નૂરકા.

★ શમ્અ દિલ, -મિશ્કાત તન, સિના ઝોજાજહ નૂરકા,
તેરી સૂરત કે લિએ આયા હય, સૂરહ નૂરકા.

★ પુશ્ત પર ઢલ્કા, સરે અન્વર સે શીમ્લા નૂરકા,
દેખેં મુસા તુર સે ઉતરા સહીફા નૂરકા.

★ 'કાફ' ગેસુ, 'હા' દહન, 'યા' અબરૂ આંખે 'એન સ્વાદ',
કાફ, હા, યા, એન, સ્વાદ ઉન્કા હે ચેહરા નૂરકા.

★ ભીક લે સરકાર સે જલ્દ કાસા લા નૂરકા,
માહે નવ તયબાહ મેં બટતા હય મહીના નૂરકા.

★ અય 'રઝા' યે અહમદે નૂરીકા ફયઝે નૂર હય,
હો ગઈ મેરી ગઝલ બઢકર કસોદા નૂરકા.

# સરાપા નૂર, રસૂલે મુઅઝઝમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો –

# હુલ્યા શરીફ

સીરતની માન્યવર કિતાબોમાં હુઝૂર રહમતુલલિલ આલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો હુલ્યા શરીફ આ રીતે વર્ણવામાં આવે છે.

કદ શરીફ મધ્યમ અર્થાત ન બહુ જ લાંબો અને ન બહુ જ ટૂંકો– જીસ્મે પાકનો રંગ મુબારક સફેદ લાલાશ મિશ્રિત (ગુલાબના ફૂલ જેવો) ન તો સાવ સફેદ ન ઘઉં વર્ણો, બાલ મુબારક કાળા જેવાકે **'વલ્લયલે ઈઝા સજા'** કાંઈક ઘુંઘરવાળા વાંકડીયા, ન બિલકુલ સીધા, ન બિલ્કુલ લચ્છાદાર; મુબારક ગેસુ બહુધા કાનની બુટી સુધી અને ક્યારેક ખભા મુબારક સુધી, સર મુબારક મોટું અને બહુ જ ખૂબસૂરત; વિશાળ કપાળ; પાતળી અને લાંબી ભમ્મરો, આ ભમ્મરોની વચ્ચે એક પાતળી નસ હતી જે ક્યારેક ઉપસતી હતી. આંખો મોટી, આંખની પાપડો લાંબી, આંખની સફેદાઈ બહુ જ ચમકદાર અને કીકીઓ અત્યંત કાળી; આંખો સુરમાદાર **'મા ઝાગલ બસરો વમા તગા !'** અર્થાત રબને નિહાળીને પણ જે ન સંકોચાઈ.

નાક મુબારક લાંબી, ગાલોનો રંગ ચમકદાર ન એકદમ ઉપસેલા અને ન એકદમ દબાયેલા પરંતુ મધ્યમ, વિશાળ ચહેરો, પાતળા પાતળા હોઠ, જેમકે ગુલાબની પાંદડીઓ; ચમકદાર અને નાના દાંત મુબારક જેવી રીતે કે મોતીઓની હારમાળા અને દાંતોની વચ્ચે નાની-નાની ખીડકીઓ; દાઢી ભરાવદાર અને કાળી; ચાંદીની જેમ સ્વચ્છ અને સફેદગરદન જેવી કે સુરાહી; બે ખભાઓની વચ્ચે ગરદનની નીચે **'મોહરે નબુવ્વત'** હતી; એ કબૂતરના ઈંડા જેવડી હતી કાંઈક ઉપસેલ માંસ હતું જેના ઉપર વાળ હતા અને વાંચવામાં આવતું હતું **'મુહમ્મદ'**. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આજ મોહરે નબુવ્વતને નિહાળીને હઝરત સલ્માન ફારસી રદિયલ્લાહો તઆલા અન્હો વિગેરે ઈમાન લઈ આવ્યા હતા. અત્યંત વિશાળ છાતી મુબારક, રહેમતોથી ભરેલ; ગળાથી ડુંટી મુબારક સુધી વાળની એક પાતળી લીટી હતી; પેટ મુબારક છાતીના સમાન લેવલે ન ઉપસેલ ન દબાએલ. એ ઉપરાંત ભરાવદાર બાજુઓ; જેના ઉપર અમુક વાળ, કાંઈક લાંબી કલાઈઓ; પેટ અને છાતી ઉપર વાળ ન હતા પરંતુ ખભાઓ અને કલાઈઓ ઉપર વાળ હતા. વિશાળ અને ઉપસેલ હથેળીઓ; મુબારક આંગળીઓ પાતળી અને લાંબી, પગની પીંડળીઓ ભરાવદાર જેના ઉપર રૂંવાટી, એડીઓ પાતળી અને કદમ મુબારક ભરાવદાર, સ્વચ્છ અને નરમ; કે જમીન ઉપર પૂરી રીતે જામી જાય અને જેના પર પાણી રોકાતું ન હતું. જમીનથી ઉપાડતા તો પૂરી શક્તિથી ઉપાડતા હતા અને ચાલતા તો આગળ જરાક નમીને જાણે કોઈ ઊંચી જગ્યાએથી નીચેની તરફ ઉતરી રહ્યા હોય.

આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે કોઈની તરફ નિહાળતા તો સંપૂર્ણ રીતે એ તરફ મુતવજ્જેહ થતા. નિગાહો નીચી રાખતા; આપની સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દૃષ્ટિ આસ્માન

કરતાં જમીનની તરફ વધુ રહેતી. આપનું નિહાળવું એક ઝલક રૂપે હોતું સહાબાએ કિરામ આપની સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાછળ ચાલતા; જે મળતો તેને આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સલામ કરતા.

હઝરત જાબિર રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે; એક વખત ચાંદની રાતમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ લાલ રંગનો પહેરણ પહેરીને તશરીફ ફરમાં હતા. હું ક્યારેક આકાશના ચંદ્રને જોતો હતો અને ક્યારેક આપણા મદીનાના ચંદ્રને સલ્લલ્લાહો અલયહે વસલ્લમ. કસમ છે રબની; હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ચંદ્રથી વધારે હસીન માલૂમ પડતા હતા.

અન્ય ખૂબીઓ આ પ્રમાણે હતી. ચેહરએ અનવર રોઅબદાર હતો કે જે અચાનક જોઈલે તો તેના દિલમાં રોઅબ અને હેબત આવી જતી અને જે શખ્સને સહવાસમાં રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડી જતું તો આપના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સદ અખ્લાકના કારણે આપથી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એવો હળી મળી જતો કે બીજે તેનું દિલ ન લાગતું. બહુધા નજર નીચી રહેતી હતી.

**શેઅર : એક માહે મદન, ગોરા સા બદન, નીચી નઝરેં, ફુલ કી ખબરેં,**
**વો સુના કે સુખન, દિખલા કે ફબન, મેરા ફૂંક ગયે સબ તન મન ધન.**

ચહેરા મુબારક ઉપર ફિકરના ચિન્હો છવાએલ રહેતા હતા; જાણે કે કાંઈક વિચારી રહ્યા હોય જ્યારે કોઈની તરફ જોતા તો પૂરી રીતે તે તરફ મોઢું ફેરવીને. ક્યારેય ખળખળાટ હસતા નહીં બહુધા મુસ્કુરાતા જ હતા. જ્યારે મુસ્કુરાતા તો દાંતોમાંથી નૂરની કિરણો ફૂટતી. અમુક રિવાયતોમાં વર્ણન છે કે તે નૂરમાં ખોવાયેલ સોઈ (અંધારામાં) ગોતી લઈ શકાતી હતી.

**શેઅર : સોઝન ગુમ ગશ્તા મિલતી હય તબસ્સુમ સે તેરે,**
**શામ કો સુબ્હ બનાતા હય ઉજાલા તેરા.** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

પરસેવા (શરીફ) માં ગુલાબ જેવી તિવ્ર ખુશ્બુ હતી. જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કોઈ શેરીમાંથી પસાર થતા તો પરસેવા મુબારકની આ ખુશ્બુથી જ લોકો એ જાણી જતા કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ શેરીમાંથી પસાર થયા છે; અને મદીના ના લોકો આ પરસેવા મુબારકને ખુશ્બુ (અત્તર) રૂપે વાપરતા હતા. (મિશ્કાત)

ચાલવા વખતે જમીન જાણે જલ્દીથી આપના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કદમ મુબારક નીચેથી પસાર થતી જતી હતી કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આસ્તે આસ્તે ચાલતા પરંતુ આપની સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે ચાલનારને ઝડપથી ચાલવું પડતું હતું. આપે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ક્યારેય ખિઝાબ નથી લગાડ્યું; કેમકે સર મુબારકમાં લગભગ ચૌદ વાળ અને દાઢી મુબારકમાં છ વાળ સફેદ થયા હતા.

ખાણામાં બકરીની બાવડી, સુરકો, મધ, મીઠી વાનગીઓ અને કદ્દુ વધુ પસંદ ફરમાવતા હતા. એ ઉપરાંત મરઘી, બટેર સત્તૂ અને ખુર્મા પણ ખાતા હોવું સાબિત છે. ખુરચણ પણ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બહુ ભાવતી હતી. ઘણી વખત હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જુવારની રોટી ખજૂર સાથે ખાધી હતી.

પોશાક સફેદ રંગનો પસંદ હતો. બહુધા અમામો. ખમીસ અને લુંગી પહેરતા હતા. કાળો અમામો પણ સાબિત છે. યમની ચાદર અને બહુધા થીંગડાવાળો કમ્બલ વપરાશમાં રહેતો હતો.

આ અર્શી મેહમાન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું બિસ્તર મુબારક બેવડી ગડીવાળા ગુણ પાટનું હતું– ક્યારેક ખજૂરની છાલથી ભરેલો ચામડાનો ગાદલો પણ ઉપયોગમાં લેતા હતા.

## આશિકાને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને હિદાયત :

રાત્રે સૂતી વેળાએ આ હુલિયા શરીફને કલ્પનામાં રાખો :- અને પવિત્ર પથારી પર અત્તરની સુગંધથી મઘમઘતાં પાક કપડાં પહેરીને સૂઓ– અને ખ્વાબમાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝિયારત કરવાની સાચા દિલથી આશા રાખો. આમીન યા રબ્બુલ આલમીન. જેણે ખ્વાબમાં હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક ઝિયારત કરી એણે જાણે હુઝૂરે–પાકના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ દીદાર કરી લીધા. આ દીદાર નફસાની અથવા કાલ્પનિક નથી હોતા– બલ્કે વાસ્તવિક હોય છે. મુબારક ચહેરાને નૂરાની જોવો એ ઈમાની કુવ્વતની દલીલ છે. એથી જુદો જ જોવો એ ઈમાનની કમજોરીની નિશાની છે. એ જ પ્રમાણે આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમદા લિબાસમાં ઝિયારત થવી એ નેક–અમલીની નિશાની છે. જ્યારે એથી ઊલટું જ જોવું એ બદઅમલીની નિશાની છે.

**મસ્નવી–શરીફમાં મૌલાના રૂમ રહમતુલ્લાહે અલયહ ફરમાવે છે.**

"હુઝૂર પુર્રનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અલ્લાહની કુદરતની આરસી સમા છે. આરસીમાં જોનારને પોતાનો જ રંગ દેખાય છે. હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તો આપ જેવા છે તેવા પાક પરવરદીગાર સિવાય અન્ય કોઈએ જોયા નથી.

## **દીદારે - નબી** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

**"અલ્લાહુમ્મ - સલ્લિ - અલા - સય્યિદના મુહમ્મદિન - કમા - અમર - તના - અન - તુસલ્લિયા અલૈહિ અલ્લાહુમ્મ - સલ્લિ અલા સય્યિદના મુહમ્મદિન - કમા - હુવા - અહલુહુ અલ્લાહુમ્મ - સલ્લિ - અલા - સય્યિદના - મુહમ્મદિન કમા તુહિબ્બુ - વ - તરદા - લહુ અલ્લાહુમ્મ- સલ્લિ અલા જશદિ સય્યિદિના - મુહમ્મદિન - ફિલ અજસાદ - અલ્લાહુમ્મ - સલ્લિ અલા કબ્રિ - સય્યિદના - મુહમ્મદિન - ફિલ - કુબૂરિ સલ્લલ્લાહુ - અલા - સય્યિદના - વ - મૌલાના - મુહમ્મદિન :"** (ઈશાની નમાઝ પછી જેટલી વખત બની શકે તેટલી વખત એકી સંખ્યામાં પઢવું).

આ વિર્દ (દુરૂદ શરીફ) વખતે મોઢું મદીના તયબાહની તરફ રાખવું અને દિલને હુઝૂરે અકદસ શહેનશાહે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની જનાબમાં હાઝિર રાખવું અને એવું ધ્યાન જમાવવું કે હું રૌઝએ અકદસની સામે હાઝિર છું અને એવો યકીન રાખે કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મને જોઈ રહ્યા છે. મારો અવાઝ સાંભળી રહ્યા છે. અને મારા દિલના વિચારોથી પણ જાણકાર છે.

ઝિયારતે અકદસ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે ઉપરોક્ત વિર્દ સર્વોત્તમ વિર્દ છે. આ વિર્દ પઢનારને દીદારે - નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ખુશી મળશે. પરંતુ વિર્દ પઢનારે ફક્ત તા'ઝીમે - નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની નિય્યતથી પઢવું જોઈએ. આ વિર્દ પઢતી વખતે એવી નિય્યત ન રાખવી કે મને ઝિયારતે અકદસ નસીબ થાય એટલે પઢું છું બલ્કે આપનો કરમ અને મહેરબાની બેહદ છે. (હવાલો:- "અલવઝીફતુલ-કરીમા")

آیت ۶۰ : یٰنِسَآءَ النَّبِیِّ لَسْتُنَّ کَاَحَدٍ مِّنَ النِّسَآءِ

(پارہ ۲۲ - سورہ احزاب رکوع ۴)

**<u>આયત :- ૬૦</u> હે નબીની (પાક) બીવીઓ ! તમે અન્ય ઔરતોની જેમ નથી.**

*(પા. ૨૨, સૂરએ અહઝાબ; રૂકૂઅ - ૪)*

આ મુબારક આયતમાં આગળને પાછળની આયતો સાથે બાહ્ય રીતે તો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓને હિદાયત ફરમાવવામાં આવી રહી છે અને એમના ફઝાઈલનું વર્ણન કરવામાં આવ્યું છે - પરંતુ હકીકતમાં, આ આયત પણ હુઝૂર સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ છે. એમાં ફરમાવવામાં આવ્યું છે કે, હે અમારા પયગમ્બરની બીવીઓ ! તમે બીજી સ્ત્રીઓની જેમ નથી. તમારા દરજ્જાઓ અને તમારા એહકામ ઘણા જુદા પ્રકારના છે - પરંતુ ઉમ્મતની માનનીય માતાઓને એ બધી ફઝીલત અને મરતબો કેમ મળ્યા ? - એટલા માટે કે તેઓ મહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓ છે. **જે ઝાતે કરીમના સંબંધમાં આ અઝમત હોય, તો એ પાક ઝાત કેવી ઈઝઝત અને અઝમતવાળી છે !**

આ આયતના અમુક લાભો મળ્યા. એક તો એ કે, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓ તમામ દુનિયાની સ્ત્રીઓ કરતાં ઉચ્ચ છે, ઉત્તમ છે, શ્રેષ્ઠ છે. કેમકે આ આયતમાં ''નિસાઅ'' માં કશી હદ બાંધવામાં આવી નથી. હઝરત મરિયમ, હઝરત આસિયા (ફિરઓનના પુનિત પત્ની) અને હઝરત મૂસા અલયહિસ્સલામનાં વાલિદા રદિયલ્લાહો અન્હુન અજમઈન પોતપોતાના સમયની સ્ત્રીઓ કરતાં અફઝલ હતાં, ઉત્તમ હતાં. પરંતુ હુઝૂર **સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાક પત્નીઓ દરેક જમાનાની પત્નીઓ કરતાં અફઝલ અને બેહતર છે.** બની ઈસરાઈલ વિશે ફરમાવવામાં આવ્યું કે - અમે તમને તમામ વિશ્વવાળાઓ પર ઉચ્ચતા આપી.'' - તો એ જમાનાના લોકો કરતાં તેઓ ખરેખર ઉચ્ચ હતા, ઉત્તમ હતા - **અને હવે આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ગુલામો બધી ઉમ્મતોમાં અફઝલ છે; સર્વોત્તમ છે.**

**બીજું એ, કે આમાં એ ગૂફતગૂ છે કે, હઝરત ફાતિમા રદિયલ્લાહો તઆલા અન્હા અફઝલ છે કે હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા ?** કેટલાક આ આયતને સામે રાખી હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા અફઝલ હોવાનું કહે છે. બલ્કે તમામ સાહિબઝાદીઓ કરતાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તમામ પુનિત પત્નીઓ અફઝલ છે, કેમકે આ આયતે કશું બંધન લગાડ્યું નથી. બીજું એ કે, સાહિબઝાદીઓ ઔલાદ છે અને પુનિત પત્નીઓ માનનીય માતાઓ છે. વળી, માતા વધુ માનને પાત્ર હોય છે. ત્રીજું એ, કે જન્નતમાં હઝરત આઈશા રદિયલ્લાહો તઆલા અન્હા તથા હુઝૂરે અનવરની સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અન્ય પુનિત પત્નીઓ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે મુકામ ફરમાવશે - અને હઝરત ફાતિમા રદિયલ્લાહો તઆલા અન્હા હઝરત મૌલા અલી કરમલ્લાહુ વજહહુ સાથે આને જોતાં જાણવા મળે છે કે, સાહિબઝાદીઓ કરતાં માનનીય માતાઓ અફઝલ છે.

જ્યારે કેટલાક ગૃહસ્થો ફરમાવે છે હઝરત ફાતિમતુઝઝહરા રદિયલ્લાહો તઆલા અન્હા

અમુક કારણોસર હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓ કરતાં અફઝલ છે.

એક તો એ કે, હઝરત ફાતિમા રદિયલ્લાહો તઆલા અન્હાનું ખમીર અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પવિત્ર ખૂનમાંથી છે એટલે કે એમની પવિત્રતા આંતરિક છે કેમક તેઓ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં એક અંગ છે, જ્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓ બહારથી આવેલાં છે.

બીજું એ, કે ખાતૂને જન્નત રદિયલ્લાહો તઆલા અન્હા તમામ જન્નતનાં બીવીઓનાં સરદાર છે. એટલા માટે એમનો લકબ છે : સય્યદતુન્નિસા : સ્ત્રીઓનાં સરદાર : - અને જન્નતની બીવીઓમાં તો હઝરત ઉમ્મહાતુલ મોમેનીન પણ દાખલ છે.

ત્રીજું એ, કે હઝરત ફાતિમા રદિયલ્લાહો **તઆલા મેહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં હમશક્લ છે.**

ચોથું એ, કે હઝરત સય્યદતુન્નિસા રદિયલ્લાહો તઆલા અન્હા 'હયઝ' અને 'નિફાસ' થી પાક છે. (જુઓ : મદારિજુન્નબુવત) એટલે એમને 'ઝેહરા' 'બતુલ' યા 'ફાતિમા' કહે છે. 'ઝેહરા' નો અર્થ છે : જન્નતની કળી, ફાતિમા અને બતુલના અર્થો છે : દુનિયામાં હોવા છતાં દુનિયાથી સંબંધ ન રાખનાર.

અમે અર્ઝ કર્યું છે :

**બતૂલો - ફાતિમા - ઝેહરા લકબ ઈસ વાસ્તે પાયા,**
**કે દુનિયામેં રહેં ઔર દેં પતા જન્નતકી નિકહતકા.**

મબ્સૂત સર્ખસી કિતાબુલ કરાહતિયહ : બાબુલ લમ્સમા છે કે, હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત ખાતૂને જન્નતના પવિત્ર શરીરને સૂંઘતા હતા અને ફરમાવતા હતા કે મને એમાંથી જન્નતની ખુશ્બૂ આવે છે. *(જુઓ - દીવાને 'સાલિક')*

**પરંતુ ફેસલો એ છે કે, પ્રથમ તો આ વિષયમાં ચર્ચા ન કરવી જોઈએ.** આ બંને માનનીય ખાતૂનો આપણાં તો આકા જ છે. એમાંના એક તો **મહબૂબનાં** મહબૂબ છે, જ્યારે બીજા **મહબૂબના** લખ્તે જિગર છે. (રદિયલ્લાહો તઆલા અન્હુમા) જો એ બે મહાન માનનીય ખાતૂનોમાંથી કોઈની પણ પવિત્ર ના'લેન આપણાં હાથમાં આવી જાય હમ-ફકીરોને તો બેડો પાર છે. પણ જો આ ચર્ચાનો કોઈ ચુકાદો જ જોઈતો હોય તો એમ કહી લો કે, અમુક કારણે હઝરત ખાતૂને જન્નત અફઝલ અને અમુક કારણે હઝરત **આઈશા સિદ્દીકા રદિયલ્લાહો તઆલા અન્હા.**

ત્રીજો લાભ આનાથી એ મળ્યો કે, શરઈ એહકામમાં પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પુનિત પત્નીઓ અન્ય પત્નીઓની જેમ નથી. દાખલા તરીકે, બીજી સ્ત્રીઓ તલાક યા પતિના મરણ પછી નિકાહ કરી શકે છે - પરંતુ ઉમ્મતની માનનીય માતાઓ સઘળા મુસલમાનોનાં માનનીય માતાઓ જ છે. બીજી પત્નીઓ પતિનો વારસો મેળવે, પરંતુ ઉમ્મતની માનનીય માતાઓ નહિ. બીજી સ્ત્રીઓને એહતેલામ થાય, પરંતુ ઉમ્મતની માનનીય માતાઓ એનાથી મેહફૂઝ, કારણ કે એહતેલામ (વિર્યસ્ખલન) શયતાની અસરથી થાય છે **અને મહબૂબે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં પુનિત પત્નીઓ સુધી શયતાન ભલા શી રીતે પહોંચી શકે છે ?....**

મિશ્કાત, બાબુલ-ગુસલમાં છે કે, હઝરત ઉમ્મે સલમા રદિયલ્લાહો તઆલા અન્હાએ ઔરતને એહતેલામ થવાની વાત સાંભળી આશ્ચર્ય દર્શાવ્યું. ઉમ્મહાતુલ મોમેનીને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત પછી પોતાનાં વાળ કપાવી નાખ્યા હતા. (જુઓ મુસ્લિમશરીફ :- ગુસલના પાણીની ચર્ચા) કેમકે હવે એમને શણગારની જરૂરત જ રહી નહોતી. બીજી સ્ત્રીઓ વાળ કપાવે એ હરામ છે. એમના મુબારક ઘરમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દફન થયા. બીજી સ્ત્રીઓનાં ઘરોમાં એમનાં પતિને દફન કરાતાં નથી. સારાંશ કે ઘણા એહકામમાં ફર્ક છે.

ફાયદો : તમામ ઉમ્મહાતુલ મોમેનીન દુનિયાભરની સ્ત્રીઓ કરતાં અફઝલ છે. વળી એમનામાં આપસમાં દરજ્જાઓ પણ છે. હઝરત ખદીજતુલ કુબરા અને હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા બાકીનાં માનનીય માતાઓ કરતાં અફઝલ છે. હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા તો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નિકાહમાં કુંવારા આવ્યાં અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત ખદીજતુલ કુબરાને અપરિણીત મળ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો પવિત્ર વંશ હઝરત ખદીજતુલ કુબરાથી ફેલાયો. હઝરત ખદીજા રદિયલ્લાહો તઆલા અન્હાના જીવનમાં હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બીજા નિકાહ ન ફરમાવ્યા. હંમેશા હઝરત ખદીજા રદિયલ્લાહો તઆલા અન્હા તરફથી કુરબાની ફરમાવી, વગેરે વગેરે.

અને હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા ઈલ્મ-વિદ્યામાં તમામ સ્ત્રીઓ કરતાં ઉત્તમ છે. સહાબાએ કિરામ રદિયલ્લાહો તઆલા અન્હુમ અજમઈનના ઈલ્મી મતભેદોનો ફેસલો હઝરત આઈશા સિદીકા ફરમાવતા હતા. મહબૂબે રબ્બુલ આલમીનનાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મહબૂબા આપનો લકબ થયો. આપના મુબારક બિસ્તર પર આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર વહી આવી. હઝરત જિબ્રીલ અલયહિસ્સલામે સલામ અર્ઝ કરી. આંહઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત શરીફ આપના પાક સીના અને ગોદ શરીફમાં થઈ. આપનો હુજરો કયામત સુધી ફરિશ્તાઓ, ઈન્સાનો અને જિન્નાત માટેની ઝિયારતગાહ બન્યો. કેમકે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો એ જ હુજરો અંતિમ આરામગાહ બન્યો. ખુદ હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા 'સિદીક'નાં પુત્રી, સય્યદુલ અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં દુનિયા અને આખેરતમાં પુનિત પત્ની.

**જિનકા પેહલૂ હો નબીકી આખરી આરામગાહ,**
**જિનકે હુજરેમેં કયામત તક નબી હો જાંગુઝીં.**

જ્યારે હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા ઉપર કેટલાક લોકોએ તોહમત લગાડ્યું, તો, 'સૂરએ નુરે' એમની નૂરાનિયત અને નિર્દોષતા બયાન ફરમાવી. હવે જે પણ મુસલમાન કયામત સુધી કુરઆન પઢશે તે હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હાની અસ્મત - ચારિત્ર્યશીલતાની ગવાહી આપશે - સાક્ષી પૂરશે

**વોહ જો હંય 'સૂરએ નૂર' જિનકી ગવાહ,**
**ઉનકી નૂરાની સૂરત પે લાખોં સલામ.** *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

آیت ۶۱: وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗ اَمْرًا

اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ ۞ (پارہ ۲۲ سورۂ احزاب رکوع ۵)

**<u>આયત :- ૬૧</u> અને કોઈ પુરુષ ન કોઈ મુસલમાન સ્ત્રીનો હક છે કે જ્યારે અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કંઈ હુકમ ફરમાવી દે, અને તેમને પોતાના મામલાનો કંઈ અખત્યાર રહે.**

*(પા. ૨૨ : સૂરએ અહઝાબ : રૂકૂઅ ૫)*

આ આયતે-કરીમા પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સ્પષ્ટ ના'ત છે અને એમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ખુદાદાદ અખત્યારોનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ આયતનું "શાને-નુઝૂલ" એ છે કે, હઝરત ઝયદ બિન હારિસાને હુઝૂર પુરનૂરે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આઝાદ ફરમાવ્યા હતા અને તેઓ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં રહેતા હતા. હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમના નિકાહનો પયગામ હઝરત ઝયનબ બિન્તે હઝશ માટે આપ્યો. હઝરત ઝયનબ હુઝૂર પુરનૂરનાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફોઈનાં દીકરી થતાં હતા. તેઓ અમીના બિન્તે અબ્દુલ મુત્તલિબનાં સાહિબઝાદી હતાં. આ પયગામ હઝરત ઝયનબ બિન્તે હજશ અને એમના ભાઈ અબ્દુલ્લાહ ઈબ્ને હજશે મન્ઝૂર રાખ્યો નહિ. હઝરત ઝયનબ કુરેશમાં ઉચ્ચ કુળનાં પુત્રી હતાં અને હઝરત ઝયદ એમના દરજ્જાના કુળના નહોતાં. આથી મજકૂર આયતે-કરીમા નાઝિલ થઈ અને એમાં ફરમાવવામાં આવ્યું કે - **જ્યારે હે મુસલમાનો ! અલ્લાહ અને એના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કોઈ ચીજનો હુકમ ફરમાવી દે. તમારા જાન યા માલ યા કોઈપણ ચીજ વિશે, ત્યારે તમને એમાં દખલ દેવાનો હક નથી રહેતો; એના પર માથું નમાવી દેવાની તમારી ફરજ થઈ પડે છે.**

આ આયત સાંભળીને હઝરત ઝયનબ અને એમના ભાઈ અબ્દુલ્લાહે પણ નિકાહનો પયગામ સ્વીકારી લીધો અને પછી હઝરત ઝયનબનો નિકાહ ખેરખુશીથી હઝરય ઝયદ સાથે થઈ ગયો. આ નિકાહની મહેર દસ દીનાર, એક જોડી પચાસ 'મુદ' ખાણું. ત્રણ 'સાઅ' ખજૂરો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત ઝયનબને આપ્યાં.

આ આયતથી અમુક લાભો મળ્યા. પ્રથમ તો એ કે, અલ્લાહ અને એના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો હુકમ સમાન રીતે અમલને પાત્ર છે. કુરઆનના એહકામ અને હદીષના એહકામ એક જ હુકમમાં છે, કેમકે અહીં એવું ફરમાવવામાં આવ્યું છે કે "જ્યારે અલ્લાહ અને એના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ચુકાદો ફરમાવી દે." અને એ એમ જ થવું પણ જોઈએ. કારણ કે, અલ્લાહનું ફરમાન હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઝરિયાથી પહોંચે છે. હદીષ અને કુરઆનમાં ફરક એટલો જ છે કે, કુરઆનનો મઝમૂન અને ઈબારત એટલે શબ્દો વહી દ્વારા આવ્યાં અને હદીષનો મઝમૂન તો વહી દ્વારા આવ્યો, પણ શબ્દો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના છે. એટલા સારું હદીષની તિલાવત નમાઝમાં નથી થતી. હા, હવે જો ચોક્કસપણે સાબિત થઈ જાય કે આ હદીષ સહીહ છે તો એના પર બધા એહકામ કુરઆનના જારી થશે અને ઈન્કાર કુફ્ર ગણાશે. પણ જો એના હદીષ હોવામાં શંકા હોય તો એ શંકાને કારણે કરાતો ઈન્કાર કુફ્ર ગણાશે નહિ.

નમાઝ, રોઝા, ઝકાત, હજ વગેરે કુરઆનથી સાબિત છે - નમાઝના સમયો, એમની પાંચની સંખ્યા, એમની રકાતો - એવી જ રીતે ઝકાતનો નિસાબ અને તરીકો, રોઝાના ફર્ઝો, હજનો તરીકો એના નિયમો - સારાંશ કે, એ બધી ચીજો હદીષોથી સાબિત છે, બલ્કે એ કે કુરઆનના ત્રીસ પારા છે. આટલી સૂરતો છે. આ મક્કી છે. આ મદની છે. એમાં ફલાણી જગ્યાએ આયત છે. વગેરે એ બધું હદીષથી જ સાબિત છે. **આથી એ માનવું પડશે કે હદીષો દીનનું અનિવાર્ય અંગ છે.**

**બીજું, એ કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મુસલમાનોના જાન, માલ અને ઔલાદના બધાના માલિક છે.** જેમ માલિકની હાજરીમાં નોકરને ઈન્કાર કરવાનો કંઈ હક હોતો નથી તેવી જ રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હુકમ ઉપર કોઈને ઈન્કારનો હક નથી. છોકરીઓનાં માગાં તો અનેક જગ્યાએથી આવતાં જ રહેતાં હોય છે. કોઈને ના અને કોઈને હામી છોકરીઓવાળાં ભરતાં જ રહેતાં હોય છે - પરંતુ આ હઝરત ઝયદનું માંગું હતું. જેનો ઈન્કાર ન હઝરત અબ્દુલ્લાહ કરી શક્યા, ન હઝરત ઝયનબ કરી શક્યા. આ કંઈ પયગામ નહોતો, આ કંઈ માંગું નહોતું, એ તો હતો અમારા-તમારા આકા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો હુકમ.

વળી, નિકાહ સમયે છોકરીની મંજૂરી લેવાય છે કે, તારો નિકાહ ફલાણા સાથે કરી દઈએ ? - પણ હઝરત ઝયનબને એનો પણ અધિકાર ન રહ્યો. **આ છે સલ્તનતે - મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વઅલા આલેહી અસ્હાબેહી વ બારિક વસલ્લિમ.**

**હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું જે ફરમાન શાહી હુકમ તરીકે હશે એને ન માનવાનો હક કોઈને પણ નહિ હોય.** અને જે ફરમાન માત્ર સલાહ સ્વરૂપે હશે એનો સ્વીકાર કરવો બેહતર હશે, પણ અસ્વીકાર કરવાનો પણ હક રહેશે. એટલા માટે જ આયતમાં ફરમાવવામાં આવ્યું કે : "હુકમ ફરમાવી દે !"

હઝરત બરીરહ રદિયલ્લાહો તઆલા અન્હો આઝાદ થયા. આઝાદી મળ્યા પહેલાં એમનો નિકાહ હઝરત મુગીસ સાથે થઈ ચૂક્યો હતો. હવે એમને નિકાહ ફોક કરવાનો અધિકાર મળ્યો. એમણે નિકાહ ફોક કરવા ઇચ્છા દર્શાવી. હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત મુગીસની સિફારિશ ફરમાવી. હઝરત બરીરહે રદિયલ્લાહો તઆલા અન્હો સવિનય અરજ કરી : યા રસૂલલ્લાહ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ આપનો હુકમ છે કે મશ્વરો ?-ફરમાવ્યું: મશ્વરો છે. તેઓએ વિનંતી કરી. "હું મુગીસથી રાજી નથી" આમ કહી એમણે નિકાહ ફોક કરી નાખ્યા.

ત્રીજો લાભ એ મળ્યો કે, જો કોઈપણ સરકારી હુકમ પોતાના સ્વભાવને અનુકૂળ આવતો ભાળે તો એના પર અલ્લાહની હમ્દ અદા કરે - અને જો એ પોતાના સ્વભાવ યા પોતાના મત યા પોતાની બુધ્ધિથી વિરુદ્ધ જણાય તો એને પોતાના સ્વભાવ અને બુધ્ધિનો દોષ ગણે અને પોતાની જાતને એ હુકમનું પાલન કરવા તત્પર બનાવે. ઈન્શાઅલ્લાહ, ભલાઈ એમાં જ જોશે. એ હુકમ સામે વાંધો ઊઠાવવો એ કમબખ્તીની નિશાની છે. જુઓ - લગ્નમાં સમાન કુળ કે દરજ્જાનું ધ્યાન રાખવામાં આવે છે. હઝરત ઝયદ હઝરત ઝયનબના કુળના નહોતા - પણ દરબારે રિસાલાતમાંથી હુકમ મળ્યો એટલે એ શિરે ચઢાવવો જ રહ્યો. એમાં જરા યે આનાકાની ન ચાલે. **એ હુકમ તો સૌના ઉપર એકસરખો ચાલે છે.**

**"રૂહુલ-બયાને"** આ આયત હેઠળ ફરમાવ્યું કે, મુરીદે પોતાના મુર્શિદનો હુકમ જરાયે ચૂં કે ચા કર્યા વિના માથે ચઢાવવો જોઈએ. **મવલાના રૂમ ફરમાવે છે.**

**(અર્થાત્)** : તરીકતના રાહની સફર માટે પીરને મેળવો, નહિતર ભય છે. અને પીરને પકડી લીધો તો પછી માથાથી માંડીને તે પગ સુધી પીરની આજ્ઞાનું પાલન કરો. હઝરત મૂસા અલયહિસ્સલામને હઝરત ખિઝર અલયહિસ્સલામે ફરમાવ્યું હતું કે, તમે મારી કોઈ વાત સામે વાંધો ઉઠાવશો નહિ. ત્યાર પછી મવલાના રૂમ વધુમાં ફરમાવે છે કે :

**(અર્થાત્)** : જો તેઓ હોડીને તોડીફોડી નાખે તો મૌન ધરો; જો તેઓ બાળકનું ખૂન કરી નાખે તો પ્રશ્ન ન કરો; પણ આ હુકમ મુર્શિદે - કામિલ માટે છે - અધૂરો મુર્શિદ તો મુરીદને પણ લટકાવી મારશે, ગુમરાહ અથવા ફાસિક પીરના હાથમાં હાથ આપવો એ તો પોતાની જાત ઉપર બહુ મોટો જુલમ કરવા બરાબર છે. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

★ *ચમક તુઝ સે, પાતે હંય સબ પાને વાલે,*
*મેરા દિલ ભી ચમકા દે ચમકાને વાલે.*

★ *બરસતા નહીં દેખ કર અબ્રે રહેમત,*
*બદોં પર ભી બરસાદે બરસાને વાલે.*

★ *મદીને કે ખિત્તે ખુદા તુઝ કો રખ્ખે,*
*ગરીબોં ફકીરોં કે ઠહેરાને વાલે.*

★ *તૂં ઝિન્દા હય વલ્લાહ, તૂં ઝિન્દા હય વલ્લાહ,*
*મેરે ચશ્મે આલમ સે, છૂપ જાને વાલે.*

★ *મૈં મુજરિમ હૂં આકા, મુઝે સાથ લે લો,*
*કે રસ્તે મેં હંય જા-બ-જા થાને વાલે.*

★ *હરમ કી ઝમીં ઔર કદમ રખ કે ચલના,*
*અરે સર કા મૌકા હય ઓ જાને વાલે,*

★ *તેરા ખાએં તેરે ગુલામોં સે ઉલ્ઝેં,*
*હંય મુન્કર અજબ ખાને ગુર્રાને વાલે.*

★ *રહેગા યૂંહી ઉન કા ચર્ચા રહેગા,*
*પડે ખાક હો જાએં જલ જાને વાલે.*

★ *અબ આઈ શફાઅત કી સાઅત અબ આઈ,*
*ઝરા ચૈન લે મેરે ગભરાને વાલે.*

★ *'રઝા' નફસ દુશ્મન હંય, દમ મેં ન આના,*
*કહાં તુમને દેખે હંય ચંદરાને વાલે.*

آیت ۶۲ : مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ

النَّبِيّٖنَ ؕ (پارہ ۲۲، سورۂ احزاب رکوع ۵)

**આયત :- ૬૨ મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ), આપ પુરુષોમાંથી કોઈના પિતા નથી - હા, અલ્લાહના રસૂલ છો અને બધા નબીઓથી પાછળના.** *(પા. ૨૨ : સૂરએ અહઝાબ : રૂકૂઅ ૫)*

આ મહાન આયત પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખુલ્લી ના'ત શરીફ છે. એના વિષે કેટલીક બાબતો ગંભીર ધ્યાન માગી લે છે. પ્રથમ તો એનું 'શાને-નુઝૂલ'. બીજું એના લાભો, ત્રીજું અંતિમ નબીનો અર્થ.

આ આયત, આગળ આવી ગયેલી આયતો સાથે સંબંધ ધરાવે છે. તે એવી રીતે, કે હઝરત ઝયનબનો નિકાહ હઝરત ઝયદ સાથે કરી દેવામાં આવ્યા પછી, અલ્લાહનું કરવું તે, બન્ને પતિ-પત્ની વચ્ચે મનમેળ જામ્યો નહિ. અને હઝરત ઝયદે હઝરત ઝયનબને તલાક આપી દીધી. ત્યાર બાદ હઝરત ઝયનબ રદિયલ્લાહો તઆલા અન્હાનો નિકાહ હુઝૂર સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે થયો.

**(અર્થાત્) : પછી જ્યારે ઝયદનો સ્વાર્થ એમનાથી સરી ગયો, ત્યારે અમે એમને આપના નિકાહમાં દઈ દીધાં.** *(અલ - કુરઆન)*

હઝરત ઝયનબ રદિયલ્લાહો તઆલા અન્હા ગર્વ લઈને ફરમાવતાં હતાં કે, બધી સ્ત્રીઓના નિકાહ તો એમનાં સગાંવહાલાં કરે છે - પણ મારો નિકાહ તો મારા રબે અર્શે કરાવ્યો.

હઝરત ઝયદ બિન હારિસાને હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના ફરઝન્દ ફરમાવ્યા હતા - તેમને પોતાના મોંબોલ્યા બેટા બનાવ્યા હતા - એટલે કેટલાક કાફિરોએ એવો વાંધો ઉપાડ્યો કે આપે પોતાના પુત્રની પત્ની સાથે નિકાહ કરી લીધા એમના આ વાંધાનો રબતઆલાએ એવો જવાબ આપ્યો કે, પુત્રવધૂ હરામ હોવા વિશેના એહકામ તો સગા પુત્રની પત્ની સંબંધે હોય છે. જ્યારે અમારા મહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો તમારામાંના કોઈપણ પુરુષના પિતા નથી. તો પછી એમનો કોઈ પુત્ર કેવી રીતે થયો ? - અને જ્યારે પુત્ર જ નથી તો પછી પુત્રની પત્ની આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માટે શી રીતે હરામ થઈ ?

આ આયતમાં કેટલાક પ્રકારે ના'ત સાબિત થઈ રહી છે. પ્રથમ તો એ કે, વાંધો તો ઊઠાવાય અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સામે; અને એનો જવાબ આપે રબતઆલા પોતે ! વળી, આમાં એમ પણ દર્શાવાયું નથી કે, "મહબૂબ ! આપ ફરમાવી દો !" - બલ્કે પરવરદિગાર ખુદ પોતે જવાબ આપે છે. આનો અર્થ એ થયો કે, અલ્લાહના હબીબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર આક્ષેપ કરવો એ પરવરદિગાર ઉપર આક્ષેપ કર્યા સમાન છે. એટલા માટે પહેલાં ફરમાવવામાં આવ્યું હતું - અમે આપનો નિકાહ કરી દીધો - કહો - હવે કોણ વાંધો ઉઠાવે છે ?

બીજું એ, કે કુરઆને કરીમમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પવિત્ર નામ વડે કયાયે સંબોધન કરવામાં આવ્યું નથી. માત્ર ચાર જગ્યાએ આપનું (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નામ આવ્યું છે. એક તો આ આયતમાં બીજું, સૂરએ ફત્હમાં ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ...'' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ). ત્રીજું, સૂરએ મુહમ્મદમાં ''બેમા નુઝઝેલા અલા મુહમ્મદિન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.'' ચોથું, ''વમા મુહમ્મદુન ઈલ્લા રસૂલુન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.'' આ પાક પવિત્ર નામ આવે એણાં ઘણી મસ્લહત સમાયેલી છે. પાક નામ ચાર જગ્યાએ આવ્યું, કેમકે નામ 'મુહમ્મદ' ના અક્ષરો પણ ચાર જ છે. અલ્લાહ જ જાણે, ચારમાં શી ખૂબી – ખાસિયતો રહેલી છે ! મારા ''દીવાને સાલિક'' માં મેં આ જ અર્થના બે અશઆર કહ્યા છે :

**ચાર રુસલ, ફરિશ્તે ચાર ચાર કુતબ હંય, દીન ચાર**
**સિલસિલે દોનોં ચાર ચાર, લુત્ફ અજીબ હસ ચાર મેં**
**આતિશો, આબો, ખાકો, બાદ, સબકા ઉન્હીસે હય સબાત**
**ચારકા સારા માજરા ખત્મ હય ચાર ચાર મેં**

મુહમ્મદ શબ્દ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું 'ઝાતી' નામ છે અને બાકીનાં નામ 'સિફાતી' નામો છે. જેમકે અલ્લાહ શબ્દ ખુદાનું 'ઝાતી' નામ છે અને બાકીનાં નામ સિફાતી નામ છે. પરંતુ 'મુહમ્મદ' શબ્દને અલ્લાહ સાથે ગાઢ સંબંધ છે. મુહમ્મદમાં ચાર અક્ષરો છે. અલ્લાહમાં પણ ચાર, મુહમ્મદમાં 'તશદીદ' એક : અલ્લાહમાં પણ એક ! અલ્લાહની તશદીદ ઉપર અલિફ છે. પણ તે મુહમ્મદની તશદીદ ઉપર નથી. આથી જાણવા મળ્યું કે, રબતઆલા રાજા છે અને અલ્લાહના રસૂલ મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એના વડા પ્રધાન. વળી 'અલ્લાહ' બોલો ત્યારે બન્ને હોઠ જુદા થઈ જાય છે અને 'મુહમ્મદ' બોલો, ત્યારે નીચેનો હોઠ ઉપરના હોઠ સાથે મળી જાય છે આથી જાણવા મળે છે કે, અલ્લાહની ઝાત એટલી બાલા અને બુલન્દ છે કે, અમો બન્દાઓની ત્યાં સુધી પહોંચ અશકય છે, પરંતુ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ નીચાઓને (અમ-ગુનેહગારોને) એ બુલન્દ અને બાલા ઝાત સુધી પહોંચાડી દેનારા છે.

**તેરી ઝાતમેં જો ફના હુવા,**
**વોહ ફનાસે 'નવ' કા અદદ બના.**
**જો ઉસે મિટાએ વોહ ખુદ મિટે,**
**વોહ હય બાકી ઉસકો ફના નહીં..**

'મુહમ્મદ' શબ્દના 'અદદ' છે. ૯૨. બાણુંમાં મુખ્ય નવ છે અને અજબ ચમત્કાર છે, કે નવને બધા પલાખામાં ગણી જાઓ - પણ તે નવનો નવ જ રહેશે. ૯, ૧૮, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, એમનાં આંકોનો સરવાળો કરો તો જવાબ '૯' જ આવશે. એવી જ રીતે ૧ થી માંડીને ૯ સુધીના એકાંક લો. એનો છેડાના આંક સાથે સરવાળો કરશો તો જવાબ ૯ જ આવશે. દાખલા તરીકે; ૧ અને ૮, ૨ અને ૭, ૩ અને ૬, ૪ અને ૫ વેગેરે.

**લાઈલાહ ઈલ્લલ્લાહોમાં બાર અક્ષરો છે. મુહમ્મદુર્રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે** વસલ્લમ) માં પણ બાર અક્ષરો છે. એવી જ રીતે અબૂબક્ર સીદિક, ઉમર ઈબ્ને અલખત્તાબ, ઉસ્માન ઈબ્ને અફફાન, અલી ઈબ્ને અબૂ તાલિબ રદિયલ્લાહો તઆલા અન્હુમએ બધામાં બાર - બાર અક્ષરો છે.

આ શબ્દ "મુહમ્મદ" માં ઘણી તાસીરો છે. જો કોઈને ત્યાં માત્ર છોકરીઓ જ જન્મતી હોય તો તે પોતાની સર્ગભા પત્નીના પેટ ઉપર આંગળી વડે લખી નાખ્યા કરે : "મન કાના ફી હાઝલ બતને ફઈસ્મોહુ મુહમ્મદ". આ આમલ ચાળીસ દિવસ સુધી કરવામાં આવે - પણ તે ગર્ભના શરૂઆતના દિવસોમાં કરવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવું - ઈન્શાઅલ્લાહ, પુત્રનો જ જન્મ થશે.

**જે છોકરાનું નામ મુહમ્મદ હોય, એનું બરાબર માન જાળવવું જોઈએ, એનું નામ બગાડીને લેવું ન જોઈએ, સારાંશ કે, મુહમ્મદ નામની પૂરેપૂરી અદબ જાળવવી જોઈએ.** *(રૂહુલ બયાન)*

"મુહમ્મદ" શબ્દના કેટલાક ગુણો અમે "કદ જાઅકુમ બુરહાનુમ મિર્રબ્બેકુમ" માં વર્ણવી ચૂક્યા છીએ. અહીં વધુમાં એટલું સમજી લો કે, "મુહમ્મદ" નો અર્થ થાય છે - **"બધી રીતે તારીફને લાયક." એવો પ્રશંસાપાત્ર કે જેમાં તલમાત્ર પણ ખામી કે એબનો અવકાશ કે અંશ જ ન હોય. જે એમને "મુહમ્મદ" (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કહીને એમનામાં એબ કાઢે, એમનામાં ખોડખાંપણ શોધે, તો પોતાના જ મોઢે પોતે જુઠ્ઠો ઠરે છે.** એટલા માટે જ કાફિરો આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને "મઝમમ" કહીને બકવાસ કરતાં હતા. સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : **"રબતઆલાએ મને એમની ગાળોથી બચાવ્યો, કેમકે તેઓ "મઝમમ" ને બુરો કહે છે. અમે તો મુહમ્મદ છીએ."** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ).

વળી, 'મુહમ્મદ' (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો અર્થ છે. **"બધાની પ્રશંસા પામેલો."** - અર્થાત, સર્જનહાર પણ આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તારીફ ફરમાવે છે અને સૃષ્ટિ પણ. અને આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તો સદાથી તારીફ પામેલા છે. આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તારીફ દુનિયાના સર્જન પહેલાંથી શરૂ થઈ અને કયામત સુધી, બલ્કે સદાને માટે આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તારીફ થતી રહેશે. આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દરેક જગ્યાએ તારીફ પામેલા છે. અર્શ, ફર્શ, જળ અને સ્થળ, વન અને પર્વત. દરેક સ્થળે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તારીફ છે. "મુહમ્મદ" (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માં બે 'મીમ', એક 'હય' અને એક 'દાલ' છે. બે મીમનો મતલબ મુલ્ક, દુનિયા અને આખેરત છે. 'હય' થી મુરાદ રહમત અને 'દાલ'નો આશય કાયમી - અર્થાત, **નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બંને જહાનની કાયમી - હંમેશની રહમત છે.** *(જુઓ : દલાઈલુલ ખયરાત શરીફ)*

**અબા અહદિમ્મિર્રિજાલેકુમ...** માં ફરમાવવામાં આવ્યું કે, - આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમારામાંથી કોઈના પણ પિતા નથી. અર્થાત, આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત ફાતિમા, રુકય્યા, કુલસુમ અને ઝયનબ રદિયલ્લાહો તઆલા અન્હુનના વાલિદ છે, પણ કોઈ પુરુષના પિતા નથી. હઝરત ઈબ્રાહીમ, તય્યબ, તાહિર અને કાસિમ રદિયલ્લાહો તઆલા

અન્હુમ એ બધા હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના પુત્રો બાળપણમાં જ વફાત પામી ગયા હતા. એમને 'પુરુષ' કહીને ઉલ્લેખી શકાય તેમ નથી. આનો એક એવો લાભ પણ મળ્યો કે,જ્યારે કોઈ પુરુષને એવો હક નથી કે, તે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પિતા કે બાપ કહીને બોલાવે, તો પછી ભાઈ કહીને સંબોધવા એ તો તદન જ હરામ ઠરે છે.

''ખાતમન્નબિય્યીન'' માં ફરમાવવામાં આવ્યું કે, તેઓ અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે અને નબીઓમાં સૌથી છેલ્લા. 'ખત્મ' નો અર્થ 'છાપ' નો પણ થાય અને 'છેવટનો' પણ સહીસિક્કાની છાપને પણ 'ખાતમ' એટલા માટે કહેવામાં આવે છે કે, એ લખાણની છેક છેવટમાં મારવામાં આવે છે. આ વાતને એમ પણ સમજી શકાય છે કે, કોઈ કોથળા ઉપર છાપ લાગી ગઈ, તો પછી એની અંદર બહારની કોઈ વસ્તુને દાખલ થવાનો અવકાશ જ રહેતો નથી. આ જ પ્રમાણે નબૂવ્વત - સિલસિલા પર આ આખરી મોહર લાગી ગઈ. નબૂવ્વત - ઉદ્યાનનું અંતિમ પુષ્પ ખીલી ચૂક્યું.

ખુદ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ''અંતિમ નબી'' નો એવો અર્થ ફરમાવ્યો છે કે, ''મારા પછી કોઈ નબી નથી.'' આ ફરમાન પછી ગમે તેવો કોઈ પણ શખ્સ આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પછી કોઈ નબી હોવાનું માને તો એ બેદીન અને મુર્તદ છે.

એ જ પ્રકારે જો કોઈ ''અંતિમ નબી'' નો અર્થ ''બિલ્ઝાત'' કરે, અને કોઈ બીજા નબીનું આગમન મુમ્કિન માને, તો એ પણ મુર્તદ છે. હઝરત ઈસા અલયહિસ્સલામની બેશક પધરામણી થશે. પરંતુ તેઓ પહેલાંના નબી હશે, પાછળના નહિ - અને હવે તેઓ ઉમ્મતી તરીકે તશરીફ લાવશે. ''આખરી ફરઝન્દ'' નો અર્થ એવો થાય છે કે, એના પછી કોઈ ફરઝન્દ પેદા ન થયો, એનો એવો અર્થ નથી થતો કે પહેલાં થયેલા ફરઝન્દો પણ વફાત પામી ગયા. આથી જો કે હઝરત ઈસા અલયહિસ્સલામ, હઝરત ખિઝર, હઝરત ઈદરીસ, હઝરત ઈલિયાસ અલયહિમુસ્સલામ આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાનામાં જીવન્ત રહ્યા અને હજી પણ જીવન્ત છે, તેમ છતાં એમને નબૂવ્વત પહેલાં મળી ચૂકી હતી અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પધરામણી થતાં એ બધાના એહકામ મન્સૂખ થઈ ગયા. ફરી એમને નબૂવ્વત ન મળી. જેવી રીતે સૂરજ નીકળતાં જે તારો જ્યાં પણ હોય છે ત્યાં જ છુપાઈ જાય છે, એવી રીતે હઝરત ખિઝર અને હઝરત ઈલિયાસ અલયહિમુસ્સલામ જમીન ઉપર તો જીવે છે અને હઝરત ઈસા અને હઝરત ઈદરીસ અલયહિમુસ્સલામ આસમાનો ઉપર - પરંતુ જ્યાં હતા ત્યાં જ એમના એહકામ ખતમ થઈ ગયા.

**સબ જગમગાએ રાતભર, ચમકે જો તુમ કોઈ નહીં.**

એક ન્યાયાધીશ બીજા ન્યાયાધીશની અદાલતમાં સાક્ષી આપવા જાય, તો તે ભલે ને પોતાના વિભાગનો જજ હોય, પણ અહીં તો તે સાક્ષી તરીકે જ હાજર થશે. એવી જ રીતે હઝરત ઈસા અલયહિસ્સલામ પોતાના જમાનાના તો નબી છે, પણ હવે એમની જે પધરામણી થશે તે સલ્તનતે - મુસ્તફામાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થશે. એ વખતે હઝરત ઈસા અલયહિસ્સલામની નબૂવ્વત ફરીથી જાહેર નહિ થાય.

બીજું, નબૂવ્વતનો સંબંધ રબ સાથે દરજ્જા અને નિકટતા વગેરેનો છે અને મખ્લૂક સાથે એહકામની તબ્લીગનો છે. આથી અલ્લાહની જે નિકટતા એમને હાસિલ થઈ ચૂકી છે તે તો

ક્યારેય નષ્ટ થશે નહિ. હા, તબ્લીગ ફરમાવવી ખતમ થઈ ગઈ. હવે તેઓ પોતાના એહકામની તબ્લીગ ફરમાવી શકતા નથી.

હઝરત મૂસા અલયહિસ્સલામ હઝરત ખિઝર અલયહિસ્સલામને મળવા ગયા, ત્યારે હઝરત ખિઝર અલયહિસ્સલામે ફરમાવ્યું કે, હે મૂસા ! અલયહિસ્સલામ આપ બની ઈસરાઈલના નબી છો. મારા કોઈ કાર્યનો વિરોધ કરશો નહિ. અર્થાત, હું આપના વર્તુળમાં નથી. હઝરત મૂસા અલયહિસ્સલામે ફરમાવ્યું "બહુ સારૂં, હું વચ્ચે નહિ બોલું."

ત્યારબાદ હઝરત ખિઝર અલયહિસ્સલામે જેટલાં કાર્યો કર્યાં એ બધાં હઝરત મૂસા અલયહિસ્સલામના દીનની સરાસર વિરૂદ્ધ હતા - બાળકને ગુનાહ પહેલાં જ મારી નાખવું, વગેરે - તેમ છતાં હઝરત મૂસા અલયહિસ્સલામ હઝરત ખિઝર અલયહિસ્સલામ ઉપર પોતાના એહકામ જારી ફરમાવી ન શક્યા. આખરે શા માટે ? શું આપ નબી રહ્યા નહોતા ? - નબી તો હતા - પણ અહીં તબ્લીગ ફરમાવી શક્યા નહોતા.

આ જ બાબત હઝરત ઈસા અલયહિસ્સલામ અને આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જમાનાને લાગુ પડે છે.

આ ટૂંક છણાવટ, જો ગંભીરભાવે સમજવામાં આવે તો, ઈન્શાઅલ્લાહ ઘણી જ લાભકર્તા પુરવાર થઈ શકે તેમ છે. *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

★ *પુલ સે ઉતારો રાહ ગુઝર કો ખબર ન હો,*
*જિબ્રઈલ પર બિછાએં, તો પર કો ખબર ન હો.*

★ *કાંટા મેરે જિગર સે ગમે રોઝગાર કા,*
*યૂં ખીંચ લીજીએ કે જિગર કો ખબર ન હો.*

★ *ફરિયાદ ઉમ્મતી જો કરે હાલે ઝાર મેં,*
*મુમકિન નહીં કે ખૈરે બશર કો ખબર ન હો.*

★ *કેહતી થી યે બુરાક સે ઉસ કી સુબૂક રવી,*
*યૂં જાઈયે કે ગર્દે સફર કો ખબર ન હો.*

★ *ફરમાતે હંય, યે દોનોં હંય સરદારે દો જહાં,*
*એ મુરતઝા, અતીકો ઉમર કો ખબર ન હો.*

★ *ઐસા ગુમા દે, ઉન કી વિલા મેં ખુદા હમેં,*
*ઢૂંઢા કરે, પર અપની ખબર કો ખબર ન હો.*

★ *એ શોકે દિલ, યે સજદા ગર ઉન કો રવા નહીં,*
*અચ્છા વો સજદા કીજીએ કે સર કો ખબર ન હો.*

★ *ઉન કે સિવા 'રઝા' કોઈ હામી નહીં જહાં,*
*ગુઝરા કરે પિસર પે, પિદર કો કબર ન હો.*

آیت ۶۳ : یٰۤاَیُّهَا النَّبِیُّ اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِیْرًا

وَّدَاعِیًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ وَسِرَاجًا مُّنِیْرًا ۝ (پارہ ۲۲ سورۂ احزاب رکوع ۶)

**<u>આયત :- ૬૩</u> હે ગયબની ખબરો બતાવનાર, બેશક અમે આપને મોકલ્યા હાઝિર અને નાઝિર ખુશખબરી આપતા અને ડર સંભળાવતા અને અલ્લાહની તરફ એના હુકમથી બોલાવનારા અને ચમકાવી દેનારા ચિરાગ.**

*(પા. ૨૨ : સૂરએ અહઝાબ : રૂકૂઅ ૬)*

આ મહાન આયત પણ હુઝૂર રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'તોનો સમૂહ છે અને એમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઘણીબધી ખાસ સિફતોનું વર્ણન ફરમાવવામાં આવ્યું છે.

આ આયતમાં આઠ બાબતો વિચારવા જેવી છે :

(૧) "યા" ની ચર્ચા, (૨) અન્નબિય્યો, (૩) અરસલનાકા, (૪) શાહેદન, (૫) મુબશ્શેરન, (૬) નઝીરન, (૭) દાએયન, (૮) સિરાજમ્મુનીરા. જો આ આઠ બાબતોની વિસ્તૃત છણાવટ કરવામાં આવે, તો એ માટે આઠ દળદાર ગ્રંથ જોઈએ - એટલે એ સંબંધમાં અમુક ખાસ ચીજો રજૂ કરવામાં આવે છે.

(૧) "યા" પુકારવાનો, બોલાવવાનો, સંબોધવાનો શબ્દ છે. પુકારવું અમુક કારણોસર હોય છે. ગાફિલનું ધ્યાન દોરવું, કોપ જાહેર કરવો જેમકે ઓ ખબીસ ! બુઝુર્ગી જાહેર કરવી - જેમકે "યા અય્યોહલ મુઝમ્મિલો -" : મહબ્બતનું પ્રદર્શન કરવું જેમકે હે પ્યારા ! વગેરે. અત્રે "યા" મહબ્બત પ્રદર્શિત કરવા માટે છે, કેમકે હુઝૂર સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પળવાર માટે પણ રબથી ગાફિલ નથી. એટલે આપને સારા ઈલ્કાબે સંબોધવામાં આવે છે.

(૨) નબીના બે અર્થો છે : ખબરો આપનાર અથવા મોટા દરજ્જાવાળા. અહીં બન્ને અર્થો કાઢી શકાય તેમ તો છે, પરંતુ પહેલો અર્થ એમાં વધુ સુયોગ્ય છે, કેમકે એના આગળ આવે છે "શાહેદન" (સાક્ષી, ગવાહ) વગેરે. અને એ ખબરો જ છે. હુઝૂર પૂરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નબી પણ છે અને રસૂલ પણ. મુઝમ્મિલ પણ છે; મુદસ્સિર પણ. પરંતુ અહીં નબી વડે એટલા સારૂ સંબોધન કરવામાં આવ્યું કે, આગળ "અરસલના" માં રિસાલતનો ઉલ્લેખ આવે છે - આમ, નબૂવ્વત અને રિસાલત બેઉનું વર્ણન આવી ગયું.

તદુપરાંત, 'નબી' થી મુરાદ તો લેવામાં આવે કે, "અમારી ખબરો બન્દાઓ સુધી પહોંચાડનારા" અને "શાહેદ" અર્થાત "ગવાહ" થી મુરાદ લેવાય કે "બન્દાઓની ખબરો અમને આપનારા કયામતને દિવસે -" યા 'નબી' ! અમારી ખબરો આપનાર, અને 'શાહેદ' ! જન્નત અને દોઝખની ગવાહી આપનારા. તો એ પુરલુત્ફ વાત હશે. અરસલનાકા' થી એ તરફ ઈશારો છે કે, અમે આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મોકલ્યા છે; એટલે આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તા'ઝીમ અને તવહીન અમારી તા'ઝીમ અને તવહીન છે અને આપના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર એ'તરાઝ એ અમારા પર એ'તરાઝ છે. એ કારણે જ, રબતઆલાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તરફથી જવાબો આપ્યા.

**(૩) ''શાહેદ'' નાં ત્રણ અર્થો છે :** ગવાહ, મૌજૂદ, હાજર, મેહબૂબ. ખરૂં જોતાં શાહેદ તો હાજરને જ કહેવામાં આવે છે. ''આલેમુલ ગયબે વશ્શહાદતે'' ગવાહ અને મેહબૂબને પણ એટલા માટે 'શાહેદ' કહેવામાં આવે છે કે ગવાહ તો ઘટના સ્થળે મૌજૂદ હતો અને મહબૂબ આશિકના દિલમાં હાજર રહે છે.

ગવાહનો અર્થ અહીં લેવામાં આવે તો, એ દેખીતું છે કે, **હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કયામતમાં સૌની ગવાહી આપશે. ''વજેઅના બેકા અલા હાઉલાએ શહીદા''....** આ ઉપરાંત તમામ નબીઓએ જન્નત અને દોઝખની ગવાહી સાંભળીને આપી, પણ સરદારે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ગવાહી મેઅરાજમાં બધું સગી આંખે જોયા કર્યા પછી આપી. **એટલા માટે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ''શાહિદે - હકીકી'' છે.** આથી આપ જેના ઈમાન યા કુફ્રની ગવાહી આપી દે તો એથી વિરુદ્ધ બનવું શક્ય જ નથી.હવે જો કોઈ હઝરત સિદીકે અકબર અને ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલા અન્હુમ વગેરેના ઈમાનમાં શક કરે, તે પોતે જ બેદીન છે કેમકે એમ કરીને હુઝૂર મુહમ્મદે અમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સદાકતમાં શક કરી રહ્યા છે. હુઝૂર પુરનૂર **(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જેના ઈમાનની ગવાહી આપી રહ્યા હોય એમાં પછી શક શેનો ને શંકા કેવી ?**

વળી, હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અલ્લાહની સલ્તનતના સરકારી ગવાહ છે. - તાજના સાક્ષી અને સરકારી ગવાહની સાક્ષી ઉલટતપાસ વિના જ કબૂલ કરી લેવાની હોય છે. બલ્કે જે એ સાક્ષી પર ઉલટ તપાસનો પ્રયાસ કરે એ દોષિત ઠરે છે. સિવિલ સર્જ્યન જેને બીમાર જે એ સાક્ષી પર ઉલટ તપાસનો પ્રયાસ કરે એ દોષિત કરે છે. સિવિલ સર્જ્યન જેને બીમાર કહી દે અથવા એન્જિનિયર જે મકાનને કમજોર ઠેરવે યા વિદ્યાપીઠ જેને પાસ કરી દઈને જેના વિદ્યાજ્ઞાનની ગવાહી આપી દે એને હુકૂમત કશાયે પ્રશ્નોત્તર વિના સ્વીકારી લે છે. **એવી જ રીતે હુઝૂર સરકારે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જેના ઈમાન યા કુફ્રની ગવાહી દઈ દે તે રબતઆલાને ત્યાં કશા પણ પ્રશ્નોત્તર વિના કબૂલ થઈ જાય છે.** વળી, મુકદમાનો દારોમદાર અને પક્ષોની હારજીતનો આધાર માત્ર ગવાહી ઉપર હોય છે. જો ગવાહ બળવાન હોય તો વકીલ પણ બળવાન, અને ન્યાયાધીશનો ચુકાદો પણ સબળ હશે, નહિતર નહિ.

**દુનિયામાં તવહીદના સબૂતનો દારોમદાર હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર છે અને આખેરતમાં તમામ ખલ્કનો જન્નતી - દોઝખી હોવાનો દારોમદાર પણ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર જ છે. ત્યાં બધા હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મુબારક મોં ઉપર જ મીટ માંડતા હશે, કેમકે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દુનિયામાં ખાલિકના ગવાહ છે અને આખેરતમાં મખ્લૂકના ગવાહ.**

**ગવાહમાં ઘણાં લક્ષણો હોય છે, જેમાં ત્રણ અનિવાર્ય છે :**

(૧) ગવાહ ગવાહી હાસિલ કરતી વખતે બનાવના પ્રસંગે હાજર થઈને જુએ અને ગવાહી આપતી વખતે સત્તાવાળાઓ સામે હાજર થાય. એ જ કારણે તે 'શાહિદ' યા 'શહીદ' કહેવાય છે - એટલે કે હાજર.

(૨) ફરિયાદી એવી તનતોડ કોશિશ કરે છે કે, ગવાહ સફળ રહે. જેથી મુકદમો સફળ રહે. પ્રતિવાદી - સામો પક્ષ - ગવાહને નિષ્ફળ બનાવવાની કોશિશ કરે છે. એ ગવાહની ઉલટ તપાસ લેવડાવે છે, એ જ ગવાહના જ્ઞાન સામે વાંધો ઉઠાવે છે કે, ગવાહ કંઈ જાણતો નથી. એ અજાણ છે.

(૩) ગવાહ સામે લેવાયેલો વાંધો ખરૂં જોતાં ફરિયાદી સામે ઉઠાવાયેલો વાંધો હોય છે. એટલા માટે ગવાહનો દુશ્મન ફરિયાદીનો દુશ્મન હોય છે. નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ દુનિયામાં ખલ્કની સામે ખાલિકના, જન્નત અને જહન્નમના તેમજ તમામ ગયબી ચીજોના ગવાહ છે - આથી દુનિયામાં પધરામણી થતાં પહેલાં સર્જનહારની તદન સમીપ રહીને તમામ ચીજોને બરાબર જોઈજાણીને દુનિયામાં તશરીફ લાવ્યા. આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આખેરતમાં ખાલિક સમક્ષ મખ્લૂકના ગવાહ હશે. આથી દરેક હાલતથી આપ જાણકાર હોય એ જરૂરી છે. જો એમ ન હોય તો ગવાહી શાની ? હવે, આજે જેઓ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઈલ્મ અંગે વાંધો ઉઠાવી રહ્યા છે. જાણી લો કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની ગવાહી એમની વિરુદ્ધ પડવાની છે. આ વાંધાવાળાઓને પ્રતિવાદીઓ ગણવાના છે, કારણ કે ગવાહના ઈલ્મની તપાસ એ જ કરશે, જેની વિરુદ્ધ ગવાહી હોય !

વળી, સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જ્ઞાન અને ગુણોની વિરુધ્ધતા ખરૂં જોતાં તો રબતઆલાની વિરુધ્ધતા કરવા જેવું છે, કેમકે હુઝૂર સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રબતઆલાના ગવાહ છે.

અત્રે એ ધ્યાનમાં રાખવાનું કે, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ગવાહી ચાર જાતની છે : ખાલિકના ગવાહ મખ્લૂકની સામે; મખ્લૂકના ગવાહ ખાલિકના સામે; ખાલિકના ગવાહ ખાલિકની પાસે; મખ્લૂકના ગવાહ મખ્લૂકની સામે; જેના જન્નતી હોવાની હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ગવાહી આપે તે નિશંક જન્નતી છે. જેને ભલો કહી દે તે ભલો અને ભૂંડો કહી દે તે ભૂંડો છે. આપ જે ચીજને હલાલ ફરમાવી દે તે હલાલ અને હરામ કહી દે તે હરામ છે, કેમકે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો સાચા ગવાહ છે. આ શાહિદે રબ્બુલ આલમીન : વિશ્વસર્જકના સાક્ષી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) : ના મુબારક મુખેથી જે નીકળે તે સત્ય. જેમ સોનાની ખાણમાંથી લોઢું ન નીકળે, એવી જ રીતે પરવરદિગારના આ પાક શાહિદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની પવિત્ર ઝુબાનેથી અસત્ય નીકળતું નથી. અહીં "હાજર" નો અર્થ પણ નીકળે છે. અર્થાત, આપ સૃષ્ટિના કણેકણમાં 'હાઝિર' અને 'નાઝિર' છે.

અત્રે એટલું સમજી લો કે, આજે તબીબો કહે છે કે, દવાની શક્તિ રોગ કરતાં અધિક હોવી જોઈએ. જેથી એ રોગને દબાવી શકે, નહિતર દવા પોતે રોગથી દબાઈ જશે. શૈતાન રોગ છે અને નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈલાજ. જ્યારે શૈતાનને એટલી શક્તિ આપવામાં આવી છે કે "શયતાન આખી દુનિયા ઉપર નજર રાખે છે," કે જ્યાં કોઈએ નેકીનો ઈરાદો કર્યો કે તરત જ એણે આવીને એને બહેકાવી માર્યો ! હવે જો નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તદન બેખબર રાખી દેવામાં આવ્યા હોત તો રબતઆલા સામે એવો વાંધો ઉઠાવાયો હોત કે એણે રોગ તો બળવાન પેદા કર્યો, પણ એની દવા કમજોર જન્માવી. આથી હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને દરેક સમયે દરેક ચીજની ખબર હોય એ જરૂરી છે.

+ + + અરબી ભાષાશાસ્ત્રની રૂએ "શાહેદન" હાલ છે, તો એવો અર્થ થયો કે, અમે આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મોકલ્યા, એ હાલમાં, કે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હાઝિર-નાઝિર છો. અર્થાત : મોકલવા પહેલાં આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હાઝિર નાઝિર થઈ ચૂક્યા હતા. આથી જાણવા મળ્યું કે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુનિયામાં તશરીફ લાવવા પહેલાં પણ આલમમાં હાજર હતા અને પર્દો ફરમાવ્યા પછી પણ હાજર છે.

'રૂહુલ બયાન' માં પારહ ૨૬, સૂરએ ફત્હ - ઈન્ના અરસલનાકા શાહેદંવ્વ મુબશ્શેરંવ્વ નઝીરા.... આયત હેઠળ ફરમાવવામાં આવ્યું છે કે, હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સમસ્ત સૃષ્ટિનાં સર્જન પહેલાં રબની વેહદાનિયત અને રબૂબિય્યતનું દર્શન ફરમાવી રહ્યા હતા - અને જે રૂહો, નફસો, શરીરો, જીવો, જંતુઓ, પશુઓ, વનસ્પતિઓ, જિન્ન - શૈતાનો - ફરિશ્તાઓ અને ઈન્સાનો પેદા કરવામાં આવ્યા એમનું સર્જન થતું જોઈ રહ્યા હતા. એવી જ રીતે તમામ સર્જનસૃષ્ટિઓના દરેકે દરેક કાર્ય અને સજા - જઝા, શૈતાનનું પહેલાં આબિદ અને પછી ગુમરાહ થવું, હઝરત આદમ અલયહિસ્સલામનું ખતા ફરમાવવું, પછી તૌબા કબૂલ થવી, જન્નતમાં રહેવું, પછી પૃથ્વી ઉપર આવવું, નબીઓનું દુનિયામાં આગમન, તબ્લીગ ફરમાવવી, કોમોનું એમની સાથેનું સારૂં કે ખરાબ વર્તન, સારાંશ કે એકેએક બનાવ હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નજર સામે બન્યો. એટલા માટે ફરમાવવામાં આવ્યું કે - અર્થાત : ''જાણી લીધું અમે જે કંઈ બની ગયું અને બનશે તે.''

દુનિયાનું અસ્તિત્વ જ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના અસ્તિત્વ થકી છે અને દરેક નબીનાં ઈલ્મો, હઝરત આદમ અલયહિસ્સલામના સહીફાઓ, હઝરત મૂસા અલયહિસ્સલામની કિતાબો તેમજ તમામ પયગમ્બરોનાં તમામ ઈલ્મો હુઝૂરે સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં ઈલ્મોના અંગ સમાન છે.

વધુમાં ફરમાવવામાં આવ્યું કે, અમુક જ્ઞાનીઓના કથન અનુસાર દુનિયામાં દરેક નેકબખ્ત ઉપર મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો કરમ રહે છે અને હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જ્યારે કોઈના પરથી કૃપાદૃષ્ટિ હટાવી લે છે ત્યારે એ બદબખ્ત બને છે અને ગુનાહ કરે છે.

હદીષ શરીફમાં એવો અણસાર મળે છે કે, કોઈ વ્યભિચારી (ઝાની) વ્યભિચાર (ઝિના) કરે છે ત્યારે એનામાંથી ઈમાન કાઢી લેવામાં આવે છે અને જ્યારે તે વ્યભિચારથી દૂર થાય છે, ત્યારે ઈમાન પાછું ફરે છે. ઈમાન હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કૃપાદૃષ્ટિ છે. આટલી છણાવટ પછી ''શાહેદન'' નો અર્થ, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હાઝિર-નાઝિર છે. ઈલ્મે ગયબ ધરાવે છે અને ઈમદાદ ફરમાવે છે એ બધું અત્યંત સફળતાપૂર્વક સાબિત થઈ જાય છે.

'શાહેદ' નો અર્થ 'મહબૂબ' પણ કરી શકાય છે. ખરેખર આપ આલમના મહબૂબ છે. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ. ઈન્સાન, જિન, ફરિશ્તા, લાકડી, પથ્થર, વૃક્ષ વગેરે બધાં જ આપના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પ્રત્યે મુહબ્બત ધરાવે છે. આપનાથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉહદ પહાડ મુહબ્બત કરે છે. લાકડીઓ વિયોગમાં રડે છે. જાનવરો આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જોઈને પવિત્ર દામન પકડીને રડે છે. હરણ ફરિયાદ કરે છે. સારાંશ કે :

**દર હર દિલે સૌદાએ તૂ, આલમ હમા શયદાએ તૂ.**

અમ્બિયાએ-કિરામની મેહબૂબિયત પણ એમનો મો'જિઝો છે. રબતઆલાએ હઝરત મૂસા - અલયહિસ્સલામ વિશે ફરમાવ્યું : એમને જે જોતું તે આશિક થઈ જતું. આસિયાએ જોયા તો ફરમાવ્યું. ''હે ફિરઓન ! આ મારી અને તારી આંખોની ટાઢક છે.'' યુસુફી સૌંદર્ય અને દાઊદી

સૂરીલો કંઠ આ જ મેહબૂબિયત માટે અતા થયા. જેવી રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તમામ મો'જિઝાઓ ઉચ્ચ છે, ઉત્તમ છે. એવી જ રીતે આપની મુહબ્બતને પણ સમય અને સ્થળની સીમા નથી. આજે ન કોઈ યુસૂફી સૌંદર્યના આશિક છે, ન દાઊદી કંઠ ઉપર ફિદા. **કોઈ મેહબૂબનો કોઈ ગાયેબાના આશિક નથી થયો, પરંતુ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પ્રત્યેની પ્રેમભાવના એવી છે કે, જે આજે પણ જોયા વગર કરોડો પ્રેમીઓ આપના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુબારક નામ ઉપર પોતાના પ્રાણ નિછાવર કરી રહ્યા છે.** યુસૂફી સૌંદર્યના ચાહકોએ યુસૂફી દીદાર માટે નાણાં ખર્ચ્યાં, પણ હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના ચાહકો હુઝૂરના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માત્ર મુબારક નામ ઉપર ફિદા થઈ રહ્યા છે. આ જલસા, જુલૂસ, વઅઝ, મદ્રસા - સઘળું હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખાતિર જ છે. વળી, બીજાઓના આશિક ઈન્શાન થયા, પરંતુ હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના આશિક માત્ર ઈન્શાન જ નહિ, પણ સૂકી લાકડીઓ આપના વિયોગમાં રડે છે, કંકર - પથ્થર આપના પર કુરબાન થાય છે, આપની જુદાઈમાં આંસુ સારે છે. **સારાંશ કે, આપ ખુદાના પણ મેહબૂબ છે અને ખુદાઈના પણ મહેબૂબ છે.**

(૪) **"મુબશ્શેરંવ્વ નઝીરંવ્વ દાએયન એલલ્લાહે..." માં ત્રણ સિફતોનું વર્ણન છે :** ખુશખબરીઓ આપવી, ડર સંભળાવવા; અલ્લાહની તરફ બોલાવવું. પહેલાંના અમ્બિયાએ કિરામ પણ આ ફરજો બજાવી હતી, પરંતુ એમની તબ્લીગમાં અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તબ્લીગમાં ત્રણ જાતનો ફરક રહેલો છે. પ્રથમ તો એ કે, પહેલાનાં નબીસાહેબો સાંભળીને આ કામ બજાવી લાવતા હતા અને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જોઈને, બીજાઓ એ ખાસ જમાઅતોના નબી તેમ જ 'બશીર' અને 'નઝીર' હતા, જ્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તમામ આલમના 'બશીર' અને 'નઝીર' છે. અન્ય પયગમ્બરો ચોક્કસ સમયમર્યાદા માટે મુબલ્લિગ, બશીર અને નઝીર હતા. જ્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કયામત સુધી માટે છે. આજે જે તબ્લીગ ઉલમા, મશાઈખ અને કુરઆન દ્વારા થઈ રહી છે એ હુઝૂર સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જ તબ્લીગ છે. આ વિશિષ્ટતાઓને કારણે આ જગ્યાએ આ ત્રણ સિફતો આપને અર્પવામાં આવી. 'રૂહુલ-બયાન' માં સુરએ - ફત્હ 'ઈન્ના અરસલનાકા શાહેદન' હેઠળ ફરમાવવામાં આવ્યું છે કે, તમામ અમ્બિયાની ઉમ્મતોની કયામત-દિને ૪૦ સફો હશે, પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મતની ૮૦ સફો હશે.

(૫) હુઝૂર સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મજકૂર આયતમાં **'ચમકાવનાર'** કહીને સંબોધવામાં આવ્યા છે. 'સિરાજ' નો અર્થ કુરઆનમાં 'સૂર્ય' એવો પણ લેવામાં આવ્યો છે - 'સિરાજંવ્વ કમરમ્મુનીરા' - જો અહીં 'સૂર્ય' એવો અર્થ લેવાયો હોય તો આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ માર્ગદર્શન - આકાશના સૂર્ય છે. સૂર્યમાંથી સૌને પ્રકાશ મળે છે, એને કોઈનો પ્રકાશ મેળવવો પડતો નથી - એ તો પોતે જ પ્રકાશિત છે. **એ જ પ્રકારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સૌ ચમક્યા છે. હુઝૂર પુરનૂર કોઈનાથી ચમક્યા નથી.** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

જો આનો અર્થ 'ચિરાગ' લેવામાં આવે તો પણ એ યોગ્ય છે. ચિરાગથી અંધકાર દૂર થાય

છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દિવ્ય આગમનથી અજ્ઞાનતા અને કુફ્રનો અંધકાર દૂર થયો. ચિરાગ - દીવા વડે ખોવાયેલી વસ્તુને શોધી કાઢવામાં આવે છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી ખોવાયેલો સન્માર્ગ મળી ગયો. દીવો ઘરવાળાંઓ માટે રેહમત અને ચોર માટે ઝેહમત હોય છે. એ જ પ્રકારે હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મોમિનના મુહાફિઝ અને શૈતાન ચોરને દફે ફરમાવનાર છે. જ્યોતથી જ્યોત જલે - એક દીવામાંથી હજારો દીવા બાળો, તો પણ એ દીવાનો પ્રકાશ ઝાંખો પડતો નથી. એ જ પ્રકારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દિવ્ય નૂર વડે સૌ મુનવ્વર થયા - તો પણ નૂરે - મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમમાં કંઈ કમી આવી નથી.

દીવો ચોમેર, ચોદિશ, ચોતરફ પ્રકાશ આપે છે. હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પણ ચોમેર, ચોદિશ, ચોતરફ પ્રકાશ ફેલાવ્યો - ફર્શમાં પણ અને અર્શમાં પણ, દીવાની જ્યોત ઉપર ઊઠે છે - હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ મેઅરાજ શરીફમાં ઉપર તશરીફ લઈ ગયા - એવા ઉપર જ્યાં કોઈ મોટામાં મોટો ફરિશ્તો પણ ન પહોંચી શકે. ચિરાગ એકથી બીજે સ્થળેથી ખસેડી શકાય છે, એ જ પ્રકારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મક્કા - મુકર્રમહને ચમકાવ્યા પછી, મદીના મુનવ્વરહમાં તશરીફ લઈ ગયા.

(૬) 'મુનીર' એટલા માટે ફરમાવ્યું કે, દીવા નીચે અંધારૂં રહે છે - પણ આ દીવો તો નીચે, ઉપર, આજુબાજુ ચારે તરફથી પ્રકાશ આપે છે અને દીવો માત્ર પ્રગટને ચમકાવે છે, પણ આ દીવો પ્રગટ અને અપ્રગટ - ઝાહિર અને બાતિન બન્નેને ચમકાવે છે. દીવો પવનના ઝાપટાથી ઓલવાઈ જાય છે. પરંતુ આ મુહમ્મદી ચિરાગ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને જે બુઝાવવા ચાહે એ પોતે જ બુઝાઈ જાય છે. દીવો દિવસના સમયે બેકાર બની જાય છે પણ આ દિવ્ય દીપક હંમેશા-દિવસ અને રાત્રી - પ્રકાશ પાથરનાર છે.

રાતના સમયે દરેક ગલીશેરીમાં ને ખુણેખાંચરે વિવિધ દિવાઓ અથવા વીજળીક બલ્બો વડે પ્રકાશ કરવામાં આવે છે પરંતુ સૂર્યનો ઉદય થતાવેંત જ એ બધા દીવા બુઝાવી નાખવામાં આવે છે. પહેલાં દરેક શહેર, દરેક કબીલામાં અમ્બિયા હતા. હવે એક માત્ર અને માત્ર એક હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જ નબૂવ્વત સમસ્ત વિશ્વમાં છે.

રાતના સમયે ચોરી થાય છે, દિવસના સમયે નહિ. હુઝૂરે પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પૂર્વે ઈલાહી કિતાબોમાં ચોરી થઈ, ફેરફારો કરાયા, શૈતાનો પણ ફરિશ્તાઓની વાતોની ચોરી કરી લેતા હતા પણ આ આફતાબે - હિદાયત : હિદાયતના પૂર્ણપ્રકાશિત : સૂર્યનો ઉદય થતા જ બધી ચોરીઓ બંધ થઈ ગઈ. કુરઆનમાં ચોરી અને વધારો - ઘટાડો અસંભવિત થઈ પડ્યા અને શૈતાન ચોર પર આસમાનમાં દ્વાર જ બંધ થઈ ગયાં. કેમકે હિદાયતનો આફતાબ પ્રકાશી ચૂક્યો છે અને દિવસ નીકળી આવ્યો છે.

કેટલાક મશાઈખના કથન પ્રમાણે, કુરઆનમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પણ 'સિરાજ' કહેવામાં આવ્યા છે અને આફતાબને પણ. કારણકે આફતાબ અમુક રીતે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે સંબંધ ધરાવે છે. એ આકાશનો સૂર્ય - હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પૃથ્વી અને આકાશ બંનેના સૂર્ય. એ દુનિયાનો દીપક - હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દીનના દીવા. એ બુર્જનો દીપક - આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

મેહફિલોના ચિરાગ. એ શરીરોનો દીવો - આપ ઈમાનના ચિરાગ. એ ચિરાગ પ્રગટતાં લોકો ઊંઘમાંથી જાગે છે - આ ચિરાગ પ્રગટતા લોકો શૂન્યમાંથી સર્જન પામ્યા.

*(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

★ *ઉઠા દો પર્દા, દિખા દો ચહેરા, કે નૂરે બારી હિજાબ મેં હય,*
*ઝમાના તારીક હો રહા હય, કે મહેર કબ સે નિકાબ મેં હય.*

★ *જલી જલી બૂ સે ઉસ કી પૈદા, હય સોઝિશે ઈશ્ક ચશ્મે વાલા,*
*કબાબે આહુ મેં ભી ન પાયા, મઝા જો દિલ કે કબાબ મેં હય.*

★ *નહીં વો મીઠી નિગાહ વાલા, ખુદા કી રહેમત હય જલ્વા ફર્મા,*
*ગઝબ સે ઉન કે ખુદા બચાએ, જલાલે બારી ઈતાબ મેં હય.*

★ *ઉન્હી કી બૂ માયએ સમન હય, ઉન્હી કા જલ્વા ચમન ચમન હય,*
*ઉન્હીં સે ગુલશન મહક રહે હંય, ઉન્હીં કી રંગત ગુલાબ મેં હય.*

★ *સિયાહ લિબાસાને દારે દુનિયા, વ સબ્ઝ પોશાને અર્શે આ'લા*
*હર એક હય ઉન કે કરમ કા પ્યાસા, યે ફયઝ ઉન કી જનાબ મેં હય*

★ *વો ગુલ હંય લબહાએ નાઝુક ઉનકે, હઝારોં ઝરતે હંય ફુલ જિન સે,*
*ગુલાબ ગુલશન મેં દેખે બુલબુલ, યે દેખ ગુલશન ગુલાબ મેં હય.*

★ *જલી હય સોઝે જિગર સે જાં તક, હય તાલિબે જલ્વએ મુબારક,*
*દિખા દો, વો લબ કે આબે હૈવાં કા, લુત્ફ જિન કે ખિતાબ મેં હય.*

★ *ખડે હય મુન્કર નકીર સર પર, ન કોઈ હામી, ન કોઈ યાવર,*
*બતા દો, આકર મેરે પયગમ્બર કે સખ્ત મુશ્કિલ જવાબ મેં હય.*

★ *ખુદાએ કહહાર હય ગઝબ પર, ખુલે હંય બદકારિયોં કે દફતર,*
*બચા લો આ કર શફીએ મેહશર, તુમ્હારા બંદા અઝાબ મેં હય.*

★ *કરીમ ઐસા મિલા કે જિસ કે, ખુલે હંય હાથ ઔર ભરે ખઝાને,*
*બતાઓ એ મુફલિસો કે ફિર ક્યું, તુમ્હારા દિલ ઈઝતેરાબ મેં હય.*

★ *ગુનહ કી તારિકીયાં યે છાઈ, ઉમંડ કે કાલી ઘટાએં આઈ,*
*ખુદા કે ખુરશીદ મહેર ફરમાં, કે ઝર્રા બસ ઈઝતેરાબ મેં હય.*

★ *કરીમ અપને કરમ કા સદકા, લઈમે બે-કદ્ર કો ન શરમા,*
*તૂં ઔર 'રઝા' સે હિસાબ લેના, 'રઝા' ભી કોઈ હિસાબ મેં હય.*

آیت ۶۴ : يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَدْخُلُوا بُيُوتَ النَّبِيِّ إِلَّا أَنْ يُؤْذَنَ لَكُمْ

إِلَىٰ طَعَامٍ غَيْرَ نَاظِرِينَ إِنَاهُ (پاره ۲۲، سورهٔ احزاب رکوع ۷)

**આયત :- ૬૪ હે ઈમાનવાળાઓ ! નબીનાં ઘરોમાં ન હાજર થાવ, જ્યાં સુધી કે સંમતિ ન મેળવો. દાખલા તરીકે, ખાવા માટે બોલાવવામાં આવે, એવું નહિ કે તમે પોતે ખાણું રંધાય તેની વાટ જુઓ.**

*(પાં. ૨૨; સૂરએ અહઝાબ; રૂકૂઅ, ૭)*

આ મુબારક આયત પણ હુઝૂર શાફેએ મેહશર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ વર્ણવે છે. એમાં મુસલમાનોને એ મહાન ઘરનું માન જાળવવાનું શાખવવામાં આવ્યું છે, જેમાં એ નબૂવ્વત-આફતાબ પ્રકાશી રહ્યા હતા. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

આ આયતનું શાને-નુઝૂલ એ છે કે હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત ઝયનબ રદિયલ્લાહો તઆલા અન્હાથી નિકાહ ફરમાવ્યો અને વલીમાની દા'વત આપી. લોકો થોડા થોડા ભેગા થઈને આવતા જતા હતા અને ખાતા જતા હતા- લોકો જમીપરવારીને ચાલ્યા ગયા- પરંતુ ત્રણ માણસો જમી લીધા પછી પણ એજ સ્થળે બેસી વાતો કરતા રહ્યા. એમની વાતોનો સિલસિલો એટલો લંબાઈ પડ્યો કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એ અસહ્ય થઈ પડ્યું.

આથી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ત્યાંથી એટલા માટે ઊભા થઈ ગયા કે એ માણસો પણ આપને ઊભા થતા જોઈ પોતે પણ ઊભા થઈ જાય- પણ પેલા માણસોને કઈજ સમજ પડી નહિ. મકાન નાનકડું હતું એટલે ઘરવાળાંઓને પણ એમના બેસવાથી તકલીફ થઈ પડી. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ત્યાંથી ઊભા થઈને હુજરામાં તશરીફ લઈ ગયા. ત્યાં જઈ આવ્યા પછી પાછા પધાર્યા ત્યારે પણ આપે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ માણસોને ત્યાંજ બેઠેલાં જોયા. આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ જોઈને ફરીથી પાછા તશરીફ લઈ ગયા. હવે પેલા માણસોને ભાન થયું તેઓ ઊઠીને ચાલ્યા ગયા. આ ઉપરથી મજકૂર આયતે - કરીમા નાઝિલ થઈ. એમાં મુસલમાનોને અમુક વાતોની સુચના આપવામાં આવી છે.

પ્રથમ તો એ કે રજા મેળવ્યા સિવાય એ મહાન ઘરમાં પ્રવેશો નહિ બીજું, જો તમને જમવાનું નોતરૂં આપવામાં આવે તો ખાણું રંધાયા પહેલાં જ આવી ચઢો નહિ, જેથી ત્યાં વાટ જોઈ બેસી રહેવું પડે. ત્રીજું, જમી લીધા પછી કારણ વગર બેસી રહો નહિ- પણ પોતપોતાના ઘેર ચાલ્યા જાવ. **એ મહાન ઘર ઉપર કુરબાન અને એ ઘરવાળા શહેનશાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર પણ કુરબાન. એમનું (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માન જાળવવાનું આપણને રબ-તઆલા શીખવી રહ્યો છે-** અને જો ''અલ્લઝીના આમનુ''માં અગર ફરિશ્તાઓ પણ શામિલ હોય તો એમાં વળી શી નવાઈની વાત છે ! ફરિશ્તાઓ પણ એવું જ માન જાળવે છે- તેઓ પણ રજા મેળવ્યા સિવાય એ મહાન ઘરમાં પ્રવેશ કરતાં નથી.

વફાત શરીફ પ્રસંગે મલકુલ-મૌતે : મોતના ફરિશ્તાએ : એહલે બયત પાસે ઘરમાં પ્રવેશની ઈજાઝત ઈચ્છી. હઝરત ફાતિમા-ઝેહરા રદિયલ્લાહો તઆલા અન્હાએ મના કરી, તો તેઓ

અલ્લાહ તઆલા તરફથી મોકલવામાં આવ્યા હોવાથી પાછા તો ન ગયા, પણ ઈજાઝત મેળવ્યા પછી જ ઘરમાં આવ્યા.

**બેઈજાઝત ઉનકે ઘરમેં જિબ્રઈલ આતે નહીં,**
**કદ્રવાલે જાનતે હંય કદ્રો-શાને એહલે-બયત.**

આ આયતથી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ઉચ્ચ સ્થાન, અનન્ય લાજમર્યાદા અને નિરાળી શાન જણાય છે. આપને કોઈનાથી કંઈ તકલીફ પણ પહોંચે તો પણ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતે એને કંઈ નથી ફરમાવતા; બલ્કે રબ-તઆલા ફરમાવે છે.

આનાથી એવો મસ્અલો માલૂમ પડ્યો કે દા'વત વગર કોઈ જગ્યાએ ન જાવ અને જરૂરત વિના કોઈના મેહમાન બની એના પર બોજારૂપ થઈ પડો નહિ. વલ્લાહો આલમ બિસ્સવાબ.

★ સુનતે હંય કે મેહશર મેં સિર્ફ ઉન કી રસાઈ હય,
ગર ઉન કી રસાઈ હય, લો જબ તો બન આઈ હય.

★ મચલા હય કે રહમતને ઉમ્મીદ બંધાઈ હય,
ક્યા બાત તેરી મુજરિમ, ક્યા બાત બનાઈ હય.

★ સબ ને શફે મેહશર મેં લલકાર દિયા હમ કો,
એ બેકસો કે આકા, અબ તેરી દુહાઈ હય.

★ યું તો સબ ઉન્હીં કા હય, પર દિલ કી અગર પૂછો,
યે ટૂટે હુએ દિલ હી, ખાસ ઉન કી કમાઈ હય.

★ બાઝારે અમલ મેં તો સૌદા ન બના અપના,
સરકારે કરમ તુઝ મેં એબી કી સમાઈ હય.

★ ગિરતે હુઓં કો મુઝદા, સજ્દે મેં ગિરે મૌલા,
રો રો કે શફાઅત કી, તમહીદ ઉઠાઈ હય.

★ એ દિલ યે સુલગના ક્યા, જલના હય તો જલ ભી ઉઠ,
દમ ઘૂટને લગા ઝાલિમ, ક્યા ધૂની રમાઈ હય.

★ મુજરિમ કો ન શરમાઓ, એહબાબ કફન ઢંક દો,
મુંહ દેખ કે ક્યા હોગા, પરદે મેં ભલાઈ હય.

★ અબ આપ હી સંભાલે તો, કામ અપને સંભલ જાએ,
હમ ને તો કમાઈ સબ, ખેલોં મેં ગંવાઈ હય.

★ એ ઈશ્ક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુઝા દેગી, વો આગ લગાઈ હય.

★ તયબા ન સહી અફઝલ, મક્કા હી બડા ઝાહિદ,
હમ ઈશ્ક કે બંદે હય, ક્યું બાત બઢાઈ હય.

★ મતલઅ મેં યે શક ક્યા થા, વલ્લાહ 'રઝા' વલ્લાહ,
સિર્ફ ઉન્કી રસાઈ હય, સિર્ફ ઉન્કી રસાઈ હય.

آیت ۶۵ : اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا

صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ۝ (پارہ ۲۲، سورۃ الاحزاب رکوع ۷)

**<u>આયત :- ૬૫</u> તેહકીક-અલ્લાહ અને એના ફરિશ્તા દુરૂદ મોકલે છે એ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર. હે ઈમાનવાળાઓ ! એમના ઉપર દુરૂદ મોકલો અને ઘણા સલામ મોકલો.** *(પા. ૨૨ : અહઝાબ : રૂકૂઅ : ૭)*

આ આયત-શરીફમાં પણ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મહાન ના'ત શરીફ બયાન ફરમાવવામાં આવી છે. એમાં મુસલમાનોને એ પાક ઝાત ઉપર દુરૂદ શરીફ પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે. આમાં રસપ્રદ વાત તો એ છે કે કુરઆને મજીદમાં ઘણા એહકામ સંભળાવવામાં આવ્યા છે, જેમકે નમાઝ, રોઝા અને હજ વગેરેના એહકામ સંભળાવવામાં આવ્યા -પરંતુ કોઈ જગ્યાએ એમ ન ફરમાવ્યું કે એ કામ અમે પણ કરીએ છીએ, **અમારા ફરિશ્તાઓ પણ કરે છે અને હે મુસલમાનો ! તમે પણ એ કામ કર્યા કરો ! અલ્લાહ રબ્બુલ-આલમીને એવું તો માત્ર દુરૂદેપાક વિશે જ ફરમાવ્યું.**

આનું કારણ તદ્દન સ્પષ્ટ છે, જે કાર્ય રબતઆલા કરતો હોય અને એજ કાર્ય બન્દાઓ પણ કરતા હોય એવું બીજું કોઈ કાર્ય નથી. રબતઆલાંના કાર્યો આપણે કરી શકીએ તેમ નથી અને આપણા કાર્યોથી રબતઆલા બુલન્દ અને બાલા છે. રબતઆલાનું કાર્ય છે- પેદા ફરમાવવું; રોજી આપવી; મારવું; જીવાડવું -જે બન્દાઓ હરગિઝ કરી શકે તેમ નથી. બંદાઓનું કાર્ય છે ઈબાદત કરવી; ઈતાઅત કરવી. વગેરે -રબતઆલા એથી પાક છે. હવે, જો કોઈ એવું કાર્ય રહી જતું હોય, જે રબ્બે કરીમ પણ કરતો હોય, એના ફરિશ્તાઓ પણ કરતા હોય અને મુસલમાનોને પણ એ કરવાનો હુકમ આપવામાં આવ્યો હોય તો તે કેવળ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર દુરૂદ શરીફ મોકલવાનું પવિત્ર કાર્ય છે. જેમ બીજના ચંદ્રમાં કે ચૌદમી રાતના ચંદ્ર ઉપર સૌની દષ્ટિ ઠરે છે, એજ પ્રકારે મદીનાના ચાંદ ઉપર સમગ્ર સૃષ્ટિની અને એ સૃષ્ટિના મહાન સર્જકની પણ નજર જામેલી છે. હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એવું સર્વવ્યાપી વ્યક્તિત્વ ધરાવે છે. એક હિન્દી કવિરાજે શું ખૂબ કહ્યું છે :

**આજ ચન્દરદ્વિજ હય સબ દેખી બાકી ઓર,**
**મેરી ઓર સાજનકી નયનાં પડેંગી એક હી ઠોર.**

રબતઆલા દુરૂદ શરીફ મોકલે છે- એનો એવો અર્થ છે કે રહમત નાઝિલ ફરમાવે છે, ફરિશ્તાઓનું દુરૂદ છે- રહમતની દુઆ કરવી- પરંતુ મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તા'ઝીમ સૌ એકસરખી રીતે કરે છે.

+ + + મજકૂર આયતમાં પ્રથમ તો એવી ખબર આપવામાં આવી છે કે અમે (અલ્લાહ તઆલા) હરેક પળે દરેક સમયે રહમતોનો વરસાદ વરસાવીએ છીએ પોતાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર - અને પછી બન્દાઓને એવો હુકમ આપવામાં આવ્યો કે તમે પણ એમના

ઉપર દુરૂદ પઢો. અર્થાત, અમારી (અલ્લાહની) પાસે (આકાએ નામદાર) સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માટે રહમત માંગો, હવે એવી ચીજ માંગવામાં આવે છે, જે પહેલાથી મળેલી ન હોય, અહીં તો માંગ્યા વિના જ રહમતો ઉતરી રહી છે, ત્યારે માંગવાનો હુકમ શા માટે આપવામાં આવ્યો?

આનું કારણ એ છે કે ફકીર કોઈના દ્વારે માંગવા જાય છે ત્યારે ઘરવાળાની ઔલાદ અને માલમિલ્કતની દુઆઓ માંગતો જાય છે- માલિકનું ઘર આબાદ રહે. એનાં બાલબચ્ચાં જીવે, એના માલ સલામત રહે- માલિક આ સાંભળીને સમજી જાય છે કે આ સભ્યતાવાળો ભિખારી છે. માંગવા ચાહે છે, પણ અમારા બાળકોની ખૈર માંગે છે. અહીં હુકમ આપવામાં આવ્યો કે હે મુસલમાનો ! જ્યારે તમે અમારે (અલ્લાહને) ત્યાં કંઈ માંગવા આવો, ત્યારે અમે ઔલાદથી પાક છીએ- પણ અમારા એક હબીબ છે- મુહમ્મદર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ -એમની એમના એહલે-બયતની અને અસ્હાબની ખૈર માંગતા, એમને દુઆઓ દેતા આવો, તો જે રહમતોની એમના ઉપર વૃષ્ટિ થઈ રહી છે એનો એક છાંટો તમારા ઉપર પણ મારી દેવામાં આવશે. તમારું ભલું થઈ જશે. દુરૂદ શરીફ પઢવું હકીકતમાં રબતઆલાથી માંગવાની એક તરકીબ છે.

**વહી રબ હય જિસને તુઝકો હમાતન કરમ બનાયા,**
**હમેં ભીખ માંગનેકો તેરા આસ્તાં બતાયા.**

વળી, આ આયતમાં મુસલમાનોને ચેતવી દેવામાં આવ્યા છે કે હે દુરૂદ પઢનારાઓ ! એવું ધારી લેતા નહિ કે અમારા મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઉપર અમારી રહમતો તમે માંગશો તો જ ઊતરશે- ના, એવું હરગીઝ નથી. અમારા મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમારા દુરૂદના હાજતમન્દ નથી. તમે દુરૂદ પઢો કે ન પઢો- એમના ઉપર અમારી રહમતો બરાબર એકધારી રીતે વરસતી જ રહે છે અને વરસતી જ રહેવાની છે. તમે પેદા થયા અને દુરૂદ શરીફ પઢવા લાગ્યા એ તો કાલની વાત છે- પરંતુ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર તો રહમતોની વૃષ્ટિ એ સમયથી થઈ રહી છે, જ્યારે "જ્યારે" અને "ક્યારે" પણ સર્જાયા નહોતા ! 'જ્યાં' 'ત્યાં' 'ક્યાં'થી પહેલાં જ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર રહમતો વરસી રહી છે. તમારી પાસે દુઆઓ મંગાવવી એ તો તમારી પોતાની ભલાઈ માટે છે. જેમ રબતઆલા આપણી હમ્દ-સનાનો હાજતમન્દ નથી, કેમકે તે 'મેહમૂદ' છે- કોઈ ચાહે હમ્દ કરે, ચાહે ન કરે. એવી જ રીતે એમના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પણ કોઈની ના'તખ્વાનીના હાજતમન્દ નથી- કેમકે આપ તો "મુહમ્મદ" સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કોઈ ચાહે ના'ત પઢે. ચાહે ન પઢે. હમ્દે-ઈલાહી માટે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાફી અને ના'તે-મુસ્તફાઈ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માટે રબતઆલા બસ છે.

આને લીધે દરેક દુઆની આગળ અને પાછળ દુરૂદ શરીફ પઢવું જરૂરી છે. જો કોઈ શખ્સ તમામ દુઆઓ છોડી દે અને માત્ર દુરૂદ-શરીફ જ પઢતો રહે, તો ખુદાએ ઈચ્છયું તો, કોઈપણ દુઆની જરૂરત પડશે જ નહિ. એની તમામ હાજતો આપમેળે પૂરી થઈ જશે.

મિશ્કાત શરીફમાં "અસ્સલાતો અલન્નબી"ના પ્રકરણમાં ઉબય બિન કઅબ રદિયલ્લાહો તઆલા અન્હોની એક હદીષ નકલ ફરમાવવામાં આવી છે કે એમણે વિનંતિ કરી : યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હું આપના ઉપર કેટલા દુરૂદ પઢું ? -ફરમાવ્યું : "જેટલા પઢવા ઈચ્છો તેટલા પઢો" તેમણે વિનંતિ કરી : "હુઝૂર ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ચોથા ભાગના

પઢું ?" (અર્થાત, ત્રણ ભાગના બીજા વઝીફાઓ તેમજ દુઆઓ અને ચોથા ભાગના દુરૂદ શરીફ) હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : "જેટલા પઢવા ચાહો તેટલા- પરંતુ દુરૂદનું પ્રમાણ વધારી દો તો બેહતર છે."- એમણે સવિનય અરજ કરી : અડધા ભાગના પઢું ? હુઝૂરે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવ્યું જેટલા પઢવા ચાહો તેટલા પઢો- પરંતુ જો દુરૂદનું પ્રમાણ વધારો તો બેહતર છે." અરજ કરી "પોણા ભાગનાં પઢું તો ?"- ફરમાવ્યું : "જેટલા પઢવા ચાહો તેટલા પઢો- પણ દુરૂદનું પ્રમાણ હજુ યે વધારો તો એ બેહતર છે." અરજ કરી : "યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હું મારો પુરેપૂરો સમય દુરૂદ શરીફ પઢવામાં જ વિતાવીશ." (અર્થાત, બીજી દુઆઓ અને વઝીફાઓ પઢવાને બદલે માત્ર દુરૂદ શરીફ જ પઢીશ.) હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું : **"તો એ દુરૂદ તમારા સર્વ રંજ-ગમ માટે કાફી છે- અને તમારા ગુનાહોને ભૂંસી નાખશે."**

**દુરૂદ શરીફ વિશે ત્રણ વાતો અત્રે જણાવીશ.** એક તો એ કે એના ફઝાઈલ શું છે ? બીજું, કયું દુરૂદ શરીફ પઢવું બહેતર યા જરૂરી છે ? અને દુરૂદ શરીફ પઢવું વાજિબ છે, ફર્ઝ છે યા સુન્નત છે ? અને ત્રીજું એ કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સિવાય બીજા કોઈના પર દુરૂદ શરીફ પઢી શકાય કે નહિ.?

**(૧) દુરૂદે-પાકના ફઝાઈલ ગણ્યા ગણાય નહિ તેટલાં છે.** એ જો લખવા બેસીએ તો દળદાર ગ્રંથ જોઈએ. જો તમે એનું વિસ્તૃત વર્ણન જોવા ઈચ્છતા હો તો "તફસીર રુહુલ બયાન"માં આજ આયત અને "મદારિજુન્નબૂવ્વત" તથા 'નસીમ-અલ-રબાદ' શર્હે શીફા કાઝી અયાઝ તેમજ "મવાહિબુદદુનિયા" નું વાંચન કરો. હું અહીં એનું સંક્ષિપ્ત વર્ણન રજુ કરૂં છું.

**મિશ્કાત-અસ્સલાતો અલન્નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પ્રકરણમાં છે કે,** હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે- જેણે મારા ઉપર એકવાર દુરૂદ પઢ્યું, ખુદાપાક એના ઉપર દસ રહમતો નાઝિલ ફરમાવે છે, એના દસ ગુનાહો માફ ફરમાવે છે અને દસ દરજ્જાઓ બુલન્દ કરી દે છે. અર્થાતઃ જો કોઈ એક હજાર વખત દુરૂદ શરીફ પઢે, તો દરરોજ એના દસ હજાર ગુનાહો માફ થાય, દસ હજાર દરજ્જાઓ બુલન્દ થાય અને દસ હજાર રહમતો એના ઉપર નાઝિલ થાય. **હવે જો આખી જિંદગી પાક અમલ કરવામાં આવે તો, જરા તમે જ હિસાબ માંડી લો કે કેટલો બધો ફાયદો થશે !**

એજ મિશ્કાતમાં એજ પ્રકરણમાં છે કે કયામતમાં મારી હુઝૂર આકાએ નામદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની -સૌથી વધુ નજીક એ હશે, જે મારા ઉપર સૌથી વધુ પ્રમાણમાં દુરૂદ શરીફ પઢતો હશે. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ

**મિશ્કાતમાં** એજ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે, હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે **તમારી દુઆઓ આસમાનો અને જમીનની વચ્ચે લટકતી રહે છે, જ્યાં સુધી કે તમે દુરૂદે-પાક ન પઢી લો.** આપણી દુઆઓ વચ્ચોવચ હોય અને દુરૂદ શરીફ એની આગળ અને પાછળ હોય એમ જ થવું જોઈએ. કેમકે કબૂલ તો દુરૂદ થાય છે અને અલ્લાહની રહમતથી એવી ધારણા તો રાખી જ શકાય નહિ કે તે દુરૂદ તો કબૂલ ફરમાવી લે અને વચ્ચેની દુઆકબૂલ કર્યા વિના રહેવા દે ! **આમ, દુરૂદ શરીફના તુફયલથી દુઆ પણ કબૂલ થઈ જાય છે.**

મિશ્કાતમાં એજ પ્રકરણમાં છે કે અલ્લાહના ફરિશ્તાઓ ફરતા રહે છે અને દુરૂદ શરીફ

પઢનારાઓને શોધતા રહે છે અને જ્યારે કોઈ દુરૂદ શરીફ પઢે તો તેને અમારી હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બારગાહમાં પેશ કરે છે.

સુબ્હાનલ્લાહ ! દુરૂદે-પાક ઉપર કુરબાન, કે એની બરકતથી અમો- ગુનેગારોનાં નામો એ બેકસોની તારણહાર બારગાહમાં લેવામાં આવે. ભલા એવા કયાં ભાગ્ય ! વળી, બે કારણોને લીધ દુરૂદ શરીફ પઢવાનું બેહદ જરૂરી પણ છે. એક તો એટલા માટે કે કોઈ શખ્સ કોઈના ઉપર ઉપકાર કરે તો એ ઉપકાર કરનારને બદલો ચૂકવવો જોઈએ. જો કોઈને ત્યાં દા'વત ખાવ, તો એ ઘરવાળા માટે દુઆ કરો ! હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઉપકારોનો તો કંઈ પાર જ નથી. એ બદલ આભાર દર્શાવવાની આપણી શી મજાલ ! પૂરેપૂરો આભાર આપણે દર્શાવી શકીએ એટલી આપણામાં શક્તિ જ નથી, તો ઓછામાં ઓછું એટલું તો કરીએ કે હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને દુઆઓ તો આપતા રહીએ, જેમકે ફકીરો સખીદાતાઓને દુઆઓ દેતા હોય છે.

એકવાર સુલ્તાન મેહમૂદે દરબારીઓને એવો હુકમ આપ્યો કે તમે-લોકો મારા ઘરમાં જે કંઈ હોય તે બધું લૂટી લો. બધા દરબારીઓ લૂંટમાં પરોવાઈ ગયા, પરંતુ અયાઝ રહમતુલ્લાહ અલયહ સુલતાનની પાસે આવીને ઊભા રહી ગયા. સુલતાને એમને પૂછયું : "અયાઝ ! તમે કેમ કશું લૂંટતા નથી !" અયાઝે સવિનય વિનંતિ કરી : "એ બધા માલ લે છે અને હું આપને !" સુલતાને પ્રસન્ન થઈને જણાવ્યું : **"તમે મને પસંદ કર્યો; મેં તમને, તમે મારા અને હું તમારો !"**

**એવી રીતે તમામ દુઆઓથી દુનિયા મળે છે, પણ દુરૂદે પાકથી દુનિયાના ધણી -અર્થાત, મુહમ્મદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મળે છે. એ મળે, પછી કમી શી ચીજની ?**

**દુન્યાકો મુબારક હો દુન્યા અલ્લાહ કરે મુઝકો મિલેં,**
**હર સાંસો મેં જિનકા સોદા હય હર દિલ જિનકા શયદાઈ હય.**

**દુરૂદે-પાક દુઆઓ અને ઈબાદતની રજિસ્ટરી છે. જેમ વીમા-લેબલ લાગી જવાથી માલ વેડફાતો નથી અને ઈચ્છિત સ્થળે પહોંચી જાય છે. તેમ દુરૂદ શરીફની બરકત વડે નેકીઓ કબૂલ થઈ જાય છે. એટલા માટે દરેક દુઆની સાથે દુરૂદ શરીફ અચૂક પઢવામાં આવે છે.**

**મંય મુજરિમ હું, આકા ! મુઝે સાથ લે લો,**
**કે રસ્તે મેં હંય જાંબજા થાને વાલે.**

**મસનવી શરીફમાં છે કે એક વખત નબીએ આખરુઝઝમાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મધમાખીને પૂછયું, 'તું મધ કેવી રીતે બનાવે છે ?'**

મધમાખીએ સવિનય જણાવ્યું : "હે અલ્લાહના પ્યારા હબીબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમે બગીચામાં જઈને દરેક પ્રકારનાં ફૂલોનો રસ ચૂસીએ છીએ. પછી એ રસ અમારા મોમાં એકઠો કરીને, અમારા પૂડાઓમાં આવી જઈએ છીએ. ત્યાં એ રસ પૂડામાં ઠાલવી દઈએ છીએ અને આમ, મધ તૈયાર થઈ જાય છે."

શાફેએ મેહશર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : "ફૂલોનો રસ કાં ફિક્કો કાં તો કડવો હોય છે. જ્યારે મધ તો મીઠું હોય છે. એમાં મિઠાશ ક્યાંથી આવે છે ? એ કહો."

મધમાખીએ નમ્રતાપૂર્વક જણાવ્યું :

**ગુફ્ત ચૂં ખ્વાંનીમ બર અહમદ દુરૂદ**
**મચ શવદ શીરીં વ તલ્ખી રા રબૂદ**

**(આમ કુદરતે શીખવ્યું છે તે પ્રમાણે અમે બગીચામાંથી અમારા ઘરો સુધી આપના સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર દુરૂદ શરીફ પઢતાં પઢતાં આવીએ છીએ. મધની આ લિઝઝત અને મિઠાશ દુરૂદ શરીફની બરકતને લીધે છે).**

આપણી રૂખીફિક્કી ઈબાદતમાં પણ દુરૂદ શરીફની બરકતથી કબૂલિયતની મિઠાશ પેદા થઈ જાય એવી આશા રાખી શકાય છે. વળી, જેમ દુરૂદ શરીફની બરકતથી તમામ ફૂલોના રસો હળીમળીને એકરસ થઈ જાય છે અને બધા મધ સ્વરૂપે એકરૂપ બની જાય છે, તેવી જ રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બરકતથી હિન્દી, સિન્ધી, કાઠિયાવાડી, ગુજરાતી, અરબી અને અજમી ઈન્સાનો એક થઈ ગયા. હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મુબારક નામ સાથે કરાયેલી દુઆ એ પવિત્ર નામની બરકતથી ગુનાહરૂપી રોગની અકસીર દવા પુરવાર થાય છે.

**(૨) દુરૂદે-પાક પઢવું ફર્ઝ પણ છે; વાજિબ પણ છે; સુન્નત પણ છે; મુસ્તહબ પણ છે અને હરામ પણ છે.**

**આની વિગત તપાસીએ. 'દુર્રે મુખ્તાર', ભાગ ૧ લો, 'કિતાબુસ્સલાત'માં છે કે ઉમરભરમાં એક વખત દુરૂદ શરીફ પઢવું ફર્ઝ છે.** કોઈ મજલિસમાં બેસે અને એમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું મુબારક નામ વારંવાર આવતું હોય તો, દુર્રે મુખ્તારના લેખકનાં કથન અનુસાર તો, જેટલી વાર પાક નામ સાંભળે તેટલી વાર દુરૂદ શરીફ પઢવું વાજિબ છે- પાક નામ લેનાર ઉપર પણ અને પાક નામ સાંભળનાર ઉપર પણ. પરંતુ 'જમ્હૂર' ના મત મુજબ એક મજલિસમાં એક વખત પઢવું વાજિબ અને વખતોવખત પઢવું મુસ્તહબ છે- જેને શામીએ બયાન ફરમાવ્યું, જુમ્માની રાતમાં અને જુમ્માના દિવસમાં, શનિવાર, રવિવાર અને સોમવારના દિવસોએ તેમજ દરરોજ સવાર સાંજ અને મસ્જિદમાં આવતા અને જતાં, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક રોઝાની ઝિયારતને વખતે; સફા અને મર્વહની પાસે અને જુમ્આના ખુત્બામાં પણ ખુત્બો સાંભળનારાઓ દુરૂદ શરીફ દિલમાં પઢે તેમજ અઝાન પછી અને દરેક દુઆના આરંભ અને અન્તમાં તથા વઝૂ વખતે અને જ્યારે કાનમાં ગેબી અવાજ આવવા માંડે અને જ્યારે કોઈ ચીજ ભૂલી જાય, તેમજ વઅઝને વખતે તથા સબક પઢતી વેળાએ અને ફતવા લખતી વેળાએ તેમજ નિકાહ સમયે અને કોઈપણ પ્રકારની મુશ્કિલ આવી પડે ત્યારે, વગેરે, વગેરે સમયે દુરૂદ શરીફ પઢવું મુસ્તહબ છે.

**સાત જગ્યાએ દુરૂદપાક પઢવું મકરૂહ છે :**

(૧) સંભોગ કરતી વેળાએ, (૨) પેશાબ કરતી અથવા સંડાશ વખતે, (૩) વેપારી માલસામાનના પ્રચાર અર્થે, (૪) લપસતી વેળાએ, (૫) આશ્ચર્ય દર્શાવતા, (૬) ઝિબ્હ કરતાં, (૭) છીંક આવતાં,

**ત્રણ જગ્યાએ દુરૂદ શરીફ પઢવું હરામ છે :**

(૧) વેપારી પોતાની કોઈ વસ્તુ ગ્રાહકોને બતાવે તે વેળાએ એની શ્રેષ્ઠતા દર્શાવવા માટે

દુરૂદ શરીફ પઢે નહિ. (૨) કોઈ મજલિસમાં કોઈ સભાસમારંભમાં કોઈ મોટો માણસ આવે ત્યારે એના આગમનની જાણ કરવા માટે દુરૂદ શરીફ પઢવું નહિ (શામી) અને (૩) ફર્ઝનમાઝની 'અત્તહિય્યાત' માં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું પાક નામ આવે ત્યારે તે સમયે દુરૂદ શરીફ પઢવું નાજાઈઝ છે.

**ફાયદો :-** કુરઆને કરીમની તિલાવતમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું મુબારક નામ કુરઆનમાં આવી જાય તો દુરૂદ ન પઢવું અફઝલ છે, જેથી કુરઆનની રવાનીમાં-પ્રવાહમાં ફર્ક પડે નહિ. (શામી)

નમાઝમાં "અ-તહિય્યાત" પછી દુરૂદ શરીફ પઢવું સુન્નત છે. ફર્ઝ, વાજિબ નમાઝમાં તો બીજી 'અ-તહિય્યાત'માં સુન્નત છે અને પહેલીમાં મના, નવાફિલમાં બન્ને વખતની 'અત્તહિય્યાત' પછી દુરૂદ પઢવું સુન્નત અર્થાત, પહેલા કઅદહમાં પણ દુરૂદ શરીફ પઢીને ઊભા થવું જોઈએ.

દુરૂદે-પાક કયું પઢવું જોઈએ ? - મિશ્કાત, કિતાબુસ્સલાત, અસ્સલાતો અલન્નબી અલહિસ્સલામ પ્રકરણમાં હઝરત અબૂ હમીદ સાએદી રદિયલ્લાહો તઆલા અન્હોની રિવાયત છે કે, અમે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સવિનય પૂછ્યું કે, અમે આપના પર દુરૂદ શરીફ કયા પ્રકારે પઢીએ ?... આ ઉપરથી હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ દુરૂદ બતાવ્યું જે નમાઝમાં "અ-તહિય્યાત" પછી પઢવામાં આવે છે. એટલે કે દુરૂદે ઈબ્રાહીમી.

આ હદીષને લીધે અમુક લોકો એવું કહે છે કે, દુરૂદે ઈબ્રાહીમી સિવાય બીજું કોઈ દુરૂદ પઢવું મના છે, પણ એમ કહેવું ને સમજવું તદ્દન ખોટું છે. જો એવું માની લેવામાં આવે તો પછી, મુહદિસીન જ્યારે પણ હુઝૂરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું મુબારક નામ લે છે ત્યારે માત્ર એટલું જ કહે છે કે "સલ્લલ્લાહો અલયહે વસલ્લમ" એ પણ નાજાઈજ ઠરશે. જો ઉપર વર્ણવ્યું તે સિવાયનું બીજું કોઈ દરૂદ પઢવું મના હોય તો પછી, માત્ર એ જ ખોરાક અને દવાઓનું સેવન કરવું જોઈએ, જે મન્કૂલ છે; જેનું વર્ણન આવેલું છે.

જેવી રીતે શરીઅતમાં હરામ નથી એવી દરેક ચીજ ખાવી જાઈઝ છે, એવી જ રીતે શરીઅતમાં મના નથી એવું દરેક દુરૂદ પઢવું પણ જાઈઝ છે. કેમકે "કુલુ વશ્રબુ" માં તો ખાવું અને પીવું મુત્લક છે અને "સલ્લુ અલયહે" માં સલવાત મુત્લક. કોઈપણ દુરૂદ પઢી લેવામાં આવે, સવાબ નિશ્ચિત મળશે જ. અલબત્ત, મન્કૂલ દુરૂદ શરીફ બીજા દુરૂદોથી વધુ બેહતર છે.

"દલાઈલુલ ખયરાત શરીફ" માં ઘણા દુરૂદો નકલ કરવામાં આવ્યા છે. "રૂહુલ બયાને" આ દુરૂદની ઘણી ફઝીલત અને ફાયદા દર્શાવ્યા છે - "અસ્સલાતો વસ્સલામો અલયક યા રસૂલલ્લાહે, અસ્સલાતો વસ્સલામો અલયક યા હબીબલ્લાહે, અસ્સલાતો વસ્સલામો અલયક યા ખલીલલ્લાહ" - આ બધું લંબાણપૂર્વકનું દુરૂદ શરીફ છે.

આ લીટીઓના લખનાર ફકીરના અનુભવ પ્રમાણે, આ દુરૂદ શરીફ બહુ નફાકારક છે. જુમ્માની નમાઝ બાદ મદીના મુનવ્વરહની દિશાએ મોં કરીને ૧૦૦ - (એકસો - વખત) આ દુરૂદેપાક પઢવું : સલ્લલ્લાહો અલન્નબિય્યીલ ઉમ્મીયે વ આલેહી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સલાતંવ્ વસલામન અલયક યા રસૂલલ્લાહ - સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ દુરૂદ શરીફ પઢતી વેળાએ હાથ બાંધીને મોં મદીના તરફ કરવું જરૂરી છે.

પંજાબમાં એવો કાયદો છે કે, ત્યાં ઈશા અને ફજરની નમાઝથી પરવારીને મોટે અવાજે આ દુરૂદ શરીફ પઢવામાં આવે છે. સલ્લલ્લાહો અલયક વસલ્લમ યા રસૂલલ્લાહે વ અલા આલેક વ અસ્હાબેક યા હબીબલ્લાહ.

કેટલાક આને 'શિર્ક' અને 'કુફ્ર' કહે છે - પરંતુ એ તદન ખોટું છે. દરેક દુરૂદ જે રીતે પઢવા ઈચ્છો તે રીતે પઢો. "સલ્લુ અલયહે" માં સલાતમાં કોઈ પાબન્દી નથી. મોટે અવાજે પઢો, ધીમેથી પઢો અને કોઈપણ દુરૂદ પઢો. શરઈ મનાઈ ન હોય એ સિવાય કોઈ ચીજને નાજાઈઝ તો શું મકરૂહ પણ કહી શકાય નહિ.

મિશ્કાત શરીફમાં આવ્યું છે કે, હુઝૂર સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નમાઝ પછી એટલા મોટા અવાજે અલ્લાહનો ઝિક્ર કરતા હતા કે મોહલ્લાવાસીઓનાં ઘરોમાં નમાઝ થઈ ચૂક્યાની જાણ થઈ જતી હતી. આથી બુલન્દ અવાજે ઝિક્ર કરવામાં પણ કંઈ વાંધો નથી.

(૩) દુરૂદ શરીફ કોના પર પઢવામાં આવે ? - "શામી" અને "આલમગીરી" કિતાબુલ - કરાહિયતમાં છે કે નબી સિવાય બીજા કોઈના પર કાયમી રીતે દુરૂદ અને સલામ પઢવું મના છે. દાખલા તરીકે, ઈમામ હુસૈન અલયહિસ્સલામ યા ઈમામ હુસેન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, વગેરે. (આવી રીતે કાયમી દુરૂદ મના છે) હા, નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નામને તાબે કરીને, ગેર-નબી પર દુરૂદ શરીફ પઢી શકાય છે. અર્થાત, મકસદ તો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર જ દુરૂદ શરીફ પઢવાનો હોય, પણ એમના સદકામાં બીજાનું પણ નામ આવી જાય. દાખલા તરીકે, અલ્લાહુમ સલ્લે અલા મુહમ્મદિંવ્વ અલા આલે સય્યેદના મુહમ્મદિંવ્વ અલા અસ્હાબેહી વ અઝવાજેહી વ અવલેયાએ ઉમ્મતેહી વ ઉલમાએ મિલ્લતેહી અજમઈન ખુસૂસન અલા ગૌસિસ્સમદાની વગેરે. આ દુરૂદમાં આલે-પાક, સહાબાએ કિરામ, અવલિયા અને ઉલમા તમામ ઉમ્મતનો ઉલ્લેખ આવી ગયો - પરંતુ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તુફયલ.

★ અજબ રંગ પર હય બહારે મદીના, કે સબ જન્નતેં હંય નિસારે મદીના.
★ મુબારક રહે અન્દલીબો તુમ્હેં ગુલ, હમેં ગુલ સે બેહતર હંય ખારે મદીના.
★ મેરી ખાક યા રબ ન બરબાદ જાએ, પસે મર્ગ કર દે ગુબારે મદીના.
★ મલાઈક લગાતે હંય આંખો મેં અપની, શબો-રોઝ ખાકે-મઝારે મદીના.
★ જિધર દેખિયે બાગે જન્નત ખિલા હય, નઝર મેં હંય નકશો-નિગારે મદીના.
★ રહે ઉન કે જલ્વે બસેં ઉન કે જલ્વે, મેરા દિલ બને યાદગારે મદીના.
★ દો આલમ મેં બટતા હય સદકા યહાં કા, હમીં એક નહીં રેઝહખ્વારે મદીના.
★ બનાં આસ્માં મન્ઝિલે ઈબ્ને મરિયમ, ગએ લા મકાં તાજદારે મદીના.
★ શરફ જિસ સે હાસિલ હુવા અમ્બિયાકો, વહી હંય 'હસન' ઈફતિખારે મદીના.

અઝ : ઉસ્તાદે ઝમન 'હસનરઝા' બરેલ્વી (રદિયલ્લાહો તઆલા અન્હો)

آیت ۶۶ : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّنَذِيْرًا وَّلٰكِنَّ اَكْثَرَ

النَّاسِ لَا يَعْلَمُوْنَ ۝

(پارہ ۲۲ سورۂ سبا رکوع ۳)

**આયત :- ૬૬ અને એ મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમે આપને ન મોકલ્યા, પણ એવી રિસાલતથી કે જે આદમીઓને ઘેરનારી છે - ખુશખબરી આપતા અને ડર સંભળાવતા, પરંતુ ઘણા લોકો નથી જાણતા.**

*(પારહ - ૨૨ : સૂરએ સબા; રૂકૂઅ - ૩)*

આ આયતે - કરીમા પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ છે. એમાં સરકારે દોજહાં (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના ત્રણ ગુણોનું વર્ણન છે : આપ તમામ લોકો માટેના નબી છે તેમજ આપ તમામ લોકો માટે 'બશીર' અને 'નઝીર' છે. આ ત્રણેય ગુણોની લંબાણ ચર્ચા અમે સૂરએ ફૂરકાનની પહેલી આયતમાં અને સુરએ એહઝાબમાં કરી ચૂક્યા છીએ. અત્રે કેવળ એટલું જણાવવાનું છે કે અલ્લાહના પ્રિય રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની રિસાલત સર્વવ્યાપી છે. એમાંથી કોઈ પણ અલાહેદું પડી શકે તેમ નથી. અમ્બિયા (નબીઓ) અને અવલિયા (વલીઓ) તેમ જ ઈન્સાન અને ગેર-ઈન્સાન બધા જ એની છત્રછાયા હેઠળ છે.

આકાએ નામદાર ફખ્રે - મૌજૂદાત સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે અમને એવી પાંચ ચીજો અતા થઈ છે. જે અમારા પહેલાં કોઈ પણ ઈન્સાનને મળી નથી. એક મહિનાની રાહથી અમારો રોબ દેવામાં આવ્યો, પૂરી જમીન અમારા માટે મસ્જિદ બનાવી દેવામાં અને પાક કરી દેવામાં આવી, કે અમે જ્યાં નમાઝનો વખત થઈ જાય ત્યાં આગળ નમાઝ પઢી લઈએ અને પાણી ન મળે તો તયમ્મુમ કરી લેવામાં આવે. ગનીમતો હલાલ કરી દેવામાં આવી, આ પહેલાં કોઈના માટે ગનીમતનો માલ હલાલ નહોતો. અમને શફાઅત (કુબરા) આપવામાં આવી; અને નબીઓને અમુક ખાસ કોમ માટે મોકલવામાં આવતા હતા, પણ અમને તમામ ઈન્સાનો - સમસ્ત માનવજાત - તરફ મોકલવામાં આવ્યા.

આ આયત ઉપરથી જાણવા મળ્યું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રિસાલત સર્વવ્યાપી છે; સર્વસમગ્રના માટે છે.

## ★ "ઈમાન પર મોત" ★

*★ દુનિયા મેં હર આફત સે બચાના મૌલા,*
*ઉકબા મેં ન કુછ રંજ દિખાના મૌલા,*
*બેઠૂં જો દરે પાકે પયગમ્બર કે હુઝૂર,*
*ઈમાં પર ઉસી વક્ત ઉઠાના મૌલા.*

*(અઝ :- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۷۲ : اِنَّآ اَرْسَلْنٰکَ بِالْحَقِّ بَشِیْرًا وَّنَذِیْرًا وَاِنْ مِّنْ اُمَّةٍ اِلَّا خَلَا فِیْهَا نَذِیْرٌ

(پارہ ۲۲ سورہ فاطر رکوع ۳)

**<u>આયત :- ૬૭</u> હે મેહબૂબ ! સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બેશક - અમે આપને હક (સત્ય) ની સાથે મોકલ્યા ખુશખબરી આપતા અને ડર સંભાવતા અને જે કોઈ જૂથ હતું, સૌમાં એક ડર સંભળાવનાર થયા.**

*(પારહ : ૨૨; સૂરએ ફાતિર; રુકુઅ ૩)*

આ દિવ્ય આયતમાં પ્રથમ તો સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ત્રણ મહાન ગુણો વિશે ઈરશાદ થયો : સર્વવ્યાપિ રિસાલત; બશીર (ખુશખબરી આપતા); અને નઝીર (ડર સંભળાવતા) અને અંતમા ગત ઉમ્મતો માટે માર્ગદર્શકો આવેલા તેનું વર્ણન કરી બતાવવામાં આવ્યું કે જેટલી ઉમ્મતો થઈ તેમાં ડર સંભળાવનારા આવ્યા- પરંતુ આ વાતને આપની રિસાલત સાથે શો સંબંધ છે ? આ વાત વિચારવાની છે. એનો મતલબ એવો છે કે હે મેહબૂબ ! સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આપને તો તમામ ઉમ્મતો તરફ મોકલવામાં આવ્યા - અને આપની રિસાલત સર્વના માટે છે, પણ આપના પહેલાં દરેક જૂથ અલગ અલગ ડર સંભળાવનાર આવતા હતા. આથી હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત શરીફ બખૂબી જાહેર થાય છે.

આ આયતને અજવાળે, અમુક માણસો એવો ધોખો ખાઈ બેઠા કે મઝહબના પેશ્વાને બુરો ન જાણો. કૃષ્ણ, રામચંદ્ર, ગૌતમ વગેરે બધાનું માન જાળવો, કેમકે એ બધા પયગમ્બર હતા. (મઆઝલ્લાહ !) એમના શિક્ષણને લોકોએ ભ્રષ્ટ કર્યું અને મૂર્તિપૂજા કરવા માંડી, જેમકે ખ્રિસ્તીઓ અને યહૂદીઓએ હઝરત મસીહ અને મૂસા અલયહિસ્સલામની તાલીમને બગાડી સલેબપરસ્તી વગેરે દીનમાં દાખલ કરી લીધી.

વળી, કેટલાકે એવો ધોખો ખાધો કે અમ્બિયાએ કિરામ અલયહિસ્સલામને ઈન્સાનો ઉપરાંત બીજી મખ્લૂકોમાં પણ મોકલવામાં આવ્યા હતા. એટલે કે, જિન્નતમાં જિન-નબી, અને એજ પ્રકારે બીજી કોમોમાં બીજી કોમના નબી.

પરંતુ આ બંને માન્યતાઓ ખોટી છે. કૃષ્ણ, રામચંદ્ર, ગૌતમ વગેરે દુનિયામાં હતા કે નહિ એ પણ સાબિત નથી. આ લોકો ઈન્સાન હતા કે નહિ અને કોઈપણ વસ્તુ આપણી પાસે હતા કે નહિ એની આપણી પાસે શી દલીલ છે ? -મુશરિકોએ ઘડી કાઢેલી કથાઓમાં જ આ લોકોનો ઉલ્લેખ છે. રામચંદ્રના ચાર પગ અને છ હાથ. હનુમાનની પીઠમાં પૂંછડી અને ગણેશના મોઢા પર હાથી જેવી શૂંઢ એ પ્રકૃતિનિયમથી તદ્દન વિરુદ્ધ કૃત્ય છે- સામાન્ય બુદ્ધિથી પણ વિરુદ્ધ અને કુરઆનથી પણ વિરુદ્ધ.

રબતઆલા તો ફરમાવે છે : **લકદ ખલકનલ ઈન્સાના ફી અહસને તકવીમ :** અમે ઈન્સાનને સારી સૂરતમાં પેદા ફરમાવ્યો. અને આ લોકો ઈન્સાન પણ ન હોય અને મઆઝલ્લાહ, પયગમ્બર પણ હોય અને એમની શિકલો વાંદરાઓ અને બીજા જાનવરો જેવી હોય અને તેઓ સારી શકલસૂરતથી વંચિત હોય તેવું બની શકે જ નહિ. સારાંશ કે બનાવટી આકૃતિઓ છે, એમની વાસ્તવિકતા કંઈ નથી. યા પછી એવાં જાનવરો થયાં હશે; જેમની મુશરિકોએ પૂજા શરૂ

કરી દીધી હશે, જેમ કે હિંદુઓ આજે પણ વાંદરાઓ અને ગાયની પૂજા કરે છે. આ લોકો પહેલાં ઈન્સાન હતા, પવિત્ર હતા, પરંતુ પાછળથી મૂર્તિપૂજકોએ એમની શિકલો બગાડી નાખીને આ પ્રકારની બનાવી લીધી છે એવું અગર કોઈ કથન કરે તો એને બુદ્ધિ સ્વીકારી શકે તેમ નથી. એ મૂર્ખાઈભરી વાત છે. જ્યારે ખુદ એમને માનનારા માણસો એમને માનવી તરીકે નથી માનતા, બલ્કે વાંદરાઓને હનુમાન માને છે અને બીજાં જાનવારોના એમની સાથે સંબંધ દર્શાવે છે તો પછી તમારી પાસે એવું તો કયું અગમનું જ્ઞાન આવી ગયું છે કે તમે એમને ઈન્સાન કે એવાતેવાં માનો ! નહિતર પછી જે મૂર્તિઓની અરબો પૂજા કરતા હતા, એમની બૂરાઈ પણ કરવી જોઈએ નહિ, એવું હરગીઝ નથી. કુરઆન અને સાહિબ-કુરઆન સલ્લલ્લાહો અલયહે વસલ્લમે લાત, ઉઝ્ઝા અને મનાતની વિરુધ્ધતા કરી છે. **જેવા ત્યાં લાત અને ઉઝ્ઝા હતા એવા જ અહીં મહાદેવ અને ભવાની છે.**

**દરેક કોમમાં એ કોમમાંથી નબી આવ્યા એ પણ ખોટું છે. અમ્બિયાએ કિરામ હંમેશા ઉચ્ચ કુળના કુલીન કુટુંબના હોય છે. એમના અખ્લાક પવિત્ર અને સૂરત નૂરાની હોય છે.**

બુખારી શરીફમાં શરૂઆતમાં રોમન શાહ હરકલનો પ્રસંગ બયાન કરવામાં આવ્યો છે. એણે અબૂ સુફિયાન અને બીજા મક્કાવાસીઓને બોલાવીને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સંબંધે પૂછપરછ કરી; ત્યારે બીજા સાથે એક એવો પણ સવાલ હતો કે તેઓ કૂળ અને કુટુંબના કેવા છે ? સર્વ મક્કાવાસીઓએ એકી સ્વરે જણાવ્યું કે **તેઓ અરબ આખામાં ઉચ્ચ કૂળના છે.** રોમન રાજાએ આ સાંભળીને કહ્યું : **''નબીઓ ઉચ્ચ કૂળના જ હોય છે.''** હવે એવું કેમ **કરીને બની શકે કે ભંગીઓમાં ભંગી અને ચમારોમાં ચમાર પયગમ્બર હોય, ખુદાની પનાહ**

આ આયતમાં એમ ક્યાં ફરમાવવામાં આવ્યું છે કે દરેક કોમમાં એ કોમમાંથી નબી મોકલવામાં આવ્યાં ? -દરેક કોમમાં હિદાયત કરનારા પહોંચ્યા- પણ તેઓ તો ઉચ્ચ કૂળકબીલાના, જેમકે આજે દુનિયાની તમામ કોમોના હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નબી છે- અરબી, કુરેશી, હાશમી, મુત્તલબી.

આ બે વાતો જરૂર ધ્યાનમાં રાખવી. ગેરઈન્સાનમાં પણ નબી એજ જાતિમાંથી આવ્યા એમ કહેવું કે માનવું એ તદન ખોટી માન્યતા છે. કેમકે કુરઆને કરીમે ફરમાવ્યું છે :

**(અર્થાત) : ''અમે મોકલ્યા આપના પહેલાં એ મર્દોને જેમની તરફ અમે વહી મોકલતા હતા.''**

**આ ઉપરથી જાણવા મળ્યું કે નબી ઈન્સાનમાંથી જ હોય છે અને મર્દ જ હોય છે.**

આ આયતનો ખરો અર્થ એ છે કે દરેક કોમમાં ડરાવનારા થયા, પછી ભલે એ પયગમ્બર હોય, ઉલ્મા હોય, યા બુઝુર્ગાને-દીન.

રૂહુલ બયાનમાં જણાવાય અનુસાર અહીં ઉમ્મતોથી એવી ઉમ્મતોનો અર્થ લેવાનો છે કે જેમના ઉપર દુનિયામાં અઝાબ આવ્યો. તો મતલબ એ થયો કે જે જે જૂથ ઉપર અઝાબ આવ્યા, એમાં પહેલાં એમને ડર સંભળાવવા માટે અમ્બિયા, ઉલ્મા અને સુલ્હાને મોકલવામાં આવ્યા, લોકો જ્યારે માન્યા જ નહિ. ત્યારે એમના ઉપર અઝાબ આવ્યો.

આ તફસીરને એ આયત સમર્થન આપે છે : **વમા કુન્ના મુઅઝ્ઝેબીન હત્તા નબઅસ રસૂલા**- નહિતર અમુક એવી ઉમ્મતો પણ છે જેમાં પયગમ્બર નથી પહોંચ્યા. રબતઆલા ફરમાવે

છે : વમા અરસલના ઈલયહિમ કબલેકા મિન નઝીરે (અર્થાત) અમે આપના પહેલાં એમનામાં ડરાવનાર નથી મોકલ્યો.

દરેક શખ્સ જાણે છે કે સરદારે અમ્બિયા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હઝરત ઈસા અલયહિસ્સલામ વચ્ચે છસ્સો વરસનું અંતર છે (બુખારીશરીફ) આ વચગાળાના સમયમાં દુનિયામાં કોઈ પયગમ્બર ન આવ્યા. આથી ઉપર વર્ણવેલી બે વાતો બેહતર માલૂમ પડે છે. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

## ★ મરતબ–એ–ગૌષે પાક ★

★ વાહ ક્યા મરતબા એ ગૌષ હય બાલા તેરા,
ઉંચે ઉંચો કે સરોં સે કદમ આ'લા તેરા.

★ સર ભલા ક્યા કોઈ જાને કે હય કૈસા તેરા,
ઔલિયા મલતે હંય આંખેં વો હય તલ્વા તેરા.

★ ક્યા દબે જિસ પે હિમાયત કા હો પંજા તેરા,
શૈર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા.

★ તૂં હુસૈની હસની ક્યું ન મુહ્યુદ્દીં હો,
એ ખિઝર મજમએ બેહરૈન હય ચશ્મા તેરા.

★ કસ્મેં દે દે કે ખિલાતા હય પિલાતા હય તુઝે,
પ્યારા અલ્લાહ તેરા, ચાહને વાલા તેરા.

★ મુસ્તફા કે તને બે સાયા કા સાયા દેખા,
જિસને દેખા મેરી જાં જલ્વ એ ઝયબા તેરા.

★ નબવી મેંહ, અલવી ફસ્લ, બતૂલી ગુલશન,
હસની ફૂલ, હુસૈની હય મહકના તેરા.

★ નબવી ખૂર, અલવી કોહ, બતૂલી મઅદન,
હસની લઅલ, હુસૈની હય તજલ્લા તેરા.

★ તુઝ સે દર, દર સે સગ, ઓર સગ સે હૈ મુજ કો નિસ્બત,
મેરી ગરદન મેં ભી હય દૂર કા દોરા તેરા.

★ ઈસ નિશાની કે જો સગ હંય, નહીં મારે જાતે,
હશ્ર તક રહે મેરે ગલે મેં રહે પટ્ટા તેરા.

★ બદ સહી, ચોર સહી, મુજરિમો નાકારા સહી,
એ વો કૈસા હી સહી, હય તો કરીમા તેરા.

★ મુઝ કો રૂસ્વા ભી અગર કોઈ કહેગા તો યૂંહી,
કે વહી ના વો 'રઝા' બન્દએ રૂસ્વા તેરા.

★ અય 'રઝા' યૂં ન બિલક, તૂં નહીં જય્યદ તો ન હો,
સય્યદ જય્યદ હર દહર હય મૌલા તેરા,

★ ફખ્રે આકા મેં 'રઝા' ઓર ભી ઈક નઝમ રફીઅ,
ચલ લિખા લાએં પના ખ્વાનોં મેં ચહેરા તેરા.

آیت ۶۸ : یٰسٓ ۝ وَالْقُرْاٰنِ الْحَکِیْمِ ۝ اِنَّکَ لَمِنَ الْمُرْسَلِیْنَ ۝

**આયત :- ૬૮ હિકમતવાળા કુરઆનની કસામ. બેશક-આપ મુર્સલીનમાંથી છો.**

*(પારહ-૨૨; સૂરએ યાસીન; રુકૂઅ : ૧.)*

આ મહાન આયત પણ હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તનું સુંદર વર્ણન કરી જાય છે. મક્કાના કાફિરો કહેતા કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ 'રસૂલુલ્લાહ' નથી. એનો જવાબ રબતઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે **હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કુરઆનની કસમ. આપ અમારા રસૂલ છો. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**

મઝ્કૂર આયતમાં ત્રણ વાક્ય છે : એક **'યાસીન'** બીજું, **'વલ કુરઆનિલ હકીમ'** અને ત્રીજું, **ઈન્નકા લમેનલ મુર્સલીન.** અને એ ત્રણેયમાં જુદો જુદો આસ્વાદ છે. 'યાસીન'નો ખરો અર્થ તો રબતઆલા જાણે યા એના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ. જો કે તફસીરવે-તાઓએ એના અમુક અર્થો કર્યા છે. પ્રથમ તો એ કે 'યાસીન' હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક નામ છે અને 'નિદા' છૂપી છે. અર્થાત, **હે યાસીન !** બીજો અર્થ એ, કે 'યા' નિદા (પુકાર) નો શબ્દ છે. એનાથી મુરાદ સય્યદુલ આલમીન (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) છે - અર્થાત હે જહાનવાળાઓના સરદાર ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ત્રીજો અર્થ એ કે એ આ સૂરહનું નામ છે.

અલ્લાહ તઆલાએ કુરઆને કરીમની કસમ ઈરશાદ ફરમાવી, એમાં કુરઆને પાકની અઝમતનો ઈઝહાર છે. કારણ કે રબતઆલા જે ચીજની કસમ ઈરશાદ ફરમાવે છે, એની કસમથી એ ચીજ જાહેર થાય છે, જ્યારે આપણે જે કસમ ખાતા રહીએ છીએ એનો હેતુ આપણા વેણની મજબૂતી દર્શાવવાનો હોય છે.

**આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સર્વવ્યાપી રિસાલતને કુરઆને કરીમે કુરઆનની જ કસમ ખાઈને બયાન ફરમાવી.** બીજા કોઈ પણ નબીની નબૂવ્વત અંગે કસમ ફરમાવવામાં આવી નહિ. સારંશ કે આ આયાત અનેક પ્રકારે રિસાલતમઆબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત સાબિત કરી બતાવે છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

**★ દે, દે, મૌલા ★**

★ *નુકસાન ન દેગા તુઝે ઈસ્યાં મેરા,*
*ગુફરાન મેં કુછ ખર્ચ ન હોગા તેરા,*
*જિસ સે તુઝે નુકસાન નહીં, કર દે મા'ફ*
*જિસ મેં તેરા કુછ ખર્ચ નહીં, દે દે મૌલા.*

*(અઝ :- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ٦٩ : قُلْ يَا عِبَادِيَ الَّذِينَ أَسْرَفُوا عَلَىٰ أَنفُسِهِمْ لَا تَقْنَطُوا مِن رَّحْمَةِ

اللّٰهِ ۚ إِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوبَ جَمِيعًا ۚ (پارہ ٢٤، سورہ زمر، رکوع ٦)

**આયત :- ૬૯ આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવો કે હે મારા એ બંદાઓ, જેમણે પોતાની જાનો ઉપર ઝિયાદતી કીધી, અલ્લાહની રહમતથી નિરાશ ન થાઓ. બેશક- અલ્લાહ સર્વ ગુનાહો બખ્શી દે છે.**

*(પારહ : ૨૪; સૂરએ ઝુમ, રૂકૂઅ -૬)*

આ આયતે - શરીફા પણ હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સ્પષ્ટ ના'ત શરીફ બયાન ફરમાવે છે. આ આયતનું 'શાને નુઝૂલ' : ઉતરાણ : એવી રીતે છે કે એક જૂથે વિનંતિ કરી : યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હે અલ્લાહના પ્યારા હબીબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અમે ઈમાન તો લઈ આવીએ - પણ અમે બહુ મોટા ગુનેહગાર છીએ. શું અમારા ગુનાહો પણ માફ થઈ જશે ?- એ ઉપરથી આ આયતે કરીમા નાઝિલ થઈ અને એમાં ફરમાવવામાં આવ્યું કે-હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપ ફરમાવી દો કે અલ્લાહના એ બંદાઓ, જેમણે કસૂર કર્યા છે. તેઓ રબની રહમતથી નિરાશ થાય નહિ. તેઓ બેધડક ઈસ્લામમાં દાખલ થઈ જશે અને આ રહમતના સમંદરમાં ગોથું મારી દેશે તો તેઓ એમના તમામ મેલથી પાકપવિત્ર અને સાફસ્વચ્છ બની જશે.

મજકૂર આયતમાં ''યા ઈબાદી'' ફરમાવવા પાછળનો આશય 'અલ્લાહના બન્દાઓ' એવો લેવામાં આવે તો અહીં બંધનો લગાડવાં પડશે. એક તો એ કે - યકૂલુલ્લલાહો યા ઈબાદી અલ્લાહ ફરમાવે છે : હે મારા બન્દાઓ ! કેમકે પછી 'કુલ' થી સંબંધ રહેશે નહિ. બીજું એ કે ''અસરફૂ અલા અનફુસેહિમ''માં બંધન લગાડવાં પડશે. મુશરિકો અને કાફિરો એમાંથી ખારિજ છે, માત્ર ઈમાનવાળાઓ જ એમાં દાખલ છે, કારણ કે અલ્લાહના બંદા તો બધા જ છે, પણ મુશ્રિકના શિર્કની બખ્શિશ થઈ શકતી નથી. ઈન્નલ્લાહ લા યગફિરો અંય્યુશ્રરેકા બેહી : અલ્લાહ શિર્કને નથી બખ્શતો. ''યા ઈબાદી'' થી મુરાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના બંદા છે. અહીં બંદાનો અર્થ ગુલામ થાય છે. 'અબ્દ' 'આબિદ' (ઈબાદત કરનાર) ના અર્થમાં પણ આવે છે અને ખાદિમના અર્થમાં પણ.

તો હવે આ આયતનો અર્થ એવો થયો કે 'હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવી દો કે ''હે મારા ગુલામો !'' આવું ફરમાવતાં કાફિરો ખુદ-બ-ખુદ- નીકળી ગયા, કેમકે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ખાદિમો તો મુસલમાનો જ છે.

આ જ 'તવજ્જીહ'ને મોલવી અશરફઅલી થાનવીએ અખત્યાર કરી છે કે 'ઈબાદી'થી મુરાદ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના બંદા છે - અને મસનવી શરીફમાં પણ એ જ અખ્તયાર કરવામાં આવી છે.

**બંદએ ખુદ ખ્વાન્દ અહમદ દર રશાદ,**
**જુમલા આલમ રાબખ્વાં કુલ યા ઈબાદ.**
**★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★**
**યા ઈબાદી કેહ કે હમકો શાહને અપના**
**બન્દહ કરલિયા, ફિર તુઝકો ક્યા ?**

મસ્અલા : "અબ્દુન્નબી" અને "અબ્દુર્રસૂલ" વગેરે નામ રાખવાં બિલકુલ જાઈઝ છે - અને કુરઆનથી સાબિત છે. રબતઆલા ફરમાવે છે : "મિન ઈબાદેકુમ વ ઈમાએકુમ" - "આપના ગુલામ અને આપની લોંડીઓ-" અરબસ્તાનમાં સામાન્ય રીતે "અબ્દી" બોલાય છે. અબ્દીનો અર્થ " મારો ગુલામ" એવો થાય છે. "દુર્રે મુખ્તાર" ના કર્તાના ઉસ્તાદના ઉસ્તાદનું નામ છે. અબ્દુન્નબી ખલીલી. (જુઓ : દુર્રે મુખ્તારનું આમુખ, જ્યાં તેમણે પોતાનો ઈલ્મી શિજરહ બયાન કર્યો છે.)

હદીષેપાકમાં 'અબ્દી' અને 'ઉમ્મતી' ન કહો એવી જે મનાઈ કરવામાં આવી છે એ ઈસ્તેહબાબી હુકમ છે. : જાણે એમ કહેવામાં આવ્યું કે અંગૂરને કરમ ન કહો કેમકે કરમ પવિત્ર છે. (બુખારી શરીફ વગેરે.) સહાબાએ કિરામે પણ અનેકવાર ફરમાવ્યું છે કે કુન્તો અના અબ્દહુ વ ખાદિમહુ-"હું હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો "અબ્દ" અને "ખાદિમ" હતો." આની પૂરી તહકીક અમારી કિતાબ "જાઅલ હક્કો વઝહકલ બાતિલ" માં જુઓ. આમાં એવી દલીલો બયાન કરવામાં આવી છે કે જેનો જવાબ વિરોધીઓ કદાપિ આપી શકશે નહીં. (ઈન્શા અલ્લાહ) "લાતકનતૂ" થી જાણવા મળ્યું કે ખુદાની રહમતથી નિરાશ થવું બંદાને શોભતું કે છાજતું નથી. બંદો પોતાના ગુનાહોને જોઈને રબથી ડરે અને અલ્લાહની રહમત વિશે વિચારી એનો ઉમ્મીદવાર રહે.

**ગુનહે 'રઝા' કા હિસાબ કયા, વોહ ગરચે લાખોંસે હંય સિવા,**
**મગર અય અફૂ તેરે અફવકા તો હિસાબ હય, ન શુમાર હય.**

ખુદાએ - કુદ્દૂસ તમામ ગુનાહો માફ ફરમાવી દેશે. પણ હુકૂકુલ ઈબાદમાં હકવાળાથી માફ કરાવી દેશે, જેમકે અકાઈદની કિતાબો વગેરેમાં લખાયેલું છે.

**"ઈમાન કી જાન"**

★ *અલ્લાહ કી સર – તા – બ – કદમ શાન હંય યે,*
*ઈન્સા નહીં ઈન્સાન, વો ઈન્સાન હંય યે.*

★ *કુરઆન તો ઈમાન બતાતા હય ઈન્હેં,*
*ઈમાન યે કહતા હય, મેરી જાન હંય યે.*

**"મરે દિલ સે"**

★ *મોમીન વો હય, જો ઈન કી ઈઝઝત પે મરે દિલ સે,*
*તા'ઝીમ ભી કરતા હય નજદી તો મરે દિલ સે.*

**'બાગે આલમ કી બહાર'**

★ *હય ઉન્હીં કે દમ-કદમ સે બાગે આલમ કી બહાર,*
*વો ન થે, આલમ ન થા, ગર વો નહીં, આલમ નહીં.*

*(અઝ:- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۷۰ : إِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِينًا لِّيَغْفِرَ لَكَ اللَّهُ مَا تَقَدَّمَ مِن ذَنبِكَ

وَمَا تَأَخَّرَ (پاره ۲۶، سوره فتح، رکوع ۱)

**<u>આયત :- ૭૦</u> બેશક - અમે આપના માટે રોશન ફતેહ ફરમાવી દીધી, જેથી અલ્લાહ આપના સબબથી ગુનાહ બખ્શે આગળનાઓના અને આપના પાછળનાઓના.** *(પારહ ૨૬; સૂરએ ફત્હ; રુકૂઅ -૧.)*

આ આયતે-કરીમા પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તોનો સમુહ છે. એનું શાને નુઝૂલ એ છે કે - એક વાર હુઝૂર આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ખ્વાબમાં જોયું હતું કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પોતાના સહાબા સાથે મક્કા મુકર્રમહમાં શાંતિસલામતીથી દાખલ થયા. કા'બાની કુંજી લીધી અને તવાફ ફરમાવી ઉમરો કર્યો. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે અસ્હાબને આ ખ્વાબની ખબર આપતાં, સૌ ખુશ થયા. ત્યારબાદ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ઉમરાનો ઈરાદો ફરમાવ્યો અને એક હજાર ચાર સો સહાબાએ કિરામ સાથે પહેલી ઝીકઅદ, હિજરી સન ૬ના રોજ રવાના થયા.

મક્કા મુકર્રમહના માર્ગમાં ઝૂલહલીફહમાં એહરામ બાંધ્યો. અસ્ફાન પહોંચતા એવા સમાચાર મળ્યા કે મક્કાના કાફિરો લડવા માટે શસ્ત્રસામગ્રીથી સુરજ્જ થઈને તૈયાર બેઠા છે. મુસલમાનો હુદયબિયહ મુકામે પહોંચ્યા. એટલે મુસલમાનો તરફથી અમુક માણસોને મક્કાના કાફિરો પાસે મોકલવામાં આવ્યા. આ માણસોએ કાફિરોને કહ્યું કે **હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ** અહીં ઉમરા માટે તશરીફ લાવ્યા છે, આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈરાદો લડવાનો નથી.

પરંતુ મક્કાના કાફિરોને વિશ્વાસ આવ્યો નહિ. છેવટે એમણે ઉર્વહ ઈબ્ને મસઊદ સક્ફીને ખરી હકીકત જાણવા માટે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સેવામાં મોકલ્યા. **ઉર્વહે આવીને સહાબાએ કિરામની અદબ અને આકાએ દોજહાં મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પવિત્ર મજલિસનું અનુપમ દૃશ્ય જોયું.** એ તો આ બધું જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ઉર્વહે સગી આંખે જોયું કે જ્યારે આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મુબારક હાથ ધૂવે છે, ત્યારે સહાબાએ કિરામ એ રેડાતા પાણીને હાસિલ કરવા માટે પડાપડી કરે છે. જો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ થૂંકે તો સહાબાએ કિરામ એને લેવા માટે કોશિશ કરે છે અને જેને એ થૂંક મળી જાય છે તે બરકત માટે ચહેરા અને શરીર ઉપર ભુંસી લે છે. અગર કોઈ મુબારક વાળ પવિત્ર શરીર થી જુદો થઈને ખરી જાય છે તો સહાબાએ કિરામ એને અદબથી ઉપાડી લે છે અને પોતાના પ્રાણ કરતાં પણ અધિક વહાલો રાખે છે. જ્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વાત ફરમાવે છે તો બધા ખામોશ થઈ જાય છે અને કોઈ પણ શખ્સ આ પવિત્ર મજલિસમાં ઊંચી આંખ કરતો નથી. જાણે આ મજલિસ શું છે, **ઈલ્મ અને હિકમત તથા અદબ અને પ્રતિભાની મજલિસ છે. યા પછી એમ કહેવું જોઈએ કે ધરતી ઉપર આસમાની આત્માઓ ઊતરી આવ્યા છે.**

ઉર્વહ આ દિવ્ય દશ્ય જોઈને મક્કાના કાફિરો પાસે પાછા વળ્યા, તેમણે જણાવ્યું : મેં મોટા મોટા બાદશાહોના દરબાર જોયા છે, પરંતુ જેવો મહાન દરબાર અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જોયો, તેવો તો આજ સુધી જોયો તો શું, સાંભળ્યો સુધ્ધાં નથી આથી તમે એમના પર વિજય મેળવી શકશો નહિ.

કુરેશે કહ્યું, "એવું ન બોલો ! અમે આ વરસે એમને પાછા ફેરવીશું - બીજા વરસે એઓ ભલે આવે !"

જે લોકો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તરફથી મક્કાવાસીઓ સાથે વાતચીત કરવા ગયા હતા, એમાં હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હો પણ ગયા હતા. હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હો દસ સહાબાએ કિરામ સાથે મક્કા ગયા હતા. એમણે મક્કાવાસીઓને સમજાવ્યું કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ઉમરો કરતાં રોકો નહિ. પણ મક્કાવાસીઓ માન્યા નહિ. મક્કામાં ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હો ને ત્રણ દિવસ સુધી રાખવામાં આવ્યા. એ દરમ્યાન મક્કાના કાફિરોએ હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હોને એવી વિનંતિ કરી કે આપ આગર ઈચ્છો તો ખાનએ કાબાનો તવાફ કરી લો ! પણ હઝરત ઉસ્માને (રદિયલ્લાહો તઆલા અન્હો) ફરમાવ્યું કે હું હુઝૂર આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પહેલાં તવાફ કરી લઉં એવું કદાપી બની શકે નહિ.

બીજી તરફ મુસલમાનોમાં હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હોને મક્કાના કાફિરોએ શહીદ કરી નાખ્યાની ખબર ફેલાઈ ગઈ. આથી આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે તમામ મુલમાનોની બયઅત લીધી કે જો યુધ્ધ કરવું પડશે તો કોઈ પણ મોં ફેરવશે નહિ. આ બયઅતનું નામ 'બયઅતે-રિદવાન' છે.

છેવટે એવી શરતે સુલેહ થઈ કે આ વરસે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પાછા તશરીફ લઈ જાય અને આવતે વરસે ઉમરો કરે.

સુલેહનામું લખાઈ જતાં, મજકૂર આયત નાઝિલ થઈ અને ફરમાવવામાં આવ્યું કે - 'હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અમે આપને વિજય આપી દીધો.' આ જ સુલેહ મક્કાના વિજયનું નિમિત્ત બની અને એના પછી ઘણા વિજયો પ્રાપ્ત થયા.

આ હતું આયતનું શાને નુઝૂલ. હવે એમાં બે ચીજો ગંભીર વિચાર માગી લે એવી છે. પ્રથમ તો એ, કે ફતેહ પાછળ શો આશય રહેલો છે ? બીજું એ, કે "અલ્લાહ આપના સબબથી ગુનાહ બખ્શી દેશે આગળનાઓ અને આપના પાછળનાઓના" - થી શી મુરાદ છે ?

"રૂહુલ-બયાને" ફતેહની અમુક તવજીહો કરી છે. એમાં એક તો એ કે ફતેહથી મુરાદ મક્કાની ફતેહ છે - પરંતુ એ ઘટનાને અનુરૂપ નથી જણાતું, કેમકે હજુ તો મક્કાવાળાઓએ ઉમરો પણ અદા ન કરવા દીધો અને મુસલમાનોને પાછા ફરવું પડ્યું - અને "ફતહ" શબ્દ ભૂતકાળનો સૂચક છે, જેનો અર્થ થાય છે-ફતેહ આપી દીધી. આથી યા તો એવું કહેવામાં આવે કે હુદયબિયહની સુલેહસંધિ એ જ ફતેહ છે, કારણ કે મક્કાના કાફિરો તો એવી કોશિશમાં હતા કે સુલેહ ન થાય, જ્યારે હુઝૂરે અનવરની સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ એ હાર્દિક ઈચ્છા હતી કે સુલેહ થઈ જાય. જે કાફિરોએ ઈચ્છયું એ ન થયું, પણ જે અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ઈચ્છયું તે થઈને રહ્યું. આ સુલેહ ફતેહ થઈ યા પછી એમ કહેવું જોઈએ કે આ સુલેહ જ મક્કાની ફતેહ માટે કારણભૂત બની. એટલે એને ફતેહ ફરમાવવામાં આવી, કેમકે હવે

મક્કાની ફતેહ નિશ્ચિત બની ચૂકી હતી અને નિશ્ચિત ચીજોને અરબવાસીઓ ભૂતકાળમાં બોલે છે. એટલે એવું ફરમાવવામાં આવ્યું અથવા એમ સમજવું જોઈએ કે આ સુલેહને લીધે કાફિરો મુસલમાનો સાથે હળવામળવા લાગ્યા અને એમના સહચારથી ઘણા લોકો આ વરસે ઈસ્લામમાં દાખલ થયા.

ફતેહનો અર્થ ''ખોલી દેવું'' એવો પણ કરી શકાય છે. અહી એવો અર્થ લેવો ઘટે કે ''હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અમે આપના માટે બારણાં ખોલી દીધાં !'' વિદ્યાજ્ઞાનના; હિકમતોનાં; હિદાયતોનાં જે બારણાં બીજાઓ ઉપર બંધ રહ્યાં એ હે પ્યારા હબીબ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપના માટે ખોલી દેવામાં આવ્યા. શફાઅતે કૂબરાનાં બારણાં, દીદારે ઈલાહીનાં દ્વાર, જન્નતના દરવાજા, મકામે-મહમૂદનો દરવાજો, હૌઝે કવસરનાં બારણાં-મતબલ કે અલ્લાહની તમામ રહમતોનાં બારણાં આપના માટે ખોલી દેવામાં આવ્યાં.

એવો અર્થ પણ લઈ શકાય છે કે પહેલાં ફરમાવ્યું : (અર્થાત) 'ગયબની કુંજીઓ રબની જ પાસે છે, એને રબ સિવાય બીજું કોઈ નથી જાણતું.' હવે એ સવાલ હતો કે એ ગયબની કુંજીઓ વડે કોઈના માટે ગયબના ખજાના ખોલ્યા પણ કે નહિ ?- તો આ જગ્યાએ ફરમાવ્યું : ''ઈન્ના ફતહના લકા'' -અમે આપના માટે ખોલી દીધાં.''

રહી બીજી ચર્ચા - ''આપના ગુનાહ'' વિશે. એથી શું મુરાદ છે ? તમામ ઈસ્લામીઓનો એ સર્વાનુમત અને સર્વસંમત અકીદો છે કે અમ્બિયાએ કિરામ ગુનાહોથી માસૂમ છે-પાક છે; પવિત્ર છે; નિષ્કલંક છે. 'તફસીર અહમદિયહ'માં લાયનાલો અહદીઝઝાલેમીન આયત હેઠળ લખ્યું છે કે આપણાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે નબૂવ્વત પૂર્વે કે પછી એક પળ માટે પણ ગુનાહ નો ઈરાદો ફરમાવ્યો નહોતો. તો પછી આ આયતનો શો અર્થ થાય છે ?-એટલા માટે જ મુહદ્દિસીન અને મુફસ્સિરીને આ આયતની અનેક તવજીહો ફરમાવી છે.

''મદારિજુ-ન્નબૂવ્વત'' માં ફરમાવ્યું છે કે આયતમાં ''માતકદમાં'' થી મુરાદ હઝરત આદમ અલયહિસ્સલામની ખતા છે-અને ''માતઅખ્ખરા'' થી મુરાદ છે-ઉમ્મતના ગુનાહ માફ કરાવી દીધા. આથી ''રૂહુલ બયાન''માં આ જ આયત હેઠળ ફરમાવ્યું કે હઝરત આદમ અલયહિસ્સલામે હુઝૂર અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના તુફયલ દુઆ કરી અને કબૂલ થઈ. અમુક સાહેબોએ એમ પણ ફરમાવ્યું કે અહીં ઈજતેહાદી ખતા પણ મુરાદ છે.

અમુકે ફરમાવ્યું કે 'યગફેરા'થી મુરાદ 'યઅસેમા'છે-અર્થાત, અલ્લાહતઆલાએ આપને ગત જમાનામાં પણ ગુનાહોથી મેહફૂઝ રાખ્યા અને ભવિષ્યમાં પણ આપને મેહફૂઝ રાખશે. એટલે કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ગુનાહોથી મેહફૂઝ છે. અમુકે ફરમાવ્યું કે ઉમ્મતના ગુનાહો હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દામને-શફાઅત તરફ મન્સૂબ ફરમાવી દીધા છે અને હંમેશા ઉમ્મતોના ગુનાહો અમ્બિયાએ કિરામના કરમ તરફ મન્સૂબ હોય છે.

એટલે કે ગુનાહ અને અપરાધ ક્યારેક ગુનેહગાર તરફ મન્સૂબ હોય છે. ક્યારે બખ્શિશના ઝિમ્મેદાર તરફ, જેમકે મુકદમા વિશે આરોપી કહે છે કે એ મારો મુકદમો છે અને વકીલ તેમ જ જજ (ન્યાયાધિશ) પણ કહે છે કે એ મારો મુકદમો છે - પરંતુ એ બંને પક્ષોના કથનના અર્થો જુદા જુદા થાય છે. આરોપીનો મુકદમો એવા અર્થમાં છે કે આરોપી એમાં સપડાયેલો છે. વકીલ અને જજનો મુકદમો એવા અર્થમાં છે કે તેઓ એ મુકદમો ચલાવવાના ઝિમ્મેદાર છે. આથી ગુનેહગારોના ગુનાહો હુઝૂરે અનવરના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દામને કરમ તરફ

મન્સૂબ છે તે એવા અર્થમાં કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ઝિમ્મે એમની શફાઅત છે. યા ઝમ્બેકા થી મુરાદ એવા ગુનાહો છે જેમને હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ગુનાહો ઠેરવ્યા છે હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની પધરામણી પછી કેટલાક કાર્યો ગુનાહ ઠર્યા છે–એટલે કે આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એમને ગુનાહનાં કાર્યો ઠેરવ્યા છે. (રૂહુલ બયાન), જેમકે કહેવામાં આવે છે કે ચોરી અને ઝિના (વ્યભિચાર) વગેરે ખુદાનો ગુનાહ છે, જેનો અર્થ ખુદાએ હરામ ફરમાવેલો ગુનાહ એવો થાય છે.

**કરકે તુમ્હારે ગુનાહ માંગે તુમ્હારી પનાહ,**
**તુમ કહો દામનમેં આ, તુમ પે કરોરોં દુરૂદ.**

એટલા માટે અમુક સાહેબો ફરમાવે છે કે હઝરત આદમ અલયહિસ્સલામે ખતા કરી નહોતી, પણ એ ખતાના સબબ એ ખબીસ ઈન્સાનો થયા, જે હઝરત આદમ અલયહિસ્સલામની પુશતમાં હતા. અલ્લાહને એવું મન્ઝૂર નહોતું કે એવા લોકો જન્નતમાં પેદા થાય-એટલે ફરમાવવામાં આવ્યું કે હે આદમ ! (અલયહિસ્સલામ) આપ જમીન ઉપર જઈને એમને ફેંકી આવો-પછી જન્નતમાં તશરીફ લઈ લાવશો, (રૂહુલ બયાન-એ જ મુકામ અને મિરકાત શર્હ મિશ્કાત).

'રૂહુલ બયાને' આ જ આયત સંબંધમાં લખ્યું છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ત્રણ ફતેહ ઈનાયત થઈ; ફત્હે-કરીબ, એ છે કે દિલનો દરવાજો ખોલવો અને રહસ્યોથી જાણકાર બનાવવા. બીજી ફતહે-મુબીન, એ છે રૂહે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દરવાજા ખોલવા. ત્રીજી ફત્હે-મુત્લક એ પોતાની સિફતના દરવાજા હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લ્મ પર ખોલવા, જેના તરફ ઈશારો છે એઝા જાઆ નસરૂલ્લાહે વલફત્હો.

### ★ અંબિયા કો ભી અજલ ★

★ *અંબિયા કો ભી અજલ આની હય,*
*મગર ઐસી કે ફક્ત આની હય.*

★ *ફિર ઉસી આન કે બાદ, ઉન્કી હયાત,*
*મિષ્લે સાબિક વહી જિસ્માની હય.*

★ *રૂહ તો સબ કી હય ઝિન્દા, ઉન કા,*
*જિસ્મે પુર-નૂર ભી રૂહાની હય.*

★ *ઔરોં કી રૂહ હો કિતની હી લતીફ,*
*ઉન્કે અજસામ કી કબ ષાની હય.*

★ *પાઉં જિસ ખાક પે રખ દેં, વો ભી,*
*રૂહ હય, પાક હય, નૂરાની હય.*

★ *ઉસ્કી અઝવાજ કો જાઈઝ હય નિકાહ,*
*ઉસ્કા તર્કા બટે જો ફાની હય.*

★ *યે હંય હય્યુન – અબદી ઈન કો 'રઝા'*
*સિદક વા'દે કી કઝા માની હય.*

آیت ۷۱ : اِنَّا اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ

وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ وَتُسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا ۝ (پارہ ۲۶، سورہ الفتح، رکوع ۱)

**<u>આયત : (૭૧)</u> બેશક - અમે આપને** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **મોકલ્યા હાઝિર અને નાઝિર તથા ખુશી અને ડર સાંભળાવતા, કે હે લોકો ! તમે અલ્લાહ અને એના રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **પર ઈમાન લાવો અને રસૂલની** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **તા'ઝીમ અને તૌકીર કરો અને સવારસાંજ અલ્લાહની પવિત્રતા બોલો.** *(પા. ૨૬, સૂરએ અલ્ફત્હ : રૂકૂઅ : ૧)*

આ આયત પણ સરવરે કાએનાત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ચોકખી ના'ત-શરીફ છે. એમાં અમારા-તમારા આકા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સંખ્યાબંધ સદ્‌ગુણોનું સુંદર વર્ણન કરી મુસલમાનોને આ બારગાહે-આલીની તા'ઝીમ **કરવા અને એનું સંપૂર્ણ સન્માન જાળવવાનો સ્પષ્ટ હુકમ કરવામાં આવ્યો છે.**

**"શાહેદન"** નો અર્થ અમે અગાઉ **"સૂરએ અહઝાબ"** માં વર્ણવી ચૂક્યા છીએ- **'શાહેદન'નો અર્થ 'હાઝિર'** અને 'અનુભવ કરનાર' એવો પણ હોઈ શકે છે અથવા તો 'સમસ્ત જગતને જોનાર'; 'રબને નિહાળનાર'; 'મેઅરાજમાં જન્નત અને દોઝખ તથા લૌહ અને કલમ જાતે જોનાર'; તમામેતમામ મખ્લૂકો ઉપર નજર રાખનાર યા 'ગવાહ' કે 'મેહબૂબ' એવો અર્થ પણ નીકળી શકે છે.

આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું : **'અશ્હદો અન લા ઈલાહ ઈલ્લલ્લાહ......'** એમાં ગયરૂલ્લાહની ખુદાઈના ઇન્કારની ગવાહી છે - **અને આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ગવાહી તદ્દન સંપૂર્ણ અને જાતે જોયેલી - આંખદીઠી છે; કાને સાંભળેલી નથી.**

**'છે' ની ગવાહી આપવી આસાન છે; પણ 'નથી' ની ગવાહી આપવી બહુ મુશ્કિલ છે.** શેખ સઅદીના 'ગુલિસ્તાન' માં ફલાણો શેઅર છે એવું અગર કોઈ કહે, તો તે એ શેઅર એમાં દેખાડીને પુરવાર કરી શકે છે- પરંતુ ફલાણો શેઅર 'ગુલિસ્તાન' માં નથી એમ કહેવું અત્યંત મુશ્કિલ છે. આવું તો એ જ વ્યક્તિ કહી શકે, જેને **'ગુલિસ્તાન' સંપૂર્ણપણે મોઢે હોય.** બિલકુલ **એ જ પ્રકારે લા ઈલાહ ઈલ્લલ્લાહ... ની આંખદીઠી ગવાહી : દાર્શનિક સાક્ષી : એ જ આપી શકે,** જે શરૂઆતથી માંડીને છેવટ સુધી - અવ્વલથી લઈને આખિર સુધી- નો જ્ઞાની હોય અને જેણે **કણેકણ; તલેતલ; રજેરજને જાંચી - તપાસી લીધા હોય, ત્યારે એ જ કહી શકે છે કે મેં બધું જોઈજાંચી લીધુ છે - રબતઆલા સિવાય બીજો કોઈ ખુદા નથી.**

મજકૂર આયતમાં મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો છે કે તમે અમારા મેહબૂબની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તા'ઝીમ અને માન જાળવો. આમાં કોઈ જાતની તા'ઝીમનું બંધન લગાડવામાં આવ્યું નથી, બલ્કે જે તા'ઝીમો શરીઅતે હરામ ફરમાવી છે, જેવી કે તા'ઝીમી સજદો કરવો અને તા'ઝીમી રૂકૂઅ કરવું વગેરે - એ સિવાય જે પણ, જેવી પણ અને જેટલી પણ

તા'ઝીમ તમારાથી થઈ શકે તેટલી તા'ઝીમ કરો. વાણી વડે તા'ઝીમ કરો : હુઝૂર સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક નામશરીફ અઝમતથી લો. આપને અલ્લાહ અને અલ્લાહના પુત્ર ન કહો; બાકી તા'ઝીમના જે પણ શબ્દો; જેટલાં પણ વિશેષણ મળે તેનો ઉપયોગ કરવો. આપની હરેક ને દરેક ચીજની તા'ઝીમ કરવી : બાલ-મુબારક ચૂમવા; મુબારક લિબાસની, ના'લેન-પાકની, આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) લખાયેલા મુબારક નામની અને આપના પવિત્ર શહેરની-સારાંશકે, જે પણ ચીજનો આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સાથે સંબંધ હોય, એની તા'ઝીમ કરો. તમારા હાથ અને પગ-વાણી અને વર્તન- વગેરે વડે પોતાની પ્રત્યેક હિલચાલથી આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની અઝમતનો ઈઝહાર કરો.

ફુકહાએ કિરામ તો ફરમાવે છે કે રોઝા મુબારક પર સલામી માટે હાજરીનું સદભાગ્ય સાંપડે ત્યારે જેમ નમાઝમાં હાથ બાંધી ઊભા થઈએ છીએ તેમ હાથ બાંધીને ઊભા થવું. (જુઓ : આલમગીરી : નબીએ પાકની કબ્ર-મુબારકની ઝિયારતનું પ્રકરણ : કિતાબુલ હજ) એવી જ રીતે આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) માનમાં તા'ઝીમન ઊભા થવું, આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક હાથ અને પગને ચૂમવા- જેવો કે સહાબાએ કિરામનો દસ્તૂર હતો - મુસ્તહબ છે. (જુઓ : મિશ્કાત : કિતાબુલ અદબ : બાબુલ કયામ : અને બાબુલ મુસાફેહા વલ્મુઆનેકા)

જે હદીષોમાં તા'ઝીમ માટે ઊભા થવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તે એ પ્રકારની તા'ઝીમ અંગે છે, કે મોટો માણસ બેઠો હોય અને બીજા માણસો એમની સામે હાથ બાંધીને ઊભા હોય ! એટલા સારૂ ફરમાવવામાં આવ્યું : (અર્થાત) : 'અજમી લોકો જે ઢબે ઊભા રહે છે એ ઢબે ઊભા રહો નહિ.'

વઝૂનું બચેલું પાણી ઊભા થઈને પીઓ. આબે-ઝમઝમ ઊભા થઈને પીઓ.

હઝરત સઅદ ઈબ્ને મઆઝ રદિયલ્લાહો તઆલા અન્હો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પવિત્ર મજલિસમાં આવ્યા, તો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે અન્સારને ફરમાવ્યું : પોતાના સરદારની તા'ઝીમ માટે ઊભા થઈ જાવ. મતલબ કે, તા'ઝીમી કયામ જાઈઝ અને સુન્નતથી સાબિત છે.

એવી જ રીતે મીલાદ શરીફની મુબારક મેહફિલ યોજવી અને એમાં આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક વિલાદતમાં ઝિક્રે- પાક પર ઊભા થવું એ પણ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ની તા'ઝીમ છે. જે પણ પ્રકારે અને જેવી પણ રીતે બન્ને જહાનના સરદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તા'ઝીમ કરવામાં આવે, જાઈઝ છે. એમાં સુબૂતની કંઈ આવશ્યકતા નથી.

હઝરત ઈમામ માલિક રહમતુલ્લાહ અલયહ મદીનએ- પાકમાં ક્યારેય ઘોડા ઉપર સવાર થતા નહોતા. ઘણા માણસો મદીનહ મુનવ્વરની હદમાં પાખાનું કરવા માટે બેસતા નહોતા. આ તા'ઝીમનું કોઈ સુબૂત નથી મળતું : સહાબાથી ન તાબેઈનથી. પરંતુ ઈમામ માલિક રહમતુલ્લાહ અલયહની એ દિલી લાગણી છે - અને એની કોઈ પણ મનાઈ ફરમાવતું નથી.

આ આયતમાં તા'ઝીમ અને માનસન્માન મૂળ તત્ત્વ છે- એટલે એમાં કોઈ પ્રકારનાં બાધ કે બંધન લગાડવાં યોગ્ય નથી.

'રૂહુલ બયાન' માં મા કાના મુહમ્મદુન અબા અહદિમ આયત હેઠળ લખ્યું છે કે અયાઝના પુત્રનું નામ મુહમ્મદ હતું - સુલ્તાન એનું નામ અદબથી લેતા હતા. એમણે એક વાર કહ્યું : "હે અયાઝના પુત્ર ! અહીં આવ !" અયાઝે વિનંતિ કરી: "નામદાર ! આજે એવી તે કઈ કસૂર થઈ કે આપે એનું નામ ન લીધું ?........." સુલ્તાને જવાબ આપ્યો : "અત્યારે હું બેવઝૂ છું - અને એ પાક નામ હું વઝૂ ન હોય એવી હાલતમાં કદાપી લેતો નથી."

**હઝાર બાર બશોયમ દહન બ મુશ્કો - ગુલાબ**
**હનોઝ નામે - તૂ ગુફ્તન કમાલ બેઅદબી'સ્ત.**

એવી જ રીતે મીલાદ શરીફની મેહફિલ કરવી પણ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તા'ઝીમ છે.

**મસ્અલો : હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તા'ઝીમ અને તૌકીર ઈમાનમાં દાખિલ છે - અને આપના ના'લેન પાકની તવહીન પણ કુફ છે.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

★ *નેઅમતે બાંટતા જિસ સિમ્ત વો ઝીં શાન ગયા,*
*સાથ હી મુન્શીએ રહેમત કા કલમદાન ગયા.*

★ *લે ખબર જલ્દ કે ગૈરોં કી તરફ ધ્યાન ગયા,*
*મેરે મૌલા, મેરે આકા, તેરે કુરબાન ગયા.*

★ *આહ ! વો આંખ કે નાકામે તમન્ના હી રહી,*
*હાએ વો દિલ જો તેરે દર સે પુર અરમાન ગયા.*

★ *દિલ હય વો દિલ, જો તેરી યાદ સે મઅમૂર રહા,*
*સર હય વો સર જો તેરે કદમોં પે કુરબાન ગયા.*

★ *ઈન્હેં જાના, ઈન્હેં માના, ન રખ્ખા ગૈર સે કામ,*
*લિલ્લાહિલ-હમ્દ મેં દુનિયા સે મુસલમાન ગયા.*

★ *ઔર તુમ પર મેરે આકા કી ઈનાયત ન સહી,*
*નજદીયો કલ્મા પઢાને કા ભી અહેસાન ગયા.*

★ *આજ લે ઉનકી પનાહ, આજ મદદ માંગ ઉનસે,*
*ફિર ન માનેંગે, કયામત મેં અગર માન ગયા.*

★ *ઉફ ! રે મુન્કિર યે બઢા જોશે તઅસ્સુબ આખિર,*
*ભીડ મેં હાથ સે કમબખ્ત કે ઈમાન ગયા.*

★ *જાનો-દિલ, હોશો-ખિરદ, સબ તો મદીને પહોંચે,*
*તુમ નહીં ચલતે 'રઝા', સારા તો સામાન ગયા.*

آیت ۷۲ : اِنَّ الَّذِیْنَ یُبَایِعُوْنَكَ اِنَّمَا یُبَایِعُوْنَ اللّٰهَ یَدُ اللّٰهِ فَوْقَ اَیْدِیْهِمْ ۚ

(پارہ ۲۶، سورۃ الفتح رکوع ۱)

**આયત :- ૭૨ તેઓ, જે આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બયઅત કરે છે એ અલ્લાહથી જ બયઅત કરે છે. અલ્લાહનો હાથ એમના હાથો ઉપર છે.** *(પા. ૨૬, સૂરએ અલ્ફત્હ : રૂકૂઅ ૧)*

આ મહાન આયત હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તની પરાકાષ્ટા છે. એમાં 'બયઅતે-રિદવાન'ની ઘટના પ્રત્યે નિર્દેશ કરાયો છે, એનું વર્ણન અમે આ કિતાબના આગળના ભાગમાં કરી ચૂક્યા છીએ. હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હો શહીદ થયાની અફવા મુસલમાનોમાં ફેલાતાં, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે લોકો પાસે જિહાદ માટેની બયઅત લીધી. સૌએ પોતપોતાના હાથ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના હાથમાં આપી જિહાદની બયઅત કરી. પછી હુઝૂરે અનવરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પોતાના ડાબા હાથ તરફ ઇશારો કરી ફરમાવ્યું : આ હાથ ઉસ્માનનો (રદિયલ્લાહો તઆલા અન્હો) છે. ત્યારબાદ પોતાના જમણા હાથ તરફ ઇશારો કરી ફરમાવ્યું : આ હાથ રસૂલુલ્લાહનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) છે, અને હું પોતે ઉસ્માન (રદિયલ્લાહો તઆલા અન્હો) તરફથી બયઅત કરૂં છું ખુદ પોતાના હાથ ઉપર.

**ખુદ કૂઝહ વ ખુદ કૂઝહગર**
**વ ખુદ ગુલે કૂઝહ**

સુબ્હાનલ્લાહ ! કેવી શાન છે હઝરત ઉસ્માને - ગની રદિયલ્લાહો તઆલા અન્હોની !

**દસ્તે હબીબે - ખુદા જો કે યદુલ્લાહ થા**
**હાથ બના આપકા, આપ વોહ ઝીશાન હંય** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

નુક્તો : રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો મુબારક હાથ હઝરત ઉસ્માન રદિયલ્લાહો તઆલા અન્હોનો હાથ- અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો હાથ ખુદાનો હાથ ! તો નતીજો નીકળ્યો કે ઉસમાને-ગનીનો (રદિયલ્લાહો તઆલા અન્હો) હાથ જાણે અલ્લાહનો હાથ અને કુરઆન અલ્લાહનો કલામ - તો અલ્લાહના કલામને જાણે અલ્લાહના હાથ- એટલે કે હઝરત ઉસમાને-ગની (રદિયલ્લાહો તઆલા અન્હો)એ પ્રસિધ્ધ કર્યો, એટલા માટે ફરમાવવામાં આવ્યું : ઉસમાન જામેઉલ કુરઆન.

મજકૂર આયતમાં એ જ બયઅતનો ઉલ્લેખ છે અને એ બયઅત કરનારાઓની અઝમત : મહાનતા : પ્રદર્શિત કરવામાં આવી છે. તે એ રીતે કે જેઓ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક હાથ ઉપર બયઅત કરે છે, તેઓ અલ્લાહથી બયઅત કરે છે અને એમના હાથો ઉપર અલ્લાહનો હાથ છે.

આ આયતથી ત્રણ મસ્અલા સાબિત થયા : પ્રથમ તો એ કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને બારગાહે - ઈલાહીમાં એટલી નિકટતા હાસિલ છે કે હુઝૂર પુરનૂરની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈતાઅત અલ્લાહની ઈતાઅત, હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની બયઅત અલ્લાહની બયઅત અને હુઝૂર પુરનૂરનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હાથ અલ્લાહનો હાથ છે. (સૂરએ અન્ફાલ - પારહ ૯ - માં - "વમા રમયતા ઈઝ રમયતા વલાકિન્નલ્લાહા રમા") - (જે માટી આપે ફેંકી તે આપે નહિ, પણ અમે ફેંકી) ના વર્ણન અને વિવરણ વખતે આની રસપ્રદ ચર્ચા અમે "અલ્લાહના હબીબની શાન" આયત. નંબર-૩૩માં અગાઉ કરી ચૂકયા છીએ)

'રૂહુલ બયાન" માં જણાવ્યા અનુસાર, હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પરવરદિગારે આલમે એવો મહાન મરતબો અતા ફરમાવ્યો છે, જેવો બીજા કોઈને મળ્યો નથી. રબતઆલા માટે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે સૌને તજી દીધા. હવે રબતઆલા હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો છે. અને હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબતઆલાના ! એટલા સારૂ કયામતમાં અન્ય અમ્બિયા અલયહિમુસ્સલામ ફરમાવશે : નફસી..... નફસી !.... પરંતુ હુઝૂર શાફેએ મેહશર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરમાવશે : ઉમ્મતી.....ઉમ્મતી ! કારણ કે હુઝૂર પુરનૂરે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નફસને તો અલગ બાકી રાખ્યો જ નહિ. રસૂલે મકબૂલ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સરાપા કુદરતે ઈલાહીના નમૂના છે. વજૂદ આપનું (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) છે અને એમાં ઝહૂર રબની કુદરતનો છે. જો પરવરદિગારે આલમની સર્વ સિફાત જોવી હોય તો હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જુઓ ! એટલા સારૂ હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવે છે : "જેણે મને જોયો એણે રબને જોયો" - પરન્તુ સંયમ એવો રહ્યો કે આપે પોતાની પ્રત્યેક અદાથી પોતે બંદા હોવાનો ઈઝહાર ફરમાવ્યો. આથી ઊલટું, કેટલાક અવલિયા આ નૂરની નાની શી ઝલક પણ પામી ગયા, તો એમાંના મન્સૂર કહી ઊઠ્યા : અનલ હક - અને બાયઝીદે ફરમાવ્યું : સુબ્હાની માઆ'ઝમા શાની - તેમ જ અબૂ સઈદ ખઝારે ફરમાવ્યું : મા ફી જુબ્બતી ઈલ્લલ્લાહ.

**મૂસા ઝહોશ રફત બયક પરતવે સિફાત તૂ અયને ઝાત મય નગરી દર તબસ્સુમે**
**રિફઅતે તૂર મેં લામકાની કહાં ? લનતરાની કહાં ? મન રા'ની કહાં ?**
**જિસકા સાયા ન હો ઉસકા સાની કહાં ? ઉસકા ઈઝહાર હી આજકી રાત હય.**

જ્યારે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નો હાથ અલ્લાહનો હાથ થયો ત્યારે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ની ઝુબાન-શરીફ અને બધા પવિત્ર અવયવોમાં ખુદાઈ શક્તિ સાબિત થઈ. આ ફનાફીલ્લાહનો દરજ્જો છે. આ દરજ્જે પહોંચીને ઈન્સાનમાં સિફતો પેદા થઈ જાય છે. એક તો એ કે બંદાથી ખુદાઈ કામ સાદર થવા માંડે છે, જેમકે હઝરત આસિફ પલકવારમાં જ તખ્તે-બિલ્કીસ ઉપાડી લાવ્યા, હઝરત યા'કૂબે (અલયહિસ્સલામ) મિસરથી યૂસુફી કમીઝની ખુશ્બૂ પામી લીધી; હઝરત ઈબ્રાહીમે (અલયહિસ્સલામ) કઅબહ તા'મીર ફરમાવીને દુન્યાભરના લોકોને હજની દા'વત આપી ત્યારે કયામત સુધીના પેદા થનારાઓએ એ અવાજ સાંભળી લીધો. નબીએ આખિરૂઝઝમાન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઈશારાથી સૂરજ પાછો ફર્યો, ચાંદના ટુકડા થયા, વાદળ વરસી પડયું: આ બધાં ખુદાઈ કામ છે. જે અલ્લાહના પ્યારાઓથી જાહેર થઈ રહ્યાં છે.

બીજું, એ કે બંદો એ દરજ્જે પહોંચીને ખુદાઈ કામો બારામાં કહી દે છે કે આ હું કરી શકું છું યા કહી દે છે કે આખા વિશ્વ ઉપર મારી માલિકી છે, મારી સત્તા છે !

હઝરત જિબ્રીલ અલયહિસ્સલામે હઝરત મરિયમને જણાવ્યું કે હું તમને બેટો આપીશ ! ઈસા અલયહિસ્સલામે ફરમાવ્યું કે હું મડદાં જીવતાં કરી શકું છું. આંધળાં ને કોઢિયાંને સાજાં કરી શકુ છું - એમની આ વાત રબતઆલાના કરમ ઉપર ગર્વ લઈને કરવામાં આવી હોય છે; જેમકે પુત્ર પિતાના માલ વિશે કહે છે કે આ મારો માલ છે ! નમરૂદે ખુદા હોવાનો દાવો કરીને કહ્યું : અના ઓહી વ ઓમિતો - ને તે મરદૂદ થયો. ઈસા અલયહિસ્સલામે ફરમાવ્યું : ઓહીલા મોતા - ને તેઓ પ્રિય રહ્યા. કેમકે આ બંને કથનોમાં ઘણો મોટો ફેર છે. ડાકૂ કહે કે હું તને મારી શકું છું, તો તે ગુનેહગાર છે. સત્તાધિકારી કહે કે હું ફાંસી અપાવી શકું છું, તો તે સાચો છે.

બીજું, એ કે આથી બયઅત કરવી માત્ર જરૂરી જ નહિ, પણ સુન્નત હોવાનું પણ જાણવા મળ્યું. પ્રથમ તો, સૌ લોકોએ મીસાક-દિને બયઅત કરી હતી ત્યારે રબતઆલાએ ફરમાવેલું : અલસ્તો બે રબ્બેકુમ કાલૂ બલા. પછી સહાબાએ કિરામે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક હાથ ઉપર બયઅત કરી. ઇસ્લામનો સ્વીકાર કરવા આવનાર દરેક જણ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક હાથ ઉપર બયઅત કરતો. તે તો હતી બયઅતે ઈસ્લામ. હુદયબિયહમાં લેવાયેલી બયઅત બયઅતે - જિહાદ હતી. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કોઈક વખતે કોઈ ખાસ અહદ (પ્રતીજ્ઞા) વેળાએ પણ અમુક જણ પાસે બયઅત લીધી. જેમકે કેટલાક જણ પાસે આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એવી બયઅત લીધી હતી કે કોઈની પાસેથી કશું માંગશો નહિ.

બયઅત એટલે શું ? બયઅત એટલે અલ્લાહતઆલાના નાઈબના હાથ ઉપર અલ્લાહતઆલાથી ઇકરાર કરવો કે અમે અલ્લાહના વફાદાર બંદા રહીશું, અર્થાત્ પોતાના શેખને આ ઇકરાર પર ઝામિન બનાવવો. વળી, ખુલ્ફાએ રાશેદીન રદિયલ્લાહો તઆલા અન્હુમના હાથ ઉપર બયઅતો થઈ- પરંતુ એ બયઅતે-હુકૂમત પણ હતી અને બયઅતે-ઈરાદત પણ - અર્થાત : મુરીદીની બયઅત. એટલા માટે એ જમાનામાં મશાઈખની બયઅતનો રિવાજ નહોતો. હઝરત સિદ્દીક અને ફારૂક તથા બીજા ખુલ્ફાએ રાશેદીન રદિયલ્લાહો તઆલા અન્હુમ પોતે શેખ હતા- અને એ બયઅતે-ખિલાફત પણ હતી - એટલે દરેક ખલીફાના હાથ ઉપર બયઅત કરવી પડતી હતી.

ખિલાફતે રાશેદહનો જમાનો વીતી જતાં, સલ્તનત સુલ્તાનોમાં રહી ગઈ, ત્યારે બયઅતે - હુકૂમત ઈસ્લામી બાદશાહોથી કરવામાં આવી અને બયઅતે તરીકત મશાઈખથી. મુરીદનો અર્થ છે - ઈરાદો કરનાર. એ પણ અલ્લાહની રઝાનો તલબગાર છે, એટલે એને મુરીદ કહેવામાં આવે છે. 'મુરીદ' શબ્દ કુરઆનની આ' આયતથી લેવામાં આવ્યો છે : યુરીદૂના વજહલ્લાહે ઊલા' એકા હોમુલ મુફલેહૂન.

મસ્અલો : કોઈ ને કોઈ મુર્શિદની બયઅત કરવી જરૂરી છે. મસનવી શરીફમાં છે :

**પીર રા બગુઝીં કે બેપીર ઈ સફર**
**હસ્ત બસ પુરઆફતો - ખૌફો - ખતર**

ખરપોતી-શરીફમાં લખ્યું છે કે જેનો કોઈ પીર ન હોય, એનો પીર શૈતાન છે. કુરઆન ફરમાવે છે : યવમા નદઊ કુલ્લા નાસિમ બેઈમામેહિમ - ''અમે કયામતમાં દરેક માણસને એના ઈમામની સાથે બોલાવીશું'' : અર્થાત, હે ચિશ્તીઓ ! હે કાદરીઓ ! હે સુહરવર્દીઓ ! હે માલિકીઓ ! હે હમ્બલીઓ ! - પણ જેનો કોઈ ઈમામ કે શેખ નહિ હોય એમને આ રીતે બોલાવવામાં આવશે : હે શૈતાનીઓ ! કારણ કે, અમે હમણા જ જણાવ્યું તે પ્રમાણે, જેનો કોઈ પીર નથી, એનો પીર શૈતાન છે. (રૂહુલ બયાન - 'યવમા નદઊ' આયત.) મુસ્લિમ શરીફની રિવાયતમાં છે કે જેના ગળામાં કોઈની બયઅતની રસ્સી ન હોય અને તે મરી જાય, તો એનું મૌત જાહિલિયતનું મૌત છે.

નફસ કુત્તો છે- એના ગળામાં કોઈનો પટ્ટો નાખો, જેથી માર્યા ન જાઓ ! મશાઈખનો શિજરહ જાણે એ પટ્ટાની ઝન્જીર છે, જેની પહેલી કડી મુરીદના ગળામાં અને છેલ્લી કડી હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના હાથમાં છે. જ્યારે તમે નબૂવ્વત-શમ્આથી દૂર છો, ત્યારે એ કાચથી સંબંધ રાખો, જેમાંથી આ નૂર ચળાઈચળાઈને આવી રહ્યો છે. હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રહમતની બારિશ છે અને ઉલમા તથા મશાઈખ તળાવ. જે બારિશ ન પામી શકે એ આ તળાવમાંથી પોતાના ઈમાનની ખેતીને જળસિંચન કરે !

આ આયત પરથી માલૂમ પડયું કે બયઅત કરતી વખતે મુર્શિદના હાથમાં હાથ આપવો સુન્નત છે. હાથ મિલાવવા અહદ (કોલકરાર) ની પુખ્તતા અર્થે હોય છે. આ ઉપરાંત દુનિયામાં લેવું હાથ વડે થાય છે. એ જ રીતે હાથ લંબાવીને રબ પાસે લઈ રહ્યા છીએ ! નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે અબૂ હુરયરા રદિયલ્લાહો તઆલા અન્હોને 'લુપ' ભરીને ઇલ્મ અતા ફરમાવ્યું. પણ સ્ત્રીઓ સાથે હાથ મિલાવવા જાઈઝ નથી. એ લાજમર્યાદા વિરૂધ્ધ છે. હા જો પોતાની 'મહરમ' ને મુરીદ બનાવવા ઇચ્છે તો હાથ મિલાવી શકે છે. ઔરતને પીર બનાવી શકાય નહિ, કેમકે 'પીરી' એક પ્રકારની ઈમામત છે- ઔરત મર્દની ઈમામ બની શકતી નથી. ઔરતની ઈમામત સહીહ નથી.

મસ્અલો : બયઅત ચાર પ્રકારની છે - આજકાલ જે પ્રચલિત છે તે બયઅત-ઈરાદત છે. (''ફતાવા - અફરીકા'' માં આની સંપૂર્ણ ચર્ચા છે)

જરૂરી સૂચના : મુર્શિદમાં ચાર વાતો હોવી અને જોવી જરૂરી છે. પ્રથમ તો એ કે તે (સુન્ની) સહીહુલ - અકીદહ - અકીદહનો સાચો - પાકો હોય. બીજું, એ તદન જાહિલ ન હોય. ત્રીજું એ ફાસિક અને ફાજિર ન હોય - નેક અને પરહેઝગાર હોય. ચોથું, એનો શિજરહ તદન સહીહ રીતે આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સુધી પહોંચતો હોય. જો એમાંથી કોઈ પણ વાતની કમી કે કચાશ હોય, તો એના હાથમાં હરગિઝ તમારો હાથ ન આપો.

આ આયતની બરકતથી બયઅતનો તરીકો પણ જાણવા મળ્યો. મુરીદે બયઅત થતી વખતે મુર્શિદના હાથમાં હાથ આપવો જોઈએ. ફરમાવવામાં આવ્યું - યદુલ્લાહે ફવકા અયદીહિમ : અલ્લાહનો હાથ એમના હાથો ઉપર છે. જાણવા મળ્યું કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે હાથમાં હાથ લઈને બયઅત લીધી. પણ સ્ત્રીઓ પાસે બયઅત માત્ર મુખેથી શબ્દો બોલાવીને લેવડાવવી જોઈએ, એમના હાથને હરગિઝ સ્પર્શ કરવો જોઈએ નહિ.

હઝરત આઈશા સિદ્દીકા રદિયલ્લાહો તઆલા અન્હા ફરમાવે છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કદી કયારેય પણ કોઈ સ્રીનો હાથ પકડીને બયઅત લીધી નહોતી. બલ્કે **ઔરતોએ તો પીરથી પર્દો કરવો જોઈએ.**

**મુરીદનો હાથ પકડવો એ જાણે વીજળીના પ્રવાહને પકડવા જેવું છે. જો હજારો માણસો** એકબીજાનો હાથ ઝાલીને ઊભા હોય અને એમાંના એક માણસમાં 'કરન્ટ' આવી જાય, તો એ બધા જ માણસોમાં પહોંચી જાય છે. એ જ પ્રકારે નૂરે-નબૂવ્વતનો 'કરન્ટ' સહાબાએ કિરામે હાસિલ કર્યો, હવે એ 'કરન્ટ' કયામત સુધી મશાઈખમાં રહેશે - અને એમના મુરીદો પોતપોતાના શેખો (મશાઈખ) ના હાથથી હાથ અડકાડીને એ વીજળીક પ્રવાહ પોતાનામાં લેતા રહેશે. **ઔરતનો હાથ પકડીને બયઅત નથી લઈ શકાતી એટલે રૂમાલ યા ચાદરનો એક છેડો મુર્શિદ પકડે અને બીજો છેડો મુરીદ થવા માગતી ઔરત, જેથી આ 'નૂરી કરન્ટ' આ ઝરિયાથી એ ઔરત સુધી પહોંચી જાય. આ પણ રેલ્વેના ડબ્બાઓના જોડાણ જેવું છે.**

**મુર્શિદ યા શેખ પછી એની સજ્જાદાનશીની અંગે ઝઘડા થાય છે. એટલા માટે એવો શરઈ હુકમ છે કે સજ્જાદાનશીનમાં પણ એ ચાર સિફતો હોવી જોઈએ, જે મુર્શિદ માટે જરૂરી ઠેરવવામાં આવી છે.** સજ્જાદાનશીનીના ત્રણ પ્રકારો છે : એક તો શેખ પોતે પોતાની હયાતીમાં કોઈને પોતાનો જાનશીન (અનુગામી) બનાવી દે, જેમકે હઝરત સિદ્દીકે અકબરે (રદિયલ્લાહો તઆલા અન્હો) હઝરત ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહો તઆલા અન્હો) ને પોતાની જિંદગીમાં 'ખલીફહ' ફરમાવી દીધા હતા. બીજું, શેખના મુરીદોનો સમુદાય શેખની વફાત પછી કોઈને સજ્જાદાનશીન બનાવી દે - જેમકે હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહો તઆલા અન્હો) ની ખિલાફત મુસ્લિમ સમુદાયના મશ્વરાથી થઈ હતી. હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કોઈને પાતાનો ખલીફહ બનાવ્યા નહોતા. ત્રીજું, મુરીદોમાંથી ખાસ વગદાર માણસો કોઈને સજ્જાદાનશીન બનાવી લે, જેમકે હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હો અને હઝરત અલી કરમલ્લાહો વજહહુની ખિલાફત ખાસ અસ્હાબના મશ્વરાથી થઈ હતી. એ ખિલાફતો આજકાલની ખિલાફતો માટે દલીલ છે.

**અત્યારે જે એવો રિવાજ પ્રચલિત બન્યો છે કે પીરનો પુત્ર પીર બનવો જોઈએ - પછી ભલે એને મુર્શિદે ખિલાફત આપી હોય કે ન હોય અને એને લાયક હોય કે ન હોય. મુરીદો એનાથી રાજી હોય કે ન હોય - એવી માન્યતા તદ્દન ખોટી ને ભૂલભરેલી છે. આ રિવાજનો શારેહ ''કસીદહ-બુર્દહે જોરદાર વિરોધ કર્યો છે.**

લખ્યું છે : આજકાલ સજ્જાદાનશીની ઢીંગલાઢીંગલીની રમત જેવી બની ગઈ છે. પીરના નાબાલિગ બેટાને કશી પણ શરતો વિના પીર બનાવી દેવામાં આવે છે. અલ્લાહ રાહે-રાસ્તે પર ચાલવાની તવફીક આપે, આમીન. પીરઝાદાઓને **પણ એવું ઠસી જાય છે કે 'પીરી' અમારા ઘરની વારસાગત જાગીર છે- પણ એ માન્યતા ખોટી છે. જો 'ખિલાફત' વારસાગત હોત, તો ખુલ્ફાએ - રાશેદીનની ઔલાદ જ એમના ખલીફહ બનતે !**

آیت ۷۳ : لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ

فَعَلِمَ مَا فِيْ قُلُوْبِهِمْ فَاَنْزَلَ السَّكِيْنَةَ عَلَيْهِمْ وَاَثَابَهُمْ فَتْحًا قَرِيْبًا ۝

(پارہ ۲۶، سورۂ فتح رکوع ۳)

**આયત : (૭૩) બેશક - અલ્લાહ પ્રસન્ન થયો ઈમાનવાળાઓથી, જ્યારે તેઓ એ વૃક્ષની નીચે આપની** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **બયઅત કરતા હતા; તો અલ્લાહે જાણ્યું જે એમના દિલોમાં છે; તો એમના ઉપર ઈત્મીનાન ઊતાર્યું છે, અને એમને નજીકમાં આવનારી ફતેહનું ઈનામ આપ્યું.**

*(પારહ ૨૬ : સૂરએ ફત્હ : રૂકૂઅ ૩)*

મજકૂર મહાન આયત હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈઝઝત અને અઝમતનાં ગુણગાન ગાઈ રહી છે. જે ખુશનસીબ માણસોએ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક હાથ ઉપર બયઅત કરી, એમના મરતબાઓ પણ આ આયત વર્ણવી રહી છે. આ અગાઉ અમે 'બયઅતે રિદવાન' ની ઘટનાનું વર્ણન કરી ચૂક્યા છીએ- એ બયઅતમાં ભાગ લેનારા અસ્હાબને અલ્લાહ તરફથી મળેલા ઈનામનો પણ આ આયતમાં ઉલ્લેખ છે. એમને આ પ્રમાણેનાં ઈનામો અને નેઅમતો મળ્યાં : અલ્લાહની રઝાથી ઈત્મીનાન ઊતરવું; નજીકના જ સમયમાં વિજય અને સફળતાની ખુશખબરી અને એવી જ બીજી ઘણી ગનીમતો. **બયઅત કરનારાઓને જ્યારે આવાં ઈનામો મળ્યાં, ત્યારે જેમના સદકામાં આ બધું મળ્યું એમની ઈઝઝત અને અઝમતની તો કલ્પના પણ ક્યાંથી થઈ શકે ?**

અહીં અમુક વાતો વિચારવા જેવી છે. 'બયઅતે રિદવાન' માં ચૌદસો માણસોએ બયઅત કરી હતી. આ લોકોને એ વાતની જાણ કરી દેવામાં આવી કે અલ્લાહ તમારાથી રાજી છે; પ્રસન્ન છે - એટલે એનું નામ 'બયઅતે રિદવાન' પડ્યું.

**નોંધ :** આનો એવો અર્થ લેવાનો નથી કે ખુદાતઆલા આ સહાબાએ - કિરામ સિવાય બીજા કોઈથી રાજી નથી. રબતઆલા બધા સહાબાથી રાજી છે અને એમના બધાને માટે જન્નતનો વાયદો ફરમાવી દીધો છે. ફરમાવે છે : કુલ્લંવ્વઅદલ્લાહુલ્હુસ્ના- સૌની સાથે અલ્લાહે જન્નતનો વાયદો ફરમાવી લીધો. બીજી એક જગ્યાએ ઈરશાદ થયો : (અર્થાત્ :) ''અલ્લાહ એમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી.'' - અને આ ઈનામ એવા દરેક માણસ માટે છે, જે રબથી ડરે એટલા સારૂ સહાબાએ કિરામ, તમામ અહલે-બયત, બધા ઉલ્મા અને અવલિયાઅલ્લાહને ''રદિયલ્લાહો અન્હો'' અને ''રહમતુલ્લાહ અલયહ'' કહેવું જાઈઝ છે (શામી). આ સ્થળે અલ્લાહની ખાસ રઝાનો આશય રહેલો છે.

**સૂચના :** જે શખ્સ સહાબાએ કિરામ અને ખાસ કરીને 'બયઅતે - રિદવાન' માં શિરક્ત કરનાર સહાબાએ કિરામને (મઆઝલ્લાહ) બુરા અથવા મુનાફિક કહે યા એવું કહે પાછળથી હઝરત અબૂબક્ર સિદીક, ફારૂકે આ'ઝમ, ઉસમાને - ગની રદિયલ્લાહો તઆલા અન્હુમ ઈસ્લામથી ફરી ગયા, તો એ કાફિર અને મુર્તદ છે. કારણ કે પછી એનો અર્થ એવો થશે કે રબ્બુલ-આલમીનને

પણ આ લોકોનો શો અંજામ થશે એની જાણ નહોતી અને એણે એમને પોતાની પ્રસન્નતાનો ચંદ્રક અર્પણ કરી દીધો ! રબતઆલા તો સર્વજ્ઞ - સઘળું જાણનાર - સર્વ-શક્તિમાન છે. એ જેનાથી રાજી થાય છે તેઓ નિઃશંક જન્નતી અને જન્નતીઓના સરદાર છે.

જેના હેઠળ આ બયઅત લેવામાં આવી એ બબૂલ : બાવળ: નું વૃક્ષ હતું, જેને અરબીમાં 'સમરહ' કહે છે. અથવા તો 'બેરી' : બોરડીનું વૃક્ષ હતું, સારાંશ કે કાંટાળું વૃક્ષ હતું. 'રૂહુલ બયાન' માં 'બબૂલ' (બાવળ)ના વૃક્ષની રિવાયતો મળે છે. અલ્લાહની કુદરતથી એ વૃક્ષ અદૃશ્ય થઈ ગયું. અને લોકો બીજા વૃક્ષને એ વૃક્ષ સમજીને એની ઝિયારત કરતા હતા. હઝરત ફારૂકે આ'ઝમે (રદિયલ્લાહો તઆલા અન્હો) પહેલાં તો એમને એ ખરૂં વૃક્ષ નહોતું એ કારણે રોક્યા - પણ જ્યારે એવું માલૂમ ફરમાવ્યું કે લોકોને ધોખો થઈ રહ્યો છે, ત્યારે આપે લોકોને આ ભૂલથી બચાવવા એ વૃક્ષને કપાવી નાખ્યું. (જુઓ - મુસ્લિમ. જિલ્દ : બીજી; કિતાબ અલ ઈમારત : 'બયઅતુરિર્દવાન' પ્રકરણ : અને બુખારી : કિતાબ અલમગાઝી, રૂહુલ બયાન : આ જ આયત)

કેટલાક માણસો આ ફારૂકી - ઘટનાને સનદ : પ્રમાણ : રૂપે રજૂ કરે છે અને અવલિયાઅલ્લાહની કબ્રો તોડવા અને એમની તવહીન કરવા માટે એવી દલીલ કરે છે કે હઝરત ફારૂકે આ'ઝમે રદિયલ્લાહો તઆલા અન્હો એ મુબારક વૃક્ષ કપાવી નાખ્યું હતું એટલે અમે આ કબ્રો તોડાવી રહ્યા છીએ !

'રૂહુલ બયાન' માં આ જ આયત હેઠળ ફરમાવવામાં આવ્યું છે કે અવલિયાઅલ્લાહની કબ્રો તોડાવવાનું કુકૃત્ય કરનાર આવા અધમ માણસો તદ્દન જ બેદીન છે અને એમનું આ દુષ્ટ કૃત્ય કુફ્ર છે. આવી જ દલીલ ફિરઓને કરી હતી : "ઝરૂની અકતોલો મૂસા વલયદઓ રબ્બહુ." અગર ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલા અન્હો 'તબર્રૂકાત' ના મુખાલિફ હોત, તો એમણે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તબર્રૂકાતઃ બાલ-શરીફ; પવિત્ર લિબાસ વગેરે : બાકી છોડી ન હોત ! આ બધી તબર્રૂકાતની સહાબાએ કિરામ ઝિયારત કરતા હતા. જો તબર્રૂકાતના મુખાલિફ હોત તો હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો રોઝો - મુબારક ખુદ ફારૂકે આ'ઝમે (રદિયલ્લાહો તઆલા અન્હો) શા માટે બંધાવ્યો હોત ?

તમામ ઉલમાએ - મિલ્લત મદીનહ મુનવ્વરહ જાય છે, પરંતુ કોઈએ પણ રોઝા-મુબારકની ઈમારતની મુખાલિફત કરી નથી. અવલિયાઅલ્લાહના મઝારો પર ઈમારત બંધાવવાનું સુબૂત કુરઆન, હદીષ અને ફુકહાનાં લખાણો વડે મળે છે.

'રૂહુલ-બયાન' માં એક હદીષ નકલ ફરમાવી છે કે - હુઝૂર આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે સહાબાએ કિરામને ફરમાવ્યું કે તમે પૃથ્વી પર વસતા તમામ લોકોથી શ્રેષ્ઠ છો. વળી ફરમાવવામાં આવ્યું કે આ બયઅતમાં હઝરત ખિઝર અલયહિસ્સલામ પણ શરીક હતા. હઝરત ખિઝર અલયહિસ્સલામ પોતાના સમયના નબી છે અને સહાબાએ કિરામ નબીથી ઉત્તમ હોઈ શકતા નથી - એટલે માનવું પડશે કે હઝરત ખિઝર (અલયહિસ્સલામ) પણ આ બયઅતમાં શરીક હતાં, કેમકે તેઓ પૃથ્વી ઉપર છે અને જીવંત છે.

آیت ۷۴ : هُوَ الَّذِىْ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ الآية مُحَمَّدٌ

رَّسُوْلُ اللّٰهِ ؕ وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ

رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ وَرِضْوَانًا ۫ (پارہ ۲۶، سورہ فتح رکوع ۴)

**આયત : ૭૪ એ એ જ છે, જેણે પોતાના રસૂલને હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા કે એને બધા દીનો પર સર્વોપરિતા અપાવે. મુહમ્મદ અલ્લાહના રસૂલ છે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને એમના સાથવાળાઓ કાફિરો પર સખ્ત છે અને આપસમાં નરમદિલ; તો એમને જોશે રૂકૂઅ કરતા - સજદા કરતા અને અલ્લાહનો ફઝલ અને રઝા ચાહે છે.**

*(પા. ૨૬ : સૂરએ ફત્હ : રૂકૂઅ ૪)*

આ મુબારક આયત હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉત્તમ ના'ત અને સહાબાએ કિરામની સુંદર મન્કબત બયાન કરે છે.

આ આયતે કરીમામાં અમુક મુદાઓ મનન કરવા જેવા છે. એક તો હોવલ્લઝી, બીજો મુહમ્મદુર્રસૂલુલ્લાહ, (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ત્રીજો વલ્લઝીના મઅહુ - એમ સમજો કે 'હોવલ્લઝી' માં રબતઆલાએ પોતાની પિછાણ કરાવી; મુહમ્મદુર્રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માં પોતાના હબીબની અને વલ્લઝીના મઅહુ માં સહાબાએ કિરામની. અથવા એમ સમજો કે રબ્બુલ આલમીને પોતાની પિછાણ કરાવી મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મારફત અને મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પિછાણ કરાવી સહાબાએ કિરામની મારફત.

ફરમાવવામાં આવ્યું : (અર્થાત્) હે મુસલમાનો ! અગર રબતઆલાને જાણવા માગતા હો, તો એને એ રીતે પિછાણો કે રબ એ છે, જેણે આવા રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને રસૂલ બનાવીને મોકલ્યા. દાખલા રૂપે, કોઈ નિષ્ણાત કારીગર કહે કે હું એ છું, જેણે ફલાણી ઈમારત બનાવી છે ! અથવા કોઈ શિક્ષક કહે કે હું એ છું જેણે ફલાણા શિષ્યને કાબેલ બનાવી દીધો ! જેને મારૂં વિદ્યાકૌશલ્ય જોવું હોય તે મારા આ શિષ્યને જુએ ! એ મારા વિદ્યાજ્ઞાનનો ઉત્તમ નમૂનો છે. કુદરતનો હાથ પણ આજે એ અનોખા અને નિરાળા ખાસ બંદા પર નાઝ ફરમાવે છે કે જો તમારે મારી કુદરત; મારૂં જ્ઞાન; મારી સખાવત; મારો કરમ; સારાંશ કે મારી તમામ સિફાતનાં દર્શન કરવાં હોય તો મારા મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને જોઈ લો.

સૂર્યને કોઈ આંખ જોઈ શક્તી નથી, પરંતુ જો રંગીન કાચમાં સૂર્યની પ્રતિછાયા લેવામાં આવે, અને પછી એમાં નજર કરવામાં આવે તો સૂર્યનું સૌંદર્ય દેખાશે ! આ ઝાતે-પાક એટલે કે અમારા-તમારા આકા બન્ને જહાનના સરદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પણ કુદરતે-ઈલાહીને જોવા માટેના ઘેરા રંગના કાચ છે - એમને જોયા તો રબની સિફાતને જોઈ.

બિલ્હુદા માં બે વસ્તુ છે. એક એ કે અલ્લાહ રબ્બુલ - ઈઝઝતે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને હિદાયત પામેલા બનાવીને મોકલ્યા એટલે કે બીજાં બાળકો તો મા બાપ, શિક્ષક, મશાઈખ અને સાથીદારો પાસેથી જુદું જુદું માર્ગદર્શન મેળવે છે - પરંતુ હુઝૂરે અનવરે

(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઈની પાસેથી માર્ગદર્શન મેળવ્યું નથી. આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબતઆલાએ દરેક જાતનું માર્ગદર્શન આપીને જ મોકલ્યા છે. એટલા સારૂ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જન્મતાં વેંત જ સજદો ફરમાવ્યો (રૂહુલ બયાન : આ જ ચર્ચા) આપે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હંમેશા હલીમા દાઈનું એક સ્તન ચૂસ્યું અને બીજુ પોતાના ભાઈઓ માટે છોડી દીધું. એલાને નબૂવ્વત પહેલાં નમાઝો પઢી.

બીજું એ કે તમામ માટેની હિદાયતો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અતા ફરમાવી. અર્થાત જેને પણ જે હિદાયત મળશે તે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી મળશે. **હુઝૂરે અનવરને** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **માર્ગદર્શનના મહાસાગર બનાવીને મોકલવામાં આવ્યા.** દીને-હકથી મુરાદ યા તો સાચો દીન છે યા મઝબૂત દીન. અર્થાત હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પહેલાં થઈ ગયેલા નબીઓના દીનો જો કે સાચા તો હતા પણ મઝબૂત ન હતા - આથી એ મન્સૂખ થઈ ગયા. હુઝૂરે **અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો દીન સાચો પણ છે અને મઝબૂત પણ છે - જેથી એ કદાપી મન્સૂખ થશે નહિ.**

પછી ફરમાવ્યું : "મુહમ્મદુર્રસૂલુલ્લાહ...(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)" રસૂલ તો બીજા નબીઓ પણ હતા, પણ અહીં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ખાસ ઉલ્લેખ ફરમાવવામાં આવ્યો. 'રૂહુલ બયાન' માં એનાં કેટલાંક કારણો દર્શાવવામાં આવ્યાં છે. પ્રથમ તો એ, કે બીજા અમ્બિયાએ કિરામ તો દુનિયામાં તશરીફ લાવીને રસૂલ થયા, પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ આલમે - અરવાહમાં પણ 'રસૂલુલ્લાહ' હતા. **જ્યારથી રબની રબૂબિયતનો ઝહૂર, ત્યારથી રબના રસૂલની રિસાલતનું એ'લાન.** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ).

બીજું એ, કે બીજા અમ્બિયાની નબૂવ્વત તો દુનિયામાં થોડા દિવસની રહી, પરંતુ સરદારે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રિસાલત તાકયામત-કયામત સુધી-માટે છે, બલ્કે જન્નતમાં પણ આપની જ રિસાલત પ્રવર્તે છે. જન્નતનાં વૃક્ષોનાં પાંદડેપાંદડાં ઉપર લખેલું છે : લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ. (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)

ત્રીજું, એ કે અન્ય અમ્બિયાની નબૂવ્વત કોઈ ચોક્કસ કોમ માટે હતી, પરંતુ ખત્મુલ મુરસલીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની નબૂવ્વત દરેકે દરેક મખ્લૂક માટે છે.

ચોથું, એ કે બીજા બધા અમ્બિયાએ કિરામ અમુક ચોક્કસ મો'જિઝાઓ લઈને આવ્યા, પરંતુ હુઝૂર ફખ્રે મોજૂદાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમામ મો'જિઝાઓ એકસામટા લઈને પધાર્યા. "મુહમ્મદ" શબ્દની ઝીણવટભરી છણાવટ અમે "મા કાના મુહમ્મદુન અબા અહદિમ" આયતમાં કરી ચૂકયા છીએ.

અત્રે થોડીક વધુ મનનીય વાતો જાણી લો. સમગ્ર સૃષ્ટિ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના નૂરમાંથી સર્જાઈ છે, કેમકે સર્વ ચીજોના અદદ ૯૨ બને છે - અને "મુહમ્મદ" ના અદદ પણ ૯૨ છે. ગુરૂ નાનક એને આ શબ્દોમાં પુરવાર કરી બતાવે છે :

**નામ લિયો જિસ અક્ષરકો તો કરો ચુગનાતા**
**દો મિલાઓ પચગુન કરો કાટો બીસ બના**
**'નાનક' બચે તો નવ ગિને દો ઉસમેં ઔર મિલા**
**ઈસ બદહરકે નામ સે નામ 'મુહમ્મદ' બના**

**અર્થાત:** કોઈ ચીજના 'અદદ' કાઢી લો, એ અદદોના ચારગણા કરી લો; કેમકે ચાર યાર છે; એ ચોગાણામાં '૨' મિલાવીને '૫' વડે ગુણી નાખો, કેમકે એ પંજતન-પાકનો અદદ છે- અને જે સરવાળો આવે, એમાંથી ૨૦-૨૦ ૩ વખત બાદ કરો - બાકીનાને ૯ વડે ગુણીને '૨' ઉમેરો- સરવાળો ૯૨ આવશે.

દાખલા તરીકે; કોઈ ચીજના 'અદદ' છે "૩." એને ચારગણા કરતાં થયા "૧૨." એમાં "૨" ઉમેર્યા તો થયા "૧૪" પાંચે ગુણતાં થયા "૭૦" ના આંકડામાંથી ત્રણ વખત ૨૦ કાઢી લો - એટલે કે "૬૦" બાદ કરો, તો બાકી બચ્યા "૧૦" હવે એ '૧૦" નવગણા કર્યા તો થયા "૯૦" અને એમાં "૨" ઉમેર્યા તો થઈ ગયા "૯૨". દરેક જગ્યાએ આ જ ધોરણ લાગૂ પડે છે.

**હુઝૂર આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં બે નામ "ઝાતી" છે - "અહમદ" એટલે કે રબની યોગ્ય હમ્દ કરનાર; અને "મુહમ્મદ" એટલે કે રબતઆલાએ એમની હમ્દ કરી અને તમામ મખ્લૂક પાસે એમની હમ્દ કરાવી.**

**આ જ આયત હેઠળ 'રૂહુલ બયાન' માં છે કે મીલાદ શરીફની મુબારક મેહફિલ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તની પરાકાષ્ટા છે અને એ સમગ્ર ઉમ્મતનો અમલ છે.**

હુઝૂરે સરવરે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સિફાત તો ઘણી છે. એનો તો કંઈ પાર જ નથી; પરંતુ રબતઆલાએ અત્રે આપને રિસાલતની સિફતથી યાદ ફરમાવ્યા છે. 'કલ્મા' માં પણ આપનો એ જ ગુણ દર્શાવવામાં આવ્યો છે. એનાં બે કારણો છે. એક તો એ કે હુઝૂર પુરનૂરનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સંબંધ રબ સાથે પણ છે અને મખ્લૂક સાથે પણ, "રસૂલ" માં આ બન્ને સંબંધોનો સમાવેશ થઈ જાય છે. એટલે કે 'ખુદાએ મોકલેલા' અને 'મખ્લૂક તરફ મોકલવામાં આવેલા'! જો કે 'નબી' માં પણ એ લક્ષણ છે ખરૂં, પરંતુ 'નબી' માં માત્ર 'ખબર લાવવું' છે અને 'રસૂલ' માં ખબર, હિદાયતો અને ઈનામો - એ સઘળું લાવવા તરફ ઈશારો છે.

બીજું એ કે બે વિખૂટા પડેલાઓનું મિલન કરાવનાર 'રસૂલ' જ હોય છે. જેમ ટપાલખાતું ન હોય તો બે દેશો અને બે શહેરોનો વ્યવહાર સદંતર કપાઈ જાય એવી રીતે **સર્જક અને સર્જન વચ્ચે સંબંધ જાળવવા માટે રસૂલ હોય છે. જો એમનો "વાસ્તો" વચ્ચે ન હોય તો 'ખાલિક' અને 'મખ્લૂક' વચ્ચે કોઈ સંબંધ કે સંપર્ક જ રહેશે નહિ. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અલ્લાહના રસૂલ છે. તેથી અલ્લાહની નેઅમતો એના બંદાઓ એટલે કે આપણા સુધી પહોંચાડે છે અને આપણા રસૂલ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) છે, તેથી આપણી દરખાસ્તો અલ્લાહની બારગાહમાં પેશ ફરમાવે છે- અને આપણા ગુનાહો ત્યાં રજૂ કરીને માફ કરાવે છે.**

જે એવું કહે છે કે અમે પંડે (પોતાની મેળે) પહોંચી જશું, તે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રિસાલતનો મુન્કર છે. **જો આપણે પોતાની મેળે ત્યાં પહોંચી જઈએ એવું હોત તો રસૂલની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જરૂરત જ શી હતી ?**

**રબ 'ગની' હોવા છતાં 'વાસ્તા' વગર આપણી સાથે સંબંધ નથી રાખતો, ત્યારે આપણે મોહતાજ, અશક્ત અને નિર્બળ હોવા છતાં રબતઆલા સાથે વાસ્તા વગર કેવી રીતે સંબંધ સ્થાપી શકીએ છીએ ?** એટલા સારૂ ઈરશાદ થયો : **વલવ અન્નહુમ ઈઝઝલમૂ અન્ફુસ હુમ જા'ઊકા.**

(અર્થાત :- અને અગર જ્યારે તેઓ જાનો પર ઝુલ્મ કરે તો હે મેહબૂબ (સલ્લલ્લાહો-અલયહે વસલ્લમ) ! તમારી બારગાહમાં હાજર થાય.)

**વલ્લઝીના મઅહુમાં ચાર સિફાત બયાન થઈ છે. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની** સાથે રહેવું; કાફિરો પ્રત્યે સખ્ત બનવું; આપસમાં પ્રેમ અને સ્નેહની ભાવના રાખવી; અને રૂકૂઅ તેમજ સજદા વધારે કરવા - એટલે ઈબાદતગુઝાર બનવું - **એ ચાર ગુણો અલ્લાહના ફઝલો - કરમથી તમામ સહાબાની અંદર મૌજૂદ છે. પરંતુ ચારેય ખલીફાઓમાં એમાંનો એક એક ગુણ** વિશિષ્ટ દરજ્જાનો છે. સિદીકે અકબરમાં સાથે રહેવાનો, ઉમરે 'ફારૂક' માં કાફિરો પ્રત્યે કડક હોવાનો; ઉસમાને - ગનીમાં દયાળુ હોવાનો; અલીએ-મુર્તઝામાં ઈબાદત અને ઝોહદનો. (રિદવાનુલ્લાહિ તઆલા અલયહિમ અજમઈન)

**જાણે શમ્એ-નબૂવ્વતના ફાનૂસના આ ચાર કાચ છે- જુદા જુદા રંગના-જો નબૂવ્વતનો નૂર નિહાળવો હોય તો એ રંગ બેરંગી કાચો ના ઝરિયાથી નિહાળો. જે શખ્સ આ નૂરાની કાચોથી અળગો છે-અલગ છે, એ નૂરે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી દૂર છે; કારણ કે, એ ચારેય હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના સર્વાંગ પાક પવિત્ર અને સંપૂર્ણ** દીનદાર-ઈમાનદાર સાથીઓ છે.

રબ્બુલ-આલમીન પોતાના પ્યારા નબી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના સાથ-સથવારા માટે એવા લોકોની વરણી કરતે, જેઓ મઆઝલ્લાહ, ઈમાનદાર પણ ન હોય એ શકય જ નથી. ફૂલની પાસે રહીને તો માટી પણ મહેક મહેક કરી ઊઠે છે. આકાશનો સૂર્ય જે ગંદી જમીન ઉપર પ્રકાશ પાડે એ સ્વચ્છ થઈ જાય, ત્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર સહવાસમાં રહેનારાઓ નૂરાની સુવાસથી મહેકી ન ઊઠે; આપના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) રૂહાની રંગમાં રંગાઈ ન ઊઠે એવું બને જ શી રીતે ? - અને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તો બન્ને જહાનના સાચા સૂર્ય છે. એ સૂરજના સહવાસમાં ભલા શી રીતે અસ્વચ્છ કે અપવિત્ર રહી શકે? અગર મઆઝલ્લાહ, એ હઝરતો દીનદાર નહોતા, તો કુરઆનને મખ્લૂક સુધી પહોંચાડનાર અને હદીપો સંભળાવનાર તેમજ દીનની તબ્લીગ કરનાર-સારાંશ કે આકા-મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઉપવનની રખેવાળી કરનાર તો એ જ હઝરતો છે- તો શું કુરઆન અને ઇસ્લામ મઆઝલ્લાહ, બુરા લોકોના હાથમાં ફળ્યાફૂલ્યા?

**જે આંખ એક વાર પણ ઈમાનની નજરે આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જલ્વો જોઈ લે, એનો દરજ્જો દુન્યાભરના ગૌષ-કુતબ કરતાં વધી જાય છે, ત્યારે ખુલ્ફાએ રાશેદીન રદિયલ્લાહો તઆલા અન્હુમ તો હંમેશા પડછાયા પેઠે હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સાથે રહ્યા, તો એમની શાન વળી કેવી હશે !**

**ખુશા વોહ વક્ત કે દીદાર આમ થા ઉસકા**
**ખુશા વોહ વકત કે તયબહ મકામ થા ઉસકા**

હઝરત સિદીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સાથે એવા રહ્યા કે વિલાદત પહેલાં આલમે - અરવાહમાં સાથે, દુનિયામાં બાળપણમાં; યુવાનીમાં; પ્રવાસમાં; વતનમાં, દરેક સ્થળે તેઓ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની

સાથે રહ્યા. હિજરત તો બીજાઓએ પણ કરી - આગળ-પાછળ, પરંતુ સિદીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હો હિજરતમાં પણ હુઝુર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની સાથે હતા. **કુરઆને કરીમે સિદીકે અકબર (રદિયલ્લાહો તઆલા અન્હો)ની સહાબિયત અને તેઓ 'યારે ગાર' હોવાનું બયાન કર્યુ છે.** આજે આપણે ઉર્દૂ બોલનારા આપણા ભાઈઓને પણ એવું બોલતાં સાંભળીએ છીએ કે ફલાણો તો મારો યારે ગાર : બાળપણનો ગાઢ મિત્રઃ છે. સિદીકે અકબરે (રદિયલ્લાહો તઆલા અન્હો) ગારમાં મિત્રતાનો ધર્મ બજાવ્યો એ ઉપરથી 'યારે ગાર' શબ્દની ઉત્પત્તિ થઈ છે.

વફાત શરીફમાં સાથ એવી રીતે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વફાત થઈ ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉંમર ૬૩ વરસની હતી. સિદીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હો હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) થી ઉંમરમાં બે વરસ અને થોડાક મહિના નાના હતા. **એટલો સમય પૂરો કરીને જ્યારે ૬૩ વરસની ઉંમરે પહોંચ્યા ત્યારે હઝરત સિદીકે અકબરે (રદિયલ્લાહો તઆલા અન્હો)વફાત ફરમાવી.**

**હઝરત સિદીકે અકબર (રદિયલ્લાહો તઆલા અન્હો) વફાતના તરીકામાં પણ સાથે;** કારણ કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વફાત શરીફ ઝેરથી થઈ. એ ઝેર ખયબરમાં એક યહૂદી સ્ત્રીએ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ખવડાવ્યું હતું. સિદીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હોની વફાત પણ ઝેરને લીધે થઈ. આપને ગારમાં સર્પે દંશ દીધો હતો, એ વખતે એ ઝેરે અસર કરી નહોતી, પણ વફાત સમયે એની અસર થઈ.

આ ઉપરાંત સહીહ રિવાયતમાં છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર ઘરમાં વફાત શરીફના રાત્રે દીવા માટે તેલ નહોતું. જ્યારે હઝરત સિદીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હોના ઘરમાં વફાત સમયે કફન પણ નહોતું. અને કફન ખરીદવા જેટલા પૈસા પણ નહોતા આથી એમણે પહેરેલાં લૂગડાંને ધોઈ એમને એ જ કપડાંમાં કફન આપવામાં આવ્યું. (જુઓ અસ્માઉર્રિજાલ) વફાત શરીફ પછી હઝરત સિદીકે અકબર (રદિયલ્લાહો તઆલા અન્હો) કયામત સુધી માટે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર દામનમાં જઈને પોઢી ગયા. **અલ્લાહુમ્મા સલ્લે અલા સય્યેદેના મુહમ્મદિંવ્વ અલા આલે સય્યેદેના મુહમ્મદિંવ્વ અસ્હાબેહી વ બારિક વ સલ્લિમ.**

હઝરત ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહો તઆલા અન્હો) કાફિરો પર કેવી રીતે સખ્ત હતા ? **હદીપે-પાકમાં આવે છે કે 'ઉમર ! તમને જે માર્ગે જતાં શૈતાન જોઈ લે છે તે માર્ગ શૈતાન છોડી દે છે !'** બદ્રના જંગમાં હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોએ એવો મત પ્રદર્શિત કર્યો કે બધા કુફફાર કેદીઓને કત્લ કરી નાખવા જોઈએ. એમના એ મતને કુરઆને કરીમે સમર્થન આપ્યું. **અબ્દુલ્લાહ ઈબ્ને અબી મુનાફિકના જનાઝા માટે ફારૂકે આઝમે (રદિયલ્લાહો તઆલા અન્હો) એવો મત દર્શાવ્યો કે એની કબ્ર ઉપર જવું નહિ. અને એની જનાઝાની નમાઝ પઢવી નહિ. આથી કુરઆને કરીમે પણ એમના એ મતને સમર્થન આપ્યું.**

**આજે પણ કોઈ શખ્સ ''યા ઉમર'' પોતાના સીના ઉપર આંગળી વડે લખીને સૂઈ જાય, તો રાત્રે શૈતાની ખ્વાબોથી અને સ્વપ્નદોષથી તે સુરક્ષિત રહેશે.**

**હઝરત ઉસમાન રદિયલ્લાહો તઆલા અન્હો કુરઆનને 'જમા' કરી સૌ મુસલમાનો ઉપર**

અહેસાન કરી ગયા છે. મદીના શરીફ માં પાણીની ઘણી તંગી હતી- મીઠા પાણીનો આખા શહેરમાં માત્ર એક જ કૂવો હતો. એનો માલિક એ પાણી બહુ મોંઘા ભાવે વેચતો હતો. હઝરત ઉસમાને (રદિયલ્લાહો તઆલા અન્હો) એ કૂવો ખરીદીને વકફ ફરમાવી દીધો. હવે કયામત સુધી હાજીઓ એ કૂવાનું પાણી પીતા રહેશે - જાણે આપ "સાકીએ હુજ્જાજ" છે. આ કુવાનું નામ 'બેરરોમહ' છે. આપ એવા કૃપાળુ અને દયાળુ હતા કે પવિત્ર મદીનામાં શહીદ થયા ત્યારે એવી રીતે શહીદ થયા કે આપે પોતાના મુબારક હાથ વડે તો કોઈને માર્યા નહિ, પણ પોતાના ગુલામોને પણ લડવાની ઈજાઝત આપી નહિ. આપે પોતાના જમાનામાં મુસલમાનોને માલામાલ કરી દીધા.

હઝરત અલી કરમલ્લાહો વજહહુલ કરીમ એવા આબિદ અને ઝાહિદ હતા કે આપની પવિત્ર પયદાઈશ પણ કાબામાં જ થઈ.

**કસે રા મયસ્સર ન શુદ ઈ સઆદત**
**બકઅબહ વિલાદત બમસ્જિદ શહાદત**
**બના ઈસ વાસ્તે અલ્લાહકા ઘર જાએ પયદાઈશ**
**કે વોહ ઈસ્લામકા કઅબહ થા, ચેહઈમાનકા કઅબહ**

હઝરત અલી શેરે-ખુદા કરમલ્લાહો વજહહુલ કરીમ શરીઅત અને તરીકતના સમૂહ, અવલિયાઅલ્લાહને વિલાયતની વહેંચણી ફરમાવનારા છે. આપ જ આકા મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર વંશવૃક્ષના આલ છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ એમના ઘરમાં અને તેઓ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર ઘરમાં પરવરિશ પામ્યા. સઘળા અવલિયાઅલ્લાહ હઝરત અલી કરમલ્લાહો વજહહુલ કરીમના ચાહક છે અને એમના પર ફિદા છે. કેમ કે વિલાયતનો ટુકડો એમના જ મુબારક હાથથી મળે છે. દરેક ચીજ પોતાના પર ઉપકાર કરનાર ઉપર ફિદા થાય છે.

**હો ચિશ્તી, કાદરી, યા નકશબંદી, સુહરવર્દી હો**
**વિલાયતકા ઉન્હીકે હાથસે સબકો મિલા ટુકડા**

રબતઆલાએ આ આયતમાં સહાબાએ કિરામને (રદિયલ્લાહો તઆલા અન્હુમ) ખેતીની ઉપમા આપી છે. બાગની નહિ. આનાં ત્રણ કારણો છે. એક તો એ કે ખેતી ઉપર મખ્લૂકના જીવનનો આધાર હોય છે, બાગ ઉપર નહિ. ફળો તો માત્ર સ્વાદ માટે ખાવામાં આવે છે, પણ અનાજ વડે તો રોઝો ઈફતાર થાય છે; પેટ ભરાય છે; શરીરને શક્તિ મળે છે. આથી આખી દુનિયા પોતાના ઈમાની જીવનમાં સહાબાએ કિરામ રદિયલ્લાહો તઆલા અન્હુમની મોહતાજ છે.

બીજું એ માટે કે બાગ ઉપર માલિકની દરેક વખતે નજર રહેતી નથી. માત્ર ફળની મોસમમાં એ એની નિગરાની કરે છે-પરંતુ ખેતરની હરહંમેશ દરેક વખતે સંભાળ લેવામાં આવે છે, રખેવાલી કરવામાં આવે છે; સહાબાએ કિરામની (રદિયલ્લાહો તઆલા અન્હુમ) જમાઅત એવી છે, જેના ઉપર હરહંમેશ રબતઆલાની રહમતની નજરઃ કૃપાદૃષ્ટિ અને અમીવૃષ્ટિઃ છે. ત્રીજું એ માટે કે ખેતરમાં લણણી થતી રહે છે અને પાછી વાવણી પણ થતી રહે છે. એવી જ રીતે સહાબાએ કિરામ (રદિયલ્લાહો તઆલા અન્હુમ) શહીદ થતા રહ્યા, પરંતુ વધતા રહ્યા. યઝીદે એ આખું પવિત્ર ખેતર જ વાઢી નાખ્યું, કેવળ એક આબિદે-બીમાર રદિયલ્લાહો તઆલા અન્હોને છોડ્યા-તેમ છતાં પણ જુઓ આજે કેટલા સય્યદો છે !

آيت ٧٥ : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ
وَاتَّقُوا اللّٰهَ ۚ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ
فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ
تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝ (پاره ٢٦ - سوره الحجرات رکوع ١)

**આયત : ૭૫ હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગળ ન વધો અને અલ્લાહથી ડરો. બેશક-અલ્લાહ સાંભળે છે-જાણે છે. હે ઈમાનવાળાઓ ! તમારો અવાજ ઊંચો ન કરો એ નબીના અવાજથી અને એમની આગળ બરાડા પાડીને વાત કરો નહિ, જેમ તમે એકબીજાની સામે બરાડો છો, કે ક્યાંક તમારા અમલ બરબાદ ન થઈ જાય અને તમને એની ખબર પણ ન થાય.** *(પારહ - ૨૬ : સૂરહે અલહજરાત : રૂકૂઅ ૧)*

સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સુંદર ના'ત આ આયતમાં પણ વર્ણવવામાં આવી છે. એમાં મુસલમાનોને એ બેકસોને પનાહ આપતી બારગાહમાં હાજરી આપવાના કાયદા શીખવવામાં આવ્યા છે. હવે જો કે આજના મુસલમાનોને એ બારગાહે આલીની હાજરીનું સદ્ભાગ્ય સાંપડયું નથી, તેમ છતાં પણ આ આયત બરાબર કાઈમ રાખવામાં આવી છે. આનાં બે કારણો છે- પ્રથમ એ કે મુસલમાનો એવો અકીદો રાખે કે એ બારગાહે-આલીમાં હાજરીની આ અદબ છે. બીજું એ કે વફાત શરીફ પછી પણ એ જ અદબ બાકી છે. જે કોઈ પણ આ મુબારક મહાન આસ્તાના પર હાજર થાય તે આ અદબઃ વિનય-વિવેકઃ નો બરાબર ખ્યાલ રાખે અને દીની તેમજ દુન્યવી વાતોમાં પોતાના અભિપ્રાયને હુકમે-આલી પર સરસાઈ ન આપે.

**આ આયતમાં મુસલમાનોને ત્રણ વાતોની મનાઈ ફરમાવવામાં આવી છે :**

(૧) અલ્લાહ અને એના રસૂલથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગળ વધો નહિ.

(૨) પોતાના અવાજને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક અવાજથી ઊંચો કરો નહિ.

(૩) હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બારગાહમાં મોટે સાદે-બૂમબરાડા પાડીને-વાત કરો નહિ.

આ આયતોનું શાને-નુઝૂલ જુદું જુદું છે. પહેલી આયત **અલ્લાહ અને એના રસૂલથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગળ ન વધો"**... ના શાને-નુઝૂલ બારામાં અમુક કથનો છે. મુજાહિદ અને હસન ફરમાવે છે કે અમુક માણસોએ ઇદુઝ્ઝોહાને દિવસે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કુરબાની કર્યા પહેલાં કુરબાની કરી લીધી હતી-આથી આવા કૃત્યથી મનાઈ ફરમાવી દેવામાં આવી કે અમારા મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી આગળ ન વધો. હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હાનું કથન છે કે કેટલાક માણસો રમઝાન પહેલાં શકને દિવસે રોઝો રાખી લેતા હતા. આ કૃત્યની પણ મનાઈ ફરમાવવામાં આવી. જો ૨૯ મી શાબાનના વાદળઘેરા વાતાવરણને લીધે ચાંદ નજરે ન પડે અને ચાંદ થયો કે ન

થયો એવો શક હોય, ત્યારે એની સવારે રોઝો રાખવાની સામાન્ય મુસલમાનોને મનાઈ છે. હઝરત કતાદહનું કથન છે કે કેટલાક માણસો એવું કહ્યા કરતા હતા કે કાશ ! એવી આયત ઉતરતે અને આવા એહકામ આવી જાત-આથી એવું કહેવાની મનાઈ કરવા માટે આ આયત આવી. હઝરત હસનથી રિવાયત છે કે અમુક બહારથી આવનારા માણસો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ઘણા સવાલો કર્યા કરતા હતા- એને રોકવા માટે આ આયત આવી.

*(રૂહુલ બયાન : તફસીરે ખઝાઈનુલ ઈરફાન)*

શાને-નુઝૂલ કંઈ પણ હોય, પણ આ હુકમ સૌને માટે સામાન્ય છે. એટલે કોઈ પણ કાર્યમાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી આગળ થવાની મનાઈ છે. જો સહાબાએ કિરામ (રદિયલ્લાહો તઆલા અન્હુમ) હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સાથે માર્ગમાં ક્યાંક જઈ રહ્યા હોય તો આપની આગળ ચાલવાની મનાઈ- પરંતુ ખાદિમની હેસિયતથી યા કોઈ બીજી જરૂરત ઊભી થતાં હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની ઈજાઝત લીધા પછી જ આપની આગળ ચાલી શકાતું. જો હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની સાથે જમવા બેઠા હોય તો હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પહેલાં જમવાનું શરૂ કરી દેવું નાજાઈઝ. એવી જ રીતે પોતાની બુધ્ધિ અને પોતાના અભિપ્રાયને હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના અભિપ્રાય ઉપર સરસાઈ આપવી હરામ છે.

મિશ્કાતમાં છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પોતાની અંતિમ બીમારીમાં હઝરત સિદ્દીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હોને ઈમામત ફરમાવવાનો હુકમ આપ્યો. એક દિવસ બરાબર નમાઝની હાલતમાં હઝરત સિદ્દીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હો નમાઝ પઢાવી રહ્યા હતા, ત્યારે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તશરીફ લઈ આવ્યા. એ જ પળે હઝરત સિદ્દીકે અકબર મુક્તદી બની ગયા અને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઈમામ.

આથી જાણવા મળ્યું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મૌજૂદગીમાં કોઈને પણ ઈમામ થવાનો અખત્યાર નથી. અગર નમાઝ પઢાતી હોય એ દરમિયાનમાં પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તશરીફ લઈ આવે તો પહેલા ઈમામની ઈમામત મન્સૂખ થઈ જાય છે, કેમકે એ કાર્ય પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી આગળ વધવા જેવું છે. અલબત્ત, અગર હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પોતે જ ઈજાઝત આપી દે કે તમે ઈમામ રહો, તો પછી હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની ઈજાઝતથી ઈમામ રહેવું જાઈઝ છે, જેવું કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહો તઆલા અન્હો સાથે બન્યું હતું.

બીજું એમ પણ જાણવા મળ્યું કે નમાઝ પઢાતી હોય બરાબર એ જ સમયે, ચાલુ નમાઝની હાલતમાં હુઝૂર સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો વિચાર કરવો અને આપની અદબ કરવી એ કાર્ય નમાઝને ફાસિદ કરતું નથી, બલ્કે નમાઝને સર્વસંપૂર્ણ બનાવે છે. લુત્ફ તો એ છે કે આ આયતમાં અલ્લાહ અને રસૂલનો (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઝિક્ર છે : અલ્લાહ અને રસૂલથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગળ વધો નહિ. રબતઆલાથી આગળ જવું-થવું નામુમ્કિન છે. અલ્લાહ ન તો સમયમાં છે, ન સ્થળમાં આગળ વધવું સમયમાં હોય છે કે પછી સ્થળમાં.

આથી એ સ્પષ્ટ થયું કે મજકૂર આયતનો આશય એ છે કે અલ્લાહના રસુલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી આગળ થાવ નહિ. **આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બેઅદબી હકીકતમાં અલ્લાહની બેઅદબી છે.**

**જો હો મરદૂદ ઉસ દરકા વોહ મરદૂદે ખુદા ઠેહરા.**

આથી રૂહુલ - બયાને સાબિત કર્યું કે મશાઈખ, ઉલમા અને મુર્શિદની આગળ આગળ ચાલવું; એમના પહેલાં વાતચીત કરવી એ મેહરૂમીનું બાઈસ છે. હઝરત અબૂ દરદા રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે હું એકવાર હઝરત સિદીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હોની આગળ ચાલી રહ્યો હતો. સરવરે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આ જોયું તો ફરમાવ્યું : **અબૂદરદા ! શું તમે એની આગળ ચાલો છો જે તમારા કરતાં, બલ્કે આખી દુનિયા કરતાં અફઝલ છે : ઉત્તમ છે.** *(રૂહુલ બયાન)*

બીજો હુકમ થયો : **"તમારા અવાજને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક અવાજ કરતાં ઊંચો કરો નહિ :"** (કુર્આન શરીફ) એનું શાને-નુઝૂલ એ છે કે-એક વાર સિદ્દીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હોએ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સેવામાં અરજ કરી કે યા હબીબલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! અકરઅ ઈબ્ને હાબસને એમની કોમના વહીવટકર્તા (આમિલ) બનાવી દેવામાં આવે. હઝરત ફારૂકે આ'ઝમે (રદિયલ્લાહો તઆલા અન્હો) અરજ કરી : કઅકાઅ ઈબ્ને મઅબદને એ ઓહદો આપવામાં આવે !

આ વાતચીત દરમિયાન બંને હઝરતોના અવાજો ઊંચા થઈ ગયા. ત્યારે આ આયત નાઝિલ થઈ. પછી તો એ બંને હઝરતોએ એવો નિયમ અપનાવ્યો કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સામે જે પણ વાત કરતા તે બહુ જ ધીમે સ્વરે કરતા અને કેટલીક વાર તો ખુદ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને તેમણે શું કહ્યું એ પૂછવું ય પડતું હતું. *(રૂહુલ બયાન)*

**"તફસીરે ખઝાઈનુલ ઈરફાન"** માં ફરમાવવામાં આવ્યું કે મજકૂર આયતે-શરીફા હઝરત સાબિત ઈબ્ને કયસ ઈબ્ને શમાસ સંબંધમાં નાઝિલ થઈ હતી. તેઓ "ઊંચું સાંભળતા" હતા- એમને એ જાતની બીમારી હતી. એટલે તેઓ કોઈની સાથે વાત કરતી વખતે જવાબમાં પણ ઊંચે અવાજે બોલતા હતા. આથી મજકૂર આયત નાઝિલ થઈ. ગમે તેમ હોય; કુરઆને કરીમે આકાએ **દોજહાં સરવરે કાએનાત હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પવિત્ર બારગાહની આ અદબ શીખવી, ત્યાં આગળ મોટે અવાજે બોલવાની સ્પષ્ટ મનાઈ ફરમાવી દીધી.**

હજુ અત્યારે પણ હાજીઓને એવો હુકમ છે કે તેમને જ્યારે રોઝા-મુબારક પર હાજરી આપવાનું સદ્ભાગ્ય સાંપડે, ત્યારે હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખિદમતમાં બહુ જ ધીમા સ્વરે સલામ બજાવી લાવે અને અદબ ખાતર રોઝા-મુબારકથી થોડે દૂર ઊભા રહે.

ફુકહાએ કિરામે તો એવો હુકમ આપ્યો છે કે હદીષે-પાકનો દર્સ થઈ રહ્યો હોય એવી જગ્યાએ બીજા માણસોએ મોટે અવાજે બોલવું નહિ, હદીષે-પાક બયાન કરનાર તો જો કે બીજો જ માણસ હોય છે, પરંતુ એના મોંમાં કલામ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો છે.

આ આયતમાં ત્રીજો હુકમ એવો ફરમાવવામાં આવ્યો છે કે આકાએ નામદાર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની હુઝૂરમાં એવી વાતચીત ન કરો, જેવી કે આપસમાં એકબીજા સાથે કરો છો. આથી જાણવા મળ્યું કે હુઝૂરે અનવર રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કશું માનવાચક વિશેષણ લગાડ્યા વિના માત્ર પવિત્ર નામ લઈને અથવા 'બશર' કહીને યા બાપા યા કાકા યા ભાઈ કહીને સંબોધવા હરામ છે.

હઝરત અબ્બાસ રદિયલ્લાહો તઆલા અન્હા સગપણમાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કાકા હતા. હઝરત આઈશા સિદ્દીકા (રદિયલ્લાહો તઆલા અન્હા) પુનિત પત્ની હતાં અને હઝરત સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ (રદિયલ્લાહો તઆલા અન્હુમ) સસરા હતા, આમ છતાં આ બધી માનનીય હસ્તીઓ જ્યારે પણ રિવાયત ફરમાવે છે ત્યારે એવું નથી ફરમાવતા કે મારા ભત્રીજાએ, મારા શોહરે યા મારા દામાદે આમ ફરમાવ્યું, બલ્કે એવું કહે છે કે આકા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આમ ફરમાવ્યું. આ અંગેની વિસ્તૃત છણાવટ અમે "અલ્લાહના હબીબની શાન" માં "ઈન્નમા અના બશરૂમ્મિસ્લોકુમ" માં કરી ચૂક્યા છીએ. સારાંશ કે આ આયતે-કરીમામાં પણ અમારા-તમારા આકા-ને-મૌલા હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સુંદર ના'ત-શરીફ વર્ણવવામાં આવી છે.

★ હય કલામે ઈલાહી મેં શમ્સુદ-દુહા, તેરે ચેહરએ નૂરે ફિઝા કી કસમ.
કસમેં શબે તાર મેં રાઝ યે થા, કે હબીબ કી ઝૂલ્ફે દોતા કી કસમ.

★ તેરે ખુલ્ક કો હકને અઝીમ કહા, તેરી ખલ્ક કો હક ને જમીલ કિયા.
કોઈ તુઝ સા હુવા હય ન હોગા શહા, તેરે ખાલિકે હુસ્નો અદા કી કસમ.

★ વો ખુદા ને હય મરતબા તુઝ કો દિયા, ન કિસી કો મિલે, ન કિસી કો મિલા.
કે કલામે મજીદને ખાઈ શહા, તેરે શહેરો કલામો બકા કી કસમ

★ તેરા મસ્નદે નાઝ હય અર્શે બરીં, તેરા મહરમે રાઝ હય રૂહે અમીં
તૂં હી સરવરે હર દો જહાં હય શહા, તેરા મિસ્લ નહીં હય ખુદા કી કસમ.

★ યહી અર્ઝ હય ખાલિકે અર્દો-સમા, વો રસૂલ હંય તેરે, મેં બન્દા તેરા.
મુઝકો ઉનકે જવાર મેં દે વો જગહ, કે હંય ખુલ્દ કો જિસકી સફા કી કસમ.

★ તૂં હી બન્દો પે કરતા હય લુત્ફો અતા, હય તુઝી પે ભરોસા, તુઝી સે દુઆ,
મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા, તુઝે અપને હી ઈઝ્ઝો ઉલા કી કસમ.

★ મેરે ગર યે ગુનાહ હંય હદ સે સિવા, મગર ઉનસે ઉમ્મીદ હય તુઝ સે રજા,
તૂ રહીમ હય ઉનકા કરમ હય ગવાહ, વો કરીમ હંય તેરી અતા કી કસમ.

★ યહી કેહતી હય બુલબુલે બાગે જિનાં, કે રઝા કી તરહ કોઈ સહર બયાં,
નહીં હિન્દ મેં વાસિફે શાહે-હુદા, મુઝે શોખીએ તબ એ 'રઝા' કી કસમ.

آیت ۷۶ : وَالنَّجْمِ اِذَا هَوٰى ۝ مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوٰى ۝ وَمَا يَنْطِقُ

عَنِ الْهَوٰى ۝ اِنْ هُوَ اِلَّا وَحْیٌ یُّوْحٰى ۝ (پارہ ۲۷، سورہ النجم، رکوع ۱)

**આયત : ૭૬ એ પ્યારા ચમકતા તારા મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના કસમ, જ્યારે તેઓ મેઅરાજથી ઊતર્યા, તમારા સાહિબ ન બહેકયા ન ખોટે પંથે ચાલ્યા; અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કહેતા, એ તો નહિ પણ વહી જે એમને કરવામાં આવે છે.**

*(પા. ૨૭ : સૂરએ અન્નજમ : રૂકૂઅ : ૧)*

આ આયતે કરીમા પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઝળહળતી પવિત્ર ના'ત છે. એમાં ખાસ કરીને (૧) વન્નજમે; (૨) માદલ્લા સાહિબોકુમ અને (૩) વમા યન્તેકો અનિલ હવા... મનન યોગ્ય છે.

**'વન્નજમે' અને 'હવા' ના ભાવાર્થ વિશે તફસીરવેત્તાઓ બેમત છે. 'નજમ'** અરબી-ભાષામાં તારાને પણ કહે છે અને 'વેલ'ને પણ. વેલ એટલે જમીન ઉપર પથરાયેલા છોડ, જેમકે દૂધી. અમુક તફસીરકારોએ તો ફરમાવ્યું કે 'નજમ'નો ભાવાર્થ આકાશનો તારો 'સુરૈયા' વગેરે છે અને 'હવા'નો ભાવાર્થ છે "આથમવાની અણીએ."

અલ્લાહતઆલાએ જેમ દુનિયાની બીજી ચીજોની કસમ ફરમાવી છે - દા.ત. અંજીરના-તૂરેસીના પહાડના- તેમ આ પણ એક કસમ છે.

કેટલાકે ફરમાવ્યું કે 'નજમ' નો ભાવાર્થ પથરાયેલાં વૃક્ષો છે-જ્યારે કેટલાકે ફરમાવ્યું કે **'નજમ'**નો ભાવાર્થ સરકારે અબદકરાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પવિત્ર ઝાત છે, કેમકે **'નજમ'** નું કામ છે મુસાફરોને માર્ગદર્શન આપવું-સમુદ્રમાં પણ અને જંગલમાં પણ. (પહેલાંના જમાનામાં 'કુતબનુમા' હતું - તારાઓ પાસેથી દિશાસૂચન મેળવાતું હતું.) **આ ઝાતે-કરીમ પણ સૃષ્ટિના માર્ગદર્શક છે.** 'હવા'થી મુરાદ છે મેઅરાજથી પાછા તશરીફ લાવવું. પાછા ફરવું જવા પછી હોય છે. **આથી આસમાન સુધીની સદેહે મેઅરાજ કુરઆનથી સાબિત થઈ.**

અમુક લોકોએ ફરમાવ્યું કે 'નજમ'થી મુરાદ સહાબાએ કિરામ છે યા ઉલ્માએ ઉમ્મત યા મશાઈખે કિરામ-કેમકે એમના માટે ફરમાવવામાં આવ્યું : "મારા સહાબાએ કિરામ તારાઓ પેઠે છે- અને 'હવા' થી મુરાદ છે વફાત શરીફ પછી કબ્રોમાં દફન થવું- (રૂહુલ બયાન) આથી સહાબાએ કિરામ અને ઉલ્માએ દીનની કબ્રોના કસમ ફરમાવવામાં આવ્યા છે. માલૂમ પડ્યું કે એ કબ્રો ઘણી માનવંતી છે. 'ફલા ઉકસેમોબેમવા કેઅિન્નુજૂમે-' નો અમુક હઝરતોએ સહાબાએ કિરામ, ઉલ્મા અને અવલિયાની કબ્રો એવો અર્થ કર્યો છે.

માદલ્લા સાહિબોકુમ વમા ગવા... માં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું નિર્મળ ચારિત્ર્ય તેમજ આપ ગુનાહો તથા બદઅકીદગીઓથી તદન પાક પવિત્ર હોવાનું બયાન ફરમાવવામાં આવ્યું છે. તમામ અમ્બિયા નબૂવ્વત પછી પાક છે- પરંતુ આપણા હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે નબૂવ્વત પહેલાં અને નબૂવ્વત પછી કદી ક્યારેય પણ ગુનાહનો

ઈરાદો સુધ્ધાંયે કર્યો નથી. મજકૂર આયતમાં એનું જ સબૂત છે. **વવજદકા દા'લ્લન ફહદા...**માં જે 'દા'લ્લન' ફરમાવવામાં આવ્યું તેનો અર્થ 'ગુમરાહી' થતો નથી, જેની ચર્ચા આગળ ઉપર "વદદોહા" માં આવશે. જરૂર વાંચો.

એ યાદ રહે કે "માદલ્લા" 'પૂર્ણ ભૂતકાળ' છે, જેમાં 'નજીક' કે 'દૂર' નું કશું બંધન હોતું નથી. આથી જાણવા મળ્યું કે એલાને નબૂવ્વત પછી અને એલાને નબૂવ્વત પહેલાં આ (ગુનાહનાં) **કાર્યો આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કર્યાં નહિ.**

**'વમા યન્તેકો અનિલ હવા'** માં ફરમાવવામાં આવ્યું કે અમારા પ્યારા નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પોતાની ઇચ્છાથી કોઈપણ વાત ફરમાવતા નથી; જે કંઈ ફરમાવે છે તે રબની વહી હોય છે.

આના બે અર્થ છે. એક તો એ કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પોતાને તવહીદના મહાસાગરમાં એવી રીતે ફના કરી દીધા કે જે વાત આપના મુબારક મુખેથી નીકળે છે **તે ઝુબાન તો મેહબૂબની હોય છે, પણ કલામ રબનો.** આની ચર્ચા અમે **"વમા રમયતા ઈઝ રમયતા..."**માં કરી ચૂકયા છીએ. અથવા આનો એવો અર્થ છે કે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પોતાના મુબારક મુખેથી જે વાત ફરમાવે છે તે યા તો કુરઆન હોય છે યા હદીષ; અને બન્ને વહી. એમાં કુરઆન તો વહીએ જલી, જેની તિલાવત નમાઝમાં જાઈઝ છે અને હદીષ વહીએ ખફી, જેના પર કલામે-ઇલાહીના તિલાવત સિવાયના સર્વ એહકામ જારી છે.

આમાં બે સવાલ ઊભા થશે. એક તો એ કે કેટલાક પ્રસંગોએ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કૈંક ફેસલો ફરમાવી દીધો અને પાછળથી હુકમે-ઇલાહી એથી જુદો આવ્યો, જેમ કે બદ્રના કેદીઓ વિશે થયું હતું. બીજું, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરમાવે છે : 'અમારો કલામ રબના કલામને ભૂંસી શકતો નથી.' (મિશ્કાત : કિતાબે મુસ્લિમ) આનો મુહદ્દિસીન એવો અર્થ ફરમાવે છે કે 'મારા કલામ' થી મુરાદ 'પોતાના મત મુજબનો કલામ' છે. તો હવે સવાલ એ થાય છે કે જ્યારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની દરેક વાત વહીએ- ઇલાહી છે, તો પછી એના માટે આ હુકમ કેવો ? આ બંને સવાલોના જવાબ અમારી કિતાબ "કહરે કિબ્રીયા" કિતાબમાં આપેલ છે. જેને જરૂર વાંચો (લેખક)

**★ "હસરત મિટ જાએ" ★**

★ *ખાક હો જાએ, દરે પાક પે, હસરત મિટ જાએ,*
*યા ઈલાહી ! ન ફિરા બેસરો-સમાં હમકો.*

**"આદત કીજીએ"**

★ *જો ન ભૂલા, હમ ગરીબોં કો 'રઝા'*
*યાદ ઉસકી અપની આદત કીજીએ.*

*(અઝ :- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۷۷ : مَاکَذَبَ الْفُؤَادُ مَارَاٰی ۝ اَفَتُمٰرُوْنَہٗ عَلٰی مَایَرٰی ۝ وَلَقَدْ رَاٰہُ نَزْلَةً

اُخْرٰی ۝ عِنْدَ سِدْرَةِ الْمُنْتَھٰی ۝ (پارہ ۲۷، سورہ النجم، رکوع ۱)

**<u>આયત : ૭૭</u> દિલે જૂઠ ન કહ્યું જે જોયું તો શું તમે એમનાથી એમણે જોયેલા પર ઝઘડો છો અને એમણે તો ફરી વાર જોયું સિદરતિલ મુન્તહાની પાસે.** *(પા. ૨૭ : સૂરએ અન્નજમ : રૂકૂઅ ૧)*

આ નૂરાની આયત પણ આકાએ દોજહાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તશરીફ છે. એમાં "કૈંક જોવા" નો ઉલ્લેખ છે. આ અગાઉ આવેલી આયતોમાં તો ફરમાવવામાં આવ્યું હતું કે આપ (હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ની પવિત્ર ઝુબાન અમારો (અલ્લાહતઆલાનો) કલામ જ બોલે છે. મજકૂર આયતમાં ફરમાવવામાં આવ્યું કે આપ (હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ની મુબારક આંખોએ અમને (અલ્લાહને) જોયા છે. આ **આયતમાં મેઅરાજનો ઝિક્ર થઈ રહ્યો છે.**

મજકૂર આયતના મકસદ અંગે મુફસ્સિરોમાં મોટો મતફેર છે. **"વલકદ રઆહો" માં "હો" થી શી મુરાદ છે ?** - અર્થાત મેહબૂબે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એને જોયા. અમુક કહે છે કે હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) ને જોયા. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પહેલાં કોઈ પયગમ્બરે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામને એમની અસલી શિકલમાં જોયા નથી. હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જિબ્રઈલ અલયહિસ્સલામને બે વખત એમની અસલી શિકલમાં જોયા, હમેશા તેઓ ઈન્સાની શિકલમાં આવતા હતા. અમુકના મત પ્રમાણે એ જ બાબતનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે.

અમુકે એવો મત દર્શાવ્યો કે પોતાના રબને જોયા. આ મત ધરાવનાર બે વર્ગો છે. એમાંના અમુક તો કહે છે કે દિલ વડે જોયા - અમુક કહે છે કે આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આંખ વડે રબના જમાલને જોયો - અને આ ત્રીજો મત જ સૌથી વધુ સાચો છે. દિલ વડે જોવું હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો તઆલા અન્હો માને છે (મુસ્લિમ) અને ચહેરાની આંખ વડે જોવું હઝરત અનસ બિન માલિક, હસન અને અકરમા રિદવાનુલ્લાહે તઆલા અલયહિમ અજમઈન માને છે. (તફસીરે ખઝાઈનુલ ઈરફાન)

'રૂહુલ બયાને' ફરમાવ્યું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરમાવે છે : **રબતઆલાએ મૂસા અલયહિસ્સલામને પોતાના કલામ વડે અને અમને પોતાના દીદાર વડે માન બક્ષ્યું.**

એહલે સુન્નતનો મઝહબ એ છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રબતઆલાને પોતાનાં મુબારક ચેહરા પરની આંખો વડે જોયા. હઝરત હસન બસરી રહમતુલ્લાહ **અલયહ કસમ ખાઈને ફરમાવે છે કે - મેઅરાજમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રબતઆલાને જોયા.**

ઈમામ અહમદ બિન હમ્બલ રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે - હુઝૂરે અનવર

સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રબને જોયા; રબને જોયા, રબને જોયા- આ એમણે ત્યાં સુધી ફરમાવ્યું, જ્યાં સુધી આપનો શ્વાસ બંધ થઈ ગયો. *(રૂહુલ બયાન : આ જ આયત.)*

મિશ્કાત : બાબુલ મસાજિદ માં છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું : (અર્થાત) : "મેં મારા રબને સારી સૂરતમાં જોયો."

આની શર્હ મિશ્કાતમાં છે, જેમાં જણાવાયું છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રબને પોતાની શારીરિક આંખો વડે જાગૃત અવસ્થામાં શબે મેઅરાજમાં જોયા. આ જ વધુ સાચું પણ છે. અહીં સ્વપ્નમાં જોવાનો ઉદ્દેશ હોવાની કશી દલીલ નથી.

હઝરત વકીઅ કઅબ અહબાર રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત ફરમાવે છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રબતઆલાને બે વખત જોયા. (રૂહુલ બયાન : ઈન્દા સિદરતિલ-મુન્તહા : આયત હેઠળ) સારાંશકે, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રબતઆલાને જોયા. એ કથન સરસાઈ ભોગવે છે. આની સંપૂર્ણ તેહકીક "શીફા શરીફ" અને "મવાહિબુદદુન્યા" માં જોઈ શક્યા છે.

હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા આ દીદારનો સખ્ત ઈન્કાર ફરમાવે છે : આપ ફરમાવે છે કે રબતઆલાનો ઈરશાદ છે : **લા તુદરેકહુ લ્અબ્સારો** : : એને આંખો પામી નથી શકતી : ત્યારે અલ્લાહનો દીદાર શી રીતે સંભવી શકે ?-

- પરંતુ હઝરત ઈબ્ને અબ્બાસ તથા બીજા અકાબિરની રિવાયતોનું બયાન કરાઈ ચૂક્યું છે. હઝરત સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હાનું આ કથન પોતાના ઈજતેહાદથી છે. આપે કોઈ રિવાયત પેશ ફરમાવી નથી. રિવાયતની સરખામણીમાં ઈજતેહાદને અખત્યાર કરવામાં આવતો નથી.

**મજકૂર આયતનો અર્થ તદન સ્પષ્ટ છે કે આ દુનિયામાં રબતઆલાને આ આંખો વડે કોઈ જોઈ શકતું નથી, પરંતુ મેઅરાજ શરીફમાં તો દુનિયા જ જુદી હતી. આખરે કયામતમાં, જન્નતમાં બધા મુસલમાનોને (અલ્લાહ તબારક વ તઆલાના) દીદાર થશે.**

હઝરત સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા તો આસમાન તરફ જિસ્માની મેઅરાજનો ઈન્કાર ફરમાવે છે, પણ એ કોઈએ સ્વીકાર્યું નહિ, કેમકે સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હાનું ફરમાન પોતાના ઈજતેહાદની બિના પર છે. આપ ફરમાવે છે : "જે રાત્રે મેઅરાજ થઈ એ રાત્રે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મારા મકાનમાં બિરાજમાન હતા. પવિત્ર શરીર ગુમ ન થયું, ત્યારે શારીરિક મેઅરાજ કેવી ?" પરંતુ આ શારીરિક મેઅરાજ થઈ તે સમયે તો હઝરત આઈશા સિદીકા રદિયલ્લાહો તઆલા અન્હા હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના નિકાહમાં પણ આવ્યાં નહોતાં. **એ શારીરિક મેઅરાજ તો ઉમ્મહાની બિન્તે અબીતાલિબના ઘેરથી થઈ.**

'રૂહુલ બયાન' માં ઈન્દા સિદરતિલ મુન્તહા આયત હેઠળ દર્શાવાયું છે કે આકાએ દોજહાં સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને **કુલ ૩૪ વખત મેઅરાજ થઈ હતી - જેમાંની એક જાગૃત અવસ્થામાં સદેહે (શારીરિક) અને બાકીની ખ્વાબમાં રૂહાની.**

***(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)***

آیت ۷۸ : اِقْتَرَبَتِ السَّاعَةُ وَانْشَقَّ الْقَمَرُ ۝ (پارہ ۲۷، سورۂ قمر رکوع ۱)

**આયત : ૭૮ કયામત નજીક આવી ગઈ અને ચાંદ ટુકડે થઈ ગયો.**

*(પા. ૨૭ : સૂરએ કમર : રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમામાં પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. એમાં આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બે સિફતોનું બયાન છે. એક તો કયામત નજીક હોવી તે અને બીજું ચાંદ ટુકડે થવો તે.

કયામત નજીક હોવાનો અર્થ એ છે કે બીજા અમ્બિયાએ કિરામના જમાનામાં કોઈ ને કોઈ નવા નબીના આગમનનો ઈન્તેઝાર હતો. પણ અંતિમ નબી હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તશરીફ લઈ આવતાં, હવે કેવળ કયામતનો જ ઈન્તેઝાર છે. અથવા આને એમ સમજો કે **હુઝૂરે અનવર શાફેએ મેહશર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો પવિત્ર જમાનો કયામત સુધી છે. આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દીન અને આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પર નાઝિલ થયેલું કુરઆન કદી પણ મન્સૂખ થશે નહિ.**

રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે : (અર્થાત) : "અમે અને કયામત એ બે મળેલી આંગળીઓ પેઠે છીએ." એટલે કે અમારી અને કયામતની વચ્ચે કોઈ નવો નબી આવવાનો નથી. (બુખારી કિતાબુર્રિકાક કૌલુન્નબી બઅસત : પ્રકરણ) કયામત સુધી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જ પવિત્ર જમાનો છે.

ચાંદ ફાટવાની ઘટના ખરપોતીએ 'કસીદએ-બુર્દહ' ની શર્હમાં નકલ ફરમાવી છે તે પ્રમાણે, અબૂજહલે યમનના વાલી હબીબ ઈબ્ને માલિકને લખ્યું કે "તારા દીનને મિટાવવામાં આવી રહ્યો છે. જલદી આવ !" હબીબને આ સંદેશો મળતાં જ તે મક્કહ મુકર્રમહ આવી પહોંચ્યો. અબૂજહલે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વિશે ઘણી બધી ખોટી વાતો કહી. એના મનમાં એમ હતું કે હબીબ ઈબ્ને માલિક મક્કાવાસીઓ પર સારી પકડ ધરાવતો હોવાથી તે લોકોને આ દીનનો સ્વીકાર નહિ કરવાનું સમજાવી શકશે.

હબીબે અબૂજહલને કહ્યું, "વારૂ. બંને પક્ષોની વાત સાંભળ્યા પછી જ ફેસલો કરવામાં આવે છે. હું ઈચ્છું છું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વાણી પણ સાંભળી લઉં."

એણે તરત જ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ખિદમતમાં પયગામ મોકલ્યો અને વિનંતિ કરી કે હું યમનથી આવ્યો છું અને આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો દીદાર કરવા ઈચ્છું છું.

હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હઝરત સિદ્દીકે અકબર રદિયલ્લાહો તઆલા અન્હોની સાથે એ મજલિસમાં તશરીફ લઈ ગયા. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પધરામણી થતાં જ, મજલીસમાં સર્વત્ર આપની(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પ્રતિભાનો પ્રભાવ પથરાઈ ગયો. કોઈપણ માણસ આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સામે એકપણ શબ્દ બોલવાની હિમ્મત કરી શકયો નહિ. લોકોની આ હાલત જોઈ ખુદ હુઝૂરે અનવર

સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જ ફરમાવ્યું : "હબીબ ! તમે શું જાણવા માગો છો ?-"

હબીબે હિમ્મત કરીને વિનંતિ કરી : "હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નબૂવ્વતનો દાવો ફરમાવ્યો છે- અને નબૂવ્વત માટે મો'જિઝો જરૂરી છે."

હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું : "તું કહે તેવો મો'જીઝો અમે દેખાડીએ !"

તે બોલ્યો : "હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! હું તો આસમાનનો મો'જીઝો જોવા ઈચ્છું છું- અને પછી એ જાણવા માગું છું કે મારા અંતરમાં શી તમન્ના છે ?"

આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું : "મારી સાથે ચાલ !" આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એને સફા પર્વત પર લઈ ગયા. પૂરો ચાંદ સોળે કળાએ પ્રકાશી રહ્યો હતો. આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **એના તરફ ઈશારો કરતાં જ ચાંદના બે ટુકડા થઈ ગયા- એક ટુકડો પર્વતની એક બાજુએ અને બીજો પર્વતની બીજી બાજુએ.**

ઇમામે એહલે - સુન્નત મુજદ્દિદે - મિલ્લત આ'લાહઝરતે (રદિયલ્લાહો તઆલા અન્હો) શું ખૂબ ફરમાવ્યું છે :

**સૂરજ ઉલ્ટે પાઉ પલ્ટે. ચાંદ ઈશારેસે હો ચાક,**
**અંધે નજદી ! દેખ લે કુદરત રસૂલુલ્લાહ કી.** *(સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)*

અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું: "હબીબ ! હવે બીજી વાત સાંભળી લે-તારી એક દીકરી છે. તે હંમેશા બીમાર રહે છે. હાથે પગે મા'ઝૂર છે. તું એમ ચાહે છે કે એ સાજી થઈ જાય. જા, એ પણ સાજી થઈ ગઈ."

હબીબ આ સાંભળીને સહસા પુકારી ઊઠ્યો :

**લા ઈલાહ ઈલ્લલ્લાહો મુહમ્મદુર્રસૂલુલ્લાહ...** *(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)*

ઈમાનની રોશની પામીને હબીબ ઇબ્ને માલિક પોતાને ઘેર ગયા. રાતનો સમય હતો. એમણે દરવાજા પર અવાજ આપ્યો. એમની દીકરી, જે પહેલાં ઊભી થઈ કે ચાલી શકતી નહોતી તે ચાલીને આવી અને પોતાના હાથે દરવાજો ખોલ્યો. બાપને જોતાં જ એ કલ્મો પઢવા લાગી : લા ઈલાહ ઈલ્લલ્લાહો મુહમ્મદુર્રસૂલુલ્લાહ... (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હબીબે પૂછ્યું : "બેટી ! તેં આ કલ્મો ક્યાં સાંભળ્યો ?" હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મો'જીઝાથી સાજી થયેલી છોકરી બોલી :

**એક માહે મદન, ગોરાસા બદન, નીચી નઝરેં, કુલકી ખબરેં**
**દિખલાકે ફબન, વોહ સુનાકે સુખન, મોરા ફૂંક ગયે સબ તનમનધન**
**વોહ દિખલાકે શકલ જો ચલ દિયે તો દિલ ઉનકે સાથ રવાં હૂવા**
**ન વોહ દિલ રહા, ન વોહ દિલરૂબા, રહી ઝિન્દગી સો વબાલ હય**

"મેં ખ્વાબમાં એક ચાંદસા ચહેરાવાળાને જોયા. એ ફરમાવી રહ્યા હતા : બેટી! તારા પિતા

તો મક્કામાં આવીને મુસલમાન થયા-તું અહીં કલ્મો પઢી લે, તો તું હમણા જ સાજી થઈ જશે." સવારે મારી આંખ ઊઘડી ત્યારે એ કલ્મો મારી જીભ પર હતો અને મારા હાથ પગ સાજા થઈ ગયા હતા."

લગભગ બધા જ મહાન સહાબાએ કિરામ અને મોટા ભાગના તફસીરવેત્તાઓનું એ ફરમાન છે કે ચાંદ ચીરાવાની ઘટના હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર જમાનામાં બની હતી. હવે જે શખ્સ એવું કહે કે ચાંદ કયામતમાં ચીરાશે તો એવું કહેનાર શખ્સ બદમઝહબ છે. હઝરત મૂસા અલયહિસ્સલામ માટે નાઈલ નદીને ચીરવામાં આવી અને હુઝૂર નબીએ આખરૂઝઝમાન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પવિત્ર આંગળીના ઈશારા વડે ચાંદ બે ટુકડે થયો. આથી જાણવા મળ્યું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને તમામ નબીઓ કરતાં વધારે મો'જીઝા અતા થયા. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

★ *સચ્ચી બાત સિખાતે યે હંય, સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*
*સીધી રાહ દેખાતે યે હંય. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *ડૂબી નાવેં તિરાતે યે હંય, સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*
*હિલતી નીવેં જમાતે યે હંય. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *ટૂટી આંસે બંધાતે યે હંય, સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*
*છૂટી નબઝેં ચલાતે યે હંય. સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *કસ્રે દના તક કિસ કી રસાઈ, જાતે યે હંય, આતે યે હંય.*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *શાફેઅ, નાફેઅ, રાફેઅ, દાફેઅ, ક્યા ક્યા રહેમત લાતે યે હંય.*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *ફયઝે જલીલ ખલીલ સે પૂછો, આગ મેં બાગ ખિલાતે યે હંય.*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *ઉન કે નામ કે સદકે, જિસ સે, જીતે હમ હય, જિલાતે યે હંય.*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *ઉસ કી બખ્શીશ, ઈન કા સદકા, દેતા વો હય, દિલાતે યે હંય.*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *ઉન કે હાથ મેં હર કુન્જી હય, માલિકે કુલ કહેલાતે યે હંય.*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

★ *કહે દો 'રઝા' સે, ખુશ હો ખુશ રેહ, મુઝદા રઝાકા સુનાતે યે હંય*
*સલ્લલ્લાહો અલયહે વસલ્લમ*

آیت ૭૯ : اَلرَّحْمٰنُ عَلَّمَ الْقُرْاٰنَ ○ خَلَقَ الْاِنْسَانَ ○ عَلَّمَهُ الْبَيَانَ ○

(پارہ ۲۷، سورہ رحمٰن رکوع ۱)

**આયત : ૭૯ રહમાને પોતાના મેહબૂબ બંદાને કુરઆન શીખવ્યું. ઈન્સાનિયતની જાન મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ને પેદા કર્યા અને 'માકાના વમા યકૂનો'નું એમને બયાન શીખવ્યું.**

*(પા. ૨૭ : સૂરએ અર્રહમાન : રૂકૂઅ ૧)*

આ આયતે કરીમા પણ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સ્પષ્ટ ના'ત શરીફ છે. આ આયતના શાને નુઝૂલ વિશે બે કથનો છે. એક તો એ કે જ્યારે આ આયત ઊતરીઃ (અર્થાત) : રહમાનને સજદો કરો - ત્યારે કાફિરોએ કહ્યું : "રહમાન કોણ તે અમે જાણતા નથી." પરિણામે મજકૂર આયત ઊતરી કે - "તમે નથી જાણતા કે રહમાન એ જ તો છે, જેણે પોતાના હબીબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને કુરઆન શીખવ્યું."

આમાં બીજું કથન એ છે કે કાફિરો એવું કહ્યા કરતા હતા કે અલ્લાહના રસૂલ અમારા-તમારા આકા હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કોઈ માનવી કુરઆન શીખવે છે. આથી એ શંકાને નિર્મૂળ કરવા માટે મજકૂર આયત ઊતરી કે અમને કોઈ માનવી નથી શીખવતો, બલ્કે માનવીને પેદા કરનાર સર્જનહાર પોતે શીખવે છે (ખાઝિન). અહીં માલૂમ પડ્યુ કે રહમાન શીખવે છે; એમ પણ જાણવા મળ્યું કે તે કુરઆન શીખવે છે પણ એ જાણવા મળતું નથી કે કોને શીખવે છે ? - તફસીરવેત્તાઓ ફરમાવે છે : અહીં આશય એ છે કે એમને જ શીખવ્યું જેમના પર કુરઆન ઊતર્યું.

ફાયદો : આનાથી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઈલ્મનો પ્રશ્ન પણ ઉકેલાઈ ગયો. જો શાર્ગિદના જ્ઞાનમાં કચાશ રહી જાય તો એમાં ત્રણ જ કારણ સંભવી શકે. યા તો ઉસ્તાદ નાકાબિલ હોય, કંજૂસ હોય; જે કિતાબ પઢવામાં આવી તે એવી ઊતરતી કક્ષાની હોય, યા શીખવનાર શાર્ગિદ પોતે જ બિનલાયક હોય. આ સિવાયનું ચોથું કારણ સંભવી જ શકતું નથી.

**અહીં તો રબતઆલા શીખવનાર, એના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ શીખવાનાર અને કિતાબ સર્વ-જ્ઞાન-સંગ્રહ કુરઆન શરીફ મૌજૂદ છે. પછી અમારા-તમારા આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું જ્ઞાન કેમ સંપૂર્ણ ન હોય ? બતાવો-આ ત્રણેયમાં કોઈનામાં પણ કશી કચાશ હોઈ શકે ખરી ? હરગિઝ નહિ. રબ કામિલ ઉસ્તાદ, મહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કામિલ શાર્ગિદ, કિતાબ કામિલ કુરઆન, તો પછી ઈલ્મમાં કંઈ કચાશ રહે જ શાની ?**

બીજો ફાયદો : આનાથી જાણવા મળ્યું કે રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમામ પયગમ્બરો અને સર્વ મખ્લૂક કરતાં અફઝલ ને આ'લા છે, કેમકે કુરઆને ખબર આપ્યા કે હઝરત આદમ અલયહિસ્સલામને તમામ ચીજોનાં નામ બતાવી દેવામાં આવ્યાં; હઝરત દાઊદ અલયહિસ્સલામને ઝિરહ બનાવવાનું શીખવવામાં આવ્યું; હઝરત ઈસા અલયહિસ્સલામને વૈદક વિદ્યા શીખવવામાં આવી; ખિઝર અલયહિસ્સલામને "ઈલ્મે લદુન્ની" શીખવવામાં આવ્યું - પરંતુ

પોતાના મહબૂબ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કુરઆન શીખવવામાં આવ્યું, જે એ બધા કરતાં ઉત્તમ અને ઉચ્ચ છે - અને તમામ આગલાપાછલા જ્ઞાન બનાવોનું જ્ઞાન આપ્યું, જેનું કુરઆને બયાન ફરમાવ્યું.

**ત્રીજો ફાયદો :** આથી એ સાબિત થયું કે હુઝૂર અહમદે મુખ્તાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ રબતઆલાના સીધા શાર્ગિદ છે- વચ્ચે આપનો બીજો કોઈ ઉસ્તાદ છે જ નહિ. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હઝરત જિબ્રીલ અલયહિસ્સલામના શાર્ગિદ નથી, પણ રબતઆલાના સીધા શાર્ગિદ છે. હઝરત જિબ્રીલ અલયહિસ્સલામ તો હબીબ અને મહબૂબ વચ્ચેના કેવળ કાસિદ છે; સંદેશ લાવનાર-લઈ જનાર. તેઓ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પાસે કુરઆન લઈ આવે છે, પણ એના રહસ્યથી અજાણ છે.

'રૂહુલ બયાને' કાફ-હા-યા-ઐન-સ્વાદની તફસીરમાં લખ્યું છેઃ હઝરત જિબ્રીલ અલયહિસ્સલામે કહ્યું : "કાફ"... હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું : "અમે સમજી ગયા." જિબ્રીલે (અલયહિસ્સલામ) કહ્યું : 'હા'... હુઝૂરે અનવરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું : 'અમે સમજી ગયા.' અર્ઝ કર્યું : "યા." ફરમાવ્યું : "અમે સમજી ગયા." અર્ઝ કર્યું : "અયન". ફરમાવ્યું : "અમે સમજી ગયા." જિબ્રીલે-(અલયહિસ્સલામ) અમીન આ સાંભળીને બહુ નવાઈ પામ્યા. એમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમણે વિચાર્યું, હું તો આમાં કંઈ સમજ્યો નહિ, પણ અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ બધું સમજી ગયા.

**મયાને આશિકો મા'શૂક રમ્ઝેસ્ત,**
**કિરામન કાતેબીં રાહમ ખબરનેસ્ત.**

**ચોથો ફાયદો :** તાત્પર્ય કે ક્યારે શીખવ્યું એ જાણવા મળ્યું નહિ. એ તો જાહિર, દેખીતું, સ્પષ્ટ છે કે 'અઝલ' : સૃષ્ટિના સર્જન પહેલાં : શીખવ્યું. શીખવવાનો સમય તો એ હતો-પણ એને પ્રગટ કરવાનો સમય આ થયો. (રૂહુલ બયાન.)

ખલકલ ઈન્સાના...માં 'ઈન્સાનથી' મુરાદ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મહાન પવિત્ર ઝાત છે. અલ્લમહુલ બયાનમાં 'બયાન'થી મુરાદ "તમામ આગલાપાછલા બનાવોનું જ્ઞાન" છે.

- તો હવે મજકૂર આયતે કરીમાનો એવો અર્થ થયો કે રબતઆલાએ અમારા-તમારા આકા-ને-મૌલા સરકારે દોઆલમ હઝરત મુહમ્મદર્રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પેદા ફરમાવ્યા અને સઘળાં જ્ઞાન શીખવ્યાં. (ખાઝિન : ખઝાઈનુલ ઈરફાન). સારાંશકે આ આયતનો એકે એક શબ્દ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ની ના'ત શરીફ વર્ણવે છે.

آیت ۸۰ : يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَاٰمِنُوْا بِرَسُوْلِهٖ يُؤْتِكُمْ كِفْلَيْنِ مِنْ رَّحْمَتِهٖ

(پارہ ۲۷ سورۂ حدید رکوع ۴)

**આયત : ૮૦ હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને એના રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **પર ઈમાન લાવો. એ પોતાની રહમતથી તમને બે ભાગ અતા ફરમાવી દેશે.** *(પા. ૨૭ : સૂરએ હદીદ : રૂકૂઅ ૪)*

આ આયતે-કરીમા પણ આકાએ નામદાર હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. એમાં 'ઈમાનવાળા' ઓથી મુરાદ અહલે-કિતાબ એટલે કે યહૂદીઓ અને ઈસાઈઓ છે, જેઓ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પહેલાંના નબીઓ ઉપર ઈમાન લાવ્યા હતા. એમને હુકમ આપવામાં આવી રહ્યો છે કે હે અહલે-કિતાબ ! તમે અમારા મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર ઈમાન લઈ આવો. જો તમે એવું કરશો તો તમને બીજાઓ કરતાં બમણો સારો બદલો મળશે - એક તો તમારા પયગમ્બર ઉપર ઈમાન લાવવાનો અને બીજો આ અંતિમ નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર ઈમાન લાવવાનો. હદીસે-પાકમાં છે કે જેમને બે ભાગનો સવાબ મળે છે એવા ત્રણ માણસો છે. એક એ, જેની પાસે લોંડી હોય તો એ લોંડીને સારી તાલીમ અપાવે; પછી એને આઝાદ કરી એની સાથે નિકાહ કરી લે, બીજો ગુલામ, જે પોતાના આકાની ખિદમત અને રબની ઈતાઅત કરે. ત્રીજો એ અહલે-કિતાબ, જે પહેલાં પોતાના નબી ઉપર ઈમાન લાવ્યો હોય અને પાછળથી અંતિમ નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર ઈમાન લઈ આવે. એ બધા માણસોને બમણો સવાબ મળે છે.

નુક્તો : આ ઉપરથી કોઈએ એવો અર્થ લેવાનો નથી કે જો ઈસાઈ યા યહૂદી ઈસ્લામ-સ્વીકાર કરે તો એ સહાબાએ - કિરામ યા અહલે-બયતથી અફઝલ થઈ જશે. મુસલમાન બનનાર યહૂદી અથવા ઈસાઈને બમણો સવાબ જરૂર મળશે- પરંતુ એનાથી એમ સમજવાનું નથી કે સહાબાએ કિરામને એક સવાબ મળશે અને આ લોકોને બે સવાબ મળશે. હકીકતમાં બિન-સહાબીના લાખો સવાબો પણ માનનીય સહાબીના એક સવાબની સરખામણી કરી શકતા નથી.

હદીસે-પાકમાં છે કે માનનીય સહાબી થોડીક ખયરાત કરે અને કોઈ સામાન્ય મુસલમાન એક આખા પહાડ જેટલા સોનાની ખયરાત કરી નાખે તો પણ સહાબીનો સવાબ એ સોનાવાળા માણસ કરતાં વધી જશે. વળી, સવાબમાં વધારે હોવાનું પ્રમાણ એ જુદી ચીજ છે અને દરજ્જો મોટો હોવો એ જુદી ચીજ છે. જો રાજ્યનો રાજવી કોઈ સિપાહી પર પ્રસન્ન થઈને એને મોટું ઈનામ આપી દે અને પોતાના વઝીરને ઈનામ ન આપે, તો પેલા સિપાહીને થોડોક માલ મળી જશે એ ખરૂં, પરંતુ વઝીરનો જે દરજ્જો છે તે પેલા સિપાહીને મળશે નહિ.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۸۱ : لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ

وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ

**આયત : ૮૧ તમે નહિ પામશો એ લોકોને જેઓ શ્રધ્ધા રાખે છે અલ્લાહ અને આખેરતના દિવસ પર કે દોસ્તી કરે એમનાથી જેમણે અલ્લાહ અને એના રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **થી વિરૂધ્ધતા કરી, જો કે તેઓ એમના બાપ યા બેટા યા ભાઈ યા કુટુમ્બીજનો હોય.**

*(પા. ૨૮ : સૂરએ મજાદલહ : રૂકૂઅ ૩)*

આ મહાન આયત પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સુંદર ના'ત શરીફ વર્ણવે છે. એ સાથે જ આ આયતે-કરીમામાં મુસલમાનની પિછાન કરાવવામાં આવી છે. એમાં મુસલમાનની એવી નિશાની બતાવવામાં આવી છે કે મોમિન અલ્લાહ અને એના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દુશ્મનો સાથે મહબ્બત રાખે એવું હરગિઝ બની શકતું નથી- અ દુશ્મનો પછી મોમિનના ગમે તેટલા ખાસ નિકટના સંબંધીઓ કેમ ન હોય ! આથી જાણવા મળ્યું કે માબાપનો બહુ મોટો હક છે એ વાત ખરી, પરંતુ કોઈનો પણ હક આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના હકની સરખામણી કરી શકે તેમ નથી.

સરવરે કાએનાત હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાન છે કે દાઢી રખાવો. હવે તમને દાઢી મૂંડાવવાનું મા કહે કે બાપ, સ્નેહી કહે કે સંબંધી - દાઢી મૂંડાવવી હરગિઝ જાઈઝ નથી.

રબતઆલાનું ફરમાન છે કે નમાઝ પઢો અને રોઝા રાખો. હવે જો તમને તમારી મા કહે કે - આ કામ ન કર તો તમારે માની આ વાત હરગિઝ માનવાની નથી- કેમકે અલ્લાહ અને પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો હક બીજા બધાના હક ઉપર સરસાઈ ભોગવે છે.

એવી જ રીતે કોઈ મુસલમાનનો પુત્ર, ભાઈ પિતા અથવા તો માતા-કોઈ પણ નિકટનાં સગાંસંબંધી- કાફિર હોય તો એ મુસલમાને એમની સાથે મુહબ્બત કે દોસ્તી રાખવી તદન હરામ છે.

આ આયતની તફસીર છે સહાબાએ કિરામનું પવિત્ર જીવન. હઝરત અબૂ ઉબયદહ ઈબ્ને જરાહે ઉહદના જંગમાં પોતાના પિતા જરાહને કત્લ કરી નાખ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહો તઆલા અન્હોએ પોતાના ફરઝંદ અબ્દુર્રહમાન, જેઓ એ સમયે મુસલમાન થયા નહોતા, તેમને લડવા માટે પડકાર્યા : "અબ્દુર્રહમાન ! આવો ! આજે પિતા અને પુત્રની વચ્ચે સામસામી લડાઈ થઈ જાય." પણ આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એમને અટકાવ્યા. હઝરત મસ્અબ ઈબ્ને ઉમયરે પોતાના ભાઈ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમયરને કત્લ કરી નાખ્યો - એ કાફિર હતો. હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોએ પોતાના મામા આસ ઈબ્ને હિશ્શામને કત્લ કરી નાખ્યો- એ પણ કાફિર હતો. હઝરત અલીયે મુર્તુઝા રદિયલ્લાહો તઆલા

અન્હો અને હઝરત હમ્ઝા રદિયલ્લાહો તઆલા અન્હોએ રબીઅહના પુત્રો : અત્બહ અને શયબાને બદ્રના જંગમાં કત્લ કરી નાખ્યા. એ એમના નિકટના સગા હતા. ખુદાતઆલા અને **એના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર ઈમાન લાવનારાઓને અંગત સગપણ-સંબંધ સાથે શી લેવાદેવા?** *(રૂહુલ બયાન : તફસીરે ખઝાઈનુલ ઈરફાન)*

**મસ્અલો :** આ આયતથી જાણવા મળ્યુ કે અલ્લાહતઆલા અને એના મહબૂબ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાનમાં ગુસ્તાખી કરનારાઓ સાથે મેળમિલાપ અને મુહબ્બત રાખવી હરામ છે તેમજ એ બેઈમાનની નિશાની છે.

આજ્ઞાંકિત પુત્ર પોતાના પિતાના દુશ્મનો સાથે મહબ્બત રાખતો નથી. કોઈ શખ્સ કોઈની માને ગાળ ભાંડે તો એ શખ્સ પેલા ગાળ ભાંડનાર સાથે બોલવાનો વ્યવહાર રાખશે નહિ. આ તો સામાન્ય માનવવ્યવહારની વાત થઈ- પણ જેમના ઉપર બન્ને જહાનમાં મા અને બાપ બંને કુરબાન હોય, એમની શાનમાં ગુસ્તાખી કરનાર લોકોની સાથે ઊઠવું-બેસવું અને એમના પ્રત્યે પ્રેમભાવ રાખવો ભલા શી રીતે સાંખી શકાય? **આ લખાણ પરથી એવા ભાઈઓએ ધડો લેવો જોઈએ જેઓ દરેક મઝહબના જલ્સાઓમાં અને બેઠકોમાં બેધડક હાજરી આપતા હોય છે.** અલ્લાહતઆલા હબીબે-પાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને સદકે સૌ ભાઈઓને નેક તવફીક અતા ફરમાવે, આમીન. **મૌલાના રૂમ ફરમાવે છે :-**

**(અર્થાત) :** સાપ તો જાન લે છે, પણ નઠારો મિત્ર તો ઈમાન હરી લે છે. જો દોલતમંદ માણસ કોઈ ડાકૂ સાથે મૈત્રી રાખશે તો કોઈ ને કોઈ દિવસે એને પોતાની દોલત ગુમાવવી પડશે. એ જ પ્રમાણે ઈમાનની દોલત ધરાવનાર જો બેઈમાનો પ્રત્યે મહબ્બત રાખશે તો એ જતેદહાડે પોતાનું ઈમાન ખોઈ બેસશે. ઈમાનવાળા ભાઈઓ બુરા માણસોની સોબત-સંગત કરીને છેવટે બદમઝહબ બની ગયાના આજે ઘણા દાખલા મોજૂદ છે. *(મસ્નવી)*

★ *સરવર કહું કે માલિકો મૌલા કહું તુઝે, બાગે ખલીલ કા ગુલે ઝીબા કહું તુઝે.*
★ *હિરમાં નસીબ હોં તુઝે ઉમ્મીદ ગાહ કહું, જાને મુરાદ કાને તમન્ના કહું તુઝે.*
★ *ગુલઝારે કૂદસ કા ગુલે રંગીં અદા કહું, દરમાને દર્દે બુલબુલે શયદા કહું તુઝે.*
★ *સુબ્હે વતન પે શામે ગરીબાં કો દૂં શરફ, બેકસ નવાઝ ગૈસૂઓં વાલા કહું તુઝે.*
★ *અલ્લાહ રે તેરે જિસ્મે મુનવ્વર કી તાબિશેં, એ જાને જાં, મેં જાને તજલ્લા કહું તુઝે.*
★ *મુજરિમ હું અપને અફવ કા સામાં કરૂં શહા, યઅની શફીએ રોઝે જઝા કા કહૂં તુઝે.*
★ *તેરે તો વસ્ફ ઐબે તનાહી સે હંય બરી, હયરાં હું મેરે શાહ મેં ક્યા ક્યા કહું તુઝે.*
★ *ઈસ મુર્દા દિલ કો મુઝદા હયાતે અબદ કા દૂં, તાબો તવાને જાને મસીહા કહૂં તુઝે.*
★ *કેહ લગી સબ કુછ ઉનકે પનાખ્વાં કી ખામોશી, ચુપ હો રહા હય કેહ કે મેં ક્યા ક્યા કહૂં તુઝે.*
★ *લૈકિન 'રઝા' ને ખત્મે સુખન ઈસ પે કર દિયા, ખાલિક કા બન્દા, ખલ્ક કા આકા કહું તુ*

آيت ٨٢ : وَمَآ اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا

(پاره ٢٨ - سوره حشر ركوع ١)

**આયત : ૮૨ અને જે કંઈ તમને રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **આપે તે લો અને જેનાથી મના ફરમાવી દે એ કરો નહિ.**

*(પારહ ૨૮ : સૂરએ હશ્ર : રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમા પણ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. મજકૂર આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તમામ મુસલમાનોના માલિક છે અને તમામ મુસલમાનો આપના આજ્ઞાંકિત ગુલામ છે. આથી જાણવા મળ્યું કે ઈમાનદાર એ છે કે જે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દરેક હુકમને વિના વિલંબે બજાવી લાવે- ભલે પછી એ હુકમ એની સમજમાં આવે કે ન આવે કોઈ દુન્યવી લાભ એમાં જણાતો હોય કે ન જણાતો હોય.

આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે વ્યાજની મનાઈ ફરમાવી. આમ, દુન્યવી દષ્ટિએ જોતાં વ્યાજમાં લાભ દેખાય છે, પરંતુ ઈમાનનો એ તકાઝો છે કે વ્યાજનું સાંભળતાં જ વ્યાજવટાવથી દૂર થઈ જાવ. આકાએ નામદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના હુકમનું પાલન કરવામાં જ દરેક પ્રકારનો લાભ રહેલો છે.

**એ વાતનું ધ્યાન રહે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જે કામ જાતે કર્યાં યા જે કામ કરવાનો હુકમ ફરમાવ્યો અથવા કોઈને કશું કરતા જોયા અને મનાઈ ન ફરમાવી- એ સઘળું ''માઆતાકુમ'' માં દાખિલ છે. પહેલાને સુન્નતે-મોઅલ્લા, બીજાને સુન્નતે - કવી અને ત્રીજાને સુન્નતે - સુકૂતી કહે છે. વળી એ વાતનું પણ ધ્યાન રહે કે એ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની જ શાન છે કે આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દરેક હુકમ અને આપનું દરેક કાર્ય અનુસરણ કરવા - ઈતાઅત કરવાને પાત્ર છે. બીજા કોઈની એવી શાન નથી.**

હુઝૂર રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો દરેક હુકમ, આપનું (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પ્રત્યેક કાર્ય રબતઆલા તરફથી છે, જ્યારે આપણાં કામ નફસાની અને શયતાની પણ હોય છે. બારગાહે મુસ્તફવી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સુધી ન શયતાનની પહોંચ છે ન નફસની દખલ. જેમ સોનાની ખાણમાંથી સોનું જ નીકળે અને કેરીના ઝાડમાંથી કેરી જ ઊતરે છે, બરાબર એ જ પ્રમાણે હુઝૂરે-પાક સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પાકપવિત્ર ઝુબાનેથી હક એટલે કે સત્ય જ જારી થાય છે; આથી આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દરેક બોલ અને પ્રત્યેક કામ પર જરાય અચકાયા કે ઢીલ કર્યા વિના અમલ કરો - પણ બીજા લોકોની વાણી અને વર્તનને શરીઅતની કસોટી પર કસો.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

آیت ۸۳ : هُوَ الَّذِیْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰی وَدِیْنِ الْحَقِّ لِیُظْهِرَهٗ عَلَی الدِّیْنِ
كُلِّهٖ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ۟
(پارہ ۲۸۔ سورہ الصف رکوع ۱)

**આયત : ૮૩ એ જ છે જેણે પોતાના રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)**ને હિદાયત અને સાચા દીનની સાથે મોકલ્યા કે એને બધા દીનો ઉપર ગાલિબ કરે, ભલે પછી મુશરિકોને માઠું લાગે.**

*(પારહ ૨૮ : સૂરએ અસ્સફ : રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમા પણ સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સ્પષ્ટ અને સુંદર ના'ત શરીફ વર્ણવી રહી છે. મજકૂર આયતમાં ઈસ્લામ છવાઈ જશે એવા શુભ સમાચાર આપવામાં આવ્યા છે. "હોવલ્લઝી" મુદ્દાની તો અમે "સૂરએ-ફત્હ" ના અંતભાગમાં છણાવટ કરી ચૂકયા છીએ - પણ અહીં એ બતાવવાનું છે કે રબતઆલાએ ઈસ્લામને તમામ દીનો ઉપર સર્વોપરિ રાખવાનું વચન આપ્યું અને એ વચનને પૂરૂં પણ ફરમાવી દીધું.

સર્વપ્રથમ જ્યારે ઈસ્લામનો આફતાબ મક્કહ-મુકર્રમહથી ઉદય પામ્યો, ત્યારે એના પર મુસીબતનાં કંઈકેટલાંયે વાદળ ઘેરાયાં અને છેવટે બાનીએ ઈસ્લામ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અને મુસલમાનોને મક્કહ-મુઅઝઝમહ છોડવું પડયું-પરંતુ પછી અંજામ એ આવ્યો કે આખાયે અરબ દેશમાં ઈસ્લામ જ ગાલિબ રહ્યો - ઈસ્લામની જ આણ પ્રવર્તી રહી. **પછી અરબના એ લોકો, જેઓને આખી દુનિયા કરતાં અદના ગણવામાં આવતા હતા, તેઓ પોતાના મહાન આકા (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ની ત્રેવીસ વરસની તાલીમની બરકતથી આખી દુનિયા કરતાં ઉચ્ચ અને ઉત્તમ થઈ ગયા, જાહિલ આલિમના ઉસ્તાદ બની ગયા, ચોરી કરનારાઓ દુનિયાનું રક્ષણ કરનારા બની ગયા. બેતેહઝીબ દુનિયાને તેહઝીબ શીખવનારા બન્યા, શરાબ પીનારાઓ શરાબથી મોં ફેરવી લઈને અલ્લાહની મહબ્બતના શરાબમાં મસ્ત બન્યા. બુતપરસ્ત ખુદાપરસ્ત બની ગયા, અને ન જાણે કોણ કોણ શું શું બની ગયા !**

ઈસ્લામના બાની સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જે થોડાક સમય અને સાધનવિહોણી સ્થિતિમાં કોમની સુધારણા ફરમાવી એનો દાખલો કોઈ કોમના પેશવામાં જોવા જડતો નથી. અલ્લાહે પછી એ જ કોમને તખ્ત અને તાજની માલિક બનાવી. તેમણે સદીઓ સુધી ભારે દબદબાપૂર્વક દુનિયા ઉપર રાજ્ય કર્યું- અને આજે અલ્લાહના ફઝલથી આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ગુલામો તાજના માલિક છે.

અત્યારે દુન્યવી દૃષ્ટિએ મુસલમાનો બીજી કોમો કરતાં પછાત દેખાઈ રહ્યા છે. દૌલત, ઈઝઝત, સલ્તનત, ઈલ્મમાં બીજી કોમો એમના કરતાં આગળ વધેલી જણાય છે. - **પરંતુ જો તમે ગંભીર રીતે વિચારશો તો દીની વર્ચસ્વ હજી મુસલમાનોનું જ રહેલું હોવાનું જોઈ શકાશે. એના અમુક દાખલા જોઈએ.**

મસ્જિદ સાથે ગિર્જા અને મંદિરની સરખામણી કરો. મસ્જિદ પાંચ વખત આબાદ થાય છે **અને ગિર્જા અઠવાડિયામાં એક વાર- રવિવારે ! જ્યારે મંદિર દિવસમાં એક જ વાર - સંધ્યાકાળે ! એ પણ સમૂહ રીતે નહિ, એકલદોકલ માણસ આવે છે ને ઘંટ વગાડી જાય છે ! કુરઆનની કિર્અત, કિતાબ, ઝેર, ઝબર, પેશ, એક એક અક્ષર મેહફૂઝ-પણ મૂળ ઈન્જીલ, તવેરત અને વેદ**

દુનિયામાંથી અદશ્ય થઈ ચૂક્યાં છે. અત્યારે જે ઇન્જીલ એક એક પૈસામાં વેચાય છે, તે અસ્લ ઇન્જીલ નથી, બલ્કે એનો તર્જુમો છે. અસ્લ ઇન્જીલ તો ક્યારનીયે ગાયબ થઈ ચૂકી છે.

કુરઆને કરીમની જેટલી તફસીરો અને કિર્અતો છે એટલી અન્ય કોઈની નથી. કુરઆનના હાફિઝ દરેક શહેરમાં મળી આવશે. જો કોઈ જલ્સામાં કોઈ શખ્સ એક આયતનો એક 'ઝબર' પણ ખોટો પઢે તો લોકો તરત જ એને પકડી પાડશે. આથી વિરૂધ્ધ બીજી કોઈપણ કિતાબનો કોઈ પણ હાફિઝ નથી. આજે દુનિયામાં હુકૂમત બીજી કોમોની છે- પરંતુ કુરઆને કરીમ અરબી ભાષામાં ઊતર્યું હોઈ, હજુ હમણા પણ કુરઆન દરેક જગ્યાએ અરબી ભાષામાં જ મૌજૂદ છે. હુકૂમત અરબી ભાષાની કંઈ સરપરસ્તી કરી રહી ન હોવા છતાં કુરઆને કરીમ દરેક જગ્યાએ અરબી ભાષામાં જ પઢાય છે.

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક સીરત જે શાનથી ઇસ્લામમાં મોજૂદ છે એવી કોઈ પણ મઝહબના પેશવાની નથી. હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉમ્ર-શરીફ, ઘરની અને બહારની પવિત્ર જિંદગી, ઊઠવું, બેસવું, હરવું, ફરવું, હસવું, રડવું, વાત કરવી, તે એટલા સુધી કે પૂરા મુબારક શરીરની રેખાકૃતિ, પવિત્ર દાઢીમાં કેટલા મુબારક બાલ સફેદ હતા વગેરે નાનામાં નાની વાતો પણ સંઘરાયેલી છે. - અને હદીષ શું છે ? એ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું પવિત્ર જીવનચરિત્ર છે. આવું સર્વાંગ-સંપૂર્ણ અને સર્વશ્રેષ્ઠ જીવનચરિત્ર દુનિયાની કોઈપણ મહાન વિભૂતિનું અત્યાર સુધી લખાયું નથી.

મુસલમાનો ગાય-બકરી ખાય છે અને ડુક્કર હિંદુ, યહુદી, ઈસાઈ વગેરે બીજી તમામ કોમો ખાય છે. પણ જે બરકત ગાય-બકરીમાં છે તે ખન્ઝીર-ડુક્કરમાં નથી. હવે જરા એ બતાવો કે હિન્દુસ્તાનમાં ડુક્કરના ગોશતની કેટલી માર્કેટો છે અને કેટલી ગાય-બકરીના ગોશતની છે ?

તમામ કોમો ધીમે ધીમે ઇસ્લામના કાનૂનને માનતી જઈ રહી છે. અત્યાર સુધી કેટલાક માણસો એવો વાંધો ઊઠાવતા હતા કે એક માણસને ચાર પત્નીઓ કરવાની ઇજાઝત કેમ આપવામાં આવી ?- પરંતુ હવે સ્ત્રીઓનું અત્યંત વધુ જન્મપ્રમાણ અને પુરૂષોનાં યુધ્ધોમાં અત્યંત વધુ પ્રમાણમાં મરણો જોયાં પછી તેઓ એની પાછળ શી મસ્લેહત હતી તે સમજી ચૂકયા છે.

ઇસ્લામે આપેલો દરેક આદેશ નિઃશંક ઉત્તમ અને ઉચ્ચ છે. દીની સરસાઈ, સર્વોપરિતા અને સર્વોચ્ચતાને લાગેવળગે છે ત્યાં સુધી બેધડક રીતે એમ કહી શકાય છે કે ઇસ્લામ આજે પણ વિશ્વ સમસ્તમાં દીની સરસાઈ ભોગવે છે. હા-મુસલમાનો પોતાની બદઅમલીને કારણે દુનિયામાં ઝલીલ અને ખ્વાર તેમ જ નિર્ધન થઈ જાય તો એ જુદી વાત છે. એમાં મુસલમાનોનો પોતાનો કસૂર છે- ઇસ્લામનો નહિ. ખુદાતઆલા મુસલમાનોને ઇસ્લામની રસ્સીને મઝબૂત રીતે પકડવાની તવફીક આપે, આમીન. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

*કરૂં તેરે નામ પે જાં ફિદા, ન બસ એક જાં, દો જહાં ફિદા,*
*દો જહાં સે ભી નહીં જી ભરા, કરૂં ક્યા કરોડો જહાં નહીં.*

*અઝ :- આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી (રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۸۴ : وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ

(پارہ ۲۸ - سورہ منافقون رکوع ۱)

**આયત : ૮૪ અને ઈઝઝત તો અલ્લાહ અને એના રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **અને મુસલમાનોના માટે છે-પણ મુનાફિકોને ખબર નથી.**

*(પારહ - ૨૮ : સૂરએ મુનાફિકૂન : રૂકૂઅ ૧)*

આ મહાન આયત પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ વર્ણવે છે. આ નૂરાની આયતમાં આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની 'ઈઝઝત' નું વર્ણન કરવામાં આવ્યું છે અને આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સદકામાં મુસલમાનોની 'ઈઝઝત'નું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

આ આયતનું શાને-નુઝૂલ એ છે કે - હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે મરીસીઅના જંગથી ફારિગ થઈ એક કૂવા નજીક પડાવ ફરમાવ્યો. એ સમયે ત્યાં આગળ હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હોના ખાદિમ જહજાહ ગિફારી અને અબ્દુલ્લાહ બિન ઉબી મુનાફિકના મિત્ર સનાન ઈબ્ને વબરજહની વચ્ચે લડાઈ થઈ પડી. એ મુનાફિકે સનાનનો પક્ષ લઈ, બન્ને જહાનના સરદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાનમાં ગુસ્તાખીભરી વાતો બકી નાખી-એ ગુસ્તાખ બેઅદબે એવો બકવાસ કર્યો કે - મદીનહમાં પહોંચીને અમે-ઈઝઝતવાળાઓ ઝલીલોને કાઢી મૂકીશું (ઝલીલો એણે મુહાજિરોને ગણાવેલા) વળી એણે પોતાની કોમને સંબોધીને એવાં વાહિયાત વેણ ઉચ્ચાર્યાં કે - 'જો તમે આ મક્કહવાળાઓને તમારૂં એઠું ખાણું ન આપો તો એ આમ તમારી ગરદનો પર ચઢી બેસે નહિ ! -હવે તમે આ લોકોને કંઈ આપશો નહિ-એટલે તેઓ મદીનહથી ભાગી જશે.'

હઝરત ઝયદ ઈબ્ને અરકમ (રદિયલ્લાહો તઆલા અન્હો) આ સાંભળીને બહુ ગુસ્સે થયા. એમણે એ મુનાફિકને સાફ સાફ સંભળાવી દીધું, 'તું જ ઝલીલ છે. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક મસ્તક ઉપર તો મેઅરાજનો તાજ છે. 'રહમાને' આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને શક્તિ અને સ્વમાન- કુવ્વત અને ઈઝઝત -બખ્શ્યાં છે.

એ મુનાફિક કહેવા લાગ્યો, 'ચુપ રહો. હું તો આ વાત આમ અમસ્થી હસવાની વાત રૂપે કહી રહ્યો હતો !'

ઝયદ બિન અરકમે (રદિયલ્લાહો તઆલા અન્હો) આ વાત સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સુધી પહોંચાડી. હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એ મુનાફિકને પૂછયું, 'શું તેં આમ કહ્યું હતું?' મુનાફિક કસમ ખાઈ ગયો. એણે કહી દીધું, "હુઝૂર ! મેં એવું નહોતું કહ્યું." વળી એની કોમના માણસોએ પણ કહ્યું કે તે ઘરડો માણસ છે અને ખોટું બોલે તેવો નથી. ઝયદ બિન અકરમ (રદિયલ્લાહો તઆલા અન્હો) ને ગેરસમજ થઈ હશે !'

એ પ્રસંગે મજકૂર આયત ઊતરી, જેણે અબ્દુલ્લાહને ખોટો અને ઝયદ બિન અરકમ રદિયલ્લાહો તઆલા અન્હોને સાચા ઠેરવી દીધા.

'રૂહુલ બયાન' માં મજકૂર આયત હેઠળ ફરમાવવામાં આવ્યું છે કે અબ્દુલ્લાહ ઈબ્ને

ઉબીના પુત્ર મોટો મરતબાવાળા સહાબી હતા. એમનું નામ પણ અબ્દુલ્લાહ હતું. જ્યારે એમને એ વાતની જાણ થઈ કે એમના પિતાએ આવા ગુસ્તાખીભર્યા વેણ પોતાના મોંમાંથી ઉચ્ચાર્યાં છે તો તેમણે મદીનહ-મુનવ્વરની પાદરે પોતાના બાપને પકડયો અને તલ્વાર મ્યાનમાંથી કાઢી એનો માર્ગ રોકીને ઊભા થઈ ગયા અને પિતાને સંબોધીને કહ્યું :

'હે મારા બાપ ! તું એવો ઈકરાર કરી લે કે અલ્લાહ ઈઝઝતવાળો છે અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પણ ઈઝઝતવાળા છે, નહિતર હું હમણાં જ તલ્વારના એક જ ઝાટકા વડે તારૂં માથું ધડથી જુદું કરી નાખીશ.' જીવ જવાના ભયથી મુનાફિકે આવો ઈકરાર કરી લીધો. હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આ સાંભળીને એ નેક ફરઝન્દને દુઆઓ આપી.

**આ ઉપરથી જાણવા મળ્યું કે અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈઝઝત - આપનાં માનસન્માન-પર માબાપ-ઔલાદ અને સર્વસ્વને કુરબાન કરી દેવાનો સહાબાએ કિરામનો તરીકો હતો. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કરતાં વધારે કોઈ બીજાનો હક નથી એ પણ આ પ્રસંગ પરથી સ્પષ્ટ થાય છે.**

મજકૂર આયતમાં અલ્લાહતઆલા અને એના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ માટે અને હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ને તુફયલ મુસલમાનો માટે ઈઝઝત સાબિત ફરમાવવામાં આવી છે. 'ઈઝઝત' નો અર્થ છે સર્વોચ્ચ સર્વોપરિતા અને શક્તિ. **અને સત્ય પણ એ જ છે કે સર્વોપરિતા, ઉચ્ચતા અને સરસાઈ અલ્લાહતઆલાની, એના રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની અને મુસલમાનોની જ છે અને એ કયામત સુધી એમની જ રહેશે.**

**અલ્લાહની ઈઝઝત એટલે કે સર્વોપરિતા એ છે કે દુનિયામાં કોઈ પણ કાર્ય અલ્લાહના ઈરાદા વિના થતું નથી- થઈ શકતું જ નથી. એ જ અઝમતવાળો છે, એ જ મહાન છે. એ જ સાચી કુદરતવાળો છે- સામર્થ્યવાન છે- મહાશક્તિશાળી છે. બધી હુકૂમત એની જ છે. એ જ સૌનો વાલી અને મદદગાર છે. જેને તે ઈઝઝત આપે એને કોઈ ઝલીલ કરી શકતું નથી. એની અઝમત-એની મહાનતા હમેશાથી છે ને હમેશા માટે રહેશે. દુનિયાની પ્રત્યેક ચીજ ફના થઈ જશે : નાશ પામી જશે. પણ એ બાકી રહેશે : અમર રહેશે. સૌ એના મોહતાજ-એ ગની.**

અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈઝઝત અને બીજા શબ્દોમાં ઉચ્ચતા, સર્વોપરિતા તેમજ સરસાઈ એ કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને આખેરત ખરાબ થવાનો ડર નથી. આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પરવરદિગારે - આલમે ઈઝઝત આપી. શફાઅત આપી. આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દીનને દુનિયાના તમામ દીનો ઉપર સરસાઈ આપી. રબ આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) માટે કાફી છે- આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મખ્લૂકમાંથી કોઈની હાજત નથી; બલ્કે બધા આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હાજતમંદ છે. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તા'ઝીમ રબની તા'ઝીમ છે અને આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તાબેદારી રબની તાબેદારી છે. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈતાઅત રબની ઈતાઅત અને આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) વિરૂધ્ધતા રબની વિરૂધ્ધતા છે. આપની (સલ્લલ્લાહો અલયહે

વ સલ્લમ) ઝાત ઝાતે-ઈલાહીનું પ્રતિબિમ્બ છે- તમામ ગુનહેગારોને આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પાકપવિત્ર દરવાજા પર હાજરીનો હુકમ. દુનિયાની દરેક ચીજ ઉપર હુકૂમત. જાનવર અને પથ્થર, વૃક્ષ વગેરે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સલામી આપે. જિન અને ઈન્સાન, ફરિશ્તા આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દુઆગો. દુનિયાભરના શાહો-સમ્રાટો આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પાક દરવાજાના ખાદિમ. અર્શે-અઝીમ આપની 'જલ્વાગાહ. ફર્શ આપનું (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પાયતખ્ત. કયામતને દિને હરકોઈ ને સૌકોઈની ઉત્સુક નજરો આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક હાથ પર મીટ માંડતી હશે.

સારાશંકે, મારી તો નાને મોઢે મોટી વાત જેવી ગત છે. હું મારા નાના મોઢે આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) શું ગુનગાન ગાઉં ! આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ગુણ ગાવાની મારી શું શક્તિ ! એને યોગ્ય શબ્દો ક્યાંથી લાવું! - બસ એટલું કહી શકાય છે - આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને એવી ઇઝઝત મળી જે એમને આપનાર રબ જાણે યા લેનાર મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ. વધુમાં વધુ એ જ કે -

**બા'દ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસાર.**

'મવાહિબુદદુન્યા' માં લખ્યું છે કે - મુસલમાનો જે પણ નેક કામ કરે છે એનો એક સવાબ તો નેક કામ કરનારને મળે છે અને બે સવાબ મુર્શિદને, ચાર સવાબ એના મુર્શિદના મુર્શિદને અને આઠ સવાબ એના મુર્શિદના મુર્શિદને- એવી રીતે જેટલા ઉપર જાઓ એટલો સિલસિલો વધતો જશે. એ સવાબ બારગાહે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમમાં પહોંચે છે ત્યાં સુધી તો એ બેસુમાર અને બેહિસાબ થઈ જાય છે. આ તો એક ઉમ્મતીનું એક નેક કામ છે - હવે દરરોજ કેટલા ઉમ્મતીઓ કેટલાં નેક કામો કરે છે અને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કેટલો સવાબ પહોંચાડવામાં આવે છે એની જરા કલ્પના તો કરી જુઓ !- એનો કંઈ હિસાબ કે એની કંઈ ગણતરી થઈ શકે એમ છે ખરૂં ?-

હદીષ શરીફમાં છે કે જે શખ્સ નેકીની દોરવણી કરે એને નેકી કરનાર જેવો જ સવાબ મળે છે. સમસ્ત વિશ્વના સર્વશ્રેષ્ઠ દોરક : આલા રહબર : હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ છે. જે કોઈ પણ જણ કંઈ પણ નેકી કરે છે તે કયામત સુધી કરશે તે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રહબરીથી જ કરે છે ને કરશે - અને એનો જે સવાબ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને મળશે એનો હિસાબ ભલા કોણ કરી શકે એમ છે ?

શેતરંજનો શોધક શેતરંજ લઈને પોતાના દેશના રાજા પાસે ગયો. રાજા એ જોઈને ખુશ થયો ને બોલ્યો, 'જે જોઈએ તે ઇનામમાં માગી લે !' શોધકે કહ્યું, 'રાજા ! મારી શેતરંજનાં ખાનાંને ચોખા વડે એ રીતે ભરી દો કે દરેક આગલા ખાનામાં પાછલા ખાના કરતાં બમણા ચોખા હોય ! એટલે કે પહેલા ખાનામાં એક, બીજામાં બે, ત્રીજામાં ચાર, ચોથામાં આઠ, પાંચમામાં સોળ, વગેરે. રાજા સમજ્યો નહિ. એણે લાપરવાહીથી કહ્યું, "આવો હિસાબ માંડવા કોણ બેસે! જાવ - અમારા કોઠારમાંથી બે બોરી ચોખા લઈ લો !'

શેતરંજનો શોધક નમ્ર સ્વરે બોલ્યો, 'ના જી- મને તો મેં માગ્યા તે જ હિસાબ પ્રમાણે ચોખા આપો, સરકાર !'

હવે જ્યારે હિસાબ માંડવામાં આવ્યો તો આખા પૃથ્વીપટ પર પણ એટલા ચોખાનું ઉત્પાદન થતું નહોતું, જેટલા ચોખા એ શોધકે માગ્યા હતા. શેતરંજના ચોસઠ (૬૪) ખાનાં હોય છે અને ૮ ચોખાની એક રતિ થાય છે. આઠ રતિનો એક માશા, બાર માશાનો એક તોલો અને એંસી તોલાનું એક શેર થાય છે. હિસાબ લગાવતાં છવ્વીસમાં (૨૬) ખાનામાં એક મણ થયું. હવે ખાનાદીઠ બમણું કરવામાં આવતાં તો સામટેસરવાળે એટલા ચોખા થઈ ગયા કે જો એની કીમત પેટે સોનું ચૂકવવામાં આવત તો એક રૂપિયાના ચાર શેર ચોખા અને પચીસ રૂપિયે તોલા સોનું ગણવામાં આવે તો પણ સોનું તો ઓગણીસ કરોડ મણ થઈ જાય છે- પણ ચોખાનો તો હિસાબ જ નથી લાગતો !

આ તો ચોસઠ ખાનાંનો હિસાબ હતો, જે એક રાજા ચૂકવી શક્યો નહિ-પરંતુ આપણા આકાની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બારગાહમાં જ્યારે ઉમ્મતીનો અમલ પહોંચે છે, ત્યારે બમણો, ચોગણો, આઠગણો થતો થતો એટલો બધો થઈ જાય છે કે ત્યાં આંકડા પણ ખૂટી જાય છે ! અલબત્ત, હિસાબ વધી જાય તો ય શું છે, કેમ કે એ ચૂકવનાર તો રબતઆલા છે ને ! એના ખજાનામાં ભલા કઈ ચીજની કમી છે?- આ પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઈઝઝતનું જ રૂહપરવર બયાન છે. ફરમાવવામાં આવ્યું : (અર્થાત :) **'આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) માટે અતૂટ સવાબ છે.'**

મુસલમાનોની ઈઝઝત એ પ્રકારે છે કે તેઓ જહન્નમમાં હમેશાના અઝાબથી મેહફૂઝ છે. તેઓ રબના સાચા બંદા અને વફાદાર રૈયત છે. મુસલમાનો આગળ દીની ધોરણે બીજી તમામ કોમો નીચી છે. જો તેઓ સાચા અને પાકા મુસલમાન રહે તો બેશક તખ્ત અને તાજ એમના જ માટે છે. ફરમાવવામાં (આવ્યું) : **'તમે જ ઉચ્ચ છો અગર સાચા મુસલમાન રહો.'**

કયામત સુધી મુસલમાનોનો દીન બાકી, એમની કિતાબ સુરક્ષિત. એમનામાં અવલિયા, ઉલમા, ગૌષ અને કુતુબ દરેક સ્થળે મૌજૂદ. કયામતમાં એમના મોં અને પગ વઝૂની અસરથી પૂર્ણિમાના ચાંદ પેઠે ચમકતા હશે. તેઓ બીજી બધી ઉમ્મતોથી પહેલાં જન્નતમાં દાખલ થશે. અર્ધ જન્નતના તેઓ માલિક, બીજી અર્ધ જન્નતમાં બાકીની બધી ઉમ્મતો રહેશે.

અહીં એક બીજી વાત પણ ધ્યાનમાં રાખી લો. બયતુલ-મુકદ્દસ ઈસાઈઓ, યહૂદીઓ અને અન્ય અહલે- કિતાબનો કિબ્લો છે, જ્યારે મક્કહ-મુઅઝઝમહ માત્ર મુસલમાનોનો કિબ્લો છે. પરંતુ હજ કેવળ કાબાની જ થાય છે; બયતુલ મુકદસની થતી નથી. બયતુલ મુકદસ જિન્નાતે બનાવ્યું (તામિર કર્યું) ! **બનાવનાર હઝરત સુલેમાન અલયહિસ્સલામ પરંતુ કા'બા શરીફ બનાવનાર રબતઆલા એના નિશાન બનાવનાર હઝરત જીબ્રઈલ અલયહિસ્સલામ, કાબાનું ચણતર કરનાર અલ્લાહના ખલીલ ઈબ્રાહીમ અલયહિસ્સલામ, ચણતરમાં મદદ કરનારા ઝબીહુલ્લાહ હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામ અને એને આબાદ ફરમાવનારા મુહમ્મદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.**

બયતુલ મુકદસમાં હજારો અમ્બિયાએ કિરામ (અલયહિમુસ્સલામ) આરામ ફરમાવી રહ્યા છે- પરંતુ મદીનહ-મુનવ્વરહમાં માત્ર સય્યદુલ અમ્બિયા : નબીઓના મુગટમણિ : અમારા - તમારા આકા હઝરત્ત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ બિરાજમાન છે. મદીનહ-મુનવ્વરહમાં જેટલા ઝાઈરીન હાજરી આપે છે એના દસમા ભાગ જેટલા પણ બયતુલ

મુકદસ જતા નથી. સારાંશ કે, અલ્લાહ-તઆલાએ મુસલમાનોને દરેક જાતની દીની અને દુન્યવી ઈઝઝત અને બીજા શબ્દોમાં ધાર્મિક તથા ભૌતિક સર્વોપરિતા અને સરસાઈ અર્પણ કરી છે. માલદાર હોવું યા ન હોવું : બાદશાહ હોવું યા ન હોવું એ વસ્તુ ઉપર કંઈ ઈઝઝતનો દારોમદાર નથી- એ તો ધુપછાયા છે.

આ નુરાની આયતમાં તો ત્રણ ઝાતો માટે ઈઝઝત સાબિત ફરમાવવામાં આવી છે : અલ્લાહતઆલા માટે; અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ માટે અને તમામ મુસલમાનો માટે પણ એક બીજી આયતમાં ફરમાવવામાં આવ્યું છે કે (અર્થાત) : 'સર્વ ઈઝઝત અલ્લાહને માટે છે.'

આનો જવાબ એ છે કે હકીકી અને ઝાતી ઈઝઝત તેમજ કાયમી : હંમેશથી અને હંમેશ માટે : ઈઝઝત તો માત્ર અલ્લાહતઆલાને માટે જ છે પરંતુ 'અતાઈ' : અલ્લાહતઆલાએ આપેલી : ઈઝઝત અમ્બિયા, અવલિયા અને તમામ મુસલમાનોને પણ હાસિલ છે. બીજા શબ્દોમાં કહીએ તો એ બધાની ઈઝઝત અલ્લાહની ઈઝઝત છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

★ *પૈશે હક મુઝદા શફાઅત કા સુનાતે જાએંગે,*
*આપ રોતે જાએંગે હમ કો હંસાતે જાએંગે.*

★ *દિલ નિકલ જાને કી જા હય, આહ કુન આંખોં સે વો,*
*હમ સે પ્યાસોં કે લિયે દરિયા બહાતે જાએંગે.*

★ *હાં, ચલો, હસ્રત ઝદો સુનતે હય વો દિન આજ હય,*
*થી ખબર જિસ્કી કે વો જલ્વા દિખાતે જાએંગે.*

★ *કુછ ખબર ભી હય ફકીરો આજ વો દિન હય કે વો,*
*નેઅમતે ખુલ્દ અપને સદકે મેં લુટાતે જાએંગે.*

★ *ખાક ઉફતાદો બસ ઉનકે આને હી કી દૈર હય,*
*ખૂદ વો ગિર કર સજ્દે મેં તુમ કો ઉઠાતે જાએંગે.*

★ *વુસ્અતેં દી હય ખુદા ને દામને મેહબૂબ કો,*
*જુર્મ ખુલતે જાએંગે ઔર વો છુપાતે જાએંગે.*

★ *લો, વો આએ મુસ્કુરાતે હમ અસીરોં કી તરફ,*
*ખિરમને ઈસ્યાં પે અબ બિજલી ગિરાતે જાએંગે.*

★ *હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલાકી ધૂમ,*
*મિષલે ફારિસ નજદ કે કિલ્એ ગિરાતે જાએંગે.*

★ *ખાક હો જાએં અદૂ જલ કર મગર હમ તો 'રઝા'*
*દમ મેં જબ તક દમ હય ઝિક્ર ઉન કા સુનાતે જાએંગે.*

آیت ۸۵ : نٓ ۔ وَالْقَلَمِ وَمَا يَسْطُرُوْنَ ۝ مَاۤ اَنْتَ بِنِعْمَةِ رَبِّكَ بِمَجْنُوْنٍ ۝

وَاِنَّ لَكَ لَاَجْرًا غَيْرَ مَمْنُوْنٍ ۝ (پارہ ۲۹، سورہ القلم، رکوع ۱)

**<u>આયત : ૮૫</u> કલમ અને એમના લખેલાના કસમ-આપ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **પોતાના રબના ફઝલથી મજનૂન નથી અને જરૂર આપના માટે પુષ્કળ સવાબ છે.** *(પા. ૨૯ : સૂરએ અલકલમ : રૂકૂઅ ૧)*

આ નૂરાની આયત આકા મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફનો સંગ્રહ અને અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાન અને અઝમતનો ભંડાર છે. આ મુબારક આયતના શબ્દે શબ્દે હુઝૂર પુરનૂર ની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'ત શરીફનાં ફૂલ મહેકી રહ્યાં છે. એમાં (૧) આ આયત કેમ ઊતરી? (૨) 'નૂન' અને 'કલમ' નો શો અર્થ છે? (૩) એમાં કઈ કઈ રીતે ના'ત બયાન થઈ છે ?- વગેરે જોઈએ.

(૧) મક્કાના મુશરિકો- એમાં યે ખાસ કરીને વલીદ ઈબ્ને મુગીરહ- હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને 'મજનૂન' અર્થાત દીવાના કહેતા હતા અને હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ના પવિત્ર હૃદયને આ બુરા શબ્દથી રંજ થતો હતો, એટલે રબતઆલાએ કસમો સહિત હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ફઝાઈલ અને નિંદાખોરોનાં અયબનું વર્ણન કર્યું, જેથી અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર હૃદયને સંતોષ થાય.

રબતઆલાએ ફરમાવ્યું, 'નૂન'ની કસમ. કલમની કસમ. એમના લેખનની કસમ. **હે પ્યારા ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપ દીવાના નથી. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નિંદા કરનાર કમીના, બેઈમાન, નિંદાખોર, ચાડીયા, હરામના બાળકો છે, વગેરે, વગેરે.**

(૨) **'નૂન' :** (૧) નૂન સૂરહનું નામ છે; (૨) અલ્લાહનું નામ છે; (૩) 'નૂર' અને 'નાસિર' નો પ્રથમ અક્ષર છે અને રબતઆલાનું નામ છે. (૪) 'અર્રહમાન' માં 'નૂન' આવે છે, જેથી એ અલ્લાહના નામનું એક અંગ છે. એટલે અલ્લાહતઆલાએ પોતાનાં નામની કસમ ફરમાવી, (૫) 'નૂન' હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નું પણ મુબારક નામ છે (૬) એ 'નૂર'નો પહેલો અક્ષર છે અને 'નૂર' હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નું મુબારક નામ છે- એટલે કે એ પ્રકારે એ હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની કસમ છે. (૭) અરબી ભાષામાં 'નૂન'નો અર્થ 'માછલી' પણ થાય છે. એનાથી એ માછલી મુરાદ છે, જેના પેટમાં યૂનુસ અલયહિસ્સલામ રહ્યા હતા અથવા એ માછલી, જે જન્નતીઓનો પહેલો ખોરાક છે. યા પછી એ માછલી, જેના ઉપર આપણી આ પૃથ્વી ઊભી છે. *(રૂહુલ બયાન : તફસીરે ગઝનવી)*

વલકલમે (૧) કલમનો અર્થ અહીં યા તો સામાન્ય કલમનો લેવાયો છે, કેમકે એના વડે ઈલ્મ લખાય છે એટલા સારૂ એની તાઝીમ થઈ અને કસમ ખાવામાં આવી (૨) યા પછી એ કલમ, મુરાદ છે, જેણે લૌહે મેહફૂઝ ઉપર સર્વ બનાવો લખ્યા. (૩) યા એ કલમ, જે વડે ફરિશ્તા

માના પેટમાં બાળકની તકદીર લખે છે, યા એ કલમ, જે વડે ફરિશ્તા ઈન્સાનોનાં આમાલનામાં લખે છે. - પરંતુ આ રીતે વિચારતાં 'નૂન' અને 'કલમ' વચ્ચે સંબંધ માલૂમ પડતો નથી. એટલા સારૂ અમુક તફસીરવેત્તાઓએ ફરમાવ્યું કે 'કલમ' પણ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નું મુબારક નામ છે, કારણકે એક હદીષમાં આવે છે : અવ્વલા મા ખલકલ્લાહુકલમ... જ્યારે બીજી હદીષમાં આવે છે : અવ્વલા મા ખલકલ્લાહા નૂરી. આ બન્ને હદીષો એ પ્રકારે જમા કરવામાં આવી કે 'કલમ' અને 'નૂર' બંનેથી હકીકતે-મુહમ્મદિયહ મુરાદ છે.

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને એટલા માટે 'કલમ' કહેવામાં આવે છે કે જેમ લખાણ પહેલાં કલમ હોય છે એવી જ રીતે સૃષ્ટિના સર્જન પહેલાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હતા. જેમ અલ્લાહની કલમનું લખાણ કોઈ બદલાવી શકતું નથી એવી જ રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ફરમાન કોઈ બદલાવી શકતું નથી. સારાંશ કે હુઝૂરે રાનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અલ્લાહની કલમ છે.

અમુકે ફરમાવ્યું કે 'નૂન' નો અર્થ આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર હોઠ એવો થાય છે. જેવી રીતે કલમ શાહીની સહાય વડે લખે છે એવી રીતે હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની મુબારક ઝુબાન પવિત્ર હોઠની સહાય વડે વાત ફરમાવે છે. અમુક શબ્દો મુબારક ઝુબાનથી અદા થાય છે અને અમુક પવિત્ર હોઠ વડે - પરંતુ આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દરેક બોલ અલ્લાહની વહી છે. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક ઝુબાન અને હોઠ 'કુન' ની કુંજી છે.

અત્રે એ ધ્યાનમાં રહે કે 'નૂન' તથા ઈન્સાનના હોઠ અને શાહીનો ખડીયો એ ત્રણેય હમશિકલ છે. આથી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના હોઠ અને મુખ મુબારક રહમાનનો ખડિયો, હુઝૂરે પુરનૂરની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક ઝુબાન સમસ્ત જગતના સર્જનહારની કલમ અને હુઝૂરે અકદસ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નો કલામ રબનું ફરમાન છે. *(રૂહુલ બયાન)*

**વમાયસ્તોરૂન :** એની કસમ, જે તેઓ લખે છે. કોણ લખે છે ? એનો અર્થ યા તો દીની ઈલ્મો લખનારા સામાન્ય માણસો થાય છે. અર્થાત; હે પ્યારા ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપની ઝુબાનની કસમ. આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક મુખની કસમ અને આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ પ્યારા કલામની કસમ, જે મુસલમાનો કયામત સુધી લખતા-વાચતા રહેશે. એ કલામ ઉપર કુરબાન.

બાદશાહોએ પોતાનાં નામ સોના-ચાંદીના સિક્કાઓ ઉપર લખાવ્યાં. પરંતુ એ શહિન્શાહની કેવી શાન છે કે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અરબના રણપ્રદેશમાં મીઠા બોલ સંભળાવતા રહ્યા, પણ એ બોલને નં હવા ઊડાવી શકી, ન સમય મિટાવી શક્યો. દુનિયાની કોઈ પણ શક્તિ એને મિટાવી શકી નહિ. આયતના આ ભાગનો 'ફરિશ્તાઓનું લખાણ' એવો ભાવાર્થ પણ કરી શકાય છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર આ'માલ લખે છે. સારાંશકે, એમાં દરેક રીતે હુઝૂર પુરનૂરની ના'ત શરીફ બયાન કરવામાં આવી છે.

આગળ ઉપર ઈરશાદ થાય કે હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપના રબના ફઝલથી 'મજનૂન' નથી. 'મજનૂન' નો અર્થ

'દીવાના' અથવા 'છુપાયેલા' છે. પહેલો અર્થ તો તદન સ્પષ્ટ છે. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર દીવાનગી કદી પણ છાઈ શકતી નથી. કેમકે અમ્બિયાએ કિરામ અલયહિમુસ્સલામની બુધ્ધિ સમસ્ત જગત કરતાં વધારે છે અને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બુધ્ધિ તો બધા જ નબીઓ કરતાં ઉત્તમ છે. જો રાજાનો વઝીર દીવાનો થઈ જાય તો દેશની વ્યવસ્થા બગડી જાય. જો ખુદાના નબી ઉપર દીવાનગી છાઈ જાય તો આ જગત ક્યાંથી સલામત રહે ?-

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સાથે તો ખુદ રબતઆલા પણ કલામ ફરમાવે છે અને એના ફરિશ્તા, જિન્ન અને ઈન્સાન તેમ જ જાનવરો અને વનસ્પતિ સુધ્ધાં અરજ-વિનંતિ કરે છે. આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરિશ્તાઓની ફરિયાદો સાંભળનાર અને ઈન્સાનોની આશાનું કેન્દ્ર છે. મખ્લૂક આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ભણી આશાભરી મીટ માંડે - ખાલિક આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઉપર દયાભરી દૃષ્ટિ રાખે.

**આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ રબની રહમતો વિશ્વ સુધી પહોંચાડે અને દુનિયાની હાજતો ખાલિક સમક્ષ રજૂ કરે- જે મહાન ઝાત ઉપર આટલી બધી જવાબદારીઓ હોય એને દીવાનગી સાથે શો સંબંધ ?-**

જો 'મજનૂન' નો અર્થ 'છૂપાયેલો' કરવાનો હોય તો એનો મતલબ એ થયો કે હે મેહબૂબ ! (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આપ છુપાયેલા નથી. અર્થાત; આપનાથી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઈ ગયબ (ગુપ્ત રહસ્ય), આગળ-પાછળના બનાવો, વિશ્વનું રજેરજ ને કણેકણ, કશું પણ છૂપું નથી.

આનો બીજો અર્થ એ કરી શકાય કે રબતઆલા આપનાથી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) છૂપો નથી યા એ કે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) વિશ્વથી છૂપા નથી. આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુસલમાનો જાણે. કાફિરો પિછાણે. બલ્કે ચાંદ, સૂરજ, ઝાડપાન-અર્શી-ફર્શી : ધરતી ને ગગનવાળા : બધા જ જાણેપિછાણે છે.

'અજર' અને 'મમ્નૂન' : 'અજર' નો અર્થ યા તો શફાઅત છે અને 'મમ્નૂન' નો અર્થ 'અનંત' (રૂહુલ બયાન). અર્થાત; આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શફાઅત અનંત છે- કદી પણ અંત પામનાર નથી. વિશ્વના સર્જન પહેલાંથી વિશ્વના વિસર્જન સુધી આપના તુફલયથી જ બધાની મુસીબતો દૂર થઈને દૂર થશે.

હઝરત આદમ અલયહિસ્સલામની તૌબા આપના તુફલયથી કબૂલ થઈ. નૂહ (અલયહિસ્સલામ) ની કશ્તી આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જ તુફલયથી પાર ઉતરી. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જ બરકતથી હઝરત ખલીલુલ્લાહ અલહિસ્સલામ પર આગ ગુલ્ઝાર બની. આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જ તુફલયથી હઝરત ઈસ્માઈલ અને હઝરત અબ્દુલ્લાહની જાન બચી. હજુ પણ આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સદકા ને તુફલયથી દુનિયા પર રહમતો ઊતરી રહી છે અને બલાઓ ટળી રહી છે. 'નઝઅ' ને સમયે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ જ કામ આવે છે. કબ્રમાં આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રહમત પર જ મૈયતની કામિયાબી રહેલી છે. હશ્રમાં શફાઅતનો સહેરો આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક શિરે જ છે. જન્નતમાં આપના (સલ્લલ્લાહો અલયહે વ

**સલ્લમ) જ મુબારક નામની ધૂમધામ છે. દોઝખમાં પણ ગુનેહગાર મુસલમાનો પર આપના કારણે જ અઝાબ થતો અટકાશે. સારાંશ કે, આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દુલ્હા છે અને સમસ્ત વિશ્વ બરાતી.**

યા 'અજર' નો અર્થ સવાબ અને 'મમ્નૂન' નો અર્થ 'બંધ કરેલો' થાય છે. અર્થાત; હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આપનો સવાબ ક્યારે ય બંધ થશે નહિ. આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઉમ્મત અને એની નેકીઓ કયામત સુધી રહેશે, જે સવાબ સેંકડો ગણો થઈને આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મળતો રહેશે.

યા 'અજર'નો અર્થ છે 'સવાબ' અને 'મમ્નૂન'નો અર્થ 'એહસાન'. એટલે કે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ), આપના સવાબમાં કોઈ બંદાનો એહસાન નથી, કેમકે અન્યોને ઈલ્મ, ઈમાન, રોઝી, ઇઝઝત, ઔલાદ વગેરે કોઈને પ્રતાપે મળે છે અને એ કોઈ ને કોઈના આભારના ભાર તળે દબાયેલા હોય છે-પરંતુ વિશ્વભરમાં એક આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મહાન મુબારક ઝાત જ એવી છે, જેને પ્રતાપે સૌને ખુદાની દૌલત મળે છે. સૌ આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હાજતમંદ છે, આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબ સિવાય કોઈના હાજતમંદ નથી. આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સૌ કોઈ ઉપર એહસાન છે, કોઈનો આપના ઉપર એહસાન નથી.

લોકો કહે છે કે હઝરત હલીમાએ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું પાલનપોષણ કર્યુ - પણ રબતઆલાની કસમ-હઝરત હલીમાનું હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાલન-પોષણ કર્યું આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તશરીફ લાવ્યા એટલે હઝરત હલીમાના દિવસ ફરી ગયા- ભૂખ ભાંગી ગઈ.

**બની સાઅદકા દશ્ત રશ્કે ચમન હય,**
**ગુલે - હાશમી ચુનકે લાઈ હલીમા.**

અમુક સૂફિયાએ કિરામ ફરમાવે છે કે - હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નો **'અજર'** હક્તઆલાની ઝાત છે.

અહીં હુઝૂર રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ફઝાઈલ બયાન કરી આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખુશ કરવામાં આવ્યા. હવે એ બદબખ્ત અભાગીયાઓ ઉપર અલ્લાહનો કોપ ઊતરી રહ્યો છે, જેઓએ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ દીવાના (એમનાં મોંમાં ધૂળ) હોવાની ગંદી વાત બકી હતી. એ અભાગી લોકોની ઢગલાબંધ બુરાઈઓનું વર્ણન કર્યા પછી, એમના સરદાર વલીદ ઈબ્ને અકબહ (મુગીરહ)નાં દસ દુર્ગુણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

(અર્થાત) હે નબી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! એનું ન સાંભળો, જેના પોતાનામાં દસ દુર્ગુણ છે : **એ ખોટી કસમો ખાનારો છે; ઝલીલ છે; ટોણાં મારનારો છે; નિંદા કરનાર ચુગલખોર છે, ભલાઈથી અટકાવતો ફરે છે, હદ ઓળંગી ગયેલો છે; સખ્ત ગુનેહગાર છે; ચારિત્ર્યહિન છે; અને એની સૌથી મોટી બુરાઈ તો એ છે કે એ હરામનું બાળક છે. અમે (અલ્લાહ તઆલા) એની થોથણી (સુવ્વરનું મોં) ઉપર ડાઘ લગાડીશું.** (કુર્આન શરીફ)

વલીદ આ સાંભળીને ઉઘાડી તલ્વાર સાથે દોડતો પોતાની મા પાસે પહોંચ્યો અને પૂછ્યું, 'મુહમ્મદે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મારાં દસ દુર્ગુણો વર્ણવ્યા છે. એમાંના નવને તો હું જાણું છું- અને એ બરાબર મારામાં છે. પણ એક દુર્ગુણની મને ખબર નથી. એની ખબર તને છે. બતાવ મારી મા, હું હરામી છું કે હલાલી? - સાચેસાચું કહેજે- કેમકે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કદી જૂઠ બોલતા નથી જો તું ખોટું બોલશે તો હું આ નગ્ન તલ્વાર વડે તારૂં માથું ઊડાવી દઈશ.

વલીદની માએ જણાવ્યું, 'મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સત્ય ફરમાવે છે. તારો પિતા અકબહ નામર્દ હતો- પણ એની પાસે અઢળક ધનદોલત હોવાથી, મેં વિચાર્યું કે જો મને ઔલાદ ન થઈ તો એ બધો માલ પારકાં લોકો પડાવી જશે-એટલે મેં એક ભરવાડ પાસે વ્યભિચાર (ઝિના) કરાવ્યો, તું એનો જ નુત્ફો છે; (રૂહુલ બયાન)

**આ ઉપરથી જાણવા મળ્યું કે આકાએ દોજહાં સરવરે કાએનાત સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તવહીન- બદગોઈ કરવી કે આપના વિશે કંઈ પણ બુરૂં બોલવું એ હરામઝાદાઓનું કૃત્ય છે.**

★ *હમારે દર્દે જીગર કી કોઈ દવા ન કરે,*
*કમી હો ઈશ્કે નબી મેં કભી ખુદા ન કરે.*

★ *રૂખે નબી સે હય ફિર લાક જિંદગી ગુલ કો,*
*ખુદા કિસી કો બસ ઈત્ના ભી ના–સઝા ન કરે.*

★ *ઈશારા કર દેં અગર વો કમાને અબરૂ કા,*
*હમારા તીરે દુઆ, ફિર કભી ખતા ન કરે.*

★ *કદે નબી કે સિવા કુછ હમેં નહીં ભાતા,*
*હમારે આગે કોઈ ઝિક્રે સરોકા ન કરે.*

★ *હમારે દેખે હૂએ હંય મદીને કે ઝર્રે,*
*સુના દો મહેર કો, અબ દા'વ–એ–ઝિયા ન કરે.*

★ *નહીં મેં રોતા હૂં, કુછ યાદે બાગો–ગુલશન મેં,*
*હમારે રોને પે, એ ગુલ, કોઈ હંસા ન કરે.*

★ *ખિલેગા ગુન્ચ–એ–દિલ, ગુલ કી બાદે સમન સે,*
*હઝાર બાર અર્ક રેઝીયાં સબા ન કરે.*

★ *યે દિલ કો ભાયા ગુલ, ઝખ્મ ઈશ્ક કા લિખા,*
*હઝાર ફૂલે ચમન, કસ્દે ઈન્તેહા ન કરે.*

★ *'રઝા' એ નામા સિયાહ કા, કહાં ઠિકાના હય,*
*શફાઅત ઉસ કી જો મેહશર મેં મુસ્તફા ન કરે.*

آیت ۸۶ : اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ۝ (پارہ۲۹، سورۂ القلم، رکوع۱)

<u>આયત : ८६</u> **અને બેશક આપની ખૂ-બૂ (મુબારક આદતો) મોટી શાનવાળી છે.**

*(પારહ : ૨૯ : સૂરએ અલકલમ; રૂકૂઅ-૧)*

આ આયતે-કરીમા પણ અંતિમ નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સ્પષ્ટ ના'ત વર્ણવી રહી છે. એમાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર સદાચાર અને નિર્મળ ચારિત્ર્યને 'મહાન' ફરમાવવામાં આવ્યાં છે. ''ખુલુકો'' અરબી ભાષામાં ''આદત'' ને કહે છે-જેના લીધે સારાં કામ ખુદબખુદ થાય, અને એ કરવા માટે કશી તકલીફ ન કરવી પડે એવી આદત.

આથી જાણવા મળ્યું કે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જેટલાં ઉમ્દાં ને આ'લા કામ અંજામ આપે છે એ આપની મુબારક આદત છે. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં કાર્યોને ''મહાન'' ફરમાવીને બતાવી દેવામાં આવ્યું કે- જો કોઈ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના સદગુણો અને સદાચારની ગણતરી કરવા ઈચ્છે, તો એ તેમ કરી શકે જ નહિ. કેમકે દુનિયાની નેઅમતો ઘણી થોડી સંખ્યામાં હોવા છતાં કોઈ એની ગણતરી કરી શકતું નથી, ત્યારે જેમને ખુદ પરવરદિગારે આલમ 'અઝીમ'- 'મહાન' ફરમાવી દે એમની નેઅમતોની ગણતરી તો ભલા કરી જ કોણ શકે ? -

મજકૂર આયતની તફસીર કરતાં 'રૂહુલ બયાન' ના કર્તાએ લખ્યું છે કે - અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને હઝરત નૂહનો શુક્ર, હઝરત મૂસાનો ઈખ્લાસ, હઝરત ઈસ્માઈલનું સત્ય, હઝરત યા'કૂબ અને હઝરત અય્યૂબનું સબ્ર, હઝરત સુલેમાન અને હઝરત ઈસાની તવાઝોઅ ઉપરાંત તમામ અમ્બિયા અલયહિમુસ્સલામના અખ્લાક એકસામટા અતા **કરવામાં આવ્યાં છે. એટલા સારૂ ફરમાવવામાં આવ્યું કે (અર્થાત) : 'આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ બધાને માર્ગે ચાલો.'** આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **તમામ અમ્બિયા અલયહિમુસ્સલામના ગુણોના સંગ્રાહક ઠર્યા.**

હઝરત આઈશા-સિદ્દીકા રદિયલ્લાહો તઆલા અન્હાને કો'કે પૂછ્યું, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું 'ખુલ્ક' શું હતું ?- આપે ફરમાવ્યું. 'કુરઆન'. આના બે અર્થો છે. કુરઆન ઉપર અમલ એ જ આપનું (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પવિત્ર જીવન હતું. **એટલા માટે અમુક હઝરતો ફરમાવે છે કે જે શખ્સ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના દીદારની તમન્ના કરે, એ કુરઆન મજીદને જુએ, કેમકે કુરઆને મજીદ હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર જીવનની ખામોશ તસ્વીર છે.** હઝરત સિદ્દીકા રદિયલ્લાહો તઆલા અન્હાના કથનનો બીજો અર્થ એવો પણ થઈ શકે છે કે જેવી રીતે કુરઆને કરીમ એવો મહાસાગર છે, જેનો કોઈ કિનારો નથી, એવી રીતે સાહિબે-કુરઆન હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના અખ્લાકની કંઈ સીમા નથી.

**'રૂહુલ બયાને'** ફરમાવ્યું કે અમુક હઝરતોના **કથન અનુસાર,** હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના અખ્લાક આ છે : રબને અખત્યાર કરવો અને મખલૂકથી કિનારાકશી

ફરમાવવી. એ જ પ્રમાણે, 'રૂહુલ બયાન' માં આ જ જગ્યાએ છે કે, મેઅરાજ શરીફમાં રબ્બુલ - આલમીને રહમતુલ- લિલઆલમીન (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને કુંજીઓ પેશ ફરમાવી; પણ આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કબૂલ ન કરી. તમામ ફરિશ્તાઓ, જન્નત અને ત્યાંની નેઅમતો દેખાડવામાં આવ્યાં- પરંતુ એ તરફ તવજ્જોહ ન ફરમાવી, બલ્કે રબને કબૂલ કર્યા. એટલા માટે પરવરદિગારે ફરમાવ્યું : (અર્થાત) : **મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક નજર પોતાના રબ તરફથી બીજી તરફ ખસી નહિ.**

હદીષે - પાકમાં ઇરશાદ થયો કે મુસલમાનોએ સારા અને પવિત્ર અખ્લાક અખત્યાર કરવા જોઈએ, કેમકે એ જન્નતીની નિશાની છે, બદઅખ્લાકીથી બચવું જોઈએ, કેમકે એ જહન્નમમાં લઈ જનારી ચીજ છે. હવે આપણા અખ્લાક કેવા હોવા જોઈએ, કેમકે એ જહન્નમમાં લઈ જનારી ચીજ છે. **હવે આપણા અખ્લાક કેવા હોવા જોઈએ એ માત્ર બે શબ્દોમાં કહી શકાય છે. મુસલમાનો ઉપર મહેરબાન અને કાફિરો ઉપર સખ્ત બનો. જો કોઈ તમારૂં અંગત નુકસાન કરી નાખે તો એને માફ કરી દો- પણ જો એ દીનનું નુકસાન કરવા માગે તો એની પાછળ પડી જાઓ.**

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તાઈફમાં તબ્લીગ ફરમાવવા તશરીફ લઈ ગયા. ત્યાંના લોકોએ ઘણી ગુસ્તાખીઓ કરી- તે એટલે સુધી કે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જખ્મી કરી દીધા. હઝરત જિબ્રીલે-અમીને (અલયહિસ્સલામ) આવીને અર્ઝ કરી કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દુઆ ફરમાવે, તો પલકવારમાં જ આ લોકોનો નાશ કરી નાખવામાં આવે. આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું, 'હે અલ્લાહ ! આ પથ્થર વરસાવનારાઓ ઉપર રહમતનાં ફૂલ વરસાવ.

હઝરત જિબ્રીલે (અલયહિસ્સલામ) અર્ઝ કરી, 'હે અલ્લાહના હબીબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આ લોકો તો ઈમાન નહિ લાવે.' હુઝૂરે અનવરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું; એમની ઔલાદ ઈમાન લઈ આવે એની આશા તો રાખી શકાય છે !'

**આ તો અંગત મામલામાં રહમ અને કરમના દાખલા છે.** પણ એક વાર એક ઔરતે ચોરી કરી - હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એના હાથ કાપી નાખવાનો હુકમ ફરમાવ્યો. લોકોએ એને માફી આપવા દરખાસ્ત કરી. હુઝૂર પુરનૂરે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું, **''આ ખુદાઈ સજા છે.-માફ થઈ શકે તેમ નથી.'**

**આ છે મુહમ્મદી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અખ્લાક. આજે મુસલમાનો એટલું સમજી લે કે બદમહબો પ્રત્યે નમ્રતા બતાવવી જોઈએ નહિ અને મુસલમાનો પ્રત્યે દુશ્મની રાખવી જોઈએ નહિ. સાંપને મારી નાખવો અને ખેતરમાંથી ખસલું (ઘાસ) વાઢી નાખવું જ બેહતર છે.** ***(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).***

**★ દો જહાં કા બોઝ ★**

*★ તેરે હી દામન પે, હર આસી કી પડતી હય નઝર,*
*એક જાને બે-ખતા પર, દો જહાં કા બાર હય.*

*(અઝ:- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۸۷ : عَالِمُ الْغَیْبِ فَلَا یُظْهِرُ عَلٰی غَیْبِهٖۤ اَحَدًا ۙ اِلَّا مَنِ ارْتَضٰی مِنْ رَّسُوْلٍ

(پارہ ۲۹ ۔ سورۂ جن ۔ رکوع ۲)

**<u>આયત : ૮૭</u> ગયબનો જાણનાર છે. પોતાના ગયબ ઉપર કોઈને કબજો નથી દેતો, સિવાય પોતાના પ્રિય રસૂલના.**

*(પા. ૨૯; સૂરએ જિન્ન, રૂકૂઅ - ૨)*

આ આયતે કરીમા પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પવિત્ર ના'ત શરીફ છે અને તે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઈલ્મે ગયબને જાહેર ફરમાવી રહી છે. એમાં ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે કે પરવરદિગારે આલમ ગયબનો જ્ઞાની છે અને પોતાના ખાસ પયગમ્બર સિવાય અન્ય કોઈને-કબજો નથી દેતો.

**આ આયતમાં બે ચીજો ખાસ છે. એક ચીજ ખુદાનું ખાસ ગયબ અને બીજી કબજો દેવો.**

**ગયબ એને કહે છે, જે આંખ, કાન, નાક વગેરે ઈન્દ્રિયો વડે જાણી શકાતું ન હોય અને બુધ્ધિમાં તરત ઊતરી શકતું ન હોય, જેમકે જન્નત, દોઝખ વગેરે.**

હવે આપણા માટે લાહોર અને ઢાકા; મુંબઈ અને કલકત્તા વગેરેનું ઈલ્મ ઈલ્મે ગયબ નથી રહેવા પામ્યું, કેમકે આપણે એ શહેરોને જોવા ઈચ્છીએ તો આજે પણ જોઈ શકીએ છીએ. વળી આપણે હજારો માણસો પાસેથી એ શહેરોનું અસ્તિત્વ હોવાનું જાણી ચૂક્યા છીએ-આથી એને 'ગયબ' કહી શકાય નહિ.

**'ગયબ' બે પ્રકારનું છે. એક ગયબ એ, જે દલીલ વગેરેથી માલૂમ કરી શકાય, જેવું કે ખુદાની સિફતો અને ખુદાપાકનું અસ્તિત્વ. બીજું ગયબ એ, જે દલીલ વગેરેથી પણ માલૂમ કરી શકાય નહિ.**

પહેલા પ્રકારનું ગયબ તો રસૂલો સિવાય બીજાઓને પણ અતા થઈ જાય છે, જેવું કે કુરઆનમાં ફરમાવવામાં આવ્યું : યુઅમેનૂન બિલ્ગયબે. જ્યારે બીજા પ્રકારનું ગયબ એ ખુદાનું ગયબ છે, જેવું કે ફરમાવવામાં આવ્યું : ગયબેહી. આ 'ગયબ' રસૂલ સિવાય બીજા કોઈને મળી **શકતું નથી. હા જેને રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાના કરમથી બતાવી દે એને હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઝરિયાથી મળશે.**

આ આયતનો પણ એ જ અર્થ છે કે પરવરદિગારે - આલમ પોતાનું 'ગયબ' પોતાના ખાસ રસૂલ સિવાય કોઈના કબ્જામાં નથી દેતો. આ આયતથી માલૂમ થાય છે કે હુઝૂરે અનવર **સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને રબતઆલાએ ખાસ પોતાનું 'ગયબ' અતા ફરમાવ્યું.**

(તફસીરે કબીર; તફસીરે બયઝાવી; રૂહુલ બયાન)

**જે આયતોમાં ખુદા સિવાય બીજું કોઈ ગયબ નથી જાણતું એવો જે ઉલ્લેખ છે એનો એવો અર્થ છે કે હકીકી અને ઝાતી ઈલ્મ ખુદાપાકને જ છે. ઈન્કાર છે 'ઝાતી' નો અને સુબૂત છે અતાઈ ઈલ્મનું.** કુરઆનમાં આવે છે. (અર્થાત) **''સર્વ ઈઝઝતો અલ્લાહના માટે છે.''** પછી ઈરશાદ થાય છે : (અર્થાત) : **''ઈઝઝત અલ્લાહની છે અને રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની અને મુસલમાનોની''**, વળી એક બીજી જગ્યાએ ઈરશાદ થયો : (અર્થાત) **''જ્યારે**

કોઈ પતિ અને પત્ની વચ્ચે ઝઘડો પડે, ત્યારે એક પંચ સ્ત્રી તરફથી અને બીજું પંચ પુરૂષ તરફથી મોકલો.''

હવે આ આયતનો અર્થ સ્પષ્ટ થઈ ગયો કે હકીકી ઈઝઝત અને હકીકી હુકૂમત તો માત્ર અલ્લાહની જ છે, પરંતુ ખુદાએ અતા કરવાથી મુસલમાનોને ઈઝઝત પણ મળી અને હુકૂમત પણ મળી છે. એવું જ ઈલ્મે ગયબનું છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કેટલું ઈલ્મે-ગયબ આપવામાં આવ્યું એ તો આપનાર રબ અને લેનાર મેહબૂબ જ જાણે છે. 'લૌહે-મેહફૂઝ' માં સર્વ 'મા કાના વમા યકૂન' નું ઈલ્મ છે, પણ લૌહે-મેહફૂઝ અમારા-તમારા આકા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઈલ્મના સમુદ્રનું એક બિંદુ છે.

હા. રિવાયતો પરથી એટલું જરૂર જાણવા મળે છે કે વિશ્વના સર્જન પહેલાંથી માંડીને કયામત સુધીનું રજેરજનું ઈલ્મ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને આપવામાં આવ્યું છે. અર્શથી લઈને તે ફર્શ સુધીની સઘળી ચીજો આંહઝરત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને બતાવી દેવામાં આવી. જો કોઈ પંખીડું પર પણ ફફડાવે છે તો હુઝૂરે પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને એની ય ખબર પડી જાય છે; એનું યે ઈલ્મ થઈ જાય છે.

આ આયત પરથી એક બીજી વાત એ જાણવા મળી કે ખુદાતઆલાનું ઈલ્મે-ગયબ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કબજામાં દઈ દેવામાં આવ્યું છે. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અગર કોઈના પર તવજ્જોહ : કરમની દૃષ્ટિ : ફરમાવી દે તો એને પણ ફર્શથી અર્શ સુધીનું સઘળું રોશન થઈ જાય. હુઝૂર ગૌષે આઝમ રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે :

(અર્થાત) : ''અલ્લાહનાં તમામ શહેરોને એવાં જોયાં, જેમ, થોડાંક રાઈનાં દાણાં આપસમાં ભળી ગયાં હોય.''

સારાંશકે, મજકૂર આયત પરથી માલૂમ પડયું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો દરેક ગુણ (સિફત) મહાન છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ)*

**''સાય-એ-નબી''**

★ *મઅદૂમ ન થા, સાય—એ—ષકલૈન,*
*ઉસ નૂર કી જલ્વા ગાહ થી ઝાતે હસનૈન,*
*તમષીલ ને ઉસ સાયે કે દો હિસ્સે કિયે,*
*આધે સે હસન બને હંય, આધે સે હુસૈન.*

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

★ *વો હસને મુજતબા સય્યેદુલ અસખિયા,*
*રાકિબે દોશે ઈઝઝત પે લાખોં સલામ.*
*ઉસ શહીદે બલા શાહે ગુલ ગૂં કુંબા,*
*બેકસે દશ્તે ગુર્બત પે લાખોં સલામ.*

*(અઝઃ- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۸۸ : يٰۤاَيُّهَا الْمُزَّمِّلُ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۙ

(پارہ ۲۹، سورۃ مزمل، رکوع ۱)

**આયત : ૮૮ હે કપડામાં વિંટળાનાર (ચાદરના ઓઢનાર)** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **રાતમાં કયામ ફરમાવો સિવાય કૈંક રાતના.**

*(પારહ ૨૯ : સૂરએ મુઝમ્મિલ : રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમા પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. એમાં અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અને આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તુફયલથી આખી ઉમ્મતને તહજ્જુદની નમાઝ પઢવા અને કુરઆને કરીમની તિલાવત કરવાનો હુકમ અપાઈ રહ્યો છે. પણ આ સંબોધન પુરલુત્ફ છે. ફરમાવવામાં આવ્યું કે હે કપડામાં વિંટળાનારા મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આથી જાણવા મળ્યું કે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની હરેક અદા પ્યારી છે.

આ મુબારક આયતના શાને-નુઝૂલ અંગે મુફસ્સિરોનાં અમુક કથનો છે. એક તો, વહીના જમાનાની શરૂઆતમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કલામે-ઈલાહીની હયબતથી પોતાના કપડામાં વિંટળાઈ જતા હતા એ હાલતમાં આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આ સાદ કરવામાં આવ્યો.

એક કથન એવું છે કે હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ એક દિવસ ચાદર શરીફ વિંટાળી આરામ ફરમાવી રહ્યા હતા, એવી હાલતમાં આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આ દિવ્ય સાદ સંભળાયો હતો. કેટલાક આ આયતથી 'નબૂવ્વતની ચાદરમાં વિંટળાયેલા' મુરાદ લે છે.

**''રૂહુલ બયાન'' માં મજકૂર આયતની તફસીરમાં ફરમાવવામાં આવ્યું છે કે - રાતના સમયે અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ચાદર ઓઢીને આરામ ફરમાવી રહ્યા હતા, ત્યારે રબ્બુલ આલમીને એવી ઉત્સુકતા બતાવી કે આ સમયે અમારા મેહબૂબ અમારી સાથે મુનાજાત અને રાઝો-નિયાઝની વાતો કરે. આથી એવો સાદ કરીને એણે આપને જગાડયા, કે હે આરામ ફરમાવનારા મેહબૂબ ! સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અત્યારે અમારી સાથે વાતો કરો - તાત્પર્ય કે ગમે તેવું સ્પષ્ટિકરણ કરવામાં આવે, પણ એમાં મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાને - મેહબૂબી સુંદર રીતે જાહેર થાય છે.**

મસ્અલા : તહજ્જુદની નમાઝ ઈસ્લામના આરંભકાળમાં વાજિબ અને કેટલાકના કથન પ્રમાણે ફર્ઝ હતી, પાછળથી એનું 'વજૂબ' મન્સૂખ થઈ ગયું. એ જ આયત વડે મન્સૂખ થયું, જે આ જ સૂરહમાં આગળ અપાયેલી છે. (તફસીર ખઝાઈનુલ ઈરફાન અને તફસીરે અહમદી)

**હવે તહજ્જુદની નમાઝ સુન્નતે મોઅક્કેદાહ અલલ કિફાયા છે. જો બસ્તીમાં એકે પણ પઢી લીધી તો બધાને છુટકારો મળી જશે. પણ જો કોઈએ પણ ન પઢી તો બધા સુન્નતને તર્ક કરનારા થઈ જશે.**

મસ્અલા : નમાઝે-તહજ્જુદનો સમય મુસલમાન ઈશાની નમાઝ પઢયા પછી થોડુંક સૂતા પછી જાગે ત્યારે થઈ જાય છે. જો કોઈ શખ્સ શરદીની મોસમમાં રાત્રે આઠ વાગે ઈશાની નમાઝ પઢીને સૂઈ ગયો અને નવ વાગે જાગી ઊઠ્યો તો એ એના માટે તહજ્જુદનો સમય થઈ જશે. પણ જો કોઈ શખ્સ આખી રાત ન સૂવે તો એના માટે તહજ્જૂદનો સમય નહિ આવે, કેમકે તહજ્જુદમાં સૂઈ ગયા પછી જાગવું જરૂરી છે. તહજ્જુદનો મુસ્તહબ વખત રાતનો આખરી છઠ્ઠો ભાગ છે અને એની રકાતો ઓછામાં ઓછી બે અને વધુમાં વધુ બાર છે. એમાં દરેક રકાતમાં ત્રણ વખત કુલહોવલ્લાહ પઢવામાં આવે તો દરેક રકાતમાં એક કુરઆનનો સવાબ મળશે.

★ *વસ્ફે રૂખ ઉનકા કિયા કરતે હંય શરહે વશ્શમ્સો-દુહા કરતે હંય,*
*ઉન્કી હમ મદહો-સના કરતે હંય જિન કો મેહમૂદ કહા કરતે હંય.*

★ *તૂં હય ખુરશીદે રિસાલત પ્યારે છુપ ગએ તેરી ઝિયા મેં તારે,*
*અંબિયા ઔર ઔલિયા હંય સબ માહ પારે તુઝ સે હી નૂર લિયા કરતે હંય.*

★ *અપને મૌલા કી હય બસ શાને અઝીમ જાનવર ભી કરેં જિન કી તઅઝીમ,*
*સંગ કરતે હંય અદબ સે તસ્લીમ પેડ સજદે મેં ગિરા કરતે હંય.*

★ *રફઅતે ઝિક્ર હય તેરા હિસ્સા દોનોં આલમ મેં હય તેરા ચર્ચા,*
*મુર્ગે ફિરદોસ પસ અઝ હમ્દે ખુદા તેરી હી મદહો સના કરતે હંય,*

★ *ઉંગલિયાં પાઈં વો પ્યારી પ્યારી જિન સે દરિયાએ કરમ હંય જારી,*
*જોશ પર આતી હય જબ ગમ ખ્વારી તિશ્ને સૈરાબ હુવા કરતે હંય.*

★ *હાં યહી કરતી હંય ચિડિયાં ફરિયાદ યહી સે ચાહતી હય હિરની દાદ,*
*ઈસી દર પે શુતરાને નાશાદ ગિલ્લ-એ-રંજો-ઈના કરતે હય.*

★ *જબ સબા આતી હય તયબા સે ઈધર ખિલખિલા પડતી હંય કલિયાં યકસર,*
*ફૂલ જામે સે નિકલકર બાહિર રૂખે રંગી કી સના કરતે હંય.*

★ *તૂં હય વો બાદશાહે કૌનો મકાં કે મલ્કે હફત ફલક કે હર આં,*
*તેરે મૌલા સે શહે અર્શે અયવાં તેરી દૌલત કી દુઆ કરતે હંય.*

★ *જિસ કે જલ્વે સે ઓહદ હય તાબાં મઅદને નૂર હય ઉસ કા દામાં,*
*હમ ભી ઉસ ચાંદ પે હો કર કુરબાં દિલે સંગીં કી જિલા કરતે હંય.*

★ *ક્યૂં ન ઝયબા હો તુઝે તાજવરી તેરે હી દમ કી સબ જલ્વાગરી,*
*મલકો-જિન્નો-બશર, હૂરો-પરી જાન સબ તુઝ પે ફિદા કરતે હંય.*

★ *લબ પે આ જાતા હય જબ નામે જનાબ, મુંહમેં ઘૂલ જાતા શહદે નાયાબ.*
*વજદ મેં હો કે હમ એ જાં બેતાબ, અપને લબ ચૂમ લિયા કરતે હંય.*

★ *અપને દિલ કા હય ઈન્હીં સે આરામ સોંપે હંય અપને ઈન્હીં કો સબ કામ,*
*લો લગી હય કે અબ ઈસ દર કે ગુલામ ચાર એ દર્દે 'રઝા' કરતે હય.*

آیت ۸۹ : اِنَّآ اَرْسَلْنَآ اِلَیْكُمْ رَسُوْلًا شَاهِدًا عَلَیْكُمْ كَمَآ اَرْسَلْنَآ اِلٰی فِرْعَوْنَ رَسُوْلًا ؕ

(پارہ ۲۹، سورۂ مزمل رکوع ۱)

**આયત : ૮૯ તેહકીક - અમે તમારા તરફ એક રસૂલ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **મોકલ્યા, કે તમારા પર હાઝિર અને નાઝિર છે, જેમકે અમે ફિરઓન તરફ રસૂલ મોકલ્યા.** *(પારહ ૨૯ : સૂરએ મુઝમ્મિલ : રૂકૂઅ-૧)*

આ આયતે-કરીમા પણ હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. એમાં કાફિરો અને મુસલમાનો બંનેને સંબોધવામાં આવી રહ્યા છે કે હે લોકો ! તમારામાં તશરીફ લઈ આવેલા પયગમ્બરો તમારાથી અને તમારી સ્થિતિથી અજાણ નથી. બલ્કે તમને અને તમારા ઈમાન અને કુફ્રને જાણે છે. તેઓ કયામત સુધીના તમામ લોકોની દરેકે દરેક જાતની સ્થિતિનું જ્ઞાન ધરાવે છે. એટલા માટે તેઓ તમારા બધા સંબંધે રબની બારગાહમાં સાક્ષી આપશે - અર્થાત : મોમિનના ઈમાન અને કાફિરના કુફ્રને જાહેર ફરમાવશે.

**આથી એક તરફ હુઝૂર રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું ઈલ્મે-ગયબ સાબિત થાય છે અને બીજી તરફ આપ દરેકે દરેક શખ્સની પાસે હાઝિર અને નાઝિર છે એવું પણ પુરવાર થઈ જાય છે.** કેમકે સાક્ષી દાર્શનિક-આંખેદીઠી- હોવી જોઈએ. એટલે જ્યારે કયામતમાં આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉમ્મત અમ્બિયાના હકમાં ગવાહી આપશે, ત્યારે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ આ ઉમ્મતની ગવાહી આપશે. (હાઝિર-નાઝિર વિશેની માહિતીજનક ચર્ચા "અલ્લાહના હબીબની શાન" સલ્લલ્લાહો અલયહે વ સલ્લમમાં અગાઉ સુંદર રીતે રજૂ થઈ ચૂકી છે તે વાંચી જવા ભલામણ છે).

★ *ગમ હો ગએ બેશુમાર આકા, બંદા તેરે નિષાર આકા.*
★ *બિગડા જાતા હય ખેલ મેરા, આકા, આકા, સંવાર આકા.*
★ *મઝધાર પે આકે નાવ ટૂટી, દે હાથ કે હું મૈં પાર આકા.*
★ *ટૂટી જાતી હય પીઠ મેરી, લિલ્લાહ ! યે બોઝ ઉતાર આકા.*
★ *હલકા હય અગર હમારા પલ્લા, ભારી હય તેરા વકાર આકા.*
★ *મજબૂર હંય હમ તો ફિક્ર ક્યા હય, તુમ કો તો હય ઈખ્તેયાર આકા.*
★ *મૈં દૂર હું તુમ તો હો મેરે પાસ, સુન લો મેરી પુકાર આકા.*
★ *મુઝ સા કોઈ ગમઝદા ન હોગા, તુમ સા નહીં ગમગુસાર આકા.*
★ *ગિરદાબ મેં પડ ગઈ હય કશ્તી, ડુબા ડુબા ઉતાર આકા.*
★ *ફિર મુંહ ન પડે કભી ખિઝાં કા, દે દે ઐસી બહાર આકા.*
★ *જિસ કી મરઝી ખુદા ન ટાલે, મેરા હય વો નામદાર આકા.*
★ *બે અબ્રો-કરમ કે મેરે ધબ્બે, લા-તગસેલોહુલ-બેહાર આકા.*
★ *અપની રહેમત 'રઝા' પે કર લો, લા-યકરબોહુલ-બવાર આકા.*

آیت ۹۰ : اِنَّ رَبَّكَ يَعْلَمُ اَنَّكَ تَقُوْمُ اَدْنٰى مِنْ ثُلُثَيِ الَّيْلِ وَنِصْفَهٗ

وَثُلُثَهٗ وَطَآئِفَةٌ مِّنَ الَّذِيْنَ مَعَكَ ؕ وَاللّٰهُ يُقَدِّرُ الَّيْلَ وَالنَّهَارَ ؕ عَلِمَ

اَنْ لَّنْ تُحْصُوْهُ فَتَابَ عَلَيْكُمْ فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ ؕ

**આયત : ૯૦ બેશક. તમારો રબ જાણે છે કે તમે કયામ કરો છો કયારેક બેતૃત્યાંશ રાતના લગભગ અને કયારેક અડધી રાત્રે, કયારેક રાતના ત્રીજા ભાગમાં અને એક જમાઅત તમારા સાથવાળી; અને અલ્લાહ રાત તથા દિવસનો અંદાજો ફરમાવે છે. એને માલૂમ છે કે હે મુસલમાનો ! તમે રાતની ગણતરી નહિ કરી શકો - તો એણે તમારા પર સ્પષ્ટ કર્યું હવે કુરઆનમાં જેટલું તમારા પર આસાન હોય તેટલું પઢો.** *(પારહ ૨૯ : સૂરએ મુઝમ્મિલ : રૂકૂઅ ૨)*

આ આયતે-કરીમા તો હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પ્રશંસાનાં મઘમઘતાં પુષ્પો વેરી રહી છે. એનું શાને-નુઝૂલ આ પ્રમાણે છે : મુસલમાનો પર તહજ્જુદની નમાઝ ફર્ઝ હતી એ સમયે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અને સહાબાએ-કિરામ લાંબા સમય સુધી ઊભા રહેતા અને આપના મુબારક પગો ઉપર સોજો ચઢી જતો તથા એમાંથી લોહી ફૂટી નીકળતું. આ હઝરતો એવા વિચારે લાંબા સમય સુધી ઊભા રહેતા કે વાજિબથી ઓછું અદા ન થવું જોઈએ, બલ્કે થોડુંક વધારે જ થાય તો બેહતર. એ જમાનામાં ઘડિયાળ નહોતી તેથી મુસલમાનો રાત કેટલી વીતી ગઈ એનું ખરૂં અનુમાન કરી શકતા નહોતા. એટલે કેટલીકવાર તો સવાર પડી જતી.

એક વરસ સુધી આ ફર્ઝિયતનો હુકમ રહ્યા પછી મજકૂર આયત ઊતરી, જેણે તહજ્જુદની ફર્ઝિયત મન્સૂખ કરી દીધી. એ મન્સૂખ થવા પાછળ કયું કારણ રહેલું હતું?- હુઝૂર સરકારે દો આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અને આપના સહાબાએ કિરામને (રદિયલ્લાહો તઆલા અન્હુમ અજમઈન) પડતી તકલીફ !

આથી જાણવા મળ્યું કે અલ્લાહતઆલાને પોતાના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પ્રસન્ન રાખવાનું એટલી હદે મંજૂર છે કે એ માટે એહકામ સુધ્ધાંમાં લિહાઝ ફરમાવવામાં આવ્યો. તહજ્જુદની અસ્લ નમાઝ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર હંમેશા ફર્ઝ રહી, પરંતુ રાતના કયામમાં કશું બંધન રહ્યું નહિ. અડધી રાત કે રાતના ત્રીજા ભાગમાં કયામ ફરમાવો એવું રહ્યું નહિ. પરંતુ જેટલી ઇચ્છા હોય તેટલો કયામ ફરમાવે એવી છૂટ આપવામાં આવી. અલબત્ત, ઉમ્મત માટે 'વજૂબ' (વાજિબ) રહ્યું નહિ.

મસ્અલા : 'શબીના' પઢવું - એટલે તહજ્જુદ યા તરાવીહમાં એક રાતમાં આખું કુરઆન ખત્મ કરવું જો પઢનાર ઉપર બોજારૂપ ન થઈ પડતું હોય તો જાઈઝ છે.

'રૂહુલ બયાન'માં છે કે- ચાર ગૃહસ્થોએ એક રકાતમાં આખું કુરઆન ખત્મ ફરમાવ્યું છે : હઝરત ઉસમાન બિન અફફાન, તમીમ દારી, સઈદ ઈબ્ને જબીર અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હુમ અજમઈન. હમ્સા ઈબ્ને મન્હાલ એક માસમાં નેવું ખત્મ કરતા હતા અને અબુલહસન અલી ઈબ્ને અબદુલ્લાહે એક દિવસમાં ચાર ખત્મ કર્યા હતા.

તહાવી શરીફ, જિલ્દ અવ્વલમાં છે કે : હઝરત તમીમ દારી, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબયર, સઈદ ઈબ્ને જબીર, રદિયલ્લાહો તઆલા અન્હુમે એક રકાતમાં કુરઆન શરીફ ખત્મ કર્યું. ઘણે ભાગે "રદ્દુલ મોહતાર" ની પ્રસ્તાવનામાં છે કે હઝરત **ઈમામ અબૂ હનીફા રદિયલ્લાહો તઆલા અન્હો રમઝાન શરીફમાં ૬૧ કુરઆને કરીમ ખત્મ ફરમાવતા હતા.** ઈમામ નૂદી પોતાની કિતાબમાં ફરમાવે છે કે - સંખ્યાબંધ હઝરતોએ એક રકાતમાં કુરઆન ખત્મ કર્યું છે, જેમાં હઝરત ઉસ્માન બિન અફફાન રદિયલ્લાહો તઆલા અન્હો, હઝરત તમીમ દારી અને હઝરત સઈદ ઈબ્ને જબીરનો પણ સમાવેશ થાય છે.

ઉપર્યુક્ત તમામ દલીલોથી 'શબીના' સાબિત થાય છે. પણ શબીનામાં બે વાતો ખાસ લક્ષમાં રાખવી જોઈએ. એક તો એ કે શબીના પઢનાર સહીહ અને સાફ પઢે; હર્ફોને સાફ સાફ અદા કરે- ફક્ત યઅલમૂના-તઅલમૂન પઢનારો ન હોય. બીજી વાત એ કે સાંભળનારા પણ શૌકથી સાંભળે. એવું ન થવું જોઈએ કે લોકો બેઠાં બેઠાં ઊંઘી રહ્યા હોય અને રૂકૂઅનો વખત થાય કે તરત ઝબકી પડી ઝટ તકબીર કહીને શરીક થઈ જતા હોય ! આ બંને વાતોની મનાઈ છે. (જે હદીષમાં કુરઆન જલ્દી ખતમ કરવાની મનાઈ છે એનાથી આ જ મુરાદ છે. જે હઝરતોએ એક જ રાતમાં કુર્આન ખત્મ કર્યું છે તેઓ આટલી ઝડપ છતાં સમજીને કુર્આન પઢતા હતા.)

### "દર ખોલા હે જન્નત કા"

★ મુહમ્મદ મઝહરે કામિલ હય, હક કી શાનો ઈઝઝત કા,
નઝર આતા હય ઈસ કષરત મેં કુછ અંદાઝ વહ્દત કા

★ વહી હય અસ્લે આલમ, માદ–એ–ઈજાદ ખલ્કત કા,
યહાં વહ્દત મેં બર્પા હય, અજબ હંગામા કષરત કા.

★ ગદા ભી મુન્તઝીર હય, ખુલ્દ મેં નેકોં કી દઅવત કા,
ખુદા દિન ખૈર સે લાએ, સખી કે ઘર ઝિયાફત કા.

★ સફે માતમ ઉઠે ખાલી હો ઝિન્દાં તૂટે ઝન્જીરેં,
ગુનેહગારો ચલો, મૌલાને દર ખોલા હય જન્નત કા.

★ સિખાયા હય યે કિસ ગુસ્તાખ ને આઈને કો યા રબ,
નઝારા રૂએ જાનાં કા બહાના કર કે હયરત કા.

★ ઈધર ઉમ્મત કી હસરત પર, ઉધર ખાલિક કી રહમત પર,
નિરાલા તૌર હોગા, ગરદિશે ચશ્મે શફાઅત કા.

★ મદદ એ જોશિશે ગિર્યા, બહા દે કોહ ઔર સહેરા,
નઝર આ જાએ, જલ્વા બે–હિઝાબ ઉસ પાક તુર્બત કા.

★ જિન્હેં મરકદ મેં તા હશ્ર ઉમ્મતી કેહ કર પુકારોગે,
હમેં ભી યાદ કર લો ઉન મેં, સદકા અપની રહેમત કા.

★ 'રઝાએ' ખસ્તા જોશે બેહરે ઈસ્યાં સે ન ગભરાના,
કભી તો હાથ આ જાએગા દામન ઉનકી રહેમત કા.

آیت ۹۱ : يَاَيُّهَا الْمُدَّثِّرُ ۙ قُمْ فَاَنْذِرْ ۙ وَرَبَّكَ فَكَبِّرْ ۙ وَثِيَابَكَ فَطَهِّرْ

(پارہ ۲۹، سورہ مدثر رکوع ۱)

**આયત : ૯૧ હે ચાદર ઓઢનારા** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **! ઊભા થઈ જાઓ ! પછી ડર સંભળાવો અને પોતાના રબની મોટાઈ વર્ણવો, અને પોતાનાં કપડાં પાક રાખો.** *(પારહ ૨૯; સૂરએ મુદસ્સિર; રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમા પણ સરવરે આલમ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના'ત શરીફ છે. એનું શાને નુઝૂલ એ છે કે - હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરમાવે છે : એકવાર અમે હિરા પહાડ ઉપર હતા, એવામાં એક ગયબી અવાજ સંભળાયો : (અર્થાત) "હે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ! આપ અલ્લાહના રસૂલ છો." (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ચારે તરફ જોયું, પણ કોઈ બોલનાર નજરે પડયો નહિ. ઉપર જોયું, તો ગારે હિરામાં ઈકરાઅ... વહી લાવનાર એ જ ફરિશ્તા એટલે કે જિબ્રીલ (અલયહિસ્સલામ) અવાજ આપતા દેખાયા. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હઝરત ખદીજા રદિયલ્લાહો તઆલા અન્હા પાસે પધાર્યા અને ચાદર ઓઢાડી દેવા ફરમાવ્યું. આપે ચાદર ઓઢતાં મજકૂર વહી ઊતરી - હે ચાદર ઓઢનાર મહબૂબ, ઊઠો ! અને કામોમાં મશ્ગૂલ થઈ જાઓ. દીનની તબ્લીગ કરો- તકબીર પઢો- અને કપડાંને પાક રાખો. જેમ "મુઝમ્મિલ" માં મોહબ્બત અને કરમ દર્શાવવામાં આવ્યા તેમ આ સંબોધન "મુદસ્સિર" માં પણ પરવરદિગારના કરમની વૃષ્ટિ કરવામાં આવી.

આ આયત પરથી એ સાબિત થાય છે કે નમાઝમાં "તકબીરે-તેહરીમાં" ફર્ઝ છે અને કપડાં પાક રાખવાનો એ મતલબ છે કે જો કપડામાં ગંદકી લાગી જાય તો એને ધોઈ લેવાં જોઈએ. કેમકે જરૂરત વિના નાપાક કપડું પહેરવું મના છે. નમાઝ સિવાય પણ સામાન્ય રીતે ઈન્સાને પાક-સાફ જ રહેવું જોઈએ. અથવા આનો અહીં એવો અર્થ પણ નીકળી શકે છે કે તેહબંદ, કુર્તો અને પાયજામો ગંદકીમાં ખરડાય એટલાં નીચાં પહેરવાં ન જોઈએ. બલ્કે સુન્નત તો એ છે કે તેહબંદ યા પાયજામો અર્ધી પીંડી સુધી પહોંચવા જોઈએ- બહુ બહુ તો ઘૂંટી સુધી પહોંચે. અલબત્ત ઔરતો ઘૂંટી ઢંકાય એટલાં નીચાં તેહબંદ કે પાયજામો પહેરવાં જોઈએ. વલ્લાહો આલમ બિસ્સવાબ.

★ **"હશ્ર મેં મઝે"** ★

★ *હશ્ર મેં ક્યા ક્યા મઝે વારફતગી કે લૂં રઝા'*
*લોટ જાઉં પા કે વો દામાને આલી હાથ મેં.*

**"દો જહાં કી નેઅમતે"**

★ *માલિકે કોનૈન હંય, પાસ કુછ રખતે નહીં,*
*દો જહાં કી નેઅમતે હંય, ઉન કે ખાલી હાથ મેં.*

*(અઝ:- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۹۲ : لَا تُحَرِّكْ بِهٖ لِسَانَكَ لِتَعْجَلَ بِهٖ اِنَّ عَلَيْنَا جَمْعَهٗ وَقُرْاٰنَهٗ فَاِذَا

قَرَاْنٰهُ فَاتَّبِعْ قُرْاٰنَهٗ ۚ ثُمَّ اِنَّ عَلَيْنَا بَيَانَهٗ ۚ

**આયત : ૯૨ આપ યાદ કરવાની ઉતાવળમાં કુરઆનની સાથે આપની જીભનું હલન કરો નહિ. બેશક એનું મેહફૂઝ કરવું અને પઢવું અમારે ઝિમ્મે છે, તો જ્યારે અમે એને પઢી ચૂકીએ એ વેળાએ પઢેલાનું અનુસરણ કરો. બેશક. એની બારીકીઓ આપ પર જાહેર ફરમાવવાનું અમારે ઝિમ્મે છે.**

*(પારહ ૨૯ : સૂરએ કયામત : રૂકૂઅ ૧)*

આ મુબારક આયત પણ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. એનું શાને નુઝૂલ એ પ્રમાણે છે કે હુઝૂર સય્યદે આલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર જ્યારે જિબ્રીલે-અમીન, (અલયહિસ્સલામ) કુરઆન લાવતા, ત્યારે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હઝરત જિબ્રીલ (અલયહિસ્સલામ) પાસે એ સાંભળવાની સાથે સાથે ખુદ પણ પઢતા જતા હતા- જેથી સારી પેઠે યાદ થઈ જાય. સાથે સાથે પઢવા અને સાંભળવાથી થોડી મુશ્કેલી પડતી હતી. રબતઆલાને આપને પડતી તકલીફ રૂચિ નહિ. એટલે ફરમાવ્યું : હે મેહબૂબ ! આપ સાંભળવા સાથે પઢવાની તકલીફ શા માટે ઉપાડો છો ? અમે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ વાતની ખાતરી આપીએ છીએ કે ફક્ત એક વાર સંભળાવીને આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કુરઆન યાદ કરાવી દેશું.

આ આયતમાં બે પ્રકારે ના'ત શરીફ સાબિત થાય છે. એક તો એ કે મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને જરા સરખું કષ્ટ પડે એ પણ રબતઆલાને મંઝૂર નથી. બીજું એ કે આજે કુરઆને કરીમ શીખવામાં ત્રણ પ્રકારના માણસો સખ્ત કોશિશ કરે છે અને એમાં પોતાની ઉમરો વિતાવી નાખે છે. એક તો હાફિઝ હિફઝ કરવામાં બહુ મહેનત કરે છે. બીજું, કારી કિરઅત શીખવામાં ઘણી મહેનત કરે છે અને ત્રીજા ઉલમા કુરઆની મુદ્દાઓ અને મસાઈલ શીખવામાં આખી આખી ઉમર ગાળી નાખે છે. વળી તેઓ અલગ અલગ ઉસ્તાદો પાસેથી ઈલ્મ શીખે છે. પરંતુ અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની એ શાન છે કે આપને રબતઆલાએ વાયદો ફરમાવ્યો કે કુરઆનને આપના મુબારક સીનામાં જમા ફરમાવી દેવાનું અને આપના એના હાફિઝ બનાવી દેવાનું અમારે ઝિમ્મે છે. એની કિરઅત શીખવવાનું પણ અમારે ઝિમ્મે છે અને પછી કુરઆનનાં ઈલ્મો આપની સમક્ષ બયાન ફરમાવી દઈએ એ પણ અમારે જ ઝિમ્મે છે. આ ત્રણે પ્રકારનાં ઈલ્મો શીખવા પાછળ લોકો પોતાનું જીવન ગાળી નાખતા હોય છે, ત્યારે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને એ બધાં ઈલ્મો જરા પણ તકલીફ લીધા વિના અર્પણ કરાઈ રહ્યાં છે. વળી બીજાઓને તો અલગ અલગ ઉસ્તાદો પાસે શીખવું પડે છે, પરંતુ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને ખુદ અલ્લાહતઆલાએ બધું શીખવ્યું. અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની આ કેટલી મોટી શાન છે !

મસ્અલા : અમુક માણસો એક સાથે મળીને બુલંદ અવાજે કુરઆને-પાકની તિલાવત કરે એની મના છે. (શામી) બધા ધીમે ધીમે પઢે યા એક જણ પઢે અને બાકીના બીજા માણસો સાંભળે.

آیت۹۳: عَبَسَ وَتَوَلّٰۤى ۝ اَنْ جَآءَهُ الْاَعْمٰى ۝ وَمَا يُدْرِيْكَ لَعَلَّهٗ يَزَّكّٰۤى ۝

(پارہ ۳۰، سورۂ عبس رکوع ۱)

**આયત : ૯૩ તેઓ નારાજ થઈ ગયા અને તેમણે મોં ફેરવી લીધું, એના પર કે તેમની પાસે એક અંધ હાજર થયા અને તમને શું માલુમ શાયદ કે તે સ્વચ્છ હોય.** *(પારહ ૩૦; સુરહ અબસ; રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમા એ છે, જેને કેટલાક લોકો કહે છે કે 'ઇતાબ' તરીકે નાઝિલ ફરમાવવામાં આવી- પરંતુ ઇમાનની દૃષ્ટિએ જોવામાં આવે તો એમાં અલ્લાહના મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની એવી શાન નજરે પડે છે કે સુબ્હાનલ્લાહ ! સૌથી પહેલાં એ જરૂરી છે કે આ આયતનું શાને-નુઝૂલ જાણવામાં આવે. પછી આ આયતનો મકસદ શો છે એ ઉપર વિચાર કરવામાં આવે. આ આયતે કરીમાનું શાને-નુઝૂલ એ છે કે કુરેશના સરદારો અબુ જહલ, અત્બાહ, શીબહ વગેરેની એવી ઇચ્છા હતી કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અમારા માટે વઅઝની અલાહેદી મજલિસ મુકર્રર ફરમાવી દે, જેમાં કોઈ ગરીબ સહાબી આવે નહિ.

હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એમની આ વિનંતિ એવી આશાએ સ્વીકારી લીધી કે આ લોકોને હિદાયત મળી જાય અને ઇસ્લામનો ફેલાવો થાય. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે તબ્લીગની એક મજલિસ ગોઠવી. કુરેશના બધા સરદારો ભેગા થયા. એમની સામે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વઅઝ ફરમાવી રહ્યા હતા. અલ્લાહની શાન કે અબ્દુલ્લાહ ઇબ્ને ઉમમક્તુમ નામના એક અંધ સહાબી બારગાહમાં હાજર થયા. અંધ હોવાને કારણે તેઓ શું થઈ રહ્યું છે એ જોઈ શકતા ન હોવાથી મોટે અવાજે અરજ કરવા લાગ્યા : યા હબીબલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! જે કંઈ રબતઆલાએ આપને શીખવ્યું છે તે મને પણ શીખવી દો !

આવા સમયે એ અંધ સહાબીનું હાજર થવું, વઅઝની વચ્ચે બોલવું અને આ પ્રકારે અવાજ આપવો એ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કૈંક ગમ્યું નહિ. કુરેશના સરદારો પણ ચાલ્યા ગયા. હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ મુબારક ઘરમાં તશરીફ લઈ ગયા. એમને કંઈ જવાબ આપ્યો નહિ. ઘરમાં કદમ મુકતાં જ મજકૂર આયત ઉતરી, જેમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે બતાવેલા અણગમાની શિકાયત કરવામાં આવી-પણ કુરઆને કરીમના કલામનો તરીકો જુઓ. તે એમ નથી ફરમાવતું કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે અણગમો બતાવ્યો યા આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નારાજ થયા, બલ્કે એમ ફરમાવ્યું કે અમારા એક મેહબૂબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ છે. તેમને આજે પોતાના એક નિયાઝમંદ ગુલામથી કૈંક નારાઝગી થઈ ગઈ. હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આપ ઇસ્લામની તબ્લીગમાં કેમ એટલા મશ્ગૂલ થઈ જાવ છો કે આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખિદમતમાં આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઈ ગુલામ આવી જાય તો આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તકલીફ થાય છે.

આને કેટલાક લોકો મઆઝલ્લાહ, રબની નારાઝગી યા ગુસ્સો સમજે છે. પરંતુ એ વિચારવા જેવી વાત છે કે નારાઝગી થાય છે કોઈ કસૂર પર, અહીં એ બતાવો કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી મઆઝલ્લાહ, શો કસૂર થયો કે નારાઝગી ફરમાવવામાં આવે ? કેમકે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તો તબ્લીગનું કામ અંજામ દઈ રહ્યા હતા - એ આપનો ફર્ઝે - મન્સબી હતો. શું ફર્ઝ અદા કરવા પર નારાઝગી દર્શાવાય છે ? હરગિઝ નહિ, બલ્કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમમક્તૂમથી ત્રણ ખતાઓ થઈ. ચાલતી વાત વચ્ચે બોલવું, અવાજ આપીને પુકારવું, અને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કલામ-પાકને વચ્ચેથી કાપવો, જો આ આયતમાં નારાઝગી હોત તો તે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર નહિ, પણ હઝરત અબ્દુલ્લાહ ઉપર હોત !

શેખ અબ્દુલ હકે **''મદારિજુન્નબૂવ્વત''** માં અને મૌલાના રૂમે મસનવી શરીફમાં ફરમાવ્યું છે કે હકીકતમાં આ પોતાના મેહબૂબના ગુલામની તરફદારી છે કે હે મેહબૂબ ! એ આપનો નિયાઝ બંદ હોઈ અમારી બારગાહમાં એની ખતાઓ પણ માફ છે.

આથી અહીં ફરમાવવામાં આવ્યું કે- (અર્થાત) જે આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈશ્ક અને મોહબ્બતમાં વાતચીતની રીત અને દુન્યવી તેહઝીબથી પણ બેખબર છે, તો અમે સિફારીશ કરીએ છીએ કે એવા આશિકોના કસૂર અને ખતાઓ આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પણ માફ ફરમાવી દીધા કરો. આ તો એક આશિકની સિફારિશ છે, અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર નારાઝગી નથી, નહિતર એવો એ'તરાઝ થશે કે કુરઆને કરીમ યોગ્ય સ્થળ કે સમય જોયા વિના નારાઝગી ફરમાવી દે છે.

હવે આટલી ચોખવટ પછી એ સ્પષ્ટ થઈ જાય છે કે મજકૂર આયતે-પાક અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાનમાં અનેક ગણો વધારો કરી રહી છે, એના પરથી તો એવું સ્પષ્ટ થાય છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ગુલામોની ખતાઓ પણ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં માફ ફરમાવવામાં આવે છે અને હુઝૂર પુરનૂરને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એમનાથી રાઝી કરવામાં આવે છે. આ તો ગુલામ છે; દુશ્મનો માટે પણ ફરમાવવામાં આવ્યું : (અર્થાત) : અલ્લાહતઆલા એમના પર અઝાબ કરશે નહિ, કેમકે એમની વચ્ચે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તશરીફ ફરમાવી રહ્યા છો.

મજકૂર આયત નાઝિલ થયા પછી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમમક્તૂમની ઈઝઝત ફરમાવતા હતા. આયતે-શરીફા માત્ર બાહ્ય રીતે નારાઝગી જેવી માલૂમ પડે છે. પણ ઈમાનની દષ્ટિએ જોવામાં આવે તો એમાં હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની શાન જ જોવા મળશે.

**અત્રે એ ધ્યાનમાં રહે કે ઈતાબ, અઝાબ અને અકાબમાં ફરક છે. ઈતાબ તો થાય છે મેહબૂબ યા ફરમાંબરદાર બંદા પર, અઝાબ થાય છે નાફરમાન બંદા પર, અકાબ થાય છે દુશ્મન પર. મેહબૂબની શિકાયતોને પણ ઈતાબ કહી શકાય છે, જેનો અર્થ છે શિક્વા-શિકાયત.**

**અગત્યની સૂચના :** 'રૂહુલ બયાન'ના તફસીર કર્તાએ આ અંગેની તફસીરમાં લખ્યું છે કે હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહો તઆલા અન્હોના જમાનામાં એક ઈમામ દરેક નમાઝમાં આ જ સૂરહ પઢતો રહેતો હતો. હઝરત ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલા અન્હોને આ વાતની જાણ

થતાં આપે એ ઈમામને બોલાવી કત્લ કરાવી નાખ્યો. દરેક નમાઝમાં એ જ એકની એક આયત પઢવાથી એમ જાહેર થતું હતું કે એ ઈમામ મુનાફિક છે અને એના દિલમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પ્રત્યે વેર છે. આથી એને મુનાફિક ઠેરવી કત્લ કરી નાખવામાં આવ્યો.

આમાં બે મસ્અલા સારી પેઠે સ્પષ્ટ થઈ ગયા. એક તો એ કે કુરઆન પણ બુરી નિય્યતથી પઢવું કુફ્ર છે. કેટલાક માણસો આ આયત દરેક જગ્યાએ પઢતા ફરે છે - કુલ ઈન્નમા અના બશરૂમ્મિસ્લોકુમ..." જો કે પઢે તો કુરઆનની આયત છે, પણ નિય્યત હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ઉતારી પાડવાની હોય છે. આ લોકો જે આયતોમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દરજ્જાઓ બયાન કરવામાં આવ્યા છે એ દરેક જગ્યાએ કેમ પઢતા નથી ? હદીષમાં ખારજીઓ વિશે ફરમાવવામાં આવ્યું કે એક કોમ એવી પેદા થશે, જે કુરઆન પઢશે અને કુરઆન એમના ગળા નીચે નહિ ઊતરે યા કુરઆન એમના ઉપર લા'નત કરશે. આ એ જ પ્રકારના લોકો છે.

બીજું, આથી જાણવા મળ્યું કે અમુક આયતો અમુકથી દરજ્જામાં અફઝલ છે. એક સહાબી દરેક નમાઝમાં કુલહોવલ્લાહો અહદ પઢતા હતા. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પૂછ્યું કે તમે આવું શા માટે કરો છો ? વિનંતી કરી : હુઝૂર! (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ).એમાં મારા રબની સિફાતનું વર્ણન છે એટલે એ સૂરહ મને પ્યારી લાગે છે. હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે એમને કહી દો, રબતઆલા એમનાથી મોહબ્બત ફરમાવે છે. (મિશ્કાતઃ કિતાબ ફઝાઈલુલ કુરઆન)

રૂહુલ બયાને પાંચમા પારહ વલવ કાના મિન ઈન્દે ગયરિલ્લાહે લવજદો વ ફીહે ઈખ્તેલાફના કસીરા આયત હેઠળ ફરમાવ્યું છે કે સિફાત અને ઝાતની આયતો એ આયતોથી અફઝલ છે, જેમાં બીજું કશું વર્ણન કરવામાં આવ્યું છે. અર્થાત, કુલહોવલ્લાહો, તબ્બતથી અફઝલ છે, કારણકે કુલહોવલ્લાહોમાં તો વર્ણન પણ સર્વોત્તમ અને જેનું વર્ણન કરવામાં આવ્યું એ પણ સર્વોત્તમ, પરંતુ તબ્બતમાં વર્ણન તો ઉત્તમ, પણ જેનું વર્ણન કરવામાં આવ્યું એટલે અબૂ લહબ ઉત્તમ નથી. કુલહોવલ્લાહો બે કારણે ઉત્તમ છે અને તબ્બત એક કારણે.

અમારી આ તેહકીકથી એ જરૂર જાણવા મળ્યું કે જે આયતોમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ બયાન થઈ છે તે એ આયતોથી અફઝલ છે, જેમાં કેટલાક માણસો 'ઇતાબ' થયાનું માને છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

## "મુસીબત ટલ જાએ"

*★ તુમ જો ચાહો તો કિસ્મત કી મુસીબત ટલ જાએ,*
*ક્યૂં કર કહૂં, સાઅત સે કયામત ટલ જાએ,*
*લિલ્લાહ ! ઉઠાઓ, રૂખે રોશન સે નકાબ,*
*મૌલા મેરી આઈ હૂઈ શામત ટલ જાએ.*

*(અઝ:- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۹۴: لَاۤ اُقۡسِمُ بِهٰذَا الۡبَلَدِ ۙ وَ اَنۡتَ حِلٌّۢ بِهٰذَا الۡبَلَدِ ۙ وَ وَالِدٍ وَّ مَا

وَلَدَ ۙ (پارہ ۳۰، سورۂ بلد رکوع ۱)

**આયત : ૯૪ મને એ શહેરના કસમ, કે હે મહબૂબ ! આપ એ શહેરમાં તશરીફ ફરમાવી રહ્યા છો અને આપના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બાપ ઈબ્રાહીમના (અલયહિસ્સલામ) કસમ અને એમની ઔલાદના (એટલે આપના) કસમ.** *(પારહ ૩૦ : સૂરએ બલદ : રૂકૂઅ ૧)*

આ આયતે-કરીમા પણ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પૂર્ણ પ્રકાશિત ના'ત શરીફ છે. એમાં ફરમાવવામાં આવ્યું છે, કે જેને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી નિસ્બત થઈ જાય તે અઝમતવાળો છે. આ આયતે-પાક હિજરત પહેલાં નાઝિલ થઈ. એમાં ફરમાવવામાં આવ્યું કે હે મેહબૂબ ! એ મક્કહ-મુકર્રમહ શહેરના કસમ. પણ કસમ ફરમાવવાનું કારણ શું ? એ જ કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ એમાં છો. **આથી જાણવા મળ્યું કે મક્કહ શરીફને આ ઈઝઝત હે મેહબૂબ ! આપના દમથી મળી છે. (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)**

**મક્કહ-મુઅઝઝમહમાં કેટલીક ખૂબીઓ છે. પ્રથમ તો એ, કે એને હઝરત ખલીલુલ્લાહ અલયહિસ્સલામે વસાવ્યું અને એના માટે દુઆઓ કરી. બીજું એ, કે હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામ ત્યાં પરવરિશ પામ્યા. ત્રીજું એ, કે ત્યાં અલ્લાહનું ઘર મૌજૂદ છે, જે દુનિયાનો કિબ્લો છે અને બયતુલ મા'મૂરની સામે આવેલું છે, ચોથું એ કે અલ્લાહના અંતિમ નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ત્યાં વસવાટ કર્યો હતો.**

પહેલી ત્રણ વાતો મક્કહ-મુકર્રમહમાં હિજરત પછી પણ મૌજૂદ રહી - પણ ચોથી વાત રહી નહિ. તો આયતમાં ફરમાવવામાં આવ્યું કે આ શહેરના કસમ ફરમાવવા એ ઉપરનાં ત્રણ કારણોને લીધે નહિ, **પરંતુ નબીએ આખરૂઝઝમાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં મુબારક કદમોની બરકતને લીધે છે.**

**મસ્અલા : ફુકહા એ વાત ઉપર સંમત છે કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની કબ્રે-અનવરનો એ હિસ્સો, જેમાં પવિત્ર શરીર રહેલું છે તે, ખાનએ-કા'બા અને અર્શે-અઝીમ કરતાં પણ વધુ અફઝલ છે. (જુઓ શામી - કિતાબુલ હજ - અને મદારિજ વગેરે)** ફુકહા એ ઉપર પણ સર્વાનુમતી ધરાવે છે કે ખાનએ-કા'બા મદીનહ -મુનવ્વરની વસ્તી કરતાં અફઝલ છે- પરંતુ મક્કહ અને મદીનહ એ બંને શહેરોમાં કોણ વધારે અફઝલ એ વાત મતભેદ પ્રવર્તે છે. ત્રણ ઈમામો તો ફરમાવે છે કે મક્કહ-મુકર્રમહનું શહેર મદીનહ શહેર કરતાં અફઝલ છે, કેમકે ત્યાં હજ થાય છે તથા એક નેક અમલનો સવાબ એક લાખની બરાબર છે- અને મદીનહ-મુનવ્વરમાં દરેક નેક અમલનો સવાબ પચાસ હજારની બરાબર છે. મક્કહને હઝરત ખલીલુલ્લાહે (અલયહિસ્સલામે) વસાવ્યું અને એના માટે દુઆઓ કરી. **પરંતુ હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે મદીનહ તય્યબહ મક્કહ શહેર કરતાં અફઝલ છે. (આની વિસ્તૃત ચર્ચા માટે જુઓ - નસીમુલ રિયાદ-શર્હ શિફા-કાઝી અયાઝ)**

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો તઆલા અન્હો આ માટે કેટલીક નક્કર દલીલો ધરાવે છે. એક તો આ જ આયત- લા ઉકસેમો- જેના પરથી માલૂમ થયું કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ જ્યાં તશરીફ રાખતા હોય એ જગ્યા અફઝલ છે. આ દષ્ટિએ હિજરત પહેલાં મક્કહ મુકર્રમહ અફઝલ હતું અને હિજરત પછી મદીનહ તય્યબહ. બીજું એ, કે મક્કહ મુકર્રમહમાં ફર્શવાળાઓની હજ થાય છે, જ્યારે મદીનહ-તય્યબહમાં અર્શવાળા ફરિશ્તાઓની હજ થાય છે. દરરોજ સવારે સીત્તેર હજાર ફરિશ્તાઓ મુબારક રોઝા ઉપર હાજરી આપે છે અને એને ઘેરી વળી સલાતો-સલામ પઢે છે. (મિશ્કાત, બાબુલ કરામત) વળી, મક્કહમાં તો વર્ષમાં એક જ વખત હજ થાય છે. પણ મદીનહની હજ, જે ફરિશ્તાઓ કરે છે, તે દરરોજ સવારથી સાંજ સુધી અને સાંજથી સવાર સુધી થાય છે. મક્કહ મુકર્રમહમાં દરેક નેકીનો સવાબ એક લાખ ગણો છે તો દરેક બદીનો ગુનાહ પણ એક લાખ ગણો જ છે - અર્થાત, એ 'જમાલ' અને 'જલાલ'ની જગ્યા છે. પરંતુ મદીનહ તય્યબહમાં માત્ર 'જમાલ' છે. ત્યાં નેકીનો સવાબ પચાસ હજાર ગણો મળે છે અને બદીનો ગુનાહ માત્ર એક જ ગણો રહે છે- એ પણ જો બાકી રહેતો હોય તો - નહિતર રહમતુલલિલ-આલમીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શફાઅતને પ્રતાપે માફ થઈ જશે. ઈમામે એહલે - સુન્નત આ'લાહઝરતે (રદિયલ્લાહો તઆલા અન્હો) શું ખૂબ ફરમાવ્યું છે :

**આસી ભી હંય ચહીતે યે તયબહ હય ઝાહિદો,**
**મક્કહ નહીં કે જાંચ જહાં ખયરો શરકી હય.**

મક્કહમાં દરેક નેકીનો સવાબ એક લાખ ગણો અને મદીનહમાં પચાસ હજાર ગણો. આ તો હતો સવાબ - પરંતુ જો મકબૂલિયતનો દરજ્જો જોવામાં આવે તો મદીનહ-પાકની એક-એક રકાત મક્કહ-મુહર્રમહની પચાસ-પચાસ હજાર રકાતોની બરાબર છે. મક્કહ મુકર્રમહને હઝરત ખલીલુલ્લાહે (અલયહિસ્સલામે) વસાવ્યું, પણ મદીનહ તય્યબહને હબીબલ્લાહે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આબાદ કર્યું. મક્કહ મુકર્રમહ માટે ખલીલુલ્લાહે (અલયહિસ્સલામ) દુઆઓ કરી - પણ મદીનહ મુનવ્વરહ માટે અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે દુઆઓ ફરમાવી કે હે ખુદા ! આ મદીનહમાં મક્કહ-મુકર્રમહ કરતાં બમણી બરકતો અને રહમતો નાઝિલ ફરમાવ. મક્કહ મુકર્રમહમાં બેશક ખાનએ - કા'બા, મકામે - ઈબ્રાહીમ, આબે ઝમઝમ, અરફાત અને મિના વગેરે આવેલાં છે, પરંતુ મદીનહ-મુનવ્વરહમાં તો એ દુલ્હા (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) બિરાજમાન છે, જેમના દમની આ બધી બરાત છે.

**હોતે કહાં ખલીલ વ બના કા'બ-વ-મિના,**
**લૌલાકવાલે સાહેબી સબ તેરે ઘરકી હય.** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)

જો મદીનાના દુલ્હા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ન હોત તો ખલીલુલ્લાહ (અલયહિસ્સલામ) ન હોત, ન કા'બા, ન અરફાત, ન મિના. આ તો હતો ઈમામોનો મતભેદ. એનો ફેસલો કેવી રીતે થયો ? સૌથી મુબારક ફેસલો એ છે, જે ઈમામે એહલેસુન્નત આલા' હઝરત રહમતુલ્લાહે તઆલા અલયહે ફરમાવ્યો છે. આપ ફરમાવે છે :

**તયબહ ન સહી અફઝલ મક્કહ હી બળા ઝાહિદ,**
**હમ ઈશ્કકે બન્દે હંય ક્યૂં બાત બળ્હાઈ હય.**

બીજી જગ્યાએ ફરમાવે છે :

**કઅબહ દુલ્હન હય રોઝએ અત્હર નઈ દુલ્હન,**
**યેહ રશ્કે આફતાબ વોહ ગયરત કમરકી હય.**
**દોનોં બનીં અનીલી સજીલી દુલ્હન મગર,**
**જો પી કે પાસ હય વોહ સુહાગન કુંવરકી હય.**
**સરસબ્ઝે વસ્લ યેહ હય સિયહપોશ હિજ્ર વોહ,**
**ઝાહિર દો પટોંસે હય જો હાલત જિગરકી હય.**

કઅબહ-મોઅઝ્ઝમહમાં દરેક ચીજ કાળા રંગની છે. કા'બા મોઅઝ્ઝમહનો ગિલાફ, સંગે - અસ્વદ સારાંશ કે, દરેક ચીજ કાળા રંગની છે અને મદીનહ-મુનવ્વરની દરેક ચીજ લીલા રંગની છે. મદીનહ-તય્યબહની જમીનમાં લીલોતરી છવાયેલી છે, રોઝએ-પાકનો રંગ લીલો છે, ગિલાફ લીલો છે. વિયોગમાં કાળો રંગ હોય છે અને મિલનમાં લીલો. મદીનહ - તય્યબહને દુલ્હાનું મિલન થયું છે અને કા'બા - મોઅઝ્ઝમહને દુલ્હાનો વિયોગ મળ્યો છે. મસ્નવી શરીફમાં છે :

(અર્થાત : માશૂકે પોતાના આશિકને પૂછયું, કે તેં વિશ્વભરનાં શહેરોની સહેલ કરી છે. કહે, એમાંથી કયું શહેર સારૂં ? આશિકે જવાબ આપ્યો, ''એ શહેર સારૂં, જ્યાં પોતાનો મેહબૂબ હોય.) ડોકટર ઈકબાલે આને સુંદર રીતે રજૂ કર્યું છે :

(અર્થાત : મદીનહ-તય્યબહની ખાક-શરીફ બંને જહાનથી અફઝલ છે, કેમકે અહીં અમારા મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તશરીફ ફરમાવી રહ્યા છે.)

કાશ્મીર અને પેરિસ દુનિયાના સુંદરતમ પ્રદેશો છે, પરંતુ રબતઆલાની પસંદગીનું કળશ જે શહેર ઉપર ઢોળાયું એ મદીનહ મુનવ્વરહ છે. એ મુબારક જમીન ઉપર લાખો પેરિસ કુરબાન.

ઈમામે એહલે - સુન્નત આ'લાહઝરત રહમતુલ્લાહે અલયહનો એક રૂહપરવર શે'ર છે :

**ગૌર સે સુન તો 'રઝા' કાબેસે આતી હય સદા,**
**મેરી આંખોં સે મેરે પ્યારેકા રોઝા દેખો.**

આનો મતલબ એ છે કે ખાનએ - કા'બાનું 'મીઝાબે-રહમત' અલ્લાહના પ્યારા રસૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના રોઝા-મુબારકની બરાબર સામે આવેલું છે. જો કોઈની દુકાન ગલીમાં આવેલી હોય છે તો તે સડકના ખૂણા ઉપર લાકડાનો હાથ કે એવી જ કશી ચીજ બનાવી એના ઉપર રસ્તો ચીંધવા માટે લખી નાખે છે કે ફલાણી દુકાન આ બાજુએ આવેલી છે- સીધા ચાલ્યા જાઓ ! ''મીઝાબે રહમત'' વિશે પણ એમ જ સમજવાનું છે કે એ માર્ગ ચીંધનાર વસ્તુ છે- હાજીઓ ! તમે હજ તો કરી ચૂક્યા- હવે એ હજને કબૂલ કરાવવા માટે શફીઉલ મુઝનબીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બારગાહમાં ચાલ્યા જાઓ ! જૂઓ - આપ ત્યાં સબ્ઝ ગુમ્બદમાં આરામ ફરમાવી રહ્યા છે. સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.

વ વાલેદિંવ્વમા વલદા તફસીર રૂહુલ બયાનમાં લખ્યું છે કે 'વાલિદ' થી મુરાદ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને 'વલદ' થી મુરાદ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ છે. અર્થાત, એ વાલિદ અને એ ફરઝન્દના કસમ. વળી એવો ભાવાર્થ પણ નીકળે છે કે 'વાલિદ'

થી મુરાદ હુઝૂરે-પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અને વલદથી મુરાદ હુઝૂરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ઉમ્મત છે, જેમકે ખુદ હદીસે-પાકમાં આવ્યું છે કે, હે મુસલમાનો ! હું તમારા પિતા સમાન છું એટલે જ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં પુનિત પત્નીઓ ઉમ્મતની માનનીય માતાઓ છે. વળી, એવો ભાવાર્થ પણ નીકળી શકે છે કે "વાલિદ" એટલે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ અને "માવલદ" થી મુરાદ આપનાં અહલે-બયત એટલે ઔલાદે-પા'ક છે. આથી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મહાન વંશની મહાનતા પુરવાર થાય છે. હદીસે-પાકમાં છે કે કયામતના દિવસે અમારા (હુઝૂરે-પાકના) (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નસબ અને સબબ સિવાય કોઈ વંશ, કુળ કે સબબ કામ લાગશે નહિ. ('સબબ' નો અર્થ સુસરાલ પક્ષ સાથેનો સંબંધ) (જુઓ : શામી, જિલ્દ પહેલી; મય્યતના ગુસલની ચર્ચા) હઝરત ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલા અન્હોએ હઝરત ફાતેમતુઝઝેહરા રદિયલ્લાહો તઆલા અન્હાનાં સાહિબઝાદી હઝરત ઉમ્મે - કુલસૂમ રદિયલ્લાહો તઆલા અન્હા સાથે નિકાહ કર્યા હતા. જેથી એમનો હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સાથે બે પ્રકારે સુસરાલી રિશ્તો થયો. એક તો તેઓ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સસરા છે અને બીજા હઝરત ફાતિમતુઝઝેહરા રદિયલ્લાહો તઆલા અન્હાના દામાદ. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

★ *એ શાફેએ ઉમમ, શહે ઝી–જાહ લે ખબર,*
*લિલ્લાહ લે ખબર, મેરી લિલ્લાહ લે ખબર.*

★ *દરિયા કા જોશ, નાઉ ન બેડા, ન ના ખુદા,*
*મૈં ડૂબા, તૂ કહાં હય, મેરે શાહ લે ખબર.*

★ *મંઝિલ કડી હય રાત અંધેરી, મૈં ના બલદ,*
*એ ખિઝર ! લે ખબર મેરી, એ માહ લે ખબર.*

★ *પહોંચે પહોંચને વાલે તો મંઝિલ, મગર શહા,*
*ઉન કી જો થક કે બેઠે સરે રાહ લે ખબર.*

★ *જંગલ દરિન્દોં કા હય, મૈં બે-યાર શબ કરીબ,*
*ઘેરે હંય, ચાર સિમ્ત સે, બદ ખ્વાહ લે ખબર.*

★ *મંઝિલ નઈ, અઝીઝ જૂદા, લોગ ના-શનાસ,*
*ટૂટા હય કોહે ગમ મેં પરકાહ લે ખબર.*

★ *વો સખ્તીયાંહ સવાલ કી, વો સૂરતેં મુહીબ,*
*એ ગમઝદોં કે હાલ સે આગાહ લે ખબર.*

★ *મુજરિમ કો બારગાહે અદાલત મેં લાએં હંય,*
*તકતા હય બેકસી મેં, તેરી રાહ લે ખબર.*

★ *એહલે અમલ કો ઉનકે અમલ કામ આએંગે,*
*મેરા હય કૌન તેરે સિવા આહ લે ખબર.*

★ *માના કે સખ્ત મુજરિમો નાકારા હય 'રઝા'*
*તેરા હી તો હય બંદએ દરગાહ લે ખબર.*

آیت ۹۵ : وَالضُّحٰى وَاللَّيْلِ اِذَا سَجٰى ۝ مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ۝ وَلَلْاٰخِرَةُ

خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ۝ وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ۝

**આયત : ૯૫ ચાશતના કસમ, અને રાતના કસમ જ્યારે તે પર્દો નાખે, કે આપને** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **આપના રબે ન છોડયા અને ન નારાજ થયો. અને બેશક-આપના માટે પાછળનું પહેલાંના કરતાં ઉત્તમ છે- અને બેશક - કરીબ છે કે આપનો રબ આપને** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **એટલું દેશે કે આપ** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **રાજી થઈ જશો.**

*(પારહ ૩૦ : સૂરએ વદદોહા : રૂકૂઅ ૧)*

આ આખી સૂરહ શું છે ? હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તોનો ખજાનો ! એની તફસીર કરવા બેસીએ તો ગ્રંથોના ગ્રંથ ભરાય ! એટલે અમે અહીં ટૂંકમાં એનું વર્ણન કરીએ છીએ. આકાએ દોજહાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ એને કબૂલ ફરમાવે એવી ઈલ્તેજા.

આ મુબારક આયતનું શાને-નુઝૂલ એ છે કે એક વાર થોડા દિવસ માટે વહી નાઝિલ થવાનું કાર્ય અટકી ગયું - એટલે કાફિરોએ વ્યંગમાં કહ્યું કે અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને આપના રબે છોડી દીધા અને તે આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પર નારાજ થઈ ગયો. એ બેદીનોને જવાબ આપવા માટે આ મુબારક આયત-શરીફ નાઝિલ થઈ. **એમાં રબતઆલાએ કસમપૂર્વક ફરમાવ્યું કે મેં (અલ્લાહતઆલાએ) મારા મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને છોડયા નથી કે હું આપનાથી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નારાજ પણ થયો નથી.**

પણ આમાં લુત્ફની વાત એ છે કે પ્રશ્ન ઉઠાવ્યો કાફિરોએ અને જવાબ આપવામાં આવ્યો હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને. રબતઆલાએ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું : હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આ...આ... ચીજોના કસમ- આપના રબે આપનો ત્યાગ નથી કર્યો, કે આપનાથી એને કંઈ માઠું પણ નથી લાગ્યું. હુઝૂર સરવરે કૌનેન સલ્લલ્લાહો **અલયહે વ સલ્લમની આ સર્વોત્તમ ના'ત થઈ.**

હવે એ જોઈએ કે 'ચાશ્ત' અને 'રાત' નો અહીં શો અર્થ લેવામાં આવ્યો છે? - તફસીરકારો આમાં જુદા જુદા મત દર્શાવે છે. એક તો એ, કે 'ચાશ્ત' એટલે બપોર. આ બપોરનો અર્થ હઝરત મૂસા અલયહિસ્સલામે જાદૂગરો પર વિજય મેળવ્યો અને જાદૂગરો સજદામાં પડયા એ બપોરનો લેવાનો છે. આ પ્રસંગનું કુરઆને કરીમમાં વર્ણન છે. 'રાત'થી મુરાદ મેઅરાજ શરીફની રાત છે. એટલે આનો એવો મતલબ થયો કે એ બપોર અને રાતના કસમ.

બીજો મત એવો છે કે 'બપોર' થી મુરાદ આકા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો મુબારક ચહેરો અને રાતથી મુરાદ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઝુલ્ફ મુબારક છે. એટલે કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પ્રકાશિત દિવસ જેવા મુબારક ચહેરાના કસમ અને આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ ઝુલ્ફ મુબારકના કસમ, જે

ક્યારેક ક્યારેક રહમતની વાદળી પેઠે આફતાબ ઉપર છાયા કરે છે. અર્થાત, આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નૂરાની ચહેરા ઉપર આપના પવિત્ર વાળ છાયા કરે છે. (તફસીર રૂહુલ બયાન અને તફસીર ખઝાઈનુલ ઈરફાન) ન તો આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબતઆલાએ તજી દીધા ન આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) થી એ નારાજ થયો, કેમકે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તો રબતઆલાના મેહબૂબ છો કોઈ પોતાના મેહબૂબનો ત્યાગ કરી શકે ખરૂં ? (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ).

મસ્અલા : ચાશ્તની નમાઝ સુન્નત છે અને એનો વખત સૂરજ ઊંચે ચઢી તપવા માંડે ત્યારે શરૂ થઈ ઝવાલ પામે ત્યારે પૂરો થઈ જાય છે. આ નમાઝમાં બે અથવા ચાર રકાતો એક જ સલામ સાથે પઢવાની છે. આખેરત પહેલાં કરતાં ઉત્તમ છે એની બે તફસીરો કરવામાં આવી છે. એક તો એ કે દુનિયાથી આખેરત આપના માટે ઉત્તમ છે. કેમકે અહીં- આ દુનિયામાં આપના કેટલાક બદગો દુશ્મનો પણ છે, પણ આખેરતમાં આપની નિંદા કરનાર કોઈ નહિ હોય; સૌ કોઈ આપની ઈઝઝત કરતું હશે. હૌઝે કવસર, શફાઅત, મકામે મેહમૂદ, સારાંશ કે તમામે તમામ ખૂબીઓ એ દિવસે જાહેર કરવામાં આવશે.

આનો એક બીજો અર્થ એ પણ કરી શકાય છે કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ માટે દરેક આવનારી પળ વિતી ગયેલી પળ કરતાં ઉત્તમ છે. અર્થાત, આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) માટે પ્રત્યેક પળે પ્રગતિ જ છે- આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઈઝઝત અને અઝમત હમેશા વધતી જ જશે- અને આપને આપનો રબ એટલું બધું આપશે કે આપ રાજી થઈ જશો. (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)

આ મુબારક આયત આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને દીન અને દુનિયામાં અતા ફરમાવવામાં આવી અથવા તો ફરમાવવામાં આવશે એવી સઘળી નેઅમતો વિશે છે. દુનિયાથી પર્દો ફરમાવ્યા પહેલાંના આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જાહેરી જીવનકાળમાં દેશો પર વિજય મળવો, સહાબાએ કિરામના જમાનામાં વિજયો મળવા,પૂર્વ અને પશ્ચિમમાં ઈસ્લામનો ફેલાવો થવો અને આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઉમ્મતનું તમામ ઉમ્મતો ઉપર અફઝલ હોવું, આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મોજિઝા જાહેર થવા, એવી જ રીતે આખેરતમાં શફાઅત, હૌઝે કવસર વગેરે સઘળી નેઅમતોનો એમાં સમાવેશ થઈ જાય છે.

મુસ્લિમ-શરીફમાં છે કે એકવાર હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ઉમ્મત માટે રડી-રડીને દુઆઓ ફરમાવી. હઝરત જિબ્રીલ (અલયહિસ્સલામ)ને હુકમ થયો કે અમારા મહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ને રડવાનું કારણ પૂછો. જિબ્રીલે-અમીને (અલયહિસ્સલામ) હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થઈને અલ્લાહનો આ પયગામ આપ્યો. ઈરશાદ થયો કે અમને અમારી ઉમ્મતનો ગમ રડાવે છે. તરત જ રબતઆલાએ ઈરશાદ ફરમાવ્યો : જિબ્રીલ (અલયહિસ્સલામ) ! અમારા મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને કહી દો કે અમે આપને આપની ઉમ્મત સંબંધમાં રાજી કરી લેશું. (અર્થાત) એટલી બખ્શીશું કે આપ રાજી થઈ જશો. (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ).

એક બીજી હદીષ-શરીફમાં છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આ આયત શરીફને સાંભળી ફરમાવ્યું કે જ્યાં સુધી મારો એક પણ ઉમ્મતી દોઝખમાં હશે, હું રાજી નહિ થાઉં. (તફસીર ખઝાઈનુલ ઈરફાન).

બીજા તમામ લોકો રબતઆલાને રાજી કરવા માટે હજારો યત્નો કરે છે, પરંતુ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની એવી શાન છે કે ખુદ રબતઆલા આપને આપીઆપીને રીઝવે છે. (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ).

હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નાં માનનીય માબાપની બખ્શીશ પણ આમાં શામિલ છે. ફરઝન્દ જન્નતમાં હોય અને માબાપ જહન્નમમાં એવું બની જ શકે નહિ. હુઝૂરે-પાક (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નાં માનનીય માબાપ પણ બેશક જન્નતી જ છે.

### 'રઝા' એ મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *ઝહે ઈઝઝતો એતલાએ મુહમ્મદ,* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
*કે હય અર્શે હક ઝેરે પાએ મુહમ્મદ,* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *મકાં-અર્શ ઉન કા, ફલક ફર્શ ઉન કા,*
*મલક ખાદેમાને સરાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *ખુદા કી રઝા ચાહતે હંય દો આલમ,*
*ખુદા ચાહતા હય રઝાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *અજબ ક્યા અગર રહમ ફરમાએં હમ પર,*
*ખુદાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *મુહમ્મદ બરાએ જનાબે ઈલાહી,*
*જનાબે ઈલાહી બરાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *બહમ અહદ બાંધે હંય, વસ્લે અબદ કા,*
*રઝાએ ખુદા ઓર રઝાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *દમે નઝઆ જારી હો, મેરી ઝબાં પર,*
*મુહમ્મદ, મુહમ્મદ, ખુદા-એ-મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *અસાએ કલીમ અઝદહા-એ-ગઝબ થા,*
*ગિરોં કા સહારા અસા-એ-મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *મેં કુરબાન, ક્યા પ્યારી પ્યારી હય નિસ્બત,*
*યે આને ખુદા, વો ખુદા એ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *ખુદા ઉન કો કિસ પ્યાર સે દેખતા હય,*
*જો આંખેં હય, મહવે લિકાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *ઈજાબત ને ઝુક કર ગલે સે લગાયા,*
*બઢી નાઝ સે જબ દુઆએ મુહમ્મદ* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *ઈજાબત કા સેહરા, ઈનાયતકા જોડા,*
*દુલ્હન બન કે નિકલી દુઆએ મુહમ્મદ* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

★ *'રઝા' પુલ સે અબ વજદ કર કે ગુઝરીએ,*
*કે હય રબ્બે-સલ્લિમ સદાએ મુહમ્મદ.* (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

آیت ۹۶ : وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى ۞ (پارہ ۳۰، سورہ والضحیٰ)

**આયત : ૯૬ અને આપને** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **અમારી મહબ્બતમાં મગ્ન જોયા, તો અમારી તરફ દોર્યા.**

*(પારહ ૩૦ : સૂરએ વદદોહા)*

આનાથી આગળની આયતમાં આવી ચૂક્યું છે કે અલમ યજિદકા યતીમન ફઆવા. આનો મતલબ એક તો એવો બયાન કરવામાં આવે છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વિલાદતે-પાક પહેલાં આપના સલ્લલ્લાહો અલયહે વસલ્લમે માનનીય વાલિદ હઝરત અબ્દુલ્લાહ રદિયલ્લાહો તઆલા અન્હો વફાત પામી ચુક્યા હતા અને આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પરવરિશ હઝરત અબૂ તાલિબને ઝિમ્મે આવી હતી. **બીજો અર્થ એ છે કે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દુર્રે - યતીમ અર્થાત અમૂલ્ય મોતી જોતાં આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અલ્લાહતઆલાએ પોતાની નિકટમાં જગ્યા અર્પણ કરી કેમકે કીમતી મોતી - મોંઘું રતન - પોતાની પાસે જ રાખવામાં આવે છે.**

**વવજદકા દા'લન ફહદા...** માં "દા'લ" શબ્દની ઘણી તફસીરો છે. 'દા'લ'નો અર્થ 'ગુમરાહ' તો થઈ શકતો જ નથી. એનો સાવ સીધો-સાદો અને તદ્દન યોગ્ય અર્થ એ જ છે કે અમારી મહબ્બતમાં એટલા બધા મગ્ન હતા કે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પોતાના દરજ્જાઓની અને પોતાના નફસની દરકાર પણ રહી ન હતી- આથી અમે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આ દરજ્જાથી તરક્કી આપીને 'સુલૂક' આપ્યું. આથી જાણવા મળ્યું કે 'જઝબા' કરતાં 'સુલૂક' અફઝલ છે.

હઝરત યૂસુફ અલયહિસ્સલામના ભાઈઓને હઝરત યા'કૂબ અલયહિસ્સલામે ફરમાવ્યું: **મને યૂસુફ અલયહિસ્સલામની ખુશ્બૂ આવી રહી છે, ત્યારે એમણે કહ્યું હતું : ખુદાના કસમ. આપ તો એમના પ્રત્યેના પ્રેમમાં પહેલાં જેવા જ મગ્ન છો - કાલૂ તાલ્લાહે ઈન્નકા લફી દ'લાલેકલ કદીમ.** અહીં "દલાલ" નો અર્થ ગુમરાહી થઈ શક્તો નથી,. પણ "મહબ્બતમાં મગ્ન" : "પ્રેમમાં ખોવાયેલા" : એવો જ અર્થ થઈ શકે છે અને એ જ અર્થ અહીં પણ લેવાનો છે. યા પછી **એનો એવો અર્થ છે કે એક સમયે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એટલા ઈલ્મી કમાલાત ધરાવતા નહોતા. આપને** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **"માકાના વમા યકૂનો" નું ઈલ્મ આપ્યું. તમામ નામાલૂમ વાતો આપને** (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) **બતાવી દીધી અને ગયબના ભેદો આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પર ખોલી દીધા. (તફસીર રૂહુલ બયાન અને ખઝાઈનુલ ઈરફાન).**

ત્રીજું, 'દા'લ' દૂધમાં ભળી જતા પાણીને કહે છે એટલે આનો એવો અર્થ થયો કે આપ **સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કાફિરો વચ્ચે ઘેરાયેલા હતા, અમે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એમના પર વર્ચસ્વ આપ્યું.**

18

ચોથું એ કે અરબી ભાષામાં "દા'લ" એવા ઊંચા વૃક્ષને કહે છે, જે જંગલમાં એકલું ઊભું

ભાગ-૨ હોય અને જેને દૂરથી જોઈને માર્ગ જાણી શકાતો હોય. આથી આનો એવો અર્થ થયો કે અમે

(અલ્લાહે) આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને આખા અરબ દેશમાં અજોડ અને સદગુણોમાં સર્વોચ્ચ જોતાં આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કારણે લોકોને સન્માર્ગ ચીંધ્યો. "હુદા" નો ભાવાર્થ અહીં 'કોમ' છે. (મદારિજુન્નબૂવત : જિલ્દ ૧ : પ્રકરણ ત્રીજું).

પાંચમો અર્થ એ કે એક વાર બચપણ શરીફમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ હઝરત દાઈ હલીમાને ત્યાંથી ગુમ થઈ ગયા. ઘણી શોધ પછી અબૂ જહલે આપને જોયા અને હઝરત અબ્દુલ મુત્તલિબ સુધી પહોંચાડી દીધા. આનો અર્થ એ થયો કે અમે (અલ્લાહે) આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પવિત્ર બચપણમાં ગુમ થયા પછી મળી આવેલા જોયા ને લોકોને આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સુધી પહોંચવાનો માર્ગ ચીંધ્યો.

છઠ્ઠો અર્થ એ કે અમે આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુમરાહો વચ્ચે જોયા એટલે કે જે કોમમાં આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પરવરિશ પામ્યા એ કોમમાં અત્યાર સુધી કોઈના સુધી પણ નબૂવ્વતનું નૂર પહોંચ્યું નહોતું એવી કોમને માર્ગદર્શન આપવા આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એમાં રાખ્યા, નહિતર અજ્ઞાન કોમમાં જ્ઞાની કયાંથી?- એટલે અગર અમે (અલ્લાહે) આપને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મઅસૂમ પૈદા ન કર્યા હોત તો આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કેવી રીતે હિદાયત પર રહેત. (રૂહુલ બયાન અને મદારિજ).

સાતમો અર્થ એ કે શબે મેઅરાજમાં આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) અમારી સિફતોથી જાણકાર કર્યા, જેથી અમારી બારગાહમાં એના વડે અમારી હમ્દ કરો. (રૂહુલ બયાન અને મદારિજ). આ ઉપરાંત પણ એના અનેક અર્થો થઈ શકે છે.

**મસ્અલા : અમ્બિયાએ કિરામ ગુમરાહી અને કુફથી હમેશા મા'સૂમ હોય છે. નબીઓને એમની નબૂવ્વત પહેલાં કે નબૂવ્વતની પછી કોઈ પણ પળમાં કાફિર અથવા તો ગુમરાહ માને અ પોતે બેદીન છે. હઝરત આદમ અલયહિસ્સલામે પેદા થતાં જ અર્શ ઉપર લખાયેલો કલ્મએ - તય્યબહ પઢી લીધો. હઝરત ઈસા અલયહિસ્સલામે પેદા થતાં જ ફરમાવ્યું કે - હું અલ્લાહનો બંદો છું અને નબી તથા સાહિબે-કિતાબ છું. - મારાં માનનીય વાલિદાની તાબેદારી કરનાર અને નમાઝને કાઈમ રાખનાર છું. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે જીભ ખોલતાં જ પોતાના વાલિદા, કાકા તથા પોતાની કોમને તવહીદનો સબક પઢાવ્યો. અમ્બિયાએ કિરામ (અલયહિમુસ્સલામ) જ્યારે પોતાની તદ્દન નાની વયમાં જ આરિફબિલ્લાહ-અલ્લાહને ઓળખનાર - હોય તો પછી કયો સમય એમની ગુમરાહીનો હોઈ શકે છે ? કોઈ પણ સમય નહિ. એમને ગુમરાહ માનનાર પોતે જ ગુમરાહ છે.**

એવી જ રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે દુનિયામાં તશરીફ લાવતાં જ સજદો ફરમાવ્યો; પોતાની ઉમ્મત માટે મગફિરતની દુઆ ફરમાવી અને એવી ખબર આપી કે **અમે દુનિયામાં જાહેર થયા તે પહેલાંથી જ નબી હતા- તો પછી ગુમરાહી શાની ?**

રબતઆલાએ ફરમાવ્યું : **માદલ્લા સાહેબોકુમ વમા ગવા- "અમારા મેહબૂબ કયારેય ગુમરાહ ન થયા."** અહીં "દા'લ" નો એવો અર્થ કરવો પડશે, જે અમે ઉપર કરી ચૂક્યા છીએ.

સારાંશ કે, સૂરએ વદદોહા-શરીફ પૂરેપૂરી હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

آیت ۱۷ : اَلَمۡ نَشۡرَحۡ لَكَ صَدۡرَكَ ۙ وَوَضَعۡنَا عَنۡكَ وِزۡرَكَ ۙ الَّذِیۡۤ اَنۡقَضَ ظَهۡرَكَ ۙ

(پارہ ۳۰، سورہ الم نشرح ۔ ر ۱)

**<u>આયત : ૯૭</u> શું અમે આપનો સીનો વિશાળ ન કીધો ? અને આપના પરથી આપનો બોજ ઉતારી લીધો, જે આપની પીઠ ઉપર ભારરૂપ થઈ પડયો હતો.** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) *(પારહ ૩૦; સૂરએ અલમ નશરહ; રૂકૂ-૧)*

આ આખી સૂરહ પણ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તોનો મઘમઘતો ગુલદસ્તો છે. પહેલી આયતમાં ફરમાવવામાં આવ્યું કે શું અમે આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સીનો વિશાળ ન કીધો ? તફસીરકારોએ સીનો વિશાળ કરવાના અનેક અર્થો તારવ્યા છે. એક તો એ, કે મુબારક સીનાને ચીર્યો. હઝરત જિબ્રીલે (અલયહિસ્સલામ) હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક દિલને બહાર કાઢી આબે ઝમઝમથી ધોયું. એક તો આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉમ્ર-શરીફ પાંચ વરસની હતી અને આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હઝરત હલીમા દાઈને ત્યાં પરવરિશ પામી રહ્યા હતા ત્યારે- (આ પૂરો બનાવ ઈતિહાસ-ગ્રંથોમાં છે). બીજી વખત જ્યારે વહીનો આરંભ કરવામાં આવ્યો ત્યારે - અને ત્રીજી વખત, શબે-મેઅરાજમાં હઝરત જિબ્રીલે (અલયહિસ્સલામ) હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક સીનાથી લઈ પવિત્ર દૂંટી સુધીના ભાગને ચીર્યો તથા હઝરત મીકાઈલ (અલયહિસ્સલામ) એક થાળ ભરીને ઝમઝમનું પાણી લાવ્યા, જેના વડે જિબ્રીલે (અલયહિસ્સલામ) મુબારક દિલને ધોયું, બીજો થાળ મારેફતના નૂર હિકમત અન ઈમાનના નૂરથી ભરેલો હતો, જેને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક હૃદયમાં ઠાલવી દેવામાં આવ્યો. આમ છતાં મુબારક દિલ ચીરવાની આ ક્રિયામાં આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને જરા પણ તકલીફ થઈ નહોતી.

**બીજું, એ કે આનાથી મુરાદ મુબારક સીનાને વિશાળતા આપવાની છે. એટલે કે નબૂવ્વતના નૂર, અલ્લાહના ભેદો અને ગયબનાં ઈલ્મોથી મુબારક સીનો ઝળહળી ઊઠે. દરેક દિલમાં કૈં આટલું બધું ગ્રહણ કરવાની શક્તિ નથી હોતી. હુઝૂરે-પાક (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના પવિત્ર સીનામાં તો આલમે-ગયબ અને આલમે - શહાદત સમાઈ ગયા.**

ત્રીજું એ કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો પાક સીનો એટલો વિશાળ બનાવ્યો, કે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દુનિયા સાથેનો સંબંધ ખુદા પ્રત્યે ગાફિલ નથી કરતો અને રબ સાથેનો સંબંધ દુનિયા પ્રત્યે બેખબર નથી થવા દેતો. અર્થાત, આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એકી વખતે રબતઆલા સાથે પણ સંબંધ ધરાવે છે અને દુનિયા અંગે પણ અજાણ નથી રહેતા. સામાન્ય દુનિયાદાર માનવી તો દુનિયામાં દીન પ્રત્યે ગાફિલ થઈ જાય છે અને દીનદાર માણસો દુનિયાની ખબર નથી રાખતા. એ તો હુઝૂરે-પાક (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નો જ મુબારક સીનો હતો કે જે દીન અને દુનિયા બંને તરફ સરખું ધ્યાન રાખે છે.

**આજે મઝાર-મુબારકની પણ કેવી શાન છે ! દરરોજ કરોડો દુરૂદે-પાક પહોંચે છે એને આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ધ્યાનપૂર્વક સાંભળે છે. ફરિશ્તાઓ સલાતો-સલામ પઢે છે અને એ તરફ પણ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ લક્ષ આપે છે. આખી**

ઉમ્મતનાં બુરા અને સારા આ'માલ રજૂ થાય છે. આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એમની શફાઅત ફરમાવે છે. વળી રબતઆલા સાથે પણ પ્રેમ અને રહસ્યની વાતો થાય છે, અને સમસ્ત વિશ્વમાં રબની નેઅમતોની વહેંચણી પણ ફરમાવે છે, સારાંશ કે એક મુબારક જાન છે અને આખા જહાનની ફિકર. સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.

બોજ ઊતારવાનો અર્થ એવો થાય છે કે પહેલાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક દિલ હમેશા ગુનેહગાર ઉમ્મતના ગમમાં ઉદાસ રહેતું હતું, પછી રબતઆલા એ મગફિરતનો વાયદો ફરમાવી આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) દિલને સંતુષ્ઠ કરી દીધું. અમુક તફસીરકારો ફરમાવે છે કે મક્કહ મુકર્રમહમાં શિર્ક અને મૂર્તિપૂજા થતી જોઈ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ના મુબારક દિલને તકલીફ પહોંચતી હતી, પણ આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એને જાહેર રીતે અટકાવી શકતા ન હતા. પાછળથી આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એવી શક્તિ આપવામાં આવી કે આખાયે અરબમાંથી મૂર્તિપૂજાને દૂર ફરમાવી દીધી, ખાનએ-કા'બાને પણ બુતોથી પાક ફરમાવી દીધો અને બુતપરસ્તોને ખુદાપરસ્ત બનાવી દીધા. *(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

★ *ઉનકી મહક ને દિલ કે ગુન્ચે ખિલા દિયે હંય,*
*જિસ રાહ ચલ ગએ હંય, કુચે બસા દિયે હંય.*

★ *જબ આ ગઈ હય જોશે રહેમત પે ઉન કી આંખે,*
*જલતે બુઝા દિયે હંય, રોતે હંસા દિયે હંય.*

★ *ઈક દિલ હમારા ક્યા હય ? આઝાર ઉસકા કિત્ના,*
*તુમને તો ચલતે ફિરતે, મુર્દે જિલા દિયે હંય.*

★ *ઉન કે નિસાર કોઈ કૈસે હી રંજ મેં હો,*
*જબ યાદ આ ગએ હંય, સબ ગમ ભૂલા દિયે હંય.*

★ *હમ સે ફકીર ભી અબ, ફેરી કો ઉઠતે હોંગે,*
*અબ તો ગની કે દર પે બિસ્તર જમા દિયે હંય.*

★ *અસ્રા મેં ગુઝરે જિસ દમ બેડે પે કુદસીયોં કે,*
*હોને લગી સલામી, પરચમ ઝુકા દિયે હંય.*

★ *આને દો, યા ડૂબો દો, અબ તો તુમ્હારી જાનિબ,*
*કશ્તી તુમ્હીં પે છોડી, લંગર ઉઠા દિયે હંય.*

★ *દુલ્હા સે ઈતના કેહ દો, પ્યારે સવારી રોકો,*
*મુશ્કિલ મેં હંય બરાતી, પુર ખાર બાદીયે હંય.*

★ *અલ્લાહ ક્યા જહન્નમ અબ ભી ન સર્દ હોગા ?*
*રો રો કે મુસ્તફાને દરિયા બહા દિયે હંય.*

★ *મેરે કરીમ સે ગર, કતરા કિસીને માંગા,*
*દરિયા બહા દિયે હંય, દુરબે બહા દિયે હંય.*

★ *મુલ્કે સુખન કી શાહી, તુમ કો 'રઝા' મુસલ્લમ,*
*જિસ સિમ્ત આ ગયે હો, સિક્કે બિઠા દિયે હંય.*

آیت ۹۸ : وَرَفَعۡنَا لَكَ ذِكۡرَكَ ۝ (پارہ ۳۰، سورہ الم نشرح رکوع ۱)

**આયત : ૯૮ અને અમે આપના માટે આપના ઝિક્રને બલન્દ કર્યો.**

*(પારહ ૩૦ : સૂરએ અલમ નશરહ : રૂકૂઅ ૧).*

આ આયતે-કરીમા આમ જોવામાં તો ઘણી નાની છે, પણ એના શબ્દે-શબ્દે સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં એવાં ગુણગાન ગાવામાં આવ્યાં છે કે એનું વર્ણન કરવાની જગતની કોઈ જીભ કે કોઈ કલમમાં શક્તિ નથી. અમે અત્રે એનું યથાશક્તિ થોડું વર્ણન કરવાની કોશિશ કરીએ છીએ.

પહેલાં 'રફઅત' નો અર્થ લઈએ. રબતઆલાએ આ બલંદી - આ ઉચ્ચતા - નો પોતાની સાથે શા માટે સંબંધ દર્શાવ્યો ?- રબતઆલા ફરમાવે છે : "અમે આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઝિક્રને ઉચ્ચતા અર્પી અને "લકા" એટલે કે "આપના માટે" એવા શબ્દો વધાર્યા શા માટે ?- વળી, હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઝિક્રનો શો ભાવાર્થ છે ?

(૧) 'રફઅત' નો અર્થ બલંદી-ઉચ્ચતા. 'રફઅના' નો અર્થ 'અમે ઉચ્ચતા અર્પી આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઝિક્રને.' ઝિક્રને બલંદ કરવો, ઊંચો કરવો, ઉચ્ચતા અર્પણ કરવી એના અર્થમાં ઘણી વિશાળતા-ઘણી ગુંજાઈશ રહેલી છે.

પ્રથમ તો એ કે તમામ મહાન હસ્તીઓનો ઝિક્ર તો જમીન ઉપર જ થાય છે, પરંતુ મેહબૂબે ખુદા, સરદારે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનાં ગુણગાન જમીન પર પણ, આસમાન પર પણ અને જન્નતમાં પણ ગવાય છે.

**ફર્શવાલે તેરી શૌકતકા ઉલૂ ક્યા જાને,**
**ખુસ્રવા અર્શ પે ઉળતા હય ફરેરા તેરા.**

કવિની કલ્પનાનું ઉડ્ડયન ઘણું ઘણું ઊંચું હોય છે- પરંતુ જ્યાં ન પહોંચે કવિ કે ન પહોંચે રવિ એટલો ઊંચો મરતબો છે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો.

**હઝરત હસ્સાન** ફરમાવે છે : (અર્થાત) : "મેં મારી કાવ્યવાણી વડે અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પ્રસંશા કરી, તો આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પ્રસંશા કરવાની મારી શી શક્તિ ? અલબત્ત, હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના મુબારક ઝિક્ર વડે મેં મારી વાણીને પ્રસંશાપાત્ર બનાવી."

**હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક નામ દરેક સ્થળે રબતઆલાના નામ સાથે જોડાયેલું છે. કલ્મો, અઝાન, નમાઝ, અત્તહિય્યાત, ખુત્બો વગેરે દરેક સ્થળે અલ્લાહ સાથે અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું મુબારક નામ સંકળાયેલું છે.**

વળી એ રીતે પણ હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની શાન બયાન થઈ છે કે કુરઆને કરીમમાં બીજા અમ્બિયાએ કિરામનો (અલયહિમુસ્સલામ) ઝિક્ર એમનાં પાક નામો સાથે કરાયો છે, જ્યારે નબીઓના સરદાર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ઝિક્ર અને આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સંબોધન સારાં સારાં વિશેષણોથી કરવામાં આવ્યાં છે.

મોટો મોટા નામાંકિત માણસો દુનિયાથી એવા ગયા કે એમનું નામ સુધ્ધાં ભુંસાઈ ગયું - **પરંતુ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ઝિક્ર અમર છે; અભુંસ છે.** કેટલાક નાદાન લોકોએ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ઝિક્રે-પાક બંધ કરાવવા ખૂબ ધમપછાડા કર્યા, એને બિદઅતનું નામ આપ્યું, શિર્કના ફતવા ઘડી કાઢ્યા, પણ કંઈ ઉકાળી શક્યા નહિં. હુઝૂર પુરનૂરનો સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઝિક્ર તો મટવાનો હતો નહિ ને મટ્યો ય નહિ- પણ એ નાદાન લોકો પોતે જ મટી ગયા.

આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો મુબારક ઝિક્ર એ રીતે પણ બલંદ કરવામાં આવ્યો કે સઘળા ફરિશ્તાઓ અને અમ્બિયાએ કિરામ (અલયહિમુસ્સલામ) પાસે સરવરે કૌનેન **સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર દુરૂદ શરીફ અને સલાતો - સલામ પઢાવવામાં આવ્યા.**

**'મીસાક' ના દિવસે બધા નબીઓને આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો કલ્મો પઢાવવામાં આવ્યો, એ પણ આપની સર્વોચ્ચતા અને સર્વોપરિતા દર્શાવે છે.**

(૨) અલ્લાહે બલંદીનો પોતાની સાથે સંબંધ એટલા સારૂ દર્શાવ્યો કે કોઈને ઇઝ્ઝત મળે છે વંશથી, કોઈને ધનથી; કોઈને કોઈ ચોક્કસ દિવસે પેદા થવાથી, કોઈને કોઈ બીજા કારણે-પણ **આપણા આકા-ને-મૌલા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કોઈનાથી ઇઝ્ઝત મળી નથી, બલ્કે સૌને આપનાથી (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઇઝ્ઝત મળી છે. અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને તો ખુદ અલ્લાહતઆલાએ ઈઝ્ઝત આપી છે, અન્ય કોઈએ નહિ.**

આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક વિલાદત ન તો જુમ્આના થઈ, ન શનિવારના, ન રવિવારના કે ન મંગળના, કેમકે જુમ્આ તો ઇસ્લામનો માનવંતો દિવસ બનવાના હતો, જ્યારે શનિવાર યહૂદીઓનો; રવિવાર ઇસાઈઓનો અને મંગળ મુશરિકોનો મોટો દિવસ **હતો. આથી આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વિલાદત સોમવારે થઈ, જેથી એ દિવસને હુઝૂર પુરનૂરને (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) લીધે ઈઝ્ઝત મળી શકે.**

એવી જ રીતે રમઝાન વગેરે કોઈ મશહૂર મહિનામાં મુબારક વિલાદત ન થઈ, બલ્કે રબીઉલ અવ્વલમાં થઈ, જેથી એ મહિનાને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને લીધે ઈઝ્ઝત મળી શકે.

વળી આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક વિલાદત બયતુલ મુકદસમાં ન થઈ, જેથી કોઈને એમ કહેવાની તક ન મળે કે નબીઓના આ શહેરમાં વિલાદત થવાથી આપની ઇઝ્ઝત વધી ગઈ. વળી, કોઈ લીલાછમ હરીયાળા શહેરમાં પણ આપની મુબારક વિલાદત ન થઈ કે જેથી કોઈ ઝિયારતને બહાને સહેલસપાટા પણ કરી આવે ! બલ્કે અરબસ્તાનના સૂકા રણપ્રદેશ મક્કહ-મુકર્રમહમાં આપની મુબારક વિલાદત થઈ. પછી મક્કહ શરીફમાં પણ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને રાખ્યા નહિ, જેથી કોઈ શખ્સ હજને પ્રતાપે આપની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઝિયારત ન કરે- બલ્કે, મદીનહ મુનવ્વરહમાં રાખ્યા, જેથી હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની ઝિયારત માટે અલાહેદી સફર કરવી પડે. **કા'બા તરફ નમાઝ થાય છે તે પણ એટલા સારૂ કે એને અલ્લાહના પ્યારા હબીબે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કિબ્લો બનાવ્યો છે.**

**એટલા માટે જ પહેલાં બયતુલ મુકદસને કિબ્લો બનાવવામાં આવ્યો અને પછી કા'બાને. જો પહેલાંથી જ કા'બા કિબ્લો હોત તો અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની આ શાન જાહેર ન થાત !**

સત્ય તો એ છે કે દુનિયા અને આખેરત; દોઝખ અને જન્નત; મોમિન અને કાફિર - બલ્કે શયતાનોને પણ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સર્વોચ્ચતાનાં ગુણગાન ગાવા માટે પેદા કરવામાં આવ્યા છે. મોમિનો હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)નાં ગુણગાન ગાય, કાફિરો ઝિક્રે-પાકને અટકાવવાની કોશિશ કરે, જેથી આપના મુબારક ઝિક્રનો વધુ પ્રચાર થાય. જન્નતમાં આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તાબેદાર ગુલામો જાય. અને દોઝખમાં આપના દુશ્મનોને નાખવામાં આવે. **જુઓ, રબતઆલાએ શયતાનને ઈલ્મ અને ઈબાદત, નિકટતા, ઉચ્ચ સ્થાન સઘળું આપ્યું- પણ એક સજદાનો ઈન્કાર કર્યાથી એ મરદૂદ ઠર્યો. રબતઆલાએ એને બલંદ કરી નીચે પછાડયો, જેથી કયામત સુધી આલિમો, સૂફીઓ, શેખો, આબીદો અને આરિફો એવો બોધ ગ્રહણ કરે કે હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની બારગાહમાં બેઅદબી કરવાથી જીવનભરનું બધું કર્યું - કરાવ્યું અકારત થઈ જાય છે. સજદએ આદમ દરઅસ્લ નૂરે - મુહમ્મદીને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) સજદો હતો.**

માનવી પોતાના હાથે બનાવેલી વસ્તુને પોતે બગાડી શકે છે, પરંતુ રબતઆલાએ બનાવેલી કોઈ ચીજને બગાડવાની એનામાં શક્તિ નથી. ગેસ અને બત્તી માણસ ઓલવી શકે છે, કેમકે એને માણસે જ પ્રકાશિત કર્યા હતા. પરંતુ ચાંદ-સૂરજ કોઈના ફૂંક માર્યાથી ઝાંખા પડતા નથી, કેમકે એમને તો રબતઆલાએ પ્રકાશિત કર્યા છે. **અલ્લાહે હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની 'રફઅત' (બલંદી) ને પોતાની સાથે સાંકળી લઈને એવું સ્પષ્ટ કરી દીધું કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બલંદી કોઈ મખ્લૂક તરફથી નથી, બલ્કે ખુદ અલ્લાહતઆલાએ અતા કરેલી : અર્પેલી : છે. એટલે એને કોઈ ઘટાડી શકે તેમ નથી. બલ્કે આપની બલંદીને - આપની ઉચ્ચતાને - આપની શાનને જે ઘટાડવા જશે એ પોતે જ પતનની ઘેરી ખાઈમાં ફેંકાઈ જશે. પણ જે આપનાં (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ગુણગાન ગાશે, એનાં ગુણગાન આખી દુનિયા ગાશે.**

"રફઅના" ને ભૂતકાળમાં બતાવી રબતઆલાએ એવું પણ સ્પષ્ટ કરી દીધું કે મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બલંદી કંઈ આજની નવી નવાઈની વાત નથી, પણ એ તો દુનિયાનું સર્જન થયું તે પહેલાંથી જ છે. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બલંદીને નજીક કે દૂરના વર્તમાન કે ભૂતકાળ કે ભવિષ્યકાળનું કશું જ બંધન નથી. દરેક કાળમાં દરેક **જીભે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની આન, બાન અને શાનનાં ગુણગાન ગાયાં છે. સત્ય તો એ છે કે આ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ માત્ર સમજ પાડવા માટે છે, નહિતર આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની બલંદી તો છેક ત્યારની છે, જ્યારે ન તો ભૂતકાળ હતો, ન ભવિષ્યકાળ, આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તો સમય અને કાળના સર્જનથી પણ પહેલાં બલંદી મળી ચૂકી છે.**

(૩) "લકા" નો વધારો એટલા માટે કરવામાં આવ્યો કે બલંદી અને રૂત્બાને આપની માલિકીમાં દઈ દેવામાં આવ્યા છે એવું સ્પષ્ટ થઈ શકે. આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ

સલ્લમ જેને બલંદી અતા ફરમાવે એ બલંદ થઈ જાય અને જેને ધુત્કારી કાઢે એનું બંને જહાનમાં ક્યાંય ઠામ કે ઠેકાણું જ ન રહે.

તમામ ઇન્સાનો ક્યાંક ને ક્યાંકની મુસાફરી કરતા હોય છે, પણ એ મુસાફરી એમને કંઈ પ્રતિષ્ઠા આપવાની નથી. પરંતુ હજની મુબારક સફર કરનાર શખ્સ હાજી તરીકેનું બહુમાન અને ઇઝ્ઝત મેળવે છે. એ આપણા અનુભવની વાત છે કે જે જહાજ હજ માટે જતું હોય એના મુસાફરોને વિદાય આપવા માટે લોકો હોંશેહોંશે આવે છે અને જંગી માનવસમુદાય એકઠો થાય છે. હજ-પ્રવાસીઓની દરેક જણ ઇઝ્ઝત કરે છે - આવું માન પેરિસ અને લંડન જતા કોઈ મુસાફરને મળ્યું હોવાનું જાણ્યું નથી.

અબૂ હુરયરહ રદિયલ્લાહો તઆલા અન્હો અને અબૂ જહલ તથા અબૂ લહબ ઉપરાંત બીજા ઘણાનાં નામ એમનાં માબાપે કંઈ જુદાં જ રાખ્યાં હતાં, પરંતુ આકાએ દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એમના જુદા જુદા ખિતાબ આપ્યા. માબાપોએ રાખેલાં નામ છૂપાઈ ગયાં - પણ સ વરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આપેલા ખિતાબો અમર રહ્યા, અભૂંસ રહ્યાં. દુનેયામાં હજારો-લાખો માબાપો થઈ ગયાં- પરંતુ જેવું હઝરત આમેના ખાતૂન અને હઝરત અબ્દુલ્લાહ, બલકે આપના પૂરા પવિત્ર ખાનદાનનું નામ દુનિયામાં રોશન થયું, એવું કોઈ મા કે કોઈ બાપનું નામ રોશન થયું નહિ. દુનિયામાં લાખો નબીઓ આવ્યા અને સેંકડો સહીફાઓ ઉતર્યાં પરંતુ એ જ પયગમ્બરો અને એ જ કિતાબોનાં નામ દુનિયામાં રોશન થયાં, જેમને હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે રોશન કરી દીધાં.

હઝરતે મરિયમ રદિયલ્લાહો તઆલા અન્હા પર યહૂદીઓએ તોહમત મૂક્યું, પરંતુ આપણા આકા - ને - મૌલા સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એમની પવિત્રતા અને નિર્દોષતા બયાન ફરમાવી. એટલે હવે સમસ્ત દુનિયા હઝરત મરિયમ રદિયલ્લાહો તઆલા અન્હાની અસ્મતનાં ગુણગાન ગાય છે.

સારાંશ કે, જે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો થઈ ગયો એને અઝમત અને ઇઝ્ઝત મળી ગઈ. આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મુબારક ઝિક્રને અટકાવવા માગનાર માણસ હકીકતમાં રબતઆલા સાથે લડાઈ કરે છે. ઇમામે એહલે-સુન્નત આ'લાહઝરતે (રદિયલ્લાહો તઆલા અન્હો) શું ખૂબ ફરમાવ્યું છે :

**અક્લ હોતી તો ખુદાસે ન લડાઈ લેતે,**
**યેહ ઘટાએં ઉસે મન્ઝૂર બઢહાના તેરા.**

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

★ *હૂં અપને કલામ સે નિહાયત મેહઝૂઝ,*
*બે-જા સે હય, અલમન્નો લિલ્લાહ મેહફૂઝ.*
*કુરઆન સે મૈં ને નઅત ગોઈ સીખી,*
*યઅને રહે એહકામે શરીઅત મલ્હૂઝ.*

*(અઝ:- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۹۹ : وَالْعَصْرِ ۝ اِنَّ الْاِنْسَانَ لَفِیْ خُسْرٍ ۝ (پارہ ۳۰، سورہ العصر رکوع ۱)

**આયત : ૯૯ એ પ્રિય જમાનાના કસમ-બેશક-માનવી જરૂર નુકસાનમાં છે.**

*(પારહ ૩૦ : સૂરએ અલઅસ્ર : રૂકૂઅ ૧)*

આ આયતમાં સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સુંદર ના'ત શરીફ વર્ણવવામાં આવી છે. એમાં "અસ્ર" ના કસમ લેવામાં આવ્યા છે - મુફસ્સિરોએ 'અસર' ના અનેક અર્થો ઘટાવ્યા છે. એક તો 'અસર' નો વખત, અર્થાત, રબ્બુલઈઝ્ઝતે અસ્રની નમાઝ યા અસરના વખતના કસમ ફરમાવ્યા. આથી જાણવા મળ્યું કે તમામ નમાઝો કરતાં અસ્રની નમાઝ વધુ તાકીદની છે. એ "મધ્ય નમાઝ" પણ કહેવાય છે. બીજો અર્થ એ, કે મુત્લકન જમાનાના કસમ. ત્રીજો અર્થ એ, કે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક જમાનાના કસમ. આથી જાણવા મળ્યું કે રબતઆલાએ આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જમ્યાના; આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ઉમ્ર-શરીફના; આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) પવિત્ર સમયના કસમ ફરમાવ્યા છે.

અત્રે એ વાત લક્ષમાં લેવી જરૂરી છે કે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક જમાનાનો અર્થ જાહેર જીવનનો અથવા તો નબૂવ્વતનો જમાનો એવો લેવાનો છે. નબૂવ્વતનો જમાનો કયામત સુધીનો છે, કેમકે આપનો દીન મન્સૂખ (રદ કરાયેલો) નથી. એટલા સારૂ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરમાવે છે કે "અમે અને કયામત બે મળેલી આંગળીઓ જેવા છીએ." (મિશ્કાત)

દિલ્હીની જામે મસ્જિદમાં જુમ્આની નમાઝ પછી એક મૌલવી સાહિબ ફાતેહા દઈ રહ્યા હતા. એક જણે વાંધો ઊઠાવ્યો : મિઠાઈ ઉપર ફાતેહા દેવો એ બિદઅત છે. મૌલવી સાહિબે પૂછ્યું, "બિદઅત કોને કહે છે?" વિરોધી બોલ્યો : "જે કામ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના જમાનામાં થયું ન હોય એ બિદઅત કહેવાય છે." મૌલવી સાહિબે તરત જ ફરમાવ્યું : "તો આ શું તારા બાપનો જમાનો છે કે?" આ પણ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો જ જમાનો છે, બલ્કે હકીકત તો એ છે કે સૃષ્ટિના સર્જનથી વિસર્જન સુધી હુઝૂરે અનવરનો જ જમાનો છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

## "મરકદે દિલ"

★ *કા'બે સે અગર તુરબતે શેહ ફાઝિલ હય,*
*ક્યું બાઈં તરફ ઉસ કે લિયે મન્ઝિલ હય.*
*ઈસ ફિક્ર મેં જો દિલ કી તરફ ધ્યાન ગયા,*
*સમઝા કે વો જિસ્મ હય, યે મરકદે દિલ હય.*

*(અઝ:- ઈમામ અહમદ 'રઝા' રદિયલ્લાહો તઆલા અન્હો)*

آیت ۱۰۰ : اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ ۝ (پارہ ۳۰، سورۂ کوثر)

**<u>આયત : ૧૦૦</u> હે મેહબૂબ ! અમે આપને** (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) **અગણિત ખૂબીઓ અતા ફરમાવી.**

*(પારહ ૩૦; સૂરએ કવસર).*

આ આયતે-કરીમા પણ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની મુબારક ના'ત શરીફ વર્ણવે છે. એનું શાને નુઝૂલ એવી રીતે થયું કે સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ફરઝંદ હઝરત ઈબ્રાહીમ યા કાસિમનો વિસાલ થતાં, આસ ઈબ્ને દાઈલે પોતાની કોમને જણાવ્યું કે હું અત્યારે (એના મોમાં ધૂળ) એ અબતર (મઆઝલ્લાહ... મઆઝલ્લાહ) પાસેથી આવી રહ્યો છું. (અરબીમાં જેનો વંશ ખતમ થઈ જાય એને 'અબતર' કહે છે.)

એ મલઊનની આ કટુવાણી સાંભળી સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને આઘાત લાગ્યો. અલ્લાહતઆલાએ આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) એ રંજને દૂર ફરમાવવા માટે મજકૂર આયત ઉતારી. એમાં ફરમાવવામાં આવ્યું કે હે મેહબૂબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આપ કોઈ દુશ્મનના બકવાસથી શા માટે ગમગીન થાઓ છો ! અમે આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કવસર અતા ફરમાવી છે. આથી જાણવા મળ્યું કે બારગાહે ઈલાહીમાં હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની એ અઝમત છે કે અગર કોઈ પણ આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) તકલીફ પહોંચાડવાની બેહૂદી કોશિશ કરે તો રબતઆલા એ તકલીફને દૂર ફરમાવી દે છે.

"કવસર" ના અમુક અર્થો ઘટાવવામાં આવ્યા છે. "કવસર" એટલે અગણિત ખૂબીઓ અને વિપુલ ઝિક્ર. આથી એવો અર્થ થયો કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું નામ આપની નરસંતતિ વડે ચાલત, પણ હવે એ ન રહેતાં આપનું સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ નામ નહિ ચાલે એવું કાફિરો માનવા લાગ્યા હતા પણ એમનો એ ખ્યાલ ખોટો છે. **ઝિક્ર તો જેનો અલ્લાહતઆલા રાખે એનો જ બાકી રહે છે અને અલ્લાહતઆલાએ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો ઝિક્ર કયામત સુધી માટે અમર રાખ્યો છે એમાં કંઈ જ શંકા નથી.**

અલ્લાહતઆલાએ દુન્યવી માલસામાનને 'ક્ષણિક' ગણાવ્યો છે : "કુલ મતાઉદદુન્યા કલીલુન" : પરંતુ જે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અર્પણ કર્યું તે કસીર નહિ, અક્સર નહિ, કસાર નહિ- બલ્કે કવસર છે. 'કવસર' નો અર્થ છે- "ઘણું બધું. "રબતઆલાએ પોતાના માટે ફરમાવ્યું : "વહોવલ અલિય્યુલ અઝીમ." હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) માટે ફરમાવ્યું : કાના ફદલુલ્લાહે અલયકા અઝીમન અને "ઈન્નકા લઅલા ખુલુકિન અઝીમ." આથી જાણવા મળ્યું કે રબની અઝમત અને હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની અઝમત સુધી કોઈની પણ કલ્પના પહોંચી શકતી નથી. એવી જ રીતે રબતઆલાએ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કંઈ આપ્યું તે પણ સૌના અંદાજા કરતાં ઘણું જ વધારે છે.

જોઈ લો. પોણા ચૌદસો વરસમાં અવલાદવાળા, તખ્ત અને તાજવાળા, રાય અને રંક દરેક પ્રકારના લોકો થઈ ગયા- પણ કોઈનુંય નામ ન ચાલ્યું, અગર નામ રહ્યું, તો માત્ર અલ્લાહના

હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું અને જેને અલ્લાહના હબીબે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ચમકાવી દીધા એનું જ.

**ન ઝિયાદ કા વોહ સિતમ રહા ન યઝીદ કી વોહ રહી જફા,**
**જો રહા તો નામ હુસૈન કા જિસે ઝિન્દહ રખતી હય કરબલા.**

"કવસર" નો એક વધુ અર્થ "વધારે ઔલાદ" એવો થાય છે. આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની કોઈ નરસંતતિ જીવંત રાખવામાં આવી નહિ, આમ છતાં આપનાં મહાન સાહિબઝાદી હઝરત ફાતિમા રદિયલ્લાહો તઆલા અન્હાથી આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) નસ્લ કયામત સુધી ચલાવવામાં આવશે. **આજે પણ અલ્લાહના ફઝલો-કરમથી દરેક જગ્યાએ સાદાત મળી આવે છે અને ઈન્શાઅલ્લાહ, કયામત સુધી મળી રહેશે.**

'કવસર' નો ત્રીજો અર્થ થાય છે "હૌઝે કવસર." હદીસે-પાકમાં આ ત્રીજો જ અર્થ ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે. (અર્થાત) અલ્લાહતઆલાએ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને હૌઝે કવસર અતા ફરમાવી. આ હૌઝનું પાણી મધ કરતાં વધુ મીઠું અને દૂધ કરતાં વધુ સફેદ છે. એનું પાણી એક વાર પીનારને કદી પ્યાસ જ નહિ લાગે. "મિરકાત" માં જણાવાયા પ્રમાણે, દરેક નબીને હૌઝ આપવામાં આવ્યા છે અને એમાંથી તેઓ પોતાની ઉમ્મતને પીવડાવશે. પરંતુ હુઝૂર સરદારે અમ્બિયા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને જે હૌઝ આપવામાં આવી છે તેનું નામ "કવસર" છે. એ બીજી બધી હૌઝો કરતાં મોટી છે અને એનું પાણી બીજી તમામ હૌઝો કરતાં ઉત્તમ અને સ્વાદિષ્ટ છે.

"કવસર" નો એક વધુ અર્થ "વિપુલ - વધુ પ્રમાણ" એવો પણ કરી શકાય છે. એટલે કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને અલ્લાહતઆલાએ આખું વિશ્વ અર્પણ કરી દીધું. **જેનો રબ અલ્લાહ છે એવી દરેક ચીજવસ્તુના માલિક હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ છે.**

**ખાલિકે કુલને આપકો માલિકે કુલ બના દિયા,**
**દોનોં જહાં હંય આપકે કબ્ઝે-વ-ઈખ્તિયારમેં.**

"કવસર" નો અર્થ "વિપુલ ઉમ્મત" પણ થાય છે. એટલે કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પુત્રો તો વફાત પામ્યા, પરંતુ આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રૂહાની ઔલાદ અર્થાત ઉમ્મત એટલી વિપુલ પ્રમાણમાં હશે કે આ પહેલાં કોઈ પણ નબીને એટલા પ્રમાણમાં ઉમ્મત આપવામાં આવી નથી. અર્ધી જન્નત તો હુઝૂરે-પાકની ઉમ્મતથી જ ભરાઈ જશે અને બાકીની અર્ધી જન્નત બીજા તમામ નબીઓની ઉમ્મતને ભાગે આવશે.

અત્રે એક એવો પ્રશ્ન ઉદ્દભવી શકે છે કે જો "કવસર" નો અર્થ "હૌઝે કવસર" કરવાનો હોય તો એનો પેલા કાફિરના કથન સાથે કંઈ મેળ મળતો નથી, કેમકે એ મલઊને તો હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ વિશે એવો બકવાસ કર્યો હતો કે આપનો (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) વંશ બાકી રાખનાર કોઈ ઔલાદ હવે રહી નથી. અલ્લાહતઆલાએ એનો જવાબ આપતાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને શાંત્વન આપ્યું કે આપને તો અમે હૌઝે કવસર અતા ફરમાવી દીધી છે. એટલે આનો સમજમાં ઊતરી શકે એવો અર્થ એ જ છે કે "હે અલ્લાહના

પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! એ કાફિર અને એની જેમ વ્યંગ કરતા બીજા કાફિરો આજે ચાહે તેવો વ્યંગ કરી લે, પરંતુ એક દિવસ એવો આવશે, જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કવસર પર બિરાજમાન હશો અને એ જ બધા લોકો આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) મદહખ્વાં અને નઅતગો- પ્રશંસાનાં ગીત ગાનાર - બનીને આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ખિદમતમાં હાજર થશે.

આ સૂરહના અંતમાં ફરમાવવમાં આવ્યું : ઈન્ના શાને અકા હોવલ અબતર" ("આપનો દુશ્મન અબતરઃ નિર્વંશ છે.") અત્રે એક પ્રશ્ન એ પણ જાગે છે કે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાનમાં આવી ગુસ્તાખી કરનાર આસ બિન દાઈલ તો ઔલાદવાળો હતો. એ તો "અબતર" થયો નહિ. આનો જવાબ એ છે કે "અબતર" નો અર્થ યા તો તમામ ખૂબીઓથી મેહરૂમ એવો છે યા પછી એવો છે કે એની અવલાદને ઈમાનની હિદાયત આપી દેવામાં આવશે, જેથી પિતા અને એના વંશજો વચ્ચે દીની મતફેર થઈ જશે. દીની મતફેર એક પ્રકારના મૃત્યુ જેવા જ હોય છે. એટલે મુસલમાનના વારસા, જનાઝા, કફન, દફન વગેરેમાં એના કાફિર પિતા કે ઔલાદ ભાગ લઈ શકતા નથી - અને એમ જ થયું. આસના પુત્ર હઝરત ઉમરૂ બિન આસ મહાપ્રતાપી સહાબી થયા. આમ, આ આખી સૂરહ પણ નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઝળહળતી ના'ત જ છે.

*(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).*

## ★ માંગતે તાજદાર ફિરતે હંય ★

*★ વો સૂએ લાલાઝાર ફિરતે હંય, તેરે દિન એ બહાર ફિરતે હંય.*
*★ જો તેરે દર સે યાર ફિરતે હંય, દર-બ-દર યૂં હી ખ્વાર ફિરતે હંય.*
*★ આહ ! કલ ઐશ તો કિયે હમને, આજ વો બેકરાર ફિરતે હંય.*
*★ હર ચિરાગે મઝાર પર કુદસી, કૈસે પરવાના વાર ફિરતે હંય.*
*★ ઉસ ગલી કા ગદા હું મૈં જિસ મેં, માંગતે તાજદાર ફિરતે હંય.*
*★ જાન હંય, જાન ક્યા નઝર આએ, ક્યૂં અદુ ગિર્દે ગાર ફિરતે હંય.*
*★ ફૂલ ક્યા દેખૂં મેરી આંખો મેં, દશ્તે તયબાહ કે ખાર ફિરતે હંય.*
*★ લાખોં કુદસી હંય કામે ખિદમત પર, લાખોં ગિર્દે મઝાર ફિરતે હંય.*
*★ હાએ ગાફિલ વો ક્યા જગહ હય જહાં, પાંચ જાતે હંય, ચાર ફિરતે હંય.*
*★ બાએં રસ્તે ન જા, મુસાફિર સુન, માલ હય, રાહ માર ફિરતે હંય.*
*★ જાગ ! સુનસાન બન હય, રાત આઈ, ગુર્ગ બેહરે શિકાર ફિરતે હંય.*
*★ કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા' તુઝ સે શયદા હઝાર ફિરતે હંય.*

آیت ۱۰۱ : قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ ۝ اور قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۝

**આયત : ૧૦૧ કુલ અઉઝો બે રબ્બિલ ફલક અને કુલ અઉઝો બે રબ્બિન્નાસ.**

આ બન્ને મુબારક સૂરહમાં પણ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ છે. આ બંને સૂરહનું શાને નુઝૂલ એ છે કે એક શખ્સ લબીદ ઈબ્ને અઅસમ યહૂદી અને એની છોકરીઓએ સરવરે કૌનેન સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પર બહુ ઝબરદસ્ત જાદૂ કર્યું. એની અસર હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના પવિત્ર શરીર અને અવયવો પર થઈ; મુબારક દિલ; બુધ્ધિ અને એ'તેકાદ ઉપર અલ્લાહના ફઝલથી એની જરા સરખીયે અસર થઈ નહિ. થોડા દિવસ પછી હઝરત જિબ્રીલ અલયહિસ્સલામે આપની ખિદમતમાં હાજર થઈ વિનંતિ કરી કે હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ! આપના પર ફલાણા યહૂદીએ જાદૂ કરી, જાદૂની સામગ્રી કૂવામાં એક પથ્થર તળે દબાવીને મૂકી દીધી છે.

હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે હઝરત અલી કર્રમલ્લાહો વજહહૂને એ કૂવા પર મોકલ્યા. એમણે કૂવાનું પાણી કાઢી, પથ્થર ઊંચક્યો. ત્યાંથી ખજૂરના ગરભની થેલી નીકળી. એ થેલીમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કાંસકીમાંથી નીકળતા બાલ મુબારક, કાંસકીના અમુક દાંતાઓ, એક ધાગો અથવા તો કમાનનો અગિયાર ગાંઠ મારેલો કપડો અને એક મીણનું પૂતળું એટલી ચીજો મળી આવ્યાં. મીણના પૂતળામાં અગિયાર સોયો ખોસેલી હતી. આ બધી ચીજો લાવીને હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ખિદમતમાં પેશ કરવામાં આવી.

રબ્બુલ આલમીને આ પ્રસંગે આ બંને સૂરહ નાઝિલ ફરમાવી, જેમાં અગિયાર આયતો છે : સૂરએ ફલકમાં પાંચ અને સૂરએ નાસમાં છ. દરેક આયત પઢતાં એકેક ગાંઠ ખૂલતી જતી હતી. બધી આયતો પઢાઈ રહેતાં બધી જ ગાંઠો ખૂલી ગઈ. હુઝૂર સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તદ્દન તન્દુરસ્ત થઈ ગયા. (તફસીરે ખઝાઈનુલ ઈરફાન)

આ ઉપરથી કેટલાક મુદ્દાનું સુંદર સ્પષ્ટીકરણ થઈ જાય છે.

(૧) હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની આલી અને ઉચ્ચ શાન બારગાહે-ઈલાહીમાં એટલી બુલંદ છે કે કોઈ ઈલાજ અથવા જરૂરતના સમયે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને કોઈ તબીબ કે હકીમની પાસે તશરીફ લઈ જવાની જરૂરત છે જ નહિ, બલ્કે રબ્બુલ આલમીન આપની દરેકે દરેક જરૂરત પૂરી કરવા બંધાયેલો છે. **કેમકે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તો સમસ્ત જગતના એકલા અને અજોડ તબીબ છે, પછી આપનો હકીમ ભલા કોણ સંભવી શકે છે ? સૌ આપના (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) હાજતમંદ છે અને આપને (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) રબ સિવાય કોઈની હાજત નથી. સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.**

(૨) હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને રબ્બુલ આલમીને દીનોના ઈલ્મ ઉપરાંત શરીરશાસ્ત્રનું જ્ઞાન એટલે કે ઈલાજ, તિબ્બ અને એને લગતી સઘળી વિદ્યાઓ અતા

ફરમાવી છે એટલે જ હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આપના કોઈ રોગમાં કોઈ તબીબ કે હકીમનો મશવરો મેળવ્યો હોવાનું કે કોઈની પાસે તબીબી જ્ઞાન મેળવ્યું હોવાનું ક્યાંય સાબિત થતું નથી. આમ છતાં હદીષની કિતાબોમાં જ્યાં દુઆઓના પ્રકરણ રચવામાં આવ્યાં છે ત્યાં જ દવાઓનાં પ્રકરણો પણ રચવામાં આવ્યાં છે. એમાં હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી મન્કૂલ દવાઓ લખવામાં આવી છે. તાવમાં, ઝાડામાં, ફલાણા ફલાણા રોગમાં ફલાણી ફલાણી દવાનો ઉપયોગ કરવો જોઈએ એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. અલબત્ત, આપણા દેશના લોકોને આબોહવાના ફરકને લીધે એમાંની અમુક દવાઓ માફક ન આવે તો એ જુદી વાત છે. આરોગ્યશાસ્ત્રનું જ્ઞાન આપે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કોઈ તબીબ પાસે મેળવ્યું ન હતું, કે કોઈની પાસે એ માટે રીતસરની તાલીમ પણ મેળવી નહોતી. આમ છતાં તમામ દવાઓનાં નામ, એમના ઉપયોગની રીત, લાભો વગેરે એવા તરીકાથી ઈરશાદ ફરમાવ્યા છે કે બૂઅલી સીના અને અફલાતૂનનું તિબ્બશાસ્ત્ર એ ઉપર કુરબાન.

(૩) આ ઉપરથી એ પણ સાબિત થઈ ગયું કે જાદૂની અસર અમ્બિયાએ કિરામના દિલ અને બુધ્ધિ ઉપર થતી નથી - માત્ર પવિત્ર શરીર ઉપર જ થાય છે. અને આ વસ્તુ નબૂવ્વતની શાનની જરા ય વિરૂધ્ધમાં જતી નથી. આખરે તલ્વાર, ઝેર, ઝેરી ઝેરી જંતુઓની અસર પણ એમનાં પવિત્ર શરીરો ઉપર થાય છે કે નહિ ? એવી જ રીતે ખોરાક, દવા, પાણી વગેરે એમને લાભ પહોંચાડે છે. એટલે જાદૂની અસર થાય તેથી નબૂવ્વતની શાન ઘટી જતી નથી એ બરાબર ધ્યાનમાં રાખવું ઘટે.

અહીં અમુક લોકો કહે છે કે મૂસા (અલયહિસ્સલામ) ના અસા આગળ જાદૂનો પરાજય થયો હતો તો પછી નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ઉપર જાદૂની અસર કેમ થઈ ? - જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ તો હઝરત મૂસા (અલયહિસ્સલામ) કરતાં અફઝલ છે. આનો જવાબ એ છે કે ત્યાં જાદૂ અને મો'જીઝાનો મુકાલબો હતો. આથી મૂસા (અલયહિસ્સલામ) નો મો'જીઝો : અસા (લાઠી) જીતી ગયો. પણ હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ના મામલામાં કંઈ જાદૂ સાથે મો'જીઝાનો મુકાબલો નહોતો.

(૪) આથી જાણવા મળ્યું કે બીમારીઓ, જાદૂ અને બદનજર વગેરેને દફે કરવા માટે દુઆઓ અને કુર્આનની આયતો પઢીને દમ કરવું દુરૂસ્ત છે. એવી જ રીતે તા'વીઝ વગેરે પણ જાઈઝ છે. (જુઓ શામી : જિલ્દ પાંચમી) પણ જે મંતરોમાં શિર્કના શબ્દો યા કોઈ બીજી ભાષાના જેના અર્થ આપણે જાણતા ન હોઈએ કે એમાં શિર્કના શબ્દો છે કે નહિ એવા મંતર વડે ઈલાજ કરવો હરામ છે. એ જ પ્રમાણે તા'વીઝમાં લોહી વડે કુર્આની આયતો લખવી, કુર્આનને તરતીબ વિરૂધ્ધ લખવું અથવા લખાણ ઉપર જોડા મારવા એ તદન હરામ છે. એમ કરવાથી કુર્આનના હર્ફોની તવહીન થાય છે.

મસ્અલા : તા'વીઝ પર દમ કરવાનું મહેનતાણું કોઈ ખુશીથી આપે તો લેવું જાઈઝ છે- પછી ભલે કુર્આને-પાકની આયત લખીને આપે યા પઢીને જ દમ કરી દે. આ તો એક પ્રકારનો ઈલાજ છે. (જુઓ મિશ્કાત અને શામી : જિલ્દ પહેલી).

સારાંશ કે, ઉપરની બંને સૂરહ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત વર્ણવે છે. (સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).

آیت ۱۰۲: اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ ۝ (سورۂ فاتحہ)

**૧૦૨. સર્વ પ્રશંસા અલ્લાહના માટે છે, જે માલિક છે તમામ જહાનનો.**

*(સૂરએ ફાતેહા)*

આ નૂરાની સૂરહમાં અલ્લાહની હમ્દ અને બન્દાઓને દુઆની તાલીમ આપવામાં આવી છે. પરંતુ સરવરે કાએનાત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ઉચ્ચ ના'ત પણ સમાયેલી છે. સઘળી તારીફો અલ્લાહના માટે છે એટલે દુનિયામાં જે પણ કોઈની તારીફ કોઈ પણ સમયે કરે કે કોઈ નેઅમતનો આભાર દર્શાવવા કરે એ દર-હકીકત ખુદાની જ હમ્દ થશે. જેમાં જે કંઈ ખૂબી છે તે અલ્લાહે જ દીધેલી છે. ચીજની તારીફ હકીકતમાં એ ચીજના સર્જકની જ તારીફ છે.

આનો બીજો અર્થ એવો પણ થઈ શકે છે કે એ જ ખાસ તારીફ અલ્લાહની છે, જે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના મુબારક મુખે અદા થઈ હોય અથવા આપે સલ્લલ્લાહો અલયહે વસલ્લમ શીખવ્યાથી કોઈએ અલ્લાહની હમ્દ કરી હોય. આથી આનો મતલબ એવો થશે કે અલ્લાહની હમ્દ કોઈ પણ કરે, પરંતુ મકબૂલ હમ્દ તો એ જ છે, અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ કરે- યા આપના બતાવ્યાથી કોઈ કરે. સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ. *(રૂહુલ બયાન).*

એ જ કારણે આજે કાફિરો આખી ઉંમર ખુદાની તારીફ કરે તો પણ એ કબૂલ થવાની નથી, કેમકે એમણે "મકબૂલ હમ્દ" કરી નથી. "મકબૂલ હમ્દ" તો રસૂલે મકબૂલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે બતાવ્યા પ્રમાણે થાય એ જ છે. એટલા માટે જ કયામતને દિવસે "લેવાઉલ હમ્દ" હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને જ આપવામાં આવશે.

"હદીષે શફાઅત" માં જણાવ્યા પ્રમાણે, રબતઆલા અમને એની ખાસ ખાસ હમ્દની જાણ કરશે, જે વડે અમે હમ્દ કરીશું. સારાંશ કે દુનિયામાં પણ આપની (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) જ હમ્દ મકબૂલ અને આખેરતમાં પણ આપની જ હમ્દ મકબૂલ.

હુઝૂર સરકારે દોઆલમનું મુબારક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નામ "અહમદ" છે. અહમદનો અર્થ થાય છે પોતાના રબની મોટા પ્રમાણમાં પ્રશંસા કરનાર. રબનું નામ છે "મેહમૂદ" એટલે કે મેહબૂબનો મેહમૂદ.

આ મુબારક આયતનો એવો પણ અર્થ થઈ શકે કે "હમ્દે કામિલ" - સંપૂર્ણ પ્રશસ્તિ- તો અલ્લાહતઆલાની જ હમ્દ છે- અર્થાત, તમામ મખ્લૂક અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તારીફ કરે, તો પણ સંપૂર્ણપણે તો કરી શકે તેમ છે જ નહિ. અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સંપૂર્ણ તારીફ તો એ જ છે, જે અલ્લાહે પોતે કરી છે. હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું પાક નામ છે "મુહમ્મદ" એટલે કે "જેમની તારીફ કરવામાં આવી તે." કોણે તા'રીફ કરી ? રબતઆલાએ. અલ્લાહતઆલાનું પાક નામ છે "હામિદ" - એટલે "જે તા'રીફ ફરમાવે છે તે." કોની તારીફ ફરમાવે છે ? - પોતાના "મુહમ્મદની." સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.

હવે, આ આયતે-પાકથી અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની જે ના'ત સાબિત થાય છે તે જાહેર છે. એવી જ રીતે આ સૂરહની દરેકે દરેક આયતથી હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'ત શરીફ પ્રગટ થઈ રહી છે.(સલ્લલ્લાહો તઆલા અલયહે વ સલ્લમ).

آیت ۱۰۳: اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ

(سورۂ فاتحہ)

**આયત : ૧૦૩ "અમને સન્માર્ગ ઉપર ચલાવ. એમના માર્ગ ઉપર, જેમના પર તે એહસાન કર્યો."** *(સૂરએ ફાતેહા).*

આ આયતે-કરીમા પણ સરકારે દોજહાં સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની તદન સ્પષ્ટ ના'ત શરીફ છે. એમાં મુસલમાનોને એવી દુઆ માગવાનો બોધ દેવામાં આવ્યો છે કે હે ખુદા ! અમને સીધા રસ્તા પર ચલાવ. એવા લોકોના સીધા રસ્તા (સન્માર્ગ) ઉપર, જેમના ઉપર તેં દયાદૃષ્ટિ ફરમાવી છે.

સત્યનો સાચો, સીધો, સીધા રસ્તા (સન્માર્ગ) તો ઈસ્લામ જ છે - અને ઈસ્લામ નામ છે હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની પેરવી કરવાનું - આપે ચીંધેલા માર્ગ ઉપર ચાલવાનું. પાછળથી એ અંગે ચોખવટ પણ કરી દેવામાં આવી છે કે આ પાધરો પંથ એ જ છે, જેના પર "અન્અમ્ત અલયહિમ" ચાલ્યા છે. **સૌથી મોટું ઈનામ જેમના પર અલ્લાહતઆલાએ ફરમાવ્યું એ તો બેશક હુઝૂર જ છે. સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ.**

આથી એ સાવ સ્પષ્ટ થઈ ગયું કે ખુદ રબતઆલાએ આપણને એવી દુઆ માગવાનો આદેશ આપ્યો છે કે રબતઆલા આપણને એના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના કદમ-બ-કદમ ચાલવાની તવફીક અતા ફરમાવે અને એના ઉપર જ કાયમ રાખે અને એના ઉપર જ જીવનની પૂર્ણાહુતિ કરવાનું નસીબ અતા ફરમાવે. આમીન. યા રબ્બલ આલમીન.

**આ આયત ઉપરથી એમ પણ જાણવા મળ્યું કે ઈમામોનું અનુસરણ કરવાની પણ આપણી ફરજ થઈ પડે છે, કેમકે એ હઝરતોનો પણ "અન્અમત અલયહિમ" માં સમાવેશ થઈ જાય છે.** એ જ પ્રમાણે, તમામ ઉમ્મતે, અવલિયાએ, ઉલમાએ, મુહદિસોએ, મુફસ્સિરોએ, ફુક્હાએ અનુસરણ કર્યું છે.

કુર્આને કરીમની કંઈ આટલી જ આયતોમાં અલ્લાહના હબીબ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની શાનનું વર્ણન કરવામાં આવ્યું છે એમ માની લેવાનું નથી. આ મુબારક કિતાબની પ્રસ્તાવનામાં અમે લખી ચૂક્યા છીએ તેમ કુર્આને-પાકની દરેકે દરેક આયત હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની ના'તથી ભરપૂર જ છે. એમાંની અમુકમાં તો તદન સ્પષ્ટ રીતે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત સાબિત થાય છે અને અમુક આયતોમાં કોઈ ને કોઈ પ્રકારે હુઝૂર પુરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ના'ત બયાન કરવામાં આવી છે, જેવી કે આમનર્રસૂલો બેમા ઉન્ઝેલા ઈલયહે મિર્રબ્બેહી વલ્મોઅમેનૂના; અલા ઈન્ના અવલિયાઅલ્લાહે લા ખવફુન અલયહિમ વલા હુમ યહઝનૂન; ઈન્નલ્લઝીના ઈન્દલ્લાહિલ ઈસ્લામ, વગેરે વગેરે. પણ લંબાણ થઈ જવાના ભયે અત્રે માત્ર આટલી જ મુબારક આયતોથી સંતોષ માનવો પડયો છે.

રબ્બુલ આલમીન આ મુબારક કિતાબને એના હબીબે-પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં એના મૂળ લેખક હકીમૂલ-ઉમ્મત અલ્હાજ મવલાના મુફતી અહમદયારખાં નઈમી, રહમતુલ્લાહો અલૈહ ગુજરાતીમાં છપાવી પ્રસિધ્ધ કરનાર નૂરી એકેડેમી સુરત (ગુજરાત) તથા અંજુમને રઝા એ મુસ્તફા દયાદરા જીલ્લો ભરૂચ (ગુજરાત) ના તમામ કાર્યકરો, સહાયક સદગૃહસ્થો તેમજ તમામ વાચક બિરાદરો માટે તોશએ આખેરત : આખેરતનું ભાથું : બનાવી દે એવી એની બારગાહે-આલીમાં અમારી નમ્ર ઈલ્તેજા છે. આમીન.

મરહુમા જત અમાબાઈ મુબારક
મરહુમા જત જેનાબાઈ અબ્દુલ્લાહ
મરહુમા જત સારાબાઈ અમીન
મરહુમ જત અલીમોહમ્મદ અમીન
ના ઈસાલે સવાબ અર્થે
વફાત તા. ૧૫-૯-૨૦૧૧, ગુરૂવાર
મુ.તા. ૧૬, શવ્વાલ હિ.સ. ૧૪૩૨
મુ. જતવાંઢ, પો. ઝુરા, તા. ભુજ-કચ્છ.

**છપાવી પ્રસિદ્ધ કરનાર**

| | |
|---|---|
| જત મુબારક હારૂન | ૯૮૭૯૦ ૫૩૫૨૦ |
| જત જુસબ મુબારક | ૯૮૭૯૯ ૨૯૩૬૩ |
| જત અબ્દુલ્લાહ ઉરસ | ૯૯૭૯૫ ૧૯૬૭૬ |
| જત અમીન આરી | ૯૯૧૩૯ ૯૭૭૪૨ |

મુ. જતવાંઢ, પો. ઝુરા, તા. ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧

**મુસ્તફા કિતાબ ઘર**
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૨૫૧૨૧

ૐ એલાઈટ પ્રિન્ટર્સ, ભુજ.